16 JAN 1990

વર્ષ : ૧ * અંક ૧ : * તા. ૧૬-૧-૧૯૯૦ ........Regd. No. MH. By / South 54 * Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જી. પાક્ષિક કુલ વર્ષ-૫૧ * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * વાર્ષિક લવાજમ રૂ. ૩૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નવું વર્ષ — નવી સરકારો

૧૯૮૯ના વર્ષ દરમિયાન સમગ્ર દુનિયાએ મોટા પાયા ઉપર રાજકીય ફેરફારો નિહાળ્યા છે.

સત્તાસ્થાને બેસવું અને સરકાર ચલાવવી એ વર્તમાન સમયમાં આપણે ધારીએ તેટલું સરળ નથી પહેલાના વખતમાં એક દેશમાંથી બીજા દેશમાં જવાની જ્યારે આટલી બધી સરળતા ન હતી, અને પ્રચાર માધ્યમો આટલાં બધાં નહોતાં ત્યારે પોતાના નાના કે મોટા દેશ ઉપર સત્તા ભોગવવી એ એટલું બધું અઘરું કામ નહોતું. રાજાશાહીના વખતમાં રાજા પાસે સર્વ સત્તા હોય એ સ્વાભાવિક મનાતું અને જ્યાં સુધી રાજા પાસે સત્તા હોય ત્યાં સુધી, સત્તા આગળ શાણપણ નકામું એમ માનીને પ્રજા મૂંગે મોઢે અન્યાયો સહન કરી લેતી. રાજાઓ પણ પોતાની સત્તાને પડકાર ન હોય ત્યાં સુધી પ્રજાને બહુ કનડતા પણ નહિ. કેટલાક સારા રાજાઓ પ્રજા માટે કલ્યાણનાં સારા કાર્યો ઝડપથી કરાવી શકતા. રાજા ગાદીએ આવે ત્યારથી તે જીવનના અંત સુધી સત્તાનાં સૂત્રો તેની પાસે રહે. એટલે રાજ્ય ઉપર વિદેશી આક્રમણ થવાનો ડર ન હોય ત્યાં સુધી પોતાની સત્તા ચાલી જશે એવો ડર રહેતો નહિ. એટલે રાજાશાહીમાં સત્તા-પરિવર્તનના પ્રસંગો ઘણા લાંબા સમય પછી બનતા

લોકશાહીમાં સર્વોચ્ચ સત્તા સ્થાને બેઠેલી વ્યક્તિ બંધારણની જોગવાઇ અનુસાર અમુક મુદત સુધી સત્તા ભોગવી શકે છે પરંતુ પછીથી એને પણ ફરીથી ચૂંટણીમાં ઊભા રહેવું પડે છે. મુદત પૂરી થયા પછી પોતે ચુંટણીમાં ન જીતી શકે તો તે પક્ષને અને સત્તાધારી વ્યકિતઓને સત્તા છોડવી પડે છે. લોકશાહીમાં સત્તાપલટો વારંવાર થાય છે. નવી વ્યકિત, નવા વિચારો અને આદર્શો સાથે સત્તા પર આવે છે. તે પોતાના કેટલાક વિચારોને અમલમાં મૂકે છે. કેટલીકવાર તે વિચારોને અમલમાં મૂકે તે પહેલાં તો તેને સત્તા છોડવાનો વખત આવે છે. નવી આવેલી સરકાર જૂની સરકારના કરેલાં ખોટાં કાર્યો સુધારી શકે છે અને સારા કાર્યો ઉપર ધૂળ પણ ફેરવી શકે છે. લોકશાહીમાં આમ પ્રજાકલ્યાણ માટેની યોજનાઓ અને પ્રગતિની દૃષ્ટિએ આઘાપાછું વારંવાર થાય છે. એથી કેટલાક લોકશાહી દેશોમાં ઘણી શકિત અને ઘણા પૈસા તેમાં જ વેડફાઇ જાય છે. લોકશાહીમાં ત્રણ–ચાર મુદત માટે સ્થિર થયેલી સરકાર ઘણું સારું કાર્ય કરી શકે છે. લોકશાહીમાં વિલંબ છે અને ખોટું ખર્ચ પણ ઘણું થાય છે, તો પણ પ્રજાને થતો મહત્ત્વનો લાભ તે પોતાને સ્વતંત્ર રીતે વિચારવાની અને સ્વતંત્ર રીતે જીવવાની તક મળે છે એ છે. વાણીસ્વાતંત્ર્યનું મૂલ્ય કેટલું બધું છે એ તો વાણીની કે મનની ગૂંગળામણ જેમણે તીવ્રપણે અનુભવી હોય તેમને વિશેષ સમજાય.

૧૯૯૦ના વર્ષમાં ભારતમાં નવી સરકાર આવી. ઓછી આવડતવાળી અને ભ્રષ્ટ સરકારને પ્રજા ઇચ્છતી નથી. તે ભારતની ચૂંટણીનાં પરિણામોએ બતાવી આપ્યું. ભારતની પ્રજાનો મોટો વર્ગ ગરીબ અને અશિક્ષિત છે તેમ છતાં પ્રજાએ ૧૯૭૭ની ચૂંટણીની જેમ આ વખતની ચૂંટણીમાં પણ પોતાનો પ્રતિભાવ સ્પષ્ટપણે દર્શાવ્યો ચૂંટણીમાં ગેરરીતિઓના ઘણા બનાવો બન્યા છે. તેમ છતાં એકંદર પરિણામ ભલભલા નેતાઓનો ભ્રમ ભાંગી નાખે એવું છે.

વર્તમાન સમયમાં દુનિયાના જુદા જુદા દેશોની સરકારોમાં

### પાક્ષિક 'પ્રબુદ્ધ જીવન' હવેથી માસિક થાય છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૬-૧૦-૧૯૮૯ના રોજ મળેલી બેઠકે સર્વાનુમતે ઠરાવ્યું છે તે પ્રમાણે જાન્યુઆરી ૧૯૯૦ના વર્ષથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ને માસિક કરવામાં આવે છે. 'પ્રબુદ્ધ જીવન'માં એના આરંભકાળથી જાહેરખબર લેવાતી નથી. વળી સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને સામાન્ય સભ્યોને તેની નકલ વગર લવાજમે મોકલવામાં આવે છે. 'પ્રબુદ્ધ જીવન'માં એકંદરે આવકનું ખાસ કોઇ સાધન નથી અને ખર્ચ ઉત્તરોત્તર વધતો જાય છે. સંસ્થાના આર્થિક પીઠબળથી જ આ વૈચારિક પત્ર આજ દિવસ સુધી ચાલી રહ્યું છે.

ઉત્તરોત્તર વધતા જતા ખર્ચને તથા બીજી પરિસ્થિતિને લક્ષમાં લઇ 'પ્રબુદ્ધજીવન'ને માસિક કરવાનું ઠરાવવામાં આવ્યું છે. 'પ્રબુદ્ધજીવન' હવેથી દર મહિનાની ૧૬મી તારીખે પ્રગટ થશે અને વાચકોના હાથમાં તે ૧૭ કે ૧૮મી તારીખ પછી આવશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે. 'પ્રબુદ્ધજીવન'નું માસિક તરીકેનું વર્ષ આ અંકથી નવેસરથી ગણવામાં આવશે અને તેનું લવાજમ પણ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું લેવાશે. આગલા વર્ષના જે ગ્રાહકોનું લવાજમ ચાલુ હશે તે ગ્રાહકોને લવાજમ પૂરું થાય ત્યાં સુધી 'પ્રબુદ્ધ જીવન' મોકલવામાં આવશે.

—તંત્રી

સત્તાસ્થાને બેઠેલી સર્વોચ્ચ વ્યકિત પણ કેટલી ભ્રષ્ટ થઇ શકે છે તેના દાખલાઓ જોવા મળ્યા છે. ઘણી મોટી લાંચ આપીને તેમને પાડી શકાય છે તે છેલ્લા કેટલાક સમયથી મોટી મોટી આંતરરાષ્ટ્રીય કે બહુ રાષ્ટ્રીય કંપનીઓ તરફથી અપાયેલી લાંચ લેવામાં પકડાયેલા મહાનુભાવોના પ્રસંગો ઉપરથી આપણને સમજાય છે. પ્રચાર માધ્યમો વધ્યાં છે અને ખાનગી રાખેલી બાબતો પત્રકારો ગમે ત્યાંથી શોધી લાવે છે એટલે ગુપ્ત દસ્તાવેજો અને માહિતી મોડાંવહેલાં પકડાઇ જાય છે, અને લોકો સુધી પહોંચી જઇ શકે છે. જાપાન હોય કે કોરયા, ભારત હોય કે પાકિસ્તાન, પનામા હોય કે કોલમ્બિયા કોઇપણ દેશના સર્વોચ્ચ રાજદ્વારી પુરુષો કેવા કેવા કૌભાંડોમાં સંડોવાય છે તે ઘેર બેઠા ટી.વી.ના માધ્યમ દ્વારા આખી દુનિયાને જાણવા મળ્યું છે. વર્તમાન સમયમાં ભ્રષ્ટ રાજદ્વારી વ્યકિતઓને ખુલ્લા પાડવામાં પત્રકારત્વ અને ટી.વી.ના માધ્યમનો હિસ્સો બહુ નોંધપાત્ર બને છે.

સામ્યવાદી દેશોમાં અને લશ્કરી સરમુખત્યારશાહીવાળા દેશોમાં પ્રજાના મુકત અભિપ્રાય કચડી નાખવામાં આવે છે. સત્તા પર સ્થિર રહેવા માટે તેમની દૃષ્ટિએ તેમ કરવુ તેમને માટે જરૂરી છે. ઘણાખરાં સામ્યવાદી દેશોમાં લોકોને અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ, તબીબી સેવા વગેરે પૂરાં પાડવાની જવાબદારી રાજ્યની પોતાની હોવાથી તેની બહુ સમસ્યા હોતી નથી. પરંતુ એકંદરે તો તેમનાં અન્ન, વસ્ત્ર અને રહેઠાણ ઘણું ખરું સામાન્ય પ્રકારનાં હોય છે. તેમાં સમૃદ્ધિ કે પ્રગતિ બહુ દેખાતી નથી. લોકોની કામ કરવાની ધગશ પણ ક્રમે ક્રમે ઓછી થઇ જાય છે. લશ્કરી સરમુખત્યારવાળા દેશોમાં પ્રજાને નિર્દય રીતે અંકુશમાં રાખવામાં આવે છે. અસહ્ય મોંઘવારી, અછત કે ભૂખમરાનો ભોગ પણ પ્રજા બને છે. સત્તાધીશોને જરીક વહેમ જતાં માણસને ન્યાયની અદાલતમાં કામ ચલાવ્યા વગર મોતને શરણ કરી દેવાય છે. ન્યાયનું નાટક ભજવાતું હોય તો પણ જેવું તેવુ ભજવાય છે. એકંદરે તો પ્રજાને હડહડતો અન્યાય થાય છે. સત્તાધીશો પાસે લશ્કરી તાકાત હોવાને કારણે પ્રજા જલદી માથું ઊંચકી શકતી નથી. પરંતુ તક મળે ત્યારે પ્રજા કોઇને છોડતી નથી. ત્યારે ભયંકર હિંસક અથડામણોમાં ઘણાં મૃત્યુને શરણ થાય છે.

રાજાશાહી હોય, લોકશાહી હોય, સામ્યવાદ હોય કે લશ્કરી સરમુખત્યારશાહી હોય પ્રજાનું જ્યારે અતિશય દમન થાય છે ત્યારે પ્રજા બળવો પોકારે છે. એથી હિંસાત્મક અથડામણો થાય છે. અનેક લોકોનાં બલિદાન લેવાય છે. તેમ છતાં બળવો દરેક વખતે સફળ જ થાય તેવું નથી હોતું. પરંતુ સંઘશકિત એ મોટી શકિત છે અને એ જ્યારે જાગ્રત થાય છે ત્યારે તેને નાથવાનું કામ સરળ નથી. મોટી મોટી સત્તાઓ પણ પ્રજા આગળ નમી પડી છે.

બીજા વિશ્વયુદ્ધ પછી છૂપાછવાયા અચાનક હુમલા કરનારા ગેરીલાઓએ ઘણી સરકારોને થકવી નાખી છે. ત્યાર પછી વ્યકિત કે વિમાનના અપહરણોએ પણ રાજકારણને હચમચાવ્યું છે. રાજદ્વારી નેતાઓની હત્યા અને ઉગ્ર આતંકવાદે પણ શાંતિને ખોરવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. વિશ્વના રાજકારણમાં આમ નવાં નવાં પરિબળો કામ કરી રહ્યાં છે.

યુરોપની ધરતી ઉપર સામ્યવાદી દેશોમાં છેલ્લા થોડા વર્ષોમાં અને ખાસ કરીને તો છેલ્લા થોડા મહિનામાં પ્રજામાં મોટો જુવાળ આવ્યો. સોવિયેટ યુનિયનમાં ગોર્બાચેવે 'પેરેસ્ટ્રોઇકા' અને ગ્લાસનોસ્ત' એ બે શબ્દો આપીને પ્રજાના જીવનને એક નવો વળાંક આપ્યો. સીત્તેર વર્ષના સામ્યવાદને એમણે બિનઉપયોગી ઠરાવ્યો. માનવતાની દૃષ્ટિએ અને રાષ્ટ્રની પ્રગતિની દૃષ્ટિએ પ્રજાને મુકત અભિપ્રાય અને મુકત કાર્ય માટે સ્વતંત્રતા હોવી જોઇએ. એ બાબત પર એમણે ભાર મૂકયો. ગોર્બાચોવનું આ પગલું ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું બની રહેશે. દબાયેલી અને મૂંગે મોઢે પરિસ્થિતિ સહન કરતી પ્રજા જ્યારે બહાર નીકળે છે ત્યારે કેવાં પરિણામ સર્જે છે તે સામ્યવાદી દેશોમાં જોવા મળ્યું. પૂર્વ જર્મની, પોલેન્ડ, હંગેરી, ઝેકોસ્લોવેકિયા, રૂમાનિયા વગેરે દેશોમાં પ્રજાનો જુવાળ કેટલો શકિતશાળી બની ગયો અને સામ્યવાદી સરકારોનું કેટલું ઝડપથી પતન થયું તે પણ જોવા મળ્યું. એક સાથે પાંચ પંદર લાખ માણસો શિયાળાની કાતિલ ઠંડીમાં પોતાનો અવાજ પોકારવા માટે શેરીઓમાં નીકળી પડે એ બતાવે છે કે પ્રજાને સામ્યવાદથી કેટલો બધો અસંતોષ હતો અને નવી બિનસામ્યવાદી સરકાર માટે પ્રજાનો ઉત્સાહ કેટલો અદમ્ય હતો આ જુવાળમાં સૌથી વધુ ભોગ રૂમાનિયાના લોકોએ આપ્યો છે. હજારો માણસો રૂમાનિયામાં થોડા દિવસમાં મૃત્યુ પામ્યા. બીજી બાજુ કમોતે મરવાનું પણ રૂમાનિયાના સામ્યવાદી અત્યાચારી પ્રમુખ નિકોલાઇ ચોસેસ્કુને થયું. એના મૃત્યુનું દૃશ્ય રૂમાનિયાના ટેલિવિઝને લોકોને વારંવાર બતાવ્યા કર્યું.

આમ, ૧૯૯૦ના નવા વર્ષ દરમિયાન દુનિયાના કેટલાક દેશોમાં નવી સરકાર સત્તાસ્થાને આવી છે. લોકતંત્ર કેટલું જાગૃત છે તેની પ્રતીતિ આ ઘટનાઓએ કરાવી છે. આમ છતાં ચીન, બર્મા, શ્રીલંકા, અફઘાનિસ્તાન, ફિલિપાઇન્સ, દક્ષિણ આફ્રિકા વગેરે કેટલાયે દેશોમાં ભયંકર સમસ્યાઓ સળગતી રહી છે. વિશ્વ જ્યારે એકવીસમી સદી તરફ ગતિ કરી રહ્યું છે ત્યારે આખા વિશ્વમાં અહિંસા અને શાંતિનું સામ્રાજ્ય પ્રસરે તથા લોકો વધારે સુખી અને સમૃદ્ધ બને એવી આશા રાખીએ!

**–રમણલાલ ચી. શાહ**

**'પ્રબુદ્ધ જીવન'ના સંયુક્ત અંક અંગે ક્ષમા-યાચના**

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧લી ડિસેમ્બર, ૧૯૮૯ના અંકમાં જાહેર કર્યા મુજબ તા. ૧૬મી ડિસેમ્બર, ૧૯૮૯ અને તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૦ નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક સંયુકત અંક તરીકે પ્રગટ થવાનો હતો, પરંતુ 'પ્રબુદ્ધ જીવન'ને જાન્યુઆરી, ૧૯૯૦થી માસિક બનાવવાની વહીવટી કાર્યવાહીને કારણે આ સંયુકત અંક પ્રગટ કરી શકાયો નથી તે માટે ક્ષમા પ્રાર્થીએ છીએ.

**–તંત્રી**

# જીવન જીવવાની કલા

'સત્સંગી'

'વર્તમાન જગતમાં સ્ત્રીનો દરજ્જો' એવા ગંભીર વિષય પર ભાષણ આપતા અદ્યતન ઢબના પોષાકમાં સજ્જ થયેલા આધેડ વયના વક્તાને તમે સાંભળો છો. અણીશુદ્ધ અંગ્રેજીમાં તેમની રસસભર અને સરલ અભિવ્યક્તિ શ્રોતાગણ સમેત તમે મંત્રમુગ્ધ બનીને સાંભળો છો. તમને એવું વિચારવાનું પ્રલોભન થાય છે કે વક્તા જીવન જીવવાની કલા જાણે છે. આંજી નાખે તેવો તેમનો દેખાવ અને તેમની સુંદર વક્તૃત્વ-શક્તિ તમને એવું વિચારવા પ્રેરે છે. પરંતુ દેખાવો છેતરામણા નથી હોતા? બોલવાની કલા જાણનાર માણસ જીવન જીવવાની કલા જાણતો હોય જ એવું નથી. સારી રીતે જીવવું એ એક યા બીજી કલા પર પ્રભુત્વ મેળવવા કરતાં જુદી બાબત છે. એમ જો ન હોત તો, સંખ્યાબંધ કલાકારોનાં જીવન માનવજાત માટે સંદેશાઓ બન્યા હોત.

ઓક્સફર્ડ ડીક્ષનરીમાં કલા શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે-'The Creation or expression of What is beautiful-જે સુંદર છે તેનું સર્જન અથવા તેની અભિવ્યક્તિ.' જે વ્યક્તિનું જીવન સુંદર હોય તેણે જીવન જીવવાની કલા હસ્તગત કરી છે એમ કહેવાય. અહીં તરત જ કહેવામાં આવે કે 'સુંદર' શબ્દ આત્મલક્ષી છે અર્થાત્ જે એક વ્યક્તિને 'સુંદર' લાગે તે બીજી વ્યક્તિને 'સુંદર' ન લાગે. મતભેદો છે, છતાં મને લાગે છે કે દારૂડિયા કે વેશ્યાનું જીવન સુંદર કહી શકાય નહિ તેમ જ દેખાવડી સ્ત્રીઓ પાછળ ભટકતા માણસનું જીવન પણ સુંદર કહી શકાય નહિ. સંત જેવા ઉપદેશક ઉપદેશ સરસ આપે, પરંતુ તેમનું પોતાનું જીવન તેમના ઉપદેશથી વિરુધ્ધ હોય, તો તેમનું જીવન સુંદર છે એવું ઉચ્ચારણ થઇ શકે નહિ. 'બાનુ આળસ'ને સંવનન કરતી વ્યક્તિ પોતે સુંદર જીવન જીવે છે એવી પ્રશસ્તિનો હક આપણા પર ધરાવી શકે નહિ. આ બધાં દ્રષ્ટાંતો આપણને એકદમ એક બાબત કહી દે છે- વિસંવાદી જીવન જે વિસંવાદી હોય તે સુંદર ન હોય.

જીવનની કલા એટલે સુસંવાદી જીવન અને તેનું જીવન સુંદર હોય. માણસમાં ત્રણ મૂળભૂત માનસિક શક્તિઓ રહેલી છે:- (૧) Knowing-જ્ઞાન અથવા વિચારણાની શક્તિ, (૨) Feeling-લાગણીની શક્તિ અને (૩) Willing-ઇચ્છાશક્તિ અથવા સંકલ્પશક્તિ અથવા કાર્યશક્તિ. આમાંની કોઇ એક શક્તિ વધુપડતી વિકસે અને બીજી બે શક્તિઓ અવગણાય તો સંવાદિતાનો અભાવ જોવા મળે. જે માણસ વિચારતો ખૂબ હોય, પરંતુ લાગણીમાં ઠંડો હોય અને કાર્ય તો ભાગ્યે જ કરે તેવા માણસની આપણે ભાગ્યે જ કદર કરશું. તેવી જ રીતે જે માણસ લાગણી વધુપડતી અનુભવે, પરંતુ તેનામાં વિચારણા અને કાર્યશક્તિ અલ્પ જ હોય તો તેનું જીવન કંગાળ જ બને એ દેખીતું છે. વળી, જે માણસ કાર્ય ત્વરાથી કરે, પરંતુ તેનામાં વિચારણા અને લાગણી અલ્પ હોય, તો તે સમય જતાં દુઃખી જ બને. જ્યારે મગજ, હૃદય અને સંકલ્પશક્તિ સુસંવાદી રીતે વિકસે એટલે કે પ્રત્યેકને યોગ્ય મહત્ત્વ આપીને કેળવ્યાં હોય, ત્યારે સુસંવાદી જીવન પરિણમે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જે માણસે સમજશક્તિ વિકસાવી હોય, તેનામાં હૃદય હોય અને કાર્ય કરવાનું મનોબળ હોય અને તેનાં આ ત્રણેય પાસાં સમતોલ રીતે કામ કરતાં હોય, તો તેનું જીવન સુંદર જીવનનું ઉદાહરણ બને છે.

'સુંદર રીતે કેમ જીવવું?' અથવા 'જીવન જીવવાની કલાનું રહસ્ય શું છે?' એવા પ્રશ્નનો જવાબ શોધવા માટે ઉત્સાહી અને સારા સ્વભાવના ઘણા યુવાનો ઉત્સુક હોય છે. આ પ્રશ્નના જવાબમાં સાહિત્યનું ધ્યેય જીવનની કલા શીખવવાનું છે એવાં સાહિત્યનાં એક દ્રષ્ટિબિંદુને લક્ષમાં રાખીને મારે કંઇ કહેવું નથી. સખેદ કહેવું પડે છે કે ભારતવાસીઓને ભારતના ભવ્ય વારસાનું મૂલ્ય સમજાતું નથી તેમ જ તેમને ભારતના ઋષિમુનિઓ જેઓ મહાન વિચારકો પણ હતા તેમનાં મંતવ્યોમાં રસ પડતો નથી અથવા તે ગળે ઊતરતાં નથી. પરંતુ પશ્ચિમના લોકો આપણને આપણા દેશની ભવ્યતા સમજાવે તો આપણને સમાધાન થાય છે. તો ઉપરોક્ત પ્રશ્નોનો સ્પષ્ટ શબ્દોમાં જવાબ એક સમયના લંડન યુનિવર્સિટીના વિદ્વાન પ્રાધ્યાપક અને જગવિખ્યાત ઇતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીએ ભારતમાં મૌલાના આઝાદ સ્મૃતિવ્યાખ્યાનમાળાનાં એક વ્યાખ્યાનમાં આપ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે, 'The art of Contemplation is really another name for the art of living. ચિંતન - વિચારણાની કલા જીવનની કલાનું ખરેખર બીજું નામ છે.' આ સંબંધમાં તેમણે ગાંધીજી વિશે જે કહ્યું છે તે ગુજરાતીમાં અનુવાદ કરીને કહેવું ઉચિત બનશે. 'ગાંધીજીને દરરોજ પુષ્કળ કામ રહેતું. વર્તમાન સંજોગોમાં મોટી ચળવળના કોઈ પણ નેતાનું એ જ ભાવિ હોય છે. તોપણ ગાંધીજી તેમનાં ભરચક કામકાજમાંથી ચિંતન-વિચારણા માટે થોડો સમય અવાર-નવાર મેળવી લેતા. આ પ્રકારનો તેમનો મહાવરો ભારતીય પ્રણાલિકાની વિશિષ્ટ બાબત છે.'

તેઓ નિખાલસતાથી એમ પણ કબૂલે છે કે પશ્ચિમી મધ્ય યુગના સમયથી ખ્રિસ્તી ધર્મના યુરોપના અનુયાયીઓએ ચિંતન-વિચારણાની આધ્યાત્મિક કલા લગભગ સંપૂર્ણપણે ગુમાવી દીધી છે. તેઓ તેમની આ ખોટને ગંભીર ગણાવે છે. આગળ જતાં તેઓ એમ પણ કહે છે, 'આ આધ્યાત્મિક બક્ષિસ જે માનવીને માનવ બનાવે છે તે હજી ભારતીય આત્માઓમાં જીવંત છે.' ભારતવાસીઓ સમજવા માગે, તો વિદ્વાન ઇતિહાસકાર ટોયેન્બીએ ઘણું કહી નાખ્યું છે.

જીવનની કલાનું રહસ્ય ચિંતનની કલામાં રહેલું છે. તો આ ચિંતનની કલા જે ભારતીય આત્માઓમાં હજી જીવંત છે તે શી રીતે વિકસાવાય? પંડિત જવાહરલાલ નહેરુએ તેમનાં વક્તવ્યમાં યુવાનોને ચિંતન-વિચારણાની કલા વિક-સાવવાનો અનુરોધ કર્યો છે; તે માટે તેમણે બુદ્ધિપૂર્વક વાંચવાનો ઉપાય સૂચવ્યો છે. શું વાંચવું એ પ્રશ્ન થાય? સારી નવલકથા વાંચવાથી પણ વિચારશક્તિનો વિકાસ થાય છે, કારણ કે તેમાં બુદ્ધિશાળી મને દોરેલું જીવનનું ચિત્ર હોય છે. પરંતુ મોડી રાત સુધી જાગીને વાર્તા વાંચી જવી એ પૂરતું

નથી. બુદ્ધિપૂર્વકનાં વાચનમાં લેખકનાં દૃષ્ટિબિંદુ પર વિચાર થતો રહે એવું અભ્યાસપૂર્વકનું વાચન થવું ઘટે. તો જ સારી નવલકથા વિચારશકિત વિકસાવવા માટેની મદદ બને. વાચન માટેનું સાહિત્ય વિપુલ છે. નિબંધો, આત્મકથાઓ, જીવનચરિત્રો, પ્રવાસવર્ણનો, ઐતિહાસિક ગ્રંથો, આત્મસુધારણા માટેનાં પુસ્તકો વગેરે બુદ્ધિપૂર્વક વાંચવાથી માણસની વિચારશકિત કેળવાય છે અને વિકસે છે. ધર્મગ્રંથો અને સંતવાણી વિચારશકિત વિકસાવવા માટે સર્વોત્તમ પાથેય પૂરું પાડે છે.

વિચારશકિત વિકસાવવા માટે બુદ્ધિપૂર્વકનાં વાચનનો મર્મ એ છે કે લેખકનાં દૃષ્ટિબંદુ કે વકતવ્યને વાંચવાની સાથે જ સ્વીકારી લેવાનું વલણ ન રાખવું. પરંતુ તે અંગે મનમાં પ્રશ્ન પૂછવો :–'લેખકનો આ વિચાર બરાબર છે?' અથવા 'લેખકનું આ દૃષ્ટિબિંદુ ન્યાયપુરઃસર છે?' આવા પ્રશ્નથી વિચારવા માટે મન સક્રિય બને છે અને વિચારશકિત વિકસતી રહે છે. સમય જતાં વિચાર કરવાની ફાવટ આવી જાય છે. માણસ પોતાના અનેક પ્રશ્નો માટે બેબાકળો અને ગભરાયેલો રહે છે. તે સામી વ્યકિતની વાત સાંભળવા તૈયાર નથી એટલે શું થાય? નહિતર નાની બાબતનાં સમાધાનથી માંડીને પોતાના જીવનનો માર્ગ મળે ત્યાં સુધીની સામગ્રી તેને વાચન દ્વારા મળે. અહીં બીજો મુદ્દો પણ લક્ષમાં લેવો જરૂરી છે. વાંચેલું ભૂલી જવું એ સામાન્ય બાબત છે. પરંતુ જે વાંચ્યું હોય તેનું મનન કરવું ઘટે, વાંચેલું વાગોળવું અનિવાર્ય છે. મનનથી બુદ્ધિપૂર્વક વાંચેલા વિચારો આત્મસાત્ બને છે. પ્રશ્ન પૂછવાની દ્રષ્ટિથી થતું વાચન અને તેનું મનન વિચારશકિત કે ચિંતનશકિત વિકસાવવા માટેનાં સર્વજનસુલભ સાધનો છે જે માટે ઉદ્યમી થવું પડે. આ સંબંધમાં પ્રબુદ્ધ જીવનના તા. ૧૬–૮–'૮૮ અને તા. ૧–૯–'૮૮ના સંયુકત અંકમાં માનનીય તંત્રી મહાશય ડૉ. રમણલાલ ચી. શાહનો તંત્રીલેખ 'સ્વાધ્યાય' ખાસ વાંચવા જેવો છે, અભ્યાસ કરવા જેવો છે. તેઓશ્રી તેમાં લખે છે,

'માણસ જેમ જેમ વધુ સ્વાધ્યાય [સત્ ગ્રંથોનાં વાચન અને મનન] કરે છે તેમ તેમ તેનું જ્ઞાન અને તેની વાણી સમૃદ્ધ બને છે. આથી એક જ વિષયને વિવિધ દૃષ્ટિકોણથી વિવિધ રીતે વ્યકત કરવાની કુશળતા એનામાં આવે છે. એને પરિણામે સ્વાધ્યાય કરનાર વ્યકિતની વકતૃત્વ કલા ખીલે. એની વકતૃત્વ કલામાં આડંબર કે દંભ હોતાં કે રહેતાં નથી. પોતે કરેલો સ્વાધ્યાય જીવનમાં પરિણમવાને કારણે સાચો સ્વાધ્યાય કરનારાઓનાં મુખમાંથી નીકળતાં વચનો પ્રભાવશાળી હોય છે.'

વિચારશકિત વિકસાવવા માટેની બીજી મદદ છે લેખન. અલબત્ત આ લેખનની મદદ સર્વજનસુલભ નથી. પોતાનાં વિચારો, ભાવો અને લાગણીઓ વ્યકત કર્યા વિના રહી શકાય નહીં એ જ લેખન માટેની ખરી લાયકાત છે. પરંતુ મહત્ત્વનો મુદ્દો એ છે કે વ્યકિત કોઇ વિષય પર લખવા લાગે એટલે તેણે વિચાર કરવો જ પડે. તે કાગળ ઉપર અતાર્કિક કે અસંગત લખાણ લખી શકે નહીં. તેથી યોગ્ય રીતે કહેવાયું છે કે લેખન માણસને ચોકકસ બનાવે છે. આજે આપણા દેશમાં ઘણા લેખકો છે એ સાચું, છતાં અનેક યુવાનો લખવા કેમ પ્રેરાતા નથી એ આશ્ચર્યની વાત છે.

સામાન્ય માણસે વિચારશકિત અને તેની મદદ્દો માટે શા માટે માથકૂટ કરવી જોઇએ? વિચારવું એ સમાજના કોઈ ખાસ વર્ગનો વિશિષ્ટ અધિકાર છે અને શેરીમાં ચાલતા માણસ સાથે તેને કંઇ સંબંધ નથી એવુ નથી. વિચારશકિત કે ચિંતનશકિત માણસને રૂપાળો દેખાડવા માટેનો કોઈ અલંકાર નથી, પરંતુ સારી રીતે જીવવા માટેની તે આવશ્યકતા છે, જરૂરિયાત છે. સારી રીતે જીવવું એ ધરતી પર રહેતા પ્રત્યેક માણસનું સ્વપ્ન હોય છે. તેથી વિચારશકિતની કલા હસ્તગત કરવી પ્રત્યેક માણસ માટે તદ્દન જરૂરી છે. સાદો દાખલો લઇએ તો જે વ્યકિત કોઇ વ્યકિતને આઇસ્ક્રીમ ખવડાવે તો તે વ્યકિતને પોતાના પ્રત્યે સદ્ભાવ છે એમ આઇસ્ક્રીમ ખાનાર વ્યકિત માનવા પ્રેરાય. પણ કોઇ વ્યકિત તેને ઉપવાસ કરવાનું કહે તો તેને આવું કહેનાર પ્રત્યે રોષ પણ થાય. વાસ્તવમાં, જઠરને આરામ આપવા માટે ઉપવાસ કરવાનું કહેનાર માણસમાં તે વ્યકિત પ્રત્યે ખરો સદ્ભાવ છે, જ્યારે આઇસ્ક્રીમ ખવડાવનારને તે વ્યકિત પ્રત્યે યોગ્ય અર્થમાં સદ્ભાવ નથી એમ સાબિત થશે. વળી, 'વગર વિચાર્યુ" જે કરે તે પાછળથી પસ્તાય' એ સાદી ઉકિત પણ વિચારશકિતની અનિવાર્યતા સમજાવી દે છે. જીવનમાં અનેક પ્રશ્નો થતાં હોય છે. વિચારશકિતના યોગ્ય વિકાસ વિના આ પ્રશ્નો હલ થઇ શકતા નથી. પોતાની પત્ની સાથે સુખથી રહેવું એ પણ કેવળ યંત્રવત બાબત્ત નથી, પરંતુ તે માટે પતિપત્ની બંને પક્ષે વિચારણાની આવશ્યકતા રહે છે. દાંપત્યજીવનમાં જે કલહ કે બસૂરું વાતાવરણ રહે છે તેમાં વિચારણા તો છે, પણ તે વિચારણા આત્મકેન્દ્રી અને આવેશયુકત હોય છે. પોતાનો જ આવેશયુકત વિચાર પોતાને તેમજ સંસારજીવનને કંગાળ બનાવે છે. આ સત્ય વિચારશકિતની કલાના વિકાસનું મહત્ત્વ સરળ રીતે સમજાવી દે છે.

વળી, ઇંદ્રિયો ઘણી બળવાન છે. માણસ ઇંદ્રિયોને તાબે જ થતો રહે, તો તેને એવી પછડાટ ખાવી પડે કે તેની સંપૂર્ણ પાયમાલી થાય. આ સર્વનાશમાંથી તેને વિચારશકિતની કલા સિવાય અન્ય કોઇ બાબત બચાવી શકે નહિ. થોડા સમય પહેલાં પ્રત્યેક કુટુંબમાં ઓછેવત્તે અંશે ધાર્મિક અને નૈતિક વાતાવરણ રહેતું. આવા વાતાવરણમાં ઉછરતાં બાળકોમાં યોગ્ય સંસ્કાર પડતાં જે ભવિષ્યમાં તેમની વિચારશકિતના યોગ્ય વિકાસમાં મદદરૂપ બનતા. આજે સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા શાસક બની છે. પરિણામે ઠોકરો ખાવા છતાં માણસને યોગ્ય માર્ગ હાથ આવતો નથી. માણસ વિચાર તો જરૂર કરે છે, પરંતુ તેમાં પોતાના ઇંદ્રિયજન્ય આનંદો પ્રધાન સ્થાને રહે છે. પરિણામે, જીવન જીવવાની કલાનો પ્રશ્ન અત્યંત નીરસ, ભારેખમ બની રહે છે. તેથી આજે આપણા દેશમાં જે વર્તમાન પરિસ્થતિ છે તેમાં પરહિતચિંતકોએ એવાં વાતાવરણ અને પ્રવૃત્તિઓ માટે પરિશ્રમ લેવાની જરૂર છે કે જે દ્વારા વિચાર–ચિંતનશકિતની કલા વિકસાવવા માટે ખાસ કરીને યુવાનો પ્રેરાતા રહે. *

## સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ કૃત
# 'જૈન ગુર્જર કવિઓ'

ડૉ. નગીનદાસ જી. શાહ

'જૈન ગૂર્જર કવિઓ' જેવો મહામૂલો માતબર મહાભારત આકરગ્રંથ ઘણા સમયથી અપ્રાપ્ય હતો. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશે કામ કરનાર માટે તે અનિવાર્ય સંદર્ભસાધન હોઈ તેનું પુનર્મુદ્રણ જરૂરી સંશોધન-સંવર્ધન સાથે થયું એ ગુજરાતી સાહિત્યપ્રેમીઓ માટે અત્યંત આનંદનું કારણ છે.

જ્યારે પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ ત્યારે નરસિંહરાવ દિવેટિયા, રા. વિ. પાઠક, આનંદશંકર ધ્રુવ, કૃ. મો. ઝવેરી, કે. હ. ધ્રુવ, મુનિશ્રી જિનવિજયજી જેવા પ્રસિદ્ધ વિદ્વાનો અને સાક્ષરવર્યોએ મોહનભાઈએ કરેલા આ મહાન કાર્યની ઊંચી કિંમત આંકી ઘણી પ્રશંસા કરેલી.

આ આકરગ્રંથમાં વિક્રમની ૧૨મી સદીથી ૨૦મી સદી સુધીના કુલ ૧૪૬૮ જૈન કવિઓની કુલ ૫૩૧૦ કૃતિઓની વર્ણનાત્મક સૂચિ છે. છઠ્ઠા ભાગમાં જૈનેતર કવિઓ વિશે એક વિસ્તૃત પરિશિષ્ટ છે. તેમાં વિક્રમની ૧૩મી સદીથી ૧૯મી સદી સુધીના કુલ ૯૪ જૈનેતર કવિઓની કુલ ૧૦૨ કૃતિઓની વર્ણનાત્મક સૂચિ છે.

એકલપંડે ખંત, ચીવટ અને અથાગ પરિશ્રમપૂર્વક ગંજાવર સામગ્રી એકઠી કરી શાસ્ત્રીય વ્યવસ્થાથી અને તાણા-વાણા મેળવીને આ આકરગ્રંથની રચના શ્રી મોહનભાઈએ આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં કરી છે. તેમની ૩૩ વર્ષની અતૂટ સાહિત્યસાધનાનું આ સુફળ છે.

સામગ્રી એકઠી કરવા માટે તેમણે જ્ઞાનયાત્રાઓ કરી છે. પાટણ, સુરત, ખેડા, ખંભાત, ઝીંઝુવાડા, લીંબડી, રાજકોટ, વીરમગામ, અમદાવાદ, પૂના, મુંબઈ, કલકત્તા વગેરે અનેક સ્થળોએ જઈ ત્યાં આવેલા ભંડારો તેમણે જાતે તપાસ્યા છે અને મુનિશ્રી જિનવિજયજી, પંડિત સુખલાલજી, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, મુનિમહારાજ ચતુરવિજયજી, પંડિત લાલચંદ ગાંધી, યતિ શ્રી નાનચંદ્રજી વગેરેની સહાય લીધી છે. તેમણે હસ્તપ્રત – સંચયો, સૂચિઓ, મુદ્રિત ગ્રંથો આદિનો ઉપયોગ કર્યો છે. આ બધાં સાધનોની સંખ્યા ૪૦૦ ઉપર થવા જાય છે.

કવિઓ અને કૃતિઓને સમયાનુક્રમે ગોઠવી તેમનો પરિચય આપ્યો છે. કૃતિઓના આદિ-અંત આપ્યા છે અને પુષ્પિકાઓ, જો હોય તો, આપી છે. કૃતિની હસ્તપ્રતો કયા ભંડારોમાં ઉપલબ્ધ છે, તેની વીગતો આપતાં લેખનસંવત, પત્રસંખ્યા-પંક્તિસંખ્યા અને હસ્તપ્રતનો ક્રમાંક જણાવેલ છે. કેટલીક વાર કર્તા અને કૃતિનો વિશેષ પરિચય આપવામાં આવ્યો છે. વળી કેટલીક વાર હસ્તપ્રતોમાંથી અમુક ભાગો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. કૃતિ જો પ્રકાશિત થઈ હોય તો તેના પ્રકાશનની વીગત પણ જણાવી છે.

આ સામગ્રીનું દસ્તાવેજી મૂલ્ય ઘણું છે. આદિ-અંતમાં અને પુષ્પિકાઓમાં રચનાસંવત, લેખનસંવત, સ્થળનામો, રાજકર્તાઓનાં નામો, શ્રાવકોનાં નામો, કવિની ગુરુ પરંપરા, વગેરેનો ઉલ્લેખ હોય છે. આ બધાંની અનુક્રમણિકાઓ હવે પછીના ભાગમાં પ્રગટ થશે. વળી ૨૫૦૦ જેટલી દેશીઓની અનુક્રમણિકા, જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલી અને રાજાવલી પણ હવે પ્રકાશિત થનાર ભાગમાં સમાવી લેવાશે. આ આકરગ્રંથની પૂરક સામગ્રીમાં જૂની ગુજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૩૨૦ પાનાં) હવે પછી પ્રકાશિત થશે.

ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસના અભ્યાસ માટે પણ આ એક અનિવાર્ય સાધન બની રહેશે. ગુજરાતી ભાષાના સાહિત્યપ્રકારોના અભ્યાસીને માટે પણ આ આકરગ્રંથ સદ્ભગ્રંથની ગરજ સારશે. ૧૨મી સદીથી ગૂર્જર સાહિત્યનું ગૌરવ વધારતા સાહિત્યપ્રકારોનું જે ખેડાણ જૈનોએ કર્યું છે તેનો સમીચીન ખ્યાલ આ આકરગ્રંથ આપે છે.

આ બીજી આવૃત્તિ સંશોધિત-સંવર્ધિત છે. તેને સત્યનિષ્ઠ, ચીવટવાળા, વિદ્યાવ્યાસંગી અને પૂરી સજ્જતા ધરાવતા સંપાદક પ્રા. શ્રી જયંતભાઈ કોઠારી સાંપડ્યા એ આનંદપ્રદ ઘટના છે. તેમણે સંપાદકધર્મ પ્રામાણિકપણે બરાબર બજાવ્યો છે. મૂળ સંપ્રયોજક શ્રી મોહનભાઈની રચનાને આંચ ન આવે અને મૂળ સામગ્રી અકબંધ જળવાઈ રહે છતાં વિશેષ ઊપસી આવે એ રીતે શ્રી કોઠારીએ સંપાદનકાર્ય કર્યું છે. શ્રી મોહનભાઈના જીવનકાળ પછી અસ્તિત્વમાં આવેલાં પ્રાપ્ય લગભગ બધાં સાધનોનો ઉપયોગ કર્યો છે. પરિણામે અપેક્ષિત શુદ્ધિ-વૃદ્ધિ બરાબર થઈ છે. તેમણે કર્તા કે કૃતિ વિશે અન્યત્રથી મળેલી પૂરક માહિતીને તેમ જ કૃતિપ્રકાશનની નવી માહિતીને આ આવૃત્તિમાં દાખલ કરી છે. તેમણે શુદ્ધિઓ આંતરિક પુરાવાઓ અને ઇતર સાધનોને આધારે કરી છે. આ શુદ્ધિઓ અને વૃદ્ધિઓ તેમણે [ ] કૌંસમાં મૂકી છે. હસ્તપ્રતમાંથી આપવામાં આવેલ આદિઅંત, પુષ્પિકાઓ અને અન્ય અંશોની જોડણી તેમણે સહેતુક સુધારી નથી. તેમણે કરેલી શુદ્ધિ-વૃદ્ધિએ આ આકરગ્રંથને સવિશેષ પ્રમાણભૂત બનાવી દીધો છે અને એ રીતે સંદર્ભગ્રંથ તરીકે તેનું મૂલ્ય પણ વધારી દીધું છે.

ગુજરાતને તેના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ખજાનાની ભાળ આપતો આ મહામૂલો મહાભારત આકરગ્રંથ છે. સામગ્રીની વિપુલતા અને વૈવિધ્ય તેનું એક સંદર્ભગ્રંથ તરીકે અસાધારણ મૂલ્ય સ્થાપે છે. માટે ગુજરાતની દરેક વિદ્યાપીઠના ગ્રંથાલયમાં તેનું હોવું આવશ્યક છે.

આવા આકરગ્રંથનું પુનર્મુદ્રણ કરવાની બહુ મોટી જવાબદારી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે ઉપાડી વિદ્યાક્ષેત્રે બહુમૂલ્ય ફાળો આપ્યો છે, એ બદલ આપણે તેને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

# મહાભિનિષ્ક્રમણની ભૂમિકા

સંગમ વા. વોરા

ગૌતમ બુદ્ધનું મહાપરિનિર્વાણ એક વિરલ ઘટના છે. સર્વ પ્રકારના દુઃખમાંથી મળતી હંમેશ માટેની મુક્તિને બંધ પિંજરામાંથી છૂટીને વિશાળ ગગનમાં ઊડી જતા પક્ષીની સ્વતંત્રતા સાથે સરખાવી શકાય.

મહાપરિનિર્માણ પહેલાં બનતો અગત્યનો પ્રસંગ તે મહાભિનિષ્ક્રમણ. સત્ય શું છે? જીવન શું છે? જીવનનો અર્થ શો? દુઃખ શા માટે છે? શું આ દુખથી હંમેશ માટેની મુક્તિ ન મળે? મળે તો કઇ રીતે મળે?—આ પ્રકારની પ્રશ્ન-શૃંખલાના ઉત્તરની શોધમાં નીકળી પડવાની ક્ષણ તે મહાનિષ્ક્રમણ. એ ક્ષણે પત્ની, પુત્ર, પરિવાર, સ્વજન, સ્નેહી, સમાજ સઘળું ગૌણ બની જાય ને રહે ફક્ત મૂળભૂત પ્રશ્નો અંગેનું ચિંતન. આ પાયાના પ્રશ્નો જ્યારે જીવનનું અંતરંગ અને અનિવાર્ય અંગ બની જાય ત્યારે મહાભિનિષ્ક્રમણનો અમૂલો અવસર ઊભો થાય છે.

મહાપરિનિર્વાણ અને મહાભિનિષ્ક્રમણથીય મહત્ત્વની ઘટના તે જિજ્ઞાસાનો ઉદ્ભવ, પ્રશ્નનો પ્રારંભ અને સવાલની શરૂઆત!

સુખ, સુખ અને કેવળ સુખમાં આળોટતા સિદ્ધાર્થના જીવનમાં આપણે જાણીએ છીએ તેમ એક દિવસ ન બનવાનું બને છે. કપિલવસ્તુના સુખભરપૂર રાજમહેલની બહારનું નિર્ધન, બીમાર, જર્જરિત ને સડિયલ વિશ્વ સિદ્ધાર્થની નજરે ચઢતાં તેનું ચિત્તતંત્ર હલબલી ઊઠે છે. અત્યાર સુધી જે ધારણાઓ પર સિદ્ધાર્થ જીવતો હતો તે ધારણાઓનો ભાંગીને ભુક્કો થઇ જાય છે

જિંદગીનાં ચાર વિધેયક તત્ત્વો તે તંદુરસ્ત શરીર, યૌવન, ધન અને જીવન, એ ચાર તત્ત્વોની ચાર વિરોધી બાબતો તે રોગ, વૃદ્ધાવસ્થા, નિર્ધનતા અને મૃત્યુ. સરોવરના શાન્ત અને નિઃસ્પંદ જળમાં એક કાંકરો પડતાં તરંગનાં વલયો સર્જાય એ જ રીતે જિંદગીની ચાર વિરોધી છતાં વાસ્તવિક બાબતો નજર સામે આવતાં સિદ્ધાર્થના મનમાં વિચાર-વતુંળો ચકરાય છે ને તે વિહ્વળ બની જાય છે.

સિદ્ધાર્થ વિહ્વળ બને છે એ ખરું પણ તેની આ વિહ્વળતા સ્વાર્થમૂલક કે ભયસૂચક નથી. મારું આ યુવાન શરીર વૃદ્ધ થઇ જશે કે હું મરી જઇશ એવો વિચાર સિદ્ધાર્થને નથી આવતો. મને કોઇ રોગ લાગુ પડશે કે હું નિર્ધન થઇ જઇશ, એ સિદ્ધાર્થની વિચારણાનું કેન્દ્ર નથી. સિદ્ધાર્થનો સવાલ 'મારા મરણ' સામે નથી; 'મરણ' સામે છે. એ સુખવાદી–Hydonist–નથી. આથી પ્રાપ્ત પરિસ્થિતિમાં વધુમાં વધુ સુખી થવાની ભ્રાન્ત ધારણાઓમાં એ અટવાતા નથી. મરણ, વાર્ધક્ય, નિર્ધનતા અને રુગ્ણતાની સામે પગલાં લેવાનો વિચાર એમને નથી આવતો. ઉપાય કરવો, પગલાં લેવાં કે સમારવું એ એક વાત છે અને વિકૃતિનું મૂળભૂત કારણ શું છે તે જાણી લઇને એ કારણને જ દૂર કરવું એ બીજી વાત છે. એમનું ચિંતન સર્વસાપેક્ષ છે, સમગ્ર જીવ–રાશિના સંદર્ભમાં છે.

રોગ ન આવે એ માટેનાં ચાંપતાં પગલાં લેવા છતાં રોગ આવે છે. શુદ્ધ અને સાત્ત્વિક જીવન જીવનાર રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, કે જે. કૃષ્ણમૂર્તિ જેવા મનીષિઓને કેન્સર થઇ શકે છે. ખસ થઇ હોય ત્યારે કેવળ મલમ લગાડયા કરવાથી શો ફાયદો? શરીરના બગડેલા લોહીને સુધારવામાં ન આવે તો ખસ મટે? બગડેલું લોહી એ ખસનું મૂળભૂત કારણ છે. તેને દૂર કરવાનો ઉપાય કરવો પડે. તેમ સિદ્ધાર્થે દેખેલા રોગ, વૃદ્ધાવસ્થા, નિર્ધનતા અને મૃત્યુ – એ ચારેયનો સ્થૂલ ઉપાય કરવાને બદલે એ ચારેયનું મૂળ શું? એ સિદ્ધાર્થ માટે પાયાનો પ્રશ્ન થઇ પડયો.

રોગ એ અસ્તિત્વની વિકૃતિ છે, નિર્ધનતા એ પૈસાનો-ચીજોનો અભાવ છે, વૃદ્ધાવસ્થા એ અંતનો પ્રારંભ છે અને મૃત્યુ એ પ્રારંભનો અંત છે. આ વિકૃતિ, અભાવ, અંતનો પ્રારંભ અને અંત સિદ્ધાર્થની સામે મહાપ્રશ્ન બનીને ઊભા છે.

અહીં સિદ્ધાર્થને કોઇએ સંસાર–ત્યાગનો પોપટિયો ઉપદેશ આપ્યો નહોતો. એમનું દર્શન તો નિર્ભેળ હતું, સ્વતંત્ર હતું, મૌલિક હતું, કુદરતી હતું ને માટે જ વાસ્તવિક હતું. એક બાજુ એમણે કેવળ સુખ જોયું તો બીજી બાજુ અસાધારણ દુઃખ નજરે ચઢયું. 'આમ શા માટે?' એવો પ્રશ્ન ઉદ્ભવ્યો અને ઉત્તરની શોધમાં એઓ નીકળી પડે છે.

જો ગૌતમ બુદ્ધના જીવનને બારીકાઇથી જોવામાં આવે તો તેમાં મુખ્યત્વે વિકાસ–યાત્રાનાં પાંચ પગથિયાં નજરે ચઢશે. પ્રથમ તે પંચેન્દ્રિય તન્મયતા, પછી દુઃખનું જ્ઞાન, ત્રીજું તે જિજ્ઞાસા, ચોથું તે મહાભિનિષ્ક્રમણ, પાંચમું અને છેલ્લું તે પગથિયું તે મહાપરિનિર્વાણ. છેલ્લી બે અવસ્થાની પ્રાપ્તિ માટે આગલી ત્રણ અવસ્થામાંથી ગુજરવું અનિવાર્ય બની રહે છે.

પહેલી અને બીજી અવસ્થા આપણા માટે નવી નથી. પરંતુ જિજ્ઞાસા ઉત્પન્ન થતી નથી. જિજ્ઞાસા વગર, પ્રશ્ન વગર, જાગૃતિ વગર કે નિર્વેદ વગર છોડી દેવાયેલા ઘરનો કોઇ અર્થ નથી. ગૌતમ બુદ્ધનું મહાભિનિષ્ક્રમણ એ પલાયનવાદ નથી. એક સુરક્ષિતતામાંથી, બીજી સુરક્ષિતતામાં થતો સગવડિયો પ્રવેશ નથી. રાહુલ અને યશોધરાની જવાબદારીથી કંટાળીને થતું વન–ગમન નથી. એમનું મહાભિનિષ્ક્રમણ એ તો અજ્ઞાત ભાવિ તરફ માંડેલું હિંમતભર્યું પગલું છે.

કળીની પાંખડીઓને ખેંચી–ખોલીને તાત્કાલિક ફૂલ બનાવવાની પ્રક્રિયા હત્યાનું કારણ બની જાય છે. અંગ્રેજીમાં grows young કહેવાય છે; becomes young નહીં. બંધાતા મકાનને પ્લાસ્ટર કર્યા વગર રંગરોગાન કરવા માંડવું એ મૂર્ખામી ગણાય છે. એ જ રીતે દુઃખના જ્ઞાન પછી જિજ્ઞાસા કે નિર્વેદની પ્રક્રિયામાંથી પસાર થયા વિના થઇ જતો ગૃહત્યાગ કદાચ આત્મવિકાસની પ્રક્રિયામાં બાધક બને છે અને પરિણામે એ ગૃહત્યાગ ખરા અર્થમાં મહાભિનિષ્ક્રમણ નથી બની શકતો.

પ્રવર્તમાન-કાળમાં પરમાત્માના પક્ષે અને મોક્ષના લક્ષે થતાં તમામ ગૃહત્યાગ વૈરાગ્યવાસિત હોય, અંતિમ હોય અને ખરા અર્થમાં મહાભિનિષ્ક્રમણ બને એવી પ્રભુ પાસે પ્રાર્થના.

# સત્ય—કાવ્યનું અને કિરતારનું

* તનસુખ ભટ્ટ

ઇશ્વરની વ્યાખ્યા કરવી કઠણ ભાસે છે. કદાચ ઇશ્વર અવ્યાખ્યેય હશે! આમ છતાં ઇશ્વરનું વર્ણન ગીતાકારે આપ્યું છે. (અધ્યાય – ૨, શ્લોક ૨૦, ૨૩, ૨૪, ૨૫ તથા અધ્યાય – ૧૩, શ્લોક ૧૪ થી ૧૮). વ્યાખ્યા અને વર્ણનમાં ભેદ છે. વ્યાખ્યા સંક્ષિપ્ત, તાત્ત્વિક હોય છે. વર્ણન દીર્ઘ, વ્યવહારુ, ઇન્દ્રિયગમ્ય હોય છે. પરંતુ આ વિષય તર્કશાસ્ત્ર (Logic)નો છે. તેથી તે પડતો મૂકું છું. ઇશ્વરનું એક શબ્દમાં વર્ણન સચ્ચિદાનંદ શબ્દમાં મળે છે. પરંતુ આ શબ્દ પણ સમાસ છે..

ઇશ્વરની જેમ જ કવિતાની વ્યાખ્યા કરવી કઠણ ભાસે છે. કદાચ કવિતા સુદ્ધાં અવ્યાખ્યેય હશે. આમ છતાં ઇશ્વરનાં વ્યાખ્યા–વર્ણન પ્રમાણે કવિતાનાં પણ વ્યાખ્યાવર્ણન થયાં જ છે. સંસ્કૃતમાં કવિતાની પંદરથી વધુ વ્યાખ્યાઓ મળે છે. તેમાં ભવભૂતિની વ્યાખ્યા અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ દોષ વિનાની દેખાય છે. ઉત્તર–રામચરિત્રમાં તે કહે છે :–

विन्देम देवतां वाचममृतामात्मन : कलाम् ।

આનો સાદો અર્થ એ થાય કે સરસ્વતીદેવી કે કવિતા આત્માની કલા છે તથા તે અમૃતમય છે, અમર છે. ઇશ્વર કે આત્મા सत्, चिद, તથા आनद છે. બીજા શબ્દોમાં કહીએ તો તે सत्यम्, शिवम्, सुन्दरम् છે, તો કવિતા પણ તે જ છે, અન્ય નથી. દેહધારી આત્માને હૃદય, મસ્તિષ્ક અને ઇન્દ્રિયો (Heart, Head & Hand) હોય છે. તો કવિતામાં પણ હૃદયગુણ, રસ કે ઊર્મિ, મસ્તિષ્કગુણ બુદ્ધિ કે ચિંતન તથા ઇન્દ્રિયગુણ ભોગાનુભવ હોય છે.

અહીં સુધી તો ઇશ્વરની અને કવિતાની તત્ત્વચર્ચા થઇ, પરંતુ મહાકાવ્યો, પુરાણો, આખ્યાનો અને ખંડકાવ્યો વાંચતાં આપણને કવિતાનું સત્ય અને કિરતારનું સત્ય અલગ પડતાં દેખાય છે. મંથરા, કૈકેયી, તાડકા, ખર, દૂષણ, મારીચ, લંકાદહન, રાવણ, કુંભકર્ણ, લક્ષ્મણમૂર્છા ઇત્યાદિનાં વર્ણનમાં સત્ ચિત અને આનંદની વાત ક્યાં વર્ણવાઇ ? દુર્યોધન, દુઃશાસન, શકુનિ, ભીમનું વિષમય મોદકભક્ષણ, લાક્ષાગૃહ, દ્યુત, વનવાસ, વિરાટનગરમાં ગાયોનું અપહરણ, મહાભારતના યુદ્ધના આરંભના શંખનાદો અને અંતના ગદાયુદ્ધના ભયાનક અવાજો, અનાથ વિધવાઓ અને અનાથ બાળકોના રુદનમાં સત્ ચિત આનંદની વાત ક્યાં આવી ? જેમ જેમ કવિતા સંસારના અટપટા વ્યવહારમાં, તેના કૂડકપટમાં તેની હિંસા–ક્રુરતા અને સત્યનાશમાં ઊતરે છે તેમ તેમ ભાવકનો રસ તો અવશ્ય વૃદ્ધિગત થતો જાય છે. પરંતુ કિરતારનાં કહેવાતા સત્ ચિત્ આનંદનાં દર્શન પણ અદ્રશ્ય, અલભ્ય થતાં જાય છે. "सत्यमेव जयते"ને સાટે 'પાપીને પોરો અને ધરમીને ધેર ધાડ'નો વિપરીત અનુભવ થતો જાય છે. જો બ્રહ્માંડનું સત્ય એક જ હોય પછી કાવ્યનું સત્ય અને કિરતારનું સત્ય બંને અલગ, અસંબદ્ધ કેમ ભાસે છે ?

તત્ત્વજ્ઞાનનો વિષય જીવશિવની ચર્ચા, મન માયા, મહેશ્વરનું નિરૂપણ, બ્રહ્મ ઇશ્વર, માયા, જીવ અને પ્રકૃતિના ભેદોનું પૃથક્કરણ છે. તત્ત્વજ્ઞાનની એક શાખા સૌંદર્યશાસ્ત્ર છે. (એસ્થેટિક્સ) સૌંદર્યશાસ્ત્રની કવિતા, સંગીત, ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય એવી પાંચ પ્રશાખાઓ છે. આ પ્રશાખાઓ પંચકલા કહેવાય છે. તત્ત્વજ્ઞાનથી સૌંદર્યશાસ્ત્રનું અર્થાત્ પંચકલાનું સ્વરૂપ અલગ પડતું સ્પષ્ટ દેખાય છે. તત્ત્વજ્ઞાન બુદ્ધિ દ્વારા સત્યદર્શન કરે છે. ત્યારે પંચકલા ઊર્મિ (રસ) તથા કલ્પના (અલંકાર) દ્વારા સત્યદર્શન કરે છે. તત્ત્વજ્ઞાનનું સાધન બુદ્ધિ સૂક્ષ્મ છે. પંચકલાનું સાધન ભાવોદય કે રસનિષ્પતિ તથા કલ્પના (અલંકાર) પ્રમાણમાં બુદ્ધિ કરતાં સ્થૂળ છે. આ વિધાન વિવાદાસ્પદ ભાસે તો એમ કહું છું કે ભાવોદય, રસનિષ્પતિ વગેરેના સર્જકો (વસ્તુ પાત્ર, સંવાદ, વાતાવરણ, સંસારદર્શન) તો અવશ્ય બુદ્ધિ કરતાં સ્થૂળતાનું પરિણામ છે. આ સૃષ્ટિ, વિરાટરૂપ, ત્રિકાળસમૂહરૂપ, ત્રિકાળના અવયવરૂપ અસંખ્ય નાની – મોટી ઘટનાઓ, તેની વિવિધતા તથા પુનરાવૃત્તિ, માનવનાં સુખદુઃખ, આશાનિરાશા, છળ, પ્રપંચ, બાહ્ય જગતનો સંઘર્ષ, (અથડામણ, છમકલાં, ઝઘડા, લડાઇ, યુદ્ધો, સંગ્રામો) તથા આંતરજગતનો સંઘર્ષ, (હૃદય વિદારક મનોમંથનો—જેવું કે ગીતારંભનું) વગેરે વગેરે કાવ્યનો દેહ છે. કાવ્યનું પ્રેરક બળ સત્યદર્શન છે. આ સત્યદર્શન જ કાવ્યનો આત્મા છે. ભાવોદય, રસનિષ્પતિ કાવ્યનો પ્રાણ છે. ઘટનાઓ, દશ્યો આદિ કાવ્યનો દેહ છે. કવિતાનાં આત્માસ્વરૂપ સત્યદર્શન (વિષયદર્શન) તથા પ્રાણરૂપ ભાવોદય, રસનિષ્પતિ ક્યા અને કવિતાના અવયવોરૂપ, દેહરૂપ, મારામારી, કાપાકાપી, બળિયાના બે ભાગ તથા નિર્બળનો સત્યાનાશ (ચાર્લ્સ ડાર્વિનના મતે Struggle for Existence & Sarvival of the Fittest) પ્રારબ્ધ તથા પુરુષાર્થ વચ્ચે ગજગ્રાહ જેવા કાવ્યના આત્માનો વિરોધી ભાસતા અવયવો ક્યા ? કાવ્યનું સત્ય અને કિરતારનું સત્ય એક જ છે કે અલગ ? અલગ હોય તો વિશ્વમાં બે સત્યો, બે ઇશ્વરો હોઇ શકે ? આવો ઉત્તર મહાત્મા ગાંધીએ તેમના અનાસક્તિ યોગની પ્રસ્તાવનામાં ટાંકેલા એક અવતરણમાંથી મળે છે

'આદમ કો ખુદા મત કહો, આદમ ખુદા નહિ;
લેકિન ખુદા કે નૂર સે, આદમ જુદા નહિ.'

વેદાન્તીઓ 'અહં બ્રહ્માસ્મિ'નો જાપ કરીને આદમને જ ખુદા માને છે. પરંતુ ભક્તિમાર્ગી, વૈષ્ણવો, શૈવો જેવા ઉપાસકો બંનેની વચ્ચે સ્પષ્ટ ભેદરેખા આંકે છે. ઉપલા અવતરણના અનુકરણમાંથી નવું અવતરણ ઉપજાવી શકાય ખરું :–

'વાઙ્મય વિભુ મા કહો, વાઙ્મય વિભુ નથી;
કિંતુ વિભુના અંશથી, વાઙ્મય પરું નથી.'

આ સુભાષિત સમજવા માટે કાવ્યસર્જનની પ્રક્રિયા તપાસવી પડશે. કવિનું ચિત્તતંત્ર અમુક ઘટના કે દશ્યથી અભિભૂત થાય છે, તેથી તે આનંદાઘાત કે વિષાદાઘાત અનુભવે છે. આ આઘાત એટલો તો પ્રભાવશાળી હોય છે કે થોડી મિનિટો સુધી કવિ માત્ર સ્તબ્ધ જ રહે છે. તે વિચાર પણ નથી કરી શકતો. કોઇ વિધવા સ્ત્રીનો એકનો એક પુત્ર ગુજરી

ગયાનો તાર આવે કે કોઈ વાંઝિયાને પુત્રજન્મના સમાચાર મળે કે કોઇ ભિખારીને લાખોની લોટરી લાગ્યાની બાતમી મળે ત્યારે તે શોકસાગરમાં કે આનંદસાગરમાં ડૂબી જાય છે. કામ્ય કે કરુણ ઘટના જ તેના ચિત્તતંત્રનો પૂરો કબજો લઇ લે છે. તેનું ચિત્ત શોકસમાધિ કે હર્ષસમાધિ અનુભવે છે. થોડી મિનિટો પછી હર્ષાઘાત કે શોકાઘાતની અસર મંદ બનતાં કવિ દશ્યશ્રાવ્ય જગતમાં આવે છે તેના ઝબકારામાં થયેલા અનુભવ માટે તેને એક શબ્દ, એક સમાસ કે એક વાકય સ્ફૂરે છે. આનું નામ જ કાવ્યસર્જનની પ્રક્રિયાનો આરંભ આ સ્ફૂરણ તેને કવિપ્રતિભા દ્વારા સાંપડે છે. અચાનક મળે છે. કાવ્ય સર્જનનું ભાન થાય તેની પહેલાં જ સત્ય દર્શન સ્ફૂરે છે. ઉદાહરણ તરીકે ક્રૌંચીવધ વેળાએ વાલ્મીકિના મુખમાંથી સરી પડેલા ઉદ્દગાર. પરંતુ આ ઉદ્દગાર તો સંપૂર્ણ શ્લોક છે. તે શ્લોક પહેલાં માત્ર "ક્રૌંચવધ" કે "ક્રૌંચમિથુનવધ" કે 'દામ્પત્ય વધ" જેવા શબ્દો અવશ્ય ઋષિને સ્ફુર્યાં જ હશે. આ શબ્દ-સ્ફુરણ કવિની પ્રતિભાનું પરિણામ છે. કવિકર્મના શિક્ષણ-તાલીમનું નહિ. અંગ્રેજીમાં કહીએ તો બાહ્યજગતના આઘાતને અંતે તેને Theme મળે છે. અહીં સુધી કવિપ્રતિભા સક્રિય તથા કવિકર્મશિક્ષણ નિષ્ક્રિય હોય છે. એકવાર કવિને વિષય દર્શન થયું કે આ દર્શનનું ભાષામાં રૂપાંતર થાય છે. કવિને કાવ્યનું નામાભિધાન કે મથાળું મળે છે. આ પછી પ્રયત્ન દ્વારા, પુરુષાર્થ દ્વારા કેળવેલી કવિકર્મની તેની તાલીમ સક્રિય બને છે. તેને અચાનક રહસ્યસ્ફોટ થાય છે કે આ તો કાવ્યસર્જનને યોગ્ય વિષય મળ્યો! પછી કવિકર્મનું શિક્ષણરૂપ યંત્ર ચાલુ થાય છે. પ્રેરણા પ્રાપ્તિ પછી, વિષય દર્શન પછી કાવ્યશિર્ષક પ્રાપ્તિ પછી તેની કવિપ્રતિભા ઊલટી દિશામાં વહે છે. રસસમાધિથી કાવ્યશિર્ષક દર્શક સુધી તેની પ્રતિભા એકીકરણની પ્રક્રિયામાં રત હતી હવે તે પ્રતિભા પૃથકરણ ક્રિયા કરે છે. તેને કાવ્ય વિષય માટે મહાકાવ્ય, આખ્યાન, કાવ્ય, ખંડકાવ્ય, કથાકાવ્ય, ઊર્મિકાવ્ય કે મુક્તક-કાવ્ય ઇત્યાદિ પ્રકારમાંથી સુયોગ્ય કાવ્યાકાર પસંદ કરવો પડે છે તો કયારેક કવિની પ્રતિભા સ્વયં કાવ્ય પ્રકારની ભેટ તેને આપે છે. કવિને પૃથકરણમાં દીર્ઘ કે લઘુ કાવ્યની જુદી જુદી ભૂમિકાઓ મનચક્ષુ આગળ દેખાય છે. મહાકાવ્ય હોય તો સર્ગરચનાની ભિન્ન ભિન્ન ભિન્ન અનુક્રમણી સૂઝે છે. આખ્યાન હોય તો તે સ્ફુરેલી પ્રેરણાને જુદાં જુદાં કડવાઓમાં વહેંચી નાખે છે. ગઝલ હોય તો વારંવાર પંક્તિને છેડે આવતી એક જ પદાવલી સ્ફુરે છે. સોનેટ હોય તો પ્રથમની આઠ લીટીમાં શું આવે ને પછીની છ લીટીમાં શું શોભે તેનું પૃથકરણ આરંભાય છે. ટૂંકમાં કવિને એકવાર પ્રેરણા કે સ્ફુરણા મળી કે પછી તે કાવ્યની વીગતે વિષય-વ્યવસ્થા કરે છે. વિષય વ્યવસ્થાની સાથોસાથ તેને ઘટનાસૂચક પદાવલીઓ કશાય પ્રયત્ન વિના સ્ફુરે એમ પણ બને છે. આમાં કોઇ તર્કશુદ્ધ પ્રક્રિયા નથી હોતી. કયારેક કાવ્યારંભનો શ્લોક કે કડી પ્રથમ સૂઝે તો કયારેક કાવ્યસમાપ્તિની કડી પણ, કલમ ઉપડે તે પહેલાં સુઝે. કયારેક પાત્રો, કયારેક પ્રસંગો, કયારેક સ્વગતોક્તિઓ કે સંવાદો, તેના કશાયે દેખીતા પૂર્વાપર સંબંધની પરવા કર્યા વિના જ સ્ફુરે-જેની કાવ્યારંભે કલમ ઉપાડતી વેળાએ જરૂર પણ નથી હોતી. કયારેક વનવાસમાં એકલી માદ્રીને જોઇને પાંડુને સ્ફુરેલું વનવાસમાં ઉન્માદક પ્રકૃતિદર્શન પણ કવિને લાભે તો કયારેક સરસ્વતીચંદ્ર કોઇને બચાવતા ઘાયલ થઇને ઘોર અરણ્યમાં પડેલો ત્યારે ફણાધારી નાગ ડોલતો હતો તેવું ભયાનક દશ્ય પણ કવિને સ્ફુરે. કોઇ ફુવડ સ્ત્રીના ઘરમાં જેમ વસ્તુઓ વેરણછેરણ પડેલી હોય છે તેમ તેની ચિત્રગૃહમાં આ સર્જનપ્રક્રિયા આરંભતા મળેલા પદાવલી ખંડો અવ્યવસ્થિત પણ વેરવિખેર સ્થિતિમાં પડેલા દેખાય છે. કવિ વધારે જાગૃત થઈ, વધારે સભાન થઇ, કવિકર્મનું યંત્ર ચલાવે છે. તથા કાવ્યને સર્ગવાર, કડવાવાર, ભૂમિકાવાર, અવયવવાર, ઘટનાવાર ગોઠવે છે.

કવિ આ અનુભવને જગત આગળ ઉપહારરૂપે, સરસ્વતીના પ્રસાદરૂપે ધરવા માગે છે. પરંતુ જો કવિ પ્રતિભા વડે નિરખેલા આ સત્યદર્શનને નામાભિધાન પામીને બનેલા આ વિષયદર્શનને, કિરતાર દીધા આ સત્યદર્શનને તે માત્ર બુદ્ધિ દ્વારા પ્રસ્તુત કરે તો આ સત્ય દર્શન તત્ત્વ ચર્ચા બને, કાવ્ય તો કદાપિ ન જ બને, તે ઉપનિષદ બને છે. રામાયણ મહાભારત નથી બનતું. આથી કિરતાર દીધા એક વાકયમય સત્યને તે દૃષ્યમાન જગતના રંગબેરંગી, ભભપકાદાર વાઘામાં લપેટે છે. જગતમાંથી મેળવેલા આ રેશમી વાઘાઓ જોઇને જ જગતનો મોટો ભાગ રાજી થઇ જાય છે. શી વાર્તા છે! શા પાત્રો છે! શા સંવાદ છે! શી કટોકટી છે! શી વાણી છે! બસ, આવા પ્રશંસાવાચક ઉદ્દગારો ઉચ્ચારીને જગત કાવ્યકૃતિની કદર કરે છે, પરંતુ કવિને પ્રાપ્ત થયેલા દિવ્યદર્શનને સ્વર્ગીય સંદેશને આત્માની અમૃતકલાને સમજવા જેટલી સામાન્ય પ્રેક્ષકની, વાચકની, ભાવકની સમજ કે શક્તિ હોતી નથી. માત્ર કેળવાયેલા રસિકો તથા વિદગ્ધ વિવેચકો જ કવિકથન દ્વારા પ્રકટ થયેલી આ આત્માની અમૃતકલાને પિછાને છે. લોકસાહિત્યનું એક મુક્તક કહે છે :

'એક નૂર આદમી, સો નૂર કપડાં;
હજાર નૂર ટાપટીપ, લાખ નૂર નખરા.'

આ મુક્તક માનવીને સંસાર ઉપર છાપ પાડવાની, પ્રભાવ પાથરવાની યુક્તિ બતાવે છે. તેમાં ઘટતો ફેરફાર કરીને કાવ્યની ઉત્પત્તિને લાગુ પડે તેવી અનુકરણીય રચના કરતાં કહેવાય કે—

'એક નૂર સત્ય ઝાંખી, સો નૂર આકાર;
હજાર નૂર કાવ્ય શૈલી, લાખ નૂર સંસાર.'

કાવ્યના દેહનો જ. અર્થાત્ વસ્તુ, પાત્ર, સ્વગતોક્તિ, સંવાદ, વાતાવરણ, મનોમંથનરૂપી આંતર સંઘર્ષ, ધમાલ ધીંગાણું, યુદ્ધ શ્રાદ્ધ, વિશ્વાસઘાત, પ્રપંચજાળ, ચોરીલૂટ, ખૂન, ધાકધમકી, કથાવસ્તુનો પ્રપંચ વિસ્તાર, ઘટનાઓની જટિલ જાળ, અને સર્વત્ર સ્ફુરતી કવિચાતુરીનો વિચાર કરવા બેસીશું તો તેમાં સંસારનું સત્ય સાંપડશે, પણ કાવ્યનું સત્ય નહિ જડે કે કિરતારનું સત્ય પણ નહિં સાંપડે. પરંતુ આ જગતની જાળ, સંસારના શણગાર, વાઘા લપેટયું વિશ્વ-આ બધાથી પર થઇને, પૃથકરણ દ્વારા, તિરસ્કાર પુરસ્કારની પૃથકરણરૂપ તેજાબી બુદ્ધિ દ્વારા, અંતિમ સાર ગ્રહણની શોધનો અંત આવે ત્યારે કવિને ઝબકારમાં દેખાયેલું કાવ્ય સત્ય વિવેચકને કળાય છે. આ કાવ્યસત્ય બ્રહ્માંડવ્યાપી એવું કિરતારનું સત્ય ન હોય તો પણ

તે વિરાટ સત્યની એક બાજુ, આત્માની અમૃતકળા તો અવશ્ય હોય છે. આ રહસ્ય મળવાની પાત્રતા કોની હોય ?

'મહાપુરુષ માખણ ગ્રહે, ગ્રહે છતહીણા છાશ'

આવું અમે નાનપણમાં ત્યારની સાક્ષરી વાણીમાં વાંચતા હતા. સંક્ષેપમાં, કિરતારનું સત્ય એટલે અખિલ બ્રહ્માંડનું સત્ય. અખિલ બ્રહ્માંડનું વિરાટ સત્ય એક બાજુ નિહાળીએ અને તેની તુલનામાં માનવનું પરિમિત બુદ્ધિથી કાવ્ય પ્રતિભાથી નિહાળેલું સત્ય પરિમાણ (Dimension)માં સમાન ભાસે તો પણ તે વિરાટ સત્યનું અપ્રસ્તુત કાવ્ય-સત્ય એક અંગ છે, એક અંશ છે, એક કિરણ છે. અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિની એવા વિરાટ સત્યની આ કાવ્યસત્ય અમૃતમય એની આત્માની કલા છે. તત્ત્વની દૃષ્ટિએ તો કિરતારનું સત્ય અને કાવ્યસત્ય બંને એક જ છે. પરિમાણ (Dimension) કદ, આકાર, આયામ વિસ્તારની દૃષ્ટિએ આ કાવ્ય સત્ય અલ્પ છે. અંશ છે, અણુકલ્પ છે, પરંતુ વિજ્ઞાનના આ યુગમાં અણુ રાશિ અકલ્પ્ય ધડાકા કરી શકે છે, અગણિત ઉર્જા ઉપજાવી શકે છે. અણુની અને વિરાટની બંનેની વિસ્ફોટક શક્તિ, ઉર્જાશક્તિ, પ્રેરકશક્તિ દાહકશક્તિ તથા શામકશક્તિ કલ્પનાતીત છે.

ઉપનિષદનું વચન છે :

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।

અર્થ : સુવર્ણમય ઢાંકણથી સત્યરૂપી પાત્રનું મુખ ઢંકાયું છે. તેથી સુવર્ણનું દર્શન સ્પષ્ટ રીતે થાય છે પરંતુ પાત્રની અંદરના પદાર્થનું દર્શન અટકી જાય છે.

ઉપનિષદના વાક્યને કાવ્યના હેતુ માટે બંધ બેસતું કરવા તેમાં ઘટતો ફેરફાર કરીને કહી શકાય કે—

कथाकवररूपेण काव्यस्यापिहितं ऋतम् ।

અર્થ—કથાના અર્થાત્ કવિકર્મના જાદુકપટથી, ઇન્દ્રજાળથી, કવિને પ્રતિભા દ્વારા લીધેલું સત્યનું દિવ્યદર્શન [રેલ । પાટા ઉત્પન્ન કરતા ટાટાના કારખાનાની જેમ નાની સોય ઢંકાઇ જાય, અદૃશ્ય થઇ જાય તેમ] સાંસારિક પાત્ર પ્રસંગો દૃશ્યશ્રાવ્ય ચિત્રોની ઇન્દ્રજાળમાં ઢંકાઇ જાય છે.

# સ્વ. ડૉ. ભાઇલાલ બાવીશી

**રમણલાલ ચી. શાહ**

જૈન સમાજના એક અગ્રણી કાર્યકર્તા અને સેવાભાવી ડૉક્ટર શ્રી ભાઇલાલ મોહનલાલ બાવીશીનું તા. ૧લી ડિસેમ્બર, ૧૯૮૯ના રોજ પાલિતાણામાં ૭૮ વર્ષની ઉંમરે અવસાન થયું છે.

ડૉ. ભાઇલાલ બાવીશી સાથે મારો સંપર્ક શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ જયંતી પ્રસંગે મુંબઈમાં થયેલો. મારી જેમ તેઓ પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી. અમારા કરતાં તેઓ પંદરેક વર્ષ આગળ હતા. પરંતુ સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગ પછી અમારે વારંવાર મળવાનું થતું. કોઇવાર પાલિતાણા ગયો હોઉં અને સમયના અભાવે ડૉ. બાવીશીને ન મળી શકાયું હોય તો બીજે જ દિવસે તેઓ ટપાલમાં એ માટે મીઠો ઠપકો લખે. પાલિતાણામાં એમના દવાખાને પોતે ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ તરત સમય કાઢી વાત કરે. એમના અવાજમાં આતિથ્યનો આગ્રહભર્યો રણકાર સંભળાય.

ડૉક્ટર બાવીશી મૂળ તો સૌરાષ્ટ્રના ચુડાના વતની, પરંતુ મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને અભ્યાસ કરી M. B. B. S. થયા. થોડોક સમય અમદાવાદની વાડીલાલ સારાભાઇ હોસ્પિટલમાં કામ કર્યા પછી તેઓ પાલિતાણાના સેવા સમાજના દવાખાનામાં જોડાયા. ત્યારથી પાલિતાણામાં જ તેમણે કાયમનો વસવાટ કરીને, સમય જતાં પોતાનું સ્વતંત્ર દવાખાનું ચાલુ કર્યું.

ડૉ. બાવીશી વ્યવસાયે ડૉક્ટર હતા, પરંતુ એમનો જીવ સાહિત્યકાર અને સામાજિક કાર્યકર્તાનો હતો. તેઓ કવિતા લખતા, જૈનધર્મ વિશે લેખો લખતા, જાહેર સભાઓનું સંચાલન કરતા અને રાજકારણમાં સક્રિયપણે ભાગ લેતા. આથી એમની સેવાઓનો લાભ ઘણી બધી સંસ્થાઓને મળેલ છે. તેઓ પાલિતાણા નગરપાલિકાના પ્રમુખ હતા અને પાલિતાણાના હોમગાર્ડસના કમાન્ડર હતા. તદુપરાંત પાલિતાણાની સંસ્થાઓ જેવી કે શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ. શ્રી જૈન ઉદ્યોગગૃહ, શ્રી પ્રગતિ મંડળ, શ્રી જિનદત્તસૂરિ બ્રહ્મચર્યાશ્રમ, શ્રી સામાયિક મંડળ, શ્રી મોઢ બ્રાહ્મણ બોર્ડિંગ, શ્રી ભગિની મંડળ, પાલિતાણા તાલુકા કોંગ્રેસ સમિતિ વગેરે અનેક સંસ્થાઓમાં તેઓ પ્રમુખ, મંત્રી કે સમિતિના સભ્ય તરીકે વર્ષો સુધી સેવા આપતા રહ્યા હતા.

પાલિતાણાની ધર્મશાળાઓને તેમનું વ્યવહારુ માર્ગદર્શન મળતું અને પાલિતાણામાં પધારનાર સાધુ-સાધ્વીઓને તેમની તરફથી તબીબી સેવા મળતી રહેતી.

ડૉ. બાવીશી બહારગામની પણ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. અને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું અધિવેશન પાલિતાણામાં બે વખત યોજીને તેમણે પોતાની વહીવટી કાર્યદક્ષતા અને સૂઝ બતાવ્યાં હતાં.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી જૈન સાહિત્ય સમારોહ યોજાતો તેમાં ડૉ. બાવીશી સક્રિયપણે ભાગ લેતા અને પોતાનો લેખ વાંચતા. નવમો જૈન સાહિત્ય સમારોહ જ્યારે પાલિતાણામાં પ. પૂ આચાર્ય ભગવંત શ્રી યશોદેવસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં યોજાયો હતો ત્યારે સ્થાનિક સાહિત્યકાર અને પંડિતોના બહુમાનના કાર્યક્રમમાં તેમનું પણ બહુમાન કરવાનું હતું, પરંતુ તબિયતને કારણે તેઓ આવી શક્યા ન હતા એટલે વિદ્યાલય તરફથી અમે કેટલાક મિત્રો એમના ઘરે ગયા હતા અને એમને શાલ ઓઢાડીને એમનું બહુમાન કર્યું હતું. એ પ્રસંગે તેઓ બહુ ગળગળા થઇ ગયા હતા.

ડૉ બાવીશીના અવસાનથી જૈન સમાજને તેજસ્વી બહુમુખી પ્રતિભા ધરાવનાર એક સેવાભાવી કાર્યકરની ખોટ પડી છે. અંગત રીતે મેં એક વડીલ મિત્ર ગુમાવ્યા છે.

સદ્‌ગતના આત્માને શાંતિ હો !

# પલટાયેલી રાજકીય પરિસ્થિતિ વિશે વાર્તાલાપ

અહેવાલ : ચીમનલાલ કલાધર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૭મી ડિસેમ્બર, ૧૯૮૯ના રોજ સાંજના ૬–૧૫ વાગે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં 'પલટાયેલી રાજકીય પરિસ્થિતિ' એ વિષય પરનો એક વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય વકતાઓ તરીકે સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને 'જન્મભૂમિ' તથા 'પ્રવાસી' દૈનિકોના તંત્રી શ્રી હરીન્દ્રભાઇ દવે અને જાણીતા કટાર લેખક પ્રા. નગીનદાસ સંઘવી પધાર્યા હતા

શ્રી હરીન્દ્રભાઇ દવેએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતુ કે વિશ્વનાથ પ્રતાપસિંહના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર ટકશે. એટલું જ નહિ પંજાબનો પ્રશ્ન હલ કરવામાં મહાવિઘ્ન સમાન કોંગી સરકાર અને વડા પ્રધાનપદે રાજીવ ગાંધીની વિદાય પછી દુભાયેલા શીખ સમાજને મુખ્ય રાષ્ટ્રીય પ્રવાહમાં ભેળવવાનું શકય બનશે. સરકાર ચાલી શકે એવા કોઇ સંજોગો નથી એટલે જ તે ચાલશે. જનતા પક્ષની બહુમતી સરકાર કેન્દ્રમાં આવી ત્યારે તેઓ સત્તાંધ બન્યા હતા અને જે ઇતિહાસ સર્જાયો હતો તે આપણી સમક્ષ તરવરે છે. પરંતુ હવે જો વી. પી. સિંહની સરકાર નહિ ટકે તો આવતાં વીસ વર્ષ સુધી, અત્યારસુધીના વિરોધપક્ષો ફરી સત્તા જોઇ શકશે નહિ. તેમને એની બરોબર પ્રતીતિ છે એટલે એને ટકાવ્યા વિના તેમનો કોઈ છુટકારો નથી.' શિવસેનાના નેતા બાળ ઠાકરેની વિચારધારાને જોખમી ગણાવતાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં ભાજપે શિવસેના સાથે યુતિ કરીને શિવસેનાને સંસદમાં મોકલી છે ભાજપ – શિવસેનાની આ યુતિ મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીમાં ખતરનાક સાબિત થઇ શકે છે

પ્રા. નગીનદાસ સંઘવીએ આ વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે વી. પી. સિંહ નરમ માણસ છે. પરંતુ તેમની નરમાશથી છેતરાવું જોઇએ નહિ. નરમ માણસો કેટલીક વખત બહુ મજબૂત થઇ શકતા હોય છે; જેવી રીતે પથ્થર કરતાં પાણી વધુ સખત હોય છે. પાણીમાં પથ્થર ફેંકો તો પાણી તૂટતું નથી, પરંતુ પથ્થર પર ધીમે ધીમે પાણી ફેંકતા રહો તો એક દિવસ પથ્થર તૂટી જાય છે આમ વી. પી. સિંહ પાણી જેવા મૃદુ છે, નરમ છે એટલે તેમની સરકાર તૂટી પડશે એવી ચિંતા કરવાનું કોઇ કારણ નથી સત્તા પર આવતી દરેક વ્યકિતને કોઇ ને કોઇ સ્વાર્થ હોય છે. રાજકારણમાં દરેક વ્યકિત કંઇક મેળવવા જ આવે છે, જેને સત્તા અને ખુરશીનો મોહ ન હોય એ માણસ રાજકારણમાં હોય જ નહીં. જેને સત્તા મળે અને તે સ્વીકારે નહીં એ બેજવાબદારી છે. ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે નાબૂદ કરવો એ અત્યંત મુશ્કેલ છે. સમાજમાં અને લોકોમાં તેનાં મૂળિયાં ઊંડાં ગયાં છે. આ નૈતિક રોગની માત્રા વધે તો દેશ માટે તે જોખમી બની શકે છે. બંને વ્યાખ્યાનો પછી પ્રશ્નોતરી થઇ હતી.

કાર્યક્રમના પ્રારંભે સંઘની સમિતિના સભ્ય શ્રી અમર જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી શાહે બંને વ્યાખ્યાનોનો ઉપસંહાર કર્યો હતો અને બંને વ્યાખ્યાતાઓનો પુષ્પગુચ્છથી સત્કાર કર્યો હતો. શ્રી સુબોધભાઇ એમ. શાહે આભારવિધિ કર્યા બાદ કાર્યક્રમની સમાપ્તિ થઇ હતી. *

# કહ્યાગરી ગાંઠ

* ગુલાબ દેઢિયા

ઘરમાંથી કે આડોશપાડોશમાંથી કે ફળિયામાંથી જ્યારે જ્યારે કોઇ પરદેશ-એટલે કે મુંબઇ સિધાવવાનું હોય ત્યારે એ વિદાયનો પ્રસંગ એક ઘર પૂરતો ન રહેતાં આસપાસના સૌને પોતાનો લાગતો. નાનાંમોટાં સૌ કોઇને એ વિરહનો અંશ અડકી જતો.

ઘરના આપ્તજનો તો જાતજાતની તૈયારીઓમાં ખૂંપેલા રહે. આ સાથે લેવું અને આ ન લેવું. વાટમાં ખાવા માટે ટીમણનો ડબ્બો ભરવા જાતજાતની વાનગીઓ બનાવવી. પાડોશીઓ, ઓળખીતાપાળખીતા મળવા આવે, મુંબઇમાં પોતાનાં દીકરા – દીકરી, ભાઇ – ભાણેજ, માસા – ફુઆ – કાકા જે કોઇ રહેતા હોય તેમને માટે કંઇક સુખડી આપવા આવે. કંઇ નહિ તો છેવટે કાગળપતર, રાજીખુશીના મૌખિક ખબરઅંતર આપી જાય. સુખડીમાં કચ્છના પેંડા અચૂક હોય જ. વધારામાં ખાખરા કે બિજોરા – ગુંદા–કેરીનું અથાણું, ખારેક, બોર, ચોળાફળી, મગફળી જુવારના સાંઠા સુધી પણ આપવામાં બાધ ન સમજે. વસ્તુઓ કરતાં લાગણીઓ જ બળુકી હોય ! ગામડેથી કંઇક મોકલવું, પોતાનાં વાડી–ખેતરનું, ઘરનું બનાવેલું મોકલવું એ જ ભાવના મુખ્ય હોય. ભેટ મોકલીને સ્નેહ–વાત્સલ્યની જ પંડને પ્રતીતિ દેવાની હોય છે.

પતરાની ટંક, બિસ્તરા, મોટા થેલા અને ટીમણનો ડબો એ બધાંને બરોબરના બાંધવાના હોય. એને માટે સીંદરી-કાથીની રસીનો દેરો તૈયાર હોય.

આ બાંધસાંધનું કામ એટલે દોરડીથી ગમે તેમ ગાંઠો મારી દેવી એવું નહિ જ વળી. મારા પિતાજીને કોણ જાણે કેમ આ કામની ભારે ફાવટ. બાંધવાનું કામ એ એમની હોંબી જ કહી શકાય. કોઇ જવાનું હોય તે ઘરેથી હાકલ આવી જ સમજો. પિતાજી બિસ્તરા–થેલામાં વધુ જગા ઊભી કરવા પ્રયત્ન કરે. બધું મુકાઇ ગયા પછી સિંદરીથી ચારે બાજુ બંધ બાંધે. બરોબર કચકચાવીને, કસીને બાંધે. જેથી મુસાફરીમાં કદાચ પેટીના મિજાગરા ઢીલા થઇ જાય તોપણ બાંધેલા બંધને કારણે બધું હેમખેમ પહોંચી શકે.

એ ગાંઠના પણ પાછા વળી બેચાર જુદાજુદા પ્રકાર. ગાંઠ પાકી તો હોય જ પણ પાછી કહ્યાગરી. રસ્ને જરૂર પડે તો ગાંઠ સહેલાઇથી છોડી શકાય. ચાંપ જેવી ગાંઠ.

આજે વિચાર કરતાં લાગે છે કે ગાંઠ વાળવી એને પૂર્વગ્રહ બાંધવો, મનમાં કોમ્પલેક્ષ પેદા કરવો એવું માનીએ છીએ. પણ એ તો ન છૂટે, ન સરકે, ન ગાંઠે એવી મડાગાંઠ. જેને કાપવી જ પડે. ગાંઠ બળ કરતાં કળને વધુ માને. બળ તો છેવટે એક ઘા ને બે કટકા કરાવે.

ગાંઠ એટલે આગ્રહ. ગાંઠ એટલે ધડબધ. જો એ કળથી ખૂલતી હોય તો, એમ કરવા માટે એને કળથી જ બાંધવી પડે. આડેધડ દાંત ભીંસીને ગાંઠ પર ગાંઠ દીધે જઇએ તો તત્પૂરતું કામ પાર પડી જાય પણ એમાં પાછા ફરવાપણું ન રહે. વિચ્છેદનો જ વિકલ્પ રહે.

ગાંઠ કશુંક જોડે છે. સલગ્ન કરે છે. ચોમેરથી ભેગી થયેલી દોરડીને છેડેથી બાંધવામાં ન આવે તો બધું અદ્ધરપદ્ધર રહે. સંગઠિત રાખવા ગાંઠ જોઇએ.

ગાંઠ એ આગ્રહ છે. સંકલ્પ છે દુરાગ્રહ ન બનવો જોઇએ. એટલે જ દોઢ ગાંઠ હોય તો ફટ દઇ છૂટી જાય. કદાચ ગાંઠને પોતાને જ છૂટવામાં જ રસ હોય છે. અંગ કપાવવાનું કોને ગમે !

ગાંઠ વાળતી વખતે જેટલા સાવધ રહીએ–છોડતી વખતે એટલી નિરાંત રહે.

મનની ગાંઠોનું શું કરીશું ? *

# 'उणादि प्रयोग'

* રમણલાલ ચી. શાહ

સાહિત્યકલારત્ન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી યશોદેવસૂરિજીએ છેલ્લાં કેટલાંક વર્ષોથી નાદુરસ્ત તબિયતને કારણે તથા ચાલવાની અશક્તિને કારણે પાલિતાણામાં સ્થિરવાસ કર્યો છે, તેથી જૈન સમાજને એમનાં પ્રકાશનો દ્વારા એકંદરે ઘણો લાભ થયો છે. સાહિત્ય, સંગીત, શિલ્પ અને સ્થાપત્યના ક્ષેત્રની ઊંડી જાણકારી ધરાવનાર પૂ. યશોદેવસૂરિજીએ જે કેટલાંક મહત્ત્વનાં પ્રકાશનો કર્યાં છે, તેમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ભગવાન મહાવીરનાં ચિત્રોના સંપુટનું પ્રકાશન સુપ્રસિદ્ધ છે. અત્યંત પરિશ્રમ લઈને ક્ષતિરહિત પ્રકાશન કરવાની એમની ચીવટને કારણે તથા એમની આગવી સૂઝ અને દૃષ્ટિને કારણે આ એક મહત્ત્વનું ઉપયોગી પ્રકાશન બન્યું છે.

પૂ. યશોદેવસૂરિની પ્રતિભા કેટલી તેજસ્વી છે તેની પ્રતીતિ તો કિશોરાવસ્થાથી જ એમણે સાહિત્યના ક્ષેત્રે જે શક્તિ દર્શાવી હતી તેના ઉપરથી થાય છે. એ વયમાં રોજના અનેક શ્લોક તેઓ કંઠસ્થ કરતા. તદુપરાંત બૃહદ્ સંગ્રહણી જેવા પારિભાષિક કઠિન ગ્રંથનું એમનું કાર્ય આશ્ચર્યમુગ્ધ કરે એવું છે. એ જ વયે એમણે, 'ઉણાદિ પ્રયોગ યશસ્વિની મંજૂષા' નામનો ગ્રંથ તૈયાર કરેલો તે પણ એમની વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

પોતાના પાલિતાણામાં સ્થિરવાસ દરમ્યાન પૂ. શ્રી યશોદેવસૂરિજીએ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની કેટલીક કૃતિઓ સંપાદિત કરીને પ્રગટ કરી છે, ઋષિમંડલ સ્તોત્રની સંશોધિત આવૃત્તિ પ્રગટ કરી છે. અવારનવાર એમનું કંઈક ને કંઈક પ્રકાશનકાર્ય ચાલ્યા જ કરતું હોય છે.

વ્યાકરણનો વિષય કઠિન ગણાય છે. સંસ્કૃત વ્યાકરણમાં બધાંને રસ પડે તેવું નથી હોતું. આજથી પચાસ વર્ષ પૂર્વે **श्री सिध्धहेम शब्दानुशासन** નામના વ્યાકરણની સાથે સાથે પાણિનિના વ્યાકરણનો પ્રચાર પણ જૈન સાધુઓમાં હતો, કારણ કે અભ્યાસ કરાવનારા ઘણાખરા પંડિતો પાણિનિના વ્યાકરણના નિષ્ણાત એવા બ્રાહ્મણ પંડિતો હતા. પ. પૂ. યશોદેવસૂરિએ લઘુવયમાં પાણિનિના વ્યાકરણનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

સંસ્કૃત ભાષાની ખૂબી એ છે કે પ્રત્યેક શબ્દ કેવી રીતે આવ્યો તેની વ્યુત્પત્તિ બતાવાય છે. કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ એક કરતાં વધુ રીતે થઈ શકે છે. પાણિનિના વ્યાકરણમાં उणादि નામનો વ્યુત્પત્તિનો એક વિભાગ પણ છે. ભાષામાં તો હજારો-લાખો શબ્દ હોય. વ્યાકરણમાં બધા શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી ન હોય. યશોદેવસૂરિએ આવા કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ સંસ્કૃત ભાષામાં પોતે ૨૩ વર્ષની યુવાન વયે કરીને તેનો કોશ તૈયાર કર્યો. પરંતુ ત્યારપછી આ ગ્રંથ અપ્રકાશિત રહેલો. પચાસ વર્ષ પછી હવે જ્યારે આ ગ્રંથ પ્રગટ થાય છે ત્યારે પચાસ વર્ષ સુધી તે મુદ્રણને પાત્ર રહ્યો છે એ જ એની શક્તિ દર્શાવવા માટે બસ છે.

આ ગ્રંથના વિમોચનનો કાર્યક્રમ થોડા સમય પહેલાં પાલિતાણામાં પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિ, પ. પૂ. આ શ્રી વિજયલબ્ધિસૂરિ, પ. પૂ. આ. શ્રી યશોભદ્રસૂરિ, પ. પૂ. આ શ્રી અશોકસાગરસૂરિ, પ. પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી, પ. પૂ. પં. શ્રી કીર્તિયશવિજયજી વગેરેની નિશ્રામાં પાલિતાણામાં યોજાયો હતો તે વખતે મારે પણ પ્રાસંગિક બોલવાનું થયું હતું.

'**उणादि प्रयोग यशस्विनी मंजूष**'માં આશરે ૧૮૦૦ જેટલા શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી છે. આ કોશમાં પ્રત્યેક શબ્દની સાથે એનાં ધાતુ ગણ, પ્રત્યય, લિંગ, સંસ્કૃતમાં વ્યુત્પત્તિ, ગુજરાતી અર્થ, હિન્દી અર્થ વગેરે પારિભાષિક માહિતી આપવામાં આવી છે. આ કોશનો અકારાદિ ક્રમ પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજીએ કરી આપ્યો છે. 'ઉણાદિ પ્રયોગ'નું આવું સવિસ્તર કાર્ય સંસ્કૃત ભાષામાં આટલા મોટા પાયા ઉપર ભારતમાં પહેલી જ વાર થાય છે. સંસ્કૃત ભાષાના વિદ્વાનોને આ ગ્રંથ અવશ્ય ઉપયોગી થાય તેવો છે. આવો ગ્રંથ લખવા અને પ્રગટ કરવા માટે પૂ. શ્રી યશોદેવસૂરિજીને ધન્યવાદ ઘટે છે. *

---

## એક મુઠી આકાશ

(પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

નવો જ વળાંક આપ્યો.

આ પછી પ્રકટ થઈ 'પ્રેમાશ્રમ' જેનું મૂળ ઉર્દુ નામ હતું–'ગોશા એ આફિયત !' પણ પછી પ્રકટ થયેલી દળદાર નવલકથા રંગભૂમિએ એમને હિંદી સાહિત્યમાં 'ઉપન્યાસ સમ્રાટ'ના બિરૂદથી નવાજ્યા !

આ પછી તો 'કાયાકલ્પ', 'નિર્મળા', વગેરે આવી પણ કોઈ પણ સર્જક જેને માટે ગૌરવ લઈ શકે એવી એમની કથાત્રિપુટી છે–'ગબન', 'કર્મભૂમિ' અને 'ગોદાન !' આમાં યે 'ગોદાન' એમના સાહિત્ય શિખરની ટોચ છે. મહાકાવ્યનું પરિમાણ ધરાવતી વિશાળ ફલકમાં વિસ્તરતી આ નવલકથા ભારતીય સાહિત્યના ઇતિહાસમાં સીમાચિહ્ન બની રહી છે

આ દરમિયાન એમની આર્થિક આવશ્યકતા એમને મુંબઈના સિનેમા ક્ષેત્રે લઈ આવી. પણ પ્રેક્ષકોને જ ધ્યાનમાં રાખી સર્જાતી ફિલ્મોથી કંટાળી એ ફરી પોતાના વતન ભણી ઊપડ્યા એમણે લખ્યું–'સાહિત્ય લોકરુચિને વાળે છે, એમની પાછળ પાછળ જતું નથી; સિનેમા એમની પાછળ પાછળ જાય છે.

–ને એ લમહી જઈ સાહિત્ય-સર્જનમાં ડૂબી ગયા.

હવે આપણે જેને ખૂબ જ મહત્ત્વ આપીએ છીએ એ 'ધર્મનિરપેક્ષતા'ની ભાવનાને પ્રેમચંદએ તો એમની રચનાઓમાં ક્યારની ઉચ્ચ પદે સ્થાપી દીધી હતી એમની રચનાઓમાં આગળ તરી આવતું લક્ષણ છે–ગ્રામજીવનની વાસ્તવિકતાનું તાદ્દશ વર્ણન. ભારતના હૃદય અને આત્મા જેવા ગ્રામ્યજીવનના અંતરંગની આટલી ઉત્કટને સબળ ઝાંખી, આવા તાદ્દશ્યથી આલેખવાની કળામાં એમણે દર્શાવેલું પ્રભુત્વ ભારતીય સાહિત્યકારોમાં અનન્ય છે.

આદર્શ જીવનનાં સુંદર સ્વપ્નો સરજનાર આ સાહિત્યકારે કઠોર જીવનની અસુંદર વાસ્તવિકતાઓને પણ જરાયે હળવી કર્યા વિના યથાતથ રજૂ કરી છે. આમ છતાં માનવ સ્વભાવના પાયામાં રહેલી મૂળભૂત ભલાઈ ને ઉદાત્તતા માટેની એમની ઊંડી શ્રદ્ધા એમની અનેક રચનાઓમાં મુખર થતી હોય છે.

સત્ય ને ન્યાય માટે ઝઝુમનાર અન્યાય સામે ઉગ્ર પ્રહાર કરનાર, ક્રાંતિકારી વિચારક ને દલિત તથા સહેનતકશ લોકોના આ સાચા હમદર્દે જીવનના છેલ્લા વર્ષોમાં, ભારતભરમાં ફરીને અનેક પરિષદો, અધિવેશનો, સભાઓને સમર્થ માર્ગદર્શન આપ્યું છે. અંતે તબિયત લથડતાં તા. ૮મી ઓક્ટોબર, ૧૯૩૬ની વહેલી સવારે એમણે ચિરવિદાય લીધી.

વિશ્વની અનેક ભાષાઓમાં જેની કથાઓ આદરપૂર્વક આવકારાઈ છે એ ભારતીય સાહિત્યકાર પ્રેમચંદે ભારતને વિશ્વભરમાં ગૌરવાન્વિત કર્યું છે. *

# એક મુઠી આકાશ

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

ખાસ ઘટનાઓ રહિત વહી જતા જીવન પ્રવાહ છતાં વિપુલ વ્યાપ ધરાવતા ધોધમાર સર્જનથી એક આખો યુગ પરિપ્લાવિત કરનાર એક ઝરણાનો ઉદ્‌ભવ થયો, બનારસથી ચારેક માઇલ દુરના નાનકડા લમહી ગામમાં તા. ૩૧મી જુલાઇ ૧૮૮૦ના દિને-ધનપતરાય નામે!

છ વીઘાં જમીન, દાદા ગુરુસહાયલાલ પટવારી તથા પિતા અજાયબલાલની મામૂલી નોકરીને ઓટિંગણે ઊભેલી ચાર દીવાલો તથા હાલહવાલ પરિસ્થિતિ વચ્ચે આ નાનકડા ઝરણાએ ધસમસતા નદનું સ્વરૂપ ધારણ કર્યું. ત્યારે આપણે-આપણી સાહિત્યિક દુનિયાએ-એનું નામ જાણ્યું!-એ હતા. નવલકથા સમ્રાટ મુન્શી પ્રેમચંદ!

પાસેના ગામના મૌલવી પાસે ઉર્દૂ-ફારસીના શિક્ષણની કંઈ બાંધી આ બેલ જરા ઊંચે ચઢવા જાય ત્યાં જ દૈવના કુઠારાઘાત શરૂ થઇ ગયા.

સાત વર્ષની ઉમરે માતા આનંદદેવીના અવસાન બાદ દાદીમાની હેતભરી હૂંફમાં ઊછરતા ધનપતરાયના પિતાએ બીજા લગ્ન કર્યાં. આ તરફ અપરમા જોડે ફાવ્યું નહીં ને બીજી તરફ, એમની બાર વર્ષની ઉમર થતામાં થયેલા દાદીમાના અવસાને જીવનમાં રહી સહી ભીનાશ ચૂસી લીધી.

પંદરમે વર્ષે વડીલોના દબાણ હેઠળ થયેલા લગ્ને એમને અકળાવી મૂક્યા, પત્ની દેખાવડી નહોતી. એ તો ઠીક, પણ વાણીને વર્તનમાં યે અસંસ્કારી ને કજિયાખોર! આરંભથી જ લગ્નજીવન ચૂંથાઇ ગયું. કંકાસ કરી કંટાળી પત્ની પિયર ચાલી ગઇ ને પ્રેમચંદ છૂટયા પત્નીને કદી પાછા બોલાવી નહીં.

સત્તરમે વર્ષે પિતાનું અવસાન થયું. મેટ્રિક પાસ કરી એ બનારસ આવ્યા. શાળા જીવનથી જ વાર્તારસમાં રંગાયેલા પ્રેમચંદે અહીં સેંકડો નવલકથાઓ વાંચી નાખી,

અહીં ૧૮૯૯થી એમના દીર્ઘ શિક્ષક જીવનનો પ્રારંભ થયો. શાળામાંથી મુખ્ય શિક્ષક પદે ને સ્થળ બદલતાં બદલતાં અંતે કાનપુરમાં સ્થિર થયાં જ્યાં એમના સાહિત્યિક જીવનનો અંકુર ફુટયો.

અહીં 'ઝમાના' સામયિકના તંત્રી મુન્શી દયાનારાયણ નિગમ જોડે દોસ્તી થઇ જે જીવનભર ટકી.-એટલું જ નહીં એમના સાહિત્ય જીવનમાં એ સતત ઉપયોગી ને માર્ગદર્શક બની રહી. એમને 'પ્રેમચંદ' ઉપનામ સૂચવનાર પણ એ જ હતા.

ગૌરવર્ણ, ઊંચા, દેખાવડા ને ભરાવદાર મૂછો તથા પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા પ્રેમચંદ સીધાસાદા, ભલાભોળા ધરતીના જાયા સાચા કિસાન જેવા હતા. સ્વભાવમાં માર્દવને સૌજન્ય ખરાં! પણ હૈયામાં, શોષિત દેશને સમાજમાં પ્રવર્તતાં પરાધીનતા, અન્યાય, જોહુકમી ને રૂઢિચુસ્તતા વગેરે સામે ભભૂકતી જવાળા સાથે એમણે સાહિત્યક્ષેત્રે પદાર્પણ કર્યું. 'નવાબરાય' ઉપનામથી પ્રકટ થયેલી એમની પાંચ દેશભક્તિની વાર્તાઓના પ્રથમ સંગ્રહ 'સોઝે વતને' અંગ્રેજોને ઉશ્કેર્યા ને એમને માટે તકલીફ ઊભી કરી. ચોપડી જપ્ત થઇ. આ પછી એમણે 'પ્રેમચંદ' ઉપનામે લખવાનું શરૂ કર્યું.

૧૯૦૬માં, ફતેહપુરના જમીનદારની પુત્રી બાળવિધવા શિવરાણીદેવી જોડે પુનર્લગ્ન કરી ત્યારના રૂઢિચુસ્ત સમાજમાં ક્ષોભના વતુંળો વિસ્તાર્યાં- આથી મનની શાંતિને સાહિત્ય સાધના માટેનું પીઠબળ બંને મળ્યાં પણ આર્થિક દષ્ટિએ તો સુખ જીવનભર છેટું જ રહ્યું.

૧૯૦૯માં સબ ડેપ્યુટી ઇન્સ્પેકટર થઇ પહેલાં મહોબા ને પછી બસ્તીમાં ત્યાર પછી ગોરખપુર જઇ સ્નાતક થયા. જાણીતા શાયર ફિરાક ગોરખપુરી જોડે અહીં જ એમની દોસ્તી થઇ.

માત્ર અર્થોપાર્જન કદીયે એમનું ધ્યેય ન હતું. પાછળના જીવનમાં અલવરના મહારાજાએ એમને મહિને રૂા. ૪૦૦, મોટર અને બંગલા સાથેની કરેલી નોકરીની દરખાસ્તનો એમણે આદરપૂર્વક અસ્વીકાર કર્યો હતો. નિગમ પરના એક પત્રમાં જીવન પ્રત્યેની એમની દષ્ટિ કેવી સ્પષ્ટ છે. એમણે લખ્યું હતું-

"બી. એ. પાસ કર્યા પછી, કોઈ બીન સરકારી શાળાનું મુખ્ય શિક્ષક પદ, કોઇ સારા સામયિકનું સંપાદન ને થોડું જાહેર સેવાકાર્ય-જીવનની મારી બધી આકાંક્ષાઓ આટલામાં આવી ગઇ; એ સામયિક કિસાનો ને મજૂરોનું હમદર્દ ને ટેકેદાર બનશે."

અપેક્ષા મુઠ્ઠી આકાશની જ-પણ તે ય પોતાની ભાવનાઓએ સર્જેલા આકાશની!

૧૯૨૧માં એમણે ગાંધીજીને સાંભળ્યા જેના સીધા પરિણામ રૂપે એ સરકારી નોકરીમાંથી રાજીનામું આપી બનારસ આવ્યા ને સાહિત્યિક પ્રવૃત્તિમાં ખૂંપી ગયા.

મૂળ તો એ ઉર્દૂના લેખક; એ ઉર્દૂમાં જ લખતા ને પછી એનું હિંદીમાં રૂપાંતર થતું. ઉર્દૂમાં પ્રકાશન પ્રવૃત્તિ ધીમી હોવાથી એમની ઘણી રચનાઓ પહેલાં હિંદીમાં પ્રકટ થતી. એમની ભાષા, ગાંધીજીએ પછી જેને 'હિંદુસ્તાની' કહી પુરસ્કારી હતી તેવી, હિંદી-ઉર્દૂના સુભગ સમન્વયવાળી, સાહિત્યિક ગૌરવ જાળવીને ય સામાન્યજનને સરળતાથી સમજાય તેવી હતી.

પ્રેમચંદની રચનાઓના પાયામાં હંમેશા કોઇ ભાવના, વિચાર કે અનુભવનાં પ્રતિબિંબો દેખાય છે. રચનાની દષ્ટિએ એમની સૌ પ્રથમ રચના એક નાનકડું નાટક હતું. એમની સૌ પ્રથમ વાર્તા હતી. 'દુનિયાકા સબસે અનમોલ રતન.' પ્રેમચંદના નામે લખાયેલી સૌ પ્રથમ વાર્તા હતી. 'બડે ઘરકી બેટી' જે એમને વધુ પ્રિય હતી આ પછી તો એમની લગભગ ૨૫૦ વાર્તાઓ આપણને મળે છે, જેમાંની કેટલીક તો આજે ય વિશ્વની ઉત્તમ વાર્તાઓની હરોળમાં મૂકી શકાય એવી છે.

પણ નવલકથા ક્ષેત્રે એમનું સ્થાન અનોખું છે આ ક્ષેત્રે એમના પ્રવેશથી હિંદી નવલકથાને એક નવું જ પરિમાણ મળ્યું જેમાં વાસ્તવજીવન ધબકતું થયું. આ નવલકથાઓએ હિંદી સાહિત્યમાં એક ઇતિહાસ-એક નવો જ યુગ સર્જ્યો છે.

આમ જોઇએ તો એમની પ્રકટ થયેલી પ્રથમ નવલકથા 'અસરારે-મઆબિદ' (મંદિરનું રહસ્ય) છે, જે બનારસના સામયિક 'આવાઝેખલ્ક'માં હપ્તે હપ્તે પ્રકટ થઈ હતી. (૧૯૦૩-૧૯૦૫). પણ તે પછી પ્રકટ થયેલી એમની 'સેવા-સદન' (મૂળ ઉર્દૂ-નામ 'બાઝારે હુસ્ન') નવલકથાએ સાહિત્યને

(વધુ પૃષ્ઠ ૧૧ પર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦ ૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

વર્ષ : ૧ * અંક ૨ * તા. ૧૬-૨-૧૯૯૦........Regd. No. MH. By / South 54 * Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જી. પાક્ષિક કુલ વર્ષ ૧ * શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નેલ્સન મંડેલા

દક્ષિણ આફ્રિકાની સરકારાષ્ટ્રવાદી નેતા નેલ્સન મંડેલાને કારાવાસમાંથી મુક્ત કર્યા છો માત્ર દક્ષિણ આફ્રિકાની જ નહિ, આંતરરાષ્ટ્રીય રાજકારાં એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની રહેશે. વિદેશીએસામે સ્વતંત્રતા માટે રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ કરનાર અને તે ૨ જેલ ભોગવનાર નેતાઓમાં સળંગ લગભગ સત્યાવીસ વર્ષી વધુ સમય જેલ ભોગવનાર નેલ્સન મંડેલા છે. મહાા ગાંધીજી, સરદાર પટેલ, પં. નહેરુ. લોકમાન્ય તિ઼ વીર સાવરકર કે કેન્યાના જોમો કેન્યાટા જેવા ાહાન રાષ્ટ્રવાદી નેતાઓએ રાજદ્વારી કારાવાસ ભોગવ્યે છે, પરંતુ તેમાં સૌથી વધુ સમય જેલમાં નેલ્સન મંડેલા વીતાવ્યો છે. ભરયુવાનીમાં તેઓ જેલમાં ભરતી થયા ને ૭૧ વર્ષની પાકટ વયે તેઓ જેલમાંથી બહાર આવ્યા. વનનો પા સદી જેટલો તેમનો સમય અંધારામાં ચાલ્યો ગ, પરંતુ એ અંધારું એમને માટે અને એમના દેશને મા સાર્થક બન્યું છે.

મંડેલા દક્ષિણ આફ્રિકા થેમ્બુ જાતિના શ્રીમંત રાજ-કુટુંબમાં જન્મેલા છે. તેએ કિશોરાવસ્થાથી જ તેજસ્વી હતા. તેમણે શાળા અને કોલેજમઅભ્યાસ કર્યો અને યુનિવર્સિટીમાં કાયદાના વિષયના સ્નાતક ા: તેઓ યુવાન વયે આફ્રિકન નેશનલ કોંગ્રેસમાં જોડાયા ને ગાંધીજીની ભાવનામાંથી પ્રેરણા લઈ અસહકાર, સત્યાગ્ર અને સવિનયન કાનૂનભંગની આફ્રિકાની ચળવળમાં ભાગ લેવા લાગ્યા. પોતાના સાથીદાર ઓલિવર ટેમ્બોની સાથે વકીલ તરીકે વ્યવસાય ચાલુ કર્યો અને પાસ વગર ભૂલથી ગોરાઓના વિસ્તારમાં જનાર કાળા અપરાધીઓને સજામાંથી બચાવવાનું કાર્ય કરવા લાગ્યા હતા. ; વખતે કાળાઓ ઉપર જે જુલ્મ ગુજારવામાં આવતો તેનાથ તેમનું હૃદય દ્રવી ઉઠતું. એમની લડત અહિંસક રહી હતી પરંતુ ૧૯૬૦માં જ્યારે શાર્પવિલેમાં ૬૯ જેટલા કાળા આંદોલકારોને ગોરા પોલિસોએ નિર્દય રીતે મારી નાખ્યા ત્યારે એમણે પોતાના સાથીદારો સાથે ગોરી સરકાર સામે હિંસક લડત ઉપાડવાનું નક્કી કર્યું. એમણે ભૂગર્ભ સૈનિકો તૈયાર કર્યા અને પોલિસ ઉપર છાપા મારવાની અને મોટી ભાંગફોડ કરવાની પ્રવૃત્તિ ચાલુ કરી. એમાં પોતાના મિત્ર ટેમ્બોનો ઘણો સહકાર રહ્યો. આંદોલન ઘણું ઉગ્ર અને હિંસક બન્યું. સરકાર ચિંતાતુર બની. મંડેલા અને ટેમ્બોને પકડવા માટે સરકારે બીડું ઝડપ્યું પણ ટેમ્બોએ દક્ષિણ આફ્રિકા છોડી બહારથી લડત આપવાનું ચાલુ રાખ્યું. મંડેલા એક સ્થળેથી બીજે સ્થળે ભાગવા અને સંતાવા લાગ્યા. સત્તર મહિના પછી ૧૯૬૨માં એમની બીજા સાત સાથીદારો સાથે ધરપકડ થઇ. એમની ઉપર સરકારને ઉથલાવી પાડવાનુ કાવતરું કરવા માટે કેસ થયો, અને જૂન, ૧૯૬૪માં એમને જનમટીપની સજા થઇ. એમને કેપટાઉન પાસે રોબેન ટાપુ ઉપરની કેદમાં પૂરવામાં આવ્યા અને પથ્થર ફોડવાની સખત મજૂરી વીસ વર્ષ સુધી કરાવવામાં આવી, પરંતુ એથી મંડેલાનો જુસ્સો ઘટવાને બદલે વધતો જ ગયો. જેલમાં કેદીઓની સ્થિતિ સુધારવા માટે એમણે ઝુંબેશ ઉપાડી.

નેલ્સન મંડેલાએ જે ગેરીલા પ્રવૃત્તિ આદરી તે તેમની ધરપકડ પછી બંધ પડી નહિ અને ઉત્તરોત્તર વધતી ચાલી. પા સદી કરતાં વધુ સમય સુધી આવી હિંસાત્મક પ્રવૃત્તિ સતત ચાલે એ કોઇપણ સરકારને જંપીને બેસવા ન દે. અનેકવાર થયેલી હિંસાત્મક અથડામણોમાં અનેક ગોરાને કાળા અને ભારતીય લોકોએ જાન ગુમાવ્યા છે. આવી સતત લડતને કારણે જ પીટર બોથાને અને ત્યાર પછી દ. કલાર્કને નેલ્સન મંડેલા સાથે વાટાઘાટો કરવાની ફરજ પડી હતી. અને એથી મંડેલાને સખત મજૂરીની કેદમાંથી સાદી રાજદ્વારી કેદમાં રાખવામાં આવ્યા હતા.

દક્ષિણ આફ્રિકાની સરકારને મંડેલાની લોકપ્રિયતાનો એટલો બધો ડર લાગ્યો હતો કે છાપામાં એના ફોટા છાપવા ઉપર કે ટી. વી. ઉપર એના ફોટા બતાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેલમાં પ્રેસ રિપોર્ટરોને મુલાકાત લેવાની મનાઇ હતી અને જેલના કે અન્ય કોઇ અધિકારીને મંડેલાનો ફોટો ખેંચવાની પણ મનાઇ હતી. ૨૭ વર્ષમાં મંડેલાના કોઇ ફોટા પડાયા નહોતા એટલે દુનિયાના બીજા દેશોમાં મંડેલાનો એક જ જાતનો ફોટો કે રેખાચિત્ર છપાતાં. 'ટાઇમ' જેવા સામયિકે પણ ૨૭ વર્ષ પછી મંડેલા કેવા લાગતા હશે એનું આર્ટિસ્ટ પાસે મૂળ ઉપરથી કાલ્પનિક ચિત્ર દોરાવીને પ્રગટ કર્યું હતું. જેલમાંથી બહાર આવ્યા પછી મંડેલાના ફોટા પ્રગટ થવા લાગ્યા છે. એમની સભાઓનાં દ્રશ્યો વિડિયો કેમેરા દ્વારા લેવાની પરવાનગી અપાઇ છે અને ટી વી. ઉપર બતાવવાની છૂટ પણ અપાઇ છે. ૭૧ વર્ષના મંડેલાના વાળ ધોળા થયા છે અને ચહેરા ઉપરની રેખાઓ બદલાઈ છે, પણ એમના અવાજમાં હજુ એવોજ જુસ્સો અને રણકો સંભળાય છે.

સોવિયેત યુનિયન અને યુરોપના રાષ્ટ્રોમાં ગોર્બાચોવે માનવતાભર્યું એક અભિનવ રાજદ્વારી વલણ અપનાવ્યું અને સત્તાલોલુપતા ઓછી કરી એથી લોકશાહી અને માનવતાવાદનું એક પ્રચંડ મોજું યુરોપની ધરતી પર ફરી વળ્યું. વિશ્વ જ્યારે એકવીસમી સદી તરફ ગતિ કરી રહ્યું છે ત્યારે સત્તરમી કે અઢારમી સદીના સામ્રાજ્યવાદી અને અમાનુષી વલણ ધરાવનાર દક્ષિણ આફ્રિકા એ એક જ રાષ્ટ્ર દુનિયામાં

હવે બાકી રહ્યું છે કે જ્યાં ગોરા અને કાળા વચ્ચે કાયદેસર ભેદભાવ રાખવામાં આવે છે અને વસાહતી વિસ્તાર, સરકારી કચેરીઓ, હોટેલ અને રેસ્ટોરા, સાગરના રેતીતટ, થિએટરો અને કલબો વગેરેમાં કાળા લોકોને પ્રવેશવાની મનાઇ હોય છે અથવા તેમને બેસવા માટે અલગ વ્યવસ્થા હોય છે.

દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિના કટ્ટર હિમાયતી પીટર બોથાએ સમાધાન માટે મંડેલા સાથે જેલમાં અનેકવાર વાટાઘાટો કરી જોઇ, પરંતુ મંડેલાએ કોઇપણ પ્રકારના શરતી છૂટકારાનો અસ્વીકાર કર્યો અને તેથી કાળા લોકોની ગેરીલા લડત સતત ચાલતી જ રહી. પીટર બોથા પછી પ્રમુખ ફ્રેડરિક દ. કલાર્કે સત્તા પર આવ્યા પછી થોડા મહિનામાં જ મંડેલા સાથે વારંવાર વાટાઘાટો કરીને એક અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું. બોથા કરતાં કલાર્ક વધારે વાસ્તવવાદી છે. દુનિયાભરમાં માનવતાવાદી જુવાળની સામે સત્તાઓના સિંહાસન કેવાં ડોલે છે તે નજરમાં રાખી સાચી નિષ્ઠાથી મંડેલા સાથે જેલમાં વારંવાર વાટાઘાટો કરી. મંડેલાનો એક જ આગ્રહ હતો કે જેલમાંથી પોતાની મુક્તિ બિનશરતે જ થવી જોઇએ. મંડેલાના વ્યક્તિત્વથી, રાષ્ટ્રપ્રેમની ભાવનાથી, ધીરજથી અને જુસ્સાથી પ્રભાવિત થયેલા પ્રમુખ કલાર્કને છેવટે એમ ખાત્રી થઇ કે મંડેલાને બિનશરતે મુક્ત કરવામાં આવે તો એ કાળી તથા ગોરી બંને પ્રજાઓના હિતમાં છે. સમગ્ર વિશ્વથી અટુલા પડી ગયેલા અને બહુ વગોવાયેલા પોતાના રાષ્ટ્રને બચાવવાનો પણ એ એક ઉપાય છે. આમ મંડેલા અને કલાર્કની પરસ્પર નિખાલસ અને નિષ્ઠાભરી સમજૂતીને પરિણામે મંડેલાની મુક્તિ થઇ છે, જે ઘટનાને જગતના તમામ રાષ્ટ્રોએ આવકારી છે.

દ. કલાર્કે સત્તા પર આવ્યા પછી છેલ્લા થોડા મહિનામાં અશ્વેત લોકો માટેનાં કેટલાક નિયંત્રણો હળવાં કર્યાં છે, કેટલેક સ્થળે અશ્વેત લોકોને પાસ વગર જવાની મનાઇ હતી તે પાસ પ્રથા રદ કરી છે. તેવી જ રીતે સમુદ્રના કેટલાક રેતીતટ ઉપર હરવા ફરવાની અશ્વેત લોકોને જે મનાઇ હતી તે પણ દુર કરવામાં આવી છે આમ દ. કલાર્કે વાટાઘાટો માટેની પોતાની પ્રતીતિ આવાં વાતાવરણના નિર્માણ દ્વારા કરાવી છે.

દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિની દુનિયાનાં ઘણાં રાષ્ટ્રોએ આર્થિક નાકાબંધી ફરમાવી પણ તે સંપૂર્ણપણે સફળ થઇ છે એમ નહિ કહી શકાય. વસ્તુતઃ એથી દક્ષિણ આફ્રિકાને બહુ અસર પહોંચી હોય તેવું થયું નથી. વર્તમાન સમયમાં લગભગ બધાં જ રાષ્ટ્રોને આયાત-નિકાસ કર્યા વગર ચાલે એવું નથી. દરેક રાષ્ટ્રને પોતાની વધારાની કુદરતી સંપત્તિ કે ઉત્પાદિત સામગ્રી બીજા દેશોમાં મોકલવાની અને પોતાને ત્યાં ન હોય એવી સામગ્રી, ચીજ વસ્તુઓ કે વેપારી માલ લાવવાની જરૂર પડે છે. વેપાર દ્વારા ધન કમાવું, તક મળે તો ચોરી છૂપીથી કે ગેરકાયદે કમાઇ લેવુ એવી વૃત્તિ માત્ર વ્યક્તિઓમાં જ નહિ, રાષ્ટ્રોમાં પણ રહેલી હોય છે. સ્વાર્થ એવી ભયંકર વસ્તુ છે કે તેની આગળ મોટાં રાષ્ટ્રો પણ નમી પડે છે અને પોતાના જાહેર કરેલા નીતિ નિયમોને વળગી રહેવાનું છોડી દે છે. દક્ષિણ આફ્રિકા સમૃદ્ધ રાષ્ટ્ર છે, તેની પાસે સોનાની અને હીરાની ખાણો છે. સોનું દેખી મુનિવર ચળે એમ કહેવાય છે તેમ આ સોનાવાળા રાષ્ટ્ર સાથે આડકતરી રીતે વેપાર કરીને કમાઇ લેવાવાળા દેશો પણ ઓછા નથી.

દક્ષિણ આફ્રિકાની રાજદ્વારી સમસ્યાનો તરત સુખદ અને સમાધાનભર્યો ઉકેલ આવી જશે એમ માનવું વધારે પડતું ગણાશે. એ દિશામાં પ્રગતિ તો પણ કેટલીક રૂકાવટ આવવાનો સંભવ છે કારણ ત્યાં એક તરફ ગોરાઓ છે: બીજી તરફ અશ્વેતો છે. અતોમાં આફ્રિકન કાળાઓ છે અને વસાહતી ભારતીય લોછે. એમાં ભારતીયોની દશા વિચિત્ર છે. નથી એમને ગોલોકો બહુ ચાહતા અને નથી કાળા લોકો બહુ ચાહતા. ગોઓમાં પણ જુદા જુદા રાજદ્વારી પક્ષો છે અને કાળાઓમાં | જુદા જુદા પક્ષો છે જે એકબીજાની બધી બાબતેસાથે સહમત નથી. એટલે દક્ષિણ આફ્રિકાની સમસ્યા ઉકેલ બહારથી દેખાઇ છે એટલો સરળ નથી. દક્ષિ આફ્રિકામાં આફ્રિકન નેશનલ કોંગ્રેસ એ અશ્વેત લોકોનો બતી ધરાવતો પક્ષ છે. કે જે ચૂંટણીમાં એક વ્યક્તિને એક મળવો જોઇએ એવી માગણી સતત કરતો આવ્યો છે અને ર થાય તો દક્ષિણ આફ્રિકામાં અશ્વેત લોકોનું રાજ્ય સ્થપાય. રાષ્ટ્રમાં કાળા લોકોની બીજી એક મોટી જાતિ છે. તે દોઢ કરોડ વસતી ધરાવતી ઝુલુ લોકોની છે. ગોરી સરકારે આ ઝુલુ લેને આફ્રિકન નેશનલ કોંગ્રેસની વિરુદ્ધ ચડાવેલા છે. માંહોમાહે વીને રાજ્ય કરવાની ગોરાઓની નીતિનો ભોગ આ ઝુ લોકો પણ બન્યા છે. આ ઉપરાંત પાન આફ્રિકન કોંગ્રેસ મનો બીજો એક પક્ષ છે. જે વધારે ઝનૂની છે. અને તે ગો સરકાર સાથે વાટઘાટ કરવામાં માનતો નથી, પરંતુ શયુદ્ધ દ્વારા ગોરાઓને હટાવીને સત્તા મેળવવા ઇચ્છે છે. રી સરકારમાં કામ કરતા અશ્વેત કર્મચારીઓનું વળી જુ જ જૂથ છે અને તેનું જુદું જ વલણ છે. ઘણા ાકો તેમનો વિશ્વાસ કરવા ઇચ્છતા નથી. આ ઉપરાંત ભારેય લોકો પણ છે. પરંતુ કાળા લોકો તેઓને સરકારના ખાંધા તરીકે વધારે ઓળખે છે. ગોરા લોકોમાં રૂઢિચુસ્ત પક્ષ કા લોકો સાથે કોઇપણ પ્રકારની વાટાઘાટો કરવામાં માનતેનથી અને રંગભેદની નીતિ સહિત જે પ્રમાણે છે તે પ્રમાણે નિર્દય રીતે રાજ્ય કરવામાં માને છે. ગોરા લોકોનો બીજો ક પક્ષ એવો પણ છે કે જે એમ ઇચ્છે છે કે દક્ષિણ આફ્રિકા ધરતીમાં મોટો જુદો પ્રદેશ ફક્ત ગોરાઓ માટે જ રાખામાં આવે અને ત્યાં ગોરાઓની વસતી માટેનું અલઃ રાજ્ય સ્થાપવું અને કાળાઓને તેમનો વિસ્તાર અને જ્ય જુદા સોંપી દેવાં. ગોરાઓની નેશનલ પાર્ટી એમ ઇચ્ છે કે રાષ્ટ્રની સત્તામાં કાળા લોકોને પણ ભાગીદાર બનાવ્વા, પરંતુ પોતાની સત્તા છોડી ન દેવી. આમ દક્ષિણ આફ્રેકાનું રાજદ્વારી કોકડું ગૂંચવાયેલુ છે. ગોરા લોકોની વસતી માત્ર પચાસ લાખ જેટલી છે. કાળા લોકોનીવસતી બે કરોડ અને સાઠ લાખ જેટલી છે. તેમ છતાં સમગ્ર રાષ્ટ્રની સત્યાસી ટકા જેટલી જમીન ગોરા લોકોન માલિકીની છે અને તેર ટકા જેટલી જમીનમાં કાળા લોકો વસે છે. એટલે આફ્રિકન નેશનલ કોંગ્રેસની માગણી પ્રમાણે રાષ્ટ્રની સત્તા માટેની ચૂંટણીમાં જો એક વ્યક્તિને એક મત આપવામાં આવે તો ગોરા લોકો પાસે બિલકુલ સત્તા રહે નહિ. અને કાળા લોકો સર્વસત્તાધીશ બની જાય. કાળા લોકોમાં ભલે જુદા જુદા પક્ષો હોય, છતાં બહુમતી તો આફ્રિકન નેશનલ કોંગ્રેસને જ મળે અને તેમ થાય તો દક્ષિણ આફ્રિકાના પ્રમુખસ્થાને નેલ્સન મંડેલા આવે.

દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિ સામે વિરોધ કરવામાં અને તે માટે કડક પગલાં લેવામાં ભારત આરંભથી એક અગ્રેસર રાષ્ટ્ર રહ્યું છે. નેલ્સન મંડેલાની મુક્તિની જાહેરાત થતાં જ ભારતીય સરકારે તેમને ભારત આવવા માટે જે નિમંત્રણ

( પૃષ્ઠ ૧૯ ઉપર )

3

# ઓગળી જવાનો આનંદ!

❖ જયેન્દ્ર ત્રિવેદી

કોઇ પણ ગુરુની સાચી ઓળખાણ એના શિષ્યોના વર્તન દ્વારા થતી હોય છે. વર્ણાશ્રમ ધર્મ પર પ્રથમ આઘાત કરનાર ભગવાન બુદ્ધ હતા. ચતુર્વર્ણની જાળ છેદવાનું પહેલું માન બુદ્ધને જાય છે. આજે પણ નાતજાતની ઉચ્ચાવચ્ચતા લોકોના મનમાંથી ગઇ નથી તો એ કાળે એ કેટલું કપરું હશે તેનો અંદાજ લગાવી શકાય તેમ છે. પાછળથી એ જાળને વધુ વ્યવસ્થિત રીતે ગૂંથવાની ભૂલ મનુએ કરી જેનાં પરિણામ આજે પણ દેશ ભોગવે છે. બ્રાહ્મણોના જન્મજાત અધિકારોનો બચાવ કરતાં આશ્વલાયન અને ગૌતમ બુદ્ધ વચ્ચે થયેલો સંવાદ આજે પણ તાજો કરવા જેવો છે:

આ.: બ્રાહ્મણો પૃથ્વી પરના દેવો છે, કારણ તેઓ બ્રહ્માના મુખમાંથી જન્મ્યા છે. બ્રહ્માનો વારસો તેમને જ મળ્યો છે, માટે તેઓ બ્રાહ્મણ તરીકે ઓળખાય છે.

બુદ્ધ: બ્રહ્માના પુત્રો એટલે બ્રાહ્મણો એમ અર્થ કરવો જોઇએ નહીં. બ્રહ્મનિષ્ઠ હોય, બ્રહ્મજ્ઞાન ધરાવતો હોય તેવો કોઇ પણ માણસ બ્રાહ્મણ હોઇ શકે. અને બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણ જન્મ્યા છે તેવી તર્કવિહીન વાત અબુધ માણસો સિવાય કોણ માની શકે? બધા માણસોની જેમ બ્રાહ્મણ પણ માતા પેટમાંથી જ જન્મે છે. બધા વર્ણોની સ્ત્રીઓની જેમ બ્રાહ્મણ સ્ત્રી પણ ઋતુવાળી થાય છે, ગર્ભ ધારણ કરે છે, બાળકને જન્મ આપે છે, તેને ધવરાવે છે!

આ.: પણ બ્રાહ્મણો પવિત્ર જીવન ગાળે છે.

બુદ્ધ: તો પછી જે વ્યક્તિ પવિત્ર જીવન ગાળે તેને બ્રાહ્મણ માનવો જોઇએ અને જે બ્રાહ્મણ અપવિત્ર જીવન ગાળતો જણાય તે શૂદ્ર ગણાવો જોઇએ.

આ.: ના, બ્રાહ્મણ જન્મથી જ બ્રાહ્મણ છે, એ બ્રાહ્મણને છાજે તેવાં કર્મો કરે તો પણ બ્રાહ્મણ અને એવાં કર્મો ન કરે તો પણ બ્રાહ્મણ.

બુદ્ધ: તો કંબોજ, યવન અને બીજા પ્રદેશોમાં દાસ પોતાના કર્મથી આર્ય બની શકે છે અને આર્ય પોતાના કર્મથી દાસ બને છે તેનું કારણ શું હશે?

આશ્વલાયનના મનનું સમાધાન થતું નથી. ભગવાન બુદ્ધ એક દૃષ્ટાંત દ્વારા એને સમજાવે છે, 'જો આશ્વલાયન, ધ્યાન દઇને સાંભળ. બ્રાહ્મણો અને ક્ષત્રિયો શાલવૃક્ષ અને ચંદનવૃક્ષના લાકડાને ઘસીને અગ્નિ ઉત્પન્ન કરે છે અને ચાંડાલો અને નિષાદો એરંડાના બે કકડાને ઘસીને અગ્નિ ઉત્પન્ન કરે છે. તો એ રીતે ઉત્પન્ન થનાર બન્ને અગ્નિઓમાં કોઇ જાતનો ફેર હોય છે ખરો? ઊંચા ગણાતા વર્ણોનો અગ્નિ વધારે તેજસ્વી અને નીચા ગણાતા વર્ણોનો અગ્નિ ઓછો તેજસ્વી હોતો હશે?

આ.: ના, ગૌતમ, અગ્નિ તો બધા સરખા જ હોય છે

બુદ્ધ: બે બ્રાહ્મણોમાં એક બ્રાહ્મણ વિદ્વાન અને વેદપાઠી હોય અને બીજો બ્રાહ્મણ અભણ હોય તો યજ્ઞવિધિ માટે કોને બોલાવાય?

આ.: જે બ્રાહ્મણ વિદ્વાન અને વેદપાઠી હોય તેને જ બોલાવાય.

બુદ્ધ: પણ એ વિદ્વાન અને વેદપાઠી બ્રાહ્મણ દુરાચારી હોય અને અભણ બ્રાહ્મણ સદાચારી હોય તો?

આ.: સદાચારીને જ બોલાવાય, દુરાચારીને દાન આપવાથી શો લાભ?

બુદ્ધ: જો આશ્વલાયન, પહેલાં તેં જાતિને ઊંચી ગણી, પછી વેદજ્ઞાનને વધારે ઊંચું ગણ્યું અને છેલ્લે તેં શીલને સૌથી ઊંચું ગણ્યું. એનો તાર્કિક અર્થ એ થયો કે ચારે વર્ણમાં જે શીલવાન હોય તે સૌથી ઊંચો, જન્મ અને કુળથી કોઇ વધારે ઊંચો એ વાત બુદ્ધિયુક્ત નથી.

આ.: હા, ગૌતમ, તમારી વાત મને ગળે ઊતરી છે, હવે હું જન્મને નહીં પણ કર્મને બ્રાહ્મણત્વની કસોટી માનીશ.

આશ્વલાયનની આ કબૂલાતે એ સમયમાં ભારે મોટી ક્રાન્તિ સર્જી. એ ક્રાન્તિનો એક મશાલચી હતો આનંદ!

આનંદ ગૌતમ બુદ્ધનો પિતરાઇભાઇ હતો. ગૌતમના ઉપદેશના પ્રચાર પછી ઘણા શાક્ય ક્ષત્રિય યુવકો બૌદ્ધસંઘમાં ભળ્યા તેમાં આનંદ પણ હતો. એ બધા યુવકો પ્રવ્રજ્યા લેવા ગયા ત્યારે પોતાનાં મૂલ્યવાન વસ્ત્રો અને આભૂષણો પાછાં લઇ જવા માટે અને કેશકર્તન માટે ઉપાલિ નામના એક હજામને પણ સાથે લીધો હતો. વનમાં જઇ ઉપાલિ પાસે સૌએ મૂંડન કરાવ્યું, ચીવર પહેર્યાં અને રાજવસ્ત્રો તથા ઘરેણાંગાંઠાં ઉપાલિને સોંપી સૌ બુદ્ધના શરણે જવા ઊપડયા. આ બાજુ ઉપાલિ આ બધું જોઇ-સાંભળી વિચારે ચડયો. ક્ષણાર્ધમાં એણે પણ નિર્ણય કરી લીધો. એક પોટલીમાં બધાં વસ્ત્રો અને આભૂષણો બાંધી, પોટલી વૃક્ષની ડાળ સાથે બાંધી તેણે ત્રણ વાર ઘોષણા કરી, 'એ! સાદ સાંભળજો, જે કોઇને વસ્ત્રો કે આભૂષણો જોઇતાં હોય તે આ પોટલી લઇ જજો!' અને પછી દોડતો દોડતો ગૌતમાદિ શાક્ય યુવકોની સાથે થઇ ગયો!

પ્રવ્રજ્યાનો સમય થયો ત્યારે આનંદે ભગવાન બુદ્ધને પ્રાર્થના કરી કે 'દેવ, પહેલી પ્રવ્રજ્યા આ ઉપાલિને આપો' ભગવાને કારણ પૂછ્યું તો આનંદે જવાબ આપ્યો, 'એ અમારી પહેલાં પ્રવ્રજ્યા લે તો અમારો અગ્રજ બને (આજના અર્થમાં સિનિયર!) એને એટલે અમારે એને રોજ પ્રણામ કરવા પડે અને અમારું જાતિઅભિમાન રોજ ગળતું રહે!' ભગવાનને આનંદનો જાતિવાદ પર પ્રહાર કરતો આ તર્ક ગમ્યો અને આનંદ એમના મનમાં વસી ગયો. ઉપાલિ પછી બૌદ્ધ ધર્મનો બહુ મોટો પ્રચારક બન્યો, એની જ્ઞાનચર્યાઓ પ્રસિદ્ધ છે.

કહે છે કે સંઘમાં આનંદનો ક્રમ ત્રીસમો હતો ભગવાન સાંઇઠ વર્ષના થયા અને ઘડપણનાં ચિહ્નો દેખાવા લાગ્યાં ત્યારે પ્રમુખ ભિક્ષુઓને એકઠા કરીને ભગવાને સ્પષ્ટ કહ્યું, 'ભિખ્ખુઓ, વૃધ્ધાવસ્થાની શરૂઆત થઇ છે. આજ સુધી મારાં અંગત કામો પણ હું જાતે જ કરતો આવ્યો છું પણ હવે મને લાગે છે કે મને મારાં અંગત કામો માટે પણ એક સેવકની જરૂર પડશે. તમારામાંથી કોને મારે આ કામ સોંપવું જોઇએ?' સારિપુત્ર, મોગ્ગલાયન વગેરે સૌ પ્રમુખ શિષ્યોએ આ સેવા સામે ચાલીને માગી પણ ભગવાને ના પાડી. 'તમારે

વધુ મહત્ત્વનાં કામ કરવાનાં છે.' બધા પોતાની સેવા ધરતા હતા ત્યારે આનંદ મૂંગો બેઠો હતો. ભિક્ષુઓને નવાઇ લાગી. બધાએ પૂછ્યું, 'આનંદ, તું કેમ કાંઇ બોલતો નથી? ભગવાનના અંગત સેવક થવાનું તને મન નથી થતું?' આનંદે શાંતિથી જવાબ આપ્યો, ભગવાની ઇચ્છા હશે તો આજ્ઞા કરશે. 'ભગવાને કહ્યું', 'ભિક્ષુઓ, આનંદને આગ્રહ ન કરો. એની ઇચ્છા હોય તો એ મારો અંગત સેવક બને એ મને ગમશે.' 'ભિક્ષુઓએ આનંદ સામે જોયુ. આનંદે ઊભા થઇ ભગવાનને પ્રણામ કર્યા અને કહ્યું, 'ભગવાન મને આ કામ બહુ જ ગમશે. પણ મારી કેટલીક શરતો છે!'

ભગવાન સામે શરતો! બધા આશ્ચર્યમાં પાડયા. કેટલાક નારાજ પણ થયા, પણ ભગવાને શાંતિથી પૂછ્યું, 'આનંદ, કહે, તારી શરતો શી છે?'

આનંદે નમ્રતાથી પણ દ્દઢતાથી કહ્યું, 'આપને કોઇ ઉત્તમ વસ્ત્રો આપે ત્યારે આપના અંગત સેવક તરીકે કદાચ મને પણ આપે. એ વખતે હું તે નહીં સ્વીકારું કારણ આપનો અંગત સેવક બનું તેથી ભિક્ષુઓમાં મારો દરજ્જો કાંઇ ઊંચો આવી જતો નથી.' ભગવાને કહ્યું, 'ભલે, તારી વાત વાજબી છે.' 'ભગવન્, જે જે ઉચ્ચ સ્થળે આપને ભોજન માટે નિમંત્રણ મળે ત્યાં મારે સાથે આવવું જ જોઇએ એવો આગ્રહ આપ નહીં રાખતા કારણ એથી કેટલાક ભિક્ષુઓને ઇર્ષ્યા થવા સંભવ છે કે આનંદ ભગવાનનો અંગત સેવક હોવાથી રોજ રોજ માલ-મલીદા ઝાપટે છે!' ભગવાને રાજી થઇને કહ્યું, 'ભલે, મને આ શરત પણ મંજૂર છે.' 'પ્રભુ, હું આપનો અંગત સેવક હોવાથી આપની કુટિર પાસે જ મારી કુટિર હોય એ બરાબર છે; પણ એ બીજા ભિક્ષુઓ જેવી જ સામાન્ય હોવી જોઇએ. આપની કુટિર જેવી ભવ્ય નહીં હોવી જોઇએ.' 'બરાબર, આ શરત પણ મને સ્વીકાર્ય છે.' 'છેલ્લી શરત એ છે પ્રભુ કે આપની સેવાના કામમાં હું રોકાયેલો હોઉં ત્યારે આપ જે ઉપદેશ લોકોને આપો તે આપે મને અનુકૂળતા મુજબ વિહાર, કરતાં કરતાં આપવો જેથી મારા મૂળ ધ્યેયથી હું વંચિત ન રહી જાઉં.' ભગવાને પ્રસન્ન થઇને ભિક્ષુઓને કહ્યું, 'સાંભળ્યુંને ભિક્ષુઓ! આવો વિવેકબુદ્ધિવાળો અંગત સેવક જ મારે જોઇતો હતો.'

એંશીમા વર્ષે ભગવાન નિર્વાણ પામ્યા ત્યાં સુધી આનંદે ભગવાનની અંગત સેવા અપૂર્વ નિષ્ઠા સાથે કરી! ભગવાનની સલાહથી તે ઉત્તમ દરજી પણ બન્યો. ભિક્ષુસંઘમાં સૌ કોઇએ પોતાને ગમતું કોઇ પણ શ્રમકાર્ય શીખી લેવું પડતું.

એક વાર મહારાજા ઉદયનની રાણીઓએ આનંદને બોલાવીને ભિક્ષુસંઘ માટે પાંચસો નવાં વસ્ત્ર ભેટ આપ્યાં. આનંદે તે આભારપૂર્વક સ્વીકાર્યાં. ઉદયને આનંદને પૂછ્યું, 'આ પાંચસો વસ્ત્રોનું તું શું કરીશ?' આનંદે જવાબ આપ્યો, 'જે ભિક્ષુઓનાં વસ્ત્રો ફાટી ગયાં હશે તેને આપીશ.'

'એ ફાટી ગયેલાં વસ્ત્રોનું શું કરીશ?'

'એ ચીવરોમાંથી હું ઓછાડ બનાવીશ.'

'તો પછી જૂના ઓછાડોનું શું કરીશ?'

'એમાંથી ઓશિકાના ગલેફ બનશે.'

'એ જૂના ગલેફોનું શું કરીશ?'

'તેમાંથી પગલૂછણિયાં બનાવીશું.'

'એ પગલૂછણિયાઓનું શું કરીશ?'

'એ ઝાડૂ બનાવવામાં કામ લાગશે!'

'પણ પછી જૂનાં ઝાડૂઓનું શું થશે?'

'એને પલાળી, ફરી, છાણ સાથે ભેળવી ગારનો ઘાબો કરીશું.'

ઉદયને રાણીઓને કહ્યું, 'સુપાત્રે દાન તે આનું નામ. આનંદની કરકસરવૃત્તિ નગરજનોએ પણ અપનાવવી જોઇએ.'

ભગનાન બીમાર રહેતા હતા તેમ છતાં ચુન્દ લુહારના આગ્રહને વશ થઇને એમણે એમને ત્યાં સૂવરનું માંસ આરોગ્યું. સ્વાભાવિક રીતે જ સ્વાસ્થ્ય કથળ્યું. વિહાર કરતાં કરતાં શાલિવૃક્ષો નીચે ભગવાને છેલ્લી શય્યા પાથરી. આનંદ શોકાકુલ હતો. ભગવાને તેને સાંત્વન આપતાં કહ્યું, 'જન્મનો અંત મૃત્યુ જ છે. મેં પ્રબોધેલાં ચાર આર્યસત્યો ભૂલી ગયો? જો સાંભળ, ચુન્દ લુહારના ઘરનું ભોજન ખાવાથી મારું મૃત્યુ નજીક આવ્યું છે તે સાચું છે. તેની ફરજ આગ્રહ કરવાની હતી પણ મારી ફરજ ના પાડવાની હતી. પણ કોણ જાણે કેમ મને સુજાતાની ખીર જેવી મીઠી લાગી હતી તેવું જ ચુન્દના ઘરનું ભોજન મીઠું લાગ્યું હતું એટલે મારાથી સંયમ ન જળવાયો. જો, પછી ભિક્ષુસંઘમાં અને બહાર ચુન્દનું ભોજન ખાધું એટલે મારો દેહાન્ત થયો એવી વાત ન ફેલાય. નહીં તો ચુન્દ બિચારો જીવનભર ક્ષોભ અને વિષાદમાં ડૂબેલો રહેશે. દોષ એનો નહોતો, મારો હતો એ વાત પર ભાર મૂકજે.'

શાલિવૃક્ષો પરથી બુદ્ધના શરીર પર ફૂલો નિયમિતરૂપે ખર્યા કરતાં હતાં. આનંદને બોલાવીને પ્રભુએ કહ્યું, 'જો આનંદ, આ મોસમ જ શાલિવૃક્ષોને પુષ્કળ ફૂલ બેસવાની અને ફૂલ ખરવાની છે. કોઇ રખે એમ માને કે બુદ્ધ દૈવી પુરુષ હતા એટલે એમના મૃત્યુ સમયે ફૂલો ખરતાં હતાં. કોઇ આને ચમત્કાર ન માની બેસે એનું ધ્યાન રાખજે અને જો, મારા મૃત્યુના સમાચાર ફેલાતાં જ બધા ભિક્ષુઓ આ તરફ આવશે. એમને મારો અંતિમ સંદેશો આપજે કે મારા પછી સંઘનો કોઈ મુખ્ય નિયંતા નહીં હોય. સૌએ પોતપોતાના આત્મદીપને પ્રજ્વલિત રાખવાનો છે. નેતાપદ માટેની સ્પર્ધા ન થવી જોઇએ એ મારો અંતિમ આદેશ છે!'

ભગવાન બુદ્ધની અંતિમ વાણીનું શ્રવણ કરવાનું ભાગ્ય આનંદનું હતુ.

આનંદે ભગવાનની જેવી સેવા એ જમાનામાં કરી હતી તેવી સેવા આ જમાનામાં મહાદેવભાઇએ ગાંધીજીની કરી હતી; પણ તેઓ ગાંધીજીની હયાતિમાં જ દુનિયાને છોડી ગયા. ઘણા મહાન વ્યકિતત્વોનું એ સદ્દભાગ્ય હોય છે કે પોતાનું વ્યકિતત્વ ઓગાળીને પોતાના ગુરુની સેવામાં ઓતપ્રોત થઇ જવું. આવી સમર્પિત વ્યકિતઓને લીધે જ મહાપુરુષો વિશેષ મહાપુરુષો બની શકતા હોય છે! તેમનાં કીર્તિગાન ગાતી વખતે એકાદબે સૂર આવા સાચા ત્યાગી સેવકોની અપૂર્વ નિષ્ઠા માટે ગવાવાં જોઇએ. મંદિરના શિખર પરના કળશ જેટલું જ મહત્ત્વ મંદિરના પાયામાં ધરબાયેલા પથ્થરોનું હોવું જોઇએ. ●

# સહદેવનું વ્યક્તિત્વ

* 'સત્સંગી'

શ્રી વ્યાસ વલ્લભરામ સુરજરામે ગુજરાતી ભાષામાં જે ગેય મહાભારત લખ્યું છે તેમાં સહદેવનું વ્યક્તિત્વ બતાવતો એક નાનકડો પણ સમજવા જેવો પ્રસંગ આ પ્રમાણે છે:-

પાંડવો દ્રૌપદી સાથે લગ્નજીવનમાં જોડાયા બાદ ઇંદ્રપ્રસ્થમાં ધર્મપરાયણતા પૂર્વક રાજ્ય કરતા હોય છે ત્યારે વેદવ્યાસ તેમના મહેલની મુલાકાત લે છે. તેઓ કુંતાજીને જણાવે છે કે તેના પતિ પ્રેત તરીકે ધરતી પર ભમે છે. તેની સદ્‌ગતિ માટે રાજસૂય યજ્ઞ કરવાનું તેઓ સૂચવે છે. આવો મહાન યજ્ઞ કરવા માટે જે કેટલાંક કાર્યો કરવાનાં તેઓ સૂચવે છે તેમાંનું એક કાર્ય દ્વારકાથી શ્રીકૃષ્ણને તેડી લાવવાનું હોય છે. આ કામ કરવાની જવાબદારી સહદેવ સ્વીકારે છે. સહદેવ તો છે જ્યોતિષી. એટલે કાર્ય શરૂ કરતાં પહેલાં સમયની માંગલિકતા અંગે ગણતરી કરવા મંડે પરિણામે, સહદેવ બીજે દિવસે સવારે જશે એમ જાહેર કરે છે, પણ ભીમ તેની વિનોદી રીતે વિરોધ કરે છે તેથી સહદેવને તરત જ જવું પડે છે. તે તેનો રથ તૈયાર કરાવીને તેના સારથિ અને જરૂરી શસ્ત્રો સાથે ઊપડે છે.

સહદેવ થોડું અંતર કાપે છે ત્યાં કુમારિકાના પોષાકમાં સજ્જ થયેલી અને છૂટા કેશવાળી ચોસઠ જોગણીઓ-દેવીઓ પર તેની નજર પડે છે. તેમના પ્રત્યે ધ્યાન આપ્યા વિના સહદેવ તો પૂરઝડપે જતો હોય છે. રથ જોઇને દેવીઓ ખુશ થાય છે અને તેને ઘેરી લઇને રથ થોભાવી દે છે. થોડો ગૂંચવાયેલો સહદેવ તેમને પૂછે છે, 'માતાઓ, શા માટે મને તમે અટકાવો છો?' દેવીઓ જવાબ આપે છે, 'આ દિશામાં બલિદાન લેવાનો આજે અમારો વારો છે. તું આ ભાગમાં આવ્યો છે એટલે અમે તારો ભોગ લેશું.' સહદેવ તેમને કહે છે કે તે માટે તે ભાગ્યશાળી છે, પરંતુ તેને શ્રીકૃષ્ણને દ્વારકા લેવા જવાનું અનિવાર્ય છે; તેમના વિના યજ્ઞનો આરંભ જ થાય તેમ નથી. તેથી કાલે તે તેમનો ભોગ બનશે પણ અત્યારે જવા દેવાની વિનંતિ સહદેવ દેવીઓને કરે છે. પરંતુ દેવીઓ કહે છે કે કાલે તેમનો વારો આ દિશામાં નથી, તેથી તેઓ તેને જવા દેશે નહિ; તેણે તેનો ભોગ આપવો જ પડશે. પરિણામે, સહદેવ માટે યુદ્ધના પડકાર સિવાય કોઇ જ વિકલ્પ નથી.

સહદેવ અને ચોસઠ દેવીઓ વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. દેવીઓ સહદેવને નિર્દયતાથી માર મારે છે. સહદેવ પણ બાણ મારે છે. તીર દેવીઓના શરીરને વાગે છે તેથી તેમના દેહમાંથી જે લોહી પૃથ્વી પર પડે છે. તેમાંથી ચોસઠ કરોડ દેવીઓ ઉત્પન્ન થાય છે. દેવીઓ સહદેવનો રથ ભાંગી નાખે છે અને તેના સારથિને પણ મારી નાખે છે. સહદેવ જમીન પર તદ્દન એકલો ઊભો છે. તે ઘણો ભયભીત બન્યો છે અને તેને જીવતા રહેવાની આશા રહી નથી. પછી તે અગ્ન્યાસ્ત્રથી દેવીઓ પર હુમલો કરે છે. જોગણીઓને બાળીને ભસ્મ કરવા માટે જ્વાળાઓ પ્રગટે છે. પરંતુ આ જ્વાળાઓ તેમનાં વસ્ત્ર અને કેશને બાળી નાખે છે. તેથી તેઓ વસ્ત્રરહિત બને છે. આવી પરિસ્થિતિ બનતાં, સહદેવ વિચારે છે કે જોગણીઓ વસ્ત્રરહિત બની છે તેથી તેમનો દેહ જોવાય જ નહિ! પોતાનાં માતા કુંતાજીને જોવાં અને દેવીઓને જોવી એ બંને બરાબર છે. આવી સમજથી તે નીચું જોઇ જાય છે. પછી દેવીઓ વિચારે છે, 'આ તો સતીનો પુત્ર હોય એમ લાગે છે. આપણે યુવાન, સુંદર અને શરીર પર સૂતરના તાર નથી એવી સ્થિતિમાં છીએ, છતાં તેનું મન કેવું સ્થિર છે? તે સત્યના માર્ગ પર ચાલે છે અને આપણા પ્રત્યે માતાની જેમ જુએ છે તેથી હવે આપણે તેને મારવો જોઇએ નહિ.'

આ નિશ્ચય સાથે તેઓ સહદેવને ઘેરી વળે છે અને કહે છે, 'હે શૂરા, તું ઊંચે જો.' સહદેવ તરત જ તેમની દરખાસ્તને નકારી કાઢે છે. દેવીઓ ફરીથી કહે છે, 'દીકરા, હવે અમે તને મારશું નહિ. અમને તારા પ્રત્યે જરા પણ રોષ નથી, પરંતુ અમે તારા પર પ્રસન્ન થયાં છીએ. તું જે વરદાન માગીશ એ અમે તને આપશું' ત્યારે સહદેવ નીચું મોં રાખીને બોલે છે, માતાઓ, હું તમને પ્રણામ કરું છું. તમે બધાં વસ્ત્રો પહેરો પછી હું વરદાન માગીશ.' એટલે દેવીઓ પોતાની દૈવી શક્તિથી કેશ, વસ્ત્રો અને અલંકારો સાથે તેમનાં મૂળ સ્વરૂપમાં દેખાય છે તેથી સહદેવ તેમના સામે જુએ છે અને બધી દેવીઓને પ્રણામ કરે છે. દેવીઓ તેને વરદાન માગવાનું કહે છે એટલે સહદેવ બોલે છે, 'તમારી પ્રસન્નતાને લીધે બીજું જે કંઇ આપો તે, પરંતુ મને મારો રથ તેમ જ મારા ઘોડા આપો.' દેવીઓ તરત જ સહદેવને તેનો રથ, અને ઘોડા સહિત જે સ્થિતિમાં હતો તેવી જ સ્થિતિમાં આપે છે. તો પણ દેવીઓ હજી કહે છે, 'દીકરા બીજું કંઇક માગ.' પછી સહદેવ માગે છે, 'હું જ્યારે ઇચ્છું ત્યારે તમારી જેમ એકમાંથી અનેક થાઉં.' દેવીઓ તરત જ સહર્ષ કહે છે, 'તથાસ્તુ.'

આ પ્રસંગ પરથી સહદેવ પ્રાતઃસ્મરણીય બને છે એટલું જ નહિ, પરંતુ સતત સ્મરણમાં રાખવા જેવું તેનું ઉમદા વ્યક્તિત્વ જોવા મળે છે. આનું કારણ સ્પષ્ટ જ છે કે સ્થિર મનવાળું, વિકારરહિત વ્યક્તિત્વ ભાગ્યે જ જોવા મળે છે. સંતકવિ નિષ્કુળાનંદે તેમનાં એક પદમાં ગાયું છેઃ-

ચમક દેખીને લોહ ચળે, ઇન્દ્રિય વિષય સંયોગજી;
અણભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી-
ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.

અહીં વસ્ત્રરહિત સુંદર દેવીઓ સહદેવની સન્મુખ હતી. છતાં તેણે સામે પણ જોયું નહિ. તેણે દેવીઓને પોતાની માતા સમાન ગણી. આથી તેનું વ્યક્તિત્વ તો વંદનીય બન્યું, પરંતુ મોટી ઘાતમાંથી પણ તે બચી જવા પામ્યો. વિશેષમાં દેવીઓએ તેને પ્રસન્ન ચિત્તથી એક અદ્‌ભુત વરદાન આપ્યું. મન પરના સંયમથી ચમત્કારો સર્જાય છે તે આનું નામ. બાહ્ય ભપકો કે દેખાવ સામી વ્યક્તિને આંજી નાખે તેવા હોય એટલે સાચું વ્યક્તિત્વ એવી સમજ અજ્ઞાન ભરી છે એમ આ પ્રસંગ સ્પષ્ટપણે સમજાવે છે. સાચું વ્યક્તિત્વ એટલે બીજા સદ્‌ગુણો ભલે જે હોય તે, પરંતુ તેમાં સંયમિત મન અત્યંત મહત્ત્વનું તત્ત્વ છે.

સહદેવને જેવો પ્રસંગ સાંપડ્યો તેવો જ પ્રસંગ આજના સમયમાં આધુનિક માનવીને સાંપડે નહિ એ દેખીતું છે. તો પછી સહદેવનો આ પ્રસંગ આધુનિક માનવી માટે ઉપયોગી ગણાય ખરો ? આજે પરિસ્થિતિ અને વાતાવરણ ગમે તેટલાં બદલાયાં હોય. પરંતુ આધુનિક માનવી પણ માણસ છે, તેથી આ પ્રસંગ તેને માટે ઘણો જ ઉપયોગી છે. આજનો માણસ, પોતે ઘણો સુધરી ગયો છે, વિજ્ઞાનયુગમાં જીવે છે, પોતાનાં બુદ્ધિ શક્તિ અને સમજશક્તિ ઘણી સારી રીતે વિકસ્યાં છે, પોતે ભિન્નભિન્ન ક્ષેત્રો અંગે ઉચ્ચ કક્ષાની જાણકારી. માહિતી અને કૌશલ્યો ધરાવે છે વગેરે પ્રકારનો ગમે તેટલો દાવો કરે, તો પણ તેનું મોટામાં મોટું અપલખણ (અપલક્ષણ) પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરવાનું છે. અલબત્ત, આમાં અપવાદો અવશ્ય હોય. અહીં પશ્ચિમના દેશોની વાત કરવાનો અર્થ જ નથી. કારણ કે ત્યાં જાતીય જીવનમાં સંયમ વિરલ બાબત જ હોય એવું ત્યાંનું જીવન છે.

સ્ત્રી અને પુરુષ વિજાતીય તત્ત્વો છે, તેથી પરસ્પર આકર્ષણ થાય, વિકાર થાય એ આમ તો સ્વભાવગત જ છે. પરંતુ આ કુદૃષ્ટિ કે વિકાર માત્ર માનસિક વ્યભિચારની સપાટી પર રહે તો પણ વ્યક્તિની સુખાકારી જેવી જળવાવી જોઈએ તેવી જળવાતી નથી તેમજ સ્વસ્થ વ્યક્તિત્વનું નિર્માણ થતું નથી. સમયનો પણ દુર્વ્યય થતો હોય છે. ત્યારે એવા માણસો પણ છે જેઓ માત્ર કુદૃષ્ટિ કે વિકારથી અટકતા નથી, પરંતુ પરસ્ત્રી ગમન માટે પ્રવૃત્ત રહે છે. અન્ય સ્ત્રી પોતાને વરરાજા ગણે ત્યારે આવો વિલાસી માણસ પોતાની જાતને ધન્ય ગણે છે. ખરેખર તેને શું મળે છે ? તન અને મનની દુઃસહ પીડા. પોતાનાં રોજિંદા જીવનમાં તે પોતાનાં કાર્યમાં યોગ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી. પોતાની શક્તિઓ છિન્નભિન્ન થતી રહે છે. પોતાના જ સંસારને તે દુઃખમય બનાવે છે. ઘડીભર માણસ આર્થિક રીતે સમર્થ હોય તો તેને ભલે પૈસાની તંગી ભોગવવી ન પડે પણ તેની પ્રતિષ્ઠાને જે હાનિ પહોંચે છે તેની પીડા તેને ઘણી ભોગવવી પડતી હોય છે. વાસ્તવમાં પરસ્ત્રી પ્રત્યે અનુચિત વલણ રાખવાથી માણસની પોતાની પાયમાલી જ છે. પોતાનું અંગત જીવન પોતાની અંગત બાબત છે એવી દલીલ છે સુફિયાણી, પરંતુ વાસ્તવમાં એવી વિચારસરણી આત્મવિનાશી છે.

આવા કામી પુરુષો પોતે તો પાયમાલ થાય છે પરંતુ પોતાની આસપાસના લોકોને, અરે ! સમગ્ર સમાજને બેહદ હાનિ પહોંચાડે છે. પરસ્ત્રી પર કુદૃષ્ટિની દિશામાં આગળ ધપનાર માણસ અન્ય માણસના સંસારને ઉજ્જડ બનાવવાની દિશામાં આગળ ધપે છે એ સ્પષ્ટ છે. અહીં આપણે સમગ્ર સમાજનું ચિત્ર લઈએ તો આ બાબત વધારે સ્પષ્ટ બનશે. બે મિત્રો કોલેજ સુધી સાથે ભણ્યા હોય, હર્યાફર્યા હોય અને સુખદુઃખની વાતો પણ કરી હોય, પરંતુ પરણ્યા પછી બંને મિત્રો વચ્ચે થોડું અંતર પડી જાય છે. તેનું કારણ ખરી રીતે એ હોય છે કે બંનેને માણસમાં રહેલી કુદૃષ્ટિની વૃત્તિને લીધે પરસ્પર અવિશ્વાસ થાય છે. મિત્રની પત્ની સાથે વધુ પડતા સાહચર્યને લીધે પતન થયાના બનાવો નથી જ બનતા એમ નહિ કહી શકાય. તેવી જ રીતે સગાંસંબંધીઓ વચ્ચે, અમલદારો-કર્મચારીઓ વચ્ચે, પડોશી-પડોશી વચ્ચે, સહકાર્યકરો વચ્ચે વિજાતીય સહવાસને લીધે થતા અણબનાવનાં કારણો બીજાં જે અપાતાં હોય તે, પરંતુ તેનું એક મહત્ત્વનું સૂક્ષ્મ અને નાજુક કારણ તો માણસમાં રહેલી જાતીય વૃત્તિ અંગેનો અવિશ્વાસ છે. કોઈક દાખલામાં આ અવિશ્વાસ પુત્રને પોતાના પિતા પ્રત્યે પણ હોય છે. માણસનું જીવન આ અવિશ્વાસની ભૂમિકા પર ચાલે છે, ગોઠવાય છે, અને આકાર પામે છે. જે સારા માનવીય સંબંધો કહેવાય, જે ભાઈચારો કહેવાય, જે ભાવજીવન કહેવાય તે આ જાતના અવિશ્વાસ અને બીકને લીધે અદ્રશ્ય થતાં રહ્યાં છે. અવિશ્વાસ અને બીકથી જીવતા માણસોના સમાજનું ચિત્ર દયાજનક હોય એ દેખીતું છે. આવા સમાજમાં યોગ્ય અર્થમાં પ્રગતિ, સમૃદ્ધિ અને સુખાકારી અશક્ય છે.

અહીં એવી દલીલ કરવામાં આવે કે આ જાતનાં અવિશ્વાસ અને બીક માનસિક નબળાઈને લીધે છે. તો પછી કોઈ પર વધુ પડતો વિશ્વાસ ન રાખવો એમ શા માટે કહેવામાં આવે છે ! એવા દાખલાઓ બનતા રહ્યા છે જેથી માણસનાં સ્વભાવમાં આ જાતનાં અવિશ્વાસ અને બીક સહજ બની ગયાં છે. સમાજમાં સૌ કોઈ પરસ્ત્રીને માતા, બહેન કે દીકરીતુલ્ય ગણે એવી વાત હોત તો સાધુ-સંતો, ભક્તો કે સજ્જનોને એવી મતલબનાં પદો રચવાની કે ઉચ્ચારણો કરવાની આવશ્યકતા હોત જ નહિ. જે મનની નબળાઈથી શંકા થાય છે એ જુદી બાબત છે, જ્યારે આ જાતનો અવિશ્વાસ તો સર્વવ્યાપી છે અને તેથી વિચાર કરવા જેવી બાબત છે.

સ્ત્રીઓ કેવું જીવન ઇચ્છે છે ? સ્ત્રીઓ વિશે પુરુષવર્ગ ભલે ગમે તે રીતે વિચારે, પણ ઊંડી રીતે વિચારતાં જણાશે કે સ્ત્રીઓને સ્વમાનરહિત જીવન પ્રત્યે નફરત છે. સ્ત્રી ગૃહિણી તરીકે તેમજ માતા તરીકે જરૂરી યોગ્ય પ્રવૃત્તિ સાથે ઉચિત આદરવાળું અને વ્યવસ્થિત જીવન જીવવા માગે છે. આવું જીવન સ્ત્રી માટે વાસ્તવિક ત્યારે જ બને જો સમાજના પુરુષવર્ગમાં સહદેવ જેવી દૃષ્ટિ નિર્માણ થાય તો. બધા ગાંધીજી બની ન શકે અથવા બધા સહદેવ બની ન શકે એવી દલીલને આખરી દલીલ ગણવામાં આવે તો પછી વ્યક્તિ અને સમષ્ટિ બંનેની સુખાકારી માટેની ઉચિત દિશામાં પગલાં માંડવાનો આરંભ પણ કદી થાય જ નહિ. અહીં એટલું જ કહેવું ઉચિત લાગે છે કે જે સમાજમાં નારી પ્રત્યે આદર નથી તે સમાજમાં પ્રગતિ અને સુખકારી અસંભવ છે.

સહદેવે દેવીઓને માતા જેવી ગણી તેથી તેને ખૂબ લાભદાયી વરદાન મળ્યું. તેવી જ રીતે આધુનિક માનવી સ્ત્રીનો આદર કરે અને તેના પ્રત્યે મા, બહેન કે દીકરી તુલ્ય દૃષ્ટિ રાખે તો તેને સ્ત્રીઓ આશીર્વાદથી સુખાકારી પ્રાપ્ત થાય. દેવીઓ પાસે વરદાનનું ગણિત હતું તો અહીં માનવતાભર્યાં જીવન પ્રત્યે આશીર્વાદનું ગણિત છે. તેવી જ રીતે સ્ત્રી ગૃહિણી તરીકે તેમજ માતા તરીકે જરૂરી યોગ્ય પ્રવૃત્તિવાળું ઉચિત આદરવાળું અને વ્યવસ્થિત જીવન જીવવા માગે છે તેવી અનુકૂળતા પુરૂષવર્ગ સહદેવ જેવી દૃષ્ટિ કેળવીને કરી આપે તો માતાઓના આશીર્વાદથી આ સમાજ નંદનવન બને તે માટે ગાણિતિક ગણતરીઓ કરવાની કોઈ જ આવશ્યકતા રહેતી જ નથી. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, સિદ્ધસેન દિવાકર, હરિભદ્ર-સૂરિ, હેમચંદ્રાચાર્ય, ભગવાન સ્વામિનારાયણ, શ્રીમદ્ રાજચંદ્ર વગેરેથી માંડીને કિશોરલાલ મશરૂવાળા જેવા ચિંતકોએ પરદારાથી દુર રહેવાની જે શીખ આપી છે તે વ્યક્તિ અને સમષ્ટિ બંનેના કલ્યાણ અને સુખાકારી માટે આપી છે તે આધુનિક માનવી સમજશે ?

# 'ભરતેશ્વર બાહુબલિ રાસ' : પુરોગામીઓના સ્વાધ્યાયની સમીક્ષા

ડૉ. બળવંત જાની

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યનો પ્રારંભ રાસ સ્વરૂપની કૃતિઓથી થાય છે, સંખ્યાની દ્રષ્ટિએ પણ આ સ્વરૂપમાં સવિશેષ કૃતિઓ રચાઈ છે.

શાલિભદ્રસૂરિએ રચેલી 'ભરતેશ્વર બાહુબલિ રાસ'નો રચના-સમય વિક્રમ સંવત ૧૨૪૧, (ઇ. સ. ૧૧૮૫) કૃતિમાંથી જ ઉપલબ્ધ થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આરંભની રાસ સ્વરૂપની આ કૃતિ ઐતિહાસિક દ્રષ્ટિએ પણ મહત્ત્વ ધરાવે છે. આ કૃતિની ઉપલબ્ધ બે હસ્તપ્રતોને આધારે પંડિત લાલચંદ ભગવાનજી ગાંધીએ સંપાદન કરીને 'ભરત–બાહુબલિ-રાસ' (ઇ. સ. ૧૯૪૧) શીર્ષકથી વિક્રમ સંવત ૧૯૯૭ ને શ્રાવણ વદી સાતમને દિવસે પ્રકાશિત કરેલી.

'ભરતેશ્વર બાહુબલિ રાસ'ની ઉપલબ્ધ બે હસ્તપ્રતોમાંથી એક વડોદરા અને બીજી આગ્રાના હસ્તપ્રત ભંડારમાં નોંધાયેલી છે. એમાંથી આગ્રાવાળી હસ્તપ્રત હાલ ઉપલબ્ધ નથી. માત્ર વડોદરાવાળી હસ્તપ્રત જ ઉપલબ્ધ છે. મુનિશ્રી જિનવિજયજીએ આથી માત્ર બે વડોદરાવાળી હસ્તપ્રતને આધારે 'ભરતેશ્વર બાહુબલિ રાસ' (ઇ. સ. ૧૯૪૧) વિક્રમ સંવત ૧૯૯૭ને આસો સુદી દશમે (વિજયા દશમી) પ્રકાશિત કરી છે.

મુનિશ્રી જિનવિજયજીની વાચનાનું પુનમુંદ્રણ 'रास और रासान्वयी काव्य' (ई. स. १९६०) (पृ. ६०-८२)માં ડૉ. दशरथ ओझा અને ડૉ. दशरथ शर्माએ પ્રકાશિત કરેલ છે.

આમ ગુજરાતી–હિન્દી મળીને 'ભરતેશ્વર બાહુબલિ રાસ' વિષયક કુલ ત્રણ મુદ્રિત સંપાદનો ઉપલબ્ધ છે. આ ત્રણેય સંપાદનોનો પરિચય અને એના વિષયે ટૂંકો પ્રતિભાવ અત્રે પ્રસ્તુત કરેલ છે.

: ૧ :

'ભરત–બાહુબલિ–રાસ' (ઇ. સ. ૧૯૪૧) વિક્રમ સંવત ૧૯૯૭ શ્રાવણ વદી સાતમને દિવસે પ્રકાશિત પ્રસ્તુત સંશોધન-સંપાદન પંડિત લાલચંદ ભગવાનજી ગાંધીએ શાલિભદ્રસૂરિ કૃત ભરતેશ્વર બાહુબલિ રાસની પ્રાપ્ય બે હસ્તપ્રતોને આધારે તૈયાર કર્યું છે.

ક્રાઉન સાઇઝનાં ૮૯ પૃષ્ઠના આ સંપાદનમાં ૬૩ પૃષ્ઠની પ્રસ્તાવનામાં પ્રારંભે હસ્તપ્રતોનો પરિચય અને પછી ભાષાની પ્રાચીન ૧૮ દેશી ભાષાઓ અને એમાં ગુજરાતીનું સ્થાન નિર્દેશી પરદેશી ભાષાના સંસર્ગો, સંસ્કૃત કોશો વગેરે વિષયે પોતાનો સ્વાધ્યાય પ્રસ્તુત કરેલ છે. ત્યારબાદ પ્રાચીન ભાષા–સાહિત્ય અને ગુજરાતી સાહિત્ય વિષયે પોતાનું દષ્ટિબિંદુ પ્રસ્તુત કરીને અંતે પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષા સાહિત્યમાં જ્યાં જ્યાં ભરતબાહુબલિ કથાનક આલેખાયેલ છે એની વિગતો પણ મૂકી આપી છે. ચિત્રશિલ્પમાં વિષય તરીકે જ્યાં જ્યાં ભરત–બાહુબલિ વિષય તરીકે પસંદ પામ્યા છે તેનો નિર્દેશ પણ કર્યો છે. પછી રાસના સ્વરૂપ વિષયક પોતાનો સ્વાધ્યાય રજૂ કરીને અંતે રાસકૃતિના કર્તાનો પરિચય પ્રસ્તુત કરેલ છે.

ત્યાર બાદ 'ભરત–બાહુબલિ–રાસ'ની વાચનાના પાઠ સામે પંડિત લાલચંદ ભગવાનજી ગાંધીએ પ્રતિરૂપક રૂપાંતરવાળી અર્વાચીન છાયા મૂકીને સુગમ્ય બનાવવાનો પ્રયાસ કર્યો છે.

વાચના અશાસ્ત્રીય રીતે તૈયાર થઇ હોઇ અને અર્વાચીન છાયા ખામી ભરેલી હોવાને કારણે ઘણું અસ્પષ્ટ એવું શ્રી ગાંધીનું આ કાર્ય શ્રધ્ધેય ગણી શકાય તેવું નથી. એનાં કેટલાંક કારણો આ પ્રમાણે છેઃ

૧. વડોદરા પ્રતને क સંજ્ઞા અને આગ્રા પ્રતને घ સંજ્ઞા અપાઇ છે. શ્રી ગાંધીના સંપાદનમાં क અને घ પ્રતનો ઉપયોગ થયો છે. આમાંથી કોઇ એક પ્રતને ચોકકસ અને પ્રમાણભૂત માનીને, એને વફાદાર રહીને પાઠાંતર નોંધવાને બદલે એમણે બન્નેનું મિશ્રણ કરીને વાચના તૈયાર કરી છે. કેટલીક જગ્યાએ તો વાચનામાં क અથવા घ પ્રતના જ પાઠ સ્વીકારવાને બદલે પોતાની મેળે શબ્દ બદલીને મૂકી દીધા છે. જો કે પછી મૂળ શબ્દ પાદનોંધમાં મૂકેલ છે. દા. ત. घ પ્રતમાં પ્રથમ દોહો નથી. એટલે क પ્રતમાંથી લઇને મુકાયેલ છે. આ દોહાના છેલ્લા ચરણમાં ગુરૂ ચરણ શબ્દ વાચનામાં મુકાયેલ છે જે હકીકતે મૂળ પ્રતમાં 'ચલણા' છે.

૨. પ્રતમાં ઠવણી–૩માં દૂતનાં વચનો અને બાહુબલિએ એના ટૂંકમાં આપેલા ઉત્તરો એમ સંવાદરૂપે કાવ્ય ચાલે છે. પરંતુ घ પ્રતની વાણી–૩માં દૂતનાં વચનો સાંભળીને બાહુબલિએ જે ઉત્તરો આપ્યા છે એ છેલ્લે એકસાથે મૂકીને માત્ર દૂતની ઉક્તિઓ જ મુકાઇ છે. એટલે ટૂંકા સંવાદરૂપે દલીલ પ્રકારનો પરસ્પર ચર્ચાથી સભર એવો જે વાર્તાલાપ क પ્રતમાં છે, તે અહીં નષ્ટ થાય છે અને આ કારણે કૃતિનું સૌંદર્ય ખંડિત થાય છે. પહેલા દૂતનાં વાક્ય–વિધાનો અને પછી છેલ્લે બાહુબલિ ઉક્તિને પ્રસ્તુત કરવાનું આયોજન ઉચિત નથી.

૩. અર્વાચીન છાયાથી મૂળ કૃતિનું હાર્દ સુગમ્ય બને એ જોવું જોઇએ. પરંતુ અર્થ આપવાને બદલે, અને સાચો અનુવાદ આપવાને બદલે અનેક સ્થળે ખોટાં અર્થઘટન થાય એ કક્ષાએ અર્વાચીન છાયા થઇ છે. નમૂનારૂપે માત્ર ચોથી કડીની છાયા તપાસીએ.

'જંબુદ્વીપે અયોધ્યાપુર નગર
ધન કણ કંચન રત્નોએ પ્રવર'

અપર પ્રવર કિલ અમરાપુર. (૪)

અહીં મૂળમાંના અવરનું અપર, પ્રવર અને કિરિનું કિલ કઇ રીતે કરવામાં આવ્યું હશે? હકીકતે પવરનું પુર અને કિરિનું જાણે કે એવો અર્થ છાયામાં મુકાવો જોઇતો હતો.

આમ અશાસ્ત્રીય વાચના અને ખોટા અર્થઘટન ભણી દોરી જતી અર્વાચીન છાયાનાં ઘણાં ઉદાહરણોને કારણે શ્રી ગાંધીનું આ કામ પૂરું શ્રધ્ધેય ગણી શકાય નહીં.

૨ : 'ભરતેશ્વર બાહુબલિ રાસ' (ઇ સ. ૧૯૪૧) વિક્રમ સંવત ૧૯૯૭ આસો દશમીને (વિજયા દશમીને) દિવસે પ્રકાશિત પ્રસ્તુત સંપાદનની વાચના મુનિશ્રી જિનવિજયજીએ બરોડાની એક માત્ર હસ્તપ્રતને આધારે આપી છે.

ડબલ ક્રાઉન સાઈઝનાં ૩૨ પૃષ્ઠનું આ સંપાદન દેવનાગરી લિપિમાં જ છપાયેલ છે. એમાં પ્રારંભે પ્રતપરિચય, ભાષા-વિષયક ટૂંકો નિર્દેશ છે. આઠ પાનાંનો આ પરિચયાત્મક ભૂમિકાલેખ પ્રાચીનકૃતિની ઐતિહાસિક મહત્તાને પણ ચીંધી બતાવે છે.

અહીં શાલિભદ્રસૂરિની બીજી ટૂંકી રાસકૃતિ 'બુદ્ધિરાસ'ની પણ વાચના પ્રસ્તુત કરાઈ છે.

૧. મુનિશ્રી જિનવિજયજીએ માત્ર વાચના મૂકી છે. એનો અનુવાદ કે અઘરા શબ્દોના અર્થ મુકાયા નથી. ક્યાંક પદવિચ્છેદ પણ ખોટી રીતે થયા છે પણ આવા વાચનદોષનાં ઉદાહરણો ખૂબ ઓછાં છે.

દા. ત. ૭૩મી કડીમાં खलक ए ને બદલે खलकए, ૧૦૭મી કડીમાં षाई जड ને બદલે षाइँ जर, ૧૩૨મી કડીમાં ओसरी उर्वनને બદલે ઓસરીઉ ર્ધન જોઈએ. ૧૮૭મી કડીમાં सेल सरम ને બદલે सेलसरम જોઈએ. આવા ચાર-પાંચ ઉદાહરણો જ માત્ર મળ્યા છે. મુનિશ્રીની જૂની ગુજરાતીની પ્રતને ઉકેલવાના ઉદાહરણરૂપ આ વાચના ખરેખર મૂળ પ્રતમાંથી અત્યંત ચીવટપૂર્વક તૈયાર થઈ જણાય છે.

૩. भरतेश्वर बाहुबलिरास (ઈ.સ. ૧૯૬૦) संपादक : डो. दशरथ ओझा, डो. दशरथ शर्मा હિન્દીમાં 'रास और रासान्वय काव्य' ઉપર્યુક્ત સંપાદકોએ ઇ.સ. ૧૯૬૦માં પ્રકાશિત કરેલ છે. હકીકતે આ સંપાદન રાસકાવ્યોનો સંચય છે. અહીં કુલ ૨૯ રાસકૃતિઓ મુદ્રિત છે. ઉપરાંત ચાર જેટલાં નાના કદની રામ-કૃષ્ણ વિષયક રાસ કૃતિઓ પણ છે. પ્રારંભે ૩૬૭ પૃષ્ઠમાં ભૂમિકારૂપ લેખમાં રાસના સ્વરૂપ, ભાવપક્ષ કલાપક્ષ અને રાસકવિઓના પરિચયને આવરી લેવાયેલ છે. અંતે પરિશિષ્ટમાં કેટલીક મહત્ત્વની રાસકૃતિઓનો અનુવાદ પ્રસ્તુત કરેલ છે, અને છેલ્લે તમામ રાસકૃતિઓમાંના મહત્ત્વના અઘરા શબ્દના અર્થ-વ્યુત્પતિ મૂકેલ છે, ડેમી સાઈઝનાં હજાર પૃષ્ઠનો આ રાસસંચય પ્રકારનો ગ્રંથ પ્રથમ દ્રષ્ટિએ સંપાદકોનું અત્યંત મહત્ત્વાકાંક્ષી પ્રદાન જણાય. પરંતુ ઊંડાણથી અધ્યયન કરતાં એમાં નર્યું ચર્વિત ચર્વણ, પુરોગામીઓની કૃતિઓનું-વાચનાનું સીધે-સીધું નામોલ્લેખ કર્યા વગર પુનર્મુદ્રણ છે. ઉપરાંત અહીં ઘણી બધી ખામી ભરેલો-ખોટો અનુવાદ તથા વ્યુત્પતિ અને શબ્દાર્થોને અશાસ્ત્રીય રીતે ખોટા અર્થો સાથે પ્રસ્તુત કરાયા છે એનો ખ્યાલ આવે છે.

૧. સંપાદકોએ મુનિશ્રીની વાચનાને મુનિશ્રીએ કરેલ પદવિચ્છેદ મુજબ જ સીધે-સીધી ખપમાં લીધી છે. ક્યાંય મુનિશ્રી જિનવિજયજીનો સાભાર ઉલ્લેખ કર્યો નથી. મુનિશ્રી જિનવિજયજીએ રાસ અને રાસકર્તા વિષયક નિર્દેશેલી વિગતો, 'મુનિશ્રી જિનવિજયજીનું મંતવ્ય છે કે...' એમ કહીને મૂકી દીધી છે.

૨. અનુવાદમાં તો પ્રત્યેક કડીમાં કંઈક ને કંઈક ખામીનું દર્શન થાય છે. માત્ર એક જ ઉદાહરણ જોઈએ. ૧૦મી કડીમાં ભરતેશ્વરને અયોધ્યાપુરીએ સ્થાપ્યા એવો અનુવાદ કરવાને બદલે ભરતેશ્વરે અયોધ્યાપુરીની સ્થાપના કરી એવો અનુવાદ કર્યો છે. ઉપરાંત અહીં ચક્ર અને યુદ્ધ વિષયક વિગતોને, વ્યક્તિનામોને વિશેષણરૂપે માની લઈને તથા કેટલીક જૈન ધર્મની પરિભાષાઓને પણ સમજ્યા વગર એને એ રૂપે અથવા પોતાની રીતે સાદો ભળતો અર્થ કરીને મૂકી દેવામાં આવેલ છે. પરિણામે સમગ્ર કૃતિનો ખોટો હિંદી અનુવાદ પ્રસિદ્ધિને પામ્યો છે.

આમ જોઈ શકાય છે કે, ગાંધી અને ઓઝા દ્વારા 'ભરતેશ્વર બાહુબલિ રાસ' વિષયક જે કંઈ મળે છે એ શ્રધ્ધેય અને શાસ્ત્રીય નથી. મુનિશ્રી જિનવિજયજીએ રાસની વાચના અને કર્તાવિષયક તથા કૃતિની ભાષા વિષયક પ્રમાણભૂત વિગતો આપી છે.

*

'ભરતેશ્વર બાહુબલિ રાસ' વિષયક સ્વાધ્યાયપરક લખાણ પણ કેટલુંક થયું છે. આમાં કે. કા. શાસ્ત્રી, ડૉ. ભારતી વૈદ્ય અને ડૉ. હરિવલ્લભ ભાયાણીનું કામ પાયાનું છે. અન્ય લખાણોમાં આ જ માહિતી પડઘાય છે. એટલે પાયાની જે વિગતો ઉપર્યુક્ત ત્રણ સંશોધકોએ પ્રસ્તુત કરી છે એનો પરિચય અત્રે પ્રસ્તુત કરેલ છે.

### ૧. કે. કા. શાસ્ત્રી

'આપણા કવિઓ' (પ્ર. આ. ઇ.સ. ૧૧-૪-૨૭ બી. આ. ૧૯૭૮) 'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન ખંડ-૧' (ઇ.સ. ૧૯૫૧) અને 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ખંડ-૧' (ઇ. સ. ૧૯૭૩)માં 'ભરતેશ્વર બાહુબલિ રાસ' વિષયક કૃતિલક્ષી સ્વાધ્યાય પ્રસ્તુત થયેલ છે. મુનિશ્રી જિનવિજયજીની-વાચનાને-કૃતિને આધાર માનીને કૃતિનો છંદોબંધ એના માપ અને એના પુરોગામી રૂપની વિગતો દર્શાવીને આવેલા પલટાઓની નોંધ પણ તેમણે આપી છે. સૌ પ્રથમ વખત આ કૃતિનું વ્યાકરણ પણ તેમણે દર્શાવ્યું છે. આ ઉપરાંત કૃતિની ભાષા કેટલી પ્રાચીન છે તે દર્શાવીને જૂની ભાષામાંથી રૂપાંતર પામતાં નવી થતી આવતી ભાષાના મહત્ત્વના રૂપને માટે નરસિંહરાવે ગૌર્જર અપભ્રંશનાં લક્ષણોમાં નોંધેલી વિગતો સાથે મૂકીને પ્રસ્તુત કૃતિ ગુજરાતી ભાષા-સાહિત્યની પ્રથમ રાસકૃતિ છે એવું પ્રતિપાદિત કરેલ છે તથા આ કૃતિમાંના સૌંદર્યસ્થાનને ઉદાહરણ રૂપે પ્રસ્તુત કરીને કવિના ભાષાપ્રભુત્વનો પણ તેમણે પરિચય કરાવેલ છે.

### ૨. ડૉ. ભારતી વૈદ્ય

ઇ. સ. ૧૯૬૬માં પ્રકાશિત શોધનિબંધ 'મધ્યકાલીન રાસ સાહિત્ય'માં મુનિશ્રી જિનવિજયના સંપાદનને આધારે 'ભરતેશ્વર બાહુબલિ રાસ'માં યોજાયેલા છંદોનો પરિચય એના સ્વરૂપની વિગતો સાથે પ્રસ્તુત કરેલ છે.

રાસનું જે રીતે ઠવણીમાં વિભાજન છે એમાં પ્રથમ ભાગને ક્રમ અપાયો નથી, એટલે હકીકતે ૧૪ને બદલે '૧૫ ઠવણીમાં આ રાસકૃતિ વિભક્ત થઈ ગણાય' એવો તેમનો મત સ્વીકાર્ય થઈ પડે એ કહ્યાનો છે.

### ૩. ડૉ. હરિવલ્લભ ભાયાણી

'ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ' (ઇ. સ. ૧૯૮૮)માં બીજા વિભાગમાં ઇ. સ. ૧૧૫૦ થી ૧૩૫૦વાળા પ્રથમ પ્રકરણમાં 'ભરતેશ્વર બાહુબલિ રાસ'ના મુનિશ્રી જિન-વિજયજીના પાઠને આધારે આ રચનાની ભાષાનું વિગતે વ્યાકરણ રચ્યું છે. એ સમયની બે સૈકાની સાત જેટલી કૃતિઓને આધારે અત્યંત શાસ્ત્રીય રીતે ભરપુર ઉદાહરણો નોંધીને વ્યાકરણની રૂપરેખા

આંકી છે. એ પહેલાં સાતેય કૃતિઓ વિશે પણ વ્યાકરણમૂલક દષ્ટિબિંદુથી અલગ રૂપે વિગતે નોંધ કરી છે.

આટલી વિસ્તૃત વ્યાકરણીય સામગ્રી આ પૂર્વે કોઇએ તારવી બતાવી ન હતી એ રીતે 'ભરતેશ્વર બાહુબલિ રાસ'નો વ્યાકરણની દષ્ટિએ સર્વાંગી કહી શકાય એવો અભ્યાસ અહીં થયો છે.

આમ ઉપર્યુક્ત ત્રણેય સંશોધકોએ બહુધા મુનિશ્રી જિન-વિજયજીના પાઠને આધારે જ સ્વાધ્યાય પ્રસ્તુત કર્યો છે. એમાંથી મુનિશ્રીના પાઠની પ્રમાણભૂતતાનાં દર્શન થાય છે.

આ રીતે પુરોગામીઓ દ્વારા આજ સુધી 'ભરતેશ્વર બાહુબલિ રાસ' વિષયક જે કંઇ સ્વાધ્યાય-સંશોધન થયું છે એની વિષય સામગ્રી અને પદ્ધતિ વિષયક આછો નિર્દેશ અહીંથી પ્રાપ્ત થાય છે.

# જૈન સ્થાપત્ય, શિલ્પ તથા ચિત્રકળા

❁ વાસુદેવ સ્માર્ત

ભારતવર્ષની સમસ્ત કલામાં ભાવના અને ઉદ્દેશનું ઐક્ય રહ્યું છે, છતાં સમયુગોની દષ્ટિએ, શાસકો, ધાર્મિક સંપ્રદાયો, આશ્રયદાતાઓની દષ્ટિએ ભેદ પાડી અલગ અલગ શૈલીઓનું નિર્માણ થયું છે. દા. ત. હિન્દુકલા, જૈન, રાજપૂત ઇસ્લામી અને મોગલ કલા ઇત્યાદિ.

ભારતમાં પ્રાચીન જૈન કલાનાં તીર્થધામો, શિલ્પ સ્થાપત્ય અને ચિત્રકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ આજે પણ વિદ્યમાન છે. અજંતા એટલે બૌદ્ધયુગનાં શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકામનો યુગ લગભગ સાતમી શતાબ્દીમાં લુપ્ત થાય છે.

વેરુલ-ઇલોરાના ભવ્ય શિલ્પાગારોમાં મુખ્ય ત્રણ મંદિર કૈલાસનાથ, લંકેશ્વર, ઇન્દ્રસભા અને ગણેશલેણના મંદિરોમાં છૂટાછવાયેલાં નષ્ટપ્રાયઃ દશામાં ભીંતચિત્રો મળી આવ્યાં છે. આ ચિત્રો આઠમી સદીના ઉત્તરાર્ધના હોવા સંભવ છે. એ ચિત્રો સવાચશ્મ ચહેરા, તીણી નાસિકા, શરીર રચના, અલંકરણો ઇત્યાદિ અજંતા શૈલી ભિન્ન છે. જૈન ચિત્રો જે પછીની શતાબ્દીઓમાં જોવા મળે છે એનું મૂળ આ ચિત્રોમાં દર્શિત છે.

ભારતવર્ષના મૂળ ત્રણ મહાન સંપ્રદાયો બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ રહ્યાં છે. જ્યાં સુધી જૈન સંપ્રદાયના શિલ્પ, સ્થાપત્ય અને ભીંતચિત્રની નોંધ લઇએ તો એના બે ફાંટાઓ દિગંબર અને શ્વેતાંબર છે. ઉત્તર ભારતમાં શ્વેતાંબરનો પ્રભાવ વધુ છે. જ્યારે દક્ષિણ ભારતમાં દિગંબર સંપ્રદાયનું બળ વધુ જોવા મળે છે. એમાંનાં થોડાં પ્રાચીન સ્થાનોનો પ્રત્યક્ષ પરિચય મેં કર્યો છે. ત્યાંના સિત્તન્નવાસલ ગુફાનાં ચિત્રોની અનુકૃતિ મેં કરી છે જેના નમૂનાઓ રાષ્ટ્રીય સંગ્રહાલય દિલ્હીમાં સંગ્રહિત છે.

સિત્તન્નવાસલ, તિરુપરુતિકુન્રમ્ (જૈનકાંચી) શ્રવણબેલગોડા જૈનબસ્તી છે.

સિત્તન્નવાસલ એટલે સિધ્ધોને રહેવાનું સ્થળ. દક્ષિણ ભારતમાં મદ્રાસથી ૩૫૦ માઇલ અને ત્રિચિના-પલ્લીથી ૩૩ માઇલ પર પુદુકુટ્ટા શહેરથી ૧૨ માઇલ ઊંડાણમાં ઘોર પ્રગાઢ જંગલમાં કાળા પથ્થરના વિશાળ પહાડમાં આ નાનકડું દિગમ્બર જૈન ગુફામંદિર આવેલું છે. પલ્લવ રાજા મહેન્દ્રવર્મન પહેલો જ્યારે જૈન સંપ્રદાયી હતો ત્યારે ઇ. સ. ૬૪૦-૬૭માં આ ગુફામંદિરનું નિર્માણ થયું હતું. ગુફામંદિરના અંદરના ભાગમાં ચિત્રો અને શિલ્પો છે તેમ જ બહારના ભાગમાં મૂર્તિઓ છે. ધ્યાનમુદ્રામાં સર્પ પર સ્થિત તીર્થંકર પાર્શ્વનાથની મૂર્તિ અને સામેની દીવાલમાં જૈન આચાર્યનું શિલ્પ છે. ગર્ભગૃહમાં ત્રણ મૂર્તિઓ છે. રંગમંડપની છતમાં ભાતચિત્ર છે તથા બહારના ભાગમાં કમળો ને કમળપત્રોથી સુશોભિત સરોવરમાં જળચર પ્રાણીઓ જેવાંકે માછલીઓ, મગરમચ્છ, મહિષ હાથીઓ ક્રીડા કરતાં હંસયુગલોનું જીવંત ચિત્ર છે બે દિવ્ય પુરુષો પણ છે સ્તંભો પર નર્તકીઓ છે જે ભારતીય ચિત્રકલાની સર્વશ્રેષ્ઠ ઉત્કૃષ્ટ નર્તકીઓ રેખાંકિત છે.

**શ્રવણ બેલગોડા અને જૈનબસ્તી મંદિરની કલા :** શ્રવણ બેલગોડા જૈન તીર્થનું ઘણું જૂનું સ્થાન છે. દસમી સદીમાં ગંગવંશના રાજમંત્રી ભડવીર શાસક ચામુંડરાયે ઇન્દ્રગિરિ પહાડ પર બાહુબલીની વિશાળકાય મૂર્તિનું નિર્માણ કર્યું. એક જ પથ્થરમાં ૫૭ ફૂટ ઊંચી વીતરાગની શિલા ઇ.સ. ૯૮૧માં રચાઇ. ભારતીય શિલ્પશાસ્ત્રનું આ અદ્‌ભુત સર્જન છે, જેની પૂરી રચના જૈન શિલ્પ વિધાન અનુસાર છે. નીચે જૈન મંદિર છે. એ મંદિરમાં સુંદર ભીંતચિત્રો છે, ગ્રંથાગાર પણ છે, અમૂલ્ય નવરત્નની જુદી જુદી જિનપ્રતિમાઓ છે.

**તિરુપરુતિકુન્રમ્-જૈન કાંચી :** વેગવતી નદીને દક્ષિણ કિનારે કાંચીથી બાર માઇલ દૂર આ એક નાનકડું ગામ છે. એ જૈન કાંચીને નામે જાણીતું છે. આ પણ દિગમ્બર પંથીઓનું મંદિર છે. આ મંદિરની પરસાળની છતમાં ભગવાન મહાવીર, તીર્થંકરોના જીવનપ્રસંગો ઉપરાંત રામાયણ, મહાભારત, કૃષ્ણના જીવનનાં સુંદર ચિત્રો છે, જેની શૈલી લંકાના સિંહગિરિ સિંહગિરિ સિગિરિયાને મળતી આવે છે જેમાં અજંતા શૈલીની છાયા પણ લાગે છે. આ ચિત્રો વિજયનગરનો પૂર્વકાળ દર્શાવે છે. થોડાં ચિત્રો સોળ સત્તરમી સદીનાં પણ છે. કૃષ્ણજીવનના ચિત્રો પણ છે. ઊંચાં તથા સાદાં વૃક્ષો, સરળ છતા સુડોળ આકૃતિઓ, ઓછું છતાં સુંદર અલંકરણ, સુદઢ રેખાંકન, રંગોમાં સફેદ, કાળો, ગેરુ, પીળી મટોડી વગેરેનો વપરાશ વર્તાય છે.

**ગુજરાતની જૈનકળા :** ગુજરાતમાં જૈનકલાનો વિકાસ થયો, એમાં આશ્રયદાતા જૈનધર્મી હતા. જોકે કલાકારો પોતે કયા ધર્મના હતા તેનો નિર્ણય કરી શકાતો નથી. જોકે વૃધ્ધ યતિઓ અને મુનિઓ ચિત્રોનું નિર્માણ કરતા જોવામાં આવે છે. પરંતુ કેટલાક કલાકારો જૈનેતર પણ હશે.

જૈન કલાનું શિલ્પ ગુજરાતી શિલ્પ છે. આ શિલ્પે જે રૂપ ગ્રહણ કર્યું છે. તેમાં જૈન વિષયો અને જૈનધર્મ આશ્રયદાતાઓની રુચિ નિયામક બન્યાં છે. આ શિલ્પો સમજવામાં જૈન વિષયોને લગતી તથા આશ્રયદાતાઓ વિશેની માહિતી

ઉપકારક થઇ પડે છે.

ગરવી ગુર્જર ભૂમિ સૌંદર્ય અને સમૃદ્ધિ માટે જગતના ઇતિહાસમાં પ્રારંભકાળથી સુવિખ્યાત છે. રસવતી ભૂમિ, નીરવતી નદીઓ, વૃક્ષોથી છવાયેલી, સુધાન્યોથી લહેરાતી, આરોગ્યપ્રદ જળ, ઋતુમાન સર્વાનુકૂળ. ઉત્તરે અર્બુદાચલ, મુકુટશિરોમણિ, પર્વત, વક્ષસ્થળ પર સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા અને તાપી જેવી સરિતાઓ, પશ્ચિમને સ્પર્શતો લહેરાતો રત્નાકર, 'અહિંસા પરમો ધર્મઃ'નો મહામંત્ર, શ્રી ઋષભનાથ, નેમિનાથ, જેવા દિવ્ય પુરુષોનો પાદસ્પર્શ, બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન, જરથોસ્ત, ખ્રિસ્તી અને ઇસ્લામ વગેરે જગતના સર્વપ્રધાન ધર્માનુયાયીઓને ઉદાર આશ્રય આપનારી પવિત્ર ભૂમિ. આમ પૃથ્વીતલ પર પર્વત, સિંધુ, વનરાજી, રણ અને સરિતાઓથી પરિવૃત્ત આ ભૂમિ દિવ્યશક્તિધારિણી દેવી તરીકે શોભાયમાન છે.

ધનોપાર્જન કરનારા વૈશ્યોએ પણ આ ભૂમિની આરાધના કરી છે. યવન, ચીન, ગ્રીક, પારસિક, ગાંધાર, કંબોજ, માલવ વગેરે પ્રાચીન જગતના વૈશ્યો તેમજ ડચ, વલંદા, પોર્તુગીઝ, ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજ વગેરે અર્વાચીન સોદાગરો પણ આ ભૂમિ પર વ્યાપાર અર્થે આવ્યા અને વસ્યા હતા.

જૈનોએ આ ભૂમિને શણગારી છે. ભવ્ય દેવપ્રાસાદો, રાજપ્રાસાદો, શિલ્પ-સ્થાપત્ય આ ભૂમિને અર્પ્યાં છે. સમસ્ત ગુજરાતી પ્રજામાં નૈતિક જીવનમાં જૈન ધર્મની ઊંડી અસર છે.

ચન્દ્રગુપ્ત મૌર્ય, ત્યારબાદ વલ્લભિપુરના સૂર્યવંશી મહારાણા શિલાદિત્ય, પછી વલ્લભિપુરના પતન પછી, પંચાસરના ચાવડા શાસકો, જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિના આશ્રયે રાજધાની પાટણ શહેર વસાવ્યું. પાટણમાં પંચાસર પ્રાર્શ્વનાથનું ભવ્ય દેરાસર બંધાવ્યું. મહારાજાધિરાજ સિદ્ધરાજ, ગુર્જરેશ્વર કુમારપાળે જૈનધર્મ સ્વીકાર્યો. અનેક જૈનસુરિઓના આશીષ પામ્યા, એમાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે 'સિદ્ધ હેમ વ્યાકરણ' રચ્યું. અને ઠેર ઠેર ચૈત્યો બંધાવ્યા, ગ્રંથભંડારો સ્થાપ્યા જે જગતભરમાં વિખ્યાત છે.

મુસલમાનોના આક્રમણે ગુજરાતમાં મુસ્લિમ રાજસત્તાની સ્થાપના થઇ. સર્વત્ર ઘણો વિનાશ થયો. (ભીમદેવ બીજાના વખતમાં) વીરમંત્રી વસ્તુપાલ અને સેનાપતિ તેજપાલના પ્રયત્નના પરિણામે ગુજરાત ફરી સ્વતંત્ર બન્યું. સેંકડો પ્રાસાદો બંધાવ્યા. કર્ણદેવની દુષ્ટ નીતિને પરિણામે ગુજરાતની સ્વતંત્રતા નષ્ટ થઇ.

કાળક્રમે જૈનધર્માનુયાયીઓનો ફરી ઉદ્ધાર થયો. સમ્રાટ અકબરના સમયમાં અકબર જૈન આચાર્યોના સંયમ, તપ, ચારિત્ર તથા શ્રદ્ધા ઉપર મુગ્ધ થયો. શ્રી હિરવિજયસૂરિને ગુજરાતથી પોતાના દરબારમાં બોલાવ્યા. એમને 'જગદ્‌ગુરુ'નું બિરુદ આપ્યું. અને શત્રુંજય, ગિરનાર સમેતશિખરજી, તારંગાજી વગેરે તીર્થો 'યાવતચન્દ્ર દિવાકરૌ,' સ્વીકારી બક્ષિસ આપ્યાં. જહાંગીર પણ જૈનાચાર્યોથી પ્રભાવિત હતો. પરંતુ ઔરંગઝેબની ઝનૂની ધર્માંધ નીતિથી ફરી એકવાર બધું નાશ પામ્યું.

જૈન કલાની વિશેષતા: જૈન કલા વિશે કહેવાયું છે કે Jain art shared in the development of technical skill that charcterized the Gupta & Post Gupta Periods. Yet remained widely aloof, essentially, from the aims & Achievements of the Hindu work of Golden Age.

There is a majestic Jain Sanctuary among the rock cut monolithic temples of Elora, dating from about 800 A. D.

અહીં દેવરાજ ઇન્દ્ર હિન્દુશૈલીનું એક નવું સ્વરૂપ ધારણ કરે છે. એ શિલ્પ એક સિદ્ધિ છે જે ચાલુકય શૈલીનું બદામી, રાષ્ટ્રકુટનું એલિફન્ટા અને મહાબલિપુરમની પલ્લવશૈલીની યાદ આપે છે. કલાકારીગીરીનું ખૂબ ઝીણવણાટભર્યું કામ, ચોકકસ પ્રમાણ, ભવ્ય વિરાટ સ્તંભો, ફૂલપાંદડાંથી લદાયેલી, ઝીણી ઝીણી કોતરણી, ગજારુઢ સ્થૂળદેહી ઇન્દ્ર પણ જોવામાં આવે છે.

જૈન શિલ્પ ઉંચાઇમાં વામન સરખાં બટુકડા, શરૂઆતની શૈલીના શિલ્પો, યોગમુદ્રામાં સ્થિત તીર્થંકરો, અથવા કાયોત્સર્ગ મુદ્રામાં ઊભેલાં તીર્થંકરો, આ શિલ્પો સીધાસટાક, હલનચલન વગરનો, બન્ને હાથો એકદમ સીધા, ઘૂંટણ પણ સીધા, ઊંચી અને સશક્ત છાતી, સીધા હાથો, સપાટ અને વિશાળ સ્કંધપ્રદેશ ખભાઓ એકથી બીજા સુધી સરળ અને સુંવાળાં, એ સૂચવે છે, કે શ્વાસોચ્છ્વાસની ગતિ-જે યોગના નિયમોને આધિન છે.

જૈન કલાને પોતાની એક શૈલી છે. તીર્થંકરોનાં શિલ્પો રૂઢ શૈલીનાં, ભરાવદાર અને ઊભેલાં હોય છે. જૈન શિલ્પ મૂળ ભારતની કલા જે ઐતિહાસિક રીતે અજાણ છે તેમાં છે.

આ સ્થાપત્યો ભારતીય રાષ્ટ્રીય જીવનની પરિવર્તનશીલતાના મહાન યુગનું પ્રતીક છે. સોમનાથની જાહોજલાલીનો ગઝનીએ નાશ કર્યો. એની આ જંગલિયાત સામે વિરોધ તરીકે ઉત્તર ભારતમાં ઘણી ઇમારતો બંધાઇ. આ સમય દરમિયાન આશ્રય વેપારીઓ અને આમજનતાના અધિકારમાં આવ્યો હતો. જેનું માઉન્ટ આબુનું સ્થાપત્ય આમજનતાના સ્થાપત્યનું ઉદાહરણ છે. નહિ કે રાજાઓનું. આબુનું મુખ્ય મહત્ત્વનું મંદિર દેલવાડાનું (મંદિરોનો પ્રદેશ) ઋષભનાથ જે વિમલ મંત્રીએ બંધાવ્યું હતું. ઇસ. ૧૦૩૧માં શ્વેતામ્બર પરંપરાનો વર્ધમાનસૂરિની આજ્ઞાથી આ બંધાયું હતું. આ દેવપ્રાસાદનો મંડપ શ્વેત આરસપહાણનો બનેલો છે. અહીંની અદ્‌ભુત કોતરણી, કારીગીરી જગતના શિલ્પ ઇતિહાસમાં અનોખી છે. ભવ્ય કલ્પવૃક્ષો, ઝુમ્મર જેવા છતોનાં શિલ્પો, નજાકતભરેલી દિવ્ય અપ્સરાઓ અને મનુષ્યાકૃતિઓ, આ બધું સ્વર્ગની ઉપમા આપે એવું અદ્‌ભુત શિલ્પાગાર છે. આ દેવપ્રાસાદની સામે બાવીસમા તીર્થંકર નેમિનાથ શ્રી ભગવાનનું મંદિર ૧૨૩૨માં તેજપાલ અને વસ્તુપાલે બંધાવ્યું હતું. આમ, શત્રુંજય, આબુ, રાણકપુર, ગિરનાર, જૈસલમેરનાં જૈન મંદિરોએ ધનને ઉજાળ્યું છે.

ગુજરાતનાં મુખ્ય શહેરો અમદાવાદ. પાટણ. રાધનપુર, ખંભાત, સુરતનાં જૈન મંદિરોમાં લાકડાનું સુંદર સ્થાપત્ય તેમ જ ચિત્રકામ આજે પણ વિદ્યમાન છે. ગુજરાતનું સ્થાપત્ય કૃતિઓ, સ્તંભો, તોરણો, દરવાજાઓ એની સુંદર કોતરણી, ચિત્રો, પટચિત્રો ખૂબ સુંદર છે. કોતરણીની પરાકાષ્ટા, સુંદર ચિત્રસંયોજનો, રેખાંકનો, રંગો, સોનેરી રંગનો ઉપયોગ વગેરે એક નવી જ ભાત પાડે છે.

[શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૯મી ડિસેમ્બર ૧૯૮૯ના રોજ આપેલા પ્રવચનમાંથી.]

# નવકારમંત્રનું પદાક્ષર સ્વરૂપ

❀ રમણલાલ ચી. શાહ

મંત્રશિરોમણિ નવકારમંત્રના આભ્યંતર સ્વરૂપનો મહિમા તો અપરંપાર છે. પરંતુ એનાં બાહ્યસ્વરૂપનો, એનાં પદ અને અક્ષરનો મહિમા પણ ઓછો નથી.

મનુષ્ય પોતાનાં મુખનાં કંઠ, જીભ, હોઠ, તાળવું, પડજીભ, દાંત વગેરે અવયવોની સહાય દ્વારા જુદા જુદા ધ્વનિઓનું ઉચ્ચારણ કરે છે. એવા કેટલાક ધ્વનિઓ માટે સાંકેતિક કે પ્રતીકાત્મક સંજ્ઞા તરીકે વર્ણ અથવા અક્ષર લખાય છે. પ્રત્યેક વર્ણમાં પોતાનામાં જ કંઇક અર્થબોધ કરવાની વિશિષ્ટ શક્તિ રહેલી છે. એને લીધે એવા વર્ણો પોતે પણ શબ્દ સમાન ગણાય છે. એવા કેટલાયે એકાક્ષરી શબ્દો છે કે જેના એક કરતાં વધુ અર્થ થાય છે. જુદા જુદા અક્ષરો મળીને શબ્દ થાય છે. સ્વર – વ્યંજનયુક્ત આવા કેટલાય શબ્દોના પણ એક કરતાં વધુ અર્થ થાય છે. કેટલાક શબ્દોમાં એક વાક્ય જેટલી શક્તિ રહેલી હોય છે. શબ્દસમૂહ દ્વારા એક વાકયની રચના થાય છે. વાક્ય દ્વારા સવિશેષ, સવિસ્તર, સુનિશ્ચિત અર્થ વ્યક્ત કરી શકાય છે, પણ તે માટે શબ્દ ઉપર પ્રભુત્વ જોઇએ. અન્યથા વધુ પડતા શબ્દો દ્વારા અર્થની વધુ ગૂંચવણ કે સંદિગ્ધતા પણ જન્મી શકે છે.

'શબ્દને શું વળગી રહો છો ? શબ્દના ઉચ્ચારણ કરતાં એના અર્થનું અને તેથી પણ વધુ તો તેના ભાવનું મહત્ત્વ છે' આવું કહેતાં કેટલાકને આપણે સાંભળીએ છીએ. એક અપેક્ષાએ આ બહુ જ સાચું છે, પણ બીજી અપેક્ષાએ શબ્દનું પણ એટલું જ મૂલ્ય છે. વળી શબ્દ કરતાં પણ તેના ઉચ્ચારનારનું એથી પણ વધુ મહત્ત્વ છે. એકનો એક શબ્દ એક સામાન્ય કે અધમ માણસે ઉચ્ચાર્યો હોય અને તે જ શબ્દ કોઈ રાષ્ટ્રની સર્વસત્તાધીશ વ્યક્તિએ જાહેરમાં ઉચ્ચાર્યો હોય અથવા કોઇ તપસ્વી, જ્ઞાની સંત મહાત્માએ ઉચ્ચાર્યો હોય તો તે દરેકના પ્રભાવમાં ઘણો ફરક પડે છે. જો મહાત્માઓની સામાન્ય વાતચીતના શબ્દોનો આટલો બધો પ્રભાવ પડતો હોય છે તો મહાત્માઓમાં પણ જે મહાત્મા ગણાતા હોય તેવા સાધક મનીષી મહાપુરુષોએ વિશિષ્ટ, ઉચ્ચ, કલ્યાણકારી પ્રયોજનપૂર્વક અક્ષરોનું ઉચ્ચારણ કર્યું હોય તો તે અક્ષરોનું મૂલ્ય કેટલું બધું વધી જાય! એવા અક્ષરો સંખ્યામાં ઝાઝા નથી હોતા, પણ તેની શક્તિ અદ્ભુત હોય છે. એ અક્ષરો મંત્રરૂપ બની જાય છે. અર્થની અપેક્ષા વગર પણ એ અક્ષરોનું ઉચ્ચારણ સમર્થ અને શક્તિસ્વરૂપ હોય છે. એ અક્ષરોના ધ્વનિતરંગોમાં રહેલા અકળ સામર્થ્યને કારણે જ તે મંત્રરૂપ બની જાય છે. મંત્રવિદ્યા એ એક ગૂઢ વિદ્યા ગણાય છે. મંત્રમાં એટલા માટે અક્ષરોનું ઘણું મહત્ત્વ છે. એટલા માટે જ કહેવાય છે કે निर्बीजमक्षरं/नास्ति અથવા नास्त्यनक्षरं मंत्रम् – એટલે કે નિર્બીજ (મંત્રશક્તિ-રહિત) એવો કોઇ અક્ષર નથી અને અક્ષરરહિત કોઇ મંત્ર નથી. આમ, શબ્દના અર્થનું કે ભાવનું મહત્ત્વ ઘણું હોવા છતાં અક્ષરનું–મંત્રાક્ષરોનું પણ એટલું જ મહત્ત્વ સ્વીકારાયું છે. જો મંત્રાક્ષરોમાં ભાવની વિશુદ્ધિ પણ વણાઇ જાય તો પછી તેની શક્તિની તો વાત જ શી કરવી!

નવકાર મંત્ર એ મંત્ર છે. ઉપર કહ્યું તેમ, મંત્રમાં અક્ષરનું ઘણું મહત્ત્વ હોય છે. સામાન્ય લખાણ કે વાતચીતમાં માત્ર અક્ષરનો જ નહિ, શબ્દોનો પણ વિસ્તાર હોય છે. મંત્ર અક્ષરની દૃષ્ટિએ સઘન હોય છે. પ્રત્યેક અક્ષરનું વિશિષ્ટ પ્રયોજન અને મહત્ત્વ હોય છે. મંત્રમાં અક્ષરનો અનાવશ્યક ઉપયોગ ન હોય. મંત્રના અક્ષરોને વેડફી નાખી શકાય નહિ, કારણ કે એથી મંત્રની શક્તિ ઘટે છે અને કાર્યસિદ્ધિમાં વિલંબ થાય છે અથવા તે નિષ્ફળ નીવડે છે. એટલા માટે અક્ષરને મંત્રદેવતાના દેહ તરીકે માનવામાં આવે છે. મંત્રની રચના મંત્રદ્રષ્ટાઓ કરતા હોય છે. તેઓ પ્રત્યેક અક્ષરનાં સ્વરૂપ, રંગ, રહસ્ય, શક્તિ ઇત્યાદિને પોતાના અતીન્દ્રિય અનુભવ દ્વારા જાણતા હોય છે. અને તેથી તેઓ મંત્રમાં ઇષ્ટફલની દૃષ્ટિએ અક્ષરોનું સંયોજન કરે છે.

નવકારમંત્ર અનાદિ સિદ્ધ મનાયો છે. તે મંત્ર હોવાને કારણે તેમાં પણ પ્રત્યેક અક્ષરનું મહત્ત્વ સ્વીકારાયું છે. નવકારમંત્રનો એક એક અક્ષર ઘણા બધા અર્થો અને ભાવોથી સભર છે. અક્ષર ઉપરાંત તેના પ્રત્યેક શબ્દમાં પણ ઘણા અર્થો અને ભાવો રહેલા છે. એટલે જ નવકારમંત્રના શબ્દોના અર્થનું વિવરણ કરતા જઇએ અને વિવરણનું પણ વિવરણ એમ ઉત્તરોત્તર કરતા જઇએ તો ચૌદ પૂર્વ જેટલું લખાણ થાય. એટલા માટે જ નવકારમંત્રને ચૌદ પૂર્વના સાર તરીકે ઓળખાવવામાં કોઇ અતિશયોક્તિ થયેલી નથી. વળી, નવકારમંત્રમાંથી પ્રણવ, માયા, અર્હં વગેરે પ્રભાવશાળી મંત્ર બીજાક્ષરોની ઉત્પત્તિ થઇ છે એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. એટલે નવકારમંત્ર એ મંત્રોનો પણ મંત્ર છે, મહામંત્ર છે.

મંત્રમાં અક્ષરોના ઉચ્ચારણમાં પ્રમાદ કે શિથિલતા ન ખપે. 'ચાલશે' એવી વૃત્તિ કે વલણ મંત્રસાધનામાં ન ચાલે. અક્ષર એ મંત્રદેવતાનો દેહ હોવાથી ઉચ્ચારણમાં જો ઓછુંવતું થાય આઘુંપાછું થાય કે અક્ષરો ચૂકી જવાય તો તેથી મંત્રદેવતાનું શરીર વિકૃત થાય છે એવી માન્યતા છે. એ માટે બે વિદ્યાસાધકોનું દૃષ્ટાંત અપાય છે. ગુરુએ તેમને ગુપ્ત વિદ્યા આપી અને તેની આમ્નાય–સાધનાની રીત પણ શીખવી. તે અનુસાર તેઓ બંનેએ વિદ્યાદેવીની સાધના કરી. પરંતુ એથી જે વિદ્યાદેવીઓ તેમને પ્રત્યક્ષ થઇ તેમાંની એક લાંબા દાંતવાળી દેખાઈ અને બીજી એક આંખે કાણી દેખાઇ. આથી તેમને આશ્ચર્ય થયું. તરત તેમને પોતાની ભૂલ સમજાઇ કે અક્ષરોના ઉચ્ચારણમાં કંઇક ફરક પડ્યો હોવો જોઇએ. તેઓએ ફરીથી મંત્રનો પાઠ અક્ષરની દૃષ્ટિએ બરાબર શુદ્ધ કર્યો. એથી વિદ્યાદેવીઓ ફરીથી પોતાના મૂળ સુંદર સ્વરૂપે પ્રગટ થઇ. મંત્રમાં અક્ષરો અને તેના સંયોજનનું તથા તેની પાઠશુદ્ધિનું કેટલું મહત્ત્વ છે, તે આ દૃષ્ટાંત પરથી સમજાશે.

જુદા જુદા કેટલાક મંત્રો એના અક્ષરોની સંખ્યાથી પણ સુપ્રસિદ્ધ થયા છે. પંચાક્ષરી, સપ્તાક્ષરી, અષ્ટાક્ષરી, ષોડશાક્ષરી વગેરે મંત્રોની જેમ નવકાર મંત્ર અડસઠ અક્ષરોથી જાણીતો છે. મંત્રોના અક્ષરોની સંખ્યા સુનિશ્ચિત અને સુપ્રસિદ્ધ

હોવાથી મંત્રમાં તેની વધઘટ થવાનો સંભવ રહેતો નથી.

નવકારમંત્ર એના અડસઠ અક્ષરથી તેમ જ નવ પદથી સુપ્રસિદ્ધ છે. નવનો સંખ્યાંક અખંડિત અને શુકનવંતો મનાયો છે. ગુણાકાર, ભાગાકાર, વગેરે ગણિતના પ્રયોગોમાં પણ તે છેવટે નવ ઉપર આવીને રહે છે. નવકારમંત્રનાં નવ પદનો મહિમા વર્ણવતાં વચનો પણ ઘણાં છે. ઉ. ત.

નવ પદ એનાં નવનિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે.

*

નવ પદ એ છે નવે નિધાન, સેવો હૃદયે ધરી બહુમાન;
નવ પદ ધ્યાને દુઃખ વિસરાઇ, પગ પગ ઋદ્ધિ સુખ વિશાળ.

નવકાર મંત્રના એક પદનો, બે પદનો, ત્રણ પદનો, પાંચ પદનો અને નવ પદનો એમ જુદી જુદી દૃષ્ટિએ મહિમા દર્શાવવામાં આવ્યો છે. પહેલાં પાંચ પદ પાંચ પરમેષ્ઠિનાં હોવાથી કેટલાક પાંચ પદ ઉપર ભાર મૂકી તેટલો જ મંત્ર ગણવાનો આગ્રહ રાખે છે. એ પાંચ પદનો મહિમા અપાર છે તેમ છતાં નવ પદના મંત્રનો જાપ કરવાની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. મહાનિશીથ સૂત્રમાં નવકારમંત્રને પાંચ અધ્યયન અને એક ચૂલિકાવાળો કહ્યો છે અને તેના અક્ષરોની સંખ્યા ૬૮ની જણાવી છે.

નવકારમંત્રમાં પાંચ પદના પાંત્રીસ વર્ણ અને ચૂલિકાના તેત્રીસ વર્ણ એમ અડસઠ વર્ણ છે. 'નમસ્કાર પંજિકા'ની નીચેની ગાથામાં પણ તે જણાવ્યું છે.

पंचपयाणं पणतीस वण्ण चुलाइ – वण्ण तितीसं ।
एवं इमो समप्पइ फुडमक्खरमट्ठसट्ठीए

[પાંચ પદોના પાંત્રીસ વર્ણ અને ચૂલાના તેત્રીસ વર્ણ એમ આ (નવકારમંત્ર) સ્પષ્ટ અડસઠ અક્ષર સમર્પે છે.]

બૃહન્નમસ્કારફલમાં કહ્યું છે :

सत्तपणसत्तसत्त य नवक्खरपमाणपयडं पंचपयं ।
अक्खर तितिस वर चूलं सुमरह नवकारवरमंतं ॥

[સાત, પાંચ, સાત, સાત અને નવ અક્ષર પ્રમાણ જેનાં પ્રગટ પાંચ પદો છે તથા તેત્રીસ અક્ષર પ્રમાણ છે શ્રેષ્ઠ ચૂલિકા જેની એવા ઉત્તમ શ્રી નવકારમંત્રનું તમે નિરંતર સ્મરણ કરો.]

ચૂલિકા શબ્દ ચૂલા ઉપરથી આવ્યો છે. 'ચૂડા' શબ્દ પણ પ્રયોજાય છે. ચૂલા એટલે આભૂષણ; ચૂલા એટલે શોભા વધારનાર; ચૂલા એટલે શિખર. નંદીસૂત્રમાં કહ્યું છે કે શ્રુતરૂપી પર્વત ઉપર શિખરની જેમ શોભે તે ચૂલા.

નવકારમંત્રમાં પાપના ક્ષયરૂપી અને શ્રેષ્ઠતમ મંગલરૂપી એનો મહિમા ચૂલિકામાં ચાર પદમાં દર્શાવવામાં આવ્યો છે.

નવકારમંત્રનાં જે નવ પદ ગણાવવામાં આવે છે તેમાં 'પદ' શબ્દ વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. સંસ્કૃતમાં પદ શબ્દના ઘણા જુદા જુદા અર્થ થાય છે; જેવા કે પગ, પગલું, નિશાની, સ્થાન, અધિકાર, ચોથો ભાગ, વિરામસ્થાન, પ્રતિષ્ઠા, વ્યવસાય, વાટાઘાટ, રહેઠાણ, વિષય, શબ્દ, વિભક્તિવાળો શબ્દ, વાક્યમાંથી છૂટો પડેલો શબ્દ, વર્ગમૂળ, માપ, રક્ષણ, સંભાળ, શતરંજની રમતનું ખાનું, સરવાળા માટેની સંખ્યાઓમાંની કોઇ એક સંખ્યા, તેજકિરણ, શ્લોકનું એક ચરણ વગેરે. નવકારમંત્રમાં પદ એટલે શબ્દોનો સમૂહ અથવા વિવક્ષિત અર્થવાળા શબ્દોનો સમુચ્ચય. નવકારમંત્રનાં છેલ્લાં ચાર પદને શ્લોકના ચરણના અર્થમાં પણ પદ તરીકે ઓળખાવી શકાય.

નવનકારમંત્રમાં જે નવ પદ છે તેમાં જેને અંતે વિભક્તિ છે તે પદ એવો વ્યાકરણની દૃષ્ટિએ અર્થ લેવાનો નથી, પણ અપેક્ષિત અર્થની સમાપ્તિ જ્યાં થાય છે તે પદ એવો અર્થ લેવાનો છે. એટલે 'મર્યાદિત શબ્દસમૂહ અપેક્ષિત અર્થ પ્રમાણે એકમ જેવો બની રહે તે પદ' એવા અર્થની દૃષ્ટિએ નવકારમંત્રમાં નીચે પ્રમાણે નવ પદ છે અને તે રીતે જ નવ પદ સુપ્રસિદ્ધ છે :

(૧) नमो अरिहंताणं (૨) नमो सिद्धाणं (૩) नमो आयरियाणं (૪) नमो उवज्झायाणं (૫) नमो लोए सव्वसाहूणं (૬) एसो पंचनमुक्कारो (૭) सव्व पावप्पणासणो (૮) मंगलाणं च सव्वेसिं (૯) पढमं हवइ मंगलम्.

નવકારમંત્રના પદની ગણના, વિશેષ વિચારણા માટે અલબત્ત જુદી જુદી રીતે થયેલી છે 'પ્રત્યાખ્યાન નિર્યુક્તિ'ની ચૂર્ણિમાં ચૂલિકા સિવાયના નવકારનાં ૭ પદ ગણાવ્યાં છે અને દસ પદ પણ ગણાવ્યાં છે. ૭ પદ નીચે પ્રમાણે છે :

(૧) नमो (૨) अरिहंत (૩) सिद्ध (૪) आयरिय (૫) उवज्झाय (૬) साहूणं [नमो अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहूणं] વળી નવકારનાં દસ પદ ગણાવવામાં આવ્યાં છે. જેમકે : (૧) नमो (૨) अरिहंताण (૩) नमो (૪) सिद्धाणं (૫) नमो (૬) आयरियाणं (૭) नमो (૮) उवज्झायाणं (૯) नमो (૧૦) साहूण. વળી નવકારનાં અગિયાર પદ ગણાવવામાં આવે છેઃ જેમકે (૧) नमो (૨) अरिहंताणं (૩) नमो (૪) सिद्धाणं (૫) नमो (૬) आयरियाणं (૭) नमो (૮) उवज्झायाणं (૯) नमो (૧૦) लोए (૧૧) सव्वसाहूणं

વ્યાકરણશાસ્ત્રમાં પદની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે : विभक्त्यन्तं पदम् । અર્થાત્ વિભક્તિવાળું તે પદ અથવા તદ્દન સરળ વ્યાખ્યા કરવી હોય તો વાક્યમાં વપરાયેલો શબ્દ તે પદ એમ કહી શકાય. પ્રત્યેક પદ તે અવશ્ય શબ્દ હોય છે, પરંતુ પ્રત્યેક શબ્દ પદ હોય કે ન હોય. વળી જેમ શબ્દ એકાક્ષરી હોઇ શકે છે તેમ પદ પણ એકાક્ષરી હોઇ શકે છે.

વ્યાકરણશાસ્ત્રની આ વ્યાખ્યા પ્રમાણે નવકારમંત્રમાં નીચે પ્રમાણે કુલ વીસ પદ છે :

(૧) नमो (૨) अरिहंताणं (૩) नमो (૪) सिद्धाणं (૫) नमो (૬) आयरियाणं (૭) नमो (૮) उवज्झायाणं (૯) नमो (૧૦) लोए (૧૧) सव्वसाहूणं (૧૨) एसो (૧૩) पंचनमुक्कारो (૧૪) सव्वपावप्पणासणो (૧૫) मंगलाणं (૧૬) च (૧૭) सव्वेसिं (૧૮) पढमं (૧૯) हवइ (૨૦) मंगलम्.

આ પદોમાં सव्वसाहूणं એ બે શબ્દનો બનેલો સમાસ છે. એટલે તે એક જ પદ છે. તેવી રીતે सव्वपावप्पणासणो એ

(13)

ત્રણ શબ્દનો બનેલો સમાસ છે એટલે તે પણ એક જ પદ ગણાય છે.

તેવી જ રીતે पंचनमुक्कारोમાં पंच અને नमुक्कारो એ બે શબ્દનો સમાસ થયો છે. એટલે તેને બે જુદાં પદ ગણવાને બદલે એક જ પદ ગણવાનું છે, કારણ કે તે સામાસિક પદ છે. જો पंचને જુદું પદ ગણીએ તો તે પછી આવતું नमुक्कारो પદ જે એક વચનમાં છે તેને બહુવચનમાં नमुक्कारा એમ મૂકવું પડે અને જો पंच नमुक्कारा એમ બહુ-વચનમાં મૂકીએ તો एसो પદને પણ બહુવચનમાં 'एसा' તરીકે મૂકવું પડે. અને सव्व पावपणासणो પદને પણ બહુવચનમાં મૂકવું પડે. પરંતુ તેમ થયું નથી. એટલે पंचनमुक्कारोને એક જ પદ તરીકે સ્વીકારવામાં આવે છે.

વ્યાકરણની દષ્ટિએ નવકારમંત્રમાં પદો જે રીતે વપરાયાં છે તે નીચે મુજબ છે :

(૧) नमो-નૈપાતિક પદ છે– અવ્યય છે.

(૨) अरिहंताणं–'अरिहंत' શબ્દ છઠ્ઠી વિભકિત બહુ-વચનમાં છે.

(૩) सिद्धाणं 'सिद्ध' શબ્દ છઠ્ઠી વિભકિત બહુવચનમાં છે.

(૪) आयरियाणं–'आयरिय' શબ્દ છઠ્ઠી વિભકિત બહુવચનમાં છે.

(૫) उवज्झायाणं – उवज्झाय શબ્દ છઠ્ઠી વિભકિત બહુવચનમાં વપરાયો છે.

(૬) लोए–लोअ (सं. लोक) શબ્દ સાતમી વિભકિત એક–વચનમાં છે.

(૭) सव्वसाहूणं–सव्वसाहु (सं. सर्वसाधु) શબ્દ છઠ્ઠી વિભકિત બહુવચનમાં છે.

(૮) एसो–एस (सं. एष) : શબ્દ દર્શક સર્વનામ છે.

(૯) पंचनमुक्कारो–पंचनमुक्कारो (सं. पंचनमस्कार) શબ્દ સમાસ છે. તે પહેલી વિભકિત એકવચનમાં છે.

(૧૦) सव्वपावप्पणासणो–सव्वपावपणासणो (सं. सर्वपापप्रनाशक) શબ્દ સમાસ છે. તે પહેલી વિભકિત એકવચનમાં વપરાયો છે.

(૧૧) मंगलाणं–मंगल શબ્દ છઠ્ઠી વિભકિત એકવચનમાં વપરાયો છે.

(૧૨) च–અવ્યય છે. નૈપાતિક પદ છે. સમુચ્ચયના અર્થમાં વપરાયો છે.

(૧૩) सव्वेसिं–सव्व (सर्व) શબ્દ સર્વનામ છે. તે શબ્દ છઠ્ઠી વિભકિત બહુવચનમાં વપરાયો છે.

(૧૪) पढमं–पढम (सं. प्रथम) શબ્દ 'मंगल' પદનું વિશેષણ છે અને તે પહેલી વિભકિત એકવચનમાં વપરાયું છે.

(૧૫) हवइ–हो (सं भू) ધાતુ ઉપરથી બનેલો શબ્દ–વર્તમાન-કાળમાં ત્રીજો પુરુષ એકવચનમાં વપરાયો છે.

(૧૬) मंगलं–मंगल શબ્દ પહેલી વિભકિત એકવચનમાં વપરાયો છે.

પૂ. શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજે 'નમસ્કાર સ્વાધ્યાય'માં નવકારમંત્રનાં નવ પદનું છંદની દષ્ટિએ સવિગત પૃથક્કરણ કરી બતાવ્યું છે. એ પ્રમાણે નવકારમંત્રનાં પ્રથમ પાંચ પદ ગદ્યબદ્ધ છે, છતાં તે લયબદ્ધ છે. તેનું બંધારણ આલાપક (આલાવા)નું છે. નવકારમંત્રનાં આ પાંચમાંથી પ્રથમ ત્રણ પદનું એક ચરણ અને ચોથા તથા પાંચમા પદનું બીજું ચરણ એમ જો તે બે ચરણમાં મૂકવામાં આવે તો ત્રિકલ અને ચતુષ્કલના આવર્તનયુકત તે ગાથા (ગાહા) છંદની એક કડી જેવું લાગે, કારણકે ગાથા છંદમાં પ્રથમ ચરણમાં ૩૦ માત્રા અને બીજા ચરણમાં ૨૭ માત્રા હોય છે જ્યારે નવકાર-મંત્રમાં નીચે પ્રમાણે પહેલામાં ૩૧ અને બીજામાં ૨૭ માત્રા થાય છે. એટલે કે પહેલા ચરણમાં માત્ર એક જ માત્રાનો ફરક છે જે નિર્વાહ્ય છે. જુઓ;

नमो अरिहंताणं नमो सिद्धाणं नमो आयरियाणं । -૩૧ માત્રા
नमो उवज्झायाणं नमो लोए सव्वसाहूणं ॥ -૨૭ માત્રા

નવકારમંત્રમાં ચૂલિકાનાં ચાર પદ છે. તે પદ્યબદ્ધ છે. તે અનુષ્ટુપ છંદમાં છે. તેને શ્લોક તરીકે (પ્રાકૃતમાં સિલોગો) તરીકે પણ ઓળખાવાય છે. ચૂલિકાનાં પહેલા અને ત્રીજા ચરણમાં પાંચમો અક્ષર લઘુ છે અને છઠ્ઠો અક્ષર ગુરુ છે. અને બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ અને આઠમો અક્ષર ગુરુ છે. અનુષ્ટુપ શ્લોકમાં પ્રત્યેક ચરણના આઠ અક્ષર, એમ ચાર ચરણના બત્રીસ અક્ષર હોય છે. નવકારમંત્રની ચૂલિકાના સિલોગોના ૩૨ને બદલે તેત્રીસ અક્ષર છે. પરંતુ ૩૩ અક્ષરનો શ્લોક પ્રાકૃતમાં પ્રચલિત છે. હવઇના 'ઇ' ને અનક્ષર તરીકે ગણતાં શ્લોકનું માપ બરાબર સચવાય છે. વળી, તેત્રીસ અક્ષર હોવા છતાં શ્લોકના ઉચ્ચારણમાં કશો ફરક પડતો નથી.

નવકારમંત્રના પ્રથમ પદ 'નમો અરિહંતાણં'માં સાત અક્ષરો છે. એ સાત અક્ષરનો પણ વિશિષ્ટ મહિમા બતાવાયો છે. કહેવાયું છે:

सप्तक्षेत्रीव सफला सप्तक्षेत्रीव शाश्वती ।
सप्ताक्षरीयं प्रथमा सप्त हन्तु भयानि मे ॥

[સાત ક્ષેત્રો (જિન મંદિર, જિન પ્રતિમા, જિનાગમ વગેરે)ની જેમ સફળ અને સાત ક્ષેત્ર (ભરતાદિ)ની જેમ શાશ્વત એવી આ સપ્તાક્ષરી મારા સાત ભયને દૂર કરો.]

શ્રી મહાનિશીથ સૂત્રના પાંચમા અધ્યયનમાં પણ આ સાત અક્ષરોનો મહિમા દર્શાવાયો છે. જુઓ :

नमो अरिहंताणं । सत्तक्खर परिमाणं अणंत गमपज्जवत्थसाहग, सव्व महामंतपवरविज्जाणं परमबीअभूअं ।

(નમો અરિહંતાણં–એ સાત અક્ષર પ્રમાણ, અનંત ગમ પર્યવયુકત અર્થસાધક તથા સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓનું પરમ બીજભૂત છે.)

'ઉપદેશતરંગિણી'માં કહ્યું છે :

पंचादौ यत्पदानि त्रिभुवनपतिभिर्व्याहृता पंच तीर्थी
तीर्थान्येवाष्टषष्टि–र्जिन समयरहस्यानि यस्याऽक्षराणि ।
यस्याष्टौ सम्पदश्चानुपमतमहासिद्धयोऽद्वैतशक्ति ।
जीयाद् लोक द्वयश्चाऽभिलषितंफलदः श्री नमस्कारमन्त्र ॥

આ લોક અને પરલોક એમ બંને લોકમાં ઇચ્છિત ફળને

(14)

આપનાર શ્રી નમસ્કાર મંત્ર જયવંતા વર્તે કે જેના પહેલાં પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર દેવોએ પાંચતીર્થ તરીકે કહ્યાં છે. જિન સિદ્ધાંતના રહસ્યભૂત જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે. અને તેની આઠ સંપદાઓને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારી આઠ અનુપમ સિદ્ધિઓ તરીકે વર્ણવી છે ]

નવકારમંત્રમાં કુલ ૬૮ અક્ષર છે. તેમાં પ્રથમના પાંચ પદ, પાંચ અધ્યયન સ્વરૂપ છે, મંત્રસ્વરૂપ છે. તે પાંચ પદના વ્યંજન સહિત ૩૫ અક્ષરો છે મંત્રશાસ્ત્રમાં અક્ષરોમાં જોડાક્ષર–સંયુક્તાક્ષરને ગુરુ અથવા ભારે અને અન્ય અક્ષરોને લઘુ અથવા હળવા ગણવામાં આવે છે એ પ્રમાણે પ્રથમ પાંચ પદમાં ૩૨ લઘુ અને ૩ ગુરુ અક્ષર છે. પછીનાં ચાર પદ ચૂલિકાનાં છે. તેના વ્યંજન સહિત ૩૩ અક્ષરો છે. તેમાં ૨૯ લઘુ અને ૪ ગુરુ અક્ષરો છે. પ્રત્યેક પદમાં આ દૃષ્ટિએ લઘુગુરુ અક્ષરો કેટલા છે તે જુઓ :

(૧) પ્રથમ પદ नमो अरिहंताणं માં સાત અક્ષર છે. આ સાતે અક્ષર લઘુ છે.

(૨) બીજા પદ–नमो सिद्धाणं માં પાંચ અક્ષરો છે. તેમાં ચાર લઘુ અક્ષર છે અને એક ગુરુ છે.

(૩) ત્રીજા પદ–नमो आयरियाणं માં સાત અક્ષરો છે. એ સાતે અક્ષર લઘુ છે.

(૪) ચોથા પદ–नमो उवज्झायाणंમાં સાત અક્ષરો છે. તેમાં છ લઘુ અને એક ગુરુ છે.

(૫) પાંચમાં પદ–नमो लोए सव्वसाहुणंમાં નવ અક્ષરો છે. તેમાં આઠ લઘુ અને એક ગુરુ છે.

(૬) છઠ્ઠા પદ–एसो पंचनमुक्कारोમાં આઠ અક્ષરો છે, તેમાં સાત લઘુ અક્ષર છે અને એક ગુરુ છે.

(૭) સાતમાં પદ–सव्व पावप्पणासणोમાં આઠ અક્ષર છે. તેમાં ૭ લઘુ અને બે ગુરુ અક્ષર છે.

(૮) આઠમા પદ–मंगलाणं च सव्वेसिंમાં આઠ અક્ષર છે. તેમાં સાત લઘુ અને એક ગુરુ છે.

(૯) નવમાં પદ –પઢમ हवइ मंगलं માં નવ અક્ષર છે. તે નવ અક્ષર લઘુ છે.

આમ, નવકારમંત્રના નવ પદની વર્ણસંખ્યા એટલે અક્ષર–સંખ્યા અનુક્રમે ૭ + ૫ + ૭ + ૭ + ૯ + ૮ + ૮ + ૮ + ૯ = ૬૮ છે. તેમાં લઘુવર્ણ ૬૧ અને ગુરુવર્ણ ૭ છે.

જોડાક્ષરમાં એક અડધો અક્ષર (સ્વરરહિત વ્યંજન) અને એક આખો અક્ષર હોય છે. એટલે ગણિતની દૃષ્ટિએ દોઢ અક્ષર થાય. પરંતુ ભાષામાં, વ્યાકરણમાં અક્ષરોની ગણનામાં જોડાક્ષરને એક જ અક્ષર તરીકે ગણવામાં આવે છે. દોઢ તરીકે નહિ. લઘુ-ગુરુની દૃષ્ટિએ જોડાક્ષર ગુરુ અક્ષર ગણાય છે. એટલે નવકારમંત્રમાં લઘુગુરુની દૃષ્ટિએ અડસઠ અક્ષર છે એ સુપ્રસિધ્ધ છે અને પ્રાચીન સમયથી શાસ્ત્રકારો, કવિઓ એના અડસઠ અક્ષરનો મહિમા ગાતા આવ્યા છે. ઉ.ત. જુઓ:

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;

o o o

સાત અક્ષર છે ગુરુ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર;
સાત સાગરનાં પાતક વર્ણે, પદે પંચાસ વિચાર.

o o o

સઘળા અક્ષર મહિમાવંતા, ગણજો નર ને નાર;
પંચ પરમેષ્ઠી ભાવે નમતાં, ઉતારે ભવ પાર;

કવિતામાં છંદશાસ્ત્રની દૃષ્ટિએ અ, ઇ. ઉ વગેરે પાંચ હ્રસ્વ સ્વર છે. વ્યંજન સહિત હ્રસ્વ સ્વર તે પણ લઘુ સ્વર ગણાય છે અને તેની એક માત્રા ગણાય છે. જોડાક્ષર પૂર્વેના સ્વર ઉપર ભાર આવતો હોવાથી તે સ્વર ગુરુ ગણાય છે. અને તેની બે માત્રા ગણાય ઉ. ત. सिद्धाणंમાં 'सि' હ્રસ્વ સ્વર છે. પણ તેની પછી સંયુક્તાક્ષર 'द्धा' આવતો હોવાથી તે सि દીર્ઘ સ્વર ગણાય છે. છંદશાસ્ત્રમાં પદાન્તે કે ચરણાન્તે આવતો સ્વર પણ ગુરુ ગણી શકાય છે.

વળી, જો તે સ્વર અનુસ્વાર યુક્ત હોય તો પણ તેને ગુરુ ગણી શકાય છે. અને તેની બે માત્રા ગણાય છે. નવકાર-મંત્રમાં પિંગળશાસ્ત્રની દૃષ્ટિએ નીચે પ્રમાણે હ્રસ્વ અને દીર્ઘ સ્વરની–લઘુ અને ગુરુ સ્વરની ગણના કરવામાં આવે છે.

(૧) नमो अरिहंताणं–આ પ્રથમ પદમાં न, अ, रि, એ ત્રણમાં હ્રસ્વ સ્વર છે અને मो, हं, ता. णं એ ચારમાં દીર્ઘ સ્વર છે.

(૨) नमो सिद्धाणं–આ બીજા પદમાં नમાં હ્રસ્વ સ્વર છે અને मो, सि, द्धा, णं એ ચારમાં દીર્ઘ સ્વર છે.

(૩) नमो आयरियाणं — આ ત્રીજા પદમાં न, य, रि, એ ત્રણમાં હ્રસ્વ સ્વર છે અને मो, आ, या, णं એ ચારમાં દીર્ઘ સ્વર છે.

(૪) नमो उवज्झायाणं — આ ચોથા પદમા न, उ એ બેમાં હ્રસ્વ સ્વર છે અને मो, व, ज्झा, या, णं એ પાંચમાં દીર્ઘસ્વર છે.

(૫) नमो लोए, सव्वसाहूणं આ પાંચમાં પદમાં न, व्व એ બેમાં હ્રસ્વ સ્વર છે, અને मो, लो, ए, स, सा, हू, णं એ સાતમાં દીર્ઘ સ્વર છે.

(૬) एसो पंचनमुक्कारो–આ છઠ્ઠા પદમાં 'च' અને 'न' એ બેમાં હ્રસ્વસ્વર છે અને ए, सो, पं, मु, क्का, रो એ દીર્ઘ સ્વર છે.

(૭) सव्वपावप्पणासणो–આ સાતમા પદમાં व्व, प्प, स એ ત્રણમાં હ્રસ્વ સ્વર છે. અને स (પહેલો અક્ષર), पा, व, णा, णो એ પાંચમાં દીર્ઘ સ્વર છે.

(૮) मंगलाणं च सव्वेसिं એ આઠમા પદમાં ग અને च એ બેમાં હ્રસ્વ સ્વર છે અને मं, ला, णं, स, व्वे, सिं એ છમાં દીર્ઘ સ્વર છે.

(૯) पढमं हवइ मंगलं એ નવમા પદમાં प, ढ, ह, व, इ, ग એ છમાં હ્રસ્વસ્વર છે અને मं, मं, लं એ ત્રણમાં દીર્ઘસ્વર છે.

આમ નવકારમંત્રના નવ પદમાં ૩ + ૧ + ૩ + ૨ + ૨ + ૨ + ૩ + ૨ + ૬ = ૨૪ હ્રસ્વસ્વર અને ૪ + ૪ + ૪ + ૫ + ૭ + ૬ + ૫ + ૬ + ૩ = ૪૪ દીર્ઘ સ્વર છે.

ચોવીસ હ્રસ્વસ્વર ચોવીસ તીર્થંકરના પ્રતીકરૂપ બની રહે છે અને ૪૪ દીર્ઘસ્વર ચોવીસ તીર્થંકર તથા વીસ વિહરમાન જિનેશ્વર એમ મળીને ૪૪ અરિહંત પરમાત્માના પ્રતીકરૂપ બની રહે છે.

નવકારમંત્રના અધ્યયનસ્વરૂપ પ્રથમ પાંચ પદના પાંત્રીસ અક્ષર છે. તેમાં પ્રથમ પદ **नमो अरिहंताणं** ના સાત અક્ષર છે. અને તેવી જ રીતે ત્રીજા અને ચોથા પદના પણ પ્રત્યેકના સાત સાત અક્ષર છે. બીજા પદના પાંચ અક્ષર છે, તો પાંચમા પદના નવ અક્ષર છે. એ રીતે બીજા અને પાંચમા પદના મળીને ચૌદ અક્ષર થાય છે. એટલે એ બે પદના સરેરાશ સાત સાત અક્ષર થાય. પાંચે પદના સાથે અક્ષર ગણવામાં આવે તો પણ પાંત્રીસ અક્ષર પ્રમાણે પ્રત્યેક પદના સરેરાશ સાત અક્ષર આવે અને સાતનો અંક પણ ઓંકારસ્વરૂપ અને અખંડિત મનાય છે. કોઇકને કદાચ પ્રશ્ન થાય કે પાંચમા પદમાં **लोए** અને **सव्व** એ બે પદ પાંત્રીસની સંખ્યા પૂરી કરવા માટે તો નથી બેસાડી દેવામાં આવ્યાં ને? તેમ થયું હોય તો પણ તે પ્રયોજન ગૌણ હોઇ શકે. **लोए** અને **सव्व** એ બે પદ એવાં છે કે માત્ર પાંચમા પદમાં નહિ, પ્રત્યેક પદમાં તે પ્રયોજી શકાય છે. **नमो लोए सव्व अरिहंताणं** કે **लोए सव्व सिद्धाणं** જેવી પદરચના પણ થઇ શકે છે. એકલું **सव्व** પદ કે એકલું **लोए** પદ પણ પ્રથમ ચાર પદમાં પ્રયોજી શકાય છે. મંત્રમાં બીજા પદમાં માત્ર **सव्व** પદ ઉમેરીને અને પાંચમાં પદમાં માત્ર **लोए** રાખીને પ્રત્યેક પદના સાત સાત અક્ષર સ્પષ્ટ રીતે કરી શકાયા હોત. તેમ છતાં બીજા પદના પાંચ અક્ષર રાખી પાંચમા પદના નવ અક્ષર કેમ કરાયા હશે એવો પ્રશ્ન થાય. વસ્તુતઃ **लोए** અને **सव्व** એ બે શબ્દ પાંચમા પદમાં જ સુસંગત અને સર્વ દૃષ્ટિએ ઉચિત છે. **लोए** અથવા **सव्व** શબ્દમાંથી કોઇ એક શબ્દ અથવા તે બંને શબ્દો આરંભના કોઈ પણ પદમાં મૂકવામાં આવે તો અર્થની દૃષ્ટિએ ફરક નહિ પડે; પણ ત્યાર પછીના પદમાં તે અવશ્ય મૂકવાં જ પડે, નહિ તો અર્થ મર્યાદિત થાય અને સંશય જન્માવે. **नमो सव्व सिद्धाणं** પદ પછી **नमो सव्व आयरियाणं** ન હોય અને માત્ર **नमो आयरियाणं** હોય તો મનમાં પ્રશ્ન થાય કે શું બધા આચાર્યોને નમસ્કાર નહિ હોય? એવી જ રીતે **लोए** શબ્દ બીજા પદમાં પ્રયોજવામાં આવે અને પછી ન પ્રયોજાય તો પણ અર્થ મર્યાદિત છે કે કેમ તે વિશે સંશય રહે, એટલે લોए અને **सव्व** બંને શબ્દો પાંચમા પદમાં વપરાયા છે તે જ સર્વ રીતે યોગ્ય છે કારણ કે છેલ્લા પદમાં હોય તો ઉપરનાં ચારે પદમાં એ અર્થ આપોઆપ આવી જ જાય છે એમ સ્વાભાવિક તર્કથી પણ સમજી શકાય. વળી પદના અક્ષરોની દૃષ્ટિએ પણ સાતના સંખ્યાંકની સાથે પાંચ અને નવના સંખ્યાંક પણ એટલા જ પવિત્ર મનાયા છે. એટલે પ્રત્યેક પદના સરેરાશ સાત અક્ષર થવા સાથે પાંચ, સાત અને નવ એ ત્રણે સંખ્યાંક ગૂંથી લેવાયા છે. વળી લયબદ્ધ આલાપકની દૃષ્ટિએ પણ તે સુસંગત, સુસંવાદી અને વૈવિધ્યમય બન્યા છે.

નવકારમંત્રમાં વ્યંજનરહિત સ્વર આ પ્રમાણે છે: (મંત્રમાં તે કેટલી વાર આવે છે તેના સંખ્યાંકો કૌંસમાં જણાવ્યા છે): અ (૧), આ (૧), ઇ (૧), ઉ (૧), એ (૨). સ્વરસહિત સંયુક્તાક્ષરો આ પ્રમાણે છે: ક્કા (૧), જ્ઝા (૧), દ્ધા (૧), પ્પ (૧), વ્વ (૨), વ્વે (૧). 'અ' સ્વર અને 'અ' સ્વરસહિત એટલે કે અકારાન્ત વ્યંજન આ પ્રમાણે છે: અ (૧), ગ (૨), ચ (૨), ઢ (૧), ન (૬), પ (૧), મ (૧), વ (૩), સ (૪), હ (૧), પ્પ (૧), વ્વ (૨). 'આ' સ્વર અને આકારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે: આ (૧), ક્કા (૧), જ્ઝા (૧), ણા (૧), તા (૧), દ્ધા (૧), પા (૧), યા (૨), લા (૧), સા (૧) 'ઇ' સ્વર અને ઇકારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે: ઇ (૧), રિ (૨), સિ (૧), સિં (૧). ઉ અને ઊ સ્વર સહિત ઉકારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે: ઉ (૧), મુ (૧), હૂ (૧). 'એ સ્વર અને એકારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે: એ (૨), વ્વે (૧). ઓકારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે: ણો (૧), મો (૫), રો (૧), લો (૧), સો (૧). અંકારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે: ણં (૬), પં (૧), મં (૩), લં (૧), હં (૧). આમ અકારાન્ત (૨૫), આકારાન્ત (૧૧) ઇકારાન્ત (૫), ઉકારાન્ત (૩), એકારાન્ત (૩), ઓકારાન્ત (૯) અને અંકારાન્ત (૧૨)–એમ ૬૮ અક્ષરો છે. નવકારમંત્રમાં કંઠસ્થાનીય વ્યંજનો આ પ્રમાણે છે: ક્કા (૧), ગ (૨). તાલવ્ય વ્યંજન આ પ્રમાણે છે: ચ (૨), જ્ઝા (૧). મૂર્ધન્ય વ્યંજનો આ પ્રમાણે છે: ઢ (૧), ણં (૬), ણા (૧), ણો (૧). દંત્ય વ્યંજનો આ પ્રમાણે છે: તા (૧), ન (૬), દ્ધા (૧). ઓષ્ઠ–સ્થાનીય વ્યંજનો આ પ્રમાણે છે: પ (૧), પા (૧), પ્પ (૧), પં (૧), મુ (૧), મો (૫), મં (૩), અર્ધસ્વર આ પ્રમાણે છે: મ (૧), યા (૨), રિ (૨), રો (૧), લા (૧), લો (૧), લં (૧), વ (૩), વ્વ (૨), વ્વે (૧). ઉષ્માક્ષરો આ પ્રમાણે છે: સ (૪), સા (૧), સો (૧), સિ (૧), સિં (૧), હ (૧), હૂ (૧), હં (૧).

આમ નવકારમંત્રમાં ૬ સ્વર અને ૬૨ સ્વરયુક્ત વ્યંજન (૩ + ૩ + ૯ + ૮ + ૧૩ + ૧૫ + ૧૧) એમ કુલ ૬૮ વર્ણ અથવા અક્ષર છે. ૬ શુદ્ધ સ્વર છે અને સંયુક્તાક્ષરમાં રહેલા એવા કેવળ વ્યંજનો સાત છે. એમાં વ્યંજન વ્ ત્રણ વાર વપરાયો છે.

નવકારમંત્રમાં ખ, ઘ, છ, ટ, ઠ, ડ, ધ, ફ, બ, ભ, શ, ષ જેવા વ્યંજનો વપરાયા નથી. જો કે આમાંના ઘણા વ્યંજનો અન્ય મંત્રોમાં પણ ઓછા વપરાયેલા કે ન વપરાયેલા જોવા મળશે. વળી નવકારમંત્ર અર્ધમાગધીમાં હોવાથી તેમાં श, ष જેવા વ્યંજનોને અવકાશ નથી.

આ પૃથક્કરણ ઉપરથી જોઇ શકાશે કે નવકારમંત્રમાં અનુનાસિક સ્વર અને અનુનાસિક વ્યંજનોનું સંખ્યા-પ્રમાણ સૌથી વધારે છે. ૬૮ અક્ષરમાં વૈવિધ્યની દૃષ્ટિએ સ્વરો અને વ્યંજનો ઠીક ઠીક પ્રમાણમાં વપરાયેલા જોવા મળશે. કેટલાક મંત્રો અક્ષરોની દૃષ્ટિએ કષ્ટોચ્ચાર્ય હોય છે. નવકારમંત્ર કષ્ટોચ્ચાર્ય નથી. તરત જીભે ચડી જાય એવો આ મંત્ર છે. બાળક બોલતાં શીખે એની સાથે નવકારમંત્ર બોલતાં શીખી શકે એટલી સરળતા એના ઉચ્ચારણમાં છે. ભાષાની દૃષ્ટિએ જેને હજુ સરખું બોલતાં ન આવડતું હોય એવાં દોઢ–બે–અઢી વર્ષનાં બાળકો નવકારમંત્ર હોંશે હોંશે બોલતાં શીખી ગયાં હોય એવાં અનેક દૃષ્ટાંતો જોવા મળશે. મુખના ઉચ્ચારણના અવયવોની ખોડ કે ખામીવાળા માણસો પણ નવકારમંત્ર બોલી શકતા હોય છે.

નવકારમંત્રના અધ્યયનસ્વરૂપ કે મંત્રસ્વરૂપ એવાં પહેલાં પાંચ પદ 'નમો' શબ્દથી શરૂ થાય છે. આ શબ્દનાં બંને વ્યંજનો અનુનાસિક વ્યંજનો છે. અનુનાસિક ઉચ્ચારણ સરળ, શ્રમવિનાનું અને કર્ણપ્રિય હોય છે. મુખ ખોલ્યા વગર પણ અનુનાસિક ઉચ્ચારણ થઇ શકે છે. બાળક બોલતાં શીખે છે ત્યારે 'ના', 'મા' જેવા એકાક્ષરી શબ્દો પહેલાં ઉચ્ચારવા લાગે છે. એટલે નવકારમંત્રમાં 'નમો' પદના ઉચ્ચારણમાં મુખના ઉચ્ચારણ અવયવોને ઓછું કાર્ય કરવું પડે છે અને તેથી તેના ઉચ્ચારણમાં અભાવ, આનાકાની કે પ્રતિક્રિયા થવાનો સંભવ રહેતો નથી.

વળી નવકારમંત્રના સ્વર-વ્યંજનો વિશે એમ કહેવાય છે કે તે દરેકમાં એટલું બધું સામર્થ્ય છે કે બાલ્યાવસ્થા, ઉચ્ચારણના અવયવોની ખોડ, શીખાઉ અવસ્થા કે અજ્ઞાનને કારણે તે સ્વરવ્યંજનનું અશુદ્ધ કે આઘુંપાછું ઉચ્ચારણ થઇ જાય અથવા એકને બદલે અન્ય સ્વર કે અન્ય વ્યંજનનું જો ઉચ્ચારણ થઇ જાય તો પણ તેનો કંઇક મહત્ત્વનો અને અનુરૂપ અર્થ અવશ્ય થાય જ છે. વળી, તેવા ઉચ્ચારણમાં અશાતનાનો દોષ લાગતો નથી. નમસ્કારમંત્રના ચિંતકોએ આ મંત્રનાં એવાં કેટલાંયે સંભવિત અન્ય ઉચ્ચારણોનાં ઉદાહરણ આપીને તેનો પણ સરસ અર્થ ઘટાવી આપ્યો છે. એકલા પ્રથમ પદ 'નમો અરિહંતાણં'ના પણ કેટલા બધા અર્થ પૂર્વસૂરિઓએ દર્શાવ્યા છે। એ પરથી સમજાશે કે નવકારમંત્રમાં સ્વરવ્યંજનના ઉચ્ચારણમાં, અન્ય મંત્રોની જેમ અશુદ્ધિના દોષ ઉપર ભાર મૂકીને તેનો ભય બતાવવામાં નથી આવ્યો. અલબત્ત, તેમ છતાં શુદ્ધિ માટેનો આગ્રહ તો અવશ્ય ઇષ્ટ ગણાયો છે.

શું મંત્રદ્રષ્ટાઓ પહેલાં બધા સ્વરવ્યંજનોનો વિચાર કરી, તેમાંથી પસંદગી કરી, અમુક ક્રમે તેને ગોઠવીને મંત્રની રચના કરતા હશે? આ પ્રશ્નોનો જવાબ એ છે કે મંત્રરચના એ કોઇ બૌદ્ધિક વ્યાયામ નથી, પરંતુ મંત્રદ્રષ્ટાઓને પોતાની વૈયક્તિક સાધના અનુસાર સ્વરૂપ, પ્રયોજન, આરાધના, કાર્યસિદ્ધિ, ઇત્યાદિની દ્રષ્ટિએ પોતાના આત્મ-સ્વરૂપમાં, આત્મસંવેદનામાં જે સ્વરવ્યંજનો સહજ રીતે ઊઠતા, અનુભવતા હશે તે જ સ્વરવ્યંજનો એની મેળે ગોઠવાઇ જઇને મંત્રસ્વરૂપ બની જતા હશે. આ એક અત્યંત સૂક્ષ્માતિસૂક્ષ્મ અનુભૂતિનો વિષય છે. તેમાં પણ બે સાધકોની અનુભૂતિ જુદી જુદી હોઇ શકે છે. એટલે એમાં કોઇ એક જ નિશ્ચિત નિયમ ન પ્રવર્તી શકે.

નવકારમંત્રના અક્ષરો રહસ્યમય અને સાંકેતિક છે. નવકારમંત્રમાં જે રીતે તે સ્થાન પામ્યા છે તેમાં તેનું માત્ર ગાણિતિક દષ્ટિએ પણ વિશિષ્ટ પ્રયોજન જોઇ શકાય છે. નવકારમંત્ર અક્ષરોની દષ્ટિએ સર્વસંગ્રહ છે. એમ દર્શાવતાં પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ 'અનુપ્રેક્ષા' ગ્રંથમાં લખે છે: 'નવકારમાં ચૌદ 'ન' કાર છે. [ પ્રાકૃત ભાષામાં 'ન' અને 'ણ' બંને વિકલ્પે આવે છે. ] તે ચૌદ પૂર્વોને જણાવે છે. અને નવકાર ચૌદ પૂર્વ રૂપી શ્રુતજ્ઞાનનો સાર છે એવી પ્રતીતિ કરાવે છે. નવકારમાં બાર 'અ' કાર છે તે બાર અંગોને જણાવે છે. નવ 'ણ' કાર છે તે નવનિધાનને સૂચવે છે. પાંચ 'ન' કાર પાંચ જ્ઞાનને, આઠ 'સ'કાર આઠ સિદ્ધને, નવ 'મ' કાર ચાર મંગળ અને પાંચ મહાવ્રતોને, ત્રણ 'લ' કાર ત્રણ લોકને, ત્રણ 'હ' કાર આદિ, મધ્ય અને અંત્ય મંગળને, બે 'ચ' કાર દેશ અને સર્વ ચારિત્રને, બે 'ક' કાર બે પ્રકારના ઘાતી-અઘાતી કર્મોને, પાંચ 'પ' કાર પાંચ પરમેષ્ઠિને, ત્રણ 'ર' કાર (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી) ત્રણ રત્નોને, ત્રણ 'ય' કાર (ગુરુ અને પરમગુરુ એમ) બે પ્રકારના ગુરુઓને, બે 'એ' કાર સાતમો સ્વર હોવાથી સાત રાજ ઉર્ધ્વ અને સાત રાજ અધો એવા એવા ચૌદ રાજલોકને સૂચવે છે.

મૂળ મંત્રના ચોવીસ ગુરુ અક્ષરો ચોવીસ તીર્થંકરો રૂપી પરમ ગુરુઓને અને અગિયાર લઘુ અક્ષરો વર્તમાન તીર્થપતિના અગિયાર ગણધર ભગવંતોરૂપી ગુરુઓને પણ જણાવનારા છે.'

નવકારમંત્રના અક્ષરનો મહિમા દર્શાવતાં વળી કહેવાયું છે:

मन्त्रपंच नमस्कार कल्पकारस्कराधिकः ।
अस्ति प्रत्यक्षराष्टाग्रोत्कृष्टविद्यासहस्रक: ॥
(શ્રી સુકૃતસાગર-તરંગ ૫; પેથડ ચરિત્ર)

[કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળા પંચ-પરમેષ્ઠિ નમસ્કારના પ્રત્યેક અક્ષર ઉપર એક હજારને આઠ વિદ્યાઓ રહેલી છે]

नवकार एक्क अक्खर पावं फेडेइ सत्तअयराणं ।
पन्नासं च पएण सागर पणसय समग्गेणं ॥

( શ્રી નવકારમંત્રનો એક અક્ષર સાત સાગર (સાગરોપમ)નાં પાપનો નાશ કરે છે. તેના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે.)

શ્રી કુશળલાભ વાચક 'નવકારમંત્રના છંદ'માં એનો મહિમા વર્ણવતાં આરંભમાં જ કહે છે:

અડસઠ અક્ષર અધિક ફલ, નવ પદ નવે નિધાન,
વીતરાગ સ્વયં મુખ પદે, પંચ પરમેષ્ઠિ પ્રધાન;
એક જ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય,
સંચિત સાગર સાતનાં પાતિક દૂર પલાય.

નવકારમંત્રમાં જેને નમસ્કાર કરવામાં આવ્યો છે તે પદો- अरिहंताणं, सिद्धाणं, आयरियाणं, उवज्झायाणं, साहूणं પદો વ્યક્તિવાચક નહિ પણ જાતિવાચક કે ગુણવાચક હોવાથી જ નવકારમંત્ર સર્વવ્યાપક અને સનાતન રહ્યો છે. એથી જ આ મંત્ર અન્ય ધર્મને પણ સ્વીકાર્ય બની શકે છે. એનાં ગુણવાચક પદોની આ મહત્તા છે.

નવકાર મંત્રના પાંચ પદ, ચૂલિકાનાં ચાર પદ, અને ચૂલિકા સહિત નવપદના સંખ્યાંક પ્રમાણે તથા તે દરેકના સ્વર, વ્યંજન, માત્રા વગેરેના સંખ્યાંક પ્રમાણે તથા તેના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે કરવાથી પ્રાપ્ત થતાં સંખ્યાંક પ્રમાણે તેની સાથે ત્રણ તત્ત્વ, ચાર કષાય, ચાર ગતિ, પાંચ આચાર, પાંચ મહાવ્રત, પાંચ જ્ઞાન, છ દ્રવ્ય, સાત નય, આઠ કર્મ, નવતત્ત્વ, નવનિધિ, અગિયાર ગણધર, દ્વાદશાંગી, ચૌદ ગુણસ્થાન, ચૌદ રાજલોક, બાવીસ પરીષહ, ચોવીસ તીર્થંકર વગેરેનો સંખ્યાંક જોડીને તેનો મહિમા બતાવાય છે. અમુક રીતે ગુણાકાર વગેરે કરવાથી સર્વ શ્રુત જ્ઞાનના અક્ષરોની સંખ્યા પણ આવે છે એમ દર્શાવાય છે. એકંદરે નવકારમંત્રના અક્ષરો મંત્રરૂપ હોવાથી અને તેની વિવિધ સંખ્યા સાંકેતિક હોવાથી તે નવકારમંત્રના મહિમાને સવિશેષ દર્શાવે છે. આમાં ઉપલક દષ્ટિએ

કોઈને માત્ર ગણિતની રમત દેખાય, પરંતુ અનુપ્રેક્ષા દ્વારા જેમને સૂક્ષ્મ અનુભૂતિ થઈ હોય તેમને પ્રત્યેક અક્ષર યથાસ્થાને, યથાર્થ અને પરમ રહસ્યનો બોધ કરાવનાર અને સમગ્રપણે મોક્ષમાર્ગના પ્રયાણ માટે પથપ્રદર્શક લાગે છે.

હજારો વર્ષથી જે મંત્ર અખંડિતપણે ચાલ્યો આવતો હોય એમાં જુદીજુદી પરંપરામાં કોઈ કોઈ અક્ષરમાં ફરક પડયો છે, પણ તેનું ખાસ મહત્ત્વ નથી. વળી પદની દષ્ટિએ, અર્થ અને ભાવની દષ્ટિએ તેમાં કશોજ ફરક પડયો નથી.

શ્વેતામ્બર પરંપરામાં કોઈક ફિરકાના કેટલાક લોકોમાં अरिहंताणं ને બદલે अरहंताणं શબ્દ બોલાય છે. [अरिहंताणं ને બદલે अरहंताणं અથવા अरूहंताणं પાઠ પ્રાચીન ગ્રંથોમાં પણ મળે છે.] नमो लोए सव्वसाहूणं ને બદલે नमो सव्वसाहूणं એવો પાઠ પણ ભગવતી સૂત્રમાં મળે છે.

દિગમ્બર પરંપરામાં आयरियाणं ને બદલે आइरियाणं, नमुक्कारो ને બદલે णमोयारो અને हवइने બદલે होइ પાઠ વધુ બોલાય છે.

નવકારમંત્રમાં પ્રથમ પદ नमो ને બદલે णमो પણ વપરાય છે. શ્વેતામ્બરોમાં नमो અને દિગમ્બરોમાં णमो એકંદરે વધુ પ્રચલિત છે, તેમ છતાં બંને પદ બને સંમ્પ્રદાયોમાં વિકલ્પે વપરાય છે.

નવકારમંત્રમાં જે नमो પદ છે તેમાં પ્રથમ વ્યંજન દંત્ય તરીકે न બોલાય છે. અને વિકલ્પે મૂર્ધન્ય 'ण' પણ બોલાય છે. સંસ્કૃત ભાષામાં 'न' જેટલો પ્રચલિન છે. તેટલો 'ण' નથી, પરંતુ પ્રાકૃતમાં–અર્ધમાગધીમાં 'न' કરતાં 'ण' વધુ પ્રચલિત છે. નવકારમંત્ર પ્રાકૃત ભાષામાં હોવાથી नमो ને બદલે णमो બોલાય–લખાય તે વધુ યોગ્ય છે એમ કેટલાક માને છે. પ્રાકૃતમાં 'न' ને સ્થાને 'ण' નો આદેશ થાય છે. વરરુચિ નામના વૈયાકરણ પ્રમાણે પ્રાકૃતમાં 'न' નો 'ण' થવો જોઈએ. 'પ્રાકૃત પ્રકાશ' નામના વ્યાકરણગ્રંથમાં 'नो ण सर्वत्र।' નામનું સૂત્ર આપ્યું છે, જે બતાવે છે કે પ્રાકૃતમાં બધે જ न નો ण થાય છે, પરંતુ હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ શબ્દાનુ–શાસનમાં આ અંગે वादौ સૂત્ર (૮–૧–૨૨૯) આપ્યું છે. તે પ્રમાણે वा એટલે વિકલ્પે અને आदौ એટલે આદિમાં અર્થાત્ શબ્દારંભે રહેલો અસંયુક્ત न નો ण થાય છે. પ્રાકૃતમાં લખાયેલા કેટલાક ગ્રંથોમાં न નો વિકલ્પે ण જોવા મળે છે. વળી હસ્તપ્રતોમાં પણ न અને ण એ બંને અનુનાસિક વ્યંજનો વિકલ્પે લખાયેલા જોવા મળે છે. વળી ઓરિસ્સાની ઈસવીસન પૂર્વેની ગુફામાં नमो કોતરાયેલું તથા મથુરાના સ્તુપ ઉપર પણ नमो કોતરાયેલું જોવા મળે છે. આમ અત્યંત પ્રાચીન કાળથી બંને પદો પ્રચલિત રહ્યાં છે. એટલે न અને ण એ બંને પ્રયોગો શુદ્ધ છે એમ કહી શકાય. માટે જ नमों ને બદલે णमो હોય અથવા नमुक्कारो ને બદલે णमुक्कारो હોય તો તે બંને સાચાં છે. પરંતુ नमो ને બદલે णमो જ થવું જોઈએ એવો આગ્રહ યોગ્ય નથી.

મંત્રશાસ્ત્રની દષ્ટિએ णमो અને नमो એ બંને પદ યોગ્ય છે. મંત્ર શાસ્ત્રની દષ્ટિએ અ થી હ સુધીના બધા જ અક્ષરો મંત્રસ્વરૂપ છે. માતૃકાક્ષરોનાં જે શુભાશુભ ફલ મંત્રશાસ્ત્રના ગ્રંથોમાં દર્શાવવામાં આવ્યાં છે તેમાં न ને 'સંતોષ આપનાર' તરીકે અને ण ને 'શ્રમ કરાવનાર' તરીકે ઓળખાવાયો છે. વળી મંત્રાભિધાન'માં ण નાં ૨૦ નામો આપવામાં આવ્યા છે: જેમકે (૧) નિર્ગુણ (૨) રતિ (૩) જ્ઞાન (૪) જૃંભન (૫) પક્ષિવાહન (૬) જયા (૭) શંભુ (૮) નરકજિત (૯) નિષ્કલ (૧૦) યોગિનીપ્રિય (૧૧) દ્વિમુખ (૧૨) કોટવી (૧૩) શ્રોત્ર (૧૪) સમૃદ્ધિ (૧૫) બોધિની (૧૬) રાધવ (૧૭) શંખિની (૧૮) વીર (૧૯) નારાયણ (૨૦) નિર્ણય.

એમાં न નાં ૩૫ નામ નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે: જેમ કે (૧) ગર્જિની (૨) ક્ષમા (૩) સૌરિ (૪) વારુણી (૫) વિશ્વિપાવની (૬) મેષ (૭) સવિતા (૮) નેત્ર (૯) દંતુર (૧૦) નારદ (૧૧) અંજન (૧૨) ઉર્ધ્વવાસી (૧૩) દ્વિરંડ (૧૪) વામપાદાંગુલિમુખ (૧૫) વૈનતેય (૧૬) સ્તુતિ (૧૭) વર્ત્મનૂ (૧૮) તરણિ (૧૯) વાલિ (૨૦) આગળ (૨૧) વામન (૨૨) જ્વાલિની (૨૩) દીર્ઘ (૨૪) નિરીહ (૨૫) સુગતિ (૨૬) વિયત્ (૨૭) શબ્દાત્મા (૨૮) દીર્ઘઘોણા (૨૯) હસ્તિનાપુર (૩૦) મંચક (૩૧) ગિરિનાયક (૩૨) નીલ (૩૩) શિવ (૩૪) અનાદિ (૩૫) મહામતિ.

આમ ण કરતાં न નો મહિમા મંત્રશાસ્ત્રની દષ્ટિએ પણ વધુ બતાવવામાં આવ્યો છે.

છંદશાસ્ત્રની દષ્ટિએ ण દગ્ધાક્ષર હોવાથી નિષિદ્ધ મનાયેલો છે. તત્ત્વજ્ઞાનની દષ્ટિએ ण જ્ઞાનનો વાચક છે. માટે તે મંગલમય છે. તેવી રીતે न પણ જ્ઞાનનો વાચક છે અને તે પણ મંગલમય મનાય છે.

આમ નવકારમંત્રમાં नमो અને णमो બંને પદ વિકલ્પે વપરાય છે. બંને શુદ્ધ અને સાચાં છે. તેમ છતાં णमो કરતાં नमोનો મહિમા વધુ મનાયો છે. વળી नमो પદ વધુ પ્રચલિત રહ્યું છે.

નવમું પદ पढमं हवइ मंगलम् ને બદલે पढमं होइ मंगलं એ પ્રમાણે પણ બોલાય છે. શ્વેતામ્બરોમાં हवइ અને દિગમ્બરોમાં होइ વિશેષપણે બોલાય છે.

અર્થની દ્રષ્ટિએ हवइ અને होइ બંને બરાબર છે. અને બંને સાચાં છે. हवइ અને होइ એ બંને પદ વ્યાકરણની દષ્ટિએ વર્તમાનકાળમાં તૃતીય પુરુષ એકવચનમાં વપરાય છે. તેનું મૂળ ધાતુ 'हो' છે. સંસ્કૃત ભાષામાં भू ધાતુ ઉપરથી વર્તમાનકાળમાં તૃતીય પુરુષ એકવચનમાં भवति થાય છે. તે પ્રમાણે પ્રાકૃતમાં हवइ અથવા होइ થાય છે.

પરંતુ होइ કરતાં हवइ વધુ પ્રચલિત છે, કારણ કે જો होइ બોલવામાં આવે તો ચૂલિકાના ચાર પદના ૩૨ અક્ષર થશે એટલે કે નવકારમંત્રના ૬૭ અક્ષર થશે. हवइ બોલવાથી ચૂલિકાના ૩૩ અક્ષર થશે. અને નવકારમંત્રના ૬૮ અક્ષર થશે. ચૂલિકાના ૩૩ અક્ષર [तितीस अक्खर] છે અને તેમાં નવમા પદમાં हवइ છે એવો સ્પષ્ટ નિર્દેશ 'મહાનિશીથ સૂત્ર'માં થયેલો છે તે જુઓ :

तहेव इक्कारसपयपरिच्छिन्नति आलावगतित्तीस अक्खर-परिमाणं एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं तिचूलम् ।

દિગમ્બર ગ્રંથ મૂલાચારના ષડાવશ્યકાધિકારમાં નીચેની ગાથા આપેલી છે:

एसो पंचणमोयारो सव्वपावप्पणासणो ।
मंगलेसु य सव्वेसु, पढमं हवति मंगलं ॥

આ ગાથા દિગમ્બર શાસ્ત્રોમાં છે. અને તેમની પૂજન-વિધિમાં પણ આવે છે. આમાં हवदि છે જે ઉપરથી हवइ થાય અને તે વધુ પ્રચલિત છે. અને તેમાં છેલ્લા પદમાં ૯ અક્ષર છે એટલે આ શ્લોકના ૩૨ ને બદલે ૩૩ અક્ષર થાય છે.

નવકારમંત્રમાં ચૂલિકા અનુષ્ટુપ છંદમાં છે. અને અનુષ્ટુપ છંદમાં પ્રત્યેક ચરણ આઠ અક્ષરનું હોય છે. એ રીતે ચૂલિકાના ચાર ચરણના ૩૨ અક્ષર થાય. એટલે છેલ્લા ચરણમાં होइ લઇએ તો ૩૨ અક્ષર બરાબર થાય અને हवइ લેતાં ૩૩ અક્ષર થાય અને તેથી છંદોભંગનો દોષ આવે એવી એક દલીલ કરવામાં આવે છે, પરંતુ અનુષ્ટુપ છંદમાં ૩૨ ને બદલે વિકલ્પે ૩૩ અક્ષર હોય એવાં અનેક ઉદાહરણ ઉત્તરાધ્યયન, દશ-વૈકાલિક વગેરેની ગાથાઓમાંથી મળશે. છંદની આ છૂટ પરાપૂર્વથી લેવાતી આવી છે, વિશેષત: પ્રાકૃત કવિતામાં. એટલે નવકારમંત્રમાં हवइ પદને લીધે ચૂલિકાના અનુષ્ટુપ છંદના ૩૩ અક્ષર થાય છે. એ છંદોભંગનો દોષ નથી વળી ચૂલિકાના ૩૨ ને બદલે ૩૩ અક્ષરનું પ્રયોજન અન્ય એક દષ્ટિએ દર્શાવવામાં આવે છે. 'નમસ્કારાવલિકા' નામના ગ્રંથમાં નવકારમંત્રનો મહિમા બતાવતાં જણાવ્યું છે કે કોઇ ખાસ પ્રયોજન કે પ્રસંગ ઉપસ્થિત થાય તે વખતે ચૂલિકાનાં ચાર પદોનું ધ્યાન ધરવું. એ ધ્યાન કર્ણિકા સહિત બત્રીસ પાંખડીના કમળનું ધરવાનું હોય છે. અને તે દરેક પાખડીમાં એક એક અક્ષર અને એક અક્ષર કર્ણિકામાં એમ ૩૩ અક્ષરનું સ્થાપન કરીને ધ્યાન ધરવાનું ગ્રંથકારે ફરમાવ્યું છે. એટલે ચૂલિકાના ૩૩ અક્ષરો હોય તો જ આવું કમળની પાંખડીઓવાળું ધ્યાન ધરી શકાય. એટલે ચૂલિકાના ૩૩ અક્ષરોને એનું સમર્થન મળે છે.

નવકારમંત્રના ધ્યાનના ક્રમમાં પણ અક્ષરો અને પદોનું મહત્ત્વ છે. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ 'નમસ્કાર મીમાંસા'માં લખે છે, 'પ્રથમ અક્ષરમય, પછી પદમય, પછી રૂપસ્થ અને છેલ્લે રૂપાતીત એ ધ્યાનનો ક્રમ છે. અક્ષરધ્યાન આકૃતિ અને વર્ણ ઉભય પ્રકારે કરાય છે. મંત્રનો દરેક અક્ષર પવિત્ર છે, કેમકે તે વડે મંત્ર દેવતાના દેહનું નિર્માણ થાય છે. મંત્રનું આત્મા સાથે – આત્માની ચિત્તશક્તિ સાથે અનુસંધાન થવું તે શબ્દાનુસંધાન છે. અક્ષરમય ધ્યાન વડે શબ્દાનુસંધાન, પદમય ધ્યાન વડે અર્થાનુસંધાન અને રૂપસ્થ ધ્યાન વડે તત્ત્વાનુસંધાન થાય છે.' વળી તેઓ 'નમસ્કાર મીમાંસા'માં લખે છે : 'મંત્ર દષ્ટિએ નમસ્કારના વર્ણો પરમ પવિત્ર છે. પવિત્ર પુરુષોના મુખમાંથી નીકળેલા છે. અને પરમ પવિત્ર એવા પરમેષ્ઠિ પદને પમાડનારા છે. શબ્દશક્તિ અચિંત્ય છે; અભેદ-પ્રણિધાન કરાવનારા છે; ધ્વનિરૂપે અનાહત નાદ સુધી પહોંચાડનારા છે. અને જ્ઞાનરૂપે અવ્યક્ત એવા આત્મતત્ત્વને પમાડનાર છે. પ્રથમ વર્ણોચ્ચાર પછી વર્ણચ્યુતિ, ત્યાર પછી અનાહત નાદ અને અંતે અવ્યક્તની પ્રાપ્તિ, એવો ક્રમ છે.'

નવકારમંત્ર આવો પરમ અદ્વિતીય મંત્ર ગણાતો હોવા છતાં આપણી અસપાસ નજર કરીએ તો જણાશે કે સંસારના અનેક મનુષ્યોને નવકારમંત્રની કંઇ જ ખબર નથી. શાસ્ત્રકારો કહે છે કે મંત્રમાં રહેલા મંત્રસ્વરૂપ અક્ષરોની જીવનમાં પ્રાપ્તિ થવી એ પણ પૂર્વના પુણ્યોદય વિના, તેવા પ્રકારના શુભ કર્મના ઉદય વિના શક્ય નથી. માણસ અનેકને નમવાની દ્રવ્યક્રિયા કરતો હોય અને છતાં નવકારમંત્ર સુધી પહોંચી શકયો ન હોય. નવકારમંત્રની પ્રાપ્તિ માટે યોગ્ય એવી હળવી કર્મસ્થિતિ વિના જીવ નવકારમંત્રના પ્રથમ પદ 'નમો અરિહંતાણ'ને તો શું પણ પ્રથમ પદના પ્રથમ અક્ષર न ને પામી શકતો નથી. માણસ વર્ણમાળાના न અક્ષરનું ઉચ્ચારણ પોતાના જીવનમાં અનેકવાર, અસંખ્યવાર કરતો હોવા છતાં નવકારમંત્રના મંત્ર-સ્વરૂપ અક્ષર न સુધી તે પહોંચી શકતો નથી.

નવકારમંત્રની જાણ થયા પછી, એના અર્થની સમજણ પામ્યા પછી પણ શ્રદ્ધાપૂર્વક પંચપરમેષ્ઠિ પ્રત્યે પ્રીતિ, ભક્તિ વગેરે પ્રગટ થવાનું સરળ નથી. નવકારમંત્ર સરળ મંત્ર છે, છતાં તેને જીવનમાં સાચી રીતે પામવો, સારી રીતે જીવનમાં તે પ્રતિષ્ઠિત થવો કે સિદ્ધ થવો એ અત્યંત દુર્લભ મનાયો છે. એટલા માટે જ કહેવાયું છે કે :–

विज्झइ राहा वि फुडं
उम्मूलिज्जइ गिरी वि मूलाओ ।
गम्मइ गयणयलेणं
दुलहो य इमो नमुक्कारो ॥

[રાધાપૂતળીને સ્પષ્ટપણે વિંધવી એ દુષ્કર નથી. ગિરિનું મૂળથી ઉન્મૂલન કરવું એ પણ દુષ્કર નથી. ગગનતલમાં ગમન કરવું એ પણ અશક્ય નથી. પણ એક નવકારમંત્રને સાચી રીતે પામવો એ અતિ દુર્લભ છે.]

# આનંદઘનજીનાં સ્તવનો

## ભક્તિસંગીત અને પ્રવચનનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનોનો–ભક્તિસંગીત અને પ્રવચનનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે:

**ભક્તિસંગીત : શ્રીમતી પૂર્ણિમાબેન સેવંતીલાલ શેઠ**

**પ્રવચન : ડૉ. રમણલાલ ચી. શાહ**

**દિવસ : મંગળ, બુધ, ગુરુ, તા. ૧૩, ૧૪, ૧૫, માર્ચ, ૧૯૯૦**

**સમય : સાંજના ૪–૦૦ કલાકે**

**સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ**
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ, મુંબઇ–૪૦૦ ૦૦૪

પ્રત્યેક દિવસે પસંદ કરેલાં બે કે ત્રણ સ્તવનનું ભક્તિસંગીત સહિત ગાન થશે અને તેનું રહસ્ય સમજાવવામાં આવશે. શ્રોતાઓને સ્તવનની નકલ સભામાં આપવામાં આવશે.

સર્વેને પધારવા વિનંતી છે.

રમાબહેન વોરા
સંયોજક

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

નોંધ : આનંદઘનજી વિશેના અગાઉના કાર્યક્રમમાં લેવાયેલાં સ્તવનો સિવાયનાં બાકીનાં સ્તવનોમાંથી સાતથી આઠ સ્તવનો રજૂ કરવામાં આવશે.

## ઉદયરત્ન ચરિત – નેમનાથ તેરમાસા

( પૃષ્ઠ ૨૦ થી ચાલુ )

રાત્રી કેમેય ખૂટતી નથી.

આસો મહિનામાં કવિ મિલન–વિયોગને આમ મૂકે છે:

જિણિ રતિં મોતી નીપજે સીપ–સમુદ્ર માંહિ,
તિણિ રતેં કંત–વિજોગિયાં ખિણ વરસાં સો થાઇ.

જે ઋતુમાં–શરદમાં, સમુદ્રમાં છીપમાં મોતી પાકે, તે ઋતુમાં કંથથી દૂર હોય એ તો ક્ષણ પણ વરસ જેવી લાગે છે.

કારતક મહિનાની રાત્રીની વાત કવિ આમ મૂકે છે:

'મુખિ નીસાસા રે મેલતાં રાત્ય ન ખૂટે રેખ;
ચંદો રથ થંભી રહ્યો, મોહ્યો મુઝ મુખ દેખ.'

કારતક મહિનાની રાત ખૂટતી નથી તો રાજુલ વિચારે છે: આ ચંદ્ર પણ મારું મોં જોઇને મોહી ગયો લાગે છે તેથી પોતાનો રથ થંભાવીને ઊભો રહી ગયો છે, રાત ખૂટતી નથી.

પોષ મહિનામાં વિરહિણી નાયિકા કહે છે: કંચૂકીની કસ કસતાં તનમાં તાપ ઊઠે છે. આગળ કહે છે, શીતકાલમાં સુંદર નાથ વગર નિરાધાર બની જાય છે, નાગરવેલીને જેમ ફળ નથી આવતાં તેમ અફલ અવતાર બની રહે છે.

માહ મહિનામાં તો આંબા નવપલ્લવ થયા છે, મંજરીનાં તો પૂર આવ્યાં છે.

ફાગણમાં કવિ રાજુલના વિરહનો અંત આણે છે. તે પોતાના નાથ નેમકુમારને મળે છે:

'ગગન મંડલમાં ગાજે રે દુંદુભિનાદ અપાર;
સહસા વનમાં સમોસર્યા સ્વામી શ્રી ગિરનારિ.
રાજુલ નેમને જઇ મિલી ઉલટ આણી અંગ;
ભગવંત માંહે ભલી ગઇ, સમુદ્રિ મલી જિમ ગંગ.
વિજોગ તણાં દુઃખ વિસર્યાં, ભાગ્યો ભવનો ફંદ;
આણંદ–રંગ–વધામણાં, પાંમી પરમાનંદ.'

ફાગમાં કવિ કહે છે: રાજુલ નેમનાથ પહેલાં મુક્તિ પામી, શાશ્વત સુખને પામી. હે ભવ્ય જીવો! જિનગુણ ગાવાથી લાભ થાય છે.

ડૉ. શિવલાલ જેસલપુરાએ 'પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ'નું સંપાદન કર્યું છે. જેમાં ૧૩માંથી ૧૯મા શતકના બારમાસા કાવ્યની ૨૯ કૃતિઓમાંથી ૨૬ તો નેમિનાથ–રાજેમતિના કથાવસ્તુના આધારે છે. અન્ય ત્રણમાં બે સ્થૂલિભદ્ર અને એક રાયચંદસૂરિગુરુ વિશે છે. આ પરથી જોઇ શકાય છે કે, જૈન સાધુ કવિઓએ નેમ–રાજુલનાં પાત્રોને બારમાસા માટે સવિશેષ પસંદ કર્યાં છે. ડૉ. જેસલપુરા ઉ. ઉદયરત્નની આ કૃતિની રચનાસાલ સં. ૧૭૫૯ નોંધે છે. જ્યારે 'ઉદય–અર્ચના'માં સંપાદકો કાંતિભાઈ બી. શાહ, વિનોદચંદ્ર ર. શાહ અને કીર્તિદા ર. જોશીએ સં. ૧૭૯૫ નોંધી છે. ઉપાધ્યાય ઉદયરત્ન મહારાજે ઉનાઉઆ ગામમાં ચાતુર્માસ દરમ્યાન શ્રાવણ સુદ પૂનમ અને સોમવારે આ રચના કરી હતી.

ઉદયરત્ન મહારાજને રત્નો ભાવસાર નામના ગુજરાતી કવિએ પોતાના ગુરુ માન્યા હતા. [કવિ રત્નો ખેડાના વતની હતા. કવિ રત્નોએ 'વિરહના બારમાસ' નામે રચના કરી છે. બૃહદ્ કાવ્ય દોહન ભાગ–૧માં રત્નોનું 'મહિના' નામે બારમાસા કાવ્ય સં. ૧૭૯૫ માગસર મહિનાની સુદ એકાદશીએ રચ્યું હતું.

રત્નોની નાયિકા રાધા છે અને એ કાવ્ય કારતક માસના વર્ણનથી શરૂ થાય છે. એણે પણ તેર માસ લખ્યા છે.

ઉદયરત્ન અને રત્નોમાં મળી આવતી સમાન પંક્તિઓ નોંધવાનું રસપ્રદ બનશે.

ઉદયરત્ન વૈશાખના વર્ણનમાં લખે છે: કેસુ ફૂલ્યાં વન.
રત્નો ફાગણના વર્ણનમાં લખે છે: કેશુ ફૂલ્યાં રસાળ.

ઉદયરત્ન આષાઢના વર્ણનમાં લખે છે: નેમજી ના'વ્યારે સખી!

રત્નો ફાગણના વર્ણનમાં લખે છે: ફાગણ આવ્યો હે સખી!

ઉદરરત્ન ફાગણના વર્ણનમાં–

અબીર ગુલાલ ઉડિ બહુ, રાતિ થઇ તિણિ વાટ,
કુંકુંમ જલભરી પચરકી છાંટિ રાતી છાંટ.

રત્નો ફાગણના વર્ણનમાં-

અબિલ ગુલાલ ઊડે ઘણા, વાગે તાલમૃદંગ,
કોકિલ શબ્દ સોહામણા, કંપે અબળાનું અંગ.

ઉદયરત્ન લખે છે:

પચરંગ નભ દીસે રે, હીસે નીલાં તૃણ,

રત્નો લખે છે:

પંચરંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ.

ઉદયરત્ન લખે છે: નીલાંબર ધરણી ધરિ,

રત્નો લખે છે: લીલા ચરણા અવનિયે ધર્યાં.

ઉદયરત્ન ફાગણમાં લખે છે:

રંગભરી રમણી રાતી રે, રાતો કેસર–ઘોલ,
રાતા સાલુ ઓઢણી, રાતા અધર તંબોલ.

રત્નો લખે છે:

વસંત વધાવવા હું જતી, કુમકુમ ભરીને કચોળ,
કેસરી સાળુને પહેરવા, મુખ ભરીને તંબોળ.

ઉદયરત્નની આ કૃતિ તથા એમના જીવનકવન વિશેની માહિતી 'ઉદય-અર્ચના' પુસ્તકમાંથી લીધી છે. કાંતિભાઇ બી. શાહ. વિનોદચંદ્ર ર. શાહ અને કીર્તિદા ર. જોશી સંપાદિત આ પુસ્તક ઉદયરત્નજી રચિત સ્તવન, સજ્ઝાય, સલોકા આદિનો એક સુંદર સંચય છે. સંપાદકોએ સૂઝપૂર્વકના આ સંપાદનમાં ઉદયરત્ન જેવા સમર્થ કવિની પ્રતિભાનો પરિચય સુપેરે આપ્યો છે.

---

## નેલ્સન મંડેલા

(પૃષ્ઠ ૨થી ચાલુ)

આપ્યું છે એ યોગ્ય સમયનું, ઉચિત અને ઉદાર પગલું છે. એની કદર મંડેલાએ કરી છે અને સૌ પ્રથમ પોતે ભારતની મુલાકાત લેશે એવી ઇચ્છા પણ તરત વ્યકત કરી છે, જે બંને દેશો વચ્ચે સુમેળ સ્થાપવાની દ્દષ્ટિએ અને દક્ષિણ આફ્રિકામાં વસેલા ભારતીય લોકોના હિતની દ્દષ્ટિએ યોગ્ય છે.

દક્ષિણ આફ્રિકામાં ભારતીય લોકોએ ગિરમિટિયા મજૂરો તરીકે જઇને જે કાળી મજૂરી કરી છે અને ગોરા લોકોના હાથે જે અત્યાચારો સહન કર્યા છે તેને પરિણામે એ ભારતીય લોકોની આ બીજી ત્રીજી પેઢીના માણસો કાળા લોકો કરતાં વધુ સુખી થયા છે. એટલે એમની પ્રત્યે એથી કાળા લોકોને ધિક્કારની લાગણી થાય એ સ્વાભાવિક છે. પરંતુ એ લાગણીને વધુ ઉશ્કેરવામાં ગોરી સરકારનો ઓછો હાથ નથી. સ્થાનિક પ્રજાઓને લડાવીને રાજ્ય કરવાની એમની નીતિ જાણીતી છે. પરંતુ મંડેલા પોતે એમ ગોરાઓથી ભરમાય એવા નથી. એટલે જ પોતાના એક સાચા શુભેચ્છક રાષ્ટ્ર તરીકે તેઓ ભારતને ગણે છે. મંડેલાની ભારતની મુલાકાત પછી દક્ષિણ આફ્રિકાની રાજદ્વારી પરિસ્થિતિ કેવું સ્વરૂપ ધારણ કરે છે તે હવે જોવાનું રહ્યું!

**રમણલાલ ચી. શાહ**

# ઉદયરત્ન રચિત–નેમનાથ તેરમાસા

ગુલાબ દેઢિયા

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે.

૦ ૦ ૦

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પામે રે.

ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મહારાજે રચેલ ક્રોધ અને માનની સજ્ઝાયના ઉપરોકત શબ્દો આજે પણ દેરાસર-ઉપાશ્રયમાં સાંભળવા મળે છે. ઉદયરત્નજી ત્રણસો વર્ષ પહેલાં થઇ ગયા. તેઓ તપાગચ્છના વિજયરાજસૂરિજીની પરંપરાના તેજસ્વી સાધુકવિ હતા. એમનાં સ્તવનો અને સજ્ઝાયો સરળતા, ભાવમાધુર્ય અને ભારોભાર કવિત્વને કારણે આજે પણ ગાવા–સાંભળવાં ગમે એવાં છે.

રાસ, સ્તવન, ચોવીશી, સજ્ઝાય, સલોકા, સ્તુતિ, છંદ, જેવાં સ્વરૂપોમાં કાવ્યસર્જન કરનાર ઉદયરત્નજીએ 'નેમિનાથ તેરમાસા' નામે એક સુંદર બારમાસા કાવ્ય લખ્યું છે.

આ કાવ્ય ચૈત્ર માસમાં વિરહિણી રાજુલની મનોદશાના વર્ણન સાથે શરૂ થાય છે. પ્રત્યેક માસમાં કુદરતનાં રૂપરંગ બદલાતાં રહે છે. પ્રેમીજનો મિલનનો આનંદ માણી રહ્યાં છે. સૌ મિલનરત હોય અને ઋતુ અનુકૂળ હોય ત્યારે એકલી રાજુલના મન પર શું શું વીતે છે. એની વાત કવિએ ખૂબ જ કાવ્યમય રીતે કરી છે.

વૈશાખમાં કવિ શૃંગારની પંકિત મૂકે છે: 'મદછલી માનિની અંગ મોડે, ત્રટત્રટ કંચુકીબંધ ત્રોડે.'

જેઠ માસમાં રાજુલ કહે છે કે મેં એમ નહોતું ધાર્યું કે નાથ આમ રથ વાળીને ચાલ્યા જશે. એવું હોત તો હું આડી ફરીને રથને ઘેરીને ઊભી રહેત. પછી બે પંકિત છે, જેમાં પ્રથમ પંકિતમાં નાટયાત્મકતા અને બીજી પંકિતમાં નેમ–રાજુલની કથાનો અંશ છે:

પાલવ ઝાલી પ્રભુતણો રહેતી હું રઢ માંડી;
જાવા ન દેતી નાથને તો કિમ જાતા છાંડી?
પૂરણ પશુએ પોખ્યું રે પૂરવ ભવનું વેર;
લટકે સું રથ વાલીઓ, મનમાં ના'વી મહેર.

દિવસ લાંબા થયા છે, જેમ વિરહિણીનું શરીર કૃશ થઇ ગયું છે તેમ. કયાંય શોધ્યાં છતાંય છાંયડી મળતી નથી, 'લૂનાં લહેરાં રે વાય.'

બાહારના તાપ સાથે જે વિરહનો અંદરનો તાપ છે તે માટે કવિ લખે છે:

'અંગનાઅંગ શીતાંગ સંગિ નર ભજિ કામિનીકુચ રંગિ;
મનમથતાપને દૂર ફેડિ, પીઉ વિના સુઝને કુણ તેડિ?'

આષાઢ માસમાં વરસાદ વરસે તે પહેલાંની પંકિતમાં કવિ લખે છે:

રજ ઊડી અંબર ચઢી, વાજિ વાઉલ જોર;
કાલી કાંઠલ દેખીને કંપિ કાંજલકોર.

જોરથી વાયરો ચાલી રહ્યો છે, ધૂળની ડમરી ઊઠી છે, કંઠાર કાળી દેખાય છે તેથી વિરહિણી રાજુલની આંખ ભયથી કંપી જાય છે. કવિએ અંધારઘેરી દિશાઓ સાથે આંખની કાજળરેખનો કેવો યોગ્ય મેળ બેસાડયો છે!

વરસાદ વરસે છે ત્યારે ચોમેર કેવું વાતાવરણ સર્જાય છે તેની રજૂઆત અહીં સરળતાપૂર્વક છતાં કવિત્વમય રીતે થઇ છે:

'પાણી પુહવી ન માઇ રે, ભરિયાં નદી નિવાણ;
ડુંગરિયા હરિયા હુઆ, ખેડુએ કર્યાં મંડાણ.
નીલાંબર ધરણી ધરિ, ઓપે નીલા અંકુર;
ખલહલ વાજે વોકલા, આવ્યાં નદીએ પૂર.'

ત્યાર બાદ ફાગની પંકિતમાં તો વિપ્રલંભ શૃંગાર ઊભો જ છે:

'કસમસિ કામિની કામપીડી, ડસડસિ દંતસું દંત ભીડી;
કામના પૂરમાં તે તણાઇ, નાથ વિના કુંણ હાથ સાહિ?'

શ્રાવણ માસમાં શૃંગારની પંકિત આ પ્રમાણે છે:

'કુચ ન માઇ રે કંચૂઇ, લોચન છંડિ રે લાજ;
જલ ન માઇ જલાશ્રયે, ગગને ન માઇ ગાજ.'

વરસતા વરસાદને યાદ કરી કવિ ઉદયરત્ન એક માર્મિક પંકિત મૂકે છે:

ફાગની પકિતમાં તો ફરી પાછો કામદેવ ફોજ લઇને આવી ઊભો છે:

'મનમથે મોહની ફોજ લેઇ, ગર્જનારૂપ રણતૂર દેઇ;
અબલગઢ ઉપરિ ફોજ દોડિ, નેમ વિના કહો કુંણ મોડિ?'

અબલાના શરીરને ગઢરૂપે વર્ણવી કવિએ એના પર કામદેવની ફોજ દોડાવી છે.

ભાદરવા મહિનામાં ઋતુવર્ણન કેવું કાવ્યમય છે!

'પંચરંગી નભ દીસે રે, હીસે નીલાં તૃણ;
ખિણ કાલો ખિણ ખીલો રે, ખિણ ઊજલ દૂધવર્ણ.'

કવિએ દશ્યાત્મક વર્ણનોમાં પણ પોતાનું પ્રભુત્વ સિદ્ધ કર્યું છે. આકાશના બદલાતા રંગ અને નીચે હસતાં લીલાં તૃણ! આકાશમાં ક્ષણવાર કાળાશ, ક્ષણવાર પીળો રંગ, તો ક્ષણવાર ઊજળો દૂધવર્ણ દેખાય છે. બારામાસ જેવા ઋતુકાવ્યમાં વિરહની વાત નિશ્ચિત હોવા છતાં પ્રતિભાશાળી કવિ કેવાં મનોહર વર્ણનો કરે છે.

પ્રેમીજનોના સંગાથ માટે કવિ લખે છે:

'ચરણે નેઉર રણઝણિ, હીંઇ લહકિ હાર;
નાહ ન મૂકિ છેડલો, ધન તેહનો અવતાર.'

પગે ઝાંઝર ઝણકે છે. હૈયે હાર ઉછળે છે. નાથ સાથે ને સાથે છે, તેવી પ્રેમિકાનો અવતાર ધન્ય છે. વિરહિણી રાજુલના મનોભાવ કવિએ કેવી સૂક્ષ્મ વેધક રીતે નિરૂપ્યા છે.

ભાદરવા મહિનામાં વિરહ કેવો છે?

'ભાદ્રવે ભામની કંત ભાવે, પીઉ વિના જાંમની કુણ જગાવે?

એકલાં આલસે અંગ ફુટિ, રાક્ષસી રાતિ કિમેં ન ખૂટિ.

પ્રિયતમ વગર યામિની–રાત્રી કોણ જગાડે! એકલી પ્રમદાના દેહમાં આળસ ભરાયો છે. અને રાક્ષસી જેવી

(પૃષ્ઠ ૧૯ મા ઉપર)

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ – ૪૦૦ ૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

વર્ષ : ૧ * અંક ૩ : * તા. ૧૬-૩-૧૯૯૦................ Regd. No. MH-By / South 54 * Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

* શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * વાર્ષિક લવાજમ રૂ. ૩૦/- *

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ચૂંટણી

છેલ્લા થોડા મહિનાઓમાં યુરોપના કેટલાક દેશોમાં, નિકારાગુઆમાં, જાપાનમાં, ભારતમાં તથા અન્યત્ર કેટલાક રાષ્ટ્રોમાં રાજદ્વારી ચૂંટણીઓ વિવિધ કક્ષાએ યોજાઈ ગઈ. દુનિયાભરમાં લોકજાગૃતિ કેટલી બધી વધતી જાય છે તે આ ચૂંટણીઓ ઉપરથી જોઇ શકાય છે. સામ્યવાદે લોકશાહીને અને સ્વતંત્ર વિચારની અભિવ્યક્તિને કચડી નાખવાનો પ્રયત્ન કર્યો, પરંતુ લોકશાહીની પ્રક્રિયાને અને મુક્ત અભિપ્રાયને તક મળતાં જ યુરોપના સામ્યવાદી દેશોમાં લાખો કરોડો લોકોએ અજબનો ઉત્સાહ અનુભવ્યો છે. ક્રાન્તિ જયારે ખોટી દિશામાં લઈ જવાય છે ત્યારે પ્રતિક્રાંતિ પણ બીજા અંતિમ સુધી જાય છે. વિરોધી લોકલાગણી કેટલી બધી તીવ્ર બની જાય છે તે બુખારેસ્ટમાં લેનિનનાં મોટા કાંસાના પૂતળાને ઉતારીને કાઢી નાખવાની ઘટનામાં જોવા મળી છે.

દુનિયાના તમામ રાષ્ટ્રોમાં લોકશાહીની દૃષ્ટિએ ભારત સૌથી મોખરે છે. ૮૦ કરોડ જેટલી પ્રજાને લોકશાહી પદ્ધતિથી પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાની તક મળે એ કંઈ નાની સૂની વાત નથી. ભારતમાં જયાં સુધી લોકશાહી જાગૃત છે ત્યાં સુધી સરમુખત્યારશાહીને અવકાશ નથી. ભારતની પ્રજાનું ખમીર પણ એવું છે કે સરમુખત્યારશાહીને વધુ વખત તે સહન નહિ કરી શકે. ભારતમાં ચૂંટણીપંચ પણ સ્વાયત્ત છે. એ પોતાના નિર્ણયો પોતાના અધિકાર મુજબ લે છે અને તેમાં રાષ્ટ્રપતિ કે વડાપ્રધાનની દખલગીરી ચાલતી નથી એ પણ ભારતીય લોકશાહીનું એક મોટું શુભ લક્ષણ છે. આવડી મોટી લોકશાહીમાં ચૂંટણીઓ દરમિયાન કોઇક ગેરરીતિઓ થાય એ સ્વાભાવિક છે. એવી ગેરરીતિઓ કે હિંસાત્મક ઘટનાઓ ન બને એ વધુ સારી સ્થિતિ ગણાય. સદ્‌ભાગ્યે ભારતની આ વખતની ચૂંટણીઓમાં ચૂંટણીપંચ વધુ તટસ્થ રહી શક્યું છે અને ઘણા મત કેન્દ્રો માટે ફરીથી ચૂંટણી કરવાનો આદેશ આપ્યો છે એ પણ ભારતની જીવંત લોકશાહીને અનુરૂપ છે.

અબ્રાહમ લિંકને લોકશાહીનું સરસ સૂત્ર આપ્યુ છે : Government of the people, by the people and for the people. લોકશાહીમાં લોકોના પ્રતિનિધિઓ સરકારની રચના કરતા હોવાથી તે પ્રતિનિધિઓની પસંદગી ચૂંટણી દ્વારા જ ઉત્તમ રીતે થઈ શકે. શું ચૂંટેલાં પ્રતિનિધિઓ કાયમ માટે લોકોનું પ્રતિનિધિત્વ ન ધરાવી શકે કે જેથી વારંવાર ચૂંટણીની જરૂર ન રહે? શું ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી સરકાર કાયમ માટે સારી સરકાર ન રહી શકે કે જેથી વખતોવખત નવી સરકાર માટે ચૂંટણી યોજવી પડે?

દરેક માણસને કામ કરવાની પોતાની આવડત હોય છે. દરેક માણસને વિચાર કરવાની પોતાની શક્તિ હોય છે. બધાંની આવડત અને બધાંની વિચારશક્તિ કાયમને માટે એક સરખી ન રહી શકે. વળી વ્યક્તિની એ શક્તિ ઉપર ઉંમરની અસર પણ પડે છે, તેની કામ કરવાની દક્ષતા ઘટે છે, તેનામાં રૂઢિચુસ્તતા અને સંરક્ષણ વૃત્તિ આવી જાય છે. બીજી બાજુ થોડાં વર્ષોમાં નવા ચેતનવંતા યુવાનો શક્તિ અને ઉત્સાહ સાથે સમાજમાં આગળ આવે છે, જેઓ જૂની પેઢીને બાજુએ ખસેડી પોતાનું સ્થાન મેળવવા ઇચ્છે છે.

વળી જીવન સતત પરિવર્તનશીલ છે. મનુષ્ય - સ્વભાવ પણ વિલક્ષણ છે. એને લીધે અનેક પ્રકારની સામાજિક, ધાર્મિક, આર્થિક વગેરે સમસ્યાઓ ઊભી થયા કરે છે. કુદરતી આપત્તિઓ, દુકાળ અને રોગચાળો, યુદ્ધ અને આંતરવિગ્રહ જેવી મોટી સમસ્યાઓ પણ ઊભી થાય છે. આ બધી સમસ્યાઓને અમુક પ્રકારના બૌદ્ધિકો એક રીતે ઉકેલવાનો પ્રયત્ન કરે તો બીજા પ્રકારના બૌદ્ધિકો તેને બીજી રીતે ઉકેલવા ઇચ્છે. આમ થાય એટલે કેટલીક ક્ષતિઓ સરકાર દ્વારા થવાનો સંભવ રહ્યા કરે. કોઈપણ સરકાર સંપૂર્ણ અને આદર્શ હોઇ જ ન શકે. અને હોય તો પણ તેવા સ્વરૂપે કાયમ માટે ટકી ન શકે. માટે જ કહેવાય છે કે All Governments have a tendency to degenerate એટલા માટે જ એક વખત ચૂંટેલા પ્રતિનિધિઓ લોકોનું કાયમ માટે પ્રતિનિધિત્વ ધરાવી ન શકે, આથી જ લોકોના પ્રતિનિધિઓની ચૂંટણી વખતોવખત થવી બિલકુલ જરૂરી બને છે. અલબત્ત, કેટલાક પ્રતિનિધિઓ જીવનભર લોકોનું સાચું પ્રતિનિધિત્વ ધરાવવાને પાત્ર હોય છે. કેટલાક પ્રતિનિધિઓ ચૂંટાયા પછી થોડા વખતમાં જ અહંકાર

બિન આવડત, સ્વાર્થ, પક્ષાપક્ષી, ભ્રષ્ટતા વગેરેને કારણે લોકોના પ્રેમાદરને જલદી ગુમાવી બેસે છે. ક્યારેક તો લોકોના પ્રેમથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ થોડા જ વખતમાં એ જ લોકોના ધિક્કારને પાત્ર બની જાય છે. સત્તા પચાવવી એ સહેલી વાત નથી. સત્તા કાચા પારા જેવી છે. પચાવતાં ન આવડે તો ફૂટી નીકળે છે. સત્તા વાપરતાં ન આવડે તો તે માણસને દુઃખી કરી નાખે છે. અંગ્રેજીમાં જે કહેવાયું છે તે સાચું છે કે All powers corrupt and absolute power corrupts absolutely.

ભારતમાં તાજેતરમાં યોજાયેલી ધારાસભાઓની ચૂંટણીઓમાં આઠ રાજયો અને કેન્દ્ર શાસિત પોંડીચેરીમાં દોઢ હજારથી થોડી વધુ બેઠકો માટે એકવીસ હજારથી વધુ ઉમેદવારો ઊભા રહ્યા હતા. આ બધા ઉમેદવારોમાંથી ઓગણીસ હજારથી વધુ ઉમેદવારો પરાજિત થયા છે. હજારોની સંખ્યામાં ઉમેદવાર ઊભા રહે અને હજારોની સંખ્યામાં ઉમેદવારો પરાજિત થાય એ એક દૃષ્ટિએ જાગૃત લોકશાહીની નિશાની છે. તો બીજી દૃષ્ટિએ તે પ્રજાનાં શક્તિ અને સાધનનો નિરર્થક દુર્વ્યય છે. પરાજિત થયેલા ઉમેદવારોના પ્રતિભાવોનું જો પૃથક્કરણ કરીએ તો કેટલાક ઉમેદવારોને પોતાના પરિણામ માટે સાચો કે ખોટો અસંતોષ વ્યકત કરવાનું કારણ મળી રહે છે. આપણા દેશમાં બનાવટી મતદાન - Bogus Voting ધાકધમકીથી કરાવાતું મતદાન, પૈસા આપીને કરાવાયેલું મતદાન અને બૂથનો કબજો લઈને અમુક વ્યક્તિઓએ બધાંના વતી કરી નાખેલું મતદાન-વગેરે પ્રકારના આક્ષેપો સામાન્ય બની ગયા છે. મત ન આપવા જનાર લોકોની ઉદાસીનતા માટે પણ પરાજિત ઉમેદવારો કડક પ્રહારો કરતા હોય છે. આ બધી ત્રુટિઓની બાબતને લક્ષમાં લેતાં ચૂંટણી અને મતદાનની પ્રથામાં હજુ ઘણા ફેરફારો કરવાની આવશ્યકતા છે એમ લાગ્યા વગર રહેશે નહિ.

આ વખતે લોકસભાની ચૂંટણીઓમાં અને આઠ રાજયોની ધારાસભાઓની ચૂંટણીઓમાં ઊભા રહેનાર મહિલા ઉમેદવારોની સંખ્યા ઘણી ઓછી હતી. અને તેમાં પણ ચૂંટણીમાં જીતનાર મહિલા ઉમેદવારોની સંખ્યા ઘણી જ અલ્પ પ્રમાણમાં રહી છે તે બાબત વિચારણીય છે. ભારતમાં સ્ત્રી કેળવણીનું પ્રમાણ વધતું જાય છે અને વિવિધ જાહેરક્ષેત્રોમાં મહિલાઓ જે રીતે સફળતાપૂર્વક કાર્ય કરે છે તેમ જ વિવિધ સરકારી કચેરીઓ, શાળા - કોલેજો, હોસ્પિટલો, વિમાન સેવા, રેડિઓ, દૂરદર્શન વગેરેમાં જે રીતે મહિલાઓ કામગીરી બજાવે છે તે જોતાં આપણી લોકસભામાં અને ધારાસભાઓમાં મહિલાઓને વધુ પ્રતનિધિત્વ મળવું જોઇતું હતું. એ નથી મળ્યું તો તેના કારણોની બાબતમાં વિવિધ રાજદ્વારી પક્ષોએ આત્મખોજ કરવાની જરૂર છે. ભારતની નારી શકતિ વિશ્વભરમાં ગૌરવ લઈ શકે એટલી તેજસ્વી છે. એને યોગ્ય અવકાશ રાજદ્વારી ક્ષેત્રે મળે તો તે ભારતની લોકશાહીને માટે શોભારૂપ અને ગૌરવરૂપ છે. ભારતમાં રાજદ્વારી ક્ષેત્ર એટલું નિરામય હોવું જોઇએ કે મહિલાઓને ઉમેદવાર તરીકે ઊભા રહેવામાં ક્ષોભ ન થવો જોઇએ.

ધારાસભાની ચૂંટણીઓમાં ઉમેદવારોની સંખ્યા એકવીસ હજારથી વધુ થઇ તેનું કારણ અપક્ષ ઉમેદવારોની સંખ્યા છે. ભારતમાં ચૂંટણીમાં દરેક રાજયમાં કેટલાક સારા, સાચા યોગ્ય અપક્ષ ઉમેદવારો ચૂંટાઈ આવે છે, અને પક્ષપાતી ઉમેદવાર કરતાં અપક્ષ ઉમેદવાર સારો હોય છે, તેમ છતાં એકંદરે તો અપક્ષ ઉમેદવારોની ઊભા રહેવાની બાબતને કેટલીક અપેક્ષાએ દૂષણ તરીકે જ ઓળખાવી શકાય. પ્રત્યેક નાગરિકને ચૂંટણીમાં ઊભા રહેવાનો સંપૂર્ણ હક્ક છે. તેમ છતાં કોઇ પણ નાગરિકને સરકારને ખોટો ખર્ચ કરાવવાનો અને લોકોને ખોટી અગવડમાં મૂકવાનો હક્ક ન હોવો જોઇએ. ગરીબમાં ગરીબ માણસ પણ ચૂંટણીમાં ઊભો રહી શકે એ સિધ્ધાંતની દૃષ્ટિએ સાચું છે, તો પણ કેટલીક એવી મર્યાદાઓ કરવી જોઇએ કે જેથી માત્ર તમાશા ખાતર, પ્રસિધ્ધિ ખાતર કે અમુક મતમાં ફાટફૂટ પડાવવા ખાતર ઊભા રહેનારા ફાલતું ઉમેદવારોને જો અમુક સંખ્યામાં મત ન મળે તો તેઓ માત્ર ડિપોઝીટની રકમ ગુમાવે એટલું જ બસ નથી. તેમને કંઇક શિક્ષા થવી જોઇએ ચૂંટણી માટે ડિપોઝીટની રકમ પણ હવે વધુ મોટી હોવી જોઇએ. અને નિશ્ચિત કરેલા મત સંખ્યાના જુદા જુદા સ્તર પ્રમાણે ડિપોઝીટની રકમ કપાવી જોઇએ. માત્ર પોતાના સગા સંબંધીઓનાં બસો ત્રણસો મત મેળવનારને આ પ્રકારની કંઇક દંડની સજા થવી જોઇએ કે જેથી કરીને તેવા ઉમેદવારો અનધિકાર ચેષ્ટા કરીને પ્રજાના અને સરકારનાં સમય અને સાધનનો દુર્વ્યય ન કરે. અયોગ્ય અપક્ષ ઉમેદવારો લોકશાહીની પ્રક્રિયાને પોષે છે એમ કહેવા કરતાં તેને વધુ હાનિ પહોંચાડે છે એમ કહેવું જ વધારે વ્યાજબી ગણી શકાય.

ચૂંટણી પધ્ધતિ એક બાજુ જેમ અનિવાર્ય છે તેમ બીજી બાજુ ઉમેદવાર ને માટે, પક્ષને માટે અને સરકાર કે રાષ્ટ્રને માટે તે ખર્ચાળ પણ છે. ભારતમાં પ્રતિવર્ષ ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ વધતો જાય છે. જો પોતાના જ પૈસે ચૂંટણી લડવાનું હોય તો શ્રીમંત માણસોને પરવડી શકે એવું ચૂંટણી ખર્ચ થતું જાય છે. પ્રચાર માધ્યમો વધ્યાં છે. પ્રચારનાં બીજાં સાધનો પણ વધ્યાં છે. એના લીધે હરિફાઇમાં કોઇપણ ઉમેદવારને પાછળ રહેવાનું ગમે નહિ. પરવડે પણ નહિ. એટલે તેને ખર્ચ કરવું જ પડે છે. પક્ષ તરફથી તો બધાંને અપાતી રકમ બહુ મોટી હોતી નથી. એટલે ઉમેદવારે પોતે જ આમતેમથી નાણાં ભેગા કરવા પડે છે. એવે વખતે જ સગાઓ, સંબંધીઓ, મિત્રો વગેરેની કસોટી થાય છે. કેટલાક આઘા ખસી જાય છે, તો કેટલાક લાલચથી દોડી જઇ મોટી સહાય કરે છે, એવી આશાએ કે તે વ્યક્તિ જો પ્રધાન બનશે તો પોતે આપેલી રકમ કરતાં પાંચ દસ ગણો વધુ ફાયદો ઉઠાવી લેવાશે. કોઇક સમિતિ કે કમિશનમાં સ્થાન મળશે. કેટલાક મોટા ઉદ્યોગપતિઓ ચૂંટણી વખતે અમુક ઉમેદવારની પડખે આવી જાય છે. અને મોટી રકમનો એક દાવો ખેલી

(વધુ પૃષ્ઠ - ૧૨ ઉપર)

# માણસે સૌથી વિશેષ શું યાદ રાખવું જોઇએ?

□ 'સત્સંગી'

અંગ્રેજ નિબંધકાર રોબર્ટ લિન્ડે તેમના એક હળવા નિબંધમાં લખ્યું છે કે આધુનિક માણસ ટેલિફોનના નંબર, મિત્રોનાં સરનામાં, અભિનેતાઓ અને અભિનેત્રીઓનાં, ક્રિકેટ અને ફૂટબોલના ખેલાડીઓનાં નામો વગેરે ઘણું ઘણું યાદ રાખી શકે છે. તેથી તેમને માનુષી સ્મૃતિની બિનકાર્યક્ષમતા કરતાં કાર્યક્ષમતા અંગે આશ્ચર્ય થાય છે. સૌ કોઇના અનુભવની વાત છે કે આપણે આપણો જીવનવ્યવહાર સ્મૃતિના આધારે સહજ રીતે ચલાવીએ છીએ. માણસ જે બાબતોમાં રસ લે છે તે તેને સહજ રીતે યાદ રહે છે અને કેટલીક બાબતો પ્રયત્નથી યાદ રહે છે. માણસની દિનચર્યા પોતાની રહેણીકરણી પ્રમાણે વ્યવસ્થિત ચાલતી રહે છે. ઓરડાઓમાં પણ રાબેતા મુજબ વ્યવસ્થિત ગોઠવણી કે સજાવટ નિત્ય થતી રહેતી હોય છે. જમવાનું કે ઊંઘવાનું ભુલાઇ ગયું એવું આપણે અપવાદરૂપ દાખલા સિવાય કોઈ પાસેથી સાંભળતા નથી. માણસની અદ્‌ભુત યાદદાસ્ત પર ચાલતાં જીવનમાં એવી શી બાબત છે કે જે માણસને યાદ રહેતી નથી અથવા તેને તે યાદ કરવી અપ્રિયમાં અપ્રિય લાગે છે ? આ બાબત છે તેના પોતાના મૃત્યુની.

અહીં યુધિષ્ઠિર અને યક્ષના સંવાદનો પ્રસંગ સહેજે યાદ આવી જાય છે. યક્ષ યુધિષ્ઠિરને પૂછે છે, 'આ દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય શું છે?' યુધિષ્ઠિર જવાબ આપે છે, 'માણસ પોતાની આસપાસ અનેકને મૃત્યુ પામતાં જુએ છે, પરંતુ તેનું પોતાનું પણ એક દિવસ મૃત્યુ થશે એનું તેને ભાન નથી થતું એ આ દુનિયાનું મોટામાં મોટું આશ્ચર્ય છે.' માણસને પોતાનું મૃત્યુ કેટલું અપ્રિય લાગે છે તે સંબંધમાં ભર્તૃહરિ આ પ્રમાણે દર્શાવે છે :

निवृत्ता भोगेच्छा पुरूषबहुमानो विगलितः ।
समाना ः स्वर्याता सपदि सुहृदो जीवितसमाः
शनैर्यष्टयोत्थानं घनतिमिररुद्धे च नयने
अहो धृष्टः कायस्तदपि मरणापायचकितः ।।

અર્થાત્ ભોગની ઇચ્છા ક્ષીણ થઇ ગઇ, હું પુરુષ છું તે પ્રકારનું અભિમાન ગળી ગયું, સમાન ઉંમરવાળા પ્રાણતુલ્ય મિત્રો સ્વર્ગે સિધાવ્યા, ધીમે રહીને લાકડીના ટેકાથી ઊઠવું પડે છે; બંને આંખોએ સજજડ મોતિયો ઊતર્યો છે. છતાં પણ આ ધૃષ્ટ કાયા મરણરૂપી વિપત્તિથી ડરીને ચોંકે છે !

આજે પણ માણસ વહેમભરી માન્યતાના આધારે આનંદમાં રહેતો હોય કે અદ્યતન તબીબી સારવારનો આશ્રય લેતો હોય તે બંનેમાં જે સ્પષ્ટમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે તે એ છે કે માણસની જિજીવિષા-જીવવાની ઇચ્છા અત્યંત પ્રબળ છે અને આ સ્વાભાવિક બાબત છે. મૃત્યુ શબ્દનાં ઉચ્ચારણ પ્રત્યે પણ માણસને નફરત થતી હોય છે. તેથી મૃદુ હૃદયવાળા અને નબળા મનના લોકો કોઇના મૃત્યુના બનાવનું વર્ણન કરવાનું આવે ત્યારે સીધીસાદી ભાષામાં 'તે મરી ગયો' એમ કહેવાને બદલે જ્ઞાનતંતુઓને શામક લાગે તેવા શબ્દપ્રયોગો કરતા હોય છે જેવા કે, 'તેણે છેલ્લો શ્વાસ લીધો,' 'તેણ દેહત્યાગ કર્યો,' 'તેઓ આ નશ્વર દુનિયા છોડી ગયા,' 'તેઓ સ્વર્ગવાસી થયા,' વગેરે વગેરે. (જયાં માનવચક રીતે તેમ જ ધાર્મિક ભાવ બતાવવા માટે જે શબ્દપ્રયોગો થતા હોય એનો અહીં ઉલ્લેખ નથી.) મૃત્યુનાં ઉચ્ચારણથી જ માણસ ગભરાટ અનુભવે છે, તેવું સ્વપ્ન આવે તો માણસ ચીસ પાડીને બેઠો થઇ જાય છે, મૃત્યુનો કાલ્પનિક ભય માણસને બેહોશ બનાવી દે છે, તો પછી મૃત્યુની વિકરાળતા અસહ્ય હોય એ દેખીતી બાબત જ બને છે. તેમ છતાં પોતાના જીવનમાં સૌથી વિશેષ યાદ રાખવા જેવી કોઈ બાબત હોય તો તે પોતાનું મૃત્યુ છે એવી મારી રજૂઆત પ્રત્યે કોઇને ઘૃણા પણ થાય. આ ઘૃણા સ્વાભાવિક છે, પરંતુ માનુષી જીવન તેની મરણાધીનતાને આધારે ચાલે છે અને તેથી સાચાં સુખશાંતિ અને આનંદ મેળવવા માટે પોતાના મૃત્યુની સ્પષ્ટ, જીવંત સ્મૃતિ માણસને અત્યંત ઉપયોગી છે.

મૃત્યુ ગમે તેટલું બિહામણું કે વિરૂપ ગણાતું હોય તો પણ મૃત્યુની સ્મૃતિ રાખવાથી માણસના જીવનમાં અદ્‌ભુત સદ્‌પરિવર્તન પણ આવે. એમ કહેવાય છે કે મહારાષ્ટ્રમાં થઇ ગયેલા સંત એકનાથ પાસે-એક ભાઈ જીવનસુધારણા માટે માર્ગદર્શન માગવા આવ્યા. સંત એકનાથે તેમને કહ્યું 'સાત દિવસ પછી તારું મૃત્યુ છે.' આ ભાઇ તો ડઘાઇ જ ગયા. પવિત્ર સંત એકનાથની આગાહી ખોટી હોઇ શકે જ નહિ એવું તેમના મનમાં ઠસાઇ ગયું. પરિણામે તેમના જીવનમાં રોજેરોજ સદ્‌પરિવર્તન થવા લાગ્યું. સાત દિવસ થઇ ગયા, પરંતુ તેમનું મૃત્યુ થયું નહિ. તે ભાઇ પાછા સંત એકનાથ પાસે આવ્યા. એકનાથે તેમને આવી મતલબનું કહ્યું, "હવે તને માર્ગદર્શનની જરૂર છે ? મેં તો તારું જીવન સુધારવા માટે તને તારા મૃત્યુની બીક બતાવી હતી. આ સાત દિવસ દરમ્યાન તેં જે જીવન રાખ્યું એ દિશામાં ચાલ્યો જા." મૃત્યુની જીવંત સ્મૃતિએ તે ભાઈનું જીવન સુધારી દીધું.

માણસ પોતાના મૃત્યુની વાત સતત યાદ રાખે તો તેને આવો વિચાર થાય. "માણસ ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે. મારે પણ એક દિવસ જવાનું જ છે. આ કુદરતનો અટલ નિયમ છે. તો પછી 'આ ખાવું કે તે ખાવું, આ જોઇએ, તે જોઇએ એવું શા માટે ? જે હોય તે ચાલે. રાગદ્વેષ, માનાપમાન,

ઈર્ષ્યા, ગુસ્સો, લોભ, મોહ, વેરભાવ, સંગ્રહ વગેરે શા માટે?" આવા વિચારો દરરોજ વારંવાર આવ્યા કરે તો તેનાં માનસિક જીવનમાં, વ્યવહારમાં અને રહેણીકરણીમાં થોડો ફેરફાર થતો રહે અને સમય જતાં એવું જીવન પણ બનવા લાગે કે જેને નવજીવન કહેવાય જેમાં તેને ક્યારેય ન મળ્યા હોય એવાં સુખ, આનંદ અને શાંતિ મળે. આ રજૂઆત અવશ્ય સ્પષ્ટીકરણ માગે છે.

સામાન્ય રીતે એમ કહેવાય છે કે જીવતાં આવડવું જોઈએ. વાત જરૂર સાચી છે, પરંતુ તે માટે મરતાં આવડવું જોઈએ. દેહાંત મળેલાં જીવનનું છેલ્લું બિંદુ છે, તેને પ્રથમ રાખવું પડે અર્થાત નજર સમક્ષ રાખવું પડે અને તો જીવતાં આવડે. મુદ્દો જરા અટપટો છે. આજે તબીબી સારવાર અત્યંત સગવડભરી હોય તો પણ અંતકાળનું અલ્પ ભાન પણ માણસ માટે યાતનાભર્યું છે, ત્યારે માણસની આવી વિચારધારા રહે છે ; "અરેરે, મારાં પત્ની અને સંતાનો, સંબંધીઓ અને મિત્રો, માલમિલકત અને દરજ્જો, મારાં યશસ્વી કાર્યો અને નામના - આ બધાં સાથેનો મારો મધુર, અવિસ્મરણીય અને આનંદમય સંબંધ પૂરો થશે ! અરે! મારા વિના મારા પરિવારની અને મારી દુનિયાની શી હાલત થશે? " આ વિચારધારા સાથે આંખ ભીની થાય અથવા ગળે ડૂમો ભરાય એવી સ્થિતિ પણ સહજ રીતે બને. મૃત્યુ શય્યા પર આ યાતના કેવી વસમી બને ? આવું કષ્ટદાયી મૃત્યુ કોણ ઇચ્છે ?

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૨-'૮૪ના અંકમાં માનનીય તંત્રી મહાશય ડૉ. રમણલાલ ચી. શાહે તેમના તંત્રીલેખ 'સમુદ્દઘાત અને શૈલેશીકરણ'માં મૃત્યુ અંગે જે મંતવ્ય દર્શાવ્યું છે તે ખરેખર મનન કરવા જેવું છે. તેઓશ્રી લખે છે :

"બધાંનું મૃત્યુ એકસરખું હોતું નથી. તેવી જ રીતે બધાંનો ચેતનરહિત મૃતદેહ પણ એકસરખો હોતો નથી. કોઈકના શબને ઊંચકવા માટે ચાર ડાઘુઓ પણ મળતા નથી. કોઈકના મૃતદેહને નજરે નિહાળવાનું લોકો ટાળતા હોય છે. બીજી બાજુ કોઈ સંત-મહાત્માના મૃતદેહનાં અંતિમ દર્શન કરવા માટે હજારો માણસોનો ધસારો થાય છે. કેટલાક એ માટે હજારો માઈલોનો પ્રવાસ પણ ખેડે છે. કોઈકનો મૃતદેહ તરત કરમાવા લાગે છે; કાળો અને વિરૂપ બનવા લાગે છે, કોઈકના ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા ઝગારા મારે છે."

મૃત ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા ઝગારા મારે એવા મૃત્યુની ઇચ્છા કોણ ન સેવે? અંતકાળનાં કાલ્પનિક ચિત્ર વખતે અથવા અંતકાળ નજીક છે એવું ભાન થઈ જાય ત્યારે પોતાની દુનિયાના વિયોગની જે યાતના થાય છે તે આસક્તિ કે મમત્વને લીધે છે. માણસે અનાસક્તિ કેળવી હોય તો જ અંતસમયે પોતાની દુનિયાના વિયોગની પીડા થતી નથી. પરંતુ અંતકાળે એકાએક અનાસક્ત બની જવાય એવો ચમત્કાર શી રીતે બને? સદાય 'મારું-તારું' કર્યું હોય અને મુખવાસ કે પોતાના ચશ્મા જેવી સામાન્ય વસ્તુઓ પ્રત્યે પણ આસક્તિ દૃઢ જ થવા દીધી હોય ત્યાં અંતકાળે પોતાની જે કંઈ દુનિયા હોય તે પ્રત્યે 'આમાંનું કંઈ જ મારું નથી' એવી જ્ઞાનસભર, પરિપક્વ સમજ શી રીતે પેદા થઈ જાય ? ચિરવિદાય વખતે જે વ્યક્તિને પોતાનું વાતાવરણ ભર્યુંભાદર્યું લાગે અને જે યાતના ત્યારે તેને થાય તેવી યાતના જે વ્યક્તિને સતત કડવા અનુભવો થયા હોય તેને અંતસમયે ન થાય, તો પણ તેની ઊંડી યાતના જુદા સ્વરૂપની જરૂર હોય, પરંતુ બાહ્ય રીતે તે વ્યક્તિની તીવ્ર યાતના ન દેખાય તેથી એ અનાસક્ત છે એવું અનુમાન યોગ્ય નથી. અનાસક્તિ એટલે ભાવરહિતતા, નિર્દયતા કે સ્વાર્થપરાયણતા નહિ. અનાસક્ત માણસનાં ભાવજીવન અને ફરજપાલન ઉત્તમ જ હોય છે; પરંતુ તેણે મમત્વ સેવ્યું નથી અને પોતાનું મન આધ્યાત્મિક જીવનની તાલીમથી પરમ તત્ત્વમાં જોડાયેલું રાખ્યું હોય છે. આવા માણસને દાન કરવાની, સેવા કરવાની કે તીર્થધામોમાં યાત્રા કરવા જવાની સવિશેષ તક ન સાંપડી હોય તો પણ તે અંતરથી વીતરાગ હોય છે. આવા માણસની આવી આંતરિક દૃષ્ટિનો ઘણા લોકોને ખ્યાલ પણ ન આવે. જેણે અનાસક્તિ કેળવી હોય, મમત્વ રહેવા દીધું ન હોય તેને માટે દેહત્યાગ યાતનારહિત અને સહજ ક્રિયા જેવી બાબત બને.

તેવી જ રીતે જેણે આખી જિંદગી રુદન જ કર્યું હોય, સદાય ફરિયાદો કરી હોય, અન્યાયની બૂમો જ પાડી હોય, રોષ, રીસ અને ચીડમાં જ દિવસનો મોટો ભાગ વ્યતીત થતો રહ્યો હોય અને ભોગો ભોગવવાની આતુરતામાં જ જીવનની મીઠાશ ગણી હોય તેવી વ્યક્તિના મૃત ચહેરા પર શાંતિ અને પ્રસન્નતા ઝગારા મારે એવું શી રીતે બને? જે વ્યક્તિનાં જીવનમાં અહિંસા અર્થાત્ કારુણ્યભાવ કેળવાતો રહ્યો હોય, સંતોષ અને સંયમ અર્થાત્ સાદાં જીવનમાં અનન્ય સુખ ગણાયું હોય, 'ઘડી જાય ભલાઈની તો મહાલક્ષ્મી ગણી લેજે' એવું પ્રેરકબળ જેનાં કાર્યોમાં રહ્યું હોય અને માનઅપમાન કે નિંદાપ્રશસ્તિ પ્રત્યે સમતા કેળવાઈ હોય તેનું મૃત્યુ મંગળમય બને અર્થાત્ તેના મૃત ચહેરા પર શાંતિ અને પ્રસન્નતા ઝગારા મારે. તેથી જ મૃત્યુ સુધારવું હોય તો જીવન સુધારવું જોઈએ એ તર્કસંગત અનુમાન છે. બીજી રીતે કહીએ તો મરતાં આવડે તેની ઉત્કંઠા પોતાની માનસિક દુનિયામાં યોગ્ય સ્થાન ધરાવે, તો જીવતાં આવડે એવો ઘનિષ્ઠ સંબંધ જીવન અને મૃત્યુ વચ્ચે રહેલો છે.

હિંદુ ધર્મમાં શ્રીમદ્ ભાગવત નામનો ધર્મગ્રંથ અનન્ય ભક્તિગ્રંથ ગણાય છે. પરીક્ષિત રાજા સુજ્ઞ છે, છતાં તેઓ ઋષિનું અપમાન કરવાની ભૂલ કરી બેસે છે. તે ઋષિનો પુત્ર રાજાને સાત દિવસ પછી તેનું મૃત્યુ થશે એવો શાપ આપે છે. પરીક્ષિત રાજા આ શિક્ષા સહર્ષ સ્વીકારી લે છે. મહાન યોગી શુકદેવજી પાસે તેઓ ભાગવતની કથા સાંભળે છે. પરિણામે, પરીક્ષિત રાજાનું મન પરમ તત્ત્વમાં કેન્દ્રિત થતું રહે છે અને વાસનાઓ નિર્મૂળ બનતી જાય છે. સાત દિવસ પૂરા થતાં, પરીક્ષિત રાજા પરમ તત્ત્વ સાથે ઐક્ય થયું હોય એવી સ્થિતિમાં સહજ રીતે દેહત્યાગ કરી દે છે. તેથી શ્રીમદ્ ભાગવતનો ગ્રંથ મરતાં શિખવાડે છે એમ જે કહેવાય છે તે યોગ્ય છે. શ્રીમદ્ ભાગવતની કથા

ગુજરાતમાં અને જ્યાં ગુજરાતીઓ વસતા હોય ત્યાં પરદેશોમાં વર્ષોથી થતી આવી છે. તેનાં પરિણામે કેટલા લોકોને મરતાં આવડયું એ તદ્દન જુદો જ પ્રશ્ન છે; પરંતુ શ્રીમદ્ ભાગવતનો જે ગ્રંથ છે તે મરતાં શિખવાડે છે એમાં કોઇ શંકા નથી. આ દુનિયા છોડી ગયેલા વડીલોના આત્માને શાંતિ મળે તેટલા માટે ભાગવતની કથા કરાવવાની રૂઢિ ગુજરાતીઓમાં પડી ગઇ હોય તો ભલે, નહિતર આ કથાનો એટલો જ અર્થ કે મર્મ નથી. ભાગવતની કથા સાત દિવસમાં જ પૂરી થવી જોઇએ એવો નિયમ હોઇ શકે નહિ. આ કથા ભલે સાત માસ સુધી ચાલતી રહે; આનો આધાર તપસ્વી, નિઃસ્વાર્થી અને વિદ્વાન વકતા અને જિજ્ઞાસુ શ્રોતાઓ પર રહેલો છે. આ જ્ઞાનગોષ્ઠિની બાબત છે, મંગળમય મૃત્યુ શીખવાની બાબત છે અને તેના અનુસંધાનમાં જીવતાં આવડે તેવી ઉત્તમ કક્ષાની બાબત છે.

સામાન્ય રીતે માણસના રોજબરોજનાં જીવનનું ચિત્ર આવું છે : તેને નાની બાબતથી માંડીને મોટી બાબત સુધી પ્રત્યેક બાબતોમાં વધુ પડતી આસકિત થઇ જાય છે, અસંતોષ વિશેષ રહે છે, મુશ્કેલી આવતાં રુદન શરૂ થઇ જાય છે અને માનસિક રુદન ટેવ બની જાય છે, માન મળે તો ગમે અને અપમાન થાય તો આઘાત લાગે છે, રાગદ્વેષ માર્ગદર્શક તત્ત્વો બની ગયાં હોય છે, ઈન્દ્રિયજન્ય આનંદો પ્રિય બન્યા હોય છે; રોષ, રીસ, અપ્રસન્નતા, અધીરાઈ, નિદારસ વગેરે સહજ રીતે રહેતાં હોય છે. પરિણામે, જીવનમાં અશાંતિ, દુઃખ અને યાતના જ રહે છે. પરંતુ જો અંતસમયની જીવંત સ્મૃતિ દરરોજ સતત ચાખવામાં આવે, તો માણસ જે નબળાઇઓથી ઘેરાયેલો રહે છે તેમાંથી તે બહાર નીકળવાનો પ્રયાસ કરતો બને. આ નબળાઇઓ ઓછી થાય તેમ દુન્યવી દષ્ટિએ પણ સુખ, આનંદ અને પ્રગતિ પ્રાપ્ત થવા લાગે. આ પ્રકારનો પુરુષાર્થ ગમવા લાગે તો તેને પ્રસન્નતા અને શાંતિનો અનુભવ થવા લાગે, સાથે સાથે "મારું-તારું" ઘટવા લાગે અને અનાસકિત અને સમતાના વિકટ માર્ગ પરની સુખદાયી યાત્રા આગળ ધપવા લાગે. આ માટે સંતસમાગમ રામબાણ ઈલાજ છે. તેથી પરહિતચિંતકો સંતસમાગમ લોકોને સુલભ બને તે માટે પ્રવૃત્ત રહે એ ખૂબ આવકારપાત્ર બાબત ગણાય.

જે મૃત્યુ શબ્દનું ઉચ્ચારણ પણ અશુભ ગણાય છે તેની જીવંત સ્મૃતિ માણસમાં જે આંતરિક ફેરફાર લાવે છે તે દ્વારા માણસનું રોજબરોજનું જીવન પણ સાચાં સુખશાંતિવાળું બને છે. તેમાં પોતાના મંગળમય મૃત્યુની મીઠી આશા રહેલી હોય છે. તેનો આનંદ પોતાનાં ફરજપાલનમાં પ્રેરકબળ તરીકે કામ કરે છે અને મૃત્યુનો ડર ઘટાડતો રહે છે. સૌથી વિશેષ યાદ રાખવા જેવી બાબત પોતાના મૃત્યુની હકીકત નથી ? ☐


## પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ રૂલ્સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિનું સ્થળ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫ સરદાર વી.પી.રોડ, મુંબઇ-૪. |
| ૨. | પ્રસિદ્ધિનો ક્રમ | : દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. | મુદ્રકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી.પી.રોડ, મુંબઇ-૪. |
| ૪. | પ્રકાશકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૫. | તંત્રીનું નામ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : રસધારા કો.ઓ.હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪. |
| ૬. | માલિકનું નામ અને સરનામું | : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, : ૩૮૫, સરદાર વી.પી.રોડ, મુંબઇ-૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

૧-૩-૧૯૯૦ રમણલાલ ચી. શાહ


સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

## વિદ્યાસત્ર

(વર્ષ-૧૪)

સંઘના ઉપક્રમે શનિવાર, તા.૨૪મી માર્ચ, ૧૯૯૦ના રોજ નીચે પ્રમાણે વિદ્યાસત્રના કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત કવિ અને સર્જક તથા 'જન્મભૂમિ' અને 'પ્રવાસી' દૈનિકોના તંત્રી શ્રી હરીન્દ્રભાઇ દવેનાં બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યા છે. કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે :

❑ **પ્રથમ વ્યાખ્યાન**
* વિષય : ગઝલનું સ્વરૂપ
* સમય : સાંજના ૪-૦૦ થી ૪-૪૫

❑ **પંદર મિનિટનો વિરામ**

❑ **દ્વિતીય વ્યાખ્યાન**
* વિષય : કેટલીક કવિતાનો આસ્વાદ
* સમય : સાંજના ૫-૦૦ થી ૫-૪૫

**સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર, કમિટીરૂમ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.**

આ કાર્યક્રમમાં સર્વેને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

**તારાબહેન ર. શાહ**
સંયોજક

**કે.પી. શાહ**
**નિરુબહેન એસ. શાહ**
મંત્રીઓ

# પિગમેલિઅન

❑ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

આપણા સુશિક્ષિત સાહિત્યરસિકોમાં તથા સવિશેષ તો સૌ નાટ્યરસિકોમાં વિશ્વવિખ્યાત, સમર્થ અંગ્રેજી નાટ્યલેખક બર્નાર્ડ શૉનું નામ સુપરિચિત છે. એનાં નાટકોમાં અત્યંત લોકપ્રિય નીવડેલું ને સફળતાપૂર્વક અનેક પ્રયોગો કરી ચૂકેલું નાટક તે 'પિગમેલિઅન' !

આ વિચક્ષણ નાટ્યકારે એના નાટક માટે આવું નામ શા માટે પસંદ કર્યું હશે ? આ નામનો અર્થ શો છે ? શો હોઇ શકે ?

આમ તો આ 'પિગમેલિઅન', ગ્રીક પૌરાણિક કથાઓનું એક પાત્ર છે.

એ એક શિલ્પી હતો. એણે હાથીદાંતમાંથી, એક મુગ્ધકર નવયૌવનાની સુંદર મૂર્તિ કંડારી હતી ! એવી સ-રસ, એવી અદ્‌ભુત કે એને જોઇ એ પોતે જ એના પ્રેમમાં પડી ગયો. - ડૂબી ગયો.

પણ આ તો મૂર્તિ-નિર્જીવ ! એ જીવંત ન થાય ? આ મૂર્તિના પ્રેમમાં ઝૂરી રહેલા આ પ્રેમીએ દેવી વિનસને, આ મૂર્તિમાં પ્રાણ પૂરવા આરતભરી પ્રાર્થના કરી. દેવીએ એની ઊંડી આરઝૂ આવકારી-સ્વીકારીને કહ્યું- 'તથાસ્તુ!'

- ને મૂર્તિમાં પ્રાણનો સંચાર થયો ! પ્રણયમસ્ત પ્રેમી એને પરણી ગયો.

શૉના આ નાટકમાં એક અણઘડ, અસંસ્કારી, અશિક્ષિત છોકરી છે. ભાષાશાસ્ત્રના એક પ્રોફેસર સુદીર્ઘ સંનિષ્ઠ પરિશ્રમને અંતે એ છોકરીને સુઘડ, સંસ્કારી, સુશિક્ષિત, અદ્યતન ને ઉચ્ચ વર્ગના સમાજમાં હરતીફરતી ગૌરવાન્વિત મહિલા બનાવી દે છે !

- ને પછી પોતે જ એ પર એવા મુગ્ધ થાય છે કે અંતે સમજાય છે કે એ એના પ્રેમમાં ખૂબ ઊંડે ઊતરી ચૂક્યા છે.

- ને અંતે એ એને પરણી પણ જાય છે, એવું સૂચવાયું છે !

આ પેલા 'પિગમેલિયન' જેવું જ થયું ને ! પોતાના સર્જન માટે ઉત્કટ આત્મીયતા અનુભવવી ને એ જીવનનું અનિવાર્ય અંગ બને એવી ઝંખના જાગવી !

શૉ એ એટલે જ એના આ નાટક માટે એ ગ્રીક પાત્રનું નામ પસંદ કર્યું છે.

વિશ્વવિખ્યાત સંગીત-નાટક ને પછી તે પરથી બનેલી ફિલ્મ 'માય ફેર લેડી' મૂળ આ નાટક પરથી જ રચાયાં છે. ગુજરાતી નાટક અને ફિલ્મ 'સંતુ રંગીલી' તથા મરાઠી નાટક 'ફુલરાણી' પણ આ જ નાટકનાં રૂપાંતરો છે. વર્ષો પહેલાં રજૂ થયેલી હિંદી ફિલ્મ 'નીલી' પણ આ જ નાટકનું રૂપાંતર હતી.

આવા વસ્તુ (પ્લૉટ)વાળી કથાઓ આપણે ત્યાં પણ રચાઇ છે. વર્ષો પહેલાં આવેલી ન્યુ થિયેટર્સની ફિલ્મ 'લગન'ની કથા કે દસેક વર્ષ પર પ્રકટ થયેલી શ્રી નેમચંદ ગાલાની ધારાવાહી નવલકથા 'સરજતના શ્રાપ' (વિરાટ જાગે)નું વસ્તુ આ મનોવૃત્તિનાં સરસ ઉદાહરણો છે.

માનવમન ક્યારેક સર્વસાધારણ રાહે ચાલવાને બદલે, થોડું ફંટાઇને જુદે જ માર્ગે વળવાની વૃત્તિને અનુસરે છે. મનોચિકિત્સકો પાસે ઘણીવાર એવા લોકો - સર્જકો આવતા હોય છે જે એમનાં સર્જન જોડે ઉત્કટ પ્રેમમાં પડે છે ને એ સર્જન સજીવ હોય, એવું મન-મનાવીને એની જોડે વરતતા હોય છે. મનોવિજ્ઞાનની પરિભાષામાં આવા અભિગમવાળી વૃત્તિ, પેલાં 'પિગમેલિઅન'ના અભિગમને અનુસરીને 'પિગમેલિઅનિઝમ' નામે ઓળખાય છે.

મનોવિજ્ઞાન અનુસાર આ 'પિગમેલિઅનિઝમ'નો કંઇક આછેરો ખ્યાલ આ રીતે આપી શકાય: આ એક પ્રકારનો અલબત્ત, અસાધારણ, સૂક્ષ્મ જાતીય ઉન્મેષ છે, જેમાં પુરુષ પોતાની પ્રેયસીને, વાસ્તવમાં એ હોય તે કરતાં ખૂબ જ ઊંચે-આદર્શ સ્થાને પ્રસ્થાપિત કરે છે. એક રીતે એ સ્ત્રી, આવા પુરુષની આરાધ્યા બની રહે છે.

આવો પુરુષ પ્રેમમાં પડે છે ત્યારે, વાસ્તવમાં એ પેલી 'સ્ત્રી'ના પ્રેમમાં નથી હોતો, પણ પોતાના ભાવજગતની આદર્શ (સ્ત્રી) કલ્પનામૂર્તિનું તેમાં આરોપણ કરીને, એ કલ્પનામૂર્તિના - પોતાના એ માનસિક સર્જનના - પ્રેમમાં જ મગ્ન રહેતો હોય છે.

પેલી સ્ત્રી તો હકીકતમાં છાયા રૂપ જ બની રહે છે.

(મનોવિજ્ઞાનને લગતી આમાંની વિગતો ફ્રેંક કેપ્રિઓ તથા ડૉનાલ્ડ બ્રેનરના પુસ્તકને આધારે નોંધી છે.) ❑

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં નવાં પ્રકાશનો**

"પ્રબુદ્ધ જીવન"ના તંત્રી તરીકે સમાજ, શિક્ષણ, રાજકારણ, સાહિત્ય વગેરે વિષયો પર લખાયેલા લેખોનો સંગ્રહ

**સાંપ્રત સહચિંતન**

(ભાગ-૧-૨-૩)

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

કિંમત રૂા. ૨૫-૦૦ (દરેક ભાગની)

- પ્રકાશક -

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦ ૦૦૪.

ફોન : ૩૫૦૨૯૬.

નોંધ: સંઘના સભ્યોને માટે દરેક ભાગની કિંમત રૂપિયા વીસ.

મંત્રીઓ

# અનુસર્જકોનું ઉપકારક વ્યકિતત્વ

❑ પન્નાલાલ ર. શાહ

ભાષા વિજ્ઞાનના અધ્યાપનની શૈલી વિષે એક સરસ પ્રસંગ છે. ભાષા વિજ્ઞાનના અ ધ્યયન-અધ્યાપનની વાત આવે એટલે આપણા નાકનું ટેરવું ચડી જાય. શિક્ષિત વર્ગમાં પણ એ અંગે ભ્રામક માન્યતા : ભાષા વિજ્ઞાન એટલે વ્યાકરણની કડાકૂટ, એ માત્ર વ્યાકરણ નથી. ધ્વનિ અને ઉચ્ચારણથી માંડીને એના ભૌગોલિક પટા અને બોલી આદિનો એ વૈજ્ઞાનિક અભ્યાસ છે. અનુસ્નાતક કક્ષાએ આ વિષયનું અધ્યાપન કરાવતા બે પ્રાધ્યાપકોની અધ્યાપન-રીતિ અને શૈલીના ભેદની એક રસિક વાત છે.

ભાષા વિજ્ઞાનના એક પ્રાધ્યાપક અસાધારણ વિદ્વાન, સ્કૉલર અને સંશોધક. એમના જેવા આ વિષયના ઊંડા અભ્યાસી બહુ જ ઓછા જોવા મળે એવી એમની આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગણના. અનુસ્નાતક કક્ષાએ આ વિષયનું તેઓ અધ્યાપન કરાવે, જેવા કે અધ્યયનશીલ અને પોતાના વિષયમાં પારંગત એવા એ અધ્યાપનમાં નિષ્ણાત નહીં. સિધ્ધાંત સમજાવવામાં વ્યાખ્યાતા તરીકે તેઓ નીવડેલા નહીં, એવો એમને મહાવરો નહીં. એટલે સિધ્ધાંતની ચર્ચા વિદ્યાર્થીઓને શુષ્ક લાગે એ સ્વાભાવિક છે, એ વિદ્યાર્થીઓને ભાગ્યે જ સદે. એમને તો આ બધી કડાકૂટ માથાના દુ:ખાવા સમી જણાય.

આ વિષયના બીજા એક પ્રાધ્યાપક. તેઓ આ વિષયના જ્ઞાતા ખરા. પરંતુ વિદ્વાન અધ્યાપક જેટલો આ વિષયનો એમનો ઊંડો અભ્યાસ નહીં. એમને આ વિષય અને એના સિધ્ધાંતો સરળતાથી, સોદાહરણ સમજાવવાની કળા હાથવગી. વિદ્યાર્થીઓને બરાબર સહેલાઇથી ગળે ઊતરી જાય એ રીતે તેઓ અધ્યયન કરાવે. આ અધ્યાપકને ક્યારેક શંકા થાય, સિધ્ધાંતની કોઇ અટપટી બાબતોમાં કે વિરોધાભાસમાં પોતાના મનનું કે વિદ્યાર્થીના મનનું સમાધાન ન થાય તો પે'લા વિદ્વાન પ્રાધ્યાપકનો સંપર્ક સાધે. એમની પાસેથી બધું બરાબર સમજી લે અને એ સમજણને વિદ્યાર્થીવર્ગ સ્વીકારી લે એવી રસાળ શૈલીથી અને વાસ્તવિક ઉદાહરણોથી આવી કિલષ્ટ લાગતી બાબતોનું અધ્યાપન તેઓ કરાવે. એટલે આ અધ્યાપક વિદ્યાર્થીપ્રિય. સર-સ ભણાવે એવી એમની પ્રતિષ્ઠા.

કોઇ એક પ્રસંગે કેટલાક વિદ્યાર્થીઓએ આવા વિદ્યાર્થીપ્રિય અધ્યાપકને કહ્યું: 'સર, આપ બહુ સારું ભણાવો છો. આ જ વિષયના પે'લા પ્રાધ્યાપક તો શું ભણાવે છે એ જ તો અમને સમજાતું નથી. પોતે પણ સમજતા હશે કે કેમ એ પણ અમારે મન એક પ્રશ્ન છે.' વિદ્યાર્થીઓના આવા પ્રત્યાઘાતથી પળભર તો આ અધ્યાપક અવાક થઇ ગયા. પણ બીજી જ ક્ષણે એમણે કહ્યું: 'એ પ્રાધ્યાપક તો મારા ગુરૂ છે. એમના જેટલી વિદ્વત્તા અને અધ્યયનશીલતા મારામા નથી. મને કોઇ બાબત સમજાતી ન હોય તો હું એમની પાસેથી સમજીને તમને સમજાવું છું. એક સંશોધક તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. હા, એટલું ખરું કે હું તમને બધાંને કદાચ સરળ ભાષામાં, તમને રુચે એવી શૈલીમાં શીખવું છું. સંશોધક હંમેશાં સારું અધ્યાપન કરાવી શકે અને સારું શીખવતા અધ્યાપક સાચા સંશોધક હોય એવું બનતું નથી. બન્ને પ્રતિભા એક વ્યકિતમાં હોય તો સારું. સાચું મૂલ્ય તો સાચા સંશોધક, સ્કૉલરનું જ છે. વિદ્યાર્થીપ્રિય મારા જેવા પ્રાધ્યાપકનું મૂલ્ય વર્ગ પૂરતું મર્યાદિત છે, જયારે વર્ગ બહાર સારાયે વિશ્વમાં સંશોધકનું આગવું સ્થાન છે.' વિદ્યાર્થીપ્રિય અધ્યાપક મૂળ સિધ્ધાંતનું વફાદાર રહીને અધ્યાપન કરાવે ત્યાં સુધી કશું જોખમ નથી, પરંતુ વિદ્યાર્થીપ્રિય થવાના લોભમાં મૂળને વફાદાર ન રહે તો એમાં મોટું જોખમ છે.

* * * * *

દ્રષ્ટાંતકથાઓ, રૂપકકથાઓ કે પ્રેરણાદાયી પ્રસંગોનું એક સુખ છે. એનું અર્થઘટન જુદા જુદા ક્ષેત્રોને અનુરૂપ પણ થઇ શકે. આચાર્યશ્રી જયેન્દ્ર ત્રિવેદીએ આ અંગે એક સરસ વાત કરી છે. એમણે કહ્યું છે : 'રૂપકકથાઓ અને દ્રષ્ટાંતકથાઓ સાંભળનાર કે વાંચનાર એની પોતપોતાની સમજણ કે કક્ષા કે તાત્કાલિક મનઃસ્થિતિ પ્રમાણે અર્થ લઇ શકે છે. તદનુસાર ઉપરના પ્રસંગનું અર્થઘટન હું એક રીતે કરું. આ લેખ વાંચનાર કદાચ એથી જુદું અર્થઘટન પણ કરે. પે'લા વિદ્વાન, સ્કૉલર અને સંશોધન કરનાર પ્રાધ્યાપક જેવી પ્રથમ કક્ષાની વ્યકિતઓ જીવનનું સર્વાંગી દર્શન કરે. એ દર્શન પરથી જીવનની તાત્ત્વિક અને સાત્ત્વિક બાબતો સારરૂપે તારવે. મોટે ભાગે આવી વ્યકિત અંતર્મુખ હોય. એટલે જાહેરમાં એનું પ્રરૂપણ કે નિરૂપણ ન કરે. કદાચ કરે તો ગ્રહણ કરનારની કક્ષા એટલી ઊંચી ન હોય તો ઉપરના પ્રસંગમાં રજૂ કરેલ વિદ્યાર્થીઓના પ્રત્યાઘાત જેવો પ્રત્યાઘાત જનસમૂહનો આવે. લોકપ્રિય શૈલીમાં ઉપદેશક, લેખક, સર્જક કે અધિકારી વ્યકિત એની રજૂઆત એવી સરસ રીતે કરે કે એ હૈયા સોંસરવી ઊતરી જાય. એમની રજૂઆત પણ મૂળને વફાદાર હોય. આ બાબત જીવનના દરેક ક્ષેત્રને લાગુ પાડી શકાય એટલી સક્ષમ છે. પરિવર્તન પામતા જીવન અને સમાજને અનુરૂપ એનું અર્થઘટન કરી શકાય, મહાપુરુષોની તત્ત્વ-સત્ત્વશીલ બાબતોના મૂળતત્ત્વને બદલે માત્ર ચોકઠાંને વળગી રહેવાથી પરિવર્તન પામતા જીવનમાં એ બંધબેસતી લાગતી નથી. ગાંધીજીના સિધ્ધાંતોનું અવમૂલ્યન કરવામાં આ રીતે આપણો ફાળો નાનોસૂનો નથી.

આચાર્ય રજનીશે ક્યાંક કહ્યાનું સ્મરણ છે : જગતના પ્રથમ પંક્તિના મહાપુરુષો ઈતિહાસમાં સ્થાન પામ્યા નથી. ઈતિહાસપ્રસિદ્ધ મહાપુરુષ તો કાળના ગર્તમાં વિલીન થયેલા તત્ત્વચિંતકોનું અનુસર્જન છે. એમનું વ્યક્તિત્વ જગતને ઉપકારક નીવડયું છે. એટલા માટે કે જગતના ચિંતકોના ચિંતનના ચિંતન વ્યાપારને વફાદાર રહીને આવા અનુ-સર્જકોએ એનું સાચું અર્થઘટન કર્યું છે. ક્યાંય લોકપ્રિયતાને વશ, કીર્તિ અને લોકૈષણાને વશ, પરિસ્થિતિને અનુરૂપ મૂળથી તદન વિરોધી એવું પણ અર્થઘટન કર્યું નથી. મૂળ સિદ્ધાંતોને સંજોગાનુસાર સમજાવી એને પુષ્ટિ આપી છે, એનું પરિશીલન કર્યું છે.

જીવન, ધર્મ, સમાજ અને રાજનીતિ કે અન્ય ક્ષેત્રે વર્તમાન સમયમાં પાંગરેલું નેતૃત્વ આ બધી બાબતોનું પરિવર્તન પામતા રહેલા સંજોગોને અનુરૂપ અર્થઘટન કરે છે તો ખરું, પરંતુ એમાં મૂળને વફાદાર રહેવાનું તત્ત્વ કેટલું ? સમૂહને એ દિશામાં વાળવાની ગુંજાયશ કેટલી ? લોકપ્રિયતાને ભોગે એવું કરવાની તૈયારી કેટલી ? એ સવા લાખ સુવર્ણ મુદ્રાનો પ્રશ્ન છે. □

# મુનિ સેવા આશ્રમની મુલાકાત

□ અહેવાલ : ચીમનલાલ કલાધર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા ગત પર્યુષણ પર્વ દરમિયાન વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે ચાલતા મુનિ સેવા આશ્રમને સહાય કરવા માટે સંઘ દ્વારા અપીલ કરવામાં આવી હતી. જેના પ્રતિભાવરૂપે પાંચ લાખ રૂપિયાની રકમ નોંધાઇ હતી. સંઘની પરંપરા અનુસાર દાતાઓ અને સમિતિના સભ્યો આ સંસ્થાની મુલાકાત લઇ શકે એ હેતુથી સંઘ દ્વારા મુનિ સેવા આશ્રમની મુલાકાતનો એક કાર્યક્રમ રવિવાર, તા. ૪થી માર્ચ, ૧૯૯૦ના રોજ યોજવામાં આવ્યો હતો.

શનિવાર, તા. ૩જી માર્ચના રાત્રીના નેવું જેટલા ભાઈ બહેનો મુંબઈથી વડોદરા એકસપ્રેસ ટ્રેન દ્વારા રવિવારે સવારે વડોદરા પહોંચી ગયા હતા. વડોદરાથી પ્રથમ શ્રમમંદિરની મુલાકાત લઇ ત્યાંથી બસ દ્વારા ગોરજ મુકામે મુનિ સેવા આશ્રમમાં સૌ આવી પહોંચ્યા હતા. મુનિ સેવા આશ્રમના સૂત્રધાર બહેનશ્રી અનુબહેન ઠક્કરે અને અન્ય આશ્રમવાસીઓએ સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આશ્રમની સ્થાપનાને આજે દસ વર્ષ થયાં અને આજનો દિવસ આશ્રમની સ્થાપનાનો દિવસ છે. બે મહિના પહેલા મુ. રમણભાઈએ જયારે ચોથી માર્ચની તારીખ મુલાકાત માટે લખી ત્યારે અમને આનંદ થયો કે કેવો સરસ યોગાનુયોગ છે કે આશ્રમના સ્થાપના દિને તમે બધાં અહીં પધારવાના છો. આટલી મોટી સંખ્યામાં હજુ કોઇ સંસ્થાએ આશ્રમની મુલાકાત લીધી નથી. પ્રાકૃતિક સૌંદર્યથી સભર મુનિ સેવા આશ્રમની સ્વચ્છતા અને વ્યવસ્થા જોઇને સૌએ પ્રસન્નતા અનુભવી હતી. અહીં ચાલતા વિવિધ સેવાકાર્યમાં મંદબુદ્ધિની બહેનોની સંભાળનું કાર્ય જોઇને સૌ પ્રભાવિત થયા હતા. આ વિસ્તારના આદિવાસી બાળકોને અપાતું શિક્ષણ અને સંસ્કાર તેમજ વ્યસન મુક્તિની આશ્રમ દ્વારા ચલાવાતી ઝુંબેશની વાત જાણી સૌને આનંદ થયો હતો. અહીંની નાનકડી હોસ્પિટલ, ગાલીચાવણાટકેન્દ્ર, હાથશાળ, તેમજ આદિવાસી બાળકોની સંભાળ અને શિક્ષણ માટેના છાત્રાલયનું કાર્ય જોઇને સૌ પ્રસન્ન થયા હતા. ગુજરાતના જંગલ જેવા પછાત વિસ્તારમાં નંદવદન સમી આ સંસ્થાને વિકસાવવામાં સેવામૂર્તિ અનુબહેનને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો અને તેમ છતાં મૌની બાબાના આશીર્વાદથી આ સેવાકાર્યની પ્રવૃત્તિઓને કેવો વેગ મળ્યો હતો તેની વિગતો જાણવા મળી હતી.

આ પ્રસંગે આશ્રમવાસી નાનાં નાનાં બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જૈન યુવક સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે ગાંધીજીના ગ્રામ્ય સ્વરાજયની ભાવના અનુબહેન જેવી સેવા પરાયણ વ્યક્તિ અને તેમની આવી ઉત્કૃષ્ટ સંસ્થાઓ દ્વારા જ સાકાર કરી શકાય. દેશની આઝાદી પછી ગામડાંનો જેટલો વિકાસ થવો જોઇએ તેટલો થયો નથી અનુબહેનના પરિચયમાં આવતાં જ એમનામાં રહેલા વાત્સલ્યનો અનુભવ થાય. અનુબહેને અહીં એક મિશનરી પાદરીને શરમાવે એવું જબરજસ્ત કામ એકલા હાથે કર્યું છે. આ કામમાં એમની શ્રદ્ધાનું બળ રહેલું છે. અનુબહેને એકલે હાથે જે કામ કર્યું છે તે પરથી સ્ત્રીશક્તિ કેટલું પ્રબળ કાર્ય કરી શકે છે તેની પ્રતીતિ થાય છે. ભારતનું ખરુ ધન ગામડાઓ છે. અનુબહેન દ્વારા ચાલતા આવા સરસ સેવાકાર્યોમાં સહભાગી થવાનું જૈન યુવક સંઘને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેનો ખરેખર આનંદ છે.

સંઘના મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે કહ્યું હતું કે શહેરી સંસ્કૃતિથી દૂર આવેલી આ સંસ્થા ખરેખર ભારતીય સંસ્કૃતિનું સાચું દર્શન કરાવે છે. આ સંસ્થાને જેટલી સહાય કરીએ તેટલી ઓછી છે.

સંઘની સમિતિના સભ્ય શ્રી ઉષાબેહેન મહેતાએ જણાવ્યું હતું કે અહીંની પ્રવૃત્તિઓ જોઇને ગદ્ગદીત થઇ ગઇ છું.

અનુબહેને જે પ્રેમ, વાત્સલ્ય અને સદ્ભાવથી અહિં શૂન્યમાંથી સર્જન કરી બતાવ્યું છે તે ખરેખર પ્રેરણા આપે તેવી ઘટના છે. એમના પર સંતોની અને પ્રભુની કૃપા છે. અને તેથી જ આવું સુંદર કામ અહીં થઇ રહ્યું છે.

આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઇ ભાઉ, શ્રી બસંતલાલ નરસિંહપુરા, શ્રી બંસરીબહેન પારેખ વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધનો કર્યા હતા. આશ્રમની મુલાકાતે આવેલા સંઘના સૌ સભ્યોને એવો સરસ ભાવ થયો હતો કે આપણી મુલાકાતની યાદગીરીમાં આપણે કંઈક કરવું જોઇએ. એ માટે બધાએ મળી આશ્રમ માટે રૂપિયા પંદર હજાર પ્રેમના પ્રતીક તરીકે નોંધાવ્યા હતા.

વડોદરા ખાતે સૌ મહેમાનોને સ્નાનાદિ માટેની, ચાહ - નાસ્તાની તેમજ બસ દ્વારા બધાને ગોરજ લઇ જવાની વ્યવસ્થાની જવાબદારી સંઘની સમિતિના સભ્ય શ્રી મહનલાલ ભીખાચંદ શાહે તથા તેમનાં પુત્રી ચંદ્રિકાબહેન તથા જમાઇ શ્રી યોગેશભાઇ શાહે સંભાળી હતી અને તેઓએ આ બધી વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરી હતી. જેથી સૌને સંતોષ થયો હતો.

મુનિ સેવા આશ્રમની મુલાકાત લઇને સૌ સભ્યો વડોદરાથી મુંબઇ પાછા ફર્યા પરંતુ સૌના દિલમાં ગોરજની આ સંસ્થા અને સેવામૂર્તિ અનુબહેન ઠક્કરનુ સ્થાન કાયમ પ્રસ્થાપિત થઇ ગયું હતું.

*

# માનવજાતિમાં સમાજનો ઉદ્‌ભવ

❑ કે. પી. શાહ (જામનગર)

માનવ જાતિમાં માનવ-સમાજનો ઉદ્‌ભવ ક્યારે અને કેવી રીતે થયો તેનો જ્યારે વિચાર કરીએ ત્યારે પહેલાં તો જગત અને જીવસૃષ્ટિનો વિચાર કરવાનો રહે છે. જગત આદિ-અનાદિ કહો કે ઇશ્વરના કૃતિ અગર લીલા કહો પણ નજર સમક્ષ જગત અને જીવસૃષ્ટિની હસ્તીનો એક હકીકત તરીકે સ્વીકાર કરીને આગળ ચાલીએ તો જીવસૃષ્ટિમાં માનવજાતિનો સમાવેશ થઇ જાય છે. માનવજાતિની હસ્તીનો સ્વીકાર એક હકીકત તરીકે કર્યા પછી આદિવાસીઓની ઉપલબ્ધ અને અત્યારના તેમના જીવનની રહેણીકરણીની હકીકત પરથી વાસ્તવિક કલ્પના એમ થઇ શકે કે માનવ શરીરનાં મૂળભૂત લક્ષણો ભૂખ અને તરસ રહ્યાં છે. અને માનવ સ્વભાવનાં મૂળભૂત લક્ષણો ભય અને પ્રીતિ રહ્યાં છે.

પહેલાં તો માણસ ભૂખ્યો થાય ત્યારે પેટ ભરવા માટે કાંઇક શોધતો રહ્યો હશે. અને પેટ પૂર્યા પછી તરસ છીપાવવા તલસતો રહ્યો હશે. તે માટે નદી-નાળાની સતત શોધ કરવા એ ભટકતો રહ્યો હશે. અને નદીનાળામાંથી પાણી પીતો હશે. આમ ભૂખ અને તરસ છીપાવવા જંગલ-ઝાડીઓ કે પહાડોમાં ભટકતાં ભટકતાં ક્યારેક રાની પશુઓનો ભેટો પણ થઇ જતો હશે. ત્યારે તેનાથી બચવા માટે સતત પ્રયત્નશીલ રહ્યો હશે. અને તેનામાં બુદ્ધિ તો સૂતેલી પડી હશે. તેને સરાણે ચડાવી પોતાનો બચાવ કરવા પ્રયત્નશીલ રહેતો હશે. પોતે એકલો પહોંચી વળી શકે તેમ નહિ લાગ્યું હોય ત્યારે સરખી પ્રકૃતિવાળા સમૂહ સાથે ફરતો થયો હશે. જેથી રાની પશુઓનો સામનો કરી શકે અને પોતાની જાતને બચાવી શકે. સંભવ છે કે સાથે ફરતા બસો ચારસો માણસોનો સમૂહ એક સાથે કોઇપણ રાની પશુ ઉપર ઝાડના જાડા ડાળખાનાં ધોકા બનાવી હલ્લો કરે તો પશુઓથી બચાવ થઇ શકે અને એ રીતે માનવ પોતાનું પેટ ભરતો અને તરસ છીપાવતો જીવન વીતાવતો હશે. એટલે માણસ સમૂહમાં ફરતો રહેતો થયો હશે અને રાતવાસો કરવો પડતો હશે ત્યારે નદીનાળાના કિનારે ફરતો રહ્યો હશે.

આ રીતે માનવ સમૂહમાં ભૂખ અને તરસ છીપાવવા સમૂહમાં રહેતાં રહેતાં અને પ્રવાસ કરતાં કરતાં ક્યારેક ખીણ કે પહાડ ચડવા જેવી જગ્યા આવી હશે. જ્યાં પાણી મળે તેમ નહિ લાગ્યું હોય ત્યારે કોઇ નદીના કિનારે વિશાળ અનુકૂળ જગ્યામાં સ્થાયી થવા વિચાર્યું હશે. અને ત્યા સ્થિર થયો હશે. આ સમૂહમાં રહેવાનું જે કોઇને નહીં ફાવતું હોય તે ચાલ્યા જતા હશે અને નવા આવતા રહેતા હશે.

આ સમૂહ જીવનમાં જુદા જુદા માણસોને જુદા જુદા અનુભવ થતાં રહેતાં હશે અને પેટ ભરવા માટે સતત કાંઇકને કાંઇકની શોધમાં રહેતાં રહેતાં સમૂહમાંથી કોઇએ ચોમાસામાં ફળફળાદિ જમીનમાં નાખ્યા હશે. તેમાંથી છોડ ઊભા થયા હશે અને તેમાંથી નવાં ફળ મળતાં થયાં હશે. આ રીતે જમીનમાંથી ચીજ-વસ્તુઓ પેદા કરતાં થયા હશે. આમ ખેતીનું બીજ આ અનુભવમાં રોપાયેલું છે. એટલે માણસ શરીરની પ્રાથમિક જરૂરીયાત ભૂખ અને તરસ સંતોષવાના પ્રયાસમાં ફરતાં ફરતાં ભયનો માર્યો ભેગા ફરતાં શીખ્યો હશે અને ભેગા ફરવાના અનુભવો ઉપરથી ક્યાંય સ્થાયી અગર સ્થિર થતાં શીખ્યો હશે. અને સ્થિર થયા બાદ સમૂહ જીવનના જુદા જુદા અનુભવો ઉપરથી ફળફળાદિ જમીનમાંથી પેદા કરીને પેટ ભરતો થયો હશે, એમ માનવું વાસ્તવિક હકીકત સમાન ગણાય.

માનવજીવનની આવશ્યક અને અનિવાર્ય જરૂરિયાત હંમેશાં કંઇક નવી શોધના મૂળમાં પડેલી હોય છે. માણસો નાના મોટા સમૂહમાં ક્યાંક અનુકૂળ સ્થળે સ્થિર થયા હશે. તો ત્યાં એકબીજા વચ્ચે વ્યવહાર ચલાવવા કંઇ બોલી બોલતા હશે. અને ટાઢ તડકાથી બચવા માટે કોઇક રીતે રાત-દિવસ જીવન ગુજારતા હશે.

સમૂહ જીવનમાં આપસમાં એકબીજા અને સમૂહ વચ્ચે વ્યવહારમાં પહેલાં તો ઇશારાથી અને પછી આપોઆપ અર્થવાહી સ્વર-વ્યંજનવાળી ભાષાથી પ્રાથમિક વ્યવહાર ચલાવતા વ્યવહાર જેમ જેમ વધતો રહ્યો હશે તેમ ભાષાકોશ વધતો ગયો હશે એમ માનવું વાસ્તવિક ગણાય. સમૂહ જીવનમાં સ્થિર થતાં માણસો કોઇ ઝાડ-વાડની ઓથે પડયા રહેતા હશે. અગર ઊભી થતી જરૂરિયાત પૂરી કરવા બુદ્ધિપૂર્વક કાંઇક ઝાડ પાનની ઓથ-આડસ કે ઢાંકણ ઊભું કરી રહેતા થયા હશે અને સખત ઠંડીથી બચવા ચકમકવાળા બે પથ્થરો ઘસીને અગ્નિના તણખાથી ઝાડનાં સૂકાં પાન સળગાવી તાપણું કરી રહેતા હશે. જ્યારે આવશ્યક જરૂરિયાત ઊભી થતી રહી હશે ત્યારે બુદ્ધિ સરાણે ચડાવી ટાઢ તડકાથી બચવા ઝાડની છાલથી અંગ ઢાંકતા થયા હશે અને બીજી જરૂરિયાત પૂરી કરવા પ્રયત્નશીલ રહેતા હશે એમ માનવું વાસ્તવિક ગણાય.

આ પ્રકારના સમુહજીવનમાં સહ-જીવનનું બીજ રોપાયેલુ જણાય છે. કારણ સમૂહમાં ફરવાનું અને ક્યાંય સ્થિરવાસ કરવાનું થયું હશે ત્યારે પુરુષો અને સ્ત્રીઓ એકબીજા આડેધડ જેમ જેને ફાવે તેમ સાથે કે એકલા રહેતા હશે. પુરુષ સ્ત્રીમાં પ્રીતિ તો પડેલી જ છે. એટલે પ્રીતિ પાત્ર સાથે રહેવાનું પસંદ કરતા હશે. એટલે સહજીવનમાં પ્રીતિ પાત્ર માટે પુરુષોની પ્રકૃતિ આક્રમક હોઇને ક્યારેક માનવ સહજ નબળાઇને કારણે એકબીજા વચ્ચે મતભેદને કારણે મનભેદ રહેતા હશે તો ક્યારેક મારામારી પણ થતી હશે. આમ બનવું માનવ સહજ છે.

સમૂહજીવનમાં લાંબા સમયે આવી આંધાધૂંધીથી આ પ્રશ્ન એક મોટી સમસ્યા કે કોયડો બની ગયો હશે. અને સમૂહજીવનને પાયામાંથી હચમચાવી વેરવિખેર કરી નાંખે તેવું સ્વરૂપ પણ ધારણ કરતો થયો હશે.

વખતે સમૂહમાંથી કોઇ બુદ્ધિશાળી બે-ચાર ડાહ્યા માણસો આ સમસ્યાનો ઉપાય શોધવા મથતા રહ્યા હશે જે દરમ્યાન એક વિચાર આવ્યો હશે કે આપણે કાંઇક એવું બંધન કરીએ કે જેથી આ ઝગડાનું કારણ ટળે. આના ઘણા ઘણા ઉપાયો વિચાર્યા પછી એક માત્ર કામયાબ ઉપાય એ સૂઝયો હશે કે પ્રત્યેક પુરુષે પોતાના પ્રીતિપાત્ર એક જ સ્ત્રી સાથે રહેવુ આ બંધનને નિયમનું સ્વરૂપ આપવામાં આપ્યું હશે અને સમૂહજીવનમાં પહેલો આ નિયમ આવ્યો હશે. ખૂબ વિચારણા થઇ તે દરમ્યાન ચર્ચામાં કોઇએ એમ પણ સૂચવ્યું હશે કે એકને બદલે બે સ્ત્રીઓ સાથે રહેવાની છૂટ આપીએ તો શું વાંધો છે? તો પછી કયાંય તકરાર થવાનો સંભવ જ નહિ રહે. આ સૂચનના જવાબમાં એક પીઢ સ્ત્રી જે સમૂહજીવનમાં માતા સમાન લેખાતી હતી તેણે સખ્ત વિરોધ દર્શાવી સહેજે કહ્યું જ હશે કે સ્ત્રીઓને પૂછો તો ખરા કે એક પુરુષ સાથે બે સ્ત્રીઓ રહેવા માંગે છે? બે સ્ત્રીઓ સાથે રહેવાની વાત તો એકપક્ષીય છે. તેમાં કયાંય ન્યાય જેવું નથી. વળી તે સ્ત્રી-સહજ પણ નથી. એ તો સહજીવનમાં મોટા ખટરાગનું કારણ બની જાય.

વળી એક ડાહ્યા વયોવૃદ્ધ પુરુષે બે સ્ત્રી અંગે તો એવો જડબાતોડ જવાબ આપ્યો કે તેમ કરવાથી તો માનવ સહજ ઘણાં ઉપદ્રવો ઊભા થાય. તે પૈકી પ્રથમ તો આપણે એ વિચારવું જોઇએ કે ગમે ત્યા સમૂહમાં જુઓ તો લગભગ પુરુષો જેટલી જ સંખ્યામાં સ્ત્રીઓ છે. થોડી વધુ કે ઓછી સંખ્યા હોય, પણ એક પુરુષ બે સ્ત્રીઓ સાથે રહે તો બાકી રહી જાય તેમને પાછું તકરાર કે મારામારી કરવાનું ખરેખર કારણ રહે. એટલે બધુ સરખું જીવન મળી જાય એટલા માટે પ્રત્યેક પુરુષે એક જ સ્ત્રી સાથે રહેવું જોઇએ. આ સરખું જીવન મળવાના વિચારમાં ન્યાય સમાયેલો છે. એટલે સહજીવનમાં ન્યાય આવ્યો. પહેલાં નિયમ અને પછી ન્યાય આ રીતે સમૂહજીવનમાં આવ્યા હશે એમ માની શકાય અને વધુ વ્યવસ્થિત સમૂહજીવન કરવાના પ્રયાસોમાં બુદ્ધિશાળીઓ ન્યાય બદ્ધ બીજા નિયમો કરી સમૂહજીવન વધુ શાંતિભર્યું અને સુખી બનાવવા પ્રયાસ કરતા રહયા હશે. જેમ કે જમીનમાંથી પેદા કરવા માટે અશક્ત કે બાળકો સિવાય સૌએ સાથે એક સરખો પરિશ્રમ કરવાનો નિયમ કર્યો હશે. અને જે કંઇ ઉપજ આવે તે ન્યાયપૂર્વક સરખે ભાગે વહેંચી લેવા નિયમ કર્યો હશે. આમ સમૂહ જીવન વધુ અને વધુ વ્યવસ્થિત કરવા માટે ન્યાયબદ્ધ નિયમો થતાં રહ્યા હશે અને આ નિયમોના પાલન માટે આગ્રહ પણ રખાતો હશે. નિયમનો ભંગ ન કરે તેને માટે કાંઇક વ્યવસ્થા પણ બુદ્ધિપૂર્વક ગોઠવી હશે. ભંગ કરનારને કાંઇક શિક્ષા પણ કરવાની જોગવાઇ થઇ હશે.

આ સમૂહજીવન વધુ વ્યવસ્થિત થવાની પ્રક્રિયા દરમ્યાન માનવસહજ પહેલી કસૂર એ થઇ હશે કે જમીનમાંથી પેદા કરવા માટે એક સરખો પરિશ્રમ કર્યા પછી પરિણામે જે કાંઇ ફળફળાદિની ઉપજ થઇ તે સરખે ભાગે વહેંચી દીધા પછી કોઇએ બીજાને મળેલ ચીજ તેનું ધ્યાન નહિ હોય ત્યારે લઇ લીધી હશે. ત્યારે આ નિયમભંગ મોટો ગણાયો હશે. કારણ બીજાના હકકની મેળવેલી ચીજ કોઇએ લેવાય જ નહિ, એ ગુન્હો ગણવામાં આવ્યો હશે અને બીજાના હકકનુ લેવાય જ નહિ એ ન્યાયબદ્ધ નિયમના ચુસ્ત પાલનને નીતિ કહેવામાં આવી હશે.

આ રીતે સમૂહજીવનમાંથી સહજીવન ઊભુ થયું હશે. સહજીવનમાંથી કુટુંબ જીવન ઊભુ થયું હશે. સમૂહજીવન અને સહજીવન બુદ્ધિપૂર્વકના ન્યાયબદ્ધ નિયમો અને તેના પાલનથી વધુ અને વધુ વ્યવસ્થિત થતું રહ્યું હશે. આ નિયમ ન્યાય અને નીતિના પાયા ઉપર સમૂહજીવન અને સહજીવનનો વિકાસ થતો રહ્યો હશે. આ વિકસિત સમૂહ કે સહજીવનમાં માનવ સમાજના બીજ રોપાયેલાં છે. તેના પર જેમ જેમ માનવ વિવેકબુદ્ધિની વર્ષા થતી રહી હશે તેમ તેમ સમાજનો વિકાસ થતો રહ્યો હશે એમ માનવું વાસ્તવિક હકીકત ગણાય. આ ન્યાયબદ્ધ નિયમો અને નીતિના ચુસ્ત પાલનને સમાજમાં સદાચાર ગણ્યો છે અને આ સદાચારના પાયામાં સમાજ જીવનનું બીજ રોપાયેલ છે. માનવ સમાજના વિકાસની પ્રક્રિયા અને પ્રગતિનો ઇતિહાસ જાણવા માટે તો આપણે સમાજશાસ્ત્રીઓના અનેક ગ્રંથો જોવા રહ્યા. ❑

## મહાવીર વંદનાનો કાર્યક્રમ

અને

### સંઘના સભ્યોનું વાર્ષિક સ્નેહમિલન

**આર્થિક સહયોગ : શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા**

સંઘના સભ્યો માટે મહાવીર વંદનાના કાર્યક્રમ સાથે વાર્ષિક સ્નેહમિલન રવિવાર, તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ નીચે પ્રમાણે યોજવામાં આવ્યું છે :

❑ **મહાવીર વંદના - ભક્તિ સંગીત**
**રજૂઆત :** શ્રી રાજેન્દ્ર ઝવેરી, શ્રીમતી તૃપ્તિ છાયા અને કલાવૃન્દ
**સમય :** સવારના ૧૦-૩૦ થી ૧૨-૦૦

❑ **બુફે ભોજન :** બપોરના ૧૨-૧૫ કલાકે

❑ **સ્થળ :** બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦ ૦૦૭.

ચીમનલાલ જે. શાહ — કે. પી. શાહ
સંયોજક — નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

**અગત્યની નોંધ :**

(૧) આ વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ ફકત સંઘના સભ્યો માટે જ છે.

(૨) પ્રત્યેક સભ્યને ફકત એક જ પ્રવેશકાર્ડ આપવામાં આવશે.

(૩) મોડામાં મોડું તા. ૬-૪-૧૯૯૦ના સાંજના પાંચ વાગ્યા સુધીમાં સ્નેહ મિલન અંગેનું પ્રવેશકાર્ડ સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવું.

(૪) બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં સીટની સંખ્યાની મર્યાદા હોવાથી વહેલા તે પહેલાંના ધોરણે પ્રવેશકાર્ડ આપવામાં આવશે.

# સંપૂર્ણ ભંગીમુક્તિ ક્યારે થશે?

❑ જયાબહેન શાહ

ભંગીમુક્તિના પ્રશ્નની ચર્ચા કરતા એક સજજન કહે, તમને શું થયું છે? ગાંધી શતાબ્દી વર્ષમાં આપણે ભંગી મુકિતના કાર્યને અગ્રીમતા આપેલી ને હવે તો એ બધું પતી ગયું છતાં તમારા જેવા લોકો એ વાતને ફરી ફરીને ઉથલાવે છે, તમને બીજું કોઇ વધુ ઉપયોગી કાર્ય કેમ નજરે ચડતું નથી તેનું જ મને આશ્ચર્ય થાય છે.

એક રીતે જોઇએ તો આ મિત્રની વાત સાચી છે. ગાંધી શતાબ્દી વર્ષમાં એ પ્રશ્ન "યુધ્ધના ધોરણે" હાથ ધરાયેલો ખરો અને ગુજરાત સરકાર તેમજ ગુજરાત હરિજન સેવક સંઘના કર્મઠ સેવક શ્રી ઇશ્વરભાઇ પટેલના પુરુષાર્થથી સારી એવી મજલ કપાઇ ગઇ. એમ કહી શકાય કે ગુજરાત એ બાબતમાં આગળ છે, માર્ગદર્શક છે.

પણ એ સન્મિત્ર પાસે દેશનું બીજું ચિત્ર મૂક્યું ત્યારે તેઓ આશ્ચર્ય ચકિત થઇ ગયા. મેં તેમને પુછ્યું કે દેશમાં હજું કેટલા ડબા જાજરૂઓ અસ્તિત્વમાં હશે? તેમની પાસે આંકડા ન હતા પણ મેં એમને સમજાવ્યું કે ગુજરાત એ ભારત નથી. ભારતમાં આજે પણ ૯૦ લાખ ડબા જાજરૂઓ છે. દેશના પાટનગર દિલ્હીમાં પાંચ લાખ જેટલા ડબા જાજરૂઓ છે ને મળ સફાઇના કાર્ય સાથે છ લાખ જેટલા માનવો સંકળાયેલા છે. આટલી હકીકત જાણ્યા પછી તમને લાગશે કે કેટલું બધું કામ હજુ બાકી છે, પણ આપણને પોતાને આ પ્રશ્ન સાથે એટલી નિસ્બત નથી તેથી આપણને બધું સારું જ લાગે છે.

એ મિત્ર થોડા લજવાઇ ગયા; મને કહે અમને આવી બધી ક્યાંથી ખબર હોય?

કહેવાય છે કે, વિશ્વમાં પછાત ગણાય તેવા પચ્ચીસ જેટલા દેશોમાં ડબા જાજરૂ પ્રથા ચાલુ છે. તેમાં ભારત પ્રથમ નંબરે છે. ભારતના ત્રણ હજાર ઉપરાંતના નગરોમાંથી માત્ર ૨૧૭ નગરોમાં જ ભંગી મુક્તિ થઇ છે પરંતુ ભારત સિવાયના અન્ય દેશોમાં આ કાર્ય કરનારાઓને અસ્પૃશ્ય ગણવામાં આવતા નથી. આ એક મોટો ધરખમ તફાવત છે. વર્ણાશ્રમની આ કાલિમાયુકત ફલશ્રુતિ છે.

મેં એમને કહયું, આમાં તમારો દોષ કાઢું તો યે શું? તમને તો આટલું યે લાગે છે બાકીનાને તો આ પ્રશ્ન તદ્દન ગૌણ લાગે છે. આ તો સારુ થજો ગાંધી બાપુનું નહિ તો ભંગી લોકોનું શું થાત? ગાંધીજીને ભંગી લોકોની પરિસ્થિતિ જોઇને જબ્બર આંચકો લાગ્યો હતો. તેઓ જયારે દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારથી તેમના પડળ ખુલી ગયેલા ત્યાં પણ કમોડ પધ્ધતિ હતી. ગાંધીજીએ કસ્તુરબાને મહેમાનોનું કમોડ સાફ કરવાનું જણાવેલું ત્યારે કસ્તુરબા તો નારાજ થયેલા પણ ત્યાર પછી બા બાપુએ આશ્રમમાં જાજરૂ સફાઇનું કામ પોતાની જાતથી જ શરૂ કરી દીધું. પોતાનું મેલું બીજા સાફ કરે એ વસ્તુ બાપુને અમાનવીય લાગતી હતી અને તેથી જ બાપુને પ્રિય એવા ભંગી મુક્તિ કાર્યને ગાંધી શતાબ્દીમાં અગ્રીમતા મળી જે ઉચીત જ હતું પણ આપણા લોકો પ્રારંભે શૂરા હોય છે પછી ઢીલા પડી જાય છે. આપણા શહેરોની રચના પણ એવી છે કે એ કામ કઠણ હતું ને છે પણ જયારથી સુલભ વૈજ્ઞાનિક જાજરૂની શોધ થઇ ત્યાર પછી એ કામ પ્રમાણમાં સહેલું બની શક્યું છે.

આપણે જો ખરેખર અસ્પૃશ્યતા નિવારણમાં માનતા હોઇએ, માનવીય ગૌરવની અભિલાષા સેવતા હોઇએ, તે બાબતમાં પ્રામાણિક હોઇએ તો ડબા જાજરૂ એક દિવસ પણ ન ચલાવી લેવાય. ડબા જાજરૂના પરિવર્તનમાં થોડી મૂશ્કેલીઓ છે પણ એવું હોય તો એ સફાઇ કાર્ય એના વાપરનારાઓને માથે નાખવું જોઇએ બીજાને માથે હરગીઝ નહિ. પરંતુ એ પણ બની શકતું નથી.

દેશભરમાં માથે મેલું ઉપાડવા ઉપર પ્રતિબંધ તો મૂકાયો છે. પણ વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે આવું કામ કરનારાઓની જરૂર તો પડે જ છે અને એ કામ કોણ કરે? માત્ર ભંગી કોમમાં જન્મેલા લોકોને માથે આપણે એ કામ નાખી દીધું છે ને ભંગી લોકો વર્ષોથી એ કાર્ય કરતાં આવ્યા છે તેથી તેમને તેમાં છોછ કે સૂગ નથી પણ એ તો એવું જ બનવાનું અને રહેવાનું. ગુલામોની નાબુદી ગુલામો દ્વારા નથી થઇ. તેની નાબુદી અન્ય વર્ગના લિંકન જેવા ગોરા લોકોએ કરી છે, તેથી ભંગી મુકિતનું કાર્ય પણ અન્ય વર્ગે કરવાનું છે પણ તેનામાં એટલી સંવેદનશીલતા નથી તેથી એવું બધું ચાલતું રહયું છે અને ગાંધી તેમજ લિંકન જેવો બીજો મુક્તિદાતા નહિ નીકળે ત્યાં સુધી કદાચ એ ચાલું રહેશે તેવું આજે તો લાગે છે.

ગાંધી શતાબ્દીને પણ વીસ વર્ષના વહાણાં વાઈ ગયા પછી પણ ૯૦ લાખ જાજરૂઓની હસ્તી હોય તો કોને શું કહેવું?

સરકારો કહેશે કે એટલા પૈસા નથી. પૈસા કેમ નથી? સરકારી કર્મચારીઓના પગાર વધારામાં કરોડો-કરોડો રૂપિયા કલમનાં એક ઘોદે ફાજલ પાડી શકાય છે તો ભંગી મુકિત માટે નાણાં નથી એવું કોઇ કહે તો તેનું કોણ માનશે? દિલ્હીમાં પાંચ લાખ જાજરૂઓ છે તેની નાબુદી એશિયાડ પાછળ થયેલ ખર્ચની સાડીની એક એક કોર જેટલી રકમમાંથી પણ થઇ શકી હોત. ૧૦૦ કરોડ રૂપિયામાં દિલ્હીના પાંચ લાખ ડબા જાજરૂઓની નાબુદી થઇ શકે. ૯૦ લાખ જાજરૂઓના પરિવર્તન માટે ૧૮૦૦ કરોડની જરૂર પડે. એક જાજરૂના પરિવર્તન માટે બે હજારનું ખર્ચ અંદાજેલું છે. બીજા કોઇપણ મહત્વના કાર્ય કરતા આ સૌથી વધુ મહત્વનું, માનવ ગૌરવની પુન: પ્રતિષ્ઠા કરનારુ આ કામ છે. લોકશાહીમાં તો વિશેષે. પાયાની સમાનતા વિના કાયદાથી પ્રસ્થાપિત સમાનતા વાસ્તવમાં બહુ અર્થપૂર્ણ બની શકતી નથી એ ન ભૂલાવું જોઇએ. આ પ્રશ્નમાં તેજી આવે તે માટે સંવેદનાયુકત શંખ કોણ ફૂકશે? કોણ સત્યાગ્રહ કરીને

પણ સરકાર તેમજ નગરપાલિકાઓના કુંભકર્ણોની ઉંઘ હરામ કરશે? શું થશે તે કહેવું કઠણ છે. આજે તો ડબા જાજરૂ વાપરનારાઓના મનમાં નથી કોઇ જાતનો સંકોચ, શરમ કે ગુનાભાવ. સામી બાજુએ ભંગીવર્ગમાં નથી તેમાંથી છૂટવાની તમન્ના. તેથી આ કાર્ય માટે પારકી છઠ્ઠીના જાગતલને શોધવા પડે તેવું થયું છે.

એકવાર એક કાળના આયોજન પંચના અધ્યક્ષ પ્રો. ગાડગીલ સાહેબ સાથે આ પ્રશ્ન અંગેની ચર્ચા થયેલી ત્યારે શ્રી મોરારજીભાઇએ કહેલું કે સરકારની આ ફરજ છે. આંકડાની ઇન્દ્રજાળ સાથે એને સંબંધ નથી, એમ છતાં હું કહું છું કે એકવાર ભંગી ભાઇઓ જાહેર કરી દે કે અમે હવે પછી આવું હલકું કામ નહિ કરીએ. આમ થશે તો જ સમાજ તેમજ સરકારો ધ્રુજી ઉઠશે. વાત સાચી પણ ભંગી ભાઇઓમાં એવી જાગૃતિનો અભાવ છે. અલબત્ત તેની યુવાન પેઢીને આ કામ ગમતું નથી એ સારુ ચિહ્‌ન છે.

વાતનો સાર એ છે કે ગમે તે ભોગે પણ દેશમાં સંપૂર્ણ ભંગી મુક્તિ વહેલી તકે થવી જોઇએ. તેને પીવાનું ચોખ્ખું પાણી પુરૂ પાડવાની રાજયોની પ્રાથમિક ફરજ કરતા પણ ઉચ્ચતમ અગ્રીમતા આપવી જોઇએ. આ વાતને આયોજન પંચના અધ્યક્ષ શ્રી વી.પી.સીંઘજી તેમજ ઉપાધ્યક્ષ શ્રી હેગડેજીના કાન સુધી કોણ પહોંચાડશે? શ્રી વી.પી.સીંઘના નિકટતમ ગણાતા સર્વોદય નેતા શ્રી રામમૂર્તિજી આ કાર્યને અગ્રીમતા આપવાની વાત તેમને સમજાવી શકે તો ઘણું સારુ થાય, નહિ તો આવા માનવીય પ્રશ્નનું નિરાકરણ કરવામાં બીજા અનેક વરસો ચાલ્યા જશે કારણ કે આ પ્રશ્ન આજે તો નધણિયાતા જેવો બની જવા પામ્યો છે.

સરકારો તેમજ ભારતીય સમાજ સંવેદનશીલતા ગુમાવી બેઠો છે ને નિષ્ઠુર બની ગયો છે તેના આ એંધાણ છે. આવી અસહ્ય પરિસ્થિતિ સહન કરી લેનાર, પચાવી લેનાર સમાજને ઇતિહાસ શું નોંધશે તે કહેવું મુશ્કેલ છે. આપણે ભારતીય સંસ્કૃતિના ખોટા બણગાં ફૂકવાનું બંધ કરીએ તો સારુ છે.

વર્તમાન ડબા જાજરૂ પ્રથા ભારતીય સમાજ માટે કલંકરૂપ છે એ નિર્વિવાદ હકીકત છે. ❑

## ચીંચણીમાં નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘના ઉપક્રમે શ્રી મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર- પૂ. મુનિશ્રી સંતબાલજીના આશ્રમ ચીંચણી (જિ. થાણા)માં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તેનો ઉદઘાટનનો કાર્યક્રમ નીચે મુજબ છે.

દિવસ : મંગળવાર, તા. ૨૭-૩-૧૯૯૦
સમય : સવારના અગિયાર વાગે
સૌને પધારવા વિનંતી.

મંત્રીઓ

## વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના વાલચંદ હીરાચંદ હોલમાં સોમ. મંગળ, બુધ, તા. ૧૬, ૧૭, ૧૮, એપ્રિલ, ૧૯૯૦ના રોજ યોજવામાં આવી છે. તેનો સવિગત કાર્યક્રમ હવે પછી સભ્યોને કાર્ડ દ્વારા જણાવવામાં આવશે.

અમર જરીવાલા | કે.પી. શાહ
સુબોધભાઇ એમ. શાહ | નિરૂબહેન એસ. શાહ
સંયોજક | મંત્રીઓ

(ચૂંટણી : પૃષ્ઠ - રથી ચાલુ)

દલે છે. જો તે ઉમેદવાર જીતે છે અને પ્રધાન થાય છે તો તેના દ્વારા પોતે ખર્ચેલી રકમ તો કઢાવી લે છે પરંતુ તેની સાથે સાથે પોતાના ઉદ્યોગને માટે પોતાના વિજેતા ઉમેદવાર દ્વારા લાભ ઉઠાવી લાયસન્સ, એકસાઇઝ પરમિટ વગેરે અનેક પ્રકારના ખોટા લાભો ઉઠાવાય છે. ભારતના રાજકારણ ઉપર શ્રીમંત ઉદ્યોગપતિઓ, વેપારીઓ વગેરેનું આડકતરુ વર્ચસ્વ આરંભથી જ રહ્યા કર્યું છે. કેટલાક બહુ મોટા ઉદ્યોગપતિઓ તો ઉમેદવારો ઉપરાંત પક્ષ, પ્રધાનો અને સરકારી અધિકારીઓને પણ પોતાનાં અઢળક નાણાં દ્વારા ખરીદી લેતા હોય છે. ભારતની લોકશાહી માટે તે લાંછનરૂપ છે. પરંતુ જયાં સુધી ભારતમાં આર્થિક અસમાનતા છે, નફાખોરી છે, અતિખર્ચાળ ભોગવિલાસ છે ત્યાં સુધી આવાં દૂષણો જલદી નીકળશે નહિ. મોટાં મોટાં પ્રલોભનો સજ્જન માણસોને પણ નીચા પાડી દે છે.

ચુંટણીમાં જે ઉમેદવારો ચૂંટાય છે તે બધા જ સૈદ્ધાંતિક દૃષ્ટિએ સંપૂર્ણપણે પ્રજાના સાચા પ્રતિનિધિ ઓ છે એમ કદાચ નહિ કહી શકાય. અલબત્ત કેટલાક ખરેખર પોતાના મતવિસ્તારના સાચા લોક પ્રતિનિધિ તરીકે જંગી બહુમતીથી ચૂંટાઇ આવે છે. કેટલાક મતવિસ્તારમાં જયાં જુદા જુદા ત્રણ ચારથી વધુ પક્ષના ઉમેદવારો અને અન્ય અપક્ષ ઉમેદવારો ઊભા હોય છે ત્યા સૌથી વધુ મત મેળવનારને વિજયી જાહેર કરવામાં આવે છે, પરંતુ બરાબર પૃથ્થકરણ કરવામાં આવે તો એ મત વિસ્તારના વીસ- પચીસ ટકા લોકોના મત એને મળ્યા હોય છે. એટલે કે લઘુમતી લોકોના જ એ પ્રતિનિધિ હોય છે. જે મત વિસ્તારમાં મતદાન પચાસ ટકા કે એથી ઓછું થયું હોય છે ત્યાં પચાસ ટકા લોકોના મત પણ ત્રણ-ચાર ઉમેદવારો વચ્ચે વહેંચાઇ જાય છે. એટલે ઉમેદવાર વધુ મતે જીતે છે. માટે તે વિસ્તારના તે પ્રતિનિધિ છે એમ સાપેક્ષ દૃષ્ટિથી કહી શકાય. પરંતુ જો નેવું કે સો ટકા મતદાન થયું હોય અને બે ઉમેદવારો વચ્ચે જ મુખ્ય સ્પર્ધા હોય તો વિજયી ઉમેદવાર તે વિસ્તારનું વધારે પ્રતિનિધિત્વ ધરાવે છે એમ કહી શકાય. કેટલીકવાર એવું પણ બને છે કે જીતવાની શકયતા ન હોવા છતાં અમુક ઉમેદવારની વચ્ચે મત વહેંચાઇ જાય છે. અને પરિણામે બે યોગ્ય ઉમેદવારોની વચ્ચે ત્રીજો જ ફાવી જાય છે.

લોકશાહીમાં ચૂંટણી પ્રથાની આ એક મોટી ત્રુટિ છે. કેટલીક સંસ્થાઓમાં અને સરકારી કે અર્ધ સરકારી સમિતિઓમાં પ્રેફરન્સ વોટિંગની પ્રથા હોય છે. એવી પ્રથા જો હોય તો સાચા પ્રતિનિધિનું માપ બરાબર નીકળી શકે. પરંતુ આટલા મોટા દેશમાં કરોડો લોકો જ્યાં અશિક્ષિત છે, ત્યાં પ્રેફરન્સ વોટિંગની કે સેમિફાઈનલ વોટિંગની પ્રથા દાખલ કરવી સરળ નથી.

ચૂંટણીમાં ઉમેદવારને પોતે લોકોના હૃદયમાં કેટલું સ્થાન મેળવ્યું છે તેનું માપ કાઢવાની તક મળે છે. ગુપ્ત મતદાનની પ્રથા માણસના ભ્રમને ભાંગી નાખે છે. પોતે પોતાની જાતને બહુ મોટા અને લોકપ્રિય તરીકે ઓળખાવતા હોય અને પોતે એમ માનતા હોય એવા ઉમેદવારો જ્યારે ચૂંટણીમાં લોકોના હાથે ખરાબ રીતે પરાજિત થાય છે ત્યારે તેમની આંખો ઊઘડે છે. ઉમેદવારોની લોકપ્રિયતાનું બેરોમિટર કાયમ માટે એક સરખો આંક બતાવી ન શકે. આજનો અત્યંત લોકપ્રિય ઉમેદવાર વખત જતાં લોકોની નજરમાંથી ઊતરી પણ જાય છે. એક વખત જંગી બહુમતીથી લોકોએ જેને જીતાડયો હોય તેવા ઉમેદવારને બીજીવાર લોકો એટલા જ જોરથી નીચે પછાડે છે. પછાડેલા ઉમેદવારને પ્રજા ફરી ક્યારેક પાછી ઊંચે પણ ચડાવે છે. લોકમત પોતાની તરફેણમાં છે એવો કાયમ વિશ્વાસ રાખી શકાય નહિ. લોકમત હંમેશાં સાચો, પ્રામાણિક અને યોગ્ય ઉમેદવારની પસંદગી કરવાવાળો હોય છે એમ માનવું તે પણ ભૂલભરેલ છે. લોકમતને લલચાવનારાં ભયસ્થાનો ઘણાં હોય છે.

ચૂંટણીનું ચક્ર આપણે ધારીએ તેનાં કરતાં વધુ વિષમ છે. લોકમાનસને ક્યારેક સમુદ્રની ઉપમા આપવામાં આવે છે. સમુદ્ર પણ ક્યારેક વિચિત્ર વર્તન કરે છે. એમ કહેવાય છે કે સમુદ્ર સાચા, કીમતી અને ભારે રત્નોને નીચે ડૂબાડી રાખે છે અને હલકા કચરાને પોતાની સપાટી ઉપર તરતો રાખે છે. લોકો પણ કેટલીક વખત ચૂંટણી દરમિયાન સાચા, પ્રામાણિક, નિષ્ઠાવાળા, કાર્યદક્ષ કે કુશળ વહીવટકર્તા એવા સારી લાયકાતવાળા ઉમેદવારને હરાવી દે છે. અને કચરા જેવા ઉમેદવારને જીતાડી દે છે. એટલે ચૂંટણી એ સાચી લોકપ્રિયતાનો માપદંડ છે અથવા સાચી, વહીવટી કુશળતાનો માપદંડ છે. એમ હંમેશા કહી શકાશે નહિ. એટલા માટે જ કેટલાક ડાહ્યા લોકસેવકો ચૂંટણી દ્વારા પોતાનું માપ કઢાવવાની ચેષ્ટા કરવા ઈચ્છતા નથી હોતા.

કેટલાક સફળ ઉમેદવારો બે ત્રણ ચૂંટણી સુધી ફાવી જાય છે. કામ પણ સારુ કરે છે. પણ પછી પોતાની વધતી જતી ઉંમર અને ઘટતી જતી શક્તિનો જલદી સ્વીકાર કરી શકતા નથી. પરંતુ પ્રજા પોતે તેને ઘરે બેસાડી દે છે. સાચા ઉમેદવારો પોતાની ચડતીના કાળમાં જ સ્વમાનભેર રાજકારણમાંથી નિવૃત્તિ લઈ ઘરે બેસી જાય તો લોકો તેનું વધારે ગૌરવ કરે છે.

ભારત એટલો વિશાળ દેશ છે કે તેમાં જ્યાં સુધી આ લોકશાહી પદ્ધતિએ ચૂંટણી થતી રહેશે ત્યાં સુધી ભાષા, ધર્મ, કોમ, જ્ઞાતિ, વ્યવસાય વગેરેના ધોરણે મતદાન રહ્યા કરશે. પ્રજાનું કામ સારી રીતે કરી શકે એવા યોગ્ય ઉમેદવારને છોડીને કેટલાય લોકો પોતાના ધર્મના કે જ્ઞાતિના ઉમેદવારને મત આપવાનું પસંદ કરશે. માત્ર અશિક્ષિતોમાં જ નહિ સુશિક્ષિતોમાં પણ આવી લાગણી રહે છે. ઉમેદવારો પણ સંપ્રદાયિકતાની કે ભાષાવાદની વિરુદ્ધ વાત કરતા હોય, છતાં ભાષા કે સાંપ્રદાયિકતાના ધોરણે મત મળતા હોય તો તે મેળવવા રાજી થઈને પ્રયત્ન કરે છે. ચૂંટણીમાં વિરુદ્ધ માન્યતાવાળા ઉમેદવાર કે પક્ષ સાથે જોડાણ કરાવાય છે, જુદા જુદા ધર્મ કે જ્ઞાતિના આગેવાનો પાસે તે પ્રકારની છાપાઓમાં અને સભાઓમાં અપીલ કરાવાય છે. ચૂંટણીનું તંત્ર જ એવું છે કે માત્ર ભારતમાં જ નહિ દુનિયાના બધા દેશોમાં મોટા મોટા પ્રતિષ્ઠિત ઉમેદવારોની સિદ્ધાંતનિષ્ઠા તે પ્રસંગે વ્યવહારુ બની જાય છે. There is nothing unfair in Elections - એવું એટલા માટે જ કહેવાય છે. ભારત જેવા વિશાળ દેશમાં આ બધા પરિબળો ભારતીય લોકશાહી ઉપર હજુ વર્ષો સુધી પ્રભાવ પાડતાં રહેશે.

ભારતમાં જ્યાં સુધી ગરીબી છે ત્યાં સુધી પૈસા આપીને મત ખરીદવાનું દૂષણ ચાલ્યા જ કરશે. મત આપનાર ગરીબ નાગરિકોને અમુક ઉમેદવાર તરફથી રોકડ રકમ કે વાસણ વગેરે કોઈ ચીજ વસ્તુઓની ભેંટની લાલચ અપાય છે. એ રીતે ઉમેદવાર દ્વારા ગરીબોના મત ખરીદાય છે. કેટલાંક વિસ્તારોમાં ગરીબોના નાનાં નાનાં જૂથોના ઉપરીઓ કે નાના ગામોના સરપંચો એવા માથાભારે હોય છે કે પોતે ધારે તેને જ તે વિસ્તારના ગરીબ લોકોએ મત આપવો પડે છે. બીજાને મત આપવા જતાં તેના જાનનું જોખમ થાય છે. એક બાજુ લોભામણી લાંચ અને બીજી બાજુ સજાનો ડર એ બેની વચ્ચે ગરીબ માણસો પહેલો વિકલ્પ જ પસંદ કરે એ સ્વાભાવિક છે. જે લોકોએ ઉમેદવારને જોયા નથી, તેના વિશે કશું જાણતા નથી, તેની ઉમેદવારીનો કયો પક્ષ છે અને તે પક્ષ સાથે કયા સિદ્ધાંતો સંકળાયેલા છે તેના વિશે પણ કશું જાણતા ન હોય તેવા લોકો દ્વારા અમુક નિશાની ઉપર સિક્કો મરાવીને અમુક ઉમેદવારને મત અપાવીને વિજયી બનાવવાનું હજુ પણ ચાલ્યા કરે છે. જ્યાં સુધી ગરીબી છે ત્યાં સુધી આ દૂષણ તો રહેવાનું.

ચૂંટણીનો દિવસ જેમ નજીક આવતો જાય તેમ વાતાવરણમાં ગરમી પેદા થતી જાય છે. ચૂંટણીના ઉમેદવારો પોતાની અને પોતાના પક્ષની યોગ્યતા વિશે અને કાર્ય તથા ધ્યેય વિશે જાહેર પ્રવચનોમાં રજૂઆત કરે ત્યાં સુધી સામાન્ય રીતે બીજા ઉમેદવાર અને પક્ષને વાંધો ન હોવો જોઈએ. જ્યારે કોઈ પણ ઉમેદવાર કે પક્ષને પોતાની ઓછી લાયકાતને કારણે ઓછા મત મળવાનો સંભવ લાગે છે ત્યારે તે ચૂંટણી-પ્રચારમાં બીજા ઉમેદવાર અને પક્ષ ઉપર સાચો કે ખોટો દ્વેષયુક્ત પ્રહાર કરે છે. તેઓ કહે છે, 'Since we cannot match it, let us take our revenge by abusing it.' પરંતુ આવું જ્યારે થાય છે ત્યારે તેનો પ્રતિકાર થયા વગર રહેતો નથી. આ પ્રતિકાર શબ્દયુદ્ધમાંથી મુષ્ટિયુદ્ધમાં પરિણમે

છે. અને તેમાંથી ઉગ્ર મારામારી અને ખૂન સુધી વાત પહોંચી જાય છે. એથી જ ચૂંટણીમાં હિંસાના બનાવો માત્ર અશિક્ષિત અને ગરીબ લોકોમાં જ થાય છે એવું નથી. સુશિક્ષિત અને સમૃધ્દ લોકોમાં પણ ચૂંટણી પ્રચાર દરમિયાન હિંસાના બનાવો બનવા સ્વાભાવિક છે. સરકારી તંત્ર કેટલે અંશે સજજ અને નિષ્પક્ષ છે તેના ઉપર હિંસાત્મક પ્રવૃત્તિઓને કાબૂમાં રાખવાની તેની ક્ષમતા રહે છે. ચૂંટણી દરમિયાન હિંસાના બનાવો ભારત, પાકિસ્તાન કે બંગલા દેશમાં જ બને છે. એવું નથી. યુરોપ અને અમેરિકાના રાષ્ટ્રોમા પણ એવી ઘટનાઓ બનેલી છે. ચૂંટણી દરિમયાન બે પરસ્પર વિરુધ્દ પક્ષના લોકો વચ્ચે થતી હિંસાત્મક અથડામણોમાં પ્રચાર કરનારા કે અન્ય નિર્દોષ માણસો તો માર્યા જાય છે, પરંતુ ઉમેદવારની જ હત્યા કરવાના પ્રસંગો પણ બને છે. આવા સંવેદનશીલ ક્ષેત્રોમાંથી પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટણીમાં ઊભા રહેવામાં ઘણી મોટી શારીરિક અને નૈતિક હિંમતની જરૂર રહે છે. કેટલાક સામાજિક કાર્યકર્તાઓ એટલા માટે જ રાજદ્વારી ચુંટણીમાં ઊભા રહેવાનું પસંદ કરતા નથી.

ચૂંટણી પ્રચારમાં દ્વેષ. નિંદા, ખોટા આક્ષેપો, અસત્ય, અવહેલના, જૂઠાં પ્રલોભનો, દંભી વચનો વગેરે દ્વારા સંસ્કારિતાની મર્યાદા ક્યારે ઓળંગાઇ જાય છે તેની ખબર રહેતી નથી. ડાહ્યા, સંસ્કારી માણસો પોતાની સંસ્કારિતાના લોપ કરતાં ચૂંટણીમાં પરાજયને વધુ પસંદ કરે છે.

ચૂંટણીનો પ્રચાર એ ઉમેદવારને માટે બહુ થકવનારી બાબત છે. સામાન્ય રીતે મોટા રાજદ્વારી સ્થાનો માટેની ચૂંટણીઓમાં ઉમેદવારને તક પચાસ-પંચાવનની ઉંમર પછી મળતી હોય છે. એ ઉંમરે શરીર સારુ અને સશક્ત હોય તો જ કામનું. કેટલાક ઉમેદવારો મોટી ઉંમરે મળેલી ટિકિટને માટે શારીરિક પાત્રતા ખોઇ બેઠા હોય છે. જો કે રાજકારણમાં પડેલા માણસોનું હૃદય પત્થર જેટલું મજબૂત હોવું જોઇએ અને ગમે તે પરિસ્થિતમાં નિષ્ઠુર બની શકે એવા જાડી ચામડીવાળા તે હોવા જોઇએ એમ કહેવાય છે. તો પણ ચૂંટણીના પ્રચાર દરમિયાન ઉમેદવારની દોડધામ એટલી બધી વધી જાય છે કે તેનો થાક લાગ્યા વગર રહેતો નથી. પરાજયની બીક માણસના ચિત્તને ઘેરી વળે છે. અને તેવે વખતે જો તે સહેજ કાચો હોય તો બીમાર પડી જાય છે. અથવા તો માનસિક તનાવને લીધે હૃદયરોગના હુમલાનો ભોગ બની જાય છે. ભારતની ધારાસભા અને લોકસભાની ચૂંટણીઓમાં પ્રત્યેક વખતે ઉમેદવારના અવસાનના આવા એકાદ બે કે તેથી વધુ કિસ્સા બનેલા છે.

કોઇક વખત ચૂંટણી પ્રચારનું કાર્ય ઉમેદવારની આત્મહત્યામાં પરિણમે છે. ઉમેદવારી કરતાં તો કરાઇ ગઇ, પરંતુ પછીથી ચૂંટણી પ્રચાર માટે નાણાંનો અભાવ, સગાઓનો વિરોધ, મિત્રો સંબંધીઓનો વિદ્રોહ અને ભયંકર નિષ્ફળતા સામે મોઢું ફાડીને ઊભી રહી હોય અને પરાજયથી ભારે આપકીર્તિ થવાની હોય તેવે વખતે નિરાશા અને નિર્વેદ અનુભવતો ઉમેદવાર સ્વસ્થતા ગુમાવી દે છે અને આત્મહત્યા કરી બેસે છે અન્ય રાષ્ટ્રોમાં ચૂંટણી દરમિયાન અજાણ્યા, નબળા ઉમેદવારોની આત્મહત્યાના પ્રસંગો પણ નોંધાયા છે.

ચૂંટણીમાં પરાજિત થયેલા કેટલાક ઉમેદવારની કારકિર્દી ધૂળધાણી થઇ જાય છે. લોકો એના પ્રત્યે પછીથી બહુ માનથી જોતા નથી. ઉમેદવારને પોતાને પણ બહુ ક્ષોભ થાય છે. ઠેરઠેર પોતાનો બચાવ કરતાં ફરવું પડે છે. અને ચૂંટણીમાં પોતાને અન્યાય થયો છે એવી સાચી ખોટી ફરિયાદો કરતાં રહેવું પડે છે. પરાજિત થયેલા કેટલાક ઉમેદવારને પછીથી લોકસેવામાં એટલો રસ રહેતો નથી. લોકો બેવફા છે અને પોતાનો બધો કિંમતી સમય લોકોની પાછળ ખોટી રીતે વેડફાઇ ગયો એવો અભિપ્રાય બાંધી લઇને લોકસેવાથી વિમુખ બની જાય છે. કેટલાક પરાજિત ઉમેદવારો પરાજયને પૂરી ખેલદિલીથી હસતે મુખે સ્વીકારી લે છે, પચાવી લે છે, આત્મ સંશોધન કરે છે અને ફરી બમણા વેગથી લોકસેવાના કાર્યમાં લાગી જાય છે.

પદ અને સત્તાની આકાંક્ષા પક્ષના દરેક કાર્યકરને હોય એ સ્વાભાવિક છે. પરંતુ પક્ષના આદેશને માનવો નહિ અને પક્ષની શિસ્ત વિરુધ્દ જઈને પોતાને બળવાખોર તરીકે ઓળખાવી ચૂંટણીમાં ઊભા રહેવું અથવા પોતાના પક્ષના ઉમેદવારની વિરુધ્દ પ્રચાર કરવો અથવા એને સહકાર ન આપવો, વગેરે પ્રકારની ઘટનાઓ લોકશાહી માટે શોભારૂપ નથી. સત્તાસ્થાન માટે ઉમેદવારો વચ્ચે પડાપડી જયારે થાય છે ત્યારે રાજયકક્ષાએ અને કેન્દ્ર કક્ષાએ પોતાના જ પક્ષમાં ઘણી ખટપટો ચાલુ થઇ જાય છે. કયારેક મતદાર વિસ્તારના લોકોના માનસને સમજયા વિના કેન્દ્ર તરફથી અમુક પ્રકારના ફેરફારો થાય છે. ત્યારે સ્થાનિક કાર્યકર્તાઓ નારાજ થાય છે અને એવા અસંતુષ્ટ કાર્યકરો પોતાનું જુદુ જૂથ જમાવે છે. એવે વખતે પક્ષના નેતાની પસંદગીની બાબતમાં ઉપરીઓનું એક ખોટું પગલું ઘણા પ્રત્યાઘાતો જન્માવે છે. પક્ષને તે અચાનક ઘણી મોટી હાનિ પહોંચાડે છે.

ભારતમાં લોકશાહી પધ્દતિએ થતી ચૂંટણી ઘણી ખર્ચાળ છે; તો પણ પ્રજાના મુકત અવાજને માટે એ જરૂરી છે. ચૂંટણીમાં સરકાર દ્વારા થતા ખર્ચમાં કયાં કયાં કાપ મૂકી શકાય અને કયાં કરકસર કરી શકાય તેનો જરૂર વિચાર કરવો જોઇએ, પરંતુ પ્રજાતંત્રની પ્રણાલીને ટકાવી રાખવી અનિવાર્ય છે. ભારતમાં લોકશાહી રાજયપધ્દતિમાં હજુ ઘણી ત્રુટિઓ છે અને તે નિવારવા માટે ઉપાયો વિચારવા જોઇએ.

વિભિન્ન રાજયપધ્દતિઓમાં લોકશાહી પ્રજાતંત્ર સર્વોત્તમ છે એમાં બે મત નથી. પરંતુ તે સંપૂર્ણ અને આદર્શ પધ્દતિ છે એમ નહિ કહી શકાય. અલબત્ત, લોકશાહી પધ્દતિમાં ક્ષતિઓ તો રહેલી જ છે. લોકશાહીમાં ચૂંટણીમાં એક વ્યકિતને એક મતનો હક અપાય એ વ્યવહારુ દૃષ્ટિએ સારી પધ્દતિ છે, પણ તે આદર્શ નથી. આઇન્સ્ટાઇન ,બર્ટ્રાંડ રસેલ કે બર્નાર્ડ શો જેવાને પણ એક મતનો અધિકાર હોય અને કોઇ અની ચક્રમ દારૂડિયા ઝાડુવાળાને પણ એક મતનો અધિકાર હોય એમાં બૌધ્દિક અસમાનતા રહેલી છે. એટલે જ લોકશાહીની ટીકા કરતાં કહેવાયું છે કે Democracy is the power of equal votes for unequal minds.

દુનિયાના જુદાં જુદાં રાષ્ટ્રોમાં યોજાયેલી ચૂંટણીઓએ લોકશાહીને જીવંત રાખવામાં ફરી પાછું નવું બળ આપ્યું છે.

☐ રમણલાલ ચી. શાહ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦ ૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૧ * અંક ૪ : * તા. ૧૬-૪-૧૯૯૦........Regd. No. MH. Bv / South 54 * Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

* શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- *

તંત્રી : રમણલાલ ચી. શાહ

## आतुरा परितावेन्ति –भगवान महावीर

### આતુર માણસો પરિતાપ કરાવે છે

ભગવાન મહાવીરે આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં એક સ્થળે કહ્યું છે કે आतुरा परितावेन्ति અર્થાત્ આતુર માણસો બીજાને પરિતાપ કરાવે છે.

હમણાં હમણાં દુનિયાના ઘણા દેશોમાં રાજદ્વારી આરાજકતાનું કે આતંકવાદી ઘટનાઓનું પ્રમાણ વધતું જાય છે. અચાનક કેટલાય નિર્દોષ માણસો પોતાના પ્રાણ ગુમાવે છે. પોતાના એક ધ્યેયને પાર પાડવા માટે સત્તાતુર માણસો બીજા અનેક નિર્દોષ માણસોનો પ્રાણ લેતાં અચકાતા નથી. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, અફઘાનિસ્તાન, નેપાલ, કોલંબિયા, લેબનોન, ઇઝરાયેલ વગેરે દેશોમાં બનતી હિંસાત્મક ઘટનાઓ આ કથનને પુરવાર કરે છે. ભારતમાં પંજાબ, કાશ્મીર, આસામ, દિલ્હી, મુંબઇ વગેરે સ્થળે બનતી બોમ્બવિસ્ફોટની ઘટનાઓ બતાવે છે કે પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે માણસ ભયંકર હિંસક ઉપાયો અજમાવીને વેર વાળે છે. માણસ માનવતા ગુમાવી દઇને કેટલી બધી નીચી પાયરીએ ઊતરી જઇ શકે છે તે આવી ઘટનાઓ દર્શાવે છે.

આતુર શબ્દના જુદા જુદા અર્થ થાય છે. આતુર એટલે અધીરો, આકુળવ્યાકુળ, પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરવા માટે ધમપછાડા કરનાર. આતુર એટલે ઘવાયેલો, સ્વમાનભંગ થયેલો, નિરાશ થયેલો માણસ. આતુર એટલે માંદો, અશક્ત માણસ. [સંસ્કૃતમાં આતુરશાલા એટલે હૉસ્પિતાલ]

આતુરતા એટલે ઉત્કંઠા, અપેક્ષા, ભાવના, ઉત્સુકતા, ઇચ્છા વગેરે. પરંતુ आतुरा परितावेन्तिમાં આતુરતા શબ્દ વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે વિષય અને કષાયોને કારણે કેટલાયે જીવો અજ્ઞાનમય, દુઃખમય, દુર્બોધમય અને હીનતામય જીવન જીવે છે તેઓ પોતાની આતુરતાને કારણે બીજા પ્રાણીઓને પરિતાપ ઉપજાવે છે. સાચા, સંયમી પુરુષો કોઇપણ પ્રકારના જીવને પરિતાપ ન થાય, દુખ કે કષ્ટ ન થાય એ રીતે પોતાના જીવનનો નિર્વાહ કરે છે.

આતુરતા વિવિધ પ્રકારની હોય છે. ક્ષુધાતુર, તૃષાતુર, કામાતુર, ધનાતુર, યશાતુર, પદાતુર, સત્તાતુર, વિજયાતુર એમ ભિન્ન ભિન્ન પ્રકારના આતુર માણસો સંસારમાં જોવા મળે છે અને તે દરેકમાં પણ જુદી જુદી કક્ષા હોય છે.

કેટલીક તીવ્ર અને અદમ્ય વાસનાઓ માણસને ઝંપીને બેસવા દેતી નથી. તેવા માણસો પોતાની વાસનાઓની તૃપ્તિ માટે નિર્લજ્જ બનીને બહુ ઉપદ્રવ કરે છે, કાવાદાવા કરે છે. એમ કરવામાં બીજા લોકોને કષ્ટ પડે તો તેની તેમને ચિંતા હોતી નથી; બલકે બીજાને કષ્ટ આપીને તેઓ રાજી થાય છે. આતુરતા ઉગ્ર બનતાં તેઓ હિંસાત્મક સ્વરૂપ પણ ધારણ કરે છે.

ભૂખ લાગી હોય અને માણસ ભોજન માટે તડપતો હોય તો તેવો ક્ષુધાતુર માણસ ભોજન ન મળે તો ઉત્પાત મચાવે છે. કહેવાયું છે કે बुभुक्षित किं न करोति पापम् ? ભૂખ્યો માણસ શું પાપ ન કરી બેસે ? ભૂખથી પીડાતા માણસોએ, ક્ષુધાતુરોએ કશું ન મળતાં સર્પાદિ ખાઇને ભૂખ સંતોષ્યાના બનાવો બન્યા છે. દુકાળના વખતમાં ક્ષુધાતુર માતાએ પોતાનાં નાનાં કુમળા બાળકોને મારી નાખીને એનું માંસ ખાઇ પેટ ભર્યાના બનાવો પણ બન્યા છે. ભૂખની વેદનાવાળો માણસ ભૂખ સંતોષવા ગમે તે અભક્ષ્ય ખાવા તૈયાર થઇ જાય છે. તૃષાતુર માણસ ગટરનું પાણી પીતાં પણ અચકાતો નથી. ભૂખ કે તરસ જેવી પ્રાથમિક સંવેદનાઓ પણ જ્યારે અતિશય ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે માણસને જો સ્વાર્થાંધ બનાવી દે છે અને પાપાચરણ કરાવે છે તો અન્ય ઉગ્ર સંવેદનાઓની તો વાત જ શી !

કામવાસનાની આતુરતા માણસ પાસે ક્યારેક ભયંકર અનોર્થો કરાવે છે. कामातुराणां न भयं न लज्जा– 'કામાતુર માણસોને લાજશરમ રહેતી નથી કે ભય રહેતો નથી'–એવી લોકોક્તિ પ્રચલિત છે. કામાતુર માણસો પોતાની વાસના સંતોષવા જતાં વચ્ચે આવનારનું ખૂન પણ કરી નાખે છે. પોતાને જેના તરફ જાતીય આકર્ષણ થયું હોય તેવી વ્યક્તિ બીજાને પરણી ગઇ હોય તો તેને મારી નાખવા સુધીના વિચારો કે કાર્યો થતાં હોય છે. પોતાના ગુપ્ત જાતીય વ્યવહારમાં કોઇ આડે આવતું હોય તો તેનો કાંટો કાઢી નાખતાં માણસ અચકાતો નથી. કેટલીકવાર તો પરપુરુષ સાથેના પોતાના ગુપ્ત સંબંધોને લીધે સ્ત્રીએ પોતાના પતિનું ખૂન કર્યું હોય એવા બનાવો પણ બને છે. પોતાની વાસનાની તૃપ્તિ માટે સ્ત્રી સંમતિ ન આપતી હોય તો તેને મારી નાખવાના બનાવો પણ બને છે.

ધનની થોડીઘણી આતુરતા લગભગ બધા જ માણસોમાં હોય છે. પોતાના ગુજરાન માટે સ્વાભાવિક રીતે ધન કમાવું એ જુદી વાત છે, પરંતુ મોટા ધનપતિ થવાની મહત્ત્વાકાંક્ષા માણસને જ્યારે સતાવે છે ત્યારે તે જાત જાતના કુટિલ કાર્યો કરવા પ્રેરાય છે. પોતાના કરતાં બીજી કોઇ વ્યક્તિ ધંધામાં કે ઉદ્યોગમાં આગળ નીકળી ન જાય તે માટે વિવિધ પ્રકારના કપટભર્યાં રસ્તાઓ તેને અપનાવવા પડે છે. એવા ધનાતુર માણસો અન્ય લોકોને સતત પરિસંતાપ કરાવતા રહે છે. જ્યારે તેમની આતુરતા અતિશય વધે છે ત્યારે તેમના સ્વભાવમાં પણ ઉગ્રતા અને

અભિમાન આવી જાય છે. એનો કષ્ટદાયક અનુભવ સ્વજનોને, સંબંધીઓને પણ થાય છે. એમનું અભિમાન પરિસ્થિતિ બગડતાં આક્રમક સ્વરૂપ ધારણ કરે છે.

માણસને પોતાના જીવનનિર્વાહ માટે કેટલીય વસ્તુઓની જરૂર પડે છે એ માટે તે પરિશ્રમ કરે છે, કમાણી કરે છે અને પોતાને જોઇતી વસ્તુ ન્યાયપૂર્વક મેળવે છે. જ્યાં સુધી આ પ્રકારનો વ્યવહાર ચાલે છે ત્યાં સુધી આતુરતાને કે સંઘર્ષને અવકાશ રહેતો નથી. પરંતુ ચીજવસ્તુઓ ઓછી હોય અને તે મેળવવા માટે ઉમેદવારો ઘણા બધા હોય ત્યારે દરેકના ચિત્તમાં સ્વાર્થ તરવરી રહે છે. જરૂર પડે તો બળ અજમાવીને પણ પોતાને માટે ચીજવસ્તુ મેળવી લેવી જોઇએ એવું માનનારા આતુર લોકો દુનિયામાં ઓછા નથી.

યશાતુર માણસો પણ બીજાઓને સંતાપ કરાવે છે. કોઇ પણ પ્રકારે નામના મેળવવી એ એમનું લક્ષ્ય હોય છે. પોતાના સદ્‌ગુણો અને કાર્યો અનુસાર કેટલાક માણસની સમાજમાં ચોમેર કીર્તિ સ્વાભાવિક રીતે પ્રસરતી હોય છે. તે બીજાને પરિતાપ કરાવતી નથી. સાચા સાધુસંતો કે કે સજ્જન માણસો પ્રસિદ્ધિ માટે પુરુષાર્થ કે ચેષ્ટા કરતા નથી. પરંતુ કેટલાક માણસો સમાજમાં અનેક લોકો પોતાને ઓળખે એટલા માટે કંઇકને કંઇક તુક્કાઓ દોડાવતા રહે છે. પોતાના નાનાં મોટાં કાર્યની નોંધ જો લોકોએ કે વર્તમાનપત્રોએ લીધી ન હોય તો તેઓ બેચેન બની જાય છે. પોતાનો રોષ અનેક લોકો ઉપર તેઓ ઠાલવે છે. **येनकेन प्रकारेण प्रसिध्ध पुरुषों भवेत्** એ એમનો મંત્ર હોય છે. કેટલાક કીર્તિના વ્યસની માણસોને થોડા દિવસ સુધી જો પ્રસિદ્ધિમાંથી બાકાત રાખવામાં આવે તો તેમની માનસિક બીમારી વધી જાય છે અને તેઓ બીજાને ઉપદ્રવો કરવાનું ચાલુ કરી દે છે.

જાહેર જીવનમાં પડેલા કેટલાક માણસો પદાતુર હોય છે. કોઇક સંસ્થામાં કોઇક નાનું કે મોટું પદ મેળવવા માટે તેમની તાલાવેલી એટલી બધી ઉગ્ર હોય છે કે તે પદ ન મળે ત્યાં સુધી તેમને ચેન પડતું નથી. માણસને પોતાની પાત્રતા અનુસાર કોઇ પદ સ્વાભાવિક રીતે મળે તો તે જુદી વાત છે. પરંતુ પોતાનામાં પાત્રતા ન હોય તો પણ અમુક પદ મેળવવા માટેની તેમની લાલસા એટલી બધી આવેગમય હોય છે કે તેની જાણ થતાં કેટલાય લોકોને તેમના પ્રત્યે નફરત થાય છે; નિંદા અને કલહનું વાતાવરણ સર્જાય છે પદ મેળવવા માટે આંટીઘુટી અને કાવાદાવાની યોજના થાય છે. એકાદ એવા માણસને કારણે બીજા કેટલાય માણસોને માનસિક પરિતાપ થયા કરે છે. ખુદ પદાતુર માણસને પણ માનસિક પરિતાપ ઓછો હોતો નથી. જો પોતે પદ મેળવવામાં પરાજિત થાય છે તો સ્વબચાવ અને પરનિંદાનું તેનું વિષચક્ર લાંબા સમય સુધી ઘૂમ્યા કરે છે

આતુરતાનું મોટું ક્ષેત્ર તે રાજકારણ છે. જેમ દેશ મોટો અને સત્તા મોટી તેમ તેમાં સર્વોચ્ચ પદ મેળવવા માટેના ઉમેદવારો ઘણા બધા રહેવાના. અન્ય ક્ષેત્રો કરતાં રાજકારણમાં પડેલા સત્તાતુર માણસો લોકોને વધુ પરિતાપ કરાવે છે. હવે તો જ્યારે પ્રચાર માધ્યમો ઘણાં વધી ગયાં છે ત્યારે સત્તાતુર માણસોના કાવાદાવાની ઘણી બધી ગુપ્ત વાતો બહાર આવી જાય છે. પોતાની સત્તા ટકાવી રાખવા માટે માણસ મોટી લાંચ આપે છે, મોટી લાંચ લે છે અને વખત આવે પ્રતિસ્પર્ધી જૂથની વ્યક્તિઓને યુક્તિપ્રયુક્તિથી મરાવી પણ નાખે છે. સામ્યવાદી દેશોમાં સ્ટેલીન અને બીજા સત્તાધીશોએ પોતાના સત્તાકાળ દરમિયાન સત્તાતુરતાને ખાતર હજારો-લાખો માણસોની ગુપ્ત રીતે હત્યા કરાવી નાખી છે.

સત્તાનો નશો ક્યારેક આખી પ્રજાને એવો ચડે છે કે તે પાડોશી રાજ્યોનો પ્રદેશ પચાવી પાડવા માટે અથવા તેના ઉપર વર્ચસ્વ જમાવવા માટે યુદ્ધનો આશરો લે છે. દુનિયાનાં તમામ યુદ્ધોના મૂળમાં સત્તા પર રહેલી વ્યક્તિઓની પોતાની સત્તા માટેની અને વિજય માટેની આતુરતા જ જવાબદાર હોય છે. સત્તા પર રહેવું, વિજયાતુર બનવું અને દુશ્મન દેશો પ્રત્યે ઉદાર બની ક્ષમાની ભાવનાને અપનાવવી એ બે સામાન્ય રીતે સાથે સંભવી ન શકે.

માણસમાં જાગેલી તીવ્ર અભિલાષાઓ તીવ્ર રાગ કે તીવ્ર દ્વેષમાં પરિણમે છે. જ્યારે ઇચ્છા, વાસના, અભિલાષા, આતુરતા ઇત્યાદિની તીવ્રતા, ઉત્કટતા કે ઉગ્રતા મનુષ્યના ચિત્તમાં પ્રવર્તે છે ત્યારે એની સ્વસ્થતા ચાલી જાય છે. સારાસારનો વિવેક કરવાની શકિત તે ગુમાવી બેસે છે. એ વખતે સત્ય, ન્યાય, નીતિ, દયા વગેરે સદ્‌ગુણો પણ તેને અપ્રિય થઇ પડે છે. પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે તે નિર્દય બનતાં અચકાતો નથી. બીજા લોકોને માનસિક પરિતાપ પહોંચાડવાની વાત તો હોય જ છે, પરંતુ આવા નિર્દય અને આતુર માણસો બીજાની હત્યા કરવામાં પણ સંકોચ કે લજ્જા અનુભવતા નથી. માણસ જ્યારે સ્વાર્થાંધ બની જાય છે ત્યારે માનવતાનો સહજ સદ્‌ગુણ તેનામાંથી અદ્રશ્ય થઇ જાય છે. કેટલાક આતુર માણસોમાં, રાતદિવસ એક જ વાતનું સતત ચિંતન, સેવન કે રટણ કરવાને લીધે, એવી ગ્રંથિ બંધાઇ જાય કે જેથી તેમની પરપીડનની વૃત્તિ આવેગવાળી, ઉન્માદમય બની જાય છે. તેઓ જ્યાં સુધી કોઇકને કષ્ટ આપે નહિ, દુઃખ આપે નહિ, પરિસંતાપ કરાવે નહિ ત્યાં સુધી તેમને શાંતિ વળતી નથી. કેટલાક પારધિઓ અથવા શિકારનું વ્યસન ધરાવતા માણસો પશુપક્ષીનો શિકાર તો કરે જ છે, પરંતુ પોતે જેનો શિકાર કર્યો હોય તે પશુ કે પક્ષીને જ્યાં સુધી પોતાની નજર સામે તરફડતું જુએ નહિ ત્યાં સુધી તેમને સંતોષ થતો નથી. કેટલાક આતુર લોકોને પરપીડનના પ્રકારની આવી ગ્રંથિ વારંવાર સતાવતી રહે છે.

જગતમાં જો શાંતિ અને સંવાદિતા સ્થાપવાં હોય, રાષ્ટ્ર અને રાષ્ટ્ર વચ્ચે અને પ્રજા પ્રજા વચ્ચે બંધુત્વ અને સહકારની ભાવના જો સ્થાપિત કરવી હોય તો પ્રત્યેક કક્ષાએ આતુરતાને સંયમિત રાખવી જોઇશે. જેમ આતુરતા ઓછી તેમ પરિતાપ ઓછો. આતુરતાને સંયમમાં રાખવા માટે સૌથી પહેલી જરૂર છે સંતોષની. માણસ જ્યાં સુધી પોતાની ઇચ્છાઓને સ્વેચ્છાએ પરિમિત કરતો નથી ત્યાં સુધી આતુરતા ઉપર તે વિજય મેળવી શકતો નથી. ઇચ્છાઓનો કોઇ અંત નથી. માણસે પોતાની શકિત, કક્ષા, ગુણવત્તા અને પરિસ્થિતિ અનુસાર પોતાની ઇચ્છાઓને પરિમિત કરતા રહેવું જોઇએ. એ પરિમિતતા જ્યાં સુધી વ્રતના રૂપમાં આવતી નથી ત્યાં સુધી પરિમિત કરેલી ઇચ્છા પણ અચાનક અપરિમિત બની જઇ શકે છે. આ એનું મોટું ભયસ્થાન છે. ઇન્દ્રિય-સંયમ અને ઇચ્છા પરિમાણ દ્વારા પ્રાપ્ત થતો આનંદ કેટલા ઊંચા પ્રકારનો છે તે વિશેષપણે તો સ્વાનુભવથી જ સમજાય છે. જ્યાં આતુરતાનો અભાવ છે, ત્યાં સંયમ, સરળતા, સ્વાભાવિકતા, નિર્દોષતા, પ્રામાણિકતા, ન્યાયબુદ્ધિ પ્રવર્તવા માટે વિશેષ અવકાશ રહે છે. કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વમાં શાંતિ અને સંવાદિતા સ્થાપવાં હશે તો પ્રત્યેક કક્ષાએ 'આતુરતા'ને પરિમિત કરતા રહેવું પડશે !

ભગવાન મહાવીરે **आतुरा परितावेन्ति** એ બે શબ્દમાં સંસારના દુઃખદ સ્વરૂપનું અને મનુષ્યના મનની નબળી લાક્ષણિકતાનું કેટલું વિશદ દર્શન કરાવ્યું છે !

**-રમણલાલ ચી. શાહ**

# રાગ-રોષના રંગો અને તરંગોનું સર્જક પરિબળ કયું ?

❖ પૂ. પં. શ્રી પૂર્ણચન્દ્રવિજયજી ગણિ

ગોગલ્સ-ચશ્મા પહેરનારને સમગ્ર સૃષ્ટિ ભલે કાળી દેખાતી હોય, પણ એ કાળાશ કંઇ સૃષ્ટિનો સ્વાભાવિક રંગ નથી ! સૃષ્ટિ પર જણાતી એ કાળાશ તો ચશ્માના ઘરની છે. ચશ્મા ઉતારી દઇએ, તો સૃષ્ટિ સાચા રંગમાં જણાઇ આવે ! માટે જ તો પેલી કહેવત પ્રચલિત બની છે ને કે, દૃષ્ટિ એવી સૃષ્ટિ !

ભૌતિક-દુનિયામાં લાગુ પડતો આ ન્યાય આધ્યાત્મિક-જગતમાં પણ બરાબર લાગુ પડે છે. આધ્યાત્મિક-ઓલિયાઓ કહે છે કે, એક અપેક્ષાએ સામી ચીજમાં રાગ-દ્વેષ પેદા કરાવવાની શકિત જ નથી. કોઇ પણ ચીજના દર્શનથી આપણા અંતરમાં જો રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હોય, તો તે આપણા પોતાના અંતરની જ નીપજ છે. રાગદ્વેષ ઉત્પન કરવાના વિષયમાં તો સામી ચીજ જડ હોય તો તો જડ છે જ ! પણ એ ચેતન હોય, તોય એ જડ જેવી જ છે. એની પાસે પોતીકી એવી કોઇ જ તાકાત નથી કે, એ આપણા અંતરમાં રાગદ્વેષની લાગણીઓ જગવી શકે.

આપણા અંતરમાં જાગતા રાગદ્વેષને આપણે આપણા રાગદ્વેષની જ નીપજ માનવી જોઇએ. એના બદલે એને કોઇ જડ-ચેતનની નીપજ ગણાવીએ, તો તે કઇ રીતે વાજબી ગણાય? આપણે કાળા ચશ્મા પહેર્યા છે, માટે જ વિવિધ રંગ ધરાવતી સૃષ્ટિમાં પણ આપણને કાળો જ રંગ દેખાય છે. આ જ રીતે આપણી આંખ પર રાગ - દ્વેષના કાળા ચશ્મા છે, માટે જ કોઇ વસ્તુ જોતાં રાગ તો કોઇ વસ્તુ જોતાં આપણામાં દ્વેષ ઉત્પન્ન થઇ જાય છે. પણ એનો એવો એકાંતિક અર્થ નથી કે, એ રાગદ્વેષ સામી વસ્તુના ઘરના છે! સૃષ્ટિ જેમ સ્વભાવે શ્યામ નથી, એમ કોઇ પણ ચીજમાં એવી સ્વાભાવિક તાકાત નથી કે, એ દરેક આત્મામાં રાગદ્વેષની રેખાઓ ઉપસાવી શકે !

આ સત્ય અનુભૂતિનો વિષય થઇ શકે એવું સચોટ છે. આપણે જરા ઊંડા ઊતરીને આ વાત પર વિચાર કરીએ દુન્યવી-દ્રષ્ટિએ સાથ દ્વેષ જનક ગણાય છે. પણ આ દ્રષ્ટિ સાવ સાચી નથી. કેમકે આપણામાં દ્વેષ રહેલો છે, માટે જ સાપના દર્શને એ દ્વેષ જાગી ઊઠે છે. જેનામાં આ જાતનો દ્વેષ નથી, એવો બાળક તો સાપને હાથમાં લેવા હરખભેર દોડી જતો હોય છે અને મદારી સાપ ઉપર સ્નેહ બાંધીને આજીવિકા રળી ખાતો હોય છે. જો દ્વેષ-જનક શકિત સાપનો સ્વભાવ જ હોય, તો દરેકના દિલમાં સાપના દર્શને ભય જાગી જ ઊઠવો જોઇએ ! પરંતુ બાળક-મદારી તેમ જ એથીય આગળ વધીને સાપ ઉપર વાત્સલ્ય વર્ષાવનારા વીરલા-વીતરાગીઓની વિશેષતા આપણને એ જ સત્યનો સાક્ષાત્કાર કરાવી જાય છે કે. સામી વસ્તુ તો જડ હોવાથી નિષ્ક્રિય છે. રાગ કે દ્વેષના સર્જનની કોઇ પ્રક્રિયા એ ન કરી શકે. એના દર્શને જાગી ઊઠતા રાગ-દ્વેષ તો આપણા અંતરમાં ભરાયેલા રાગદ્વેષનું જ પ્રતિબિંબ છે.

રાગ અને દ્વેષ બંનેને આ પ્રક્રિયા સમાન રીતે લાગુ પડી શકે છે. કોઈ પદાર્થ જેમ દ્વેષ-જનક ન હોઇ શકે, એમ એકાંતે એ રાગજનક પણ ન હોઇ શકે. આપણામાં રાગ છે, માટે જ કોઇ પ્રિય-પદાર્થ આપણને રાગી બનાવી શકે છે. વિરાગની વાટે વિહરનારા સાચા સંતને મન તો કરોડની કિંમતનાં મણિ-મોતી અને માણેક પણ માટી બરાબર હોય છે. જેની પર રાગી બનીને સંસારી જેને કાળજાની કોર જેવો પ્યાર આપે છે, એને જ એ સંતો રસ્તાની રજ ગણીને ઠુકરાવે છે. આ હકીકત પણ એ જ સત્યનો સાક્ષાત્કાર કરાવી જાય છે કે, રાગજનન શકિત મણિ-મોતીમાં રહેલી નથી.

જડ જ નહિ, આ દ્રષ્ટિકોણથી તો ચેતન પણ રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાના વિષયમાં જડની જેમ જ અસમર્થ ગણાય ! ચેતન પણ આપણને રાગી-દ્વેષી ન બનાવી શકે. ચેતનના સંગે આપણામાં જાગી ઊઠતા રાગદ્વેષના રંગો આપણા પોતાના અંતરમાં પોઢેલા રાગદ્વેષના જ પડછાયા છે.

જડ કે ચેતન ગણાતી કોઇ પણ ચીજમાં રાગદ્વેષ જન્માવવાનું સ્વયંભૂ સામર્થ્ય રહેલું હોત, તો તો 'વીતરાગ' વીતરાગ રહી શકત જ નહિ ! તો વીતરાગી અવસ્થામાંય સારા - ખોટા પદાર્થોના દર્શને એમનામાં રાગદ્વેષના રંગો અને તરંગો ઊઠયા જ કરતા હોત ! પણ 'વીતરાગ' વીતરાગ રહી શકે છે. કેમકે આત્માની નીપજ ગણાતા રાગ-દ્વેષને એ તારકે ખતમ કરી નાખ્યા છે. એથી ગમે તેવા પ્રિય-અપ્રિય પદાર્થો એ તારકને રાગી-રોષી બનાવી શકતા નથી.

અનુયાયી ગણધર ગૌતમ ઉપર રાગ અને આતતાયી ગોશાલક ઉપર દ્વેષ કર્યા વિના વીતરાગ શ્રી મહાવીર પરમાત્મા સમદર્શી રહી શકયા, આ સત્ય જ એ વાતની સાખ પૂરી જાય છે કે, કોઇના સંગે-રંગે આપણામાં જાગી ઊઠતા રાગ-દ્વેષ આપણા પોતાના જ રાગી-દ્વેષી અંતરનું પ્રતિબિંબ છે. સામી ચીજ હો જડ છે. અને જડ એટલે તો જડ ! જડમાં ન તો રાગજનક શકિત હોઇ શકે, ન તો દ્વેષજનક શકિત હોઇ શકે !

આપણને રાગી-દ્વેષી બનાવનાર આપણા પોતાના જ રાગદ્વેષ છે. આનો અર્થ કોઇ એવો અનર્થકારી તો ન તારવી લે કે, વીતરાગ બનવાની સાધનાના સમયે સારી-નરસી ચીજોથી સાવધાન રહેવાની જરાય જરૂર જ નથી. કેમકે એ તો જડ છે. ચેતનને વળી જડથી ડરવાની શી જરૂર ?

સાધનાનો પંથ તો ખીણકેડી જેવો દોહ્યલો પંથ છે. એમાં તો પળેપળના પ્રહરી બનીને સમયે સમયે સાવધાન રહ્યા વિના એક પગલાનીય પ્રગતિ સાધવી શક્ય નથી. એથી સારા-નરસા પદાર્થોથી અસાવધ તો રહેવાય જ નહિ. એ જડ હોવા છતાં એના સંગે અને એના દર્શને આપણા અંતરમાં સાપની જેમ સૂતેલા રાગ-દ્વેષ ફુંફાડો મારતા બેઠા થઇ જઇ શકે છે, આપણા સુપ્ત રાગ-દ્વેષને જગાડવામાં એ જડ પણ કારણ બની શકે છે. આ સંદર્ભમાં એ પદાર્થો રાગ અને દ્વેષને પેદા કરનારા પણ બની શકે છે. પણ સમજવા જેવી પાયાની વાત તો એક એ જ છે કે, રાગ કે દ્વેષને પ્રત્યેક આત્મામાં સમાન રીતે પેદા કરવાનું સ્વયંભૂ-સામર્થ્ય તો એ પદાર્થોમાં નથી જ. માટે રાગી - દ્વેષી ન બનવું હોય, તો એ પદાર્થોથી સાવધ રહેવા ઉપરાંત અંતર-અંદરના આપણા પોતીકા રાગદ્વેષથી આપણે વધુ પ્રમાણમાં સાવધાન રહેવું જોઇએ. આવો સાવધ-સાધક જ વહેલા-મોડા રાગ-દ્વેષ ઉપર વિજયધ્વજ લહેરતો મૂકવામાં સફળ-સબળ સાબિત બની શકે છે. *

# અધ્યયન અને ચિંતન

સંગમ વા. વોરા

'कालेण य अहिज्जिता तओ झाइज्ज एगमो ।'

ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ વિનયશ્રુત અધ્યયનના દસમા શ્લોકાર્ધનો અર્થ છે–"અધ્યયન કરવાના કાળે (સમયે) જે જે પદાર્થનું અધ્યયન કર્યું હોય તેનું એકાન્તમાં ચિન્તન કરવું."

ગુરુજી પાસે પાઠ લીધો, સારું ધાર્મિક પુસ્તક વાંચ્યું, પાઠશાળામાં પદાર્થ ભણ્યા, પ્રભુની ગુણાવલિ ગાતું સ્તવન કે સજ્ઝાય ગોખ્યાં કે વ્યાખ્યાનશ્રવણ કર્યું, એ બધું 'વાચના'–રૂપ છે; અધ્યયનરૂપ છે. ગુરુજી પાસે લીધેલો પાઠ કંઠસ્થ થઈ જાય એટલા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. સત્પુસ્તકવાચન એ સ્વાધ્યાયનો અંશ ખરો, પણ પૂર્ણ સ્વાધ્યાય નહીં. પાઠશાળામાં ભણેલા પદાર્થનું ભણતર પૂરું તો ત્યારે જ થયું ગણાય કે જ્યારે તેના પર વિચાર કરવામાં આવે. જડ ઓડિયો કેસેટમાં પુરાયેલા સ્તવન–સજ્ઝાય અને મનુષ્યના મનમાં સ્મૃતિસ્થ થયેલા સ્તવન–સજ્ઝાયમાં ફરક ક્યારે પડે? એક કલાકનું વ્યાખ્યાન સાંભળી આવીને તેના પર દસ મિનિટની વિચારણા પણ ન થાય એ કેમ ચાલે?

ઘાસ ખાધા પછી જેમ ગાય નિરાંતે બેસીને વાગોળે એમ તત્ત્વને જાણ્યા પછી એકાન્તમાં બેસીને વાગોળવાની સલાહ અહીં ઉત્તરાધ્યયન સૂત્રના શ્લોકમાં આપી છે.

એકાન્તમાં બેસીને વિચારણા કરવાથી જ્ઞાન પરિણત થાય છે. એકાન્તમાં થતી વિચારણા આત્મસાક્ષીએ થાય છે. પોતાની જાત સાથે જાણે એક સ્વગત પ્રશ્નોત્તરી ચાલે છે. તત્ત્વને જાતના સંદર્ભે અને 'જાતને તત્ત્વના સંદર્ભે' મૂલવવાનું કપરું કાર્ય વિચારણા દ્વારા કરવાનું હોય છે. વિચારણા એ સ્વ સામે દિગંબર થવાની પ્રક્રિયા છે. વિચાર પોતાની જાત વિશે, જીવનો, જડ અને ચેતન જગતનો કરવાનો છે. વલોવવાની કે મથવાની ક્રિયા દ્વારા જેમ નવનીત પ્રાપ્ત થાય છે તેમ વિચારવલોણામાંથી પસાર થયા પછી જ માહિતીને 'જ્ઞાન'નું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. વિચાર દ્વારા પદાર્થ આત્મસાત્ થાય છે; પોતાનો બને; અસ્તિત્વનો અંશ બને છે.

જેમ જ્ઞાનાર્જન કે તત્ત્વાર્જન માટે સમય ફાળવીએ છીએ તેમ અનુપ્રેક્ષા માટે પણ સમય ફાળવવો આવશ્યક છે. ઘણું પ્રેરક સાંભળ્યા પછી પણ જો પરિણતિને નામે મીંડું હોય તો તારણ એ જ નીકળે કે 'કશુંક' ખૂટે છે. આ કશુંક એટલે 'ચિન્તન.' ખાધેલો ખોરાક પચે નહીં તો લોહી કઈ રીતે બને? કુદરતે મૂર્ત એવા ખોરાકને પચાવવાનું કાર્ય અનૈચ્છિક રાખ્યું છે જ્યારે અમૂર્ત એવા વિચારોને પકવવાનું કાર્ય ઐચ્છિક રાખ્યું છે. ચવાયેલો ખોરાક ગળા નીચે ઊતરે એટલે ખાનારની જવાબદારી પૂરી થાય છે; શરીરની શરૂ થાય છે. જ્યારે વ્યાખ્યાનશ્રવણાદિ કાર્ય પૂરું થઈ ગયા પછી શ્રોતા (કે શ્રાવક)ની ચિન્તન કરવાની જવાબદારી શરૂ થાય છે.

દાખલા તરીકે 'જીવવિચાર'નો અભ્યાસ કર્યા પછી તેની ઉપર સમ્યક્ચિન્તન ન કરવામાં આવે તો એ માત્ર આજના જીવવિજ્ઞાન–BIOLOGYનું પ્રાચીન સ્વરૂપ માત્ર બની રહે. પરંતુ યોગ્ય વિચારણા કરવાથી રોજિંદા જીવનમાં થતી જુદા જુદા જીવોની હિંસાનો બોધ થાય, જીવવાનું દરેકને ગમે છે ને મરવાનું કોઈનેય ગમતું નથી એમ વિચારી શકાય ને ક્રમશઃ હિંસાથી મુક્ત થઈ શકાય.

પાંચ પ્રકારના સ્વાધ્યાયમાંના છેલ્લા બે તે ક્રમશઃ અનુપ્રેક્ષા અને ધર્મકથા. એકાન્તમાં બેસીને ધર્મવિચારણા કરવી તે અનુપ્રેક્ષા. બીજા સાથે ચર્ચા કરવી વગેરે રૂપ ધર્મકથા. પોતે વિચાર કર્યા પછી બીજા સાથે ચર્ચા કરવાનું કહ્યું છે કે જેથી પોતે જે કંઈ ચિન્તનાદિ કર્યું છે તેની યોગ્યાયોગ્યતા સ્પષ્ટ થાય છે. પદાર્થ પરત્વેના એકબીજાના દ્રષ્ટિકોણ પરસ્પરના જ્ઞાનવર્ધનમાં કારણભૂત બને એ હેતુથી ધર્મચર્ચાનું વિધાન કર્યું છે.

तओ झाइज्ज एगमो–પછી એકાન્તમાં વિચારણા કરવી એ શાસ્ત્રીય વિધાન સામે પ્રેક્ટિકલી બે પ્રશ્નો ઊભા થતા હોય છે–એક તો એ કે 'વિચાર કરવા માટે સમય નથી.' બીજું 'વિચાર કરવાનું અમને ન ફાવે.' પહેલી દલીલ એ આજના માહિતીપ્રધાન યુગની કરુણ નીપજ છે. ઘણું બધું ભણી કે જાણી લેવાનો મોહ ઓછો થાય તો વિચારણાને અવકાશ રહે. પ્રચાર–પ્રસારાદિનાં માધ્યમો દ્વારા થતા માહિતીના બિનજરૂરી ખડકલાથી પોતાના 'સ્વ'ને બચાવવો મુશ્કેલ હોય તોય અનિવાર્ય છે. વળી વાચનાદિ સ્વાધ્યાય ચોક્કસ સમયે કરવાનો નિષેધ છે પણ ચિન્તન માટે સમયની કોઈ પાબંદી શાસ્ત્રે મૂકી નથી. વિચારણાનું મહત્ત્વ સમજાય તો સમય આપોઆપ મળી રહે. બીજી દલીલ એ છે કે 'વિચાર કરવાનું અમને ન ફાવે.' દરેક જણ સતત કંઈ ને કંઈ વિચારતું જ હોય છે. મગજમાં સત્તર જાતની ગડમથલ ચાલ્યા કરતી હોય છે. જાગ્રતાવસ્થા દરમ્યાન મગજ અનવરતપણે ક્રિયાશીલ હોય છે. એટલે 'વિચાર કરવો' એ માણસ માટે કંઈ નવી વાત નથી. અબોધપણે, મૂઢાવસ્થામાં આદતને કારણે થતી વિચારણાને બદલે અહીં જાગ્રતપણે, એકાગ્રતાપૂર્વક મગજને કેન્દ્રિત કરીને પદાર્થના વિવિધ પાસાઓ પર વિચાર કરવાની સૂચના ઉત્તરાધ્યયન સૂત્રમાં આપી છે.

કાયોત્સર્ગ– ધ્યાન પણ અનુપ્રેક્ષાપૂર્વક કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. કાયોત્સર્ગ કે કાઉસ્સગ્ગ એ મૌનપણે આંખ ઢાળીને (કોઈ વ્યકિતની સામે જોયા વગર) કરવાની ક્રિયા છે. એ ક્રિયા કઈ રીતે કરશે એ જણાવવા વંદણવત્તિઆએ' સૂત્ર બોલવાનું હોય છે જેમાં 'અણુપ્પેહાએ' પદ આવે છે. અર્થ છે–'અનુપ્રેક્ષાપૂર્વક'. અર્થાત્ અન્ય જડ–ચેતન સાથેના સંબંધોનો તો ઠીક પણ પોતાના સ્થૂળ શરીરનો પણ ઉત્સર્ગ (કરવાનો પ્રયત્ન) કરીને અનુપ્રેક્ષાપુર્વક કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

વિષય પ્રતિભાસરૂપ (માહિતી કે માત્ર જાણકારી જેવું) જ્ઞાનને તત્ત્વસંવેદનરૂપ (હેય–ઉપાદેય, કર્તવ્ય–અકર્તવ્યની બુદ્ધિવાળું) તથા આત્મપરિણતિવાળું (હેયથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિવાળું) બનાવવા માટેની 'માસ્ટર કી' ચિન્તન છે. એકલા બેસીને કરવામાં આવતું ચિન્તન તત્ત્વના ઉઘાડમાં ખૂબ જ ઉપયોગી બને છે. આમ ચિન્તનની ચિનગારી કર્મસમૂહને પલવારમાં ભસ્મ કરી નાખવાની અદ્ભુત તાકાત ધરાવે છે. *

# દુઃખ

❖ 'સત્સંગી'

મારા વિચારોથી વાચકોને સાંત્વન મળશે કે કેમ તેની મને ખબર નથી, પરંતુ તેમનું દુઃખ ઓછું થાય એવો મારો ઇરાદો જરૂર છે. એક સચોટ આશ્વાસન એ છે કે આ ધરતી પર પ્રત્યેક માનવીને માતાના ઉદરમાં હોવાથી માંડીને જીવનના છેલ્લા શ્વાસ સુધી સંખ્યાબંધ દુઃખોમાંથી પસાર થવું પડે છે. એક અથવા બીજા પ્રકારનાં દુઃખો વિનાની જિંદગી તમે કલ્પી શકો જ નહિ. તેથી જ લોકો માનુષી જીવનનાં અણગમતાં અને અણખપતાં અંગ, દુઃખમાંથી બચવા માટે આકાશપાતાળ એક કરે છે. સિનેગૃહો, ક્લબો, નાસ્તાગૃહો, હોટેલો, મિજબાનીઓ, મેળા, ગાડીઓ, વિમાનો વગેરે બધું ભરચક જ જોવા મળે છે જે બતાવે છે કે માણસના જીવનમાં કેટલી વ્યથા રહેતી હશે. છતાંય માણસ એકલો પડે છે ત્યારે તેને ગમગીની, અફસોસ, અજંપો, એકલતા અને કંટાળો ઘેરી લે છે, પછી ભલે તે અન્યની નજરમાં ઘણો સુખી પણ ગણાતો હોય.

દુઃખદાયક વિચાર કે બનાવથી માંડીને જીવનના કરુણતમ સ્વરૂપ સુધી દુઃખનો પ્રદેશ છે. કોઇ કર્મચારીને તેના સહ-કાર્યકરો સતત ચીડવતા હોય અથવા તેના ઉપરી-અધિકારીઓ તેનું અપમાન કરતા હોય કે સત્તાવાળાઓ તેને પાણીચું આપી દે તો, કોઇ વ્યક્તિની મોજશોખો માટેની ઇચ્છાની પૂર્તિ ન થતી હોય, તો કોઇને સુખસગવડભર્યું જીવન પ્રાપ્ત ન થતું હોય, તો કોઇને કેવળ જીવનજરૂરતો પ્રાપ્ત ન થતી હોય. વળી, કોઇની તબિયત અવારનવાર અસ્વસ્થ બનતી હોય અથવા કોઇને નિય-મિત સારવારની જરૂર પડે તેવી બીમારી અવારનવાર આવતી હોય અથવા કોઇને ગંભીર સ્વરૂપના શારીરિક કે માનસિક રોગના ભોગ બનવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થાય. વ્યાપક રીતે કહીએ તો ગરીબી, માંદગી, બેકારી, દુશ્મનાવટ, દબાણો, તંગદિલીઓ, યુદ્ધો, હુલ્લડો, કુદરતી આફતો, સ્વજનોનો વિયોગ વગેરે આપત્તિઓ દુન્યવી દુઃખોના વર્ગમાં આવે છે. માણસનો સીધોસાદો પ્રશ્ન આ છે: 'દુન્યવી દુઃખોનો ઉપાય શો?'

પ્રશ્ન સીધોસાદો જરૂર છે અને તેની પાછળ પ્રશ્ન પૂછનારની દુન્યવી દુઃખોમાંથી બચવાની ઉત્કંઠા પણ તીવ્રતમ છે. આ પ્રશ્નનો જવાબ એક જ વાક્યમાં આપવો શક્ય છે, પરંતુ તે જવાબ માણસને ગળે તરત ઊતરે તેવો નથી. તેનું કારણ એ છે કે દુન્યવી દુઃખો અંગે માણસને મૂંઝવણ, વ્યથા, અશાંતિ, તંગદિલી અને ચિંતા ઘણાં છે તેથી થોડી વિગતમાં જવું અનિવાર્ય છે. હવે માણસને આર્થિક કટોકટી સતાવતી હોય, તો તેને પૈસા મળે એવા ઉપાયની જ અપેક્ષા રહેશે. ઘડીભર તેને પરિશ્રમ અને સાહસથી પૈસા મેળવવામાં સફળતા મળી. તેની ઉપાધિનો અંત આવ્યો; પરંતુ તેથી તેના જીવનમાં દુઃખ આવશે જ નહિ એની ખાતરી ન અપાય. તેનું કારણ એ કે પૈસા મળ્યા પછી તેને કોઇ નવી ઇચ્છા જાગે પણ ખરી અને તે ઇચ્છા પરિપૂર્ણ ન થાય, તો તે ફરી દુઃખમાં સપડાય. તેવી જ રીતે કોઇ યુવાનને નોકરી ન મળતી હોય તેનું દુઃખ તેને બહુ પીડે. તેને નોકરી મળી જાય એટલે તેને દુઃખમાંથી છૂટવાનો અત્યંત હર્ષ થાય. નવું જીવન અનુભવે. પરંતુ થોડા સમય બાદ જે પગાર મેળવવા માટે તે અત્યંત બેચેન હતો તેજ પગાર તેને ઓછો લાગવા માંડે. જેમ સમય પસાર થાય તેમ વધારે પગાર અને નોકરીમાં બઢતી મળે એવી ઇચ્છા તેના પર પકડ જમાવતી જાય. તેની આ ઇચ્છાની પૂર્તિ ન થાય એટલે તે ફરી દુઃખનો ભોગ બને-વળી, કોઇ વ્યક્તિની તબિયત વધારે સમય સુધી દવા લેવા છતાં સારી ન રહેતી હોય. તેથી તબિયત સુધરે તે માટેની પ્રબળ ઇચ્છા તેને પીડતી રહે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવત સાંભળીને તેનો ચહેરો રડવા જેવો થઇ જાય. દૈવયોગે તેની તબિયત સારી થાય. નવ-જીવનના આનંદ અને ઉલ્લાસથી તે પોતાની જાતને ધન્ય માને. થોડા સમય પછી સારી તબિયતની ભૂમિકા પર તેને ભોગો ભોગવવાની ઇચ્છા થાય આ ઇચ્છાની પૂર્તિ ન થાય એટલે ફરી પાછું દુઃખ શરૂ થાય.

આમ પરિસ્થિતિમાં ફેરફાર થવાથી થોડા જ સમય દુઃખમાંથી બચવાનો આનંદ થાય છે, પણ દુઃખનો અંત આવતો નથી. પરિસ્થિતિ બદલાતાં નવી ઇચ્છાઓ, તૃષ્ણાઓ જાગે છે. આ ઇચ્છા, તૃષ્ણા દુઃખની જનની છે. તૃષ્ણા સંબંધી ભર્તૃહરિ સુંદર રીતે કહે છે જે અવારનવાર મનન કરવા જેવું છે:

> जलिभिर्मुखमाक्रान्तं पलितैरङ्कितं शिरः ।
> गात्राणि शिथिलायन्ते तृष्णैका तरूणायते ॥

અર્થાત્ મુખ પર કરચલીઓ છવાઇ ગઇ, વાળ ધોળા થઇ ગયા (પળિયાં આવ્યાં), અવયવો ઢીલાં થઈ ગયાં, પણ એકલી તૃષ્ણા જુવાન બનતી ચાલી.

તૃષ્ણા દુઃખનું મૂળ છે એ સત્યનો માણસ પાસે કદાચ સ્વીકાર કરાવી શકીએ, પણ માણસ એકદમ તૃષ્ણા છોડી શકે એ સંભવિત નથી. હિમાલય ચડવા કરતાં તૃષ્ણા છોડવી એ ઘણી જ વધારે કઠિન બાબત છે. તો પછી દુઃખનો ઉપાય ખરો કે નહિ? દુઃખ દુર કરવાની ચમત્કારિક જડીબુટ્ટી તો છે જ નહિ. જે તેનો ઉપાય છે તે ચોક્કસ દૃષ્ટિકોણરૂપી બખ્તર પહેરવાનો છે જેથી દુઃખનો ડંખ ન લાગે, દુઃખ સહન થાય અને કદાચ સુખી પણ થવાય.

સૌથી પ્રથમ તો દુઃખને પણ સારી બાજુ હોય છે તે જુઓ. દુઃખ ભયાનક છે, છતાંય તેનામાં સૌંદર્ય છુપાયેલું છે. જે કોઇ દુઃખ માણસને આવે છે, તે તેને સારો બોધપાઠ આપે છે. એશઆરામભર્યું જીવન જીવતા કહેવાતા સુખી લોકો કરતાં દુઃખી લોકોએ દુનિયાનું શુભ કરવામાં ઘણો વધારે ફાળો આપ્યો છે. દુઃખ માણસને આઘાત જરૂર આપે છે, પણ આ આઘાત તેને વિચારતો કરે છે અને સમય જતાં માણસ પોતાની શક્તિને પિછાને છે. પ્રેમાનંદનાં ધ્રુવાખ્યાનમાં વાંચવા મળે છે કે ધ્રુવને તેની અપરમાએ જે કટુ વચનો કહ્યાં તે તેને દુઃસહ લાગ્યાં. પરંતુ આ અપમાન જ ધ્રુવનાં તપનું અને પરિણામે ભગવાનના સાક્ષાત્કારનું નિમિત્ત બન્યું. પ્રત્યેક માણસ આત્મનિરીક્ષણ કરશે તો તેને જોવા મળશે કે દુઃખો

તેને ઘડવા માટે ઉપયોગી સાબિત થયાં હશે. જીવનમાં કંઇ પણ દુ:ખ–અગવડ આવે ત્યારે સમજી લેવું કે તે આપણા ઘડતર માટે છે, પછી તે દુખ સહકાર્યકરોની ચીડવણીથી માંડીને નોકરી તૂટી જવા સુધીનું હોય.

બીજું, ગુજરાતી સાહિત્યના નામાંકિત સાહિત્યકાર અને રાષ્ટ્રશાયર ઝવેરચંદ મેઘાણી તેમના એક કાવ્યમાં દુખડાંને આવકારે છે. તેઓ આપણને ખોટા સુખની વાતોથી દુર રહેવાનું કહે છે. તેમના મતે સુખ દગો દે છે, જ્યારે દુ:ખડાં આપણાં સાચાં સગાં છે. તદુપરાંત તેઓ કહે છે કે આનંદો તો થોડી જ વાર રહે છે અને ફરી દેખા દેતા નથી હોતા. આપણી સાથેની તેમની મૈત્રી ખોટી હોય છે અને તેમનાં મુખ ખોટું સ્મિત કરે છે; જ્યારે દુ:ખોનો પ્રેમ અનોખો છે અને તેમનાં મુખ મધુર દેખાય છે. અહીં કવિ સુંદર સૂચન કરે છે કે તમે દુ:ખડાંને આવકારશો, તો તમને તેમનો ડંખ નહિ લાગે અને તેમનો સામનો કરવા સમર્થ બનશો. તમને તે ત્રાસમય લાગે છે, કારણ કે તેઓ ડોકાય તે પહેલાં જ તમે તેમનાથી ભયભીત બનો છો.

ત્રીજું, પોતાનું જે દુ:ખ હોય તે દુ:ખની અન્ય પ્રકારનાં દુ:ખો સાથે તુલના કરતાં રહેવું. પોતાની તબિયત નબળી રહેતી હોય, તો પોતાનાં દર્દને અન્યનાં દર્દ સાથે સરખાવવું. એમ વિચારવું, 'મારી આંખો બરાબર છે, હાથપગ તેમ જ મગજ બરાબર છે. ત્યારે નેત્રહીન લોકો કેમ રહેતા હશે? અપંગ લોકોનું કેમ ચાલતું હશે? અચાનક પંદરવીસ દિવસ સુધી જેઓ પથારીવશ બનતા હશે તેમને કેવી યાતના થતી હશે?' પરિણામે, અનેરું આશ્વાસન મળશે અને પોતાનું દુ:ખ હળવુ લાગશે. જીવનમાં અગવડો રહેતી હોય તો એમ વિચારવું, 'જેમને અન્નનાં સાંસાં હોય તેઓ કેમ રહેતા હશે? જેમને સારાં કપડાં ખરીદવાની શકિત નહિ હોય તેમનું જીવન કેમ ચાલતું હશે? જેમને ત્રણથી ચાર પુત્રીઓના કરિયાવરની ચિંતા હશે તેમનું જીવન કેવું હશે? જે વેપારીને ધંધામાં ખોટ જતી હોય તેની કેવી હાલત હશે?' આમ વિચારવાથી પોતાનાં દુખમાં રાહતનો અનુભવ અવશ્ય થશે. સમગ્ર જીવનની દષ્ટિએ એમ વિચારવું, 'દુ:ખ કોને નથી પડયું? ભગવાન રામ અને સીતામાતાને ચૌદ વર્ષ વનમાં રહેવું પડયું. તેમાંય સીતામાતાનું તો રાવણ હરણ કરી ગયો એ અવર્ણનીય દુ:ખ નથી? પછી પણ સીતામાતાને રાજ્યનો ત્યાગ કરીને વાલ્મીકિ ઋષિના આશ્રમમાં જ રહેવું પડયું.' અહીં કરુણ જીવનની ચરમ સીમા નથી? આવાં દુ:ખો આગળ આપણાં દુ:ખો આપણને પોતાને જ તૃણવત્ લાગશે અને અનન્ય હળવાશ અનુભવાશે.

ચોથું, જીવનમાં કોઇ ચોકકસ ધ્યેય કે લક્ષ્ય રાખવું, પછી ભલે તે પોતાની પત્ની પ્રત્યેના પ્રેમનું લક્ષ્ય હોય અને તેને ઓળખતા લોકો એમ કહે કે તે તેની પત્ની પાછળ ગાંડો થયો છે. વાસ્તવમાં આવો માણસ પોતાની પત્ની પ્રત્યે તેની ચાહના વ્યકત કરવા માટે સતત વિચારતો રહેશે અને પ્રવૃત્ત પણ રહેશે, તેથી તેનું જીવન ગોઠવાઇ જશે. પરિણામે, અન્ય પ્રકારનાં દુ:ખો કે અગવડો તેને પરેશાન નહિ કરે. તેવી જ રીતે સાહિત્ય, વિજ્ઞાન, કલા કે સેવાના ક્ષેત્રનું ચોકકસ લક્ષ્ય થઇ જાય, તો તેનું જીવન પ્રવૃત્તિમય બનવાનું, અપંગતાનું દુ:ખ પણ ધ્યેયમય જીવનમાં ડંખતું હોતું નથી.

પાંચમું, દુ:ખી માણસ પોતાનું દુ:ખ ભૂલવા મથતો હોય છે, પણ એમ દુ:ખ ભુલાતું નથી. દુ:ખ ભૂલવાનો એક ઉપાય એ છે કે અન્ય કોઇ વ્યક્તિને સુખ આપવાનો પ્રયત્ન રાખવો. અન્યને સુખ આપવા માટેના પ્રયત્નમાં વિચારવું પડે. બીજાનો વિચાર કરવાથી પોતાનો વિચાર તેટલી વાર ભુલાય છે. અન્યને સુખ આપવું એટલે તેને આર્થિક મદદ આપવી એટલો મર્યાદિત અર્થ નથી, પરંતુ કોઇ બીમાર વ્યકિતને તેની તબિયતના ખબર પૂછવા, સહાનુભૂતિ બતાવવી અને તેની બીમારીની પીડામાં રાહત રહે તેવી વાતો કરવી એ પણ બીમાર વ્યકિતને સુખ આપવાની વાત છે. સામાન્ય રીતે મજૂરને પૈસા આપતી વખતે લોકો રકઝક કરતા હોય છે. પરંતુ આપણે તેને પૂછીએ, 'આવા કેટલા ફેરા થાય છે? સાંજે અંગ દુ:ખતું હશે, ખરું ને?' તો તે કેટલો રાજી થશે! આવી વાતચીતમાં તેને ઓછા પૈસા આપવાનો કે તેની પાસેથી વધારે સેવા લેવાનો સ્વાર્થ હોય જ નહિ એ સ્પષ્ટ જ છે. માણસ યંત્રનું ચક્ર છે એવી દ્રષ્ટિ ન રાખતાં, માણસ માનવી છે એવો ભાવ રાખીને કોઇ માણસ સાથે વાત કરવામાં આવે તો તે માણસને આનંદ થશે, પછી ભલે તે માણસનું સ્થાન સાવ સામાન્ય હોય. મજૂર તેના માથા કે ખભા પરથી સામાન નીચે મૂકે ત્યારે આપણે હાથ દેવડાવીએ તો? આ રીતે અન્ય માણસને સુખ આપવાનો વિચાર કરતા રહીએ, તો પોતાની જાતને ભૂલી જવાય અને તેથી દુ:ખ પણ ભુલાય. દુ:ખ ભૂલવાની આ એક તંદુરસ્ત રીત છે.

છેલ્લે સાધુસંતોનો અને સજ્જનોનો સમાગમ રાખવો અને સારા ગ્રંથોનું વાચન રાખવું. સાચા સાધુસંતોનો સમાગમ થાય, તો જીવનનું પરમ સદ્ભાગ્ય ગણાય; રુદનમાત્રથી બચી જવાય અને સદા સાચો આનંદ જ રહે. 'ચિત્રકુટમાં નેત્રયજ્ઞ' તંત્રીલેખમાં બતાવ્યું છે કે સારા ગ્રંથોનું વાચન દુ:ખને નહિવત્ બનાવી દે છે. સારા ગ્રંથો એટલે ધર્મગ્રંથો અને પ્રતિભાસંપન્ન વિચારકોએ લખેલા ગ્રંથો. આવા ગ્રંથો વાંચવાથી આપણા ઘા રુઝાય છે. તેથી જ કહેવાયું છે, Books are our never failing friends' – પુસ્તકો આપણા કદી નિષ્ફળ ન જતા મિત્રો છે.' વ્યાવહારિક દષ્ટિએ જોઇએ તો, સ્વાધ્યાય ચિંતાહરણની જડીબુટ્ટી છે. માણસ ગમે તેટલો નિરાશ થયો હોય, ચિંતામાં આવી પડયો હોય ત્યારે તે સત્ ગ્રંથોનું વાચન ચાલુ કરી દે છે તો બધી ચિંતા ભુલાવા લાગે છે. જો કે માણસને સૌ પ્રથમ તો સ્વાધ્યાયમાં રસ પડે અને તેમાં તલ્લીન બની જવાય તો એ આનંદ બ્રહ્માનંદ સહોદર જેવો છે.

શા માટે આ ચિંતાહરણ, દુ:ખહરણ જડીબુટ્ટીનો આશ્રય ન લેવો?

*

# આ ધોકાપંથીઓ

પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

'જા, જા, થોડો અક્કલકરો ખાઇ આવ !'

અક્કલ વગરની વાત કરનારને કે અક્કલ વગરનો લાગતો હોય તેને આવું કહેતાં નાનપણમાં મેં ઘણીવાર સાંભળ્યું છે. હજુય ઘણા માને છે કે આ વનસ્પતિ ખાવાથી અક્કલ સુધરે છે-વધે છે.

## અક્કલકરો

આ અક્કલકરો (કે 'અક્કલગરો' કે 'અક્કલકડો' વગેરે) નામની વનસ્પતિથી-કંઇ નહીં તો એના નામથી આપણાંમાંનાં ઘણાં પરિચિત હશે દવાના કામમાં આવતી આ વનસ્પતિ (Anthemis Pyrethrum)ના ભુટ્ટા જીભ પર મૂકતાં-કે ચાવતાં એક વિશિષ્ટ પ્રકારનો તમતમાટ થાય છે. કહેવાય છે કે આ ખાવાથી તોતડાપણું, કાલાપણું વગેરે જીભની ખામીઓ દૂર થાય છે. સારા ને સરખા ઉચ્ચાર કરાવવા માટે એ પોપટને ખવડાવાય છે.

પણ આ ખાવાથી અક્કલ આવે છે ખરી ?

હકીકતમાં એના આવા નામ જોડે અક્કલને કંઇ જ લેવાદેવા નથી; ને ખરી વાત એ છે કે આ એનું મૂળ નામ પણ નથી.

મૂળ તો આ અરબી નામ છે-'આકરકર્હા' (કે 'આકિરકર્હા'), આવો ઉચ્ચાર વ્યવહારમાં સામાન્યજન માટે સરળ નહોતો. હિંદીમાં એણે 'અકરકરા' રૂપ ધારણ કર્યું ને આપણે ત્યાં એ 'અકરકરો' થયું.થયું તો ખરું !-પણ કંઇ સમજાય એવું સમજમાં બેઠું નહીં ! એટલે એનું થયું 'અકલકરો' ને 'અકલગરો' ! પણ 'અક્કલ' શબ્દ વધુ પરિચિત એટલે થયું 'અક્કલકરો'ને 'અક્કલગરો !' આજ સુધી એનાં આ રૂપો જ વધુ પ્રચલિત છે.

ભાષામાં શબ્દોનાં સ્વરૂપો ને અર્થ ક્યારે કઇ દિશામાં વળી જાય, એ કહેવું સહેલું નથી. આમાં બોલવા-સાંભળવા ને સમજવાની અનુકુળતા મુખ્ય ભાગ ભજવે છે. પછી અનુકૂળતાની આ વૃત્તિ શબ્દના સ્વરૂપ ને અર્થને ઘણીવાર અણધાર્યો ઝોક આપી દે છે. આવા ઝોકનું વિશ્લેષણ કરી, એના વિભાગો પાડી નિયમો જેવું કેટલુંક તારવી શકાય ખરું, પણ અમુક શબ્દનું સ્વરૂપ કે એનો અર્થ અમુક જ વળણ લેશે કે અમુક દિશામાં જ વળશે એવું નિશ્ચિત કહી શકાય નહીં.

## શંખજીરું

ઉદાહરણ તરીકે શંખજીરું ! આમાં શંખેય નથી ને જીરું પણ નથી. સાબુચોખા કે સાબુદાણા ! આમાં સાબુ તો નથી જ નથી. 'હાથીચોક'-આમાં હાથીયે નથી ને ચોકનો સવાલ જ નથી ! 'તાલપત્રી' આમાં 'તાલ' એટલે કે 'તાડ'ના વૃક્ષને કંઇ સંબંધ નથી એટલે એ પત્ર-એટલે કે પાનને પણ કોઇ સંબંધ નથી.

મોં પર કે શરીર પર લગાડવાના પાઉડર વિવિધ સુગંધવાળા ને ભિન્નભિન્ન રંગ-છાયાવાળા પણ હોય છે. આવા જ પણ રંગને સુગંધ વિનાના એક પ્રકારના લીસા સફેદ ભૂકાને આપણે 'શંખજીરું' નામે ઓળખીએ છીએ. આપણા આવા પાઉડરોમાં તથા રમતગમતમાં-કેરમ, બેડમિંટન ફ્લોર, ડાન્સ માટેના ફ્લોર વગેરે માટે આ પાવડર વપરાતો હોય છે.

આના મૂળમાં બે ઘટકો છે. એક ફારસી 'સંગ' એટલે પથ્થર; સંગદિલ એટલે પથ્થર જેવા દિલવાળો-પથ્થર જેવા હૃદયનો. ને બીજું છે અરબી 'જરાહત' ! મૂળ તો 'જર્હ'' એટલે ઘા, ઘાવ. જખમ! આ પરથી 'જર્રાહ' એટલે જખમ, ગુમડા વગેરેનો ઇલાજ કરનાર; 'જરીહ' એટલે ઘવાયેલો-ઘાયલ, જખમી !-ને આ પરથી ફરી જરાહત કે જિરાહત એટલે ઘા, જખમ વગેરે.

આવા જખમ રૂઝવવા કે લોહી વહેતું બંધ કરવા માટે એક પ્રકારના સફેદ, પોચા, લીસા ખનિજ પથ્થરની ભૂકી વપરાતી. આમ જખમ એટલે કે 'જરાહત' રૂઝવવા માટે વપરાતો પથ્થર-એટલે કે 'સંગ' તે 'સંગે જરાહત' કે સંગેજિરાહત-જે શબ્દ વ્યવહારમાં 'સંગજિરાહત' રૂપે વધુ પ્રચલિત છે.

આ શબ્દ બાબતમાં પણ આપણે ત્યાં આવું જ બન્યું. અર્થ તો સ્પષ્ટ સમજાય એવું હતું જ નહીં એટલે એને મળતા આવતા ધ્વનિ જો સમજાય તેવા શબ્દ રૂપો ગોઠવી આપણે એનું 'શંખજીરું'' નામ બનાવી લીધું.

## સાબુદાણા

દૂધિયા, ઝીણી ગોળી જેવા દેખાતા 'સાબુદાણા'થી આપણે સારા એવા પરિચિત છીએ-ખાસ તો એની કાંજી માટે ચોખાની કાંજીની જેમ આની પણ કાંજી થાય છે એટલે એક જમાનામાં એને માટે 'સાબુચોખા' નામ પણ પ્રચલિત હતું-મરાઠીમાં ચે ત્યારે એ 'સાબૂતાંદુળ' કહેવાતા.

મૂળ તો એક જમાનામાં એ મલાયામાં તાડના (Palm) પ્રકારના ઝાડના થડમાંથી કાઢવામાં આવતો પદાર્થ છે જે ત્યાંના લોકો એમના ખોરાકમાં વાપરતા. આ એક પ્રકારનો સ્ટાર્ચ (કાંજી) જ છે. ધીમે ધીમે આ પદાર્થ બધે જ લોકપ્રિય થઇ પડ્યો. મલાયામાં આ ઝાડનું નામ 'સાગૂ' હતું. તે પરથી બધે જ થોડા ઉચ્ચારભેદથી આ નામ પ્રચલિત થતું ગયું. અંગ્રેજીમાં છેક ૧૫૫૫થી એ Sago નામે ઓળખાતો થયો હતો.

નિકાસની અનુકૂળતા માટે આ પદાર્થમાં પાણી મેળવી ધાણા જેવડા (કે નાના મોટા) દાણા બનાવવામાં આવ્યા. આપણે ત્યાં આવા દુધિયા કણ શરૂઆતમાં સાગૂદાણા (હિંદી સાગૂદાના) નામે ઓળખાયા. પણ એક તો આ 'સાગૂ' નામ નવું ને અપરિચિત ! ને એનો ઉપયોગ ચોખાની જેમ 'કાંજી' માટે વધુ થતો. એટલે સહેજે નિકટના ઉચ્ચાર જેવાને પરિચિત 'સાબુ' જોડે સંકળાઇને એણે 'સાબુચોખા' નામ ધારણ કરી લીધું. પણ પછી એ ચોખા નથી જ, એ વિશે વધુ ને વધુ સભાન થતાં હવે એને 'સાબુદાણા' નામે જ વધુ જાણીએ છીએ.

## હાથીચોક

દિલ્હીની ઊંચી હોટેલોમાં મળતા 'હાથીચક' સૂપનાં ઘણાં વખાણ કરે છે. આ વનસ્પતિ આપણે ત્યાં 'હાથીચોક' નામે ઓળખાય છે. આ કેવું નામ છે !

ગુજરાતમાં આ વનસ્પતિ અત્યંત અલ્પ પરિચિત છે. યુરોપ-અમેરિકામાં આજકાલ આ શાક અત્યંત લોકપ્રિય બન્યું છે-એની અનેક વાનીઓ બને છે.

આપણે ત્યાં આ નામ કદાચ અંગ્રેજી દ્વારા અપનાવાયું લાગે છે પણ છે મૂળ અરબી શબ્દ. એ નામ છે 'અલખશરૂફ' આરબોનો સ્પેન જોડે સંપર્ક થયો ત્યારે ત્યાં પહોંચેલી આ વનસ્પતિ ત્યારે Alcarchofa રૂપે ને હવે Alcachofa નામે ઓળખાઇ. ત્યાંથી ઇટાલી થઇ ફ્રેંચમાં એણે Artchau નામ ધારણ કર્યું જેણે અંગ્રેજીમાં પછી Artichoke રૂપ ધારણ કર્યું.

એ નોંધવા જેવું છે કે આ વનસ્પતિનું અટપટું લાગતું નામ લગભગ બધે જ થોડું થોડું બદલાયું છે, જ્યાં ગયું ત્યાં, ત્યાંની ભાષાનાં પરિચિત રૂપોમાં એ ગોઠવાતું ગયું છે.

ભારતમાં-બંગાળીમાં એણે હાથીચોખ (ચોખ=આંખ) રૂપ ધારણ કર્યું છે ને આપણે ત્યાં હાથીચોક! હિંદીમાં એ 'હાથીચક' નામે ઓળખાય છે.

ભારતમાં આ શાકનું વાવેતર દિલ્હીની આસપાસ વધુ થાય છે-એટલે સ્વાભાવિક રીતે જ ઉત્તર ભારતમાં એ વધુ જાણીતું છે.

### તાલપત્રી

મોસમ પ્રમાણે આવતા વરસાદથી બચવા માટે નાટક-સિનેમાગૃહો, ગણપતિ ઉત્સવ સ્થળો તેમ જ અન્ય ઘણે સ્થળે પહેલેથી જ તૈયારી રખાય છે. આમજનતાનો મોટો સમૂહ એકઠો થતો હોય તેવા આ પ્રકારનાં સ્થળોએ વાંસ વગેરેના ઊંચા શામિયાણા કે છાપરીઓ બંધાય છે ને તેની ઉપર તાલપત્રીઓ પથરાય છે.

આ તાલપત્રી જેને કેટલાક 'તાડપત્રી' પણ કહે છે, તે હકીકતમાં ડામર, કે એ પ્રકારના ઘટ્ટ, ચીકાશવાળા કાળા કે ઘેરા રંગના, ઉગ્ર વાસવાળા, જ્વલનશીલ પદાર્થ-જેને અંગ્રેજીમાં 'ટાર' કહે છે તેવા પદાર્થના પ્રવાહીનું પુર ચઢાવેલું કે એવું પ્રવાહી પામેલું કેનવાસ કે એ પ્રકારનું જાડું કાપડ હોય છે. આ પ્રકારનું કાપડ પાણી પસાર ન થવા દે તેવું વોટરપ્રુફ-'જલાવરોધક' બની જાય છે.

એ તો ઠીક પણ એને તાલપત્રી કે તાડપત્રી શા માટે કહેવાય છે?

કોઇ એક જમાનામાં ઝુંપડા વગેરેના છાજમાં તાડવૃક્ષનાં પાન-તાડપત્ર વપરાતા-જે પરથી પાણી સરી જતું; ઝુંપડું અંદર ભીંજાવાથી લગભગ બચી જતું.

આધુનિક તાલપત્રીઓ પણ આવું જ-આથી વધુ સારું કામ આપે છે પણ એમાં તાડના પાન તો હોતાં જ નથી! તો આ નામ?

એનું અંગ્રેજી નામ છે 'ટારપોલિન'! ને કામ આપે છે તાલપત્રીનું જ. એટલે જૂના સંસ્કારોને મળતો આવતો ધ્વનિ-સમૂહ! બંનેએ મળીને એને પણ તાલપત્રીને તાડપત્રી રૂપ આપી દીધું છે.

જો કે કેટલીકવાર આથી ઊંધુંય થાય છે. શબ્દ સમજાય એવો હોય છે-લાગે છે એટલે આપણે એનો એવો અર્થ સહેલાઇથી બેસાડી લઇએ છીએ-જે હકીકતમાં તદ્દન જુદા જ મૂળનો હોય છે.

પણ લોકમાનસ તો ઘોકાપંથી હોય છે. આમાં યે તરત સૂઝે, સમજાય, તેવું ઠઠાડી લેવાય છે.

### હાથિયો વરસાદ

'હાથિયો વરસાદ' તો આપણે ત્યાં ખૂબ જ પરિચિત પ્રયોગ છે. આપણે માનીએ છીએ કે એને હાથી જોડે સંબંધ છે.

હકીકતમાં એનો સંબંધ હાથી જોડે નહીં પણ હસ્ત નક્ષત્ર જોડે છે. એટલે એ વરસાદની વાતમાં હસ્તનક્ષત્રના વરસાદનો ઉલ્લેખ છે.

આ 'હસ્ત' એટલે 'હાથ જ ને! એટલે 'હસ્તનક્ષત્ર'વાળો તે 'હાથિયો'! પણ આવો લાંબો વિચાર કોણ કરવા બેસે? ને એટલે જ ઘણીવાર આવી સરળ રીતે બેસાડી દેવાતા અર્થ, શાસ્ત્રીય દૃષ્ટિએ સાચા ન હોવા છતાં મનોરંજક થઇ પડે છે.

### અને...

આવું કરનારને મન 'ટપ' દઇને 'આલી' જાય તે 'ટપાલી' છે; 'વહાણ'માં વેપાર કરવા નીકળી પડે તે 'વહાણિયા' લોકો જ 'વાણિયા' છે.

### મનોરંજન

ને પછી તો તોફાની મજાક કરવા ખાતર પણ આવું આવું શોધી લેવાય છે! જેમકે-'પર'નું 'ધાન' ખાઇ જાય તે 'પરધાન' એટલે કે પ્રધાન છે. 'પ્રજા' 'પ્રતિ'થી આવેલા 'નિધિ' (ખજાનો-મોટી રકમ) ઓહિયાં કરી જનાર તે 'પ્રજાપ્રતિનિધિ' છે. લગ્ન પછી 'પતિ'ને 'દમ' મારી શકાય તેવી સ્થિતિમાં આવનાર જોડું તે 'દંપતી' છે!

આ મનોરંજનની વૃત્તિમાં યે આપણા મનમાં રમતી વાત તો આડકતરી અભિવ્યક્તિ પામતી જ હોય છે ને?

## સાભાર સ્વીકાર

* **પ્રેમસભર પત્રમાળા** * લે. મુનિ રત્ન-સુંદરવિજયજી * પૃષ્ઠ-૭૬ * મૂલ્ય રૂા. ૨૦-પ્રકા. રત્નત્રયી ટ્રસ્ટ-C/o કલ્પેશ વી. શાહ, વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ * **વહેણ હૈયાનાં** * **મારાં અંગ અંગ મલકાયા** (યોગાસનો) બંનેના લેખક-ચીનુભાઇ ગી. શાહ, મૂલ્ય અનુક્રમે રૂા. ૫૫/-અને રૂા. ૪૫/-પ્રકા. સ્વસ્થ માનવ, પહેલે માળે, રમણકલા સી-૧૪, રેસીડેન્ટસ કોમ્પલેસ, સંઘવી હાઇસ્કુલ, રેલ્વે ફાટક પાસે, અમદાવાદ-૩૮૦૦૧૩ * **Painnayasuttaim** Editor - Late Muni Punyavijayji * Published By, Mahavir Jain Vidhalya Bombay-36. * **ભવનો ભય** લે. મુનિ વાત્સલ્યદીપ પ્રકા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન શ્વે. મૂ. સમાજ અમદાવાદ-૧૩. [] **સાધના અને સાક્ષાત્કાર** * લે. અનવર આગેવાન * ક્રા. સોળ પેજી * પૃષ્ઠ ૧૨૭ મૂલ્ય રૂા. ૨૫/- પ્રકા. વોરા એન્ડ કંપની પબ્લીશર્સ એન્ડ પ્રા. લિ. ૩, રાઉન્ડ બિલ્ડીંગ, મુંબઇ-૨ [] **કાવ્યમય વ્યાકરણ** * લે. સ્વ. અનંત વા. જાની * ડેમી સાઇઝ પૃષ્ઠ ૧૨૭ * મૂલ્ય રૂા. ૧૫/- પ્રકા. અનડા બુક ડીપો ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.

## સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં લખાણોમાંથી શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને પ્રતિવર્ષ સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૮૯ના વર્ષ માટેનું પારિતોષિક **શ્રી પ્રવીણચન્દ્ર રૂપારેલને** તેમના લેખો માટે આપવામાં આવે છે.

આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે શ્રી ઘનશ્યામ દેસાઇ અને પ્રા. ગુલાબ દેઢિયાએ સેવા આપી છે.

અમે **શ્રી પ્રવીણચન્દ્ર રૂપારેલને** અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ. -મંત્રીઓ

## એક સૈકા પૂર્વે મ્લેચ્છભૂમિ ગણાતી મુંબઇ નગરીમાં પ્રથમ પ્રવેશ કરનાર

# સ્વ. પૂ. મુનિશ્રી મોહનલાલજી મહારાજ

રમણલાલ ચી. શાહ

આ વર્ષ મુંબઇમાં જૈન સાધુ ભગવંતોના વિહાર-વિચરણનું શતાબ્દી વર્ષ છે. જૈન મુનિ તરીકે મુંબઇ નગરીમાં પ્રથમ પ્રવેશ કરનાર સ્વ. પૂ. મોહનલાલજી મહારાજ હતા. વિ. સં. ૧૯૪૭માં ચૈત્ર સુદ ૬ના રોજ એમણે મુંબઇમાં ભાયખલામાં પ્રવેશ કરીને પછી લાલબાગના ઉપાશ્રયમાં ચાતુર્માસ કર્યું હતું. એમણે મુંબઈ નગરીને એ વખતે ધર્મોલ્લાસથી બહુ ડોલાવી દીધી હતી. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન મુંબઇના ટાપુ ઉપર અંગ્રેજોની વસતી ઠીક ઠીક પ્રમાણમાં હતી. પારસીઓની વસતી પણ ઘણી મોટી હતી. એટલે મુંબઇ મ્લેચ્છ નગરી તરીકે ઓળખાતી હતી. મુંબઇમાં ત્યારે જૈનોની વસતી વધતી જતી હતી. જિનમંદિરો હતાં, પણ જૈન સાધુઓ મુંબઇમાં પધારતા ન હતા. જો કે વસઇની ખાડી ઉપર પૂલ બંધાયા પછી પગપાળા વિહાર કરીને પહોંચવું અઘરું નહોતું.

ગત શતકમાં શ્વેતામ્બર પરંપરામાં મંદ પડેલી ધર્મભાવનાને ઢંઢોળીને જાગ્રત કરનાર અને અનેક શિષ્યો દ્વારા ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને પંજાબમાં ધર્મની પ્રભાવના કરનાર મહાત્માઓ મુખ્યત્વે હિન્દુધર્મમાંથી આવેલા હતા. એવા મહાત્માઓમાં બુટેરાયજી મહારાજ ક્ષત્રિય હતા. આત્મારામજી મહારાજ બ્રહ્મક્ષત્રિય હતા. મોહનલાલજી મહારાજ બ્રાહ્મણ હતા. બુદ્ધિસાગરસૂરિ પટેલ હતા. આ અને એવા બીજા કેટલાક હિન્દુ મહાત્માઓએ સ્વયં પ્રેરણાથી જૈનધર્મ અંગીકાર કરીને જૈન સમાજ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે.

મોહનલાલજી મહારાજની તરત ધ્યાન ખેંચે એવી કેટલીક મહત્ત્વની ઘટનાઓ નીચે પ્રમાણે છેઃ

(૧) તેઓ જન્મે બ્રાહ્મણ હતા, પરંતુ વિદ્યાભ્યાસ પછી જૈન યતિની દીક્ષા ધારણ કરી હતી.

(૨) અભ્યાસ અને જ્ઞાન વધતાં અને ત્યાગ સંયમમાં રુચિ જાગ્રત થતાં યતિ જીવનની જાહોજલાલી છોડીને તેઓ ત્યાગ વૈરાગ્યમય સંવેગી દીક્ષા ધારણ કરીને જૈન મુનિ બન્યા હતા.

(૩) તેઓ ખરતરગચ્છના મુનિ હતા, છતાં સમયને પારખીને પોતે તપગચ્છની સમાચારી સ્વીકારી હતી. એ જમાનામાં આવું ક્રાંતિકારક ગણાતું પગલું ભરવા માટે ઘણી મોટી નૈતિક હિંમતની જરૂર હતી.

(૪) તેમણે મુંબઇમાં પહેલીવાર જૈન સાધુ તરીકે પ્રવેશ કર્યો હતો અને ત્યારથી જૈન સાધુઓના વિહાર અને વિચરણ માટે મુંબઇ બંદર હંમેશને માટે ખુલ્લું મુકાયું હતું.

(૫) મુંબઇના આંગણે તેમણે દીક્ષાઓ આપી હતી. મુંબઇની પ્રજાને દીક્ષાનો મહોત્સવ જોવાની તક પહેલીવાર સાંપડી હતી.

(૬) પોતે મુનિ તરીકે જ રહ્યા હતા અને પોતાના શિષ્યોને ગણિ અને પંન્યાસની પદવી પોતાની નિશ્રામાં જ અપાવી હતી. એવા કેટલાક શિષ્યો સમય જતા આચાર્યનું પદ પામ્યા હતા.

(૭) પોતાના સંપર્કમાં આવનાર જૈનો ઉપરાંત હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે અનેક લોકોને તેમણે પ્રતિબોધ પમાડીને ધર્મ તરફ વાળ્યા હતા.

(૮) પોતે બાલ બ્રહ્મચારી તપસ્વી મહાત્મા હતા. અને જ્યાં જ્યાં તેઓ વિચરતાં ત્યાં ત્યાં તપનો પ્રભાવ વધી જતો.

(૯) તેઓ વચનસિદ્ધ મહાત્મા તરીકે પંકાયા હતા. એમની આશિષથી અનેક લોકોનાં જીવન ઉજ્જવળ બન્યાં હતાં. એમની હાજરીમાં વિવિધ સ્થળે લોકોએ દાનનો અસાધારણ પ્રવાહ વહેવડાવ્યો હતો.

મોહનલાલજી મહારાજનો જન્મ વિ. સં. ૧૮૮૫ના ચૈત્ર વદ-૬ના દિવસે ચાંદપોર (ચંદ્રપુર) નામના ગામમાં થયો હતો. આ ચાંદપોર મથુરાથી લગભગ ચાલીસ માઇલ દૂર મારવાડના પ્રદેશમાં આવેલું છે. તેમના પિતાશ્રી બાદરમલ બ્રાહ્મણ કુળના અને સનાઢ્ય જાતિના હતા. તેઓ પંડિત હતા, વિદ્યાવ્યાસંગી હતા, શાસ્ત્રજ્ઞ હતા. મોહનલાલજીનાં માતુશ્રીનું નામ સુંદરી હતું

એક દિવસ માતા સુંદરીને સ્વપ્ન આવ્યું કે પોતાના મુખમાં પૂર્ણિમાનો ચંદ્ર પ્રવેશ કરી રહ્યો છે. એમણે એ સ્વપ્નની વાત પતિ બાદરમલને કરી. શાસ્ત્રના જાણકાર પતિએ કહ્યું કે આ સ્વપ્નનો અર્થ એ થાય છે કે એક તેજસ્વી પુત્રરત્નની આપણને પ્રાપ્તિ થશે.

બાળક મોહન જન્મથી જ અત્યંત તેજસ્વી અને હોંશિયાર હતો. માતાપિતાને એમ લાગ્યું કે આવા તેજસ્વી બાળકને સારી રીતે અભ્યાસ કરાવવો જોઇએ. એ જમાનામાં રાજસ્થાનનાં ગામડાઓમાં અંગ્રેજી કેળવણી હજી આવી ન હતી. પ્રાચીન ભારતીય પરંપરાની કેળવણી અપાતી હતી, પણ તે બહુ સંતોષકારક નહોતી. બાદરમલ પોતે જ પંડિત હતા. મોહનને ઘરે તેઓ ભણાવતા. એની ગ્રહણશકિત જોઇને એમને એમ થતું કે આ બાળકને વધુ અભ્યાસ માટે કોઇ મોટા સારા પંડિત પાસે રાખવો જોઇએ. કેટલાક મિત્રોએ બાદરમલને સલાહ આપી કે જૈન યતિઓ પાસે ઘણી વિદ્યાઓ હોય છે. મોહનને જો મોટા પંડિત બનાવવો હોય તો નાગોરમાં બિરાજતા જાણીતા યતિશ્રી રૂપચંદજી પાસે મોકલવો જોઇએ. તેઓ વિદ્યાર્થીઓને બહુ સરસ અભ્યાસ કરાવે છે. બાદરમલ અને સુંદરી નવ વર્ષના બાળક મોહનને લઇને યતિશ્રી રૂપચંદજી પાસે નાગોર પહોંચ્યાં. એ વખતે પણ કહેવાય છે કે સ્વપ્નનો યોગાનુયોગ એવો થયેલો કે સુંદરીને એક સ્વપ્ન આવ્યું હતું અને તેમાં દૂધપાક ભરેલો પોતાનો થાળ કોઇ લઇ જઈ રહ્યું હતું. બીજી બાજુ યતિશ્રી રૂપચંદજીને એવું સ્વપ્ન આવેલું કે દૂધપાક ભરેલો થાળ પોતાને કોઇ વહોરાવી રહેલું છે. જાણે કે આ સ્વપ્નના સંકેત અનુસાર એવું બન્યું કે યતિશ્રીને જોતાં જ બાળક મોહનને એમની પાસે રહેવાનું ગમી ગયું. માતાપિતાએ મોહનને વિદ્યાભ્યાસ માટે યતિશ્રી રૂપચંદજી પાસે રાખ્યો.

યતિશ્રીએ બાળક મોહનની તેજસ્વિતા પારખી લીધી હતી તેમને મોહનને હિન્દી ભાષાના ગ્રંથો ઉપરાંત સંસ્કૃત ભાષા શીખવી અને સંસ્કૃત ભાષાના વિવિધ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરાવ્યો. સોળ વર્ષની ઉંમરે તો મોહને કાવ્ય, વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, સામુદ્રિકશાસ્ત્ર સ્વરોદયશાસ્ત્ર વગેરે શીખી લીધાં હતાં. વળી જૈનધર્મનાં પ્રતિક્રમણનાં સૂત્રો, તત્ત્વાર્થસૂત્ર, કર્મગ્રંથ વગેરેનો અભ્યાસ પણ કરી લીધો હતો. સેંકડો ગાથાઓ પણ તેણે કંઠસ્થ કરી લીધી હતી.

યતિશ્રી રૂપચંદ્રજીની સાથે કિશોર મોહને રાજસ્થાન તથા મધ્યપ્રદેશનાં જુદાં જુદાં સ્થળોનો પ્રવાસ પણ કર્યો. એક વખત તેઓ બંને મુંબઇ પણ આવી ગયા હતા.

અભ્યાસ પૂરો કર્યા પછી મોહનને ઘરે જઇ કોઇ પંડિતના વ્યવસાયમાં જોડાવાને બદલે યતિ થવાના કોડ જાગ્યા. એ માટે બ્રહ્મચારી રહેવું જરૂરી હતું. મોહન તે માટે પણ તૈયાર હતો. એને યતિઓનું વિદ્યાવ્યાસંગી, સન્માનનીય, સમૃદ્ધ જીવન બહુ ગમી ગયું હતું. એટલે કોઇ સામાન્ય પાઠશાળાના પંડિત થવા કરતાં યતિ થવાની પોતાની પાત્રતા તે કેળવવા લાગ્યો હતો. એક દિવસ એણે પોતાના ગુરુ યતિશ્રી રૂપચંદ્રજીને કહ્યું, 'મારે ઘરસંસાર માંડવો નથી. મારે યતિ થવું છે. તમે મને યતિની દીક્ષા આપો.'

યતિ રૂપચંદ્રજીએ કહ્યું, 'ભાઇ, એમ યતિ થવું સહેલું નથી. આ ઘણું કઠિન જીવન છે. વળી યતિની દીક્ષા હું ન આપી શકું. મારા ગુરુ મહારાજ પૂ. મહેન્દ્રસૂરિ જ આપી શકે. માટે તારે મહેન્દ્રસૂરિ પાસે જવું પડશે. એમને યોગ્ય લાગશે તો તને યતિની દીક્ષા આપશે.'

તે વખતે પત્રવ્યવહારથી જાણવા મળ્યું કે મહેન્દ્રસૂરિ ઇન્દોરમાં છે. ત્યાંથી તેઓ વિહાર કરીને મક્ષીજી તીર્થની યાત્રાએ જવાના છે અને ચાતુર્માસ ત્યાં કરવાના છે. કિશોર મોહન મહેન્દ્રસૂરિ પાસે ઇન્દોર પહોંચ્યો. તેમની સાથે યાત્રામાં જોડાયો અને મક્ષીજી ગયો. એટલા દિવસમાં મહેન્દ્રસૂરિએ મોહનની યતિ બનવા માટેની પાત્રતા જોઇ લીધી. એટલે વિ. સં. ૧૯૦૩ માં મોહનને મહેન્દ્રસૂરિએ યતિની દીક્ષા આપીને યતિશ્રી રૂપચંદ્રજીના શિષ્ય બનાવ્યા. કિશોર મોહન હવે યતિશ્રી 'મોહનજી' થયા. આ યતિદીક્ષાનો પ્રસંગ મક્ષીજી તીર્થમાં, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી આવેલા અનેક શ્રેષ્ઠિઓની હાજરીમાં ધામધૂમથી ઊજવાયો હતો.

દીક્ષા લીધા પછી યતિશ્રી મોહનજીએ કેટલોક સમય આચાર્ય મહેન્દ્રસૂરિ પાસે પસાર કર્યો. મહેન્દ્રસૂરિને ભવ્ય, પ્રતાપી મુખમુદ્રા, ઊંચી દેહાકૃતિ અને આજાનબાહુ ધરાવનાર આ કિશોર યતિશ્રીની વિદ્વતા, ગુણગ્રાહકતા, ધાર્મિકતા ઇત્યાદિની વધુ પ્રતીતિ થઇ. ભવિષ્યમાં આ કોઇ મહાજન ઉજ્જવળ આત્મા તરીકે પોતાનું નામ કાઢશે એમ તેમને જણાયું. બીજી બાજુ યતિશ્રી મોહનજીને પણ લાગ્યું કે પોતાના વિદ્યાગુરુ યતિશ્રી રૂપચંદ્રજી તો એક મહાન આત્મા છે જ, પરંતુ દીક્ષાગુરુ આચાર્ય ભગવંત તો ખરેખર એક મહાન વિભૂતિ છે. એમના સાંનિધ્યમાં જેટલું વધુ રહેવાય તેટલું વધુ સારું. પરંતુ ત્યાં તો મુંબઇથી યતિશ્રી રૂપચંદ્રજીનો પત્ર મહેન્દ્રસૂરિ ઉપર આવ્યો કે યતિશ્રી મોહનજીને હવે મુંબઇ મોકલી આપવામાં આવે. પત્ર મળતાં જ મહેન્દ્રસૂરિએ યતિશ્રી મોહનજીને એમના વિદ્યાગુરુ યતિશ્રી રૂપચંદ્રજી પાસે મોકલી આપ્યા.

મુંબઇમાં કેટલોક સમય રહ્યા પછી યતિશ્રી રૂપચંદ્રજી પોતાના શિષ્ય યતિશ્રી મોહનજી અને બીજાઓને લઇ વિહાર કરીને બે મહિને ગ્વાલિયરમાં પહોંચ્યા. ત્યાં મહેન્દ્રસૂરિ બિરાજતા હતા. તે વખતે તેઓ બંનેએ પરસ્પર વિચારવિનિમય કરીને યતિશ્રી મોહનજીને હજુ વધુ વિદ્યાભ્યાસ માટે કાશી મોકલવાનું નક્કી કર્યું. એ માટે યતિશ્રી રૂપચંદ્રજી પણ યતિશ્રી મોહનજીની સાથે કાશી આવીને રહ્યા. ત્યાં મોહનજીએ અન્ય પંડિતો અને શાસ્ત્રીઓ પાસે વ્યાકરણ, કાવ્ય, ન્યાય, જ્યોતિષ, આયુર્વેદ વગેરે વિદ્યાઓનો વધુ ઊંડો અભ્યાસ કર્યો. દરમિયાન યતિશ્રી રૂપચંદ્રજીની તબિયત બગડતાં તેઓ કાશીમાં કાળધર્મ પામ્યા. એથી યતિશ્રી મોહનજીને ભારે આઘાત લાગ્યો મહેન્દ્રસૂરિને એ સમાચાર મળતાં તેઓ કાશી આવી પહોંચ્યા. યતિશ્રી મોહનજીનો અભ્યાસ ન બગડે એની પણ ચિંતા હતી. એટલે મહેન્દ્રસૂરિ મોહનજીની સાથે ચારેક વર્ષ કાશીમાં રહ્યા. મોહનજી વિદ્યાઓમાં પારંગત થયા. એટલે મહેન્દ્રસૂરિએ પોતાનો સમગ્ર ગ્રંથભંડાર મોહનજીને સુપ્રત કરી દીધો. મોહનજીના આધ્યાત્મિક વિકાસમાં પણ એમને એટલો જ રસ હતો. મહેન્દ્રસૂરિના ચારિત્રનો પ્રભાવ પણ મોહનજી ઉપર ઘણો પડ્યો. મહેન્દ્રસૂરિએ એક વખત મોહનજીને કહ્યું હતું, 'बच्चा ! तेरा नाम ही तो मोहन है। मोहन याने 'मोह-न' करना । तुम मोह समूह को जीत कर विजय करो यही मेरी एक आरज़ु है ।' આ વાક્યો તો મોહનજીના હૃદયને બહુ સ્પર્શી ગયાં હતાં.

થોડા વખત પછી મહેન્દ્રસૂરિ પણ કાળધર્મ પામ્યા. એથી મોહનજીનું આંતરમંથન ચાલુ થયું. યતિ તરીકેનું જીવન જીવવું કે સંવેગી સાધુ થવું ? યતિ તરીકે તેઓ યતિશ્રી રૂપચંદ્રજીની ગાદીના વારસ બન્યા હતા. એ દિવસોમાં બારેક લાખ રૂપિયાની મિલકતનું સ્વામિત્વ મળ્યું હતું. મિત્રો અને સગાસંબંધીઓનો આગ્રહ હતો કે યતિ તરીકે જ ચાલુ રહેવું. આયુર્વેદ, જ્યોતિષ મંત્રતંત્રના જાણકાર યતિઓ સાથે રાજાઓ પણ ગાઢ સંબંધ રાખતા. જ્યારે કાશીના રાજાએ યતિ મોહનજીની યતિ-ગાદી છોડવાની વાત સાંભળી ત્યારે તેમણે પણ મોહનજીને સમજાવવા પ્રયત્ન કર્યો. પોતાના મહેલમાં આવીને રહેવા માટે કહ્યું. રાજ્ય તરફથી જે કંઇ સગવડ જોઇતી હોય તે આપવા કહ્યું. પરંતુ અંદરનો વૈરાગ્ય રસ એટલો બધો ઉભરાતો હતો કે એક દિવસ પોતાની બધી જ સંપત્તિ સામાજિક અને ધાર્મિક હેતુઓ માટે દાનમાં આપવાનો નિર્ણય કરીને યતિશ્રી મોહનજી લખનૌ ગયા અને ત્યાંથી નીકળેલા શત્રુંજયના સંઘમાં જોડાઇને જાત્રા કરવા ચાલ્યા ગયા.

જાત્રા કરીને તેઓ લખનૌ પાછા આવ્યા. ત્યાં લગભગ બાર વર્ષ રહ્યા. પોતાની બધી મિલકત દાનમાં આપી દીધી.

ત્યાર પછી તેઓ કલકત્તા ગયા. એક દિવસ કલકત્તામાં તેઓ ભગવાન પાર્શ્વનાથનું ધ્યાન ધરીને બેઠા હતા તે વખતે ધ્યાનમાં એક કાળો નાગ પોતાની સામે મોં ફાડીને આવતો એમણે જોયો. આંખ ઉઘાડીને જોયું તો કશું દેખાયું નહિ. તેમણે વિચાર કર્યો કે ભગવાન પાર્શ્વનાથનું ધ્યાન ધરતાં ધરણેન્દ્ર દેવે દર્શન દીધાં છે. એમાં કોઇ સંકેત રહેલો છે. મોઢું ફાડેલો કાળો નાગ સૂચવે છે કે કાળરૂપી નાગ મારો ઘડીકમાં કોળિયો કરી જશે. માટે મળેલો મનુષ્ય જન્મ મારે ફોગટ ગુમાવવો નહિ. આવો વિચાર આવતાં તેમણે સર્વ પરિગ્રહનો ત્યાગ કરવાનો અને ક્રિયોદ્ધાર કરી સંવેગી સાધુ થવાનો નિર્ણય કર્યો. તે વખતે કોઇ યાત્રિક તેમને જોઇને, તેઓ કોઇ મુનિ મહારાજ છે એમ સમજીને વંદન કરવા લાગ્યો, ત્યારે તેને અટકાવીને તેમણે યાત્રિકને કહ્યું, 'ભાઇ, હું મુનિ નથી. હું તો હજુ યતિ છું. મારો આત્મા હજુ વંદનને યોગ્ય નથી. માટે મને વંદન ન કરશો.' અલબત્ત, તેઓ મુનિ થયા નહોતા, પણ તેમનું અંતર તો મુનિ થવા ઝંખી રહ્યું હતું.

કલકત્તાથી યતિ શ્રી મોહનજી જુદાં જુદાં તીર્થોની યાત્રા કરતાં કરતાં કાશી આવ્યા. થોડો વખત ત્યાં રોકાઇને દિલ્હી, આગ્રા, જયપુર વગેરે સ્થળે આવ્યા. વિ. સં. ૧૯૩૦માં તેઓ જ્યારે વિહાર કરીને જયપુર શહેર તરફ જઇ રહ્યા હતા, ત્યારે રસ્તામાં રાત પડતાં જંગલમાં એક વાવમાં તેમને મુકામ કરવો પડયો હતો. રાતને વખતે એ વાવમાં એક વાઘ પાણી પીવા આવ્યો પોતાના તરફ વાઘને આવતો જોઇને યતિશ્રી તરત જ કાઉસગ્ગ ધ્યાનમાં બેસી ગયા. વાઘ થોડીવાર ત્યાં ઊભો રહ્યો અને પછી પોતાનું મસ્તક નમાવીને ચાલ્યો ગયો.

રાજસ્થાનમાં જુદે જુદે સ્થળે વિહાર કરીને પછી તેઓ અજમેર ગયા. તેમને લાગ્યું કે હવે પોતે સંવેગી દીક્ષા લઇ લેવી જોઇએ એટલે અજમેરમાં સં. ૧૯૩૦માં ૪૩ વર્ષની વયે એમણે ભગવાન સંભવનાથના દેરાસરમાં જઇ ભગવાનની સાક્ષીએ અને સંઘની સમક્ષ, સંઘની સંમતિપુર્વક સંવેગી દીક્ષા ધારણ કરી. તેઓ મુનિશ્રી મોહનલાલજી થયા. એમણે ત્યારપછી મુનિ તરીકે પ્રથમ ચાતુર્માસ સં. ૧૯૩૧માં રાજસ્થાનમાં પાલી શહેરમાં કર્યું હતું. મુનિ તરીકે તેમણે તે સમયના મહાન આચાર્ય શ્રી સુખસૂરિનું શિષ્યપણું સ્વીકાર્યું હતું.

મુનિશ્રી મોહનલાલજી મહારાજે પાલી પછી અનુક્રમે સિરોહી, પાલી, સાદડી, જોધપુર, અજમેર, પાલી, જોધપુર, સિરોહી, અજમેર, પાટણ, પાલનપુર, ફલોધી, અમદાવાદ, પાલિતાણા વગેરે સ્થળે ચાતુર્માસ કર્યાં હતાં.

મહારાજશ્રી જ્યારે સિરોહીમાં બિરાજમાન હતા ત્યારે સિરોહીના નરેશ કેસરીસિંહજી તેમને મળવા માટે આવ્યા હતા. પ્રથમ મુલાકાતે જ સિરોહી નરેશ મહારાજશ્રીની તેજસ્વી અને પ્રભાવશાળી મુખમુદ્રા અને અગાધ જ્ઞાનથી પ્રભાવિત થયા હતા. તેમને થયું કે 'હું મહારાજશ્રી માટે શું કરી છૂટું? તેઓ તો કંચન અને કામિનીના ત્યાગી છે. પરંતુ તેઓ મારે ત્યાં ગોચરી વહોરવા પધારે તો મને બહુ આનંદ થશે.' તેમણે એ માટે મહારાજશ્રીને વિનંતી કરી. પરંતુ મહારાજશ્રીએ કહ્યું, 'રાજન! ગોચરી તો મને કોઇપણ ગૃહસ્થ વહોરાવી શકે. વળી અમારે સાધુઓને રાજપિંડનો નિષેધ હોય છે. પરંતુ આપ તો મને ગોચરી કરતાં પણ વધારે ચડિયાતી વસ્તુ આપી શકો છો.'

સિરોહી નરેશે ઉત્સુકતાપૂર્વક પૂછ્યું, 'હું શું આપી શકું?'

મહારાજશ્રીએ કહ્યું, 'જીવદયા. દશેરાને દિવસે પાડાનો વધ બંધ કરો. તમારા રાજ્યમાં પર્યુષણમાં માંસાહાર માટે જીવહિંસા ન થાય એવો કાયદો મને આપો.'

મહારાજશ્રીની વિનંતી સ્વીકારીને સિરોહી નરેશે પાડાનો વધ બંધ કરાવ્યો. પોતાના રાજ્યમાં શ્રાવણ વદ ૧૧થી ભાદરવા વદ-૧૧ સુધી એમ એક મહિનો કાયમને માટે પશુહિંસા બંધ રાખવાનું ફરમાન કર્યું હતું. સિરોહી નરેશ મહારાજશ્રીને વંદન કરવા વારંવાર આવતા અને મહારાજશ્રીની ભલામણથી પોતાના રાજ્યમાં રોહિડા ગામમાં જિનમંદિર બાંધવા માટે અનુમતિ આપી હતી. બ્રાહ્મણવાડા ગામમાં પણ જિનમંદિરનો કબજો જૈનોને સોંપવા માટે એમણે ફરમાન કાઢયું હતું.

સં. ૧૯૩૬માં મહારાજશ્રી ઓસિયા ગામે પધાર્યા હતા. એક દિવસ સવારમાં ગામના પાદરે પોતે સ્થંડિલ ગયા હતા. ત્યારે એક રેતીના ટેકરા પાસેથી પસાર થતા હતા. એ વખતે એમનો દાંડો રેતીમાં ધાર્યા કરતાં ઘણો વધારે ઊંડો ચાલ્યો ગયો. એથી મહારાજશ્રીને કુતૂહલ થયું. એમણે ત્યાં બે ત્રણ જગ્યાએ રેતીમાં દાંડો ખોસી જોયો તો જાણે કોઇ પથ્થર સાથે તે અથડાતો હોય તેમ લાગ્યું. તેમને થયું આ રેતીના ડુંગર નીચે જરૂર કોઇ મોટી ઈમારત હોવી જોઇએ. કદાચ કોઈ જિનમંદિર જ હશે એવું પણ એમને લાગ્યું, કારણ કે ઓશિયાનગરી જૈનોની પ્રાચીનનગરી હતી. ઉપાશ્રયમાં આવીને એમણે સંઘના આગેવાનોને વાત કરી. ઓસિયા ગામ તો નાનું હતું. એટલે પાસે આવેલા જોધપુર અને ફલોધી એ બે નગરીના શ્રેષ્ઠિઓને પણ મહારાજશ્રીએ આ વાત કહી. જો આ રેતીનો ડુંગર ખસેડીને ત્યાં ખોદવામાં આવે તો તેમાંથી પ્રાયઃ જિનમંદિર નીકળે. મહાજશ્રીનો પ્રભાવ એવો હતો કે જોધપુર અને ફલોધીના સંઘોએ એ માટે થાય તેટલું ખર્ચ કરવાની તત્પરતા દાખવી. રાજ્યની પરવાનગી લઇ તરત જ એ કામ હાથ ધરવામાં આવતાં રેતીના ડુંગર નીચેથી જિનમંદિર મળી આવ્યું. મહારાજશ્રીની પ્રેરણાથી ઓસિયાના એ જિનમંદિરનો ત્યાર પછી જિર્ણોદ્ધાર પણ કરવામાં આવ્યો હતો. આજે હવે ત્યાં નિયમિત સેવાપૂજા થાય છે.

રાજસ્થાનમાં પાલી, સિરોહી, સાદડી, જોધપુર, અજમેર વગેરે સ્થળે ચાતુર્માસ કરી મહારાજશ્રીએ ઠેરઠેર ધર્મની ભાવના લોકોમાં જાગૃત કરી હતી. એમણે કન્યાવિક્રય, મદ્યપાન, માંસભક્ષણ, મરણ પછી કૂટવાનો રિવાજ વગેરે બંધ કરાવ્યાં હતાં એમનું વ્યકિતત્વ એટલું બધું તેજસ્વી અને પ્રભાવ-શાળી હતું કે એ થોડાં વર્ષોમાં જુદે જુદે સ્થળે મળીને ૫૦૦ જેટલા હિન્દુ લોકોએ જૈનધર્મ અંગીકાર કર્યો હતો. મારવાડના લોકોએ એમને 'મરુધરદેશોદ્ધારક'નું બિરુદ આપ્યું હતું.

સં. ૧૯૩૭નું ચાતુર્માસ પાલીમાં કરીને તેઓ જોધપુર પધાર્યા હતા. તે વખતે પોતાનું જમણું અંગ ફરકવા

લાગતાં તેમને થયું કે જોધપુરમાંથી જરૂર કંઇક લાભ થશે. હવે તેમની ખ્યાતિ ચારે બાજુ પ્રસરી હતી. મોટા મોટા મહાનુભાવો પણ તેમનું વ્યાખ્યાન સાંભળવા આવતા હતા. જોધપુરમાં રાજ્યના દીવાન શ્રી આલમચંદજી પણ તેમના વ્યાખ્યાનમાં આવતા. આલમચંદજીને મહાજશ્રીની વાણીનો એટલો બધો રસ જાગ્યો હતો કે તેઓ એક પણ વ્યાખ્યાન ચૂકતા નહિ. વખત જતાં એમનામાં એવું પરિવર્તન આવ્યું અને એમની આધ્યાત્મિક દશા એટલી ઊંચી થઇ કે એક દિવસ તેમણે મહારાજશ્રી પાસે દીક્ષા લેવાનો પ્રસ્તાવ મુકયો. ચાતુર્માસ પૂરું થતાં મહારાજશ્રી-અજમેર તરફ વિહાર કરી ગયા અને સં. ૧૯૩૬નું ચાતુર્માસ અજમેરમાં કર્યું. દરમિયાન આલમચંદજીનો મહારાજશ્રી સાથેનો સંપર્ક વધુ ગાઢ થતો રહ્યો. સં. ૧૯૩૭ના અષાઢ સુદ-૧૦ના દિવસે સંઘ સમક્ષ આલમચંદજીને દીક્ષા આપવામાં આવી. એમનું નામ આનંદમુનિ રાખવામાં આવ્યું, મહારાજશ્રીએ પોતે સંવેગી દીક્ષા ધારણ કરી હતી. તે પછી આનંદમુનિ તેમના પ્રથમ શિષ્ય બન્યા હતા. જોધપુર જેવા રાજ્યના દીવાન મહારાજશ્રીના હસ્તે દીક્ષિત થાય એ કંઇ જેવી તેવી ઘટના ન હતી. એ દીક્ષાના સમાચાર ચારે બાજુ પ્રસરી ગયા હતા.

દીવાન આલમચંદજીની દીક્ષા બીજાઓ માટે પણ પ્રેરણારૂપ બની હતી. જોધપુરમાં બીજી એક ઘટના પણ બની. જેઠમલજી નામના જોધપુરના એક ચુસ્ત સ્થાનકવાસી ભાઇ પણ મહારાજશ્રી પાસે પોતાની શંકાઓના સમાધાન માટે વારંવાર આવવા લાગ્યા હતા. મહારાજશ્રીના જ્ઞાનનો પ્રભાવ ઘણો બધો હતો. મહારાજશ્રીએ તટસ્થભાવે આપેલા ઉત્તરોથી જેઠમલજીને એટલો બધો સંતોષ થયો હતો કે મૂર્તિપૂજક સમુદાયમાં, મહારાજશ્રી પાસે દીક્ષા લેવાનો એમણે નિર્ણય કર્યો. તેઓ મહારાજશ્રીના સતત સંપર્કમાં રહેવા લાગ્યા. પરંતુ મહારાજશ્રી તેમને ઉતાવળે દીક્ષા આપવા ઇચ્છતા નહોતા. મૂર્તિપૂજામાં તેમની શ્રદ્ધા બરાબર સ્થિર અને દઢ થયેલી જોયા પછી સં. ૧૯૪૦માં જેઠ સુદ-૫ના રોજ જોધપુરમાં ધામધૂમપૂર્વક તેમને દીક્ષા આપવામાં આવી હતી. તેમનું નામ જેઠમલમુનિ રાખવામાં આવ્યું હતું. આમ જોધપુરમાંથી મહારાજશ્રીને પ્રથમ બે શિષ્યો પ્રાપ્ત થયા હતા.

ત્યારપછી મહારાજશ્રી ફલોધીથી અમદાવાદ બાજુ વિહાર કરતા હતા ત્યારે આબુ-ખરેડીમાં હરખચંદ નામના એક ગૃહસ્થનો તેમને ભેટો થયો હતો. આ ગૃહસ્થ મુમુક્ષુ હતા. તેઓ કોઇ મુમુક્ષુ ગુરુની શોધમાં હતા. મોહનલાલજી મહારાજને જોતાં જ તેમને હૃદયમાં એવી પ્રતીતિ થઇ કે 'મારા ગુરુ થવાને આ જ મહાત્મા યોગ્ય છે.' એમને મહારાજશ્રી સાથે વધુ પરિચય થતાં દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. અને સં. ૧૯૪૪ના ચૈત્ર સુદ-૮ના રોજ મહારાજશ્રીએ એમને દીક્ષા આપી. એમનું નામ હર્ષમુનિ રાખવામાં આવ્યું. મહારાજશ્રીના શિષ્યોમાં આ હર્ષમુનિ તેજસ્વી શિષ્ય હતા. મહારાજશ્રીના કાળધર્મ પછી મહારાજશ્રીની સ્મૃતિમાં એમણે મુંબઇમાં મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી અને સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરાવી હતી.

આત્મારામજી મહારાજ રાજસ્થાનમાં વિચરતા હતા ત્યારે તે વખતે મોહનલાલજી મહારાજ પણ રાજસ્થાનમાં વિચરતા હતા. મોહનલાલજી મહારાજની ચોમેર પ્રસરેલી કીર્તિની વાત તેમના સુધી પહોંચી હતી. એટલે મોહનલાલજી મહારાજને મળવા માટે આત્મારામજી મહારાજને તાલાવેલી લાગી હતી. તેઓ જોધપુરમાં તેમને પ્રથમવાર મળવા ગયા હતા. પોતાના કરતાં પાંચેક વર્ષ મોટા એવા એ મહાત્માના જ્ઞાન અને ચારિત્રથી આત્મારામજી બહુ જ પ્રભાવિત થયા હતા. તેમની કેટલીક શંકાઓનું સમાધાન મોહનલાલજી મહારાજે બહુ સરસ રીતે શાસ્ત્રવચનો ટાંકીને કર્યું હતું. આથી મોહનલાલજી મહારાજ પ્રત્યે આત્મારામજી મહારાજના હૃદયમાં એક પ્રકારનો પૂજ્યભાવ રહ્યો હતો. તેઓ તેમના સતત સંપર્કમાં પણ રહેતા.

આત્મારામજી મહારાજ સૂરતમાં જ્યારે ચાતુર્માસ પૂર્ણ કરીને વિહારની તૈયારી કરતા હતા. તે વખતે સંઘના આગેવાનોએ સૂરતમાં બીજું ચાતુર્માસ કરવા માટે તેમને બહુ જ આગ્રહભરી વિનંતી કરી હતી, પરંતુ આત્મારામજી મહારાજે કહ્યું, 'મહાનુભાવો, મોહનલાલજી મહારાજ મારા કરતાં વધારે જ્ઞાની અને તેજસ્વી છે. તમને એમનો પરિચય નથી. તેઓ મારવાડથી વિહાર કરીને પાલિતાણા પધાર્યા છે. તમે એમને ચાતુર્માસ માટે વિનંતી કરજો. એમને જોશો એટલે મને પણ ભૂલી જશો.'

આત્મારામજી મહારાજ સૂરતથી વિહાર કરીને ગયા પછી સંઘના આગેવાનો પાલિતાણા ગયા. ત્યાં મોહનલાલજી મહારાજને મળતાં જ તેઓ આનંદિત થઇ ગયા. તેઓએ મોહનલાલજી મહારાજને ચાતુર્માસ માટે સૂરત પધારવા વિનંતી કરી. એ વિનંતીનો સ્વીકાર કરી મોહનલાલજી મહારાજે પાલિતાણાના ચાતુર્માસ પછીનું ચાતુર્માસ ૧૯૪૬માં સૂરતમાં કર્યું હતું.

મહારાજશ્રી પોતાના ચારિત્ર અને તપના પ્રભાવે કેટલાક ક્રાંતિકારી કાર્યો કરાવી શકતા હતા. સૂરતમાં તેઓ જ્યારે ચાતુર્માસ માટે બિરાજમાન હતા ત્યારે મુંબઇના લોકોને એવી ભાવના થઇ કે મોહનલાલજી મહારાજ મુંબઇ પધારે તો કેવું સારું ! એ દિવસોમાં ગુજરાતમાં દક્ષિણે સૂરત અને દમણ સુધીનો વિહાર રહેતો. મુંબઇ અનાર્યભૂમિ છે, મ્લેચ્છભૂમિ છે, પાપનગરી છે એવા ખ્યાલો પ્રવર્તતા હતા. દહાણુ પછી જૈનોની ખાસ વસતી ન હોવાને કારણે વિહારની તકલીફ પડે એ પણ સંભવિત હતું. પરંતુ મોહનલાલજી મહારાજે યતિ તરીકે મુંબઇ નગરીની અગાઉ પોતાના ગુરુ સાથે ત્રણ-ચાર વખત મુલાકાત લીધી હતી. એટલે મુંબઇના શ્રાવક જીવનથી અને મુંબઇના લોકોની ધર્મ માટે તીવ્ર ઉત્કંઠાથી તેઓ પરિચિત હતા. આથી તેમણે ચાતુર્માસ માટે મુંબઇ પધારવાનું નિમંત્રણ સ્વીકાર્યું હતું. માર્ગમાં વિહારની જે કંઇ તકલીફ પડે તે માટે મનથી તેઓ તૈયાર હતા. ચાતુર્માસનો નિર્ણય થતાં સં. ૧૯૪૭માં તેમણે મુંબઇ તરફ પ્રયાણ કર્યું તે વખતે દહાણુથી મુંબઇ સુધીના માર્ગમાં કોઇ જૈન ઉપાશ્રય નહોતા. અને જૈનોની ખાસ વસતી નહોતી. એટલે તેઓ બીજા લોકોની વાડીઓમાં મુકામ કરીને તથા પોતાની સમાચારીનું શુદ્ધ પાલન કરીને મુંબઇ બાજુ આવી રહ્યા હતા.

મુંબઇ તરફ વિહાર માટે એ જમાનામાં એક સૌથી મહત્વનો પ્રશ્ન તે વસઇ અને અન્ય સ્થળે રેલવેના પુલ ઓળંગવાનો હતો. અંગ્રેજોના એ અમલ દરમિયાન મુંબઇ

અને અમદાવાદ તથા દિલ્હી વચ્ચે ચાલતી રેલવે બી. બી. એન્ડ સી. આઇ. (બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા) રેલવે કંપનીની માલિકીની હતી. વસઈના લોખંડના પૂલ ઉપર લોકોને ચાલવાની મનાઇ હતી. એટલે મહારાજશ્રીના વિહાર માટે રેલવેની પરવાનગી લેવી અનિવાર્ય હતી. એ દિવસોમાં આટલી એક પરવાનગી માટે પણ મુંબઈના સંઘને બી બી. એન્ડ સી. આઈ. રેલવે સાથે ઘણો લાંબો પત્ર વ્યવહાર થયો હતો. (જે એક પુસ્તિકારૂપે પ્રગટ થયો હતો.) છેવટે રેલ્વે કંપનીએ મહારાજશ્રી અને અન્ય સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને વસઇના પૂલ ઉપરથી પસાર થવાની પરવાનગી આપી હતી, જે એ જમાનાની દષ્ટિએ એક ઐતિહાસિક ઘટના હતી.

મહારાજશ્રીએ મુંબઇ નગરીમાં જ્યારે પ્રવેશ કર્યો. ત્યારે તેમના સ્વાગત માટે બહુ મોટા પાયા ઉપર તૈયારીઓ થઇ હતી. ઠેર ઠેર તેમના સામૈયામાં હીરા, મોતી, ચાંદી, ગીની વગેરે સાથે ગહુંલીઓ થઇ હતી. એ વખતે જે વરઘોડો નીકળ્યો હતો. તે એ સમયે નજરે જોનારા લોકો કહેતા કે આટલો મોટો અને ભવ્ય વરઘોડો તો મુંબઇમાં બ્રિટિશ વાઇસરોઇ રિપનના આગમન વખતે પણ નહોતો નીકળ્યો. આ અભૂતપૂર્વ વરઘોડામાં માત્ર જૈનો જ નહિં ભાટિયા, લોહાણા વગેરે હિન્દુઓ, વહોરાઓ, ખોજાઓ, પારસીઓ અને અંગ્રેજો સુદ્ધાં સામેલ થયા હતા.

મુંબઇમાં લાલબાગના ઉપાશ્રયમાં એમનાં વ્યાખ્યાનો ચાલુ થયાં અને એમાં લોકોની ભીડ દિવસે દિવસે એટલી બધી વધી ગઇ હતી કે બાબુ બુદ્ધિસિંહજીએ રૂપિયા સોળ હજાર ખર્ચી તાબડતોબ એ હોલ મોટો કરાવ્યો હતો.

મહારાજશ્રી જ્યારે મુંબઇમાં બિરાજમાન હતા ત્યારે અષાઢ મહિનો પૂરો થવા આવ્યો છતાં ચોમાસુ બેસવાના કોઇ એંધાણ જણાતાં ન હતાં. લોકોને દુકાળ પડશે એવી ચિંતા થવા લાગી. એ વખતે મુંબઇના મહાજનના કેટલાક આગેવાન શ્રેષ્ઠીઓએ મહારાજશ્રી પાસે આવીને પોતાની ચિંતા વ્યકત કરી અને આશીર્વાદ આપવા કહ્યું. તે વખતે મહારાજશ્રીએ કહ્યું, 'વરસાદ જરૂર પડશે, પરંતુ એ માટે તમે રથયાત્રાનો વરઘોડો કાઢો.' મહારાજશ્રીનું વચન એટલે આજ્ઞા બરાબર. તરત નજીકના દિવસ-તિથિ નકકી થયાં અને જિનબિંબ સાથે રથયાત્રા નીકળી. આ રથયાત્રા અડધે પહોંચી ત્યાં તો ધોધમાર વરસાદ તૂટી પડયો હતો. લોકો આશ્ચર્ય મુગ્ધ થઇ ગયા. મહારાજશ્રીની લબ્ધિસિદ્ધિનો ત્યારે લોકોને ખ્યાલ આવ્યો હતો.

મુંબઇનાં ચાતુર્માસ પછી મહારાજશ્રી ફરી ગુજરાત તરફ વિચર્યા હતા.

મોહનલાલજી મહારાજ સ્વરોદયશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વગેરે વિદ્યાઓના પ્રખર જાણકાર હતા. વળી તેઓ વચનસિદ્ધ મહાત્મા તરીકે ખ્યાતિ પામ્યા હતા.

મહારાજશ્રી ખેડા જિલ્લાના માતર તીર્થમાં જ્યારે બિરાજમાન હતા ત્યારે જૈનસંઘના આગેવાનોએ આવીને એમને વાત કરી કે 'અહીં થોડા દિવસમાં નવરાત્રી ચાલુ થશે. એ દિવસોમાં દેવીના મંદિરમાં પાડાનો વધ થાય છે. આપ એના માટે કંઇક કરો એવી અમારી ભાવના છે.'

મહારાજશ્રીએ વિચાર કરીને કહ્યું, 'ભલે, હવેથી અહીં માતરમાં પાડાનો વધ નહિ થાય. નવરાત્રી ચાલુ થાય તે પહેલાં તમે મને બધી વિગત જણાવજો.'

નવરાત્રીના દિવસ આવ્યા. દેવીની આગળ વધ કરવા માટેના પાડાને શણગારીને લોકો ગામમાં ફેરવવા લાગ્યા હતા. એ પાડો જ્યારે ઉપાશ્રય આગળથી પસાર થયો ત્યારે મહારાજશ્રીએ મંત્ર ભણીને એના મસ્તક ઉપર વાસક્ષેપ નાખ્યો. એ પછી થોડી જ વારમાં પાડો ભુરાંટો થયો અને તોફાને ચડયો. ચારેબાજુ પાડાએ એવી દોડાદોડ અને તોડફોડ કરી મૂકી કે લોકો ગભરાયા અને જીવ લઇને નાઠા. દેવી કોપે ભરાયાં છે એવી લોકોને બીક લાગી. કેટલાક હિન્દુઓ પણ મહારાજ સાહેબ પાસે આવ્યા અને પાડો શાંત થાય એ માટે વિનંતી કરી. મહારાજ સાહેબે એ લોકોને ઉપદેશ આપતાં કહ્યું, 'જુઓ ભાઇઓ, માતાજી આવા મોટા જીવના બલિદાનથી પ્રસન્ન ન થાય. માતાજી તો આપણા હૃદયની સાચી ભાવના અને ભકિતથી પ્રસન્ન થાય. તમે સંકલ્પ કરો કે હવેથી કયારેય પાડાનો વધ નહિ કરીએ, તો આ પાડો તરત શાંત થઇ જશે.' લોકોએ તે પ્રમાણે સંકલ્પ કર્યો અને પાડો તરત શાંત થઇ ગયો.

એક વખત મહારાજશ્રી જ્યારે સૂરતમાં બિરાજમાન હતા ત્યારે એમના વ્યાખ્યાનમાં પાસેના ગામમાંથી આવતા કોઇ એક ભાઇને વૈરાગ્યનો રંગ લાગ્યો હતો. તેમણે દીક્ષા લેવાની પોતાની ભાવના મહારાજશ્રી પાસે વ્યકત કરી. ત્યાર પછી એક દિવસ એ ભાઇએ આવીને મહારાજશ્રી પાસે દીક્ષાનો દિવસ અને મુહૂર્ત પણ કાઢી આપવા માટે આગ્રહભરી વિનંતી કરી. મહારાજશ્રીએ એ ભાઇને વૈશાખ સુદી છઠ્ઠના દિવસનું મુહૂર્ત કાઢી આપ્યું. એ ભાઈના ગયા પછી મહારાજશ્રી એકદમ મૌન થઇ ગયા. વિચારે ચઢી ગયા. પાસે બેઠેલા પદ્મમુનિએ પૂછ્યું, 'ગુરુ મહારાજ! આપ કંઇ ઊંડા વિચારમાં પડી ગયા લાગો છો.' મહારાજશ્રીએ કહ્યું 'હા, વાત સાચી છે. કર્મની ગતિ કેવી વિચિત્ર છે તેના વિચારે હું ચડી ગયો હતો. આ ભાઇને દીક્ષા લેવી છે. એમની ભાવના કેટલી વિશુદ્ધ અને ઉચ્ચ છે! પરંતુ એમના ભાગ્યમાં દીક્ષાનો યોગ નથી, કારણ કે એમનું આયુષ્ય હવે પૂર્ણ થવામાં છે.'

થોડા દિવસ પછી ખબર આવ્યા કે એ દીક્ષાર્થી ભાઇ અચાનક ગંભીર માંદગીમાં પટકાઇ પડયા છે. ત્યારપછી બરાબર વૈશાખ સુદ છઠ્ઠના દિવસે જ તેઓ અવસાન પામ્યા.

એક વખત મહારાજશ્રી સૂરતમાં બિરાજમાન હતા ત્યારે શેઠ નગીનચંદ કપૂરચંદ દેરાસરમાં પૂજા કરીને મહારાજશ્રીને વંદન કરવા માટે આવ્યા. વંદન કરીને કહ્યું, 'સાહેબ હું આજે મુંબઇ જવાનો છું. ત્યાંનું કંઈ કામકાજ હોય તો ફરમાવો.' આસપાસ જોઇ, થોડીવાર વિચાર કરી મહારાજશ્રીએ કહ્યું 'નગીનચંદ! તમારે મુંબઇ જવું હોય તો ભલે જાવ, પરંતુ ઘરે ગયા વગર અહીંથી જ સીધા સ્ટેશને જઇ મુંબઇની ગાડી પકડજો.'

નગીનચંદ શેઠ વિચારમાં પડી ગયા, પરંતુ મહારાજશ્રીની

આજ્ઞા હતી એટલે એ પ્રમાણે જ કરવું રહ્યું. તેઓ પૂજાના કપડામાં ભૂખ્યા તરસ્યા જ સ્ટેશને પહોંચી ગયા. એક માણસને મોકલાવી ઘરેથી પોતાના કપડા અને જરૂરી વસ્તુઓ મંગાવી લીધી અને સ્ટેશન પર કપડાં બદલી તેઓ ગાડીમાં બેઠા. મુંબઇ આવીને તેમણે જોયું કે પોતાના ધંધામાં અચાનક જ મોટો લાભ થવા માંડ્યો છે. ત્યાર પછી થોડા વખતમાં તો તેમણે મુંબઇમાં બહુ મોટી કમાણી કરી હતી. મહારાજશ્રીની વાણીમાં તેમને અજબનું જાદુ જણાયું હતું.

મહારાજશ્રીની પ્રેરણાથી સૂરત પાસે કતારગામમાં જીર્ણોદ્ધાર કરીને શત્રુંજયાવતાર જેવું જિનમંદિર થયું હતું. એની ભવ્ય પ્રતિષ્ઠા મહારાજશ્રીને હાથે જ્યારે થવાની હતી ત્યારે સવા લાખ માણસો ત્યાં આવ્યા હતા. એ સમયે કોઇ વિઘ્નસંતોષીએ ગોરા કલેકટરને ફરિયાદ કરી હતી કે આટલા બધા માણસો એકઠા થયા છે. એટલે ગંદકી ઘણી થઇ ગઇ છે. અને કોલેરા ફાટવાનો સંભવ છે. માટે પ્રતિષ્ઠાનો કાર્યક્રમ અટકાવો. એથી કલેકટર જાતે ત્યાં તપાસ કરવા આવ્યા અને વ્યવસ્થા જોઇ તથા મહારાજશ્રીને મળ્યા એટલે એમને ખાતરી થઇ કે કોલેરાનું જોખમ નથી. તેઓ પોતે પછી મહારાજશ્રીના વ્યાખ્યાનમાં બેઠા અને આનંદિત થયા હતા. તેમણે લોકોને કહ્યું કે આવા પુણ્યશાળી મહાત્મા બિરાજતા હોય ત્યાં રોગચાળો ફાટે નહિ.

મહારાજશ્રીનું ચારિત્ર અને એમનું વ્યક્તિત્વ એટલું આકર્ષક હતું અને એમની વાણી એટલી સરળ, રોચક અને પ્રેરક હતી કે તે સાંભળીને માણસને વૈરાગ્યનાં ભાવ આવી જતા. મહારાજશ્રી જ્યારે ગુજરાતમાં પેથાપુરમાં હતા ત્યારે એમનાં વ્યાખ્યાનો સાંભળવા અનેક લોકો આવતા. તે વખતે પેથાપુરના કેશવલાલ નામના કોઇ એક શ્રાવક બહારગામ ગયા હતા. તેઓ જ્યારે આવ્યા ત્યારે મિત્ર-સંબંધીઓએ મહારાજશ્રીનાં વ્યાખ્યાનો સાંભળવા માટે ઉમટેલી મેદનીની વાત કરીને કહ્યું, 'કેશવલાલ તમે ખરેખર એક સરસ અવસર ગુમાવ્યો.' એ સાંભળી કેશવલાલને થયું કે મહારાજશ્રીની વાણી તો સાંભળવી જ જોઇએ. તપાસ કરતાં જાણવા મળ્યું કે મહારાજશ્રી તો પાટણ પહોંચ્યા છે. કેશવલાલ તરત પાટણ ગયા. ત્યાં મહારાજશ્રીનાં વ્યાખ્યાનો સાંભળતાં તેમને એવો વૈરાગ્યભાવ જાગ્યો કે ત્યાં ને ત્યાં જ દીક્ષા લેવા માટે આગ્રહ રાખ્યો. પાટણના સંઘે તરત દીક્ષા મહોત્સવની તૈયારી કરી અને કેશવલાલને દીક્ષા આપી મહારાજશ્રીએ એનું નામ કલ્યાણમુનિ રાખ્યું હતું.

એવી જ રીતે ભાવનગરમાં તારાચંદ નામના એક શ્રાવક મહારાજશ્રીનાં વ્યાખ્યાનોમાં રોજ આવતા. વળી તેઓ બપોરે મહારાજશ્રી પાસે ઉપાશ્રયમાં બેસી સામાયિક કરતા અને બીજી ઘણી તપશ્ચર્યા કરતા. એક દિવસ તારાચંદ સાથે વાતચીત કરતાં મહારાજશ્રીએ રમૂજ કરીને વાત્સલ્યભાવે કહ્યું, 'અરે, ભાઇ તારાચંદ! તારે તો તારા નામ પ્રમાણે બીજાને તારવાનું કામ કરવું જોઇએ. એને બદલે તો તું ડૂબવાની વાત કરે છે.' પરંતુ આ વાકયો તારાચંદ માટે મર્મવાકયો બની ગયાં તે જ ક્ષણે એમણે મહારાજશ્રી પાસે દીક્ષા લેવા માટે બાધા લીધી અને ત્યારપછી મહારાજશ્રી વિહાર કરીને જ્યારે રતલામ પહોંચ્યા ત્યારે તેમની પાસે દીક્ષા લીધી એમનું નામ મહારાજશ્રીએ 'તારમુનિ' રાખ્યું હતું.

મુંબઇમાં મહારાજશ્રી ચાતુર્માસમાં બિરાજમાન હતા. ત્યારે શેઠ કેસરીચંદ ભાણાભાઇની પેઢીના પારસી મુનિમ રૂસ્તમજી પણ વ્યાખ્યાન સાંભળવા આવતા. તેમને પણ એટલો બધો ભાવ થયો કે મહારાજશ્રી પાસે દીક્ષા લેવાનું વિચાર્યું. પણ મહારાજશ્રીએ એમને સમજાવ્યું કે જૈન સાધુના આચાર તેમને માટે બહુ કઠિન રહેશે. માટે તેમણે કેટલાક વ્રત નિયમો ધારણ કરવાં અને જૈન સિદ્ધાંતોનો અભ્યાસ કરી તે પ્રમાણે ગૃહસ્થ જીવનમાં પણ ત્યાગ સંયમ ધારણ કરવાં.

મહારાજશ્રીના સંપર્કમાં આવેલા એવા કેટલાક શ્રાવકોએ તો એમની પાસે દીક્ષા લીધી હતી, પરંતુ કેટલાક તો એવા પણ હતા કે જેમણે મહારાજશ્રીની વાતો સાંભળીને એમની પાસે દીક્ષા લઇ પોતાનું જીવન ધન્ય બનાવવાનું મન થયું હતું. એ રીતે મહારાજશ્રીના શિષ્ય પ્રશિષ્યનો સમુદાય ક્રમેક્રમે પાત્રીસથી વધુ થઇ ગયો હતો. (હાલ તેમના સમુદાયમાં પૂ. ચિદાનંદસૂરિ વગેરે સૂરત અને અન્ય સ્થળે વિચરે છે.)

મહારાજશ્રીએ ગુજરાત અને રાજસ્થાનનાં લગભગ બધાં જ મહત્ત્વનાં તીર્થોની યાત્રા કરી હતી. ગુજરાતમાં બધે તેઓ વ્યાખ્યાનો હિન્દી ભાષામાં આપતા હતા, પરંતુ એમની સરળ, મધુર ભાષા સૌને સમજાય એવી હતી. આમ પણ જૈન સંઘોમાં વ્યાખ્યાનમાં સાધુ મહારાજની ભાષા અંતરાયરૂપ બનતી નથી. સાધુઓ પણ બોલચાલમાં સ્થાનિક ભાષા સરળતાથી અપનાવી લે છે. ભાષાની બાબતમાં જૈન સંઘોનું વલણ હંમેશાં ઉદાર રહ્યા કર્યું છે.

સં. ૧૯૪૧માં જ્યારે મહારાજશ્રીએ પાટણમાં સાગરગચ્છના ઉપાશ્રયમાં ચાતુર્માસ કર્યું હતું. તે વખતે એમણે પાટણના જ્ઞાનભંડારો વ્યવસ્થિત કરાવ્યા હતા. તે સમયે સામાચારીનો એક પ્રશ્ન ઊભો થયો હતો. મહારાજશ્રી ખરતરગચ્છના સાધુ હતા, પરંતુ પાટણમાં તો લગભગ બધા જ તપગચ્છના શ્રાવકો હતા. એટલે સંઘના આગેવાનોએ 'વિનંતી કરી કે અમને તપગચ્છની ક્રિયા કરાવશો?' સાધુ મહારાજ પોતાની સામાચારી સામાન્ય રીતે બદલે નહિ પણ મહારાજશ્રીએ કહ્યું, 'હા, જરૂર! મહાનુભાવો! મુક્તિ તો ન ખરતરમેં હૈ ન તપગચ્છમેં. મુક્તિ તો આત્મા મેં હૈ. જિસકો ક્રિયા કરની હો વો બેઠ જાઓ.' આમ પોતાની ખરતરગચ્છની સમાચારી છોડીને મહારાજશ્રીએ સંઘના લાભાર્થે પોતાના માટે તપગચ્છની સામાચારી સ્વીકારી લીધી હતી. જે એમણે જીવનના અંત સુધી ચાલુ રાખી હતી.

સં. ૧૯૫૭માં મહારાજશ્રી સૂરતમાં ચાતુર્માસ માટે બિરાજમાન હતા તે વખતે જયમલ નામના એક જૈન ભાઇ જૈન દીક્ષા છોડીને ખ્રિસ્તી થઇ ગયા હતા. તે વખતે બુદ્ધિસાગરજી મહારાજે 'જૈન ધર્મ અને ખ્રિસ્તીધર્મનો મુકાબલો' નામનું પુસ્તક પ્રગટ કરીને જયમલના પ્રશ્નોના સચોટ જવાબ આપ્યા હતા મહારાજશ્રી તે વખતે યુવાન સાધુ બુદ્ધિસાગરજીના સંપર્કમાં આવ્યા હતા અને એમના પાંડિત્ય અને બુદ્ધિમત્તાથી પ્રભાવિત થયા હતાં અને બુદ્ધિસાગરજીને અભ્યાસમાં સગવડ કરી આપવા માટે સંઘને ભલામણ કરી હતી.

સૂરતમાં મોહનલાલજી મહારાજ બિરાજમાન હતા ત્યારે ગોપીપુરામાં એક શ્રેષ્ઠી શ્રી મંછુભાઇના ઘરે રાખેલા ઘર

સુંદર પ્રતિમાજી જોયાં. મંછુભાઇએ કહ્યું કે આ પ્રતિમાજી દેરાસરમાં મૂળ ક્યાંથી આવ્યાં છે તેની કોઇ માહિતી મળતી નથી. પરંતુ અમારા એક વડવા શેઠ મૂળચંદ વર્ધમાને વિ. સં. ૧૬૮૩ ના જેઠ સુદ–૩ ના દિવસે અમદાવાદમાં જગદ્‌ગુરુ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજીના પટ્ટધર શ્રીમદ્ વિજય સેનસૂરીશ્વરજીના હાથે આ ચારેય પ્રતિમાજીઓનાં અંજનશલાકા કરાવ્યાં હતાં, ત્યાર પછી તેને સૂરત લાવી અમારા ઘર દેરાસરમાં તેની સ્થાપના કરવામાં આવી હતી. લગભગ અઢીસો વર્ષથી વંશપરંપરાથી આ જિનબિંબોની પૂજા–ભક્તિ અમારા ઘરમાં નિયમિત થતી આવી છે. હવે અમારું આ ઘર જર્જરિત થઈ ગયું છે, એટલે નવું કરાવવાનું છે, તો અમારે શું કરવુ ?'

મહારાજશ્રી આ ઇતિહાસ સાંભળીને એ કુટુંબપરંપરાની જિનભક્તિ માટે હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો. તેમણે સૂચના કરી કે 'હવે આ સ્ફટિકનાં પ્રતિમાજી ઘર દેરાસરમાં ન રાખતાં તમે જુદુ દેરાસર બંધાવી તેમાં પધરાવજો.' પૂજ્યશ્રીની સૂચના અનુસાર એ ઝવેરી કુટુંબે સૂરતમાં નવું દેરાસર બંધાવ્યું અને તેમાં આ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા મોહનલાલજી મહારાજના પટ્ટધર પં. શ્રી હર્ષમુનિજીનાં હસ્તે કરાવી હતી.

મોહનલાલજી મહારાજનો પ્રભાવ જે કેટલાક શ્રેષ્ઠીઓ ઉપર ઘણો મોટો પડ્યો હતો તેમાંના એક તે સૂરતના શેઠશ્રી ધરમચંદ ઉદયચંદ હતા. તેમની ભાવના સિદ્ધાચલજીનો યાત્રાસંઘ કાઢવાની હતી. એ દિવસોમાં સામાન્ય માણસો એકલા જાત્રાએ જઈ શકે એવી અનુકૂળ પરિસ્થિતિ નહોતી સંઘ નીકળે તો અનેકને લાભ મળે. શેઠશ્રી ધરમચંદે એ માટે મહારાજશ્રીને વિનંતી કરી હતી. મહારાજશ્રીએ સંમતિ આપી. મુંબઇના ચાતુર્માસ પછી સં. ૧૯૮૪માં તેમણે સૂરતમાં ચાતુર્માસ કર્યું હતું. તે વખતે સિદ્ધાચલજીના સંઘ માટેની પૂર્વ તૈયારીઓ સારી રીતે થઇ ગઇ હતી. ચાતુર્માસ પછી મહારાજશ્રીની નિશ્રામાં પોષ મહિનામાં સિદ્ધાચલજીનો સંઘ નીકળ્યો હતો. તેમાં ૧૪૦૦ યાત્રિકો જોડાયા હતા. ખંભાત અને વલ્લભીપુર થઇને પાલિતાણા પહોંચવાનું હતું. લગભગ સવા મહિનાનો કાર્યક્રમ હતો. એક પછી એક સ્થળે મુકામ કરીને આગળ વધતો જતો સંઘ ખંભાત પાસે દેહવાણ નામના ગામે આવ્યો. ત્યાં સમુદ્ર પાસે આવેલી મહી નદી પાર કરવાની હતી. એ નદીમાં પાણી સાવ છીછરાં રહેતાં, પરંતુ દરિયામાં જ્યારે ભરતી આવે ત્યારે નદીમાં અચાનક પૂર આવતાં. એટલે નદીનો પટ પગવાળા પાર કરવામાં ઘણી સમયસૂચકતાની અપેક્ષા રહેતી હતી. આટલા બધા યાત્રાળુઓ પગે ચાલતા એકબીજાની પાછળ નદી પાર કરતા હતા ત્યારે અચાનક પૂર આવવાને લીધે કેટલાય યાત્રીઓનો સામાન પાણીમાં તણાઇ ગયો. સદ્‌ભાગ્યે કોઇ જીવહાનિ થઇ નહોતી. બધા સહીસલામત નદી પાર કરી ગયા હતા. એ વખતે શેઠ ધરમચંદે સંઘના તમામ યાત્રાળુઓને કહ્યું કે 'જે કોઇ યાત્રિકને જે કંઇ નુકસાન થયું હશે તે સંઘપતિ તરફથી ભરપાઇ કરી આપવામાં આવશે. માટે તે અંગે કોઇએ કશી જ ચિંતા કરવી નહિ.' આ રીતે સંઘ પાલિતાણા પહોંચ્યો. સૌએ મહારાજશ્રી સાથે સુખપૂર્વક સિદ્ધાચલજીની યાત્રા કરી હતી.

સં. ૧૯૪૯માં પાલિતાણામાં મોહનલાલજી મહારાજનું ચાતુર્માસ હતું. તે દરમિયાન જન્મે બ્રાહ્મણ એવા રામકુમાર નામના એક જૈન યતિશ્રી પાલિતાણાની જાત્રા કરવા માટે આવ્યા હતા. ખબર પડતાં તેઓ મહારાજશ્રીને વંદન કરવા માટે આવ્યા. એ વખતે પોતાના યતિજીવનનો કંટાળો મહારાજશ્રી પાસે તેમણે વ્યક્ત કર્યો મહારાજશ્રી પણ યતિમાંથી સંવેગી સાધુ થયા હતા. એટલે પરસ્પર અનુભવોની સરખામણી થઇ. યતિશ્રી રામકુમારને પણ લાગ્યું કે યતિજીવન કરતાં સંવેગી સાધુનું જીવન જ વધારે શ્રેષ્ઠ છે. તેમણે મહારાજશ્રી પાસે દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી. તેમની મુનિજીવન માટેની તીવ્ર ઝંખના જોઇને મહારાજશ્રીએ તેમને દીક્ષા આપી હતી. તેમનું નામ ઋદ્ધિ મુનિ રાખવામાં આવ્યું હતું.

પાલિતાણાની યાત્રા પછી મહારાજશ્રીએ ભાવનગર, ઘોઘા, તળાજા વગેરે બાજુ વિહાર કર્યો હતો. એવામાં મુર્શિદાબાદના રાવબહાદુર શેઠશ્રી ધનપતસિંહજીના પુત્ર શેઠશ્રી નરપતસિંહજી તેમને મળવા આવ્યા હતા. તેમણે પોતાના પિતાશ્રી તરફથી શત્રુંજયની તળેટીમાં બંધાઇ રહેલા દેરાસરની વાત કરી અને ત્યાં પ્રતિષ્ઠા કરવવા માટે પધારવા પોતાના પિતાશ્રી વતી આગ્રહભરી વિનંતી કરી.

રાજસ્થાનમાંથી બંગાળમાં રહેવા ગયેલા ખરતરગચ્છના રાવબહાદુર ધનપતસિંહજીની માતા મહેતાબકુમારીની ભાવના શત્રુંજયની તળેટીમાં એક ભવ્ય જિનાલય બંધાવવાની હતી. એમના કુટુંબ તરફથી ગિરિરાજ ઉપર ખરતરવસહિ નામનું જિનમંદિર અગાઉ બંધાવેલું હતું. પોતાની માતાની ભાવના અને ભલામણ અનુસાર ધનપતસિંહજીએ સં. ૧૯૪૫માં ગિરિરાજની તળેટીમાં ખાતમૂહુર્ત કરીને જિનમંદિર બંધાવવાનું કાર્ય ચાલુ કર્યું હતું. ચાર વર્ષમાં તે પૂરું થઇ ગયું હતું. હવે ત્યાં મૂળનાયક તરીકે આદીશ્વર ભગવાનનાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવવાની હતી. મહારાજશ્રી જ્યારે સંઘ લઇને પાલિતાણા પધાર્યા હતા ત્યારે ધનપતસિંહજી અને તેમનાં પત્ની મેનાકુમારી પણ યાત્રાર્થે ત્યાં આવ્યાં હતાં. મહારાજશ્રી સિદ્ધાચલની યાત્રા કરીને ઘોઘા બાજુ વિહાર કરી રહ્યા હતા ત્યારે મેનાકુમારીએ સ્વપ્નમાં એક ઝળહળતી જ્યોતિ જોઈ હતી. એ જ્યોતિએ એવો આદેશ આપ્યો કે 'તમારે દેરાસરની પ્રતિષ્ઠા મોહનલાલજી મહારાજના હાથે જ કરાવવી' આ સ્વપ્નની વાત સાંભળીને ધનપતસિંહજીએ પોતાના પુત્ર નરપતસિંહજીને મોહનલાલજી મહારાજ પાસે મોકલ્યા હતા. મહારાજશ્રીએ મેનાકુમારીના સ્વપ્નની વાત જાણીને તેમની વિનંતીનો સ્વીકાર કર્યો. ત્યાંથી તેઓ પાછા પાલિતાણા પધાર્યા. ત્યાં તેમણે યોગ્ય મૂહુર્ત કાઢી તળેટી પરના બાબુના દેરાસરમાં આદીશ્વર ભગવાનની ભવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા બહુ ધામધૂમપૂર્વક કરાવી હતી. [મોહનલાલજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યાર પછી સં. ૧૯૬૯ માં તેમની મૂર્તિ આ દેરાસરનાં એક ગોખમાં પધરાવવામાં આવેલી છે.]

આત્મારામજી મહારાજને મોહનલાલજી મહારાજ પ્રત્યે કેટલો બધો આદરભાવ હતો તે અન્ય એક પ્રસંગથી પણ જાણી શકાય છે. અમેરિકાના શિકાગોમાં સર્વધર્મ પરિષદ માટે આત્મારામજી મહારાજને જ્યારે

નિમંત્રણ મળ્યું ત્યારે પોતે ન જતાં પોતાના પ્રતિનિધિ તરીકે મહુવાના શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને ત્યાં મોકલ્યા હતા. વીરચંદ ગાંધી જ્યારે ત્યાંથી મુંબઇ પાછા ફર્યા ત્યારે સમુદ્રનું ઉલ્લંઘન કરી અનાર્ય પ્રદેશમાં તેઓ ગયા હતા તે માટે મુંબઇના જૈનોમાં ઘણો મોટો ઉહાપોહ જાગ્યો હતો. આજથી સો વર્ષ પહેલાનો એ રૂઢિગ્રસ્ત જમાનો હતો. એટલે આવું બનવું સ્વાભાવિક હતું. તે વખતે આ બાબતમાં શું કરવું તેની મૂંઝવણ સંઘના આગેવાનોને થતી હતી. તે વખતે આત્મારામજી મહારાજે પંજાબથી મુંબઇના સંઘને કહેવડાવ્યું કે મોહનલાલજી મહારાજ આ બાબતમાં જે નિર્ણય આપશે તે મને અને વીરચંદ ગાંધીને સ્વીકાર્ય રહેશે મોહનલાલજી મહારાજ દીર્ઘદ્રષ્ટા અને સમયજ્ઞ હતા. સંઘને શાંત પાડવા માટે એમણે જાહેર કર્યું કે 'સમુદ્રનું ઉલ્લંઘન કરવા માટે પ્રાયશ્ચિતરૂપે વીરચંદ ગાંધીએ એક સ્નાત્રપૂજા ભણાવવી જોઇએ.' એમણે આપેલો આ નિર્ણય સૌએ સ્વીકાર્યો હતો અને સંઘ શાંત થઇ ગયો હતો.

જ્યારે આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે એમના મૃત્યુ વિશે શંકા છે એવી ફરિયાદ કેટલાક વિઘ્નસંતોષી લોકોએ પોલિસને કરી હતી. તે વખતે મોહનલાલજી મહારાજે મુંબઇમાં સભા બોલાવી, ફંડ એકત્ર કરી હજારો લોકો પાસે બ્રિટિશ સરકારના જુદા જુદા અધિકારીઓને તાર કરાવ્યા હતા. એથી આ પ્રશ્નનો તરત જ નિકાલ આવી ગયો હતો.

આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે એમણે કહ્યું હતું. 'જૈન શાસનનો એક મહાન સ્તંભ આપણી વચ્ચેથી અદ્રષ્ય થયો છે. મારી જમણી ભુજા ગઇ હોય એવું મને જણાય છે.'

તે દિવસોમાં મુંબઇના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓમાં શેઠ દેવકરણ મૂળજીનું નામ જાણીતું હતું. દેવકરણ શેઠ કહેતા કે પોતે તદ્દન નિર્ધન અવસ્થામાંથી જે કંઇ સિદ્ધિ મેળવી છે તે પોતાના ગુરુ મોહનલાલજી મહારાજના આશીર્વાદથી મેળવી છે. મહારાજશ્રી મુંબઇમાં બિરાજમાન હતા ત્યારે યુવાન દેવકરણને મહારાજશ્રીનાં દર્શન કરવાની ભાવના થઇ હતી. દેવકરણની સ્થિતિ સાવ સાધારણ હતી. તેઓ રસ્તા ઉપર ટોપી વેચવાની ફેરી કરતા. સાંજ પડે જે કંઇ કમાણી થાય તેમાંથી પોતાનું માંડ માંડ ગુજરાન ચલાવતા. જ્યારે એમણે મહારાજશ્રી પાસે પહેલીવાર પોતાના માટે 'ધર્મલાભ' શબ્દ સાંભળ્યો ત્યારે એમાં અજબનો રણકાર સંભળાયો હતો. પછીથી તો રોજેરોજ મહારાજશ્રી પાસે લાલબાગના ઉપાશ્રયે આવવાનું એમણે ચાલુ કર્યું હતું. રોજેરોજ વ્યાખ્યાન સાંભળીને પછી મહારાજશ્રી પાસે તેઓ આશીર્વાદ લેતા. એથી એમની કમાણી વધતી ગઇ હતી. આખો દિવસ ફેરી કરીને રોજ રાત્રે પણ તેઓ મહારાજશ્રી પાસે આવતા અને એમની સેવા ચાકરી કરતા. કેટલીકવાર તેઓ ઉપાશ્રયમાં જ સૂઇ જતા.

મુંબઇમાં એ વખતે ઝવેરી પાનાચંદ તારાચંદનું નામ મોટું ગણાતું. તેઓ સૂરતનાં વતની હતા. તેમનાં પત્ની હરકોરબહેન પણ એક અગ્રગણ્ય શ્રાવિકા હતાં. પરંતુ સંજોગવશાત્ પાનાચંદ ઝવેરીને વેપારમાં ઘણી મોટી ખોટ આવી. તેઓ નિર્ધન બની ગયા. ઘરબાર વેચાઇ ગયાં. મહારાજશ્રી પ્રત્યે તેમને અસાધારણ ભકિતભાવ હતો. તેઓ પણ મહારાજશ્રીની વૈયાવચ્ચ કરતા અને કોઈ કોઇ વાર ઉપાશ્રયમાં સૂઇ રહેતા. મહારાજશ્રીને પણ તેમનાના પ્રત્યે ઘણી લાગણી હતી. પોતાના દુઃખની એમણે મહારાજશ્રીને વાત કરી ત્યારથી તેમને માટે કંઇક કરવા માટે મહારાજશ્રીને પણ અંતરમાં ભાવ થયો હતો

એક વખત પાનાચંદ મહારાજશ્રીને મળવા ઉપાશ્રયે આવ્યા હતા. અને મહારાજશ્રીની સૂચનાથી રાત્રે ત્યાં ઉપાશ્રયમાં જ સૂઇ રહ્યા હતા. અડધી રાતે મહારાજશ્રીએ કેટલાક મંત્રનો જાપ કરી બૂમ પાડી, 'પાનાચંદ–પાનાચંદ.' પણ પાનાચંદ ઘસઘસાટ ઊંઘતા હતા. દેવકરણે એ બૂમ સાંભળી. તેઓ મહારાજશ્રી પાસે પહોંચી ગયા. એમને થયું કે મહારાજશ્રીને કંઇક કામ હશે. તેઓ મહારાજશ્રી સામે બેઠાં. અંધારું એટલું ગાઢ હતું કે પરસ્પર મુખાકૃતિ દેખાતી ન હતી. મહારાજશ્રી એ ધાર્યું કે પાનાચંદ ઝવેરી આવ્યા છે. એમણે હાથ જોડવા કહ્યું. પછી મંત્ર ભણી આશીર્વાદ આપતાં બોલ્યા, 'અબ તેરા કલ્યાણ હોગા.'

મહારાજશ્રીના આશીર્વાદથી દેવકરણ આનંદ વિભોર બનીને મહારાજશ્રીના પગ દબાવવા લાગ્યા. હાથનો સ્પર્શ થતાં જ મહારાજશ્રીએ પૂછ્યું, 'કોણ, દેવકરણ છે? પાનાચંદ નથી આવ્યા?' 'ના જી, તેઓ ઊંઘે છે એટલે હું આવ્યો છું'' દેવકરણે કહ્યું. પછી જ્યારે સવારે પાનાચંદ મહારાજશ્રીને મળ્યા ત્યારે આ વાતનો ઘટસ્ફોટ થયો. મહારાજશ્રીએ પાનાચંદને કહ્યું, 'તમે અવસર ચૂકી ગયા. હવે જેટલું થશે તેટલું થશે.' પછી દેવકરણને બોલાવીને કહ્યું, 'પાનાચંદને આપવાના આશીર્વાદ અજાણતા તમને મળી ગયા છે. હવે પાનાચંદનું ધ્યાન રાખવાની જવાબદારી તમારા માથે છે.' દેવકરણે એ માટે મહારાજશ્રીને પૂરી ખાત્રી આપી.

દેવકરણ ત્યાર પછી ધંધામાં ખૂબ પ્રગતિ કરતા ગયા. નસીબ આડે રહેલુ પાંદડું ફરી ગયું. વેપાર–ધંધામાં તેઓ બહુ ધન કમાયા. મુંબઇના શ્રેષ્ઠીઓમાં તેમની ગણના થવા લાગી. મહારાજશ્રીની સૂચના અનુસાર તેમણે ધર્મકાર્યમાં અને ઇતર સામાજિક કાર્યોમાં ઘણું ધન વાપર્યું. એમણે મલાડમાં જગવલ્લભ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું મુંબઇમાં પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલી સુપ્રસિદ્ધ ઇમારત 'દેવકરણ મેન્શન' તે દેવકરણ શેઠની માલિકીની હતી. [પછીથી એમણે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને તે મકાન ભેટ આપી દીધું હતું] મહારાજશ્રીને આપેલા વચન અનુસાર દેવકરણશેઠે પાનાચંદશેઠને જીવ્યા ત્યાંસુધી દર મહિને સારી આર્થિક મદદ કર્યા કરી હતી.

મોહનલાલજી મહારાજનો એક સ્વતંત્ર ફોટો મળે છે. એમના સમયમાં પરદેશમાં ફોટોગ્રાફીની શોધ થઇ ચૂકી હતી. પરંતુ ભારતમાં તે એટલી સુલભ નહોતી. મહારાજશ્રીનો જે ફોટો મળે છે તેની ઘટનાની વિશિષ્ટતા તો એ છે કે મહારાજશ્રીના ભકત એવા એક વહોરાભાઇએ એમનો ફોટો લીધો હતો. અને તેની પ્રિન્ટ કઢાવવા માટે ઇંગ્લેન્ડ મોકલી આપ્યો હતો. પછી તેની દસ હજાર નકલ ઇંગ્લેન્ડમાં કરાવીને મંગાવી હતી. આ નકલ મુંબઇના લાલબાગના ઉપાશ્રયના ઓટલે જ્યારે વેચવા માટે મૂકવામાં આવી હતી ત્યારે શેઠશ્રી દેવકરણ મૂળજીએ તે બધી જ ખરીદી લઇને સંઘના લોકોને દર્શનાર્થે ભેટ આપી દીધી હતી. ત્યારે મહારાજશ્રીનો એ ફોટો જૈનો ઉપરાંત કેટલાય વહોરા, ખોજા, પારસી વગેરેની દુકાનોમાં અને ઘરોમાં જોવા મળતો.

(17)

મહારાજશ્રી સં ૧૯૫૮માં ચાતુર્માસ માટે મુંબઇ ફરી પધાર્યાં હતા. એમના શિષ્યો પણ મુંબઇ પધાર્યા હતા. એ વખતે મુંબઇમાં ગણિવર્ય હર્ષમુનિને પંન્યાસની પદવી માધવબાગના વિશાળ મંડપમાં આપવામાં આવી હતી. એ પ્રસંગે હજારો માણસની મેદની વચ્ચે સંઘના આગેવાનોએ મહારાજશ્રીને આચાર્યપદ સ્વીકારવા માટે આગ્રહભરી વિનંતી કરી હતી. મહારાજશ્રીના શિષ્ય સમુદાયનો પણ એ માટે આગ્રહ હતો. પરંતુ તે વિનંતીનો તેમણે અસ્વીકાર કર્યો હતો.

મોહનલાલજી મહારાજે ઘણી તપશ્ચર્યા કરી હતી, અને ઘણાંને દીક્ષા આપી હતી. એટલે આચાર્યપદ ગ્રહણ કરવા માટે એમને અનેક સંઘો તરફથી અગાઉ પણ આગ્રહ થયો હતો, પરંતુ પોતે આચાર્યપદ સ્વીકાર્યું ન હતું. તેઓ સંઘ અને પોતાના શિષ્ય સમુદાયને સંબોધીને કહેતા કે 'आचार्य पद लेना यह महापुरुषो का काम है। मै तो एक सामान्य मुनि हुँ, यह मेरा मुनिपद ही अच्छा है। आचार्यपद का भार उठाने की शक्ति मेरे में नहि है।'

આમ, મોહનલાલજી મહારાજે સંવેગી દીક્ષા સંઘ સમક્ષ ગ્રહણ કર્યા પછી પોતાના સુદીર્ઘ દીક્ષા પર્યાય દરમિયાન ક્યારેય કોઇ પદની આકાંક્ષા રાખી ન હતી. પોતે છેવટ સુધી મુનિ તરીકે જ રહ્યા હતા. પરંતુ પોતાના શિષ્યોને યોગ્ય કાળે યોગ્યતા અનુસાર તેમણે પદવી અપાવી હતી. એટલું જ નહિ તેઓ પોતાના શિષ્યોને પદવીનું સંબોધન કરીને પણ બોલાવતા. પંન્યાસ શ્રી યશમુનિને તેઓ કોઇક વખત પોતાની પાસે બોલાવવા માટે 'પંન્યાસજી' એમ કહીને બૂમ પાડતા. પરંતુ યશમુનિને તે ગમતું નહિ. તેઓ પોતાના ગુરુ મહારાજને કહેતા, 'મહારાજજી, હું પંન્યાસ શ્રાવકો માટે છું, આપને માટે નહિં.' પરંતુ મહારાજશ્રી કહેતા કે 'સંઘે તમને જે પદવી આપી છે તેમાં મારી પણ સંમતિ છે. એટલે હું પણ તમને પંન્યાસજી કહીને બોલાવીશ.' પદની બાબતમાં મહારાજશ્રીની કેટલી બધી ઉદાર દૃષ્ટિ હતી! આદર્શ ગુરુ તે કે જે પોતાના કરતાં શિષ્યોની વધુ પ્રગતિ જોઇને રાજી થાય.

સં, ૧૯૬૦ના મુંબઇના ચાતુર્માસ દરમિયાન વ્યાખ્યાનમાં વાંચવા માટે ગ્રંથની પસંદગી કરવાની હતી. તે વખતે સંઘના જિજ્ઞાસુ શ્રાવકોની આગ્રહભરી વિનંતીને માન આપીને મહારાજશ્રીએ ભગવતીસૂત્રનો ગ્રંથ વ્યાખ્યાન માટે પસંદ કર્યો હતો. આ આગમસૂત્રની ભૂતકાળમાં બહુમાનભરી ભક્તિ કરનારા તરીકે શેઠ પેથડશાહનું નામ સુપ્રસિદ્ધ છે. ભગવતીસૂત્રની વાચના વખતે તેમાં જેટલીવાર ગોયમ (ગૌતમ) શબ્દ આવે તેટલીવાર તેનું સુવર્ણ મહોરથી પેથડશાહે પૂજન કર્યું હતું. તેની તોલે તો ન આવે પણ એની કંઇક ઝાંખી કરાવે એ રીતે મુંબઇના બે શ્રેષ્ઠીઓ શેઠશ્રી દેવકરણ મૂળજી અને શેઠશ્રી પ્રેમચંદ રાયચંદે ભગવતીસૂત્રના દર શતકે સોનાની ગીની મૂકીને તેનું પૂજન કર્યું હતું. શ્રી ભગવતીસૂત્રનો મહિમા અને મહારાજશ્રીનો પ્રભાવ કેટલો બધો હતો તે આ પ્રસંગ ઉપરથી જોઇ શકાય છે.

મુંબઇના શ્રેષ્ઠીઓને મોહનલાલજી મહારાજ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. તેઓ એમના વચનને આજ્ઞા તરીકે માનીને તે પ્રમાણે કાર્ય કરતા. આ શ્રેષ્ઠીઓમાંના એક તે પાટણના વતની બાબુ અમીચંદ પન્નાલાલ હતા. તેઓ મોટા ધનાઢ્ય હતા. તેઓ મુંબઇમાં વાલકેશ્વરમાં રહેતા હતા કે જ્યાં દેરાસર ન હતું. તેઓ ઝવેરી બજારમાં જતાં પહેલાં લાલબાગના દેરાસરે દર્શન કરતા અને મહારાજશ્રીને વંદન કરતા, પરંતુ એમનાં પત્ની કુંવરબાઇને દર્શન-પૂજાનો લાભ મળતો નહોતો. એટલા માટે વાલકેશ્વરની ટેકરી ઉપર, ચારે બાજુ મનોહર દ્રશ્ય દેખાય એવું સ્થળ પસંદ કરીને ત્યાં એક નૂતન જિનમંદિરનું નિર્માણ કરવાની તેમની ભાવના હતી. મહારાજશ્રીની સૂચના અનુસાર મોકાની વિશાળ જગ્યા લઇને તેમણે મેઘમંડપવાળું શિખરબંધી ભવ્ય દેરાસર બંધાવવાનું કામ ચાલુ કરી દીધું હતું. આ વિશાળ જિનમંદિરમાં કોઇ મોટી ભવ્ય પ્રતિમા પધરાવવાની એમની ભાવના હતી. પરંતુ તે અંગે હજુ કોઇ નિર્ણય થયો ન હતો. એવામાં કુંવરબાઇને રાત્રે એક સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નમાં શ્વેત આરસનાં એક મોટાં ભવ્ય પ્રતિમાજીનાં દર્શન થયાં. દર્શન થતાં જ તેઓ સ્વપ્નમાં 'નમો જિણાણં' બોલી ઊઠયાં. ત્યાર પછી જાગીને તેમણે બાબુ અમીચંદને પોતાના સ્વપ્નની વાત કરી. આથી બાબુ અમીચંદને બહુ આનંદ થયો. આ સ્વપ્ન અંગે તેઓ બંને તરત લાલબાગના ઉપાશ્રયમાં મહારાજશ્રી પાસે પહોંચી ગયાં. કુંવરબાઇએ સ્વપ્નમાં નિહાળેલાં જિનબિંબની વાત કરી, મહારાજશ્રીએ કહ્યું કે આ કોઇ સાંકેતિક સ્વપ્ન છે. ત્યાર પછી એમણે આંખો બંધ કરીને થોડીવાર ધ્યાન ધર્યું. પછી એમણે બાબુ સાહેબને કહ્યું, 'તમે બંને આજે ખંભાત જાવ. શેઠાણીએ સ્વપ્નમાં જે પ્રતિમાનાં દર્શન કર્યાં છે તે ત્યાં છે. એ કયા દેરાસરમાં છે તે તમે ત્યાં જઇને શોધી કાઢો અને મને જણાવો.'

શેઠ શેઠાણી તરત ખંભાત પહોંચ્યાં. ત્યાં એક પછી એક દેરાસરમાં દર્શન કરતાં હતાં અને જિન પ્રતિમાઓને ધ્યાનથી નિહાળતાં હતાં. એમ કરતાં ચિંતામણિ પાર્શ્વનાથજીના દેરાસરના ભોયરામાં જ્યારે તેઓ શ્વેત આરસની ૪૦ ઇંચ ઊંચી આદીશ્વર ભગવાનની પ્રતિમાજીનાં દર્શન કરતાં હતાં ત્યારે શેઠાણીને તરત જ ભાસ થયો કે પોતે સ્વપ્નમાં જોયેલાં તે આ જ પ્રતિમાજી છે. બાબુસાહેબે દેરાસરના ટ્રસ્ટીઓને શેઠાણીના સ્વપ્નની અને પોતે મુંબઇમાં બંધાવી રહેલા દેરાસરની વાત કરી. એથી ટ્રસ્ટીઓ રાજી થયા. મોહનલાલજી મહારાજે પણ ખંભાતના ટ્રસ્ટીઓને એ પ્રતિમાજી મુંબઇના દેરાસરમાં પધરાવવા માટે આપવા ભલામણ કરી. પોતાનાં પ્રતિમાજી આપવાનું આમ તો કોઇને ન ગમે, પરંતુ શેઠાણીના સ્વપ્નનો સંકેત અને મોહનલાલજી મહારાજની ભલામણ એ બંનેને કારણે પોતાનું અહોભાગ્ય સમજીને ખંભાતના ટ્રસ્ટીઓએ એ પ્રતિમાજી મુંબઇના દેરાસર માટે આપવાની સંમતિ આપી.

સં ૧૯૬૦માં માગસર સુદ-૬ના રોજ આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા મોહનલાલજી મહારાજના હાથે વાલકેશ્વરના દેરાસરમાં થઇ. એ પ્રસંગે ગૌમુખયક્ષ, ચક્રેશ્વરીદેવી વગેરેની મૂર્તિઓની પ્રતિષ્ઠા પણ મોહનલાલજી મહારાજના હસ્તે થઇ હતી, જેના ઉપરના લેખમાં મોહનલાલજી મહારાજના નામનો

નિર્દેશ થયેલો છે.

આ પ્રસંગે મહારાજશ્રીની ભલામણથી બાબુ અમીચંદ દેરાસરના વિશાળ ચોગાનમાં ઉપાશ્રય પણ બંધાવવાનું નક્કી કર્યું. દેરાસર માટે તે સમયે રૂપિયા પચીસ હજાર જેવી માતબર રકમ પણ જુદી મૂકી કે જેમાંથી દેરાસરના નિભાવ ખર્ચને પહોંચી વળાય. કારણ કે એ દિવસોમાં વાલકેશ્વર ઉપર છૂટા છવાયા માત્ર બંગલાઓ હતા. જૈનોની ગીચ વસતી ભૂલેશ્વર, પાયધુની વગેરે સ્થળોએ હતી. વાલકેશ્વરની ટેકરી ઉપર આવેલું આ ભવ્ય શિખરબંધી જિનાલય મુંબઈવાસીઓ માટે એક તીર્થ જેવું બની ગયું.

મુંબઈમાં જ્યારે મહારાજશ્રી બિરાજમાન હતા ત્યારે રતલામ, ગ્વાલિયર, ફલોધી વગેરે સ્થળોના આગેવાન શ્રેષ્ઠીઓને લઈને કલકત્તાના બાબુસાહેબ શ્રી બદ્રિદાસજી મહારાજશ્રીને મળવા મુંબઈ આવ્યા હતા. તેઓએ મહારાજશ્રીને વિનંતી કરી કે તપગચ્છમાં તો સાધુઓની સંખ્યા સારી થઈ ગઈ છે, પરંતુ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ખરતરગચ્છમાં સાધુઓની મોટી અછત વર્તાય છે. એ માટે કંઈક કરવું જોઈએ.

મોહનલાલજી મહારાજે પોતે ખરતરગચ્છની સામાચારી છોડીને તપગચ્છની સામાચારી સ્વીકારી હતી. તેમના બધા શિષ્યો પણ પોતાના ગુરુ મહારાજશ્રીની સાથે તપગચ્છની સામાચારીનું પાલન કરતા હતા. પરંતુ ખરતરગચ્છની જરૂરિયાત પ્રત્યે પણ ધ્યાન આપવું જોઈએ એમ ગંભીરપણે વિચારીને પોતાના શિષ્યોમાં ખરતરગચ્છનું સુકાન સંભાળી શકે એવા શિષ્ય તરીકે મહારાજશ્રીએ તપસ્વી સાધુ યશમુનિની પસંદગી કરી. યશમુનિ તે વખતે અજમેરમાં બિરાજમાન હતા. મહારાજશ્રીએ ખરતરગચ્છના શ્રેષ્ઠીઓ સાથે યશમુનિને પત્ર મોકલાવ્યો. તેમાં તેમણે યશમુનિને ખરતરગચ્છની સામાચારીનું હવેથી પાલન કરવાની ભલામણ કરી. ગુરુ મહારાજની ભલામણ એ આજ્ઞા બરાબર છે એમ સમજી યશમુનિએ એ દરખાસ્તનો સ્વીકાર કર્યો. અને તે અંગે વિચાર વિનિમય કરવા માટે તેમણે મહારાજશ્રીને મળવા મુંબઈ તરફ વિહાર કર્યો. દરમિયાન મહારાજશ્રીએ મુંબઈથી વિહાર કરી દીધો હતો એટલે તેઓ બંનેનું મિલન દહાણુ મુકામે થયું. યશમુનિએ પોતાના ગુરુ મહારાજ સાથે બધી વાતનો વિચાર કરી લીધો. એક ગચ્છની સામાચારી છોડીને બીજા ગચ્છની સામાચારી અપનાવવી એ સહેલી વાત નહોતી. પરંતુ ગુરુ મહારાજની આજ્ઞા એ તો એથી પણ ચડિયાતી વાત હતી. એટલે યશમુનિએ તપગચ્છની સામાચારી છોડીને ખરતરગચ્છની સામાચારી અપનાવવા માટેની આજ્ઞા સહર્ષ સ્વીકારી લીધી.

મોહનલાલજી મહારાજશ્રી ત્યારપછી પોતાના શિષ્ય સમુદાય સાથે દહાણુંથી વિહાર કરીને સુરત પધાર્યા. ત્યાં એક દિવસ તેમણે સમગ્ર સમુદાયનાં સાધુ – સાધ્વીઓને એકત્ર કર્યાં અને તેમાં જાહેર કર્યું કે હવેથી પોતાના બે મુખ્ય શિષ્યોમાંથી શ્રી હર્ષમુનિ અને એમનો સમુદાય તપગચ્છની સામાચારીનું પાલન કરશે અને શ્રી યશમુનિ અને એમનો સમુદાય ખરતરગચ્છની સામાચારીનું પાલન કરશે. એ સમયે તેમણે સમગ્ર સમુદાયને ખાસ ભલામણ કરી કે પોતાનો સમુદાય બે ગચ્છમાં વહેંચાઈ જાય છે. પરંતુ તેઓએ પરસ્પર સહકારથી અને શુભ ભાવથી પોતપોતાની સામાચારીનું પાલન કરવું અને સંઘમાં ક્યાંય પરસ્પર વિખવાદ ન થાય તે રીતે પૂરો આદરભાવ રાખવો. એકજ ગુરુના શિષ્યો છે એ લક્ષમાં રાખીને સૌએ જૈનધર્મની પ્રભાવના કરતાં રહેવું. વળી તેમણે કહ્યું, 'હું તો હવે કિનારે બેઠો છું. વૃદ્ધાવસ્થા છે. મારાથી હવે લાંબા વિહાર થતા નથી. આજ સુધી ધર્મની પ્રભાવના માટે જે કંઈ શક્ય હતું તે કર્યું છે. હવે એ જવાબદારી તમારા ઉપર છે. તમે બધા અનુભવી અને વિદ્વાન છો. તમે જે જે ક્ષેત્રમાં જાવ ત્યાં ત્યાં ધર્મનો ઉદ્યોત કરજો અને શાસનની શોભા વધે તે પ્રમાણે ઉચ્ચ ચારિત્ર, તપ અને સંયમને જીવનમાં સ્થાન આપી સંઘની સેવા દેશ કાળ પ્રમાણે કરતા રહેશો.'

આમ મોહનલાલજી મહારાજની ગચ્છની બાબતમાં દ્રષ્ટિ કેટલી વિશાળ હતી, ગચ્છોની સામાચારીના ભેદથી તેઓ કેટલા પર હતા અને ગચ્છ કરતાં સંઘ અને ધર્મના હિતને તેઓ કેટલું ઊંચુ સ્થાન આપતા હતા તે એમની આ ગચ્છના સમન્વયની ઉદાર દષ્ટિ ઉપરથી જોઈ શકાશે.

મોહનલાલજી મહારાજની ગચ્છની બાબતની ઉદારતા તેમના શિષ્યોમાં પણ રહી હતી. તેના ઉદાહરણરૂપ મુંબઈનો એક પ્રસંગ જાણવા જેવો છે. યશમુનિ અને એમના શિષ્યોને ખરતરગચ્છની સામાચારી અપનાવવા માટે મહારાજશ્રીએ આદેશ આપ્યો હતો. તે પછી કેટલાંક વર્ષે યશમુનિના એક શિષ્ય ઋદ્ધિ મુનિ મુંબઈમાં ચાતુર્માસ માટે બિરાજમાન હતા. એ વર્ષ અધિક માસનું હતું. બે ભાદરવા મહિના આવતા હતા. આથી ખરતરગચ્છની સામાચારીપૂર્વકના પર્યુષણ પ્રથમ ભાદરવામાં ઋદ્ધિમુનિની નિશ્રામાં ઉજવાયાં. પરંતુ બીજા ભાદરવા મહિનામાં મુંબઈમાં તપગચ્છના પર્યુષણ માટે કોઈ સાધુનો યોગ નહોતો. એટલે સંઘના શ્રેષ્ઠીઓની વિનંતીનો સ્વીકાર કરીને ઋદ્ધિમુનિએ ફરીથી તપગચ્છની સામાચારીપૂર્વકના પર્યુષણ બીજા ભાદરવા મહિનામાં લાલબાગનાં ઉપાશ્રયે કરાવ્યાં હતાં.

મોહનલાલજી મહારાજનું ચારિત્રબળ ઘણું મોટું હતું. સંયમપાલનની બાબતમાં તેમનામાં જરા પણ પ્રમાદ કે શિથિલતા નહોતાં. તેઓ પોતે બ્રહ્મચર્યવ્રતનું વિશુદ્ધભાવે અખંડ પાલન કરતા હતા. તેઓ જ્યાં જ્યાં ચાતુર્માસ માટે બિરાજમાન હોય ત્યાં ત્યાં આજીવન ચોથા બ્રહ્મચર્ય વ્રતની બાધા અનેક દંપતી તેમની પાસે લેતાં હતાં. મુંબઈના પ્રથમ ચાતુર્માસ દરમિયાન એકસોથી વધુ દંપતીઓએ એમની પાસે સંઘ સમક્ષ ચોથા વ્રતની આજીવન બાધા લીધી હતી. એવી જ રીતે સુરત, અમદાવાદ, પાટણ વગેરે સ્થળોમાં એમની પાસે કેટલાંય દંપતીઓએ ચોથા વ્રતની બાધા સ્વીકારી હતી. કેટલાંય શ્રાવક–શ્રાવિકા એમની પાસે બારવ્રત અંગીકાર કરતાં. મહારાજશ્રી પાસે વ્રત–પચ્ચક્ખાણ લેવાં એ પણ પોતાનું મોટું સદ્ભાગ્ય છે એમ કેટલાય લોકોને લાગતું હતું. અમદાવાદમાં શેઠશ્રી લાલભાઈ દલપતભાઈનાં માતુશ્રી ગંગા–શેઠાણીએ પણ મોહનલાલજી મહારાજ પાસે બાર વ્રત અંગીકાર કર્યાં હતાં.

મદ્રાસના સ્વ. શ્રી ઋષભદાસજીએ મહારાજશ્રીનો એક પ્રસંગ નોંધતાં લખ્યું છે કે સં. ૧૯૫૦માં મહારાજશ્રી મુંબઈમાં બિરાજમાન હતા ત્યારે તેમનાં દર્શન–વંદનને માટે અનેક લોકોની ભીડ જામતી. તે દરેકને મહારાજ સાહેબ 'ધર્મલાભ' કહી

આશીર્વાદ આપતા. ઋષભદાસજીના એક ધર્મનિષ્ઠ વડીલ મિત્ર મહારાજ સાહેબ પાસે ગયા હતા. પરંતુ ભીડને લીધે આઘા ઊભા રહ્યા હતા. ભીડ ઓછી થાય અને વાત કરવા માટે એકાંત મળે તે માટે તેઓ રાહ જોતા હતા. કેટલીકવાર થઈ, પરંતુ ભીડ ઓછી થઈ નહિ. એવામાં મહારાજ સાહેબની દૃષ્ટિ એમના ઉપર પડી. એમને લાગ્યું કે આ ભાઈ મળવા માટે ક્યારના ઉત્સુક છે અને રાહ જોઈને દૂર ઊભા છે, એટલે એમણે પોતે જ સામેથી બૂમ પાડીને કહ્યું, 'કેમ ભાઈ, આવો ! કંઈ કહેવું છે ?'

'હા, મહારાજ સાહેબ' એમ કહીને એ ભાઈ પાસે આવ્યા અને કહ્યું, ગુરુ મહારાજ, આપનાં વ્યાખ્યાનમાં નિયમિત આવું છું. હવે આપની પાસે એક બાધા લેવાની ઘણા વખતથી મનમાં ભાવના થઈ છે.'

મહારાજ સાહેબે કહ્યું, 'શાની બાધા લેવી છે ?'

એ ભાઈએ કહ્યું, 'મારે આપની પાસે સ્વદારા સંતોષની બાધા લેવી છે.'

મહારાજ સાહેબે કહ્યું, 'ભાઈ તમે આ બાબતમાં બરાબર વિચાર કર્યો છે ને ? આ બાધા મન, વચન અને કાયાથી લેવી એ કંઈ સહેલી વાત નથી. તમે હજુ યુવાન છો. ભવિષ્યનો લાંબો વિચાર કરીને બાધા લેવી જોઈએ અને તેનું પાલન બરાબર કરવું જોઈએ. કહેવું સહેલું છે પણ કરવું ઘણું અઘરું છે. કથની અને કરણી વચ્ચે આભજમીનનું અંતર હોય છે.'

એ ભાઈએ કહ્યું, 'મહારાજ સાહેબ ! મેં આ બાબતમાં ગંભીરતાથી પૂરેપૂરો વિચાર કર્યો છે. મારો નિશ્ચય દ્રઢ છે. મને જાવજ્જીવની બાધા આપો.'

મહારાજ સાહેબે કહ્યું, 'આવા કઠિન વિષયમાં જાવજ્જીવની બાધા તરત ન અપાય. હું તમને ત્રણ વર્ષની બાધા આપું છું. ત્રણ વર્ષ પછી ફરી વધુ બાધા આપીશ.'

એ ભાઈએ આ પ્રમાણે પૂજ્ય મહારાજશ્રી પાસે હાથ જોડી ત્રણ વર્ષની બાધા લીધી, પરંતુ ક્રમે ક્રમે તેમાં ઉમેરતા જઈ પછીથી જાવજ્જીવની બાધા લીધી. તેઓ ઋષભદાસજીને કહેતા કે પૂજ્ય મહારાજ સાહેબના સ્વમુખેથી બાધા લીધા પછી સંયમ માટેની તેમની રુચિ અને શ્રદ્ધા વધુ દૃઢ થઈ. ધંધામાં તેમની ઉત્તરોત્તર ખૂબ ચડતી થઈ. તેમનો ધર્માનુરાગ વધ્યો. તેમની ધનસંપત્તિ વધ્યાં. તેમનું આરોગ્ય હંમેશાં સારું રહેવા લાગ્યું અને આખા કુટુંબની બહુ ઉન્નતિ થઈ.

મોહનલાલજી મહારાજના ચારિત્રનો પ્રભાવ એટલો બધો હતો કે આવી એક અજાણી વ્યક્તિ પણ તેમના પ્રભાવથી ઘણું સુખ પામી હતી.

વિ. સં. ૧૯૬૨નું ચાતુર્માસ મુંબઈમાં પૂરું થયું. મહારાજશ્રીની ભાવના મુંબઈથી વિહાર કરીને શત્રુંજય ગિરિરાજની તીર્થયાત્રા કરવાની હતી, પરંતુ હવે એમનું શરીર લથડયું હતું. ૭૯ વર્ષની જીવન યાત્રા પુરી કરીને ૮૦ વર્ષમાં તેઓ પ્રવેશી ચૂકયા હતા. હવે મહારાજશ્રીનો અવાજ પણ મંદ પડી ગયો હતો. એમનું વ્યાખ્યાન બધા લોકોથી બરાબર સાંભળી શકાતું નહોતું. તેમ છતાં એમનાં વ્યાખ્યાનમાં ભારે ભીડ રહેતી, કારણ કે ઘણા લોકો તો માત્ર એમની અત્યંત પવિત્ર મુખ-મુદ્રાનાં દર્શન કરવાથી પણ ધન્યતા અનુભવતા હતા.

મુંબઈના સંઘની ભાવના એવી હતી કે મહારાજશ્રીને મુંબઈમાં જ સ્થિરવાસ કરાવવો, કારણ કે કુલ નવ ચાતુર્માસ કરીને મુંબઈ ઉપર એમણે ઘણો મોટો ઉપકાર કર્યો હતો. હજુ એમની પ્રેરણાથી સંઘના અભ્યુદય માટેની વિવિધ યોજનાઓનો અમલ કરવાની જરૂર હતી. પરંતુ મુંબઈથી વિહાર કરીને શત્રુંજય ગિરિરાજ તરફ જવાની મહારાજશ્રીની પ્રબળ ભાવનાને કારણે સંઘના આગેવાનો પણ વધુ આગ્રહ કરી શકયા ન હતા.

મુંબઈથી વિહાર કરીને મહારાજશ્રી સુરત પધાર્યા, પરંતુ સુરતમાં તેમની તબિયત વધુ બગડી હતી. તેઓ ગોપીપુરાના ઉપાશ્રયમાં હતા. હવાફેર માટે તેમને સુરતમાં અઠવા લાઈન્સના વિસ્તારમાં લઈ જવામાં આવ્યા. પણ બહુ ફરક પડયો નહિ. એટલે છેવટે ગોપીપુરાના ઉપાશ્રયે આવીને ફરી પાછા સ્થિર થયા. શત્રુંજયની યાત્રાની હવે શકયતા નહોતી એટલે લથડેલી તબિયતે પણ તેઓ ચૈત્રી પૂનમના દિવસે કતારગામમાં સિદ્ધાચલની ટુંક જેવા જિનમંદિર યાત્રા કરી આવ્યા હતા.

મહારાજશ્રી સ્વરોદયશાસ્ત્રના ઊંડા જાણકાર હતા. પોતાનો અંતિમકાળ નજીક આવી રહ્યો છે તે તેમણે જાણી લીધું હતું. તેઓ સતત આત્મપયોગમાં રહેતા અને નવકારમંત્રનું રટણ કરતા. સંવત ૧૯૬૩ના ચૈત્ર સુદ-૧૧ના દિવસે કેશવરામ શાસ્ત્રી નામના જ્યોતિષના એક જાણકાર સજ્જન મહારાજશ્રીને વંદન કરવા માટે આવ્યા હતા. મહારાજશ્રીએ શાસ્ત્રીજી સાથે કેટલીક વાતચીત કરી. એમાં બીજા દિવસે પોતે દેહ છોડવાના છે એવો મહારાજશ્રીએ ગર્ભિત નિર્દેશ પણ કર્યો. મહારાજશ્રીએ સ્વરોદય જ્ઞાનના આધારે જાણેલા પોતાના અંતિમ દિવસનું સમર્થન શાસ્ત્રીજી પાસેથી જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે મેળવી લીધું. એ પછી મહારાજશ્રીએ તરત કેટલાંક પચ્ચકખાણ લઈ લીધાં. આવશ્યક ક્રિયાઓ કરી લીધી. સૌને ખમાવીને કાઉસગ્ગ ધ્યાનમાં તેઓ બેસી ગયા. બીજે દિવસે સવારે તેમણે દેવસૂર ગચ્છના એક યતિશ્રીને ઇશારાથી પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, 'देह का अग्निदाह के लिये बाहिर जाके भूमि देखकर शुद्ध कर आओ।' યતિશ્રી વિચારમાં પડી ગયા, પરંતુ મહારાજશ્રીની આજ્ઞા હતી એટલે તેઓ તાપી નદીના તટમાં જઈ નદીના પુલ પાસેની જગ્યા પસંદ કરી, શુદ્ધ કરી અને ઉપાશ્રયમાં પાછા ફર્યા.

પોતાનો દેહ બપોરના સાડાબાર વાગે પડશે એવી ગણતરી મહારાજશ્રીએ કરી દીધી હતી એમણે પોતાના શિષ્યોને અને સંઘના આગેવાનોને બોલાવીને પોતાના ઉત્તરાધિકારી તરીકે પં. શ્રી હર્ષમુનિજી અને પં. શ્રી જશમુનિજીને જાહેર કર્યા. સૌની સાથે ક્ષમાપના કરી લીધી, પછી તરત આત્મધ્યાનમાં તેઓ લીન બની ગયા. બરાબર સાડાબાર વાગે તેમણે દેહ છોડયો. તેઓ કાળધર્મ પામ્યા તે સમયે અનેક લોકો ત્યાં એકત્ર થયા હતા. સૌની આંખમાંથી આંસુ વહેતાં હતાં. એ પ્રસંગે ત્યાં હાજર રહેલા આગેવાનોએ 'શ્રી મોહનલાલજી મહારાજ સ્મારક ફંડની' જાહેરાત કરી અને તેને તે જ વખતે ઘણી જ મોટી રકમનું ફંડ નોંધાઈ ગયું હતું.

કાળધર્મ પછી મહારાજશ્રીની પાલખી પણ બહુ ભવ્ય નીકળી હતી. સુરતના બધી જ કોમના હજારો લોકો તેમાં જોડાયા હતા. સુરતના પોલિસો અને સુરતમાં રહેલા લશ્કરનાં સૈનિકો પણ પોતાના બેન્ડ સાથે આ સ્મશાનયાત્રામાં જોડાયા હતા. તેમની પાલખી નદી કિનારે પહોંચી. ત્યાં એમના પાર્થિવ દેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. એમનો દેહ પંચમહાભૂતોમાં ભળી ગયો.

# મોક્ષનગરનો ભોમિયો-વિનય

● ગુલાબ દેઢિયા

ઉપાધ્યાય ઉદયરત્નજી મહારાજે ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયો વિશે સજ્ઝાયો લખી છે. માનવીએ જે કંઇ કરવાનું છે તે અંદર જ કરવાનું છે. દુશ્મનો અંદર જ છે, ગુણો પણ અંદર જ પ્રગટાવવાના છે. આ સજ્ઝાયમાં અભિમાનની વાત એમણે સૌને સમજાય એવી સરળ ભાષામાં મૂકી છે

સામેથી મળે તે સન્માન પણ માગી લઇએ તો અભિમાન. કવિએ પ્રથમ પંક્તિ ખૂબ માર્મિક લખી છે. રે જીવ અભિમાન કરવા જેવું નથી. કારણ કે અભિમાન હોય ત્યાં વિનય આવતો નથી. માન અને વિનય એ પરસ્પર વિરોધી તત્ત્વો છે. અંધારું અને અજવાળું એક સાથે ન રહી શકે તેમ અહંકાર અને નમ્રતા સાથે ન રહી શકે.

વિદ્યા વિનયથી શોભે છે. જ્ઞાન મેળવનાર નમ્ર હોવો જોઇએ. જ્ઞાન ન આવે તો સમ્યક્ત્વ ક્યાંથી આવે? સમકિત વગર ચારિત્ર ન આવે અને ચારિત્ર વગર મુકિત નથી. એટલે ગુણના મૂળમાં વિનય છે. ગુણોની પણ એક શ્રેણી છે. એક ગુણ આવે તો પછી બીજો આવે પછી ત્રીજો આવે વિનય એ પાયાનો ગુણ છે. જેને કાયમી, શાશ્વત અનંત સુખ-મોક્ષનું સુખ જોઇએ છે તેણે વિનયની સાધના કરવી જ પડશે. વિનય નાનકડો ગુણ દેખાય છે; પણ ફળ કેવું મહાન છે! મોક્ષના દરવાજા સુધી દોરી જનાર વિનય છે.

તુંડમિજાજી માથું જે નમતું નથી, તે કોઇને ગમતું નથી. અહમ્‌કેન્દ્રી વ્યકિતત્વ બધા ગુણને ઓહિયાં કરી જાય છે. તે વિશે ફરી ફરી વિચાર કરવાનું કવિ કહે છે.

રાવણનાં દશ માથાં એ તો અભિમાનનાં પ્રતીક છે. રાવણ જ્ઞાની, શકિતશાળી, તપસ્વી હતો પણ અભિમાનને કારણે જ એનું પતન થયું. દુર્યોધનની પણ એવી જ ગતિ થઇ. જે જિદ્દી છે, મતાગ્રહી છે, મમતિલો છે, અક્કડ છે તેનું બટકી જવું નિશ્ચિત છે.

માન એ તો સૂકાં લાકડાં જેવો રસહીન છે, એનામાં સંવેદના નથી, એનો વિકાસ નથી, એ ઠૂંઠા જેવો છે. એના પર સદ્‌ગુણોની વસંત નથી આવતી. સુખનાં પંખીઓ ટહુકા નથી કરતાં. કવિ ઉદયરત્ન માનને દેશવટો દેવા વાટે ભલામણ કરે છે.

માનની આ સજઝાયના કવિ ઉપાધ્યાય ઉદયરત્ન સ્તવન-સજઝાયના સમર્થ કવિ છે. એમણે ખૂબ જ સરળ ભાષામાં આખી વાત મૂકી છે. આવી સજઝાયોનું ફરી ફરી સ્મરણ કરી જીવનમાં ઉતારીએ તો સંસારમાં વડેરો અધિકારી વિનય છે તેને પ્રાપ્ત કરી શકીએ.

## સ્વ. પૂ. મુનિશ્રી મોહનલાલજી મહારાજ

[પાના નં. ૧૯થી ચાલુ]

એમના કાળધર્મના સમાચાર ઝડપથી ભારતભરમાં પ્રસરી ગયા હતા અને અનેક સ્થળેથી શ્રદ્ધાંજલિના સંદેશાઓ આવ્યા હતા.

મોહનલાલજી મહારાજે પાલી, સિરોહી, સાદડી, જોધપુર અજમેર પાટણ, પાલનપુર. ફલોધી, અમદાવાદ, પાલિતાણા, સુરત, મુંબઇ વગેરે સ્થળોએ ચાતુર્માસ કર્યાં હતાં. તેમાં કુલ છ જેટલાં ચાતુર્માસ સુરતમાં અને કુલ નવ જેટલાં ચાતુર્માસ મુંબઇમાં કર્યાં હતાં એટલે મુંબઇ અને સુરતના જૈન સમાજ ઉપર તેમનો પ્રભાવ ઘણો વધુ રહ્યો હતો.

મોહનલાલજી મહારાજનું વ્યકિતત્વ એટલું બધું આકર્ષક અને પ્રભાવશાળી હતું કે તે સમયના જુદા જુદા સ્થળોના લગભગ બધા જ સંઘોના શ્રીમંત શ્રેષ્ઠીઓ તેમના ઉપદેશાનુસાર ધન ખર્ચવા તત્પર રહેતા. તેઓ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં વિવિધ યોજનાઓ માટે ઘણી મોટી ઉછામણી થતી અને લાભ લેવા માટે શ્રીમંતોમાં પડાપડી થતી. એ જમાનાના ગુજરાત, રાજસ્થાન અને મુંબઇના શ્રેષ્ઠીઓમાં શ્રી લાલભાઇ દલપતભાઇ, બાબુ સાહેબ બદ્રિદાસજી, બાબુ પન્નાલાલ પૂરણચંદ, બાબુ અમીચંદ પન્નાલાલ, દેવકરણ મૂળજી, પ્રેમચંદ રાયચંદ, નગીનદાસ કપૂરચંદ, નગીનચંદ ઘેલાભાઈ, નવલચંદ ઉમેદચંદ; ગોકળચંદ મૂળચંદ, નગીનચંદ મંચ્છુભાઇ, ધરમચંદ ઉદયચંદ, હીરાચંદ મોતીચંદ વગેરે શ્રેષ્ઠીઓએ વિવિધ પ્રકારના ધર્મકાર્યોમાં ઘણું મોટું આર્થિક યોગદાન આપ્યું હતું.

મોહનલાલજી મહારાજના ઉપદેશથી મુંબઇમાં, સુરતમાં અને બીજા કેટલાય સ્થળોમાં વિવિધ પ્રકારનાં મહત્ત્વનાં કાર્યો થયાં હતાં. એમાં મુંબઇમાં બાબુ પન્નાલાલ પૂરણચંદ હાઇસ્કૂલ, ગોકળભાઇ મૂળચંદ જૈન હોસ્ટેલ, જૈન ધર્મશાળા, જૈન ડિસપેન્સરી, મોહનલાલજી જૈન પાઠશાળા, સેન્ટ્રલ લાઇબ્રેરી, સુરતમાં નેમુભાઇની વાડીનો ઉપાશ્રય, શેઠ નગીનચંદ ઘેલાભાઇ ઝવેરી જૈન હાઇસ્કૂલ, જૈન બોડિંગ, જૈન ઉદ્યોગશાળા, જૈન જ્ઞાનમંદિર, જૈન ઉપાશ્રય, જૈન ભોજનશાળા, જૈન કન્યાશાળા વગેરેની સ્થાપના થઇ હતી.

આ ઉપરાંત વલસાડ, નવસારી, બિલીમોરા, કતારગામ, બગવાડા, વાપી, પારડી, દહાણુ, ધોલવડ, ખેરડી, ફણસા વગેરે સ્થળે વિવિધ પ્રકારની સંસ્થાઓની સ્થાપના થઇ હતી. એમના ઉપદેશથી જિન મંદિરોના જિર્ણોદ્ધારનું, અંજનશલાકા અને પ્રતિષ્ઠાનું, અને નૂતન જિનમંદિરના નિભાવનું કાર્ય પણ મોટા પ્રમાણમાં ગુજરાત અને રાજસ્થાનમાં થયું હતું. તેઓ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં તેમના ઉપદેશથી સંઘમાં શાંતિ અને ઉત્સાહ પ્રવર્તતાં અને અંદરઅંદરના કે બીજા લોકો સાથેના ઝઘડા શાંત થઇ જતા.

મોહનલાલજી મહારાજ પંડિત હતા, શાસ્ત્રજ્ઞ હતા અને કવિ પણ હતા. એમણે રચેલી સ્તવનના પ્રકારની અને સજઝાયના પ્રકારની બધું મળીને પાંચેક જેટલી કાવ્યકૃતિઓ મળે છે. કાવ્યસર્જન માટે એકાન્ત વધુ મળ્યું હોત તો કદાચ આથી પણ વધુ રચનાઓ તેમના તરફથી આપણને મળી હોત.

મોહનલાલજી મહારાજના જીવન અને કાર્ય વિશે જે કેટલીક કૃતિઓની રચના થઇ છે તેમાં સૌથી મહત્ત્વની કૃતિ તે 'મોહનચરિત્ર' નામનું સંસ્કૃતમાં મહાકાવ્ય છે. પંડિત દામોદર શર્મા અને રમાપતિ શાસ્ત્રીએ એની રચના કરી છે. શ્રીમદ બુદ્ધિસાગરસૂરિએ પણ 'હર્ષહૃદય દર્પણ' નામની કૃતિની રચના કરી છે.

આત્માર્થી, હળુકર્મી, પાપભીરૂ, અલ્પકષાયી, ધર્મનિરત એવા ગીતાર્થ મહાત્મા શ્રી મોહનલાલજી મહારાજને અંજલિ આપતાં સ્વ પુણ્યવિજયજી મહારાજે લખ્યું છે, 'આ મુનિવરે જ્ઞાનયોગ દ્વારા પોતાના બ્રહ્મત્વને ઉજાળ્યું હતું અને ચારિત્રયોગ દ્વારા પોતાના શ્રમણત્વને શોભાવ્યું હતું.' *

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦ ૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૪

26 MAY 1990

વર્ષ : ૧ * અંક : ૫ * તા.૧૬-૫-૧૯૯૦ * Regd. No. MH. By / South 54 * Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ** વાર્ષિક લવાજમ રૂ. ૩૦/- ***

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ભારતનાં કથળેલાં તંત્ર અને શાખ

જે કુટુંબના સભ્યો માંહેમાંહે કલહ કરતાં હોય, વડીલો આજ્ઞામાં ન હોય, ઘરની અંગત વાતો બીજાને કહી આવતાં હોય, ખાનગી મૂડી એકઠી કરી કોઈકને ત્યાં જમા કરાવી આવતાં હોય એ કુટુંબની પ્રતિષ્ઠા પાડોશીમાં અને આખા સમાજમાં ઓછી થઈ જાય છે. કુટુંબનું સભ્યબળ મોટું હોવા છતાં તે છિન્નભિન્ન હોવાથી તેની કોઈ અસરકારક છાપ બહાર પડતી નથી. વખત આવે બીજા લોકો એનો ગેરલાભ ઉઠાવે છે, માંહોમાંહે લડાવે છે. અને ક્યારેક તક મળે ફટકો પણ મારી લે છે. ભારત દુનિયાનું એક મોટામાં મોટું લોકશાહી રાષ્ટ્ર હોવા છતાં તેની સ્થિતિ આવી જ કંઈક છે એમ કહી શકાય.

ભારતની પાર્લામેન્ટમાં આખા દેશમાંથી ચુંટાયેલા પ્રતિનિધિઓ આવે છે. છેલ્લાં કેટલાંયે વર્ષોથી પાર્લામેન્ટમાં જે શોરબકોર વિરોધ પક્ષ તરફથી અથવા વિરોધ પક્ષના સભ્ય બોલતા હોય ત્યારે શાસકપક્ષ તરફથી ઇરાદાપૂર્વક કરવામાં આવે છે તે ગેરશિસ્તનો મોટામાં મોટો નમૂનો છે. કોંગ્રેસ પક્ષ અત્યાર સુધી જે ગેરશિસ્તની ટીકા કરતો આવ્યો હતો એ પક્ષે હવે એ જ રસમ અપનાવી છે. રાજદ્વારી દૃષ્ટિએ કેટલાકને આ આવશ્યક લાગતું હોય તો પણ સમગ્ર દુનિયામાં ભારતની પાર્લામેન્ટની એક વરવી છાપ ઊભી થાય છે. જે દેશના સર્વોચ્ચ પ્રતિનિધિઓ પોતે ગેરશિસ્તનું આચરણ કરતા હોય તેઓ પ્રજા પાસે શિસ્તની કેટલી અપેક્ષા રાખી શકે ? સમગ્ર ભારતમાં સરકારી તંત્રોમાં, ઉદ્યોગોમાં, શાળા કોલેજોમાં, હોસ્પિટલોમાં બધે જ એક પ્રકારની ગેરશિસ્તનું વાતાવરણ ફેલાઈ ગયું છે. ભારતનું વહીવટતંત્ર અત્યંત કથળી ગયું છે. વળી, છેલ્લાં કેટલાંક વર્ષોથી સત્તા ઉપર આવેલા રાજદ્વારી નેતાઓએ, વિદેશો સાથેના વિવિધ મોટા સોદાઓમાં ખાનગી કમિશન રૂપે ગેરકાયદે નાણાં મેળવીને વિદેશોમાં જમા કરાવી દીધાં છે. તેવું ખાનગી વેપારી કંપનીઓ પણ કરતી આવી છે. એથી પણ ભારતની છાપ વિદેશોમાં જોઈએ તેટલી સબળ રહે નહિ. ભારત એટલે ચોર નેતાઓનું રાષ્ટ્ર એવી છાપ પડવા લાગી છે.

ભારતમાં લોકસભાની ચૂંટણી પછી કેન્દ્રમાં સ્થપાયેલી જનતા મોરચાની સરકારના વહીવટને હજૂ થોડા મહિના થયા છે ત્યાં એક પછી એક સમસ્યાઓ દેશમાં અને વિદેશમાં ઊભી થતી જાય છે. એ ઉપરથી આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ ભારતનું વહીવટી તંત્ર કેટલું નબળું પડી ગયું છે અને ભારતનો દેખાવ કેટલો નબળો અને લાચારીભર્યો રહ્યા કર્યો છે તેની જાણ થાય છે.

રાજીવ ગાંધીની સરકાર દરમિયાન કેટલી બધી વ્યક્તિઓએ વિદેશી સોદાઓમાં પોતાનો ભાગ રખાવીને વિદેશોમાં પોતાના નાણાં જમા કરાવી દીધાં છે. દુઃખની વાત તો એ છે કે આવાં કૌભાંડો સંરક્ષણખાતામાં વધુ બન્યાં છે. એની માઠી અસર દેશની સંરક્ષણ વ્યવસ્થા ઉપર કેટલી બધી પડશે તેની ચિંતા એ દેશદ્રોહીઓએ કરી નથી. જ્યાં સર્વોચ્ચ સત્તા ઉપર બેઠેલી વ્યક્તિઓ આટલી બધી ભ્રષ્ટ હોય ત્યાં વિદેશોમાં દેશની પ્રતિષ્ઠા ઝાંખી પડે અને તેનું કશું ઊપજે નહિ એવું બનવું સ્વાભાવિક છે. દેશનું સંરક્ષણતંત્ર પણ નબળું પડે અને પાડોશી દેશો લપડાક લગાવી જાય એમ પણ બની શકે.

ભારતના વર્તમાન સમયના આંતરિક પ્રશ્નો પણ એટલા જ મોટા રહ્યા છે. પંજાબની સમસ્યાનો કોઈ શાંતિભર્યો ઉકેલ હજુ આવ્યો નથી ત્યાં તો કાશ્મીરની સમસ્યાએ દેશને ચિંતામાં ઘેરી લીધો છે. રામજન્મભૂમિનો પ્રશ્ન સળગતો છે અને નાની મોટી ઘણી સમસ્યા રાષ્ટ્રને મૂંઝવી રહે છે. આપણને અફસોસ એ વાતનો થાય છે કે સરકારની સમગ્ર શક્તિ રાષ્ટ્રના પ્રગતિ અને વિકાસકાર્યોમાં જેટલી સંગઠિત રીતે લાગી જવી જોઈએ તે ન લાગતાં ઘણી બધી શક્તિ ઊભી કરાયેલી સમસ્યાઓના નિરાકરણમાં વેડફાઈ જાય છે. રાજ્યની કક્ષાએ કે કેન્દ્રની કક્ષાએ સત્તાધીશો કે વિરોધ પક્ષના નેતાઓ સમગ્ર રાષ્ટ્રના હિતનો જેટલો વિચાર કરવો જોઈએ તેટલો તેઓ કરતાં નથી. પક્ષાપક્ષીમાં એકબીજા સામે કાદવ ઉડાવવામાં અને પોતાનો સ્વાર્થ સાધવામાં તેઓ વિશેષ સક્રિય રહે છે. એથી રાષ્ટ્રીય ભાવના દિવસે દિવસે ઘસાતી જાય છે અને સંકુચિત સ્વાર્થવાદ બળવાન બનતો જાય છે.

કોંગ્રેસ સરકારના શાસન દરમિયાન છેલ્લાં થોડાં વર્ષોમાં શાસનકર્તાઓ પોતાના સુખસાહેબીમાં, પ્રસિદ્ધિમાં અને વિદેશોની સહેલગાહમાં એટલા બધા રચ્યાપચ્યા રહ્યા હતા કે દેશનું વહીવટીતંત્ર ઉત્તરોત્તર કથળવા લાગ્યું હતું. પરંતુ તેની તેઓએ બહુ દરકાર કરી નહોતી. કાશ્મીરમાં આટલી મોટી સંખ્યામાં પાકિસ્તાનીઓ ઘૂસીને રહે, આંતકવાદીઓની સંખ્યા વધતી જાય, આટલા મોટા જથ્થામાં પાકિસ્તાન દ્વારા શસ્ત્રો ઘુસાડી દેવામાં આવે અને કાશ્મીરના ઘણા લોકો પાકિસ્તાન તરફી બની જાય - આ બધું બે ચાર દિવસમાં બને નહિ. કેટલા લાંબા સમયથી આ બધી તૈયારીઓ ચાલતી હશે. અને છતાં આપણા ગુપ્તચર ખાતા દ્વારા કેન્દ્ર સરકારને બહુ માહિતી મળતી ન હોય તો તે બતાવે છે કે ભારતનું ગુપ્તચર ખાતું છેલ્લા થોડાં વર્ષોમાં કેટલું બધું શિથિલ બની ગયું છે. ભૌગોલિક દૃષ્ટિએ અને વસતીની દૃષ્ટિએ ભારત એટલો મોટો દેશ છે કે તેને લશ્કરી દૃષ્ટિએ અને નાગરિક સંરક્ષણ અને વ્યવસ્થાની દૃષ્ટિએ સાચવવા માટે તથા

આંતરિક તેમજ વિદેશી વિઘાતક પરિબળોને રોકવા માટે વિશાળ પાયા ઉપર અત્યંત કાબેલ એવી ગુપ્તચર સંસ્થાની જરૂર રહે છે. અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ, વગેરે દેશોના ગુપ્તચરો દુનિયાના તમામ દેશોમાં ઘૂમી વળે છે અને પોતાના રાષ્ટ્રના હિતને જોખમમાં મૂકે એવી પ્રવૃત્તિ બીજા કોઈપણ દેશમાં થતી હોય તો તેની જાણ મેળવીને તરત પોતાના દેશને વાકેફ કરી દે છે. પરંતુ ભારતની છાપ વિદેશમાં એવી સબળ હવે રહી નથી. અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, જર્મની, સ્વીડન, સ્વીઝરલેન્ડ વગેરે રાષ્ટ્રોની સરકાર અને તે દેશોની કેટલીક કમ્પનીઓ ભારત સાથે જે રીતે વર્તાવ કરે છે તે પરથી ભારતનું હવે જાણે કશું ઊપજતું નથી તેવી છાપ પડે છે. આંતરરાષ્ટ્રીય કાયદાઓ પ્રમાણે કેટલીક કાર્યવાહી કરવાની હોય છે એ સાચું, તો પણ કોઈ એક બાબતને ઈરાદાપૂર્વક વિલંબમાં પાડી દેવી તે એક વાત છે અને તેને મહત્ત્વ આપી ત્વરિત નિર્ણય લેવો તે બીજી વાત છે. વિદેશ ભાગી ગયેલા ભારતના ભ્રષ્ટ નાગરિકો ભારતની સરકારને ગાંઠતા નથી. તેમજ વિદેશની સરકારોનો આ બાબતમાં ત્વરિત સહકાર સાંપડતો નથી. બોફર્સ કંપનીનો પ્રશ્ન ઘણા વખતથી ચાલ્યા કરે છે. સબમરીનના સોદામાં ભારતે કરેલા ગુપ્તતાના કરારનો જર્મનીની કંપની ભંગ કરે અને છતાં નફટાઈથી બચાવ કરે. એરબસના સોદામાં થયેલી ગેરરીતિઓને ઢાંકવા માટે પ્રયત્નો ચાલતા હોય, અમેરિકા સુપર-૩૦૧ની યોજનામાં ભારતને શિક્ષા કરવાનું વિચારતી હોય આ અને આવી બધી બાબતો બતાવે છે કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની શાખ અને ધાક જેવી જોઈએ તેવી રહી નથી. સૌથી વધુ કમનસીબી તો પાડોશી રાષ્ટ્રો સાથેનાં સંબંધની છે. પાકિસ્તાન જેવું રાષ્ટ્ર ભારતીય આતંકવાદીઓ માટે આટલા બધાં તાલીમ કેન્દ્રો કાયદેસર ચલાવે અને ભારતે મૂંગા મોઢે જોયા કરવું પડે. નેપાલ, બંગલાદેશ અને શ્રીલંકા જેવાં આપણાં પાડોશી રાષ્ટ્રો પણ અંદરખાનેથી ભારત વિરોધી રહ્યા કરે તે બતાવે છે કે ભારતે પોતાના વહીવટી તંત્રને સુધારીને બધુ સબળ બનાવવાની જરૂર છે.

ભારતની પાસે જે માનવશક્તિ છે, કુદરતી સંપત્તિ છે, સૂઝ અને આવડત છે, ભવ્ય સાંસ્કારિક વારસો છે, બંધુત્ત્વ અને સ્વાર્પણની ભાવના છે તેની સાથે સર્વોચ્ચ રાજદ્વારી નેતાઓની પ્રામાણિકતા, નિષ્ઠા, રાષ્ટ્રભાવના, સંપ અને સહકારની વૃત્તિ વગેરે ભળે તો ભારત દુનિયામાં માત્ર મોટામાં મોટી લોકશાહી જ નહિ, શ્રેષ્ઠ અને અનુકરણીય લોકશાહી બની રહે ! એવી સન્મતિ સૌને સાંપડી રહે !

❑ રમણલાલ ચી. શાહ

# રામ-અભિરામ

❑ ચી.ના. પટેલ

બાળપણમાં ગાંધીજી રામરક્ષાનો પાઠ કરતા તેનો એક શ્લોક છે, આરામ: કલ્પવૃક્ષાણામ્ વિરામ: સકલાપદામ્ અભિરામસ્ત્રિલોકાનામ્ રામ: શ્રીમાન્ સ ન: પ્રભુ: "ઈચ્છિત વસ્તુઓ આપનાર વૃક્ષોના બગીચા જેવા, સર્વ આપત્તિઓનો અંત લાવનાર, ત્રણે લોકને આનંદ આપનાર શ્રી રામ, તે અમારા પ્રભુ છે." વાલ્મીકિના રામની કથા, ત્રણે લોકને તો નહિ પણ ભારતની પ્રજાને સદીઓથી આનંદ આપતી રહી છે, અને ભારતની બહાર જાવા- સુમાત્રા જેવા દેશોમાં પણ પહોંચી હતી. રામકથાનું આ આકર્ષણ માત્ર તેના નીતિબોધને કારણે નથી. તે આદર્શ પુત્રોની, ભાઈઓની, પતિ-પત્નીની, મિત્રોની કથા છે એ ખરું, પણ ભારતની પ્રજા સૌંદર્યપ્રેમી રહી છે અને નીતિબોધ કે ધર્મબોધની સાથે સૌંદર્યપ્રેમી રહી છે અને નીતિબોધ કે ધર્મબોધની સાથે સૌંદર્યનો રંગ તેને વધુ તૃપ્ત કરે છે. પુણ્યને તે હંમેશા રમ્ય રૂપે જોવા ઇચ્છે છે. પ્રાચીન કાળથી તેનાં તીર્થસ્થળો, આશ્રમો અને તપોવનો નદીતીરે કે પર્વતોની ગોદમાં પ્રકૃતિસૌંદર્યના રમ્ય વાતાવરણમાં રહ્યાં છે. લક્ષ્મી, પાર્વતી કે ગૌરી જેવી તેની દેવીઓ સૌંદર્યમૂર્તિઓ છે, અને વાણીની દેવી, "તુષારહાર ધવલા, શુભ્રવસ્ત્રાવૃતા શ્વેતપદ્માસના" અને મયૂરાસના સરસ્વતીની કલ્પનામૂર્તિ તેથી પણ વધુ સુંદર છે, અને તેના પ્રસાદે પ્રેરેલાં સાવિત્રી, દમયંતી, સીતા અને રાધા જેવાં સ્ત્રીપાત્રો એના જેવાં સુંદર છે.

રામકથા એ સરસ્વતીના પ્રસાદનું શ્રેષ્ઠ સર્જન છે. વાલ્મીકિએ તે સરસ્વતીના પિતા બ્રહ્માની પ્રેરણાથી લખી અને તેથી તેમાં તેમની માનસપુત્રીનો સૌંદર્યરંગ પૂર્ણતાએ અવતર્યા છે. તેમાં ગંગા ને યમુના, તમસા, સરયૂ અને મંદાકિની તથા ગોદાવરી જેવી નદીઓની, ચિત્રકૂટ અને ઋષ્યમૂક પર્વતોની, પંપા સરોવરની, અરણ્યોનાં તપોવનોની, પંચવટીની વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિની, લંકાની અશોકવાટિકાની, એમ વિવિધ સૌંદર્યછાયાઓ ભળી છે અને એકરસ થઈ વાચકની કલ્પનાને તૃપ્ત કરે એવી સ્વપ્નસૃષ્ટિ સર્જે છે. રામસીતાનાં પાત્રો પણ આવા પ્રકૃતિસૌંદર્યના રંગે રંગાયાં છે. રામની પાછળ ગયે અયોધ્યાવાસીઓ તેમને લીધા વિના પાછા આવ્યા ત્યારે તેમની પત્નીઓ શોક કરતાં કહે છે, "એ નદીઓ અને સરોવરો પુણ્યશાળી તટ ઉપર રમ્ય વનકુંજોથી શોભતી નદીઓ અને સુંદર શ્રૃંગોથી શોભતા ગિરિઓ રામચંદ્રની શોભા વધારશે અને તેમનું પ્રિય અતિથિની જેમ સ્વાગત કરશે."

રામસીતા સુંદર છે એટલું જ નહિ, તેઓ સૌંદર્યપ્રેમી છે. વનવાસના બીજા દિવસે રાત્રી ગંગાતીરે ગાળી પ્રભાત થતાં રામ લક્ષ્મણને કહે છે, "ભગવતી રાત્રી પૂરી થઈ છે અને હવે સૂર્યોદયનો સમય થયો છે. ભાઈ સાંભળ, આ કાળો કોકિલપક્ષી કુંજી રહ્યો છે, અને વનમાં મયૂરોના ટહુકાર સંભળાઈ રહ્યા છે . તે પછીના દિવસે રામ સીતા અને લક્ષ્મણ, કવિ લખે છે, મહાવનમાં થઈ ક્યારેય નહિ જોયેલાં એવાં રમણીય પ્રદેશો અને વૃક્ષો જોતાં ગંગા-યમુનાના સંગમની દિશામાં ચાલ્યાં. ભરદ્વાજ મુનિનો આશ્રમ છોડીને તેઓ ચિત્રકૂટ પહોંચ્યા ત્યારે, રામ સીતાને કહે છે, "પર્વતની આ મનોહર સૃષ્ટિ જોઈને મારુ મન એવું મુગ્ધ થઈ જાય છે કે મને રાજ્ય ગુમાવ્યાનું કે મિત્રોના વિયોગનું કશું દુ:ખ લાગતું નથી. પર્વતનાં ઊંચા શિખરો, અનેક પ્રકારનાં ફળપુષ્પોથી શોભતાં તેનાં વૃક્ષો, નિર્દોષપંખીઓ અને પોતાનાં હિંસક સ્વભાવ ત્યજીને ફરતાં વાઘ આદિ પ્રાણીઓ, સ્થાને સ્થાને વહેતાં ઝરણાં અને નાસિકાને તૃપ્ત કરતો સુગંધી વાયુ, આ બધું એટલું આહ્લાદક છે કે તારી અને લક્ષ્મણની સાથે મારે અહીં સો વર્ષ રહેવાનું થાય તોપણ મને કશો શોક ન થાય.

સીતાહરણથી દુ:ખી થઈ ગયેલા રામ પંપા સરોવરની પાસે શબરીના આશ્રમની શોભા જોઈ શાંત થઈ જાય છે. તેઓ લક્ષ્મણને કહે છે, " મારુ અશુભ નાશ પામ્યું છે અને કલ્યાણનો ઉદય થયો છે, અને મારું મન તેની પ્રસન્નતા અનુભવી રહ્યું છે. મારા હૃદયમાં, હે નરશ્રેષ્ઠ, હવે શુભ ભાવનાઓનો ઉદય થઈ રહ્યો છે માટે ચાલ, આપણે એ નયનરમ્ય પંપા સરોવર પાસે જઈએ."

રામ અને સીતાના સૌંદર્યથી મુગ્ધ થઈ પંચવટીની પ્રાણીસૃષ્ટિ તેમના, વિશેષે સીતાના પ્રેમાં પડે છે અને સીતાહરણ પ્રસંગે વ્યાકુળ થઈ જાય છે. તેની વનસ્પતિસૃષ્ટિ અને ગોદાવરી પણ શોકથી ક્ષુબ્ધ થઈ જાય છે. પરંતુ રામસીતાના અલૌકિક પ્રેમસૌંદર્યનું શ્રેષ્ઠ દર્શન કવિએ હનુમાનની આંખે કરાવ્યું છે. તેમણે સીતાને અશોકવાટિકામાં પહેલાં જોઈ ત્યારે એમની આંખો એ અપૂર્વ સૌંદર્ય દર્શને ધરાતી જ ન હોય એમ તે ઘડીભર સીતાને જોઈ જ રહે છે અને છેવટે, કવિ લખે છે, " તેમની આંખોમાં હર્ષનાં આંસુ ઊભરાયાં અને ભક્તિભાવભર્યા હૃદયથી તેમણે રામને મનોમન નમસ્કાર કર્યા."

પ્રાણીઓ, વાનરો અને મનુષ્યો, ત્રણે વર્ગને 'અભિરામ' એવા રામનું અને સીતાનું આ ચિત્ર ભારતીય કવિતા પ્રતિભાનું શ્રેષ્ઠ સર્જન બની રહ્યું છે.

(આકાશવાણી, અમદાવાદના સૌજન્યથી)

# ઉર્દૂનો અનોખો શાયર કતીલ શિફાઈ

❑ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

શાયરીનો શોખ હોય ને તેમાંયે ઉર્દૂ શાયરીમાં પણ દિલચસ્પી હોય તો 'કતીલ શિફાઈ'થી અપરિચિત રહેવાનું પાલવે જ નહીં.

ઝરણાંનું સંગીત, ફૂલોની ફોરમને અંતરની ઊંડી અનુભૂતિ ધરાવતી એમની ચોટદાર રચનાઓમાં તરી આવતી ઉપમાઓ ને ઉત્પ્રેક્ષાઓ, ખુમારી ને ખુદ્દારી, સુકુમાર સૌંદર્યદષ્ટિને કુમાશભરી કલ્પન સૃષ્ટિ, એમની અનોખી અભિવ્યક્તિની લલિત લાક્ષણિકતાઓ છે.

હજીરા જિલ્લા (હવે પાકિસ્તાન)ના હરિપુરમાં એમનો જન્મ. વિદ્યાર્થી અવસ્થામાં જ આ શાયરે પિતાનું છત્ર ગુમાવ્યું. આ પછી આજીવિકા માટે એમણે જે પરચૂરણ વ્યવસાયો અપનાવ્યા એની વિગતો જાણવા પામીએ તો એને પડછે, એમની શાયરીની આ વિલક્ષણ વિશિષ્ટતાઓનો મેળ જરાયે બેસતો નહીં લાગે. પરંતુ પ્રશિષ્ટ રચનાઓ માટેની એમના પિતાની ઉચ્ચ અભિરુચિમાં આ શાયરના અનોખા અભિગમનો ખુલાસો મળી રહે છે.

એમના આ કવિ-નામ (તખલ્લુસ)ની એક વિશિષ્ટતા પણ જાણવા જેવી છે. મોટાભાગના શાયરો પોતાના તખલ્લુસ જોડે એમના શહેર કે ગામનું નામ જોડતા હોય છે. જાલંધરના 'હફીઝે જાલંધરી', લખનૌના 'બેહઝાદ લખનવી', લુધિયાનાના 'સાહિર લુધિયાનવી', બદાયુંના 'શકિલ બદાયુની' વગેરે આવાં તખલ્લુસ છે. પરંતુ આપણા આ શાયરે તો એમની રચના માટે પણ અનોખો અભિગમ અપનાવ્યો છે.

એમની શાયરી માટે માર્ગદર્શન આપનાર-ઈસ્લાહ દેનાર-શાયર હતા 'શફા' કાનપુરી ! એમના પ્રત્યેના આદરથી, દોરાઈને, એમનું નામ પણ પોતાની જોડે સતત સંકળાયેલું રહે, એ દષ્ટિથી, એમણે પોતાના તખલ્લુસ 'કતીલ' જોડે 'શફા' પરથી 'શફાઈ' વિશેષણ જોડી 'કતીલ શફાઈ' નામ ધારણ કર્યું છે. ('કતીલ શિફાઈ' પણ લખાય છે.)

ઉર્દૂ શાયરીની પરંપરા તથા આધુનિક વાસ્તવવાદનો સુભગ સમન્વય સાધતી એમની રચનાઓ શાયરીના સર્વ શોખીનોના હૈયામાં આત્મીયતાપૂર્વક વસી ગઈ છે.

એમની આવી રચનાઓની રંગીની માણવી એમ એક લહાવો છે. એમની સૌંદર્યદષ્ટિનો કેફ તો જુઓ-

લોગ કહતે હૈં જિન્હેં
નીલકંવલ, વો તો 'કતીલ'
શબકો ઈન ઝીલ-સી
આંખોમેં ખિલા કરતે હૈં!

લોકો જેને નીલકમલ - પોટાણાં નામે ઓળખે છે એ તમારે જોવાં છે? તો, લો, એ તો (એની) આ આંખોમાં રોજ રાત્રે ખીલતાં હોય છે. ને તેય ક્યાં સુધી? - એનો ધવલ નારી દેહ તો-

ઉફ, વો મરમર સે તરાશા
હુઆ શફ્ફાફ બદન,
દેખનેવાલે ઉસે
તાજમહલ કહતે હૈં!

ધવલ આરસપહાણમાંથી કંડારી કાઢેલા બેનમૂન શિલ્પ જેવો એનો ઉજ્જ્વલ, ગૌરવભર્યો દેહ જોનાર, સહજ જ બોલી ઊઠે કે ' ઓહ, આ તો નારી દેહે સાક્ષાત તાજમહાલ જ દેખાય છે!' ને એની જોડે આસક્તિ સંકળાય છે ત્યારે-

ગુનગુનાઈ હુઈ આતી
હૈં ફલક સે બૂંદૈં,
કોઈ બદલી તેરી
પાઝેબ સે ટકરાઈ હૈ!

આકાશમાંથી વરસતાં બિંદુઓ, આજે કેમ કંઈ સંગીત ગૂંજતા નીચે આવી રહ્યાં છે? પ્રિયે, કોઈ વાદળી તો તારા પાયલ (ઝાંઝર)ની ઘૂઘરીઓ જોડે ટકરાઈ નથી પડી ને? તે સિવાય આવી સંગીતસભર વર્ષા ક્યાંથી સંભવી શકે?

ઉર્દૂ શાયરી સમજવામાં ઈશ્કે હકીકી ને ઈશ્કે મજાઝીનો તફાવત પણ ધ્યાનમાં રાખવો પડે છે. ઈશ્કે હકીકી - આધ્યાત્મિક પ્રેમ છે - ઈશ્વર પ્રત્યેનો અનુરાગ છે. જ્યારે ઈશ્કે મજાઝી દુનિયવી-સંસારી પ્રેમ છે. ઉર્દૂમાં કેટલીયે રચનાઓ એવી હોય છે જેમાં બંનેનો સમન્વય હોય છે.

ઈશ્કે હકીકી ને ઈશ્કે મજાઝીનો આ સુભગ સમન્વય જુઓ-

ચલો, અચ્છા હુઆ, કામ
આ ગઈ દીવાનગી અપની,
વગરના હમ ઝમાનેભરકો
સમઝાને કહાઁ જાતે ?

ઈશ્કમાં ઊંડે ઊતરી ગયેલા-નિમગ્ન થયેલાની હાલત ને કંઈ સમજાવી શકાય એવી હોય છે? લોકો તો આ (પ્રેમી-ભક્ત)ને પાગલ જ ગણેને ! દીવાનો જ માને ને ?

ચાલો, એ પણ સારું જ થયું કે લોકોએ એને આવો પાગલ-દીવાનો માની લીધો. એમનાં મનનું સમાધાન કરવા (એમણે) માની લીધેલું આ પાગલપણું પણ કેવું ઉપયોગી થઈ પડયું ! નહીં તો એમને મારા મનની-હૃદયની આ સ્થિતિ શી રીતે સમજાવી શકત ?

પ્રેમનિમગ્ન વ્યક્તિની ઈંતેઝારની-પ્રતીક્ષાની ઘડીઓ કેવી વીતે છે-

કતીલ, અબ દિલ કી ધડકન
બન ગઈ હૈ ચાપ કદમોં કી;
કોઈ મેરી તરફ આતા

આવા ઈંતેઝારની ઉત્કટતા કેવી હોય છે ! એના ઈંતેઝારમાં વધી ગયેલી દિલની ધડકન-હૈયાના ધબકારાથી એવું લાગે છે જાણે કોઈ (એટલે કે 'એ' જ !) મારી તરફ આવી રહ્યાં છે ! આ સંભળાય છે (દિલની ધડકન) એમના પગલાનો જ અવાજ લાગે છે !

આરઝૂ કેવી અનેરી અનુભૂતિ થઈ જાય છે ! લો, સાંભળો ! કતીલ કહે છે-

આવાઝ દી હૈ તુમને
કિ ધડકા હૈ દિલ મેરા ?
કુછ ખાસ ફર્ક તો નહીં
દોનોં સદાઓં મેં !

તેં મને બોલાવ્યો ? કે આ મારા દિલની ધડકનનો જ અવાજ છે ? - કે તારો અવાજ સંભળાયાનો ભ્રમ થાય છે ? પણ ના, આ ભ્રમ નથી ! તારો અવાજ તો મારા હૈયાની ધડકન જ બની ગયો છે. મારું અસ્તિત્વ હવે એને આધારે જ ટકી રહ્યું છે ! એટલે હવે એ બે વચ્ચે કોઈ તફાવત જ ક્યાં રહ્યો છે?

પણ 'એ' વિમુખ થઈ જાય તો ?-

તુમ્હારી બેરૂખીને લાજ
રખ લી બાદાખાને કી,
તુમ આંખોસે પિલા દેતે

તો પૈમાને કહાં જાતે ?

તું વિમુખ થઈ ને હું મયખાના તરફ વળી ગયો; તું વિમુખ ન થાત તો તારી આંખોમાં ઊભરાતો શરાબ પીને હું ત્યાં જ તારી પાસે જ અટકી ગયો હોત-! ને એમ થતાં આ મયખાનાની કેવી ઉપેક્ષા થઈ હોત ! શરાબથી ઊભરાતી આ પ્યાલીઓનું શું થાત? સારું થયું ને કે તારી વિમુખતાએ મને મયખાના તરફ વાળ્યો ને એમ મયખાનાની ઈજ્જત સચવાઈ!

ને આ રીતે ઉપેક્ષા થાય ત્યારે આશરો ક્યાં ?-

નિકલ કર દૈરો કાબા સે
અગર મિલતા ન મયખાના,
તો ઠુકરાયે હુએ ઈન્સાં
ખુદા જાને કહાં જાતે

હિંદુ દેવાલય હો કે ઈસ્લામી તીર્થસ્થાન હો ! આ પવિત્ર કહેવાતાં સ્થળોના કર્તાહર્તા એવા હોય કે અહીં માનવની (ને માનવતાની યે) કેટકેટલી ઉપેક્ષા થતી હોય છે! આવા ઉપેક્ષિત લોકો, ઠુકરાવાયેલા લોકોને - પોતાનું લાગે એવું, સહાનુભૂતિભર્યું સ્થાન-મયખાનું ન મળત, તો એ બિચારા લાચાર લોકો બીજે ક્યાં જાત !

મનની આવી દશામાંયે એની ખુમારી ને ખુદ્દારી કેવી અનન્ય છે, જુઓ-

હમને બના લિયા હૈ
નયા ફિર સે આશિયાં,
જાઓ, યે બાત ફિર
કિસી તૂફાન સે કહો !

એકવાર આંધીમાં, તોફાનમાં અમારો માળો વીંખાઈ ગયો-પીંખાઈ ગયો, નષ્ટ થઈ ગયો ! પણ હવે અમે ફરી અમારો માળો બાંધી લીધો છે, ઘર વસાવી લીધું છે; જાઓ, જઈને પેલા તોફાનને આની જાણ કરી દો ને કહો -થાય તે કરી લે! ❑

# જૈન શાસનમાં શક્તિ ઉપાસના

❑ અનવર આગેવાન

સૃષ્ટિના સૃજનમાં નારીનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. નારીનું માતૃ સ્વરૂપ મંગલ હોવાથી "માતૃશક્તિ" રૂપે તેની પૂજા પ્રાચીન-કાળથી થતી આવી છે. માતૃ-પૂજાની આ પરંપરા વિશ્વના દરેક ધર્મમાં જોવા મળે છે. દરેકના નામ અને રૂપ ભિન્ન ભિન્ન હોવા છતાં એટલી બધી સમાનતા જોવા મળે છે કે, તે બધાએ એક જ સ્તોત્રથી વિચારો અને ઉપાસનાને ગ્રહણ કર્યા છે.

અન્ય ધર્મોની જેમ જૈન ધર્મમાં પણ શક્તિ ઉપાસનાની દીર્ઘકાલીન પરંપરા જોવા મળે છે. વેદ-સાહિત્યમાં જે રીતે અદિતિ, શચી, પૃથ્વી આદિને દેવીની કોટિમાં મૂકીને આદિશક્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી છે, તેવી જ રીતે જૈન ધર્મમાં તીર્થંકરોની માતાઓ, શાસનદેવીઓ અને વિદ્યાદેવીઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

જૈન સાહિત્યમાં શક્તિ ઉપાસનાનો ઉલ્લેખ જૈન ધર્મના પ્રારંભિક કાળથી જોવા મળે છે. ભગવાન મહાવીરના નિર્વાણનાં ૧૭૦ વર્ષ પછી એટલે કે, વિક્રમથી ૩૦૦ વર્ષ પહેલાં શ્રી ભદ્રબાહુસ્વામીના "ઉવસગ્ગહરમ્"માં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે: પદ્માવતી અને તેના પતિ ધરણેન્દ્રની સહાયતાથી શ્રીભદ્રબાહુ સ્વામીનો સંઘ એક વ્યંતર (યક્ષાદિ)ના ઘોર ઉપસર્ગથી બચી ગયો હતો.

મુનિ સુકુમારસેન સ્વરચિત "ભૈરવ-પદ્માવતી કાવ્ય"માં શક્તિના સમન્વયાત્મક સ્વરૂપને વર્ણવતાં કહે છે:

તારા ત્વં સુગતાગમે ભગવતી ગૌરીતિ શૈવાગમે,
વજ્રા કૌલિકશાસને જિનમતે પદ્માવતી વિશ્રુતા.
ગાયત્રી શ્રુતિશાલિની પ્રકૃતિરિત્યુક્તાસિ સાંખ્યાગમે,
માતર્ભારતિ કિં પ્રભૂતભણિતે વ્યાપ્ત સમસ્તં ત્વયા.

માતા ભારતી ! તમે સુગતામમાં તારા, શૈવાગમમાં ભગવતી ગૌરી, કૌલશાસનમાં વજ્રા, જૈનમતમાં પદ્માવતી, વેદોમાં ગાયત્રી,સાંખ્યાગમમાં પ્રકૃતિના નામથી વિશ્રુત છે. તમે સમસ્ત ચરાચરમાં વ્યાપ્ત છો.

જૈન ધર્મમાં શક્તિની ઉપાસના વિવિધ રૂપે જોવા મળે છે. અધ્યયનની સુગમતા માટે તેમનાં નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય.

(૧) તીર્થંકરોની માતાઓ, (૨) શાસનદેવીઓ, (૩) વિદ્યાદેવીઓ, (૪) દીક્ષિતદેવીઓ, (૫) દિક્કુમારિકાઓ, (૬) સરસ્વતી, (૭) લક્ષ્મી. આ દૃષ્ટિએ શક્તિ ઉપાસના માટે દેવીઓની મૂર્તિઓ તૈયાર કરવામાં આવી અને મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું. તેની સ્તુતિ અને પ્રાર્થના માટે સ્તોત્રોની રચના પણ થઈ છે. દેવીઓની સ્તુતિ માટે રચાયેલા જૈન સ્તોત્ર પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્યમાં વિપુલ પ્રમાણમાં મળે છે.

આ આરાધ્યદેવીઓમાં આપણે ઉપયોગિતા, પ્રભાવ વગેરેના આધારે આ દેવીઓને બે ભાગમાં વહેંચી શકાય. અલ્પચર્ચિત અને બહુચર્ચિત. અલ્પચર્ચિત દેવીઓમાં તીર્થંકરોની માતાઓ, વિદ્યાદેવીઓ, દિક્કુમારિકાઓ તથા લક્ષ્મી. જ્યારે બહુચર્ચિત દેવીઓમાં શાસનદેવીઓ, પ્રબોધિત અને દીક્ષિતદેવીઓ તથા સરસ્વતીનાં નામ ગણાવી શકાય.

અલ્પચર્ચિત દેવીઓમાં તીર્થંકરોની માતાઓ સિવાય સોળ વિદ્યાદેવીઓ છે. એમનાં નામ આ પ્રમાણે છે :

રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશ્રૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રેશ્વરી, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાન્ધારી, સર્વાસ્ત્રમહાજવાલા, માનવી, વૈરોટી, અચ્છુપ્ટા, માનસી, મહામાનસી.

આમાં બાર નામ એવાં છે, જે તીર્થંકરોની શાસનદેવીઓની સૂચિમાં પણ છે. આ શાસનદેવીઓનો ઉલ્લેખ આગળ જતાં બહુચર્ચિત દેવીઓ રૂપે કરવામાં આવ્યો છે.

છ દિક્કુમારિકાઓ:- શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી જૈન મુનીઓ અપરિગ્રહી હોવાના કારણે તેમના દ્વારા લક્ષ્મીદેવીની આરાધના નહિ જોવા મળે. પરંતુ જૈન ગૃહસ્થો લક્ષ્મીની પૂજા-અર્ચના નિરંતર કરતા જોવા મળે છે. લક્ષ્મીનો અંતર્ભાવ દિક્કુમારિકાઓમાં થઈ જાય છે.

બહુચર્ચિત દેવીઓ આ પ્રમાણે છે :- તેમાં શાસનદેવીઓ પ્રથમ છે: ચોવીસ તીર્થંકરોની ચોવીસ શાસનદેવીઓ આ પ્રમાણે માનવામાં આવે છે:- ચક્રેશ્વરી, રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશ્રૃંખલા,

વજ્રાંકુશા, અપ્રતિ ચક્રેશ્વરી, પુરૂષદત્તા, જવાલામાલિની, મનોવેગા, મહાકાલી, ગૌરી, ગાંધારી, વૈરોટી, સીલસા, અનંતમતી, માનસી, મહામાનસી, જયા, વિજયા, અપરાજિતા, બહુરૂપિણી, અંબિકા, પદ્માવતી, સિધ્ધાયની.

આમાં પદ્માવતી, અંબિકા, ચક્રેશ્વરી અને જવાલામાલિની, દેવીઓ પહેલેથી બહુ જાણીતી છે. તેમનું નિરૂપણ અહીં રસપ્રદ બનશે.

પદ્માવતી દેવી : પદ્માવતી દેવી ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની શાસનદેવી નયવિમલસૂરિ (૧૧મી સદી)ના શંખેશ્વર પાર્શ્વનાથસ્તવનમાં પદ્માવતીને સરસ્વતી, દુર્ગા, તારા, શક્તિ, અદિતિ, લક્ષ્મી, કાલી, ત્રિપુરસુંદરી, ભૈરવી, અંબિકા અને કુંડલિની કહીને વર્ણવે છે. આ દેવીના ચાર હાથ છે. જમણા તરફનો એક એક હાથ વરદ મુદ્રામાં છે, બીજો અંકુશથી શોભે છે. ડાબી બાજુના હાથમાં દિવ્ય ફળ અને બીજામાં પાશ છે. દેવીનાં ત્રણ નેત્રો છે. દેવીના માથા પર ત્રણ કે પાંચ ફણોનો મુકુટ છે. તેને કર્કટનાગ-વાહિની કહે છે. પદ્માવતી દેવી ભારતનાં અનેક પ્રાચીન જૈન મંદિરોમાં તથા યતિઓના ઉપાશ્રયોમાં વિદ્યમાન છે.

આ દેવીના કાર્ય વિશે કહેવાય છે કે દેવી પોતાના રૌદ્રરૂપથી અત્યાચારીઓનો નાશ અને સૌમ્યરૂપથી વિશ્વનું કલ્યાણ કરે છે. ભગવાન પાર્શ્વનાથના લોકવિશ્રુત પ્રભાવ અને તેમનાં ઘણાં ક્ષેત્રોના ઉદ્‌ભવમાં માતા પદ્માવતીનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. પદ્માવતીદેવીની સ્તુતિરૂપે ત્રીજી શતાબ્દીથી સોળમી સુધીમાં ઘણું સાહિત્ય સતત લખાયું છે.

અંબિકા:- દેવી અંબિકા બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનની શાસનદેવી તરીકે પ્રસિધ્ધ છે. તેમનું નિવાસસ્થાન ગિરનાર પર્વત છે. અંબિકાની ખૂબ કીર્તિ હોવાથી તેરમી સદીના મૂર્તિકારોએ તેમની મૂર્તિઓ ભગવાન ઋષભદેવ સાથે કંડારી દીધેલી પણ મળે છે. આ પણ ચાર હાથવાળાં દેવી છે. બે હાથમાં આમ્રની ડાળી અને પાશ લીધા છે તથા બેમાં અંકુશ અને પુત્ર ધારણ કર્યાં છે. દેહનો રંગ સુવર્ણ અને વાહન સિંહ છે. આ દેવીના હાથની સંખ્યા વિશે શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયોમાં મતભેદ છે. આ દેવી પૂર્વભવમાં માનવી હતી અને દેહ છોડયા પછી દેવી બન્યાં. જૈન શાસનની સમૃધ્ધિ માટે યોગદાન, યુગપ્રધાન પદ માટે યોગ્ય વ્યક્તિ રૂપે જિનદત્તસૂરીને સંકેત આપ્યો, વગેરે કાર્યો આ દેવીએ સંપન્ન કર્યાં છે. (આ દેવીનું અપર નામ કુષ્માણ્ડી દેવી છે.)

ચક્રેશ્વરી :- દેવી ચક્રેશ્વરી ભગવાન ઋષભદેવનાં શાસન દેવી કહેવાયાં છે. તેમનાં દસ હાથ અને ચાર મુખ બતાવવામાં આવ્યાં છે. ક્યાંક આ દેવીના ચારથી સોળ હાથ બતાવવામાં આવ્યા છે. પ્રત્યેક હાથમાં ચક્ર ધારણ કર્યું છે. આથી ચક્રેશ્વરી કહેવાયાં છે. તેમનું વાહન ગરુડ છે. (અપવાદ રૂપે વિકલ્પે સિંહ પણ હોય છે.) દુર્ગાસપ્તશતીમાં ગરુડવાહિનીદેવીને વૈષ્ણવીના નામે ઓળખાવામાં આવે છે. આ દેવી ખૂબ ઉદાર, વજ્ર જેવી કઠોર અને ફૂલ જેવી કોમળ છે.

જવાલામાલિની :- દેવી જવાલામાલિની આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભાસ્વામિની શાસનદેવી છે. જવાલાની માલા ધારણ કરતી હોવાથી તેને જવાલામાલિની કહે છે. કરાલોગી વહ્નિ પણ તેનું નામ છે. તેમના આઠ હાથ બતાવવામાં આવ્યા છે. જેમાં ક્રમશ: ત્રિશૂળ, પાશ, ઋષ, કોદંડ, કાન્ડ, ફળ, વરદ અને ચક્રને ધારણ કરેલાં છે. દેવીનું વાહન મહિષ છે.

આ દેવીઓ પર સમગ્રરૂપે અધ્યયન કરવાથી આપણને કેટલીક હકીકતો જાણવા મળે છે.

કેટલીક શાસનદેવીઓ તીર્થંકરોના ગુણો અથવા પૂર્વભવમાં તેમના પ્રત્યે કરેલા ઉપકારોથી પ્રેરિત થઈને તેમનું સંરક્ષણ કરવા તત્પર હોય છે.

વિઘ્નો અથવા અવરોધોનો વિનાશ, ઉપસર્ગ-શાંતિ અને જનકલ્યાણ એ આ દેવીઓનું મુખ્ય કાર્ય છે.

આ દેવીઓનાં વાહન, આયુધ તથા સ્વરૂપોમાં ભિન્નતા જોવા મળે છે. આ બધી દેવીઓની પાષાણ અને ધાતુની પ્રતિમાઓ મળી આવે છે. શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોમાં આ દેવીઓની ઉપાસના પ્રચલિત છે. જોકે અંબિકા વગેરે દેવીઓનાં હાથો અને આયુધોના સંબંધમાં એકમત નથી.

આ દેવીઓ પોતાના આરાધકોને વરદાન આપનાર, આભિચારક ક્રિયાઓને નિષ્ફળ બનાવનાર, શાસ્ત્રાર્થમાં વિપક્ષને પરાસ્ત કરનાર, જૈનસંદેશને ઘરેઘરે પહોંચાડનાર, તામસિકતાનો નાશ કરનાર, કીર્તિ તથા સિધ્ધિની દાતા માનવામાં આવે છે.

ભારતમાં કોઈ એવો ધર્મ કે સંપ્રદાય નથી જેમાં વિદ્યાની અધિષ્ઠિતા દેવી સરસ્વતીને માન્યતા આપવામાં આવી ન હોય. જૈનધર્મમાં સરસ્વતીની ચતુર્ભુજ મૂર્તિઓ મળે છે. જમણી તરફનો એક હાથ અભયમુદ્રામાં તથા બીજામાં કમળ છે. ડાબી બાજુના હાથમાં ગ્રંથ તથા અક્ષર માળા છે. દેવીનું વાહન હંસ છે. સરસ્વતી શ્વેત વર્ણની તથા ત્રિનેત્રી છે. તેના કેશકલાપમાં બાલેન્દુ શોભે છે. સર્વશ્રી મલ્લિષેણસૂરી, વિજયકીર્તિ, અર્હદાસ, ધર્મદાસ, ધર્મસિંહ, બપ્પભટ્ટ વગેરે પ્રાચીનકાળના પ્રસિધ્ધ આચાર્યો તથા વિદ્વાનોએ પ્રાકૃત તથા સંસ્કૃત ભાષામાં સરસ્વતીકલ્પ વગેરેની રચના કરી છે. જૈન મંદિરોમાં ઘણાં સ્થળે સરસ્વતીની કળાપૂર્ણ અને ચિત્તાકર્ષક મૂર્તિઓનાં દર્શન થાય છે.

બહુ જાણીતી દેવીઓનો વર્ગીકરણમાં દીક્ષિત દેવી રૂપે આપણે "સચ્ચિયા માતા"ને જાણીએ છીએ. આ દેવી હિંદુ દેવી ચામુન્ડાનું જૈન રૂપ છે. રૂપપરિવર્તનની કથા આ પ્રમાણે છે: આ રૌદ્રરૂપદેવી પશુબલિથી તૃપ્ત થવાની હતી. જૈન પ્રજા એ જ રૂપે તેને પૂજતી હતી. તેરમી સદીમાં રત્નપ્રભસૂરિજીએ જૈનોને આ દેવીની આરાધના કરવા અને મંદિરોમાં જતા અટકાવ્યા. પરંતુ જૈન પ્રજા આ દેવીના કોપ અને પોતાના પરિવારના વિનાશની કલ્પનાથી ડરવા લાગી. આથી શ્રીસૂરિજીના કથનની કોઈ અસર થઈ નહિ. એથી શ્રીસૂરિજીએ આ દેવીને જ જૈનધર્મમાં દીક્ષિત કરી દીધાં. એકવાર દેવીએ સ્વયં આવીને સૂરિજી પાસે ભક્ષ્ય માગ્યો. મિષ્ટાન ધરવામાં આવ્યું, પણ દેવીએ તેનો સ્વીકાર કર્યો નહીં. કારણકે, તે માંસથી તૃપ્ત થતાં હતાં. પરંતુ શ્રી સૂરિજીએ તેમને બોધ આપ્યો અને તેથી દેવી ત્યારથી પછી અહિંસક બન્યાં અને માંસના પ્રસાદનો ત્યાગ કર્યો.

આ જ પ્રમાણે "કુરુકુલ્લા" નામની દેવી પણ જૈનોની આરાધ્ય છે. એ સર્પોની દેવી ગણાય છે. શ્રી સૂરિજીએ તેમને ભૃગુકચ્છમાં પોતાના ધર્મની દીક્ષા આપી હતી. સૂરિજીનાં વ્યાખ્યાનોથી દેવી ખૂબ પ્રસન્ન થયાં. મહાપંડિત રાહુલ સાંકૃત્યાયને આ દેવીને વજ્રયાની બૌધ્ધોની તાંત્રિક સંપ્રદાયની દેવી ગણે છે, જેની પૂજા જૈન ધર્મમાં તેરમી સદીથી શરૂ થઈ. આ દેવીને, ધન, પુત્ર, સ્વાસ્થ્ય અને સૌભાગ્ય પ્રદાન કરનારી માનવામાં આવે છે. તેમની કૃપાથી "કેવળ જ્ઞાન" પ્રાપ્ત થાય છે, જે જૈન સાધકોનું અંતિમ મુખ્ય લક્ષ્ય છે. આ સર્વ દેવીઓની સિધ્ધિ માટે મંત્ર-જાપ, સ્તોત્ર-પાઠ, વગેરે જૈનધર્મમાં સારા પ્રમાણમાં પ્રચલિત છે. હિંદુઓમાં શક્તિઉપાસનાનો પ્રચાર વૈદિકકાળથી ચાલ્યો આવે છે. બૌધ્ધોમાં પણ આ પરંપરા તાંત્રિક વજ્રયાની બૌધ્ધોથી શરૂ થઈ. જૈન, બુધ્ધ અને હિંદુઓમાં પૂજિત દેવીઓના તુલનાત્મક અભ્યાસથી જાણી શકાય કે, એ સર્વની દેવીઓનાં નામ, કાર્ય, સ્વરૂપ, સાધના પધ્ધતિ વગેરે લગભગ એક જ સરખાં છે. માત્ર ભાષાને કારણે નામભેદ જોવા મળે છે. ❑

(6)



# આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ !

❑ 'સત્સંગી'

પ્રખ્યાત અમેરિકન સાહિત્યકાર આર્થર મિલરનાં પ્રખ્યાત નાટક 'All My Sons - મારા બધા પુત્રો'માં જો કેલરનું પાત્ર પિતા તરીકેનું છે. જો કેલર અને સ્ટેવ ડીવર ભાગીદારીમાં ધાતુનાં સાધનો બનાવવાનું કારખાનું ચલાવે છે. વિશ્વયુધ્ધ દરમ્યાન અમેરિકાના હવાઈદળને વિમાનના એન્જિનના ખામીવાળા ભાગો પૂરા પાડવા બદલ જો કેલર પર અદાલતમાં કામ ચલાવવામાં આવે છે, કારણ કે ખામીવાળા ભાગોને લીધે યુવાન વિમાનચાલકોનાં મૃત્યુ થયાં હતાં. પરંતુ જો કેલર સઘળો દોષ તેના ભાગીદાર સ્ટેવ ડીવર પર ઢોળી દે છે. પરિણામે, સ્ટેવ ડીવર ગુનેગાર સાબિત થાય છે અને તેને જેલમાં જવું પડે છે. જો કેલરના બે પુત્રો લેરી અને ક્રિસ અમેરિકાના લશ્કરમાં જોડાયા હતા અને પોતાના દેશ માટે સહૃદયતાથી લડતા હોય છે. લેરીનું વેવિશાળ સ્ટેવ ડીવરની પુત્રી એન સાથે થયું હોય છે, પરંતુ જયારે લેરીને તેના પિતાના ગુનાની જાણ થાય છે ત્યારે તે આત્મહત્યા કરી લે છે. ત્યાર પછી ક્રિસ એન સાથે પરણવા માગે છે અને પોતાની રીતે જીવવા માગે છે. પિતાના ભ્રષ્ટાચાર અને તેને લીધે પોતાના ભાઈ લેરીનાં મૃત્યુથી વ્યથિત બનેલા ક્રિસ પોતાના પુત્રો માટે પ્રાપ્ત કરેલી સંપત્તિ બદલ પુત્રોની વિશેષ ચાહનાની આશા રાખતા પિતા જો કેલર વચ્ચેનો સંવાદ હૃદયસ્પર્શી છે, વર્તમાન સમયના સંદર્ભમાં પણ મનનીય છે.

જો કેલર પોતાના પુત્રો માટે મેળવેલી સંપત્તિની ભૂમિકા પર પોતાના ભ્રષ્ટાચારનો ભાવપૂર્વક બચાવ કરે છે. પોતાના બચાવ અંગે સંપૂર્ણ રીતે સમાધાનકારી સત્ય બોલતો હોય તેમ જો કેલર કહે છે, 'Chris, a man can't be a jesus in this World !' 'ક્રિસ, આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ !' જ્યારે કોઈ માણસે ભૂલ કરી હોય છે ત્યારે પોતાની ભૂલનો એકરાર કરવાને બદલે આવાં વિધાનો ઉચ્ચારીને આશ્વાસન મેળવે છે : 'આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ !' 'દરેક જણ ગાંધીજી બની શકે નહિ !' 'આપણે થોડા જ હરિશ્ચંદ્ર કે યુધિષ્ઠિર છીએ !' માણસનાં જાતીય જીવનમાં શિથિલતા થઈ હોય તો તે કહે છે, 'બ્રહ્મા અને શિવજી જેવા ભૂલ ખાઈ ગયા તો હું શી વિસાતમાં ?'

પોતે જે કરે છે તે બરાબર છે તેમ જ તે યોગ્ય વ્યક્તિ છે અને તેનું જીવન યોગ્ય છે એમ પોતાના મનમાં માનવું અને દુનિયા પણ તેમ માને તો તેને યોગ્ય લાગે, આનંદ રહે એવો માણસનો સ્વભાવ છે. તેનાથી કંઈ ભૂલ થાય તો તે તરત જ બચાવ કરવા લાગે છે : 'આવા સંજોગો હતા અથવા ફલાણી વ્યક્તિએ મને ખોટી દોરવણી આપી તેથી આમ થયું ને તેમ થયું વગેરે વગેરે.' માણસને પોતાની જાત સાથે પણ પોતાની ભૂલ કબૂલ કરવી ગમતી નથી, પોતાનો દોષ સ્વીકારવો ગમતો નથી. પોતાનો અહમ્ ઘવાય, પોતાની જાત આગળ ખામીવાળા દેખાવું અને અન્યથી ઊતરતા હોવાનું સહૃદયતાથી સ્વીકારવું માણસને અત્યંત દુઃખદ લાગે છે. પરિણામે, પોતાની ભૂલ જાહેર થાય ત્યારે તે જાતજાતની દલીલોથી બચાવ કરવા લાગે છે. બચાવના આખરી સમાધાન તરીકે 'આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ !' 'માણસ ગાંધીજી બની શકે નહિ !' વગેરે વિધાનો ઉચ્ચારીને માણસ અનેરું આશ્વાસન મેળવે છે.

આ પ્રકારનાં વિધાનોમાં જે આશ્વાસન રહેલું છે તે માણસને પોતાનું માનસિક જીવન ટકાવી રાખવા માટે અવશ્ય ઉપયોગી છે. ખરું જોતાં, આવાં વિધાનોનો મર્મ એ છે કે તેમના દ્વારા માનસિક રાહત મેળવીને પોતાના જીવનનું નીતિના માર્ગે સહૃદયતાથી ઘડતર કરતા રહેવું પરંતુ આવા કોઈ પ્રયાસને બદલે કોઈ ભૂલ થયા પછી કહી દેવું કે માણસ જીસસ બની શકે નહિ અને પોતાના જીવનને સુધારવાની દિશામાં પગલું ભરવાને બદલે ભૂલો કરતા રહેવું એતો પોતાની જાતને પણ છેતરવા બરાબર જ છે. જ્યારે માણસ કંઈ ખોટું કાર્ય કરીને પોતાનો બચાવ કરે છે કે માણસ જીસસ બની શકે નહિ ત્યારે તે એમ પણ વિચારવા લાગે છે કે પોતે જે કર્યું તે સ્વાભાવિક ગણાય અને તેથી આ અંગે ભૂલનો સ્વીકાર કે પશ્ચાત્તાપ કરવા જેવું પોતાને પક્ષે કંઈ રહેતું નથી. એટલે આવી માન્યતાની ભૂમિકા પર માણસ ફાવે તેમ વર્તતો આવ્યો છે અને વર્તે છે જે આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ. આ પ્રકારના સંદર્ભમાં 'આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ !' વિધાનનું આશ્વાસન વૈયક્તિક જીવન માટે તેમ જ સમાજ માટે ખતરનાક ગણાય.

પહેલી વાત તો એ કે માણસ જીસસ બને એવો આગ્રહ કોઈ સેવતું નથી. અંગત રીતે પણ જીસસ બનવાનો ભાર રાખવાની કોઈને જરૂર પણ નથી. જીસસના ત્યાગ, સત્ય, બલિદાન, પ્રેમ, ક્ષમાભાવ વગેરે કેળવવાં એ તો ઘણી જ મહાન અને અત્યંત ગહન બાબત છે. પરંતુ તેથી એમ ફલિત થતું નથી કે માણસે શેતાન બનવું. રામ બની ન શકાય માટે રાવણ બનવું અને કહેવું કે આ દુનિયામાં માણસ રામ બની શકે નહિ એ તો કેવળ પોતાની નિર્બળતાના બચાવની પ્રયુક્તિ છે. ભગવાન રામે પિતાનું વચન પાળવા માટે ૧૪ વર્ષ વનવાસ વેઠયો. આજનો યુવાન રામની જેમ પિતાનું વચન પાળી ન શકે એ માન્ય રાખીએ, પણ તેનો અર્થ એવો નથી થતો કે આજના યુવાને પોતાના વૃધ્ધ માબાપ જે તેના હિતની વાત કહે તે ન સાંભળવી અને તેમની થોડી સેવાચાકરીને ત્રાસ ગણીને કેવળ પોતાની દુનિયામાં જ રાચવું. વર્તમાન સમયના રાજકારણીઓને દેશના હિતમાં થોડો ત્યાગ કરવો પડે એવી વાત બને ત્યારે તેઓ એમ બોલી ઊઠે, 'એમ આ દુનિયામાં ગાંધીજી ન બનાય અને તેવી આશા રાખવી અસ્થાને છે' એમાં રાજકારણીઓની શોભા ન ગણાય. તેનું કારણ એ છે કે વાસ્તવમાં અહીં ગાંધીજીનો જે ત્યાગ હતો તેવા ત્યાગનો અંશ પણ હોતો નથી. માત્ર નેતાઓને છાજે તેવા અલ્પ ત્યાગની જ બાબત હોય. તેવા વેપારીને પક્ષે અલ્પ નફો ઓછો લેવાની વાત આવે અથવા ગ્રાહકોનું સ્વાસ્થ્ય જોખમાવાની દષ્ટિએ ભેળસેળથી દૂર રહેવાની વાત આવે ત્યારે વેપારી એમ કહેવા લાગે છે, 'અમે પાંચ પૈસા કમાવા બેઠા છીએ અમે હરિશ્ચંદ્રના અવતાર બની ન શકીએ!' આ બધામાં અલ્પ ત્યાગ માટે પણ માણસમાં તિતિક્ષા નથી અને કહેવાતી સલામતીના હાઉનું વર્ચસ્વ કેટલું પ્રબળ છે એ દેખાઈ આવે છે.

વળી, જો કેલરનાં વિધાન 'આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ'માં 'આ દુનિયામાં' શબ્દો વિચારપૂર્વક ઉચ્ચારવામાં આવ્યા છે. તેમાં એક અર્થ એવો હોઈ શકે કે આ દુનિયામાં ભ્રષ્ટાચાર કોણ

અનુકરણ કરવું ખતરનાક છે એવી સમજ એ માણસે પોતાનાં સમગ્ર હિતની દષ્ટિએ કેળવતા રહેવું જોઈએ અને તે વિચારશક્તિ તેનામાં અવશ્ય રહેલી છે.

ઉપરોક્ત વિધાનમાં 'આ દુનિયામાં' શબ્દોનો બીજો અર્થ એ હોઈ શકે કે આ દુનિયામાં જીવનજરૂરોથી માંડીને સંતાનોને ભણાવવાં અને પરણાવવાં સુધીની બાબતો માટે પૈસા સારા પ્રમાણમાં જોઈએ છે. મળતા પગારમાંથી કે પ્રામાણિક રીતે કમાણી કરવાથી એટલા પૈસા મળી શકે નહિ. માટે ભ્રષ્ટાચાર જ તેનો એકમાત્ર ઈલાજ છે એવું માણસને હૈયે વસતું રહેલું છે. પરંતુ સૌને મળતા પગારમાંથી અથવા પોતાની પ્રામાણિક કમાણીથી પોતાનો જીવનવ્યવહાર ચાલે અને આનંદ પણ રહે એવા વાતાવરણની રચનાનો વિચાર કરવા બહુ જ થોડા લોકો તૈયાર છે. એનો સાદો દાખલો એ છે કે સાધનસંપન્ન લોકો તેમનાં બાળકોને જ્યાં મોટી ફી ભરવી પડે તેવી શાળાઓમાં સહર્ષ મોકલે છે. પરંતુ ઓછી ફી લેનારી જે સામાન્ય નબળી શાળાઓ છે તે શાળાઓનાં શિક્ષણ અને વાતાવરણ યોગ્ય બને અને સૌ કોઈનાં બાળકોને સારું શિક્ષણ મળે એવા તંદુરસ્ત પ્રયાસો માટે બહુ ઓછા લોકો રસ ધરાવે છે. આવી જ રીતે સૌનાં સુખ માટે રહેણીકરણી, રિવાજો, આનંદપ્રમોદની પ્રવૃત્તિઓ વગેરેમાં ઐચ્છિક સાદાઈ અને દ્રવ્ય સંગ્રહમાં ઐચ્છિક મર્યાદા અપનાવાય તો સૌ કોઈને માટે સલામતી અને પ્રસન્નતાનું વાતાવરણ રચાતું રહે. અહીં સામ્યવાદ કે સમાજવાદની હિમાયત લેશમાત્ર નથી, વાદ તરીકેનું નામ આપવું જ હોય તો ધર્મવાદ - ફરજવાદની હિમાયત અવશ્ય છે. પરંતુ આ દિશામાં દષ્ટિગોચર બનતા રહે તેવા અધ્યવસાયો ખાસ થતા નથી અને થતા હોય તો તે અલ્પજીવી હોય છે અથવા ખૂણેખાંચરે થતા હોય છે. પરિણામે, ભ્રષ્ટાચારનો માર્ગ અને તે અંગેના બચાવની દલીલો સરળ અને આકર્ષક સ્વરૂપ ધારણ કરતાં રહ્યાં છે.

'આ દુનિયામાં માણસ જીસસ બની શકે નહિ !' એવા જો કેલરનાં વિધાનમાં 'આ દુનિયામાં' શબ્દો પરથી ત્રીજો અર્થ પણ નીકળી શકે એમ કહેવાનું મન થાય છે. સાધુસંતો કહે છે તેમ આ દુનિયા આંસુભરેલી છે. સૌ કોઈને કંઈ ને કંઈ પીડા કે ત્રાસ રહેલાં છે. તેવી જ રીતે ચડસાચડસી, વૈમનસ્ય, ઈર્ષ્યા, દ્વેષ, તિરસ્કાર વગેરેથી જગત ખદબદે છે. આવા જગતમાં માણસને જોઈએ છે : સાંત્વન, પ્રેમ, હૂંફ, સહાનુભૂતિ અને જાતજાતનાં દબાણો, તંગદિલીઓ અને ગભરામણો અંગે નચિંતતા અને શાંતિ રહે એવુ સામે જરૂર છે દૈવી સત્તાની. દુનિયામાં કામ કરતાં અનિષ્ટ બળોથી આશ્રયસ્થાન ! ધાર્મિક ભાષામાં કહીએ તો, દુનિયામાં શેતાનની સત્તા પીડાતા લોકોના શોકગ્રસ્ત, ચિંતાગ્રસ્ત, ભયગ્રસ્ત, નિસ્તેજ અને નિરાશ ચહેરાઓ કોઈ જીસસ, ગાંધીજી કે હરિશ્ચંદ્રના માર્ગે ચાલે તેવું સૂચન અવશ્ય કરી રહ્યા છે. વિશેષ ને વિશેષ આત્મકેન્દ્રી બનતો જતો આજનો માણસ આવાં સૂચનને ગૂંગળાવી નાખે અને ભ્રષ્ટાચારના ચીલાચાલુ લોભામણા માર્ગે ચાલવાનું યોગ્ય ગણે તો તે તેની મરજીની બાબત છે. પરિણામે, આ દુનિયામાં માણસ જીસસ, ગાંધીજી કે હરિશ્ચંદ્ર બની શકે નહિ એવો મનગમતો પણ ખતરનાક આત્મબચાવ સદા રહેતો આવ્યો છે અને રહેવાનો, તે પ્રમાણેનું કરુણ ચિત્ર રહેતું આવ્યું છે અને રહેલું છે. ધર્મપુરુષો હોય છે ત્યારે જ સુખદ ચિત્ર હોય છે, પછી ધીમે ધીમે અંધકાર થતો જાય છે.

વાસ્તવમાં પોતાની ભૂલનો બચાવ કરીને શેતાનના માર્ગ પર ચાલતા રહેવું એ ગૌરવ લેવા જેવી બાબત નથી; વિશેષ પસ્તાવું પડે તેવી એ બાબત છે. માણસ ભૂલ કરે એ સ્વાભાવિક છે, પરંતુ થયેલી ભૂલનો સહૃદયતાથી પશ્ચાતાપ કરવો અને તે દ્વારા જીવનનો વળાંક ધર્મના માર્ગ પર વાળતા રહેવું એ સર્વથા શ્રેયપૂર્ણ છે. અહીં જૈન ધર્મમાં અગત્યની ગણાતી પ્રતિક્રમણની ક્રિયા સહજ રીતે યાદ આવી જાય છે. પ્રતિક્રમણ એટલે પાપનો પશ્ચાતાપ, અતિચારોની આલોચના, દોષોનું નિવારણ અશુભની નિવૃત્તિ, અપરાધો માટે ક્ષમાપના. પોતાના દોષો કે અતિચારો માટે પ્રાયશ્ચિત કરવું તથા તેને માટે ગુરુ કે વડીલ દ્વારા અપાતી જે કંઈ શિક્ષા હોય તે ભોગવવા તત્પર રહેવું અથવા પોતાના મનથી પણ પોતે સ્વૈચ્છિક શિક્ષા ભોગવવા પ્રવૃત્ત થવંને પણ પ્રતિક્રમણ કહી શકાય. પોતાના જીવનમાં જે કંઈ ભૂલ થઈ હોય તે ફરી ન થાય, જીવન સુધરતું જાય, મન શુધ્ધ થતું જાય અને આત્મા નિર્મળ બનતો રહે તે માટે જૈન લોકોની પ્રતિક્રમણની ક્રિયા સહજ રીતે આદર ઉત્પન્ન કરે છે એટલું જ નહિ, પરંતુ સહૃદયતાથી મહાવરો કરવા માટે પણ આકર્ષે છે.

ખ્રિસ્તી ધર્મમાં Confessions - કબૂલાત અને Retreat -પાછા વળવું અર્થાત્ પાપના માર્ગથી પાછા વળવું એવી ક્રિયાઓ છે. પરંતુ ખ્રિસ્તી ધર્મના અર્વાચીન ધર્મગુરુઓ પોતાનાં પાપની કબૂલાતની ક્રિયાને મનોવૈજ્ઞાનિક અર્થ આપે છે. માણસનાં જીવનમાં ભૂલ થવી સ્વાભાવિક છે અને ભૂલ થાય છે તેથી તે Sense of guilt- ગુનાની લાગણી અનુભવે છે જે તેનાં માનસિક જીવન માટે ઘણી હાનિકર્તા છે. ધર્મગુરુ આગળ પાપની કબૂલાત કરવાથી પાપ અંગે ક્ષમા મળે છે એવી ધાર્મિક શ્રધ્ધા રહેલી છે અને સાથે સાથે જીવન માટે મનોવૈજ્ઞાનિક અને ધાર્મિક દષ્ટિએ માર્ગદર્શન મળે છે, તેથી ગુનાની લાગણી રહેવા પામતી નથી. પરિણામે, જીવન આત્મવિશ્વાસથી આગળ ધપે છે, પોતાના વ્યવસાયમાં કાર્યક્ષમ બનાય છે, જીવનનો આનંદ મળે છે અને ધર્મના માર્ગ પર પ્રગતિ થતી રહે છે. પાપની કબૂલાતનો આ મનોવૈજ્ઞાનિક અર્થ યોગ્ય અને આવકારપાત્ર છે. આવો જ અર્થ જૈન ધર્મમાં પ્રતિક્રમણની ધાર્મિક ક્રિયામાં રહેલો જ છે. પરંતુ ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ તો ભૌતિક સુખને સર્વસ્વ ગણીને ભયંકર યુધ્ધોની દુનિયા સર્જી છે જે આઘાતજનક બાબત છે. ત્યારે જૈનોએ આત્મા વધુ ને વધુ નિર્મળ બને તેવાં આધ્યાત્મિક જીવનને સમૃધ્ધ બનાવવું યોગ્ય ગણ્યું છે. હિંદુ ધર્મમાં આવી ધાર્મિક ક્રિયા રહેલી છે કે નહિ તે ઘણા હિંદુઓને તો ખબર પણ નહિ હોય, ત્યારે જૈનોમાં પ્રતિક્રણની ધાર્મિક ક્રિયા તેમની દિનચર્યાનું નિયમિત અંગ છે જે સૌ કોઈને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

આ દુનિયામાં દરેક માણસ જીસસ કે ગાંધીજી બની શકે નહિ એવા વિધાનથી જે આત્માબચાવ થાય છે અને આશ્વાસન લેવાય છે તેમાં પોતાની ભૂલનો સ્વીકાર પણ નથી, તો પશ્ચાતાપ તો હોય જ શી રીતે? પોતાના ઈંદ્રિયજન્ય આનંદો અને કહેવાતી સલામતી માટે ભ્રષ્ટાચાર કરવો અનિવાર્ય છે એવી વિચારસરણી મનના ઊંડાણમાં સ્વીકૃત થાય છે. તેનાં સમર્થન માટે અન્ય લોકો ભ્રષ્ટાચાર કરે છે, માટે મારું શેતાનના માર્ગ પર ચાલવું સુસંગત છે એ દલીલથી પોતાની કંઈ ભૂલ થઈ રહી છે અને તે માટે પશ્ચાતાપ થવો જોઈએ એવી માનસિક સ્થિતિ માટેનો અવકાશ પણ કાઢી નાખવામાં આવે છે. વાસ્તવમાં, આ દુનિયા તો જે છે તે છે અને જીસસ કે ગાંધીજી થવાનો કોઈ પ્રશ્ન નથી; તેમ જ આ દુનિયાને સુધારવાની કોઈ ચિંતા પણ કરવાની જરૂર નથી. જે જરૂર છે તે તો પોતે પોતાની જાતને સુધારવાની છે. તે માટે આવા પ્રશ્નો પોતાની જાતને પૂછવાના છે. હું જૈન ધર્મની પ્રતિક્રમણની ધાર્મિક ક્રિયાના મર્મ પ્રમાણે ચોવીસ કલાકમાં બે વખત અથવા છેલ્લી બાકી એક વખત મારી જાતને તપાસું છું ? ભૂલનો પશ્ચાતાપ હું અનુભવું છું તે બદલ હું ક્ષમા માગું છું ? મારા આત્માને નિર્મળ બનાવવાના ધ્યેયને અનુલક્ષીને હું મારા જીવનનું ઘડતર કરતો રહું છું? પ્રશ્નોમાં જે જવાબોની અપેક્ષા રહેલી છે તે પ્રમાણે ઉત્સાહથી સક્રિય બનવામાં પોતાનાં કર્તવ્ય અને જીવનની સાર્થકતા રહેલાં છે. ❑

# ભારતને ભાંગી નાખવા હજી કેટલા જખમોની જરૂર છે ?

❑ વિજયગુપ્ત મૌર્ય

અમદાવાદ તા. ૧૭મી એપ્રિલના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના માત્ર પહેલા પાનામાં મુખ્ય સમાચારો ને શીર્ષકો નીચેના અર્થના હતાં.

* બિહારમાં રેલવે ટ્રેઈનમાં (ઉતારુઓથી ખીચોખીચ ભરેલા ડબામાં) ૧૦૦ ઉતારુઓ બળીને ભડથું થઈ ગયા.

* દિલ્હીની એક આગમાં સરદાર બજારની ૨૦૦ દુકાનો બળી ગઈ.

* દિલ્હીની એક બીજી આગમાં ગૌરવરૂપ આલીશાન વિજ્ઞાન ભવન બળીને ભસ્મીભૂત થઈ ગયું.

* પશ્ચિમ બંગાળની પ્રજાની જાનમાલની સલામતી માટે રાજ્ય સરકારની સૌથી વધુ ગંભીર ચેતવણી (રેડ એલર્ટ)

* સુરતમાં છરાબાજીમાં બે વધુ વ્યક્તિનાં મોત.

* ગોરખપુર (ઉત્તર પ્રદેશ) રેલવેના પાટા પરથી સાત બોમ્બ સમયસર મળી આવતાં અમૃતસરથી મુંબઈ આવતી ઉતારુ ટ્રેન બચી ગઈ.

* કાશ્મીરમાં આઠ ત્રાસવાદી પક્ષોને ગેરકાયદે ઠરાવવામાં આવ્યા.

ઉપરની ઘટનાઓ પૈકી દુર્ઘટનાઓનાં મથાળાં વાંચીને આઘાત લાગે છે તો આ દુર્ઘટનાઓનાં સવર્ણન સમાચારો વાંચવાથી કેટલી વ્યથા થતી હશે ચોવીસ કલાકમાં દેશને થયેલા બીજાં જખમોના સમાચાર આ અખબારનાં બીજા પાનાંઓ ઉપર વેરાયેલા હતા. તે બધું જોયા પછી વિચાર આવે છે કે આ રાંક દેશને ભાંગી નાખવા હજી કેટલા જખમો જોઈએ ? દેશના વિદેશી દુશ્મનો ઉપરાંત દેશની અંદર ગુનાહિત માનસ, ગુનાહિત બેદરકારી અને નાગરિક તરીકે ફરજ નહિ બજાવનારા અસંખ્ય માણસો છે કે જેઓ દેશની અને પ્રજાની જાન-માલની સલામતી ડગલેને પગલે ભયમાં મૂકે છે.

ઉતારુઓથી ભરચક રેલ્વે ટ્રેઈનમાં ગેસસિલિંડરો ચઢાવવામાં આવેલ હોય કે ગુનાહિત બેદરકારીથી પોતાના સામાન તરીકે ચઢાવવામાં આવેલ હોય તો પણ બંને રીતે રેલ્વે તંત્રની અક્ષમ્ય બેદરકારી ગણાય કારણ કે ગેસ સિલિંડર કંઈ એવી ચીજ નથી કે કોઈનું ધ્યાન ન ખેંચાય. ભંગારમાંથી ગેસ સિલિંડરનો ભંગાર મળી આવ્યો હતો. સ્ફોટક પદાર્થો ઉતારુને રેલ્વેમાં લઈ જવા સામે કાયદામાં સખત મનાઈ છે.

રાજધાનીમાં સંસદગૃહ પાસે આવેલું વિજ્ઞાન ભવન દેશના ગૌરવરૂપ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર સંસ્થા અને ઈમારત છે. આગ લાગી તે દિવસે રાજ્યોની અને કેન્દ્ર સરકારની ગુપ્તચર અધિકારીની મહત્ત્વની પરિષદ હતી. જો આગ અલ્પ સમય વહેલી લાગી હોત તો તેઓ તેમાં સપડાઈ ગયા હોત. અસાધારણ ઝડપથી વિશાળ વિજ્ઞાનભવન ભસ્મીભૂત થઈ ગયું એ જ દિવસે દિલ્હી સદર બજારમાં આગ લાગી તેમાં બસો જેટલી દુકાનો તેમના માલ-સામાન સહિત ખાખ થઈ ગઈ. તે દિવસે દિલ્હીમાં બીજી બે આગ લાગી અને બીજે અઠવાડિયે બીજી ચાર આગ લાગી જ્યારે શત્રુઓએ આકાશમાંથી બૉમ્બમારો કર્યો હોય એવો આ આગનો દેખાવ હતો. પણ શત્રુના ભાંગફોડિયા એજન્ટો ખુદ દિલ્હીમાં જ હતા. અઠવાડિયામાં આઠ જેટલી મોટી આગોમાં હજારો ઝૂંપડાં અને કેટલાક માણસો બળીને ખાખ ખઈ ગયાં.

ત્રાસવાદીઓનું મીશન રેલવે ટ્રેનો, બસો અને ગિરદીવાળા કે આગ ભભૂકી ઊઠે એવાં સ્થળો હોય છે. કાશ્મીરને પંજાબથી અને પંજાબને ભારતથી વિખૂટા પાડવાનું કાવતરું છે. જાણે કે સમગ્ર ઈશાન ભારતને બાકીના ભારતથી છૂટું પાડી નાખવામાં આવ્યું છે. પંજાબમાં તો રેલવે અને બસવ્યવહાર ઉપર એટલા બધા હુમલા થયા છે અને જાનમાલની એટલી બધી ખુવારી થઈ છે કે ગયા અઠવાડિયાના બનાવો નવા બનાવો પાછળ ઢંકાઈ જાય છે. ત્રાસવાદીઓની નીતિ દૂર સુધી ત્રાસ ફેલાવીને દેશની નૈતિક હિંમત ભાંગી નાખવાની છે. મુંબઈની ઉપનગરની ઉતારુ ટ્રેનમાં થયેલો બોમ્બધડાકો કેવો આતંક સર્જે છે તે તેનું દૃષ્ટાંત છે. દિલ્હીનાં અને મુંબઈનાં દુષ્કૃત્યો પોતાનું પરાક્રમ છે તેમ ત્રાસવાદીઓએ જાહેર કર્યું છે ત્યારે ભારતના ગૃહપ્રધાન શ્રી મુફતી મોહમ્મદ તેમ માનતા નથી!

ભારતની એકતા અને સ્વતંત્રતા આપણે જાળવી શકીશું કે કેમ ? તેનો આધાર કાશ્મીર અને પંજાબની પરિસ્થિતિ થાળે પાડી શકીશું કે નહિ તેના ઉપર અવલંબે છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે ભારત વિવિધ ધર્મો, જાતિઓ, ભાષાઓ, જ્ઞાતિઓ વગેરેમાં વહેંચાયેલો દેશ છે. અને જો કોઈ એક કે બે રાજ્યો વિસ્ફોટ કરીને અલગ થવામાં કે કેન્દ્રને નિર્બળ અને નિર્માલ્ય બનાવવામાં સફળ થાય તો બીજાં પણ કેટલાક રાજ્યો ભારતને ખંડિત કરતા અચકાશે નહિ. સમગ્ર દેશમાં રાષ્ટ્રવાદનું સ્થાન પ્રાદેશિક રાજ્યના ભાષાકીય કે ધર્મના રાષ્ટ્રવાદમાં વહેંચાઈ રહેલ છે. કાશ્મીરના ત્રાસવાદીઓની લડત ધર્મના ધોરણે રચાયેલ કાશ્મીરી રાષ્ટ્રવાદ પર આધારિત છે. બધા કાશ્મીરી મુસ્લિમો પાકિસ્તાનમાં જોડાવા નથી માગતા. જો લોકમતમાં એવો વિકલ્પ આપવામાં આવે કે તમારે ભારતમાં રહેવું છે, પાકિસ્તાનમાં ભળી જવું છે. કે મુસ્લિમ બહુમતીવાળું સ્વતંત્ર કાશ્મીર જોઈએ છે ? તો કાશ્મીરીઓ સ્વતંત્ર મુસ્લિમ કાશ્મીર પસંદ કરે એવો સંભવ વધારે છે. કાશ્મીરી દુન (ખીણ)માં જે બીન મુસ્લિમો છે તેમાંથી હજારો કુટુંબોની સંખ્યામાં મુખ્યત્વે હિન્દુઓને હાંકી કાઢવામાં આવી રહ્યા છે.

એવું જ પંજાબમાં બની રહ્યું છે. અકાલી શીખોએ પંજાબને શીખ બહુમતીવાળું રાજ્ય બનાવવા અને હિન્દીભાષી હરિયાણાને જુદું રાજ્ય બનાવવા ફરજ પાડી તે પછી કોમી હુલ્લડો વડે પંજાબમાંથી હિન્દુઓને હાંકી કાઢવાની પ્રવૃત્તિ શરૂ થઈ અને પંજાબને બહુમતી શીખરાજ્ય બનાવી દીધું. હવે અલગતાવાદી શીખો સ્વ. મહમદઅલી ઝીણાની ભાષામાં કહે છે કે અમે હિન્દુઓથી જુદી પ્રજા છીએ. માટે અમને ખાલિસ્તાન જોઈએ છે.

કાશ્મીર અને પંજાબની નીતિ-રીતિનું અનુકરણ ઈશાન ભારતમાં થઈ રહ્યું છે. આસામ રાજ્યમાં આસામ સરકારનું શાસન નથી. બે વિદ્રોહી પક્ષોએ આસામની પરિસ્થિતિ પંજાબ અને કાશ્મીર કરતાં ખરાબ કરી નાખી છે. એક પક્ષનું નામ છે યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઑફ આસામ. તેનો હેતુ ઈશાન ભારતમાં બીજાં રાજ્યો સહિત આસામનું સંયુક્ત - સ્વતંત્ર રાજ્ય રચવાનું છે અને તે બોમ્બ અને બંદૂકના જોરે મેળવવા માગે છે. અલગતાવાદીઓના અને વિશિષ્ટ

અધિકારો માગનારાઓના મનમાં ઠસી ગયું છે કે માગણીકારોએ તેને આંદોલનનું બળ આપવું. આંદોલનને હિંસા વડે ગંભીર બનાવવું અને પોતાને ટેકો ન આપતા હોય તેવા નિર્દોષ લોકોને ઠાર કરવા. એટલે સરકારરૂપી પથ્થરની પ્રતિમા પીગળશે અને વાટાઘાટ કરવા આવશે. કેન્દ્રના ગૃહપ્રધાન મુફતી મહમ્મદે આ બળવાખોર સામે કામ લેવાની જવાબદારી આસામ સરકાર ઉપર ઢોળી નાખી છે. ખેદજનક વાત એ છે કે આસામ સરકારમાં પ્રતિસ્પર્ધી પક્ષો છે અને આ બળવાખોરો સાથે સંસર્ગ મને સહાનુભૂતિ જાળવનારા પ્રધાનો પણ છે.

બળવાખોર બીજો પક્ષ બોડોજાતિના લોકોનો છે - તેઓ બ્રહ્મપુત્રાની ઉત્તરે પોતાનું રાજ્ય માંગે છે ! પરંતુ પશ્ચિમ બંગાળમાં ગોરખાઓને ઉત્તરે ગોરખાલૅન્ડ નામનો વિશિષ્ટ અધિકારવાળો જિલ્લો આપીને મનાવી લેવામાં આવ્યા તેમ બોડો લોકોને પણ બાજી હાથમાંથી જાય તે પહેલાં મનાવી લેવા જોઈએ. બોડો પણ આસામી જાતિ છે, હિન્દુ છે અને ભાષામાં પણ બહુ તફાવત નથી. આસામ સરકાર કેન્દ્રની સંયુક્ત મોરચાની સરકારની ટેકેદાર છે તેમ છતાં આ ત્રણે પક્ષો સમાધાન ઉપર આવી શકતા નથી. દરમ્યાન બોડો બળવાખોરોએ સેંકડો નિર્દોષ લોકોને રહેસી નાખ્યા છે.

ભારતના પડખામાં પ્રહારો કરનાર બીજા બળવાખોર પક્ષો મણિપુરમાં અને નાગપ્રદેશમાં છે. મણિપુરના બળવાખોરો સરહદપાર બ્રહ્મદેશમાંથી શસ્ત્રો અને આશ્રય મેળવે છે. તેઓ નાગ નેશનલ કાઉન્સિલના બળવાખોરો પોતપોતાના પ્રદેશોને ભારતથી સ્વતંત્ર કરવા માંગે છે.

શોષણ અને અન્યાય અલગ થવાની પ્રેરણા આપે છે. પશ્ચિમ બંગાળ, બિહાર, ઓરિસ્સા અને મધ્યપ્રદેશના આદિવાસીઓ શોષણ અને અન્યાયથી પીડાય છે. તેઓ પોતાનું ઝારખંડ નામનું રાજ્ય માગે છે.

ભારતથી અલગ અને સ્વતંત્ર થવાની વિચારણા દક્ષિણ ભારતમાં પણ સૂક્ષ્મ રીતે રહી છે. દાયકાઓ પહેલાં રામસ્વામી નાયકર નામના એક ઝનૂની દ્રવિડ આગેવાને હિન્દથી સ્વતંત્ર એવા દક્ષિણ ભારતના દ્રવિડસ્થાનની માગણી કરી હતી. દક્ષિણ ભારતનાં ચાર રાજ્યો પૈકી આંધ્ર, કર્ણાટક અને કેરલમાં દ્રવિડવાદ લુપ્ત નહિ તો સુષુપ્ત છે પણ શ્રીલંકામાં તમિળોને જે અન્યાચારો સહન કરવા પડ્યા તેથી તામિલનાડુમાં તમિળ રાષ્ટ્રવાદ જાગ્યો છે. ભારતીય જનતા પક્ષે જાણ કરી છે કે તામિલનાડુમાં પાંચ કરોડ રૂપિયાનાં અદ્યતન શસ્ત્રો પકડાયાં છે, પણ કોઈની ધરપકડ થઈ નથી.

પશ્ચિમ બંગાળમાં અત્યંત ભયસૂચક - રેડ એલર્ટ આપવાનું કારણ એ જણાય છે કે આનંદમાર્ગીઓ પાછા સક્રિય બનીને પ્રકાશમાં આવ્યા છે. ધર્મો અને રાજકારણ ભેગાં મળે ત્યારે કેવું ઝેર બને છે તે આપણે પંજાબમાં જોઈએ છીએ. આનંદમાર્ગી હિંસામાં માને છે અને ભૂતકાળમાં લોહી પણ રેડાયું છે. એવા સમાચાર આવ્યા છે કે તેમણે પશ્ચિમ બંગાળના ડાબેરી અને નિરીશ્વરવાદી કેટલાક નેતાઓને ખતમ કરવાની યાદી બનાવી છે. તેમાં મુખ્ય પ્રધાન જ્યોતિ બસુનું નામ પહેલું છે. ઊજળાં ભગવાં વસ્ત્રોમાં સાધુવેશમાં શસ્ત્રસજ્જ થયેલા આનંદમાર્ગીઓ પ્રાથમિક શાળાઓ દ્વારા પ્રજાને પોતાની ફિલસૂફીથી રંગે છે અને સામાન્ય ઊગતી પ્રજા પાસે સેવા દ્વારા પહોંચવાનો પ્રયાસ કરે છે. તે ધર્મ જમણેરી હિન્દુ કોમી પક્ષ છે અને પક્ષની અંદર લોખંડી શિસ્તનું પાલન કરાવે છે જેથી તેની પ્રવૃત્તિઓની ભયજનક બાજુ પ્રકાશમાં ન આવે.

એક વધુ અને ખતરનાક હિંસાવાદી પક્ષ નક્ષલવાદીઓ છે. ઉત્તર બંગાળમાં નક્ષલબારી નામનું સ્થળ છે. ત્યાં ચીન તરફી ડાબેરી સામ્યવાદી પક્ષ રચાયો હતો. તેના પરથી તેઓ નક્ષલવાદી તરીકે ઓળખાય છે. તેઓ ચીનના માઓની ઝનૂની આક્રમક નીતિમાં માને છે. જેમ માઓના ચીનમાં માઓવાદી સામ્યવાદ અને સામ્યવાદી માઓવાદ જેવા ભાગલા પડી ગયા છે અને તેઓ એકબીજા સામે શસ્ત્રોની ઝપાઝપીમાં પણ ઊતરે છે. સમગ્ર રીતે બધા નક્ષલવાદીઓ એમ માને છે કે સરકારી નોકરો, જમીનદારો, મૂડીવાદીઓ, શ્રીમંતો વગેરે આમજનતાનું શોષણ કરે છે. માટે તેમને મારી નાખવા જોઈએ નક્ષલવાદીઓનો વધુ પ્રભાવ આંધ્ર પ્રદેશમાં છે. કાશ્મીરમાં ત્રાસવાદી ઓએ અપહરણની પ્રવૃત્તિ શરૂ કરી તેનું અનુકરણ આંધ્ર પ્રદેશમાં નક્ષલવાદીઓએ પણ કર્યું. અવારનવાર નક્ષલવાદીઓ અને પોલીસ વચ્ચે શસ્ત્રોની ઝપાઝપી થાય છે અને લોહી રેડાય છે.

અલગતાવાદને વરેલા, હિંસા, કોમવાદ, પ્રદેશવાદ અને ભાષાવાદને વરેલા પક્ષો અને જૂથો ભારતની એકતાને ભાંગી નાખે એવા પ્રહારો કરી રહ્યા છે. દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવી શકે અને રોજ હણાઈ રહેલા નિર્દોષ માણસોને રક્ષણ આપી શકે એવા ગૃહપ્રધાન કેન્દ્ર સરકારમાં નથી. મુફતી મહમ્મદની પુત્રીનું કાશ્મીરમાં ત્રાસવાદીઓ અપહરણ કરી ગયા ત્યારે આ ગૃહપ્રધાનની પુત્રીને અપહરણ કરનારાઓ સાથે સમાધાન કરીને છોડાવી લાવવામાં આવી. પરંતુ હિન્દુસ્તાન મશીન ટૂલ્સના વડા શ્રી ખેરા અને બીજા બે મુસ્લિમ મહાનુભાવોનું અપહરણ થયું ત્યારે તેમને મરવા દેવાયા. કાશ્મીરના ત્રાસવાદીઓ સાથે વાટાઘાટ નહિ કરવામાં આવે એવી બહાદુર જાહેરાતો કરનારા ભારતના ગૃહપ્રધાન કાશ્મીરના ત્રાસવાદીઓ સામે નમી પડ્યા અને પોતાની દીકરીને છોડાવવા પાંચ ખતરનાક ત્રાસવાદીઓને જેલમાંથી છોડી મૂક્યા. એમ કહેવામાં આવે છે કે એક નિર્દોષ અબળાના અપહરણ સામે મુસ્લિમ જગતમાં વિરોધ થયો અને તે અપહરણ ઈસ્લામની વિરુદ્ધ છે એવી ટીકા થઈ ત્યારે અપહરણ કરનારાઓ મુફતી મહમ્મદની દીકરીને છોડી મૂકવાના જ હતા. ત્યાં મુફતી તેમના શરણે પહોંચી ગયા અને પાંચ ખતરનાક ત્રાસવાદીઓની મુક્તિની ભેટ ધરી દીધી !

ભારતને ભાંગી નાખે એવા કાયદાઓ અને વ્યવસ્થા ઉપરાંત બીજી ઘણી આધિ, વ્યાધિ અને ઉપાધિઓ છે. પરંતુ વી.પી. સિંહના પ્રધાનમંડળમાં એવા પ્રધાન ભાગ્યે જ હશે કે જે પોતાના ખાતાની સમસ્યાને પણ પહોંચી વળે. આ લઘુમતી સરકાર છે જેમાં રાષ્ટ્રીય મોરચામાં વિવિધ પક્ષોનો શંભુમેળો રચીને કૃત્રિમ સાદી બહુમતી રચવામાં આવી છે. અને તે પણ ભાજપ પોતાનો ટેકો પાછો ખેંચી લે તો કહેવાતા રાષ્ટ્રીય મોરચાની સરકાર કડડડભૂસ નીચે આવી પડે. પરંતુ નીચે આદમખોર પણ ઘવાયેલાં ભૂખ્યા સિંહ જેવા કૉંગ્રેસીઓ એવી તકની રાહ જોતા બેઠા છે એટલે વી.પી. સિંહની સરકાર કાચા દોરડાના આધારે ટકી રહી છે.

સ્વ. સરદાર પટેલે ગૃહપ્રધાન તરીકે ભારતના કાશ્મીર સહિત સેંકડો ટુકડા એકઠા કરીને અખંડ ભારતનું સર્જન કર્યું હતું. હવે એવા નેતા જોઈએ છે કે જેઓ આ સાંધાને તૂટી પડતા, વેરવિખેર થતાં અટકાવીને વધુ સંગઠિત કરે. એ દિવસ ક્યારે આવશે ? ❑

(૧૯)



# સંઘ આયોજિત વિવિધ કાર્યક્રમો

## ❑ આનંદઘનજીનાં સ્તવનોનો કાર્યક્રમ:

સંઘના ઉપક્રમે માર્ચ મહિનામાં તા. ૧૩, ૧૪ અને ૧૫ના રોજ આનંદઘનજીનાં સ્તવનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગત્ વર્ષ દરમિયાન સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનોનો જે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેના અનુસંધાનમાં, તે જ રીતે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે તેમાં ભક્તિ સંગીત અને પ્રવચન સાથે રાખવામાં આવ્યાં હતાં. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ મધુરકંઠે આનંદઘનજીના સ્તવનોની એક પછી એક કડીઓ વાદ્ય સંગીત સાથે ગાતાં હતા અને તે તે કડી ઉપર અર્થપ્રકાશરૂપે ડૉ. રમણલાલ શાહ પ્રવચન આપતા હતા. આ વખતના કાર્યક્રમમાં શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી સુમતિનાથ, શ્રી શીતલનાથ વગેરે તીર્થંકરોના સ્તવનો લેવાયાં હતાં. આ કાર્યક્રમનું સંયોજન અને સંચાલન શ્રીમતી રમાબહેન વોરા તથા શ્રી ઉષાબહેન મહેતાએ કર્યું હતું. સંઘના સભ્યોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

## ❑ વિદ્યાસત્રનાં વ્યાખ્યાનો :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૯૦ના રોજ સાંજના ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરનાં હોલમાં સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્રનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતા કવિ અને સાક્ષર તથા 'જન્મભૂમિ' અને 'પ્રવાસી' દૈનિકોના તંત્રી શ્રી હરીન્દ્રભાઈ દવેએ 'ગઝલનું સ્વરૂપ' અને 'કેટલીક કવિતાઓનો આસ્વાદ' એ બે વિષય પર પોતાનાં અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં.

'ગઝલનું સ્વરૂપ' વિશે બોલતાં તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ કાવ્યકૃતિને તત્વત: મૂળથી સમજવા માટે તેને વિવેકપૂર્વક પોતાની અંદર ઉતારવી જોઈએ. કવિતાના ઊંડાણમાં જઈએ ત્યારે જ આપણને તેના સ્વરૂપનો સાચો નકશો મળે છે. 'કેટલીક કવિતાઓનો આસ્વાદ' એ વિષય પર તેમણે જણાવ્યું હતું કે કોઈ કવિતા ત્યારે જ કવિતા બને છે જ્યારે તેનો અર્થ કવિએ કલ્પ્યો હોય એનાથી પણ આગળ જાય. જીવનમાં કદી કશું મૌલિક હોતું નથી. આપણા સંસ્કારમાંથી એને આપણે લાવીએ છીએ અને સમયની એરણ પર પસાર થાય એ કૃતિ જ ટકી રહે છે.

જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન ર. શાહે વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે હરીન્દ્રભાઈનાં બંને વ્યાખ્યાનોની સરસ સમીક્ષા કરી હતી. કાર્યક્રમના આરંભમાં શ્રીમતી કોકિલાબહેન વકાણીએ હરીન્દ્રભાઈની બે ગઝલો મધુર કંઠે રજૂ કરી હતી. સંઘના મંત્રીશ્રી કે.પી. શાહે આભારવિધિ કરી હતી.

## ❑ સ્નેહ સંમેલન :

સંઘના સર્વ સભ્યોનું એક સ્નેહ સંમેલન રવિવાર, તા. ૧૫ મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ સવારના બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સંઘના સભ્યો પરસ્પર સ્નેહ, માતૃભાવ કેળવે એ હેતુથી છેલ્લાં કેટલાંક વર્ષથી સંઘ દ્વારા વાર્ષિક સ્નેહ-સંમેલન યોજાય છે. એ માટે શ્રી વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાળા તરફથી માતબર રકમનું દાન મળ્યું છે. તેથી શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈની ઈચ્છાનુસાર પ્રતિવર્ષ મહાવીર જયંતીના પર્વની આસપાસના રવિવારે 'મહાવીર વંદના' કાર્યક્રમની સાથે આ સ્નેહ સંમેલન યોજવામાં આવે છે. વિસ્તરતા જતાં આ વિશ્વમાં જીવન હવે વધુ વ્યસ્ત બનતું જાય છે. આજે માનવી અનેક સંસ્થાનું સભ્યપદ ધરાવતો થયો છે. પરંતુ કેટલીક વખત તેને પોતાને જ યાદ નથી હોતું કે પોતે કંઈ કંઈ સંસ્થાનો સભ્ય છે. માનવીનું સંસ્થાકીય સભ્યપણું વધતું ચાલ્યું છે. પણ તેના પ્રમાણમાં તેની સભ્યતા - સંસ્કારિતા વધી છે કે કેમ તે પ્રશ્ન છે. સંસ્થાનું સભ્યપણું મેળવવું સહેલું છે, પણ સભ્યતા પ્રાપ્ત કરવી સરળ નથી. મહાવીર વંદનાના આ કાર્યક્રમ દ્વારા આજના કપરા કાળમાં ભગવાન મહાવીરનાં વચનોને આપણે યાદ કરીએ અને તેને જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ બનીએ તો ખરેખર આપણું જીવન સાર્થક થશે.

કાર્યક્રમનો પ્રારંભ સંઘના મંત્રીશ્રી નિરુબહેન એસ. શાહે વાચેલાં પ્રાર્થના વચનોથી થયો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સરસ સંચાલન કર્યું હતું. આ પ્રસંગે શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈનું સંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સ્નેહ સંમેલનમાં રાજેન્દ્ર ઝવેરી, તૃપ્તિ છાયા અને સાથીઓએ 'મહાવીર વંદના'ના ભક્તિસંગીતના કાર્યક્રમની સરસ જમાવટ કરી હતી. આ કાર્યક્રમનું વિશિષ્ટ પાસું એ હતું કે સુપ્રસિદ્ધ જૈન સંગીતકાર (સ્વ.) શાંતિલાલ શાહે રચેલાં ભગવાન મહાવીર વિશેનાં બધાં ગીતો રજૂ થયાં હતાં. શ્રી સુરેન ઠાકર 'મેહુલે' આ કાર્યક્રમનું સરસ સંચાલન કર્યું હતું. કાર્યક્રમની સમાપ્તિ બાદ સૌ સભ્યોએ સંઘ તરફથી આયોજિત મિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.

## ❑ વસંત વ્યાખ્યાન માળા :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા તા. ૧૬મી એપ્રિલથી તા. ૧૮મી એપ્રિલ સુધી એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના સભાગૃહમાં યોજવામાં આવી હતી. વિષય હતો - Post Election Scenario - ચૂંટણી પછીની પરિસ્થિતિ આ વ્યાખ્યાનમાળાના વકતા હતા ગુજરાતના માજી મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, ભારતીય જનતા પક્ષના મહામંત્રી ડૉ. મુરલી મનોહર જોશી અને જનતા દળના રાજ્યસભાના સભ્ય શ્રી જયપાલ રેડ્ડી.

કાર્યક્રમના પ્રારંભમાં સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કર્યું હતું અને આ વ્યાખ્યાનમાળાના આયોજન પાછળ રહેલો ઉદ્દેશ સમજાવતાં કહ્યું હતું કે જૈન યુવક સંઘ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલો નથી કે અમુક પ્રકારની નિશ્ચિત રાજદ્વારી નીતિ પણ સંઘે અપનાવેલી નથી. સંઘ તો મુક્ત અભિપ્રાયમાં માને છે. મુંબઈના શ્રોતાઓ માટે આ વ્યાખ્યાનમાળા દ્વારા એક મુક્ત વિચારમંચ પૂરો પાડવાનું કાર્ય સંઘ કરે છે.

શ્રી બાબભાઈ પટેલે મંગલદીપ પ્રગટાવીને આ વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રીમતી કોકિલાબહેન વકાણીએ કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના રજૂ કરી હતી. વ્યાખ્યાનમાળાના પ્રમુખશ્રી અમર જરીવાલાએ સૌનું સ્વાગત કર્યું હતું. ત્રણે દિવસના વ્યાખ્યાનોનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે :

વ્યાખ્યાનોનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે :

### ❑ શ્રી બાબુભાઈ પટેલ

વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસના વક્તા કોંગ્રેસ (આઈ)ના સંસદ સભ્ય શ્રી વસંત સાઠે સંજોગવશાત્ વ્યાખ્યાન આપવા આવી ન શકતાં શ્રી બાબુભાઈ જ. પટેલે આ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તાજેતરની ચૂંટણીઓએ દર્શાવ્યું છે કે જનતા પરિવર્તન માગે છે અને ભારતના ઉત્તર ભાગમાં બિનકોંગ્રેસી સરકારો સત્તા પર આવી છે અને દક્ષિણમાં કોંગ્રસી સરકારો સ્થપાઈ છે. પણ આટલાથી રાષ્ટ્રવ્યાપી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે નહિ. ચૂંટણીઓ પતી ગયા પછી હવે તમામ પક્ષોએ સાથે મળીને રાષ્ટ્રની સહુથી ગંભીર સમસ્યાઓ ઉપર ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે કોઈ માર્ગ કાઢવો જોઈએ. આપણી સમક્ષ બેકારીની, ભ્રષ્ટાચારની, વધતા ભાવોની તથા ગેરવહીવટની ગંભીર સમસ્યાઓ છે. બીજી તરફ વિદેશી દેવાનો અસહ્ય બોજો વધતો જાય છે. એટલે કોઈપણ જનતાલક્ષી આયોજનમાં ગરીબી દૂર કરવાનો તથા બેકારી ઘટાડવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

### ❑ ડૉ. મુરલી મનોહર જોશી

ડૉ. જોશીએ જણાવ્યું હતું કે ભારતની ચૂંટણી અનેક દ્રષ્ટિએ ઐતિહાસિક અને અસામાન્ય છે. ચાલીસ વર્ષથી એકહથ્થુ સત્તા ભોગવતા અને સંસદમાં એંશી ટકા જેટલી બહુમતી ધરાવતા કોંગ્રેસ પક્ષનો પરાજય થયો છે. તો આ જ પક્ષ એક બળવાન વિરોધ પક્ષ તરીકે આગળ આવ્યો છે. અને એની સામે લઘુમતી ધરાવતા પાંચ પક્ષોની સરકાર સ્થપાઈ છે. જેમાં બે પક્ષોની વિચારસરણી ૧૮૦ ડિગ્રીના ખૂણા જેટલી પરસ્પર વિરુદ્ધ છે. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે જ્યાં સુધી કોઈ પણ કાયદો ઘડી શકાય તેમ ન હોવાથી સહુ કોઈ વ્યક્તિના કે પક્ષના હિતનો વિચાર છોડી રાષ્ટ્રીય હિતને જ દ્દષ્ટિ સમક્ષ રાખી એકતાની ભાવનાથી સાચી લોકશાહીના સિદ્ધાંતોને અમલમાં મૂકી શકશે. અને એ માટે સિત્તેર ટકા જેટલી નિરક્ષર પ્રજા હોવા છતાં ભારતની પ્રજાની બુદ્ધિમત્તાને ધન્યવાદ ઘટે છે.

### ❑ શ્રી જયપાલ રેડ્ડી

શ્રી જયપાલ રેડ્ડીએ જણાવ્યું હતું કે ભારતની ભૂમિ ઉપર આજે ચારેય બાજુથી વિપત્તિનાં વાદળો ઝળૂંબી રહ્યાં છે. આ બધી વિટંબણાઓના વારસારૂપે આજે પ્રજ્વલતા પંજાબની, સળગતા કાશ્મીરની, જ્વાલામુખી જેવી રામજન્મભૂમિની, શ્રીલંકાની તથા આંતરરાષ્ટ્રીય કૌભાંડો અને આગલા શાસનની બિનકાર્યક્ષમતાની સમસ્યાઓ વારસામાં મળેલી છે. લોકશાહીમાં જંગી બહુમતીથી સંગીન સરકાર નહીં પણ અસ્થિર તથા વધુ ખરાબ સરકાર સ્થપાય છે અને તેથી લોકપ્રિય બહુમતી વિશેના ખ્યાલો ભાંગી પડ્યા છે. હકીકતમાં લઘુમતી ધરાવતા પક્ષોની સંયુક્ત સરકારો જ ભારતનાં વિવિધ રાજ્યોમાં વધુ સારી સેવા બજાવી શકી છે.

ત્રણ દિવસની આ વ્યાખ્યાનમાળામાં મોટી સંખ્યામાં લોકો વ્યાખ્યાનો સાંભળવા આવ્યા હતા. શ્રી સુબોધભાઈ એમ. શાહ, શ્રી કે.પી. શાહ અને ડૉ. રમણભાઈ શાહે ત્રણે દિવસના વ્યાખ્યાનના અંતે અનુક્રમે આભારવિધિ કરી હતી.

❑ સંકલન : ચીમનલાલ કલાધર

---

**ધૃત કલ્લોલ પાર્શ્વનાથ** [પૃષ્ઠ-૧૨થી ચાલુ]

હતી. સુથરીમાં મેઘજી ઉડિયા નામના શ્રાવક રહેતા હતા. તેઓ ખાણમાંથી પત્થર કાઢવાનું કામ કરતા હતા. પોતાને માથે ૧૦૦ કોરી જેટલું દેવું થઈ જતાં તેઓ હતાશ થઈ ગયા હતા. જીવનથી કંટાળીને આપઘાત કરવાનો વિચાર કરતા હતા. જે વખતે તેઓ આપઘાત કરવા ગયા તે વખતે તેમને દેવવાણી સંભળાઈ 'હે મેઘજી! તારે આપઘાત કરવાનો નથી. તારા હાથે હજુ સારાં કામ થવાનાં છે.' તેમણે ચારે બાજુ જોયું પરંતુ કોઈ દેખાયું નહિ. તેઓ વિચારમાં પડી ગયા. કોઈ દૈવી સંકેત હશે એમ માન્યું. ઘરે આવીને તેઓ સૂઈ ગયા. રાતને વખતે તેમને સપનું આવ્યું. સ્વપ્નમાં તેમને જાણે કોઈ કહી રહ્યું હતું. 'તું આપઘાત કરતો નહિ. તારી ચિંતા ટળી જશે. તારા હાથે સારુ કામ થવાનું છે. સવારે ઊઠીને તું એક વેપારીને મળજે. તે તને બસો કોરી આપશે. તેમાંથી સો કોરીનું તારુ દેવું ચૂકવજે. બાકીની સો કોરી લઈને તું ગોધરા ગામે જજે. એ ગામના પાદરે તને છીકારીના શ્રાવક દેવરાજ મળશે. તેને સો કોરી આપીને તેની પાસેથી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી લઈ લેજે અને એ પ્રતિમાજીને અહીં સુથરીમાં લઈ આવજે.'

આ રીતે સ્વપ્નમાં દેવવાણી સાંભળીને મેઘજી શ્રાવકને આનંદ થયો. સવારે ઊઠીને તેઓ ગોધરા (કચ્છ) ગામે ગયા. ત્યાં ગામના પાદરે વણજારમાં આવેલા દેવરાજ શ્રાવકને શોધી કાઢ્યો. તેની પાસેથી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી સો કોરી આપીને લઈ લીધાં દેવરાજ શ્રાવકને પણ આગલી રાતે એવું જ સ્વપ્ન આવ્યું હતું સ્વપ્નમાં દેવે એને આજ્ઞા કરી હતી કે સુથરીના મેઘજી ઉડીઆ નામના શ્રાવક તારી પાસે આવશે. તેઓ તારી પાસે પ્રતિમાજી માગશે તો તેને પ્રતિમાજી તું આપી દેજે.'

મેઘજી ઉડીઆ શ્રાવક પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી લઈને સુથરી આવ્યા. એ પ્રતિમાજી એમને ઘરમાં એક કોઠારમાં બિરાજમાન કર્યા હતાં.

સુથરીમાં ત્યારે અચલગચ્છના ગોરજી ધરમચંદજીએ પોતાની પોશાળમાં અજિતનાથ ભગવાનની પ્રતિમાજી સ્થાપ્યાં હતાં. ગામના શ્રાવકો એ પ્રતિમાજીની પૂજા કરતા હતા. હવે સુથરીમાં અજિતનાથ ભગવાન ઉપરાંત પાર્શ્વનાથ ભગવાનની પૂજા પણ થવા લાગી.

સુથરીમાં એક દિવસ ગામના અગ્રણી શેઠ મેઘણ શાહે એક ઉત્સવ પ્રસંગે જ્ઞાતિના લોકોનું સ્વામિવાત્સલ્ય રાખ્યું હતું. પરંતુ જમવામાં ધાર્યા કરતાં માણસો ઘણા વધી ગયા હતા. ઘી ખૂટી ગયું હતું. એ વખતે મેઘણ શાહને અચાનક સ્ફુરણા થઈ અને એમણે પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કર્યું. એમણે પ્રતિમાજી લાવીને ઘીના ઠામમાં બિરાજમાન કર્યાં. એથી ઘીની વૃદ્ધિ થવા લાગી. અને સમગ્ર સંઘે જમી લીધું ત્યાં સુધી ઘી ખૂટ્યું નહિ. પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ટાયક દેવે મેઘણ શાહની લાજ રાખી. એથી ધૃતકલ્લોલ પાર્શ્વનાથનું નામ સાર્થક થયું. એ પ્રતિમાજીનો ત્યારથી સુથરીમાં મહિમા વધી ગયો.

આમ સુથરીના પાર્શ્વનાથ ભગવાનનાં પ્રાચીન પ્રતિમાજીનો ચમત્કારિક અનુભવ સંઘને થયો. આથી પાર્શ્વનાથ ભગવાનના આ પ્રતિમાજી એક વ્યક્તિના ઘરદેરાસરમાં ન રાખતાં સંઘને સોંપી દેવા માટે તે સમયે ત્યાં બિરાજમાન પૂ. ભટ્ટારક શ્રી જ્ઞાનસાગરજી મહારાજે મેઘજી ઉડીઆને ઉપદેશ આપ્યો. મેઘજી ઉડીઆએ એ વિનંતી સ્વીકારી સં. ૧૭૨૧માં સુથરીમાં એક નાનું કાષ્ઠ ચૈત્ય કરવામાં આવ્યું. તેમાં આ પ્રતિમાજીની સ્થાપના કરવામાં આવી. લગભગ એક સૈકા પછી કાષ્ઠ ચૈત્ય જીર્ણ થતાં સંઘે નૂતન ભવ્ય જિનાલય નિર્માણ કરવા માટે ઠરાવ કર્યો. તે પ્રમાણે બાંધકામ ચાલુ થયું. એ કામ પૂરુ કરતાં લગભગ બાર વર્ષ થયાં. વિ.સ. ૧૮૯૫માં વૈશાખ સુદ ૮ ના શુભ દિવસે ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજીની પુનર્પ્રતિષ્ઠા આ નૂતન જિનમંદિરમાં કરવામાં આવી. તેનો ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. સુથરી ત્યારથી એક મહત્ત્વનું તીર્થ બની ગયું છે. આ દોઢસો વર્ષના ગાળામાં શ્રી રત્નસાગરસૂરિ, શ્રી વિવેકસાગરસૂરિ, શ્રી ગૌતમસાગરસૂરિ, શ્રી દાનસાગરસૂરિ, શ્રી નેમસાગરસૂરિ, સાધ્વી શ્રી કમલશ્રીજીમહારાજ વગેરેનો લાભ સુથરી ગામને મળ્યો છે. વર્તમાન સમયમાં પણ પૂજ્ય સાધુ સાધ્વીઓના વિહારનું સુથરી એક મહત્ત્વનું સ્થળ બની ગયું છે.

સુથરી તીર્થની યાત્રા કેટલાં બધાં સંસ્મરણો તાજાં કરે છે. !

# ધૃતકલ્લોલ પાર્શ્વનાથ

❑ રમણલાલ ચી. શાહ

તેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રગટ પ્રભાવી, પુરુષાદાનીય તરીકે ઓળખાય છે. પાર્શ્વનાથ ભગવાનનો મહિમા અતીત, અનાગત અને વર્તમાન ચોવીસમાં વિસ્તરેલો છે. પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામ જુદી જુદી રીતે ગણાવવામાં આવે છે. પાર્શ્વનાથ ભગવાનના સ્તોત્રમાં જે ૧૦૮ નામ આપવામાં આવ્યાં છે તે મુખ્યત્વે અર્થની દષ્ટિએ મહત્ત્વનાં છે. પરમાત્માના સ્વરૂપને તે પ્રકાશિત કરે છે. તીર્થની દષ્ટિએ ૧૦૨ નામ જ ગણવામાં આવે છે તેમાં શંખેશ્વર પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ, ગોડી પાર્શ્વનાથ, શામળિયા પાર્શ્વનાથ, ભટેવા પાર્શ્વનાથ, ભીડભંજન પાર્શ્વનાથ, વગેરે જાણીતાં છે. કચ્છ સુથરીના પાર્શ્વનાથ ભગવાન 'ધૃતકલ્લોલ પાર્શ્વનાથ' તરીકે સુપ્રસિદ્ધ છે. 'ધૃતકલ્લોલ' નામ અદ્વિતીય છે. ધૃત એટલે ઘી અને કલ્લોલ એટલે ભરતી, મોજું, વૃદ્ધિ. જેમના ચમત્કારથી ઘીમાં વૃદ્ધિ થાય તે ધૃતકલ્લોલ એવા સરળ અર્થ ઉપરાંત આધ્યાત્મિક આનંદની ભરતી થાય એવો અર્થ પણ ઘટાવાય છે.

કચ્છમાં સુથરી નામના ઐતિહાસિક નગરમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનના જિમંદિરને ૧૫૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે થોડા દિવસ પહેલાં ત્યાંના સંઘ તરફથી બાર દિવસનો સાર્ધ શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મારા મિત્ર શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ સાથે ત્યાં ઉપસ્થિતિ રહેવાની મને તક સાંપડી હતી. સ્નાત્રપૂજા અને બીજી મોટી પૂજાઓ મધુર અને ભાવવાહી કંઠે ગાવા માટે વર્ષોથી સુપ્રસિદ્ધિ થયેલાં કોચીનવાળાં શ્રી લીલાબહેન દંડ એમના પતિ શ્રી ઝવેરભાઈ સાથે ત્યાં પધાર્યાં હતા. સુથરીના સંઘના આગેવાનો શ્રી ભવાનજીભાઈ નરશી, શ્રી કલ્યાણજીભાઈ નરશી, શ્રી ચિત્તંજનભાઈ (ચિત્તુભાઈ) ભવાનજી વગેરેના પ્રેમભર્યા આગ્રહને વશ થઈ ત્યાં ભક્તામર સ્તોત્રના રહસ્ય વિશે વ્યાખ્યાન આપવાનું મેં સ્વીકાર્યું હતું. સુથરીના આંગણે મારે માટે આ એક વિશિષ્ટ અનુભવ રહ્યો હતો. પ.પૂ. સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી તથા પ.પૂ. સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજીના દર્શન વંદનનો પણ લાભ મળ્યો હતો. ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનની છત્રછાયામાં એકત્ર થઈ આવા નાના ગામમાં બે હજારથી વધુ માણસો કેવું આનંદ કલ્લોલમય વાતાવરણ સર્જી શકે છે તે આ મહોત્સવ પ્રસંગે જોવા મળ્યું હતું.

સુથરી સાથેના મારાં સંસ્મરણો ગાઢ છે. છ સાત વખત સુથરી તીર્થની યાત્રા કરવાનો લાભ ચારેક દાયકામાં મળ્યો છે. ઈ.સ. ૧૯૫૫માં હું મારા પત્ની સાથે પહેલીવાર સુથરી ગયો ત્યારે અબડાસાની પંચતીર્થી - સુથરી, નલીયા, તેરા, કોઠારા, જખૌ - ની યાત્રા ગાડામાં બેસીને કરી હતી. કારણ કે એ દિવસોમાં બસની સુવિધા બધે ઉપલબ્ધ નહોતી. ધૂળીયા રસ્તા પણ બહુ કાચા હતા. ત્યારે સુથરીના જિનાલયનું પ્રવેશ દ્વાર પૂર્વાભિમુખ નહોતું પણ દક્ષિણાભિમુખ હતું અને જિનાલયની આસપાસની જગ્યા ઘણી સાંકડી હતી.

સુથરી સંઘના ટ્રસ્ટીઓએ છેલ્લાં થોડા વર્ષોમાં કચ્છનાં બીજાં જિનમંદિરોના મુકાબલે સુથરી તીર્થનો ઘણો સારો વિકાસ કર્યો છે. જિનાલયની પૂર્વ દિશામાં આવેલા જૂના મકાનો ખરીદી લઈ, તે પાડી નાંખીને જિનાલય માટે વિશાળ પટાંગણ કર્યું છે અને શત્રુંજય મહાતીર્થના પ્રવેશદ્વારના નમૂના જેવા બે ભવ્ય પ્રવેશદ્વાર કરવામાં આવ્યાં છે. પૂર્વાભિમુખ બનેલા આ દેરાસરનો ઉઠાવ, વિશાળ પટાંગણ અને ભવ્ય પ્રવેશદ્વારના કારણે હવે ઘણો સોહામણો બન્યો છે. દરિયાની ખારી હવાની માઠી અસર ન થાય એ રીતે સમગ્ર જિનાલયના બહારના ભાગ ઉપર સરસ રૂપેરી રંગ કરવામાં આવ્યો છે. એથી એની શોભા અને ચમક ઘણી વધી છે અને સૂર્યપ્રકાશમાં તથા રાત્રે ચાંદનીમાં જિનાલયનું દશ્ય વધુ આકર્ષક લાગે છે.

સુથરી ગામ દરિયા કિનારે આવેલું છે. ગામ પાસેથી એક નાનકડી નદી વહે છે, જેમાં ચોમાસાના થોડા દિવસ સિવાય પાણી રહેતું નથી. બંદર હોવાને કારણે તેમજ ત્યાંની સૂકી હવા અને ઠંડકભર્યા વાતાવરણને કારણે પ્રાચીન સમયથી કચ્છના અબડાસા તાલુકામાં સુથરીનું મહત્ત્વ સવિશેષ રહ્યું છે. જૂના વખતમાં કચ્છી પ્રજાનો વ્યવહાર દરિયાઈ માર્ગે એક બાજુ ગુજરાત અને મુંબઈ સાથે વિકસ્યો હતો તેમ બીજી બાજુ સિંધ, અરબસ્તાન આફ્રિકા અને ઠેઠ ઈરાન, ઈટલી સુધી વિકસ્યો હતો. કચ્છના જૈન વેપારીઓ વહાણ દ્વારા ઠેઠ ઈરાન સુધી પહોંચતા. આફ્રિકાથી મજૂર તરીકે આવીને કચ્છમાં વસેલા હબસી લોકોના વંશજો આજે પણ અબડાસામાં જોવા મળે છે. તેમની મુખાકૃતિ ઉપરથી તરત જ તેઓ પરખાઈ આવે છે. ઈરાનના શિલ્પીઓએ પણ અબડાસા અને કચ્છના બીજા જિનમંદિરોના શિલ્પ સ્થાપત્યમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. કેટલાંક જિનમંદિરોનાં શિલ્પ-સ્થાપત્યમાં ઈરાની શૈલી અને ઈરાની મુખકૃતિઓની અસર વર્તાય છે. કચ્છનાં જિનમંદિરોનાં શિલ્પ સ્થાપત્યનો ઐતિહાસિક દષ્ટિએ પણ અભ્યાસ કરવા જેવો છે.

સુથરી પ્રાચીન ઐતિહાસિક નગરી છે. એનો પ્રાચીન સમયનો એક ઉલ્લેખ આશરે પંદર સૈકા પૂર્વેનો મળે છે. ભગવાન મહાવીરસ્વામીની ૨૩મી પાટે આવેલા આચાર્ય દેવાનંદસૂરિ (આચાર્ય જયદેવસૂરિના શિષ્ય) એ આશરે ૧૫૦૦ વર્ષ પૂર્વે સુથરી નગરમાં હિન્દુ પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને વિજય મેળવ્યો હતો. કચ્છની ધરતીની ત્યારપછી ઘણી ચડતી થઈ છે. રાજસ્થાનથી સ્થળાંતર કરતાં કરતાં આવેલી ઓસવાલોની કેટલીક જ્ઞાતિઓએ કચ્છમાં સ્થિરતા કરી હતી અને તેમાં કેટલાક સુથરીમાં આવીને વસ્યા હતા અને ખેતી કરવા લાગ્યા હતા. વિક્રમના સોળમા સૈકામાં સુથરીમાં જાડેજાઓનું રાજ્ય હતું. અને તેમના વંશજો ઉત્તરોત્તર રાજ્ય કરતા રહ્યા હતા.

સુથરીનો મહિમા એના ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનને લીધે વિશેષ છે. પ્રાચીન સાહિત્યમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથના ઉલ્લેખો મળે છે. ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી સંપ્રતિ રાજાના વખતનાં છે. આ પ્રાચીન પ્રતિમાજીની સૌથી પહેલી પ્રતિષ્ઠા ક્યાં થઈ હશે અને તે ક્યાંથી ક્યાં ગયાં હશે તેની માહિતી મળતી નથી. પરંતુ ત્યાર પછી કાલાનુક્રમે આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૭૫માં અચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીએ જામનગર પાસે છીકારી નામના ગામમાં કરાવી હતી તેનો ઉલ્લેખ મળે છે. તે વખતે શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીના શિષ્ય શ્રી મોહનસાગરે રચેલા પાર્શ્વછંદમાં નીચે પ્રમાણે ધૃતકલ્લોલ પાર્શ્વનાથનો મહિમા બતાવેલો છે.

'ભીડભંજન ને ધૃતકલ્લોલ
વિઘ્ન હરે થાવે નિજલોલ'.

૧૫૦ વર્ષ પહેલાં હાલાર પ્રદેશમાં છીકારી અને એના આસપાસના ગામોમાં ભયંકર વંટોળ અને ભારે વરસાદ થયો હતો. એને લીધે છીકારી અને એની આસપાસના ગામોમાં જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. કેટલાંય ઘરો પડી ગયાં હતાં અને ધૃતકલ્લોલ પાર્શ્વનાથ મંદિર પણ તૂટી જતાં પ્રતિમાજી જમીનમાં અડધા દટાઈ ગયાં હતાં. ત્યાર પછી કેટલાક સમયે એક દિવસ એક વણઝાર ત્યાંથી પસાર થઈ રહી હતી. તેમાં દેવરાજ નામના એક વણિક શ્રાવક પણ હતો. આ દટાયેલાં પ્રતિમાજી એના જોવામાં આવ્યાં. એણે પ્રતિમાજી સાચવીને કાઢીને સાફ કરીને લઈ લીધાં. પ્રતિમાજી એટલાં સરસ મનોહર હતાં કે રખેને બીજા કોઈ લઈ ન જાય તે માટે એણે પોતાની પોઠ ઉપરના એક ઘીના ઠામમાં તે છૂપાવી દીધાં. પ્રતિમાજી લઈને વણઝારની સાથે તે કચ્છ તરફ આવી રહ્યો હતો.

એ અરસામાં કચ્છમાં સુથરી ગામમાં બીજી એક ઘટના બની

[વધુ પૃષ્ઠ-૧૧ ઉપર]

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ટે.નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

27 JUN 1990

વર્ષ : ૧ * અંક ૬ : * તા. ૧૬-૬-૧૯૯૦........Regd. No. MH. By / South 54 * Licence No. 37 :

# પ્રબુદ્ધ જીવન

* શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

તંત્રી : રમણલાલ ચી. શાહ

## દુરારાધ્ય રેવામાતા

નર્મદા નદીનું બીજું નામ છે રેવા. નદીને લોકો માતા તરીકે પ્રાચીનકાળથી બિરદાવતા આવ્યા છે. કૂવો વાવ, તળાવ, સરોવર, નદી, સાગર એ બધાં જલક્ષેત્રોમાં નદીનું મહત્ત્વ સૌથી વિશેષ છે, કારણ કે સાગરમાં ખારાશ છે. અને કૂવો, વાવ, તળાવ વગેરે તો પોતાની આસપાસના થોડાક વિસ્તારના લોકોનું પોષણ કરે છે, જ્યારે પ્રાકૃતિક સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરનાર નદી પોતાના ઉગમસ્થાનથી તે અનેક માઇલોની પ્રવાહગતિ પછી સાગરને મળે ત્યાં સુધી બંને કાંઠે આવેલાં ગામો, નગરોનું ખેતી, પીવાનું પાણી, હવામાન વગેરે વિવિધ દ્રષ્ટિએ માતાની જેમ પોષણ કરે છે.

નદીના બંને રમ્ય કાંઠે અનેક પવિત્ર તીર્થો આવેલાં હોય છે. તીર્થો વડે નદી વધુ જીવંત બને છે. તીર્થ અનેક લોકોને સૌંદર્ય – સ્થાન તરફ ગતિ કરવાનું નિમિત્ત પૂરું પાડે છે. રૂઢિગત લોકમાન્યતા અનુસાર નદીના જળમાં સ્નાન કરવાથી પાપ ધોવાય છે અને પવિત્ર થવાય છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં હજારો વર્ષથી ભાવનાની આવી પરંપરા ચાલી આવી છે. મનુષ્યના અંતેષ્ટિ સંસ્કાર નદી કિનારે થાય છે અથવા અન્યત્ર થયા હોય તો તેનાં અસ્થિફૂલ નદીમાં અથવા બે નદીઓના સંગમમાં પધરાવવાનો રિવાજ પણ છે.

ભારતની જુદી જુદી નદીઓમાં નર્મદાનું સ્થાન વિશિષ્ટ છે. નર્મદા મોટી નદી છે, પરંતુ પાંચ હજારફૂટની ઊંચાઇએ આવેલા ઉગમસ્થાનથી સમુદ્ર સુધી પહોંચવામાં તેને જોઇએ તેટલું લાંબુ અંતર મળતું નથી. નૌકાવિહાર કરી શકાય એવો એનો લાંબો અને વિશાળ પટ તો છેલ્લા ચાલીસેક માઇલ જેટલો માંડ હશે. રેવાના કંકર એટલા શંકર એ કહેવત બતાવે છે. કે રેવાનો પ્રત્યેક પત્થર પૂજનીય છે. રેવાકાંઠે શંકર ભગવાનનાં ઘણાં બધાં મંદિરો આવેલાં છે. પરંતુ રેવામાતા બીજી માતાઓ કરતાં જલ્દી પ્રસન્ન નથી થતાં દુરારાધ્ય છે, એવી એક માન્યતા છે. રેવામાતાને પ્રસન્ન કરવાં હોય તો તપ વધારે કરવું પડે. રેવાના કાંઠે ભૃગુઋષિ અને બીજાઓએ ઘણું તપ કર્યાના પૌરાણિક ઉલ્લેખો મળે છે. વળી રેવામાતાને કિનારે યોગિનીઓનો વાસ છે. ભક્તિ કરતાં પણ યોગસાધના વધુ અઘરી છે. એટલે રેવામાતા, નર્મદા માતા જલદી પ્રસન્ન થતાં નથી એવી માન્યતા છે. નર્મદા નર્મ અર્થાત્ આનંદ આપનારી માતા છે. નર્મદાને શર્મદા તરીકે પણ ઓળખાવવામાં આવે છે, કારણ કે જો તે પ્રસન્ન થાય તો શર્મ અર્થાત્ કલ્યાણ, સુખ આપનારી માતા છે.

ભારતની તમામ નદીઓમાં પરિક્રમાનું સવિશેષ માહત્મ્ય માત્ર નર્મદા નદીનું જ છે. અન્ય નદીઓની પરિક્રમાનો બહુ મહિમા નથી. એ નદીઓના કિનારે ચાલતા જઇને તેની પરિક્મ્મા કરવાનું કિનારાની સપાટ જમીનને કારણે બહુ અઘરું નથી. પરંતુ નર્મદા નદી જે રીતે રુદ્ર ભેખડો, ખડકો અને બિહામણાં જંગલોમાંથી વહે છે એ દ્રષ્ટિએ એ પ્રદેશમાં બંને કિનારે ચાલવાનું બહુ અઘરું અને સાહસભર્યું છે એથી જ એનો મહિમા વધુ મનાયો છે. નર્મદાની પરિક્રમ્મા કરનારે નદીનાં કિનારે કિનારે પગે ચાલવાનું હોય છે. રોજ ઓછામાં ઓછી એક વાર નદીનાં દર્શન કરવાનાં હોય છે. પીવાના પાણી તરીકે અને રસોઇ બનાવવામાં નદીનું પાણી જ વાપરવાનું હોય છે. આ રીતે મધ્યપ્રદેશમાં અમરકંટકથી શરૂ કરી ભરૂચ–ઝાડેશ્વર પાસે સમુદ્ર સુધી પહોંચવાનું હોય છે નદી જ્યાં સમુદ્રને મળે છે ત્યાં વહાણમાં બેસી સામે કાંઠે જવાનું હોય છે. અને ત્યાંથી ફરી પાછા સામે કાંઠે કિનારે કિનારે ચાલતા ચાલતા છેક મૂળ સુધી–અમરકંટક સુધી પાછા ફરવાનું હોય છે. લગભગ ૧૫૦૦ માઇલની આ પરિક્રમા થાય છે.

નર્મદાની પરિક્રમા બીજી રીતે પણ કરાય છે. કેટલાક લોકો આ પરિક્રમામાં સમુદ્રને ઓળંગતા નથી, પરંતુ ઉગમસ્થાનથી બેય કિનારે સમુદ્ર સુધી જઇને પાછા આવે છે. લગભગ ત્રણ હજાર માઇલની આ પરિક્રમા વધુ કઠિન છે. રેવા માતાને પ્રસન્ન કરવાં હોય તો આવી કઠિન પરિક્રમ્મા કરવી જોઇએ. પ્રાચીન સમયથી આવી કષ્ટભરી પરિક્રમ્મા અનેક લોકો કરતા આવ્યા છે.

દુરારાધ્ય રેવામાતાનો જો આવો મહિમા હોય તો એના ઉપર બંધ બાંધવાની વાત સહેલાઇથી કેમ પતી જાય? સવાસો વર્ષ પહેલાં પણ રેવામાતાએ આવી જ કઇક પરિસ્થિતિ ઊભી કરી હતી.

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન લગભગ દોઢસો વર્ષ પહેલાં જ્યારે બી. બી. એન્ડ સી. આઇ. રેલવે કંપની સ્થપાઇ ત્યારે તેણે મુંબઇથી શરૂ કરી અમદાવાદ અને દિલ્હી સુધીની રેલવે નાખવાનું ચાલુ કર્યું હતું. તે વખતે નર્મદા નદી ઉપર પૂલ બાંધવાનો પ્રશ્ન હતો. એ જમાનામાં નદી ઉપર પૂલ ન બાંધી શકાય અને ન બાંધવો જોઇએ એવી માન્યતા લોકોમાં પ્રવર્તતી હતી. પૂલ બાંધવાથી નદી માતા અભડાય અને કોપે ભરાય એવો વહેમ હતો. આથી નર્મદા ઉપર પૂલ બાંધવા સામે અંકલેશ્વર, ભરૂચ અને આસપાસના ગામોના લોકોએ ઘણો વિરોધ કર્યો હતો. એટલે નર્મદા ઉપરનું રેલવેના પૂલનું કામ વિલંબમાં પડી ગયું હતું. પરંતુ

પૂલ જ્યારે બંધાઇ ગયો અને પ્રયોગ તરીકે પહેલું એન્જિન પૂલ ઉપરથી પસાર થવાનું હતું ત્યારે તે સહીસલામત પસાર થાય એ માટે અનેક લોકોએ માનતા માની હતી જ્યારે પહેલી ટ્રેન પૂલ ઉપરથી પસાર થઇ અને સામે કાંઠે સ્ટેશન પર પહોંચી ત્યારે હજારો લોકો તે જોવા એકત્ર થયા હતા. એન્જિનને ફૂલહારથી વધાવવામાં આવ્યું હતું, સ્ટેશન ઉપર લોકોએ શ્રીફળ વધેર્યાં હતાં એક ઉત્સવ જેવી ઘટના બની હતી. રેવામાતા કોપે નથી ભરાયાં પણ પ્રસન્ન થયા છે એ ઘટના ત્યારે ઘણી ચમત્કાર ભરેલી મનાઇ હતી. નર્મદા ઉપરનો બંધ પણ જ્યારે પૂરો થશે ત્યારે આવો ઉત્સવ થશે.

વરસાદ પછી નદીઓની વેડફાઇ જતી જલસંપત્તિને મોટા બંધ દ્વારા સંગ્રહી લેવાય તો દુકાળ, પૂર વગેરેનાં અનિષ્ટોને ટાળવા ઉપરાંત ખેતી, વીજળી, પીવાનું પાણી હવામાન વગેરેની દ્રષ્ટિએ તેને ઉપયોગમાં લઇ શકાય. વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા યુરોપ-અમેરિકાએ આ બાબતમાં વર્ષો પહેલાં ઘણી પ્રગતિ કરી લીધી છે. હુવર ડેમ દ્વારા અમેરિકાએ રણ પ્રદેશને હરિયાળો બનાવી દીધો છે.

કોઇ પણ મોટી યોજના થાય એટલે કેટલીક સમસ્યાઓ ઊભી થવાની. નદી ઉપર બંધ બંધાય એટલે હેઠવાસનાં કેટલાંક ગામોને મળતું નદીનું પાણી બંધ થઇ જાય અને ઉપરવાસનાં કેટલાંક ગામો ડૂબી જાય. એટલે ત્યાંના લોકોને સ્થળાંતર કરવાની જરૂર પડે. વિકાસ યોજનામાં સરકાર આવા દરેક પ્રશ્નનું નિરાકરણ કરે છે, તેમ છતાં કેટલોક અસંતોષ રહી જાય છે. આવા પ્રશ્નોમાં રૂઢિગ્રસ્ત વિચારકો એક દૃષ્ટિએ વિચારે અને પ્રગતિશીલ વિચારકો બીજી દૃષ્ટિએ વિચારે એમ બનવું સ્વભાવિક છે, પરંતુ આ વૈચારિક મતાન્તર આંદોલનનું સ્વરૂપ ધારણ કરે ત્યારે પ્રશ્ન હોય તેના કરતાં વધુ ઉગ્ર બને છે.

જો બંધનાં પાણી પોતાના જ રાજ્યમાં રહેતાં હોય તો બંધના પાણીમાં ડૂબતાં ગામોના લોકોના પુનર્વસવાટ અને આજીવિકાનો પ્રશ્ન મુખ્યત્વે તે રાજ્યનો પોતાનો જ રહે છે. એટલે તેમાં વિવાદને અવકાશ પ્રમાણમાં ઓછો હોય છે. ભારતમાં નાના મોટા ઘણા બંધ બંધાયા છે, પરંતુ તેમાં આંદોલનો ખાસ થયાં નથી. નર્મદા બંધ એ એક આંતર–રાજ્ય બંધ છે. ગુજરાતની મોટામાં મોટી નદી નર્મદા છે, પરંતુ તેના ઉપર જો બંધ બાંધવામાં આવે તો તેનું પાણી ગુજરાતની હદમાં જેટલું રહે તેના કરતાં કુલ વધુ પાણી મધ્ય પ્રદેશમાં અને મહારાષ્ટ્રમાં રહે. પોતાના રાજ્યની હદમાં પારકા રાજ્યના બંધનું પાણી આવી જાય તો સ્વાર્થનો પ્રશ્ન ઊભો થાય. બહુ મથામણને અંતે બંધની ઊંચાઇ. પાણીની વહેંચણી, વીજળીની વહેંચણી, ડૂબી જતાં ગામોનો પુનર્વસવાટ, પર્યાવરણ અને જંગલોના પ્રશ્નોનું નિરાકરણ ઘણે અંશે થયું છે, તો પણ ભારતમાં લોકશાહી અને પ્રજા-પોકારના નામે કેટલાંક આંદોલન વિકાસ યોજનાઓને વિલંબમાં નાખી દે છે. નર્મદા યોજના તેનું મોટું દષ્ટાંત છે. આવી મોટી યોજનાઓને મંજૂરી આપવામાં કેન્દ્ર સરકારના મોવડી મંડળ અને વિશેષત: વડા પ્રધાનની વગ ઘણી ચાલતી હોવાથી આ યોજનાને ગુજરાત સામેના એક રાજદ્વારી શસ્ત્ર તરીકે ઇન્દિરા ગાંધીએ ઘણીવાર વાપર્યું છે. જો એમ ન થયું હોત તો અને ભારતના તમામ રાજદ્વારી નેતાઓમાં સંપ, સુલેહ સહકાર અને દીર્ઘદૃષ્ટિ હોત તો નર્મદા–યોજના ઘણી વહેલી અને વધુ સારી રીતે પાર પડી શકી હોત. હવે ચાલુ થઇ ગયેલી આ યોજના જો નિર્વિઘ્ને સારી રીતે પાર પડશે તો ગુજરાતનો ઝડપી વિકાસ થશે, ખેતી, પીવાનું પાણી, દુકાળ, અતિવૃષ્ટિ વગેરેની ઘણી સમસ્યાઓનું હંમેશને માટે નિરાકરણ થશે, અને ગુજરાતની અને તે દ્વારા રાષ્ટ્રની સમૃદ્ધિમાં તેનું ઘણું મોટું યોગદાન રહેશે.

નિષ્ણાતોની સાથે બેસીને અભ્યાસ કર્યા વગર, હેતુ અને કાર્ય પૂરાં સમજ્યા વગર આંદોલનો ઉપાડવાં તેમાં બહુ ડહાપણ રહેલું નથી. લોકશાહીમાં આંદોલનો વગર લોકજાગૃતિ આવતી નથી અને સરકારને પ્રજાના વલણની પૂરી સમજ મળતી નથી એ સાચું છે; તો પણ આંદોલનો તો પરસ્પર વિરુદ્ધ બેય પ્રકારનાં સંભવી શકે છે. અને આંદોલનોમાં ઉપસ્થિત રહેનાર માનવ સમુદાયની સંખ્યા ઉપરથી માપ કાઢવું એ કેટલીકવાર ગેરરસ્તે દોરનારું બની શકે છે. વસ્તુત: આપણે ત્યાં લોકશાહીને નામે આંદોલનોમાં લોકોનાં સમય અને શક્તિનો અકારણ ઘણો બધો દુર્વ્યય થાય છે.

ગુજરાતે હાલ દર્શાવેલી સંપની ભાવના બંધ બંધાયા પછી પણ એટલી જ કે વિશેષ રહે, પાણીની વહેંચણી માટે ગુજરાતમાં આંતરસંઘર્ષ ન થાય, સંકુચિત દોષયુક્ત રાજ્યવાદ કે જિલ્લાવાદ ન વધે અને ઉદાર રાષ્ટ્રવાદ તથા વૈશ્વિક માનવતાવાદની ભાવના પ્રસરી રહે તો બંધની સાર્થકતા વધુ લેખે ગણાશે !

રેવામાતાના આશીર્વાદ સમગ્ર ભારત ઉપર વરસી રહો !

**રમણલાલ ચી. શાહ**

---

(સ્વ. શાંતિસૂરિજી-પૃષ્ઠ ૨૦થી ચાલુ)

ત્યાર પછી મહારાજશ્રી વિશેષપણે એકાન્તમાં રહેતા. એમની વૈયાવચ્ચ કરવા માટે એમના ભક્તોમાં ફૂલચંદભાઇ, શાંતિભાઇ ભગત, ચંપકભાઇ વગેરે રહેતા. છેલ્લે છેલ્લે મહારાજશ્રીને તાવ રહેતો અને શ્વાસ ચડતો હતો. એમ કરતાં વિ. સં. ૧૯૯૯ માં તા. ૨૨–૯–૪૩ ના રોજ રાત્રે ત્રણ વાગે ૐ શાંતિનો જાપ કરતાં કરતાં એમણે દેહ છોડયો. એમના કાળધર્મના સમાચાર ચારે બાજુ પ્રસરતાં સમગ્ર ભારતમાંથી જૈન–જૈનેતર ભક્તો આબુ આવી પહોંચ્યા. સૌની ઇચ્છાનુસાર મહારાજશ્રીના પાર્થિવ દેહને માંડોલી લઇ જવામાં આવ્યો અને ત્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. દાદાગુરુ શ્રી ધર્મવિજયજીની પવિત્ર જન્મભૂમિ અને સ્વર્ગવાસની ભૂમિ, પૂ. શાંતિસૂરિના અંતિમ સંસ્કારથી વિશેષ પવિત્ર બની. માંડોલીનું ગુરુમંદિર એક રમણીય તીર્થભૂમિ બની ગયું.

શ્રી શાંતિસૂરિનાં જીવન અને ભાવનાને બિરદાવતાં ઘણાં બધાં ભક્તિગીતો એમની હયાતીમાં અને હયાતી પછી લખાયેલાં છે. એમાં સૌથી મહત્ત્વનાં ભક્તિગીતો તો સ્થાનકવાસી લીંબડી સંપ્રદાયના કવિવર્ય નાનચંદ્રજી મહારાજે લખ્યાં છે. સૌથી વધુ ગીતો એક ભક્ત કવિ શ્રી કિંકરદાસે લખ્યાં છે. તદુપરાંત સાધ્વીશ્રી વલ્લભશ્રીજી, શ્રી જ્ઞાનશ્રીજી શ્રી વિચક્ષણાશ્રીજી શ્રી રાજેન્દ્રશ્રીજી વગેરેએ પણ અંજલિકાવ્યો લખ્યાં છે. પંડિતા શ્રી હીરાકુંવર બહેને સંસ્કૃતમાં શ્લોકબદ્ધ સ્તુતિ રચી છે, ગુજરાતી, હિંદી ઉપરાત અંગ્રેજી ભાષામાં પણ કેટલાંક અંજલિ કાવ્યો લખાયાં છે. કિંકરદાસે લખેલી પંક્તિઓમાંથી નીચેની પંક્તિઓમાં મહારાજશ્રીના વ્યક્તિત્વનાં પાસાં વર્ણવાયાં છે:

નબીરા રાજવી આવ્યાં, જીવનમાં ભેદ નવ લાગ્યા,
સર્વને એક સરખાવ્યા, પ્રભો શાંતિસૂરીશ્વરજી
યુરોપિય, પારસી રાજન, કરે છે કંઇકને પાવન;
જપાવે ૐ અર્હમ્, પ્રભો શાંતિસૂરીશ્વરજી.

યોગનિષ્ઠ આચાર્ય શ્રી વિજયકેસરસૂરીશ્વરજી મહારાજે લખ્યું હતું કે 'પરમયોગી 'શ્રી શાંતિવિજયજી ત્યાગી, ઉચ્ચ વૈરાગી, એકાંત સેવનાર, નિસ્પૃહી, સર્વ જીવો તરફ પ્રેમ રાખનાર, પોતાના શુભ સંકલ્પથી વિશ્વનું કલ્યાણ ઇચ્છનાર, વિનયી, નમ્ર અને માયાળુ સ્વભાવના હતા. ●

# નિવૃત્તિ સુખદ કેમ બને ?

૦ 'સત્સંગી'

નિવૃત્તિ પ્રત્યે કેવી દષ્ટિ રાખવી એ વ્યક્તિની અંગત બાબત છે. પરંતુ મોટા ભાગના સરકારી કર્મચારીઓ તેમની ઓફિસ સાથે એટલા બધા પ્રેમમાં હોય છે તેમને નિવૃત્તિનો વિચાર જ વ્યગ્ર બનાવી દે છે. જ્યારે તેમને વયમર્યાદાના નિયમ પ્રમાણે ઓફિસ છોડવી પડે છે ત્યારે પહેલાંના વખતમાં કન્યા સાસરે જતાં જેવી દુઃખી થતી તેવા દુઃખી તેઓ થાય છે. શિક્ષકો અને પ્રાધ્યાપકો ભલે નિવૃત્તિને આવકારતા ન હોય તો પણ તેઓ નિવૃત્ત થતી વખતે સરકારી ઓફિસોના કર્મચારીઓ જેટલા વ્યગ્ર બનતા નથી. તેનું એક કારણ એ છે કે તેઓ વેકેશનપ્રેમી વ્યક્તિઓ છે, તેથી તેઓ નિવૃત્તિ પ્રત્યે લાંબાં વેકેશન તરીકે જુએ છે. તદુપરાંત આ લાગણીપ્રધાન વ્યક્તિઓ અનોખી તંગદિલીઓ સાથે કામ કરતી હોય છે અને રહેતી હોય છે, તેથી નિવૃત્તિ તેમને માટે આશીર્વાદરૂપ પણ બનવા પામે. ઓફિસોના કર્મચારીઓથી ઊલટું, તેમને દુન્યવી દષ્ટિએ કોઇ સ્થાન કે દરજ્જો હોતાં નથી. તેઓ એકાંતપ્રિય હોય છે અને અમુક અંશે અલિપ્ત જીવન પણ પસંદ કરતા હોય છે. તેમની નિવૃત્તિનો અર્થ એટલો જ થાય છે કે ઘેર આરામ કરવો જે તેઓ સામાન્ય રીતે ઝંખતા હોય છે, અને તેમને કોઇ પિછાને નહિ, તેમનો ખાસ ઉલ્લેખ ન કરવામાં આવે અને કોઇ કવિ તેમના વિશે ગીત ન રચે એવી અજ્ઞાત રીતે શેષ જીવન વ્યક્ત કરવું. તેઓ તેમનાં વાચન અને મનનને લીધે નિવૃત્તિ પ્રત્યે ઓફિસોના કર્મચારીઓ કરતાં વિશેષ સમતાપૂર્વક જોવા સમર્થ બન્યા હોય છે એમ કહેવું ઉચિત લાગે છે.

મુદ્દાનો પ્રશ્ન એ છે કે નોકરી કરતા સૌ કોઇને નિવૃત્તિ દુઃખદ શા માટે લાગે છે ? નિવૃત્તિ સુખદ લાગે એવું ન બને ? સામાન્ય રીતે માણસ અઠ્ઠાવન કે સાઠ વરસની ઉંમર સુધી પોતાનું કામ એકધારું કરતો હોય પછી તેને તે કામ પૂરતા માનસિક આરામની જરૂર અવશ્ય લાગે. ખેડૂતો અને વેપારીઓ મોટે લાગે જ્યારે તેઓ સાવ અશક્ત બને છે ત્યારે જ ઘેર બેસે છે રાજકારણીઓની તો વાત જ શી રીતે થાય ? તેમનું ચાલે તો તેઓ 'નિવૃત્તિ' શબ્દ જ શબ્દકોશમાંથી કાઢી નાખે ! પચાસ કે સાઠની ઉંમર પછી સામાન્ય રીતે માણસની ગ્રહણશક્તિ, વિચારશક્તિ, ચાતુર્ય, સ્મરણશક્તિ વગેરે ક્ષીણ થવા લાગે છે. શરીરમાં કોઇ રોગ ઉત્પન્ન થયો હોય તો પણ શારીરિક તાકાત ઘટવા લાગે છે. આ દષ્ટિએ યુવાનો માટે સહર્ષ જગ્યા ખાલી કરવી એ સર્વથા આવકારપાત્ર છે. અંગ્રેજોના સમયમાં પંચાવનની ઉંમરે નિવૃત્ત થવાનું હતું. એ સરસ નિયમ હતો. તેમાં કામ કરનારને માટે તાજગીભરી સ્થિતિ હતી અને અન્યને યોગ્ય સમયે યોગ્ય તક મળે તેવી દ્રષ્ટિ હતી. આપણે પણ તે વયમર્યાદા થોડાં વરસ ચાલુ રાખી, પરંતુ આવેશયુક્ત વિચારણાથી વયમર્યાદા વધારી દીધી. સારા એવા સમયથી યુવાનો નોકરી માટે જે યાતના અનુભવે છે તે કહાણી આંસુભરી છે. યુવાનો બેકાર રહેતા હોવાથી સમાજમાં અનિષ્ટ વાતાવરણ વધતું રહે છે તે તો વળી નફામાં ! નિવૃત્ત થનારા લોકો કેવળ પોતાની સલામતીનો વિચાર કરે છે, પણ તેમને તેમની લાંબી કારકિર્દી દરમ્યાન સમષ્ટિનું હિત હૈયે વસ્યું નથી એમ સખેદ કહેવું પડે છે.

જુદાં જુદાં ક્ષેત્રોના કર્મચારીઓનું આ ચિત્ર બતાવે છે કે તેમને નિવૃત્તિ અવશ્ય દુઃખદ લાગે છે. પોતાના પુત્રો એકંદરે ઠીક રીતે ગોઠવાઇ ગયા હોય, પુત્રીઓ પોતાના ઘેર સુખી હોય, પોતાની પત્નીની નોકરી હોય, પોતાને પેન્શન, ગ્રેચ્યુઇટી વગેરે મળે છતાંય નિવૃત્તિ સાલતી હોય એવા દાખલા પણ જોવા મળતા હોય છે. નિવૃત્ત થયેલાઓની દલીલો સાંભળીએ. તેઓને એમ લાગે છે કે તેઓ સમાજથી અલગ બને છે. નિવૃત્તિ પહેલાં તેમનું ચોક્કસ સ્થાન હતું જેથી તેઓ સમાજની સાથે છે એવી તેમને લાગણી થતી, પરંતુ નિવૃત્તિ બાદ તેમને એકલતા સતાવે છે. બીજી દલીલ એ છે કે પ્રવૃત્તિ વિના સમય પસાર કરવાનો મોટો પ્રશ્ન બને છે. પ્રવૃત્તિરૂપી ખોરાક ન મળે તેથી સ્વાસ્થ્ય જોખમાવાની બીક તેમને લાગે છે. વળી, એક દલીલ એવી પણ રહે છે કે નિવૃત્ત થતાં પેન્શનની આવક સાવ ઓછી ગણાય, તેથી પોતાની પત્નીની નજરમાં ઓછું માન જોવા મળે. સાથે સાથે નિવૃત્ત જીવન શરૂ થતાં પુત્રો અને તેમના પરિવારનો બોલવાનો સૂર સ્વાર્થ અને ઊંડો તિરસ્કાર વ્યક્ત કરતાં હોય એવો જણાવા લાગે છે. વિશેષમાં, પત્ની પણ પુત્રો અને તેમના પરિવારના પક્ષમાં રહેવાનું પસંદ કરે છે. પરિણામે આવા વાતાવરણમાં નિવૃત્ત જીવનના ૨૪ કલાક પસાર કરવા એ ન સમજાય તેવી કેદ તેમને લાગે છે.

સૌથી પ્રથમ, તેમના જીવનના છેલ્લા અંક અંગે તેમની વ્યથા પ્રત્યે સૌની જેમ હું પણ સહાનુભૂતિ અવશ્ય દર્શાવું છું. સાથે સાથે, નિવૃત્ત થયેલા લોકો વ્યક્ત કરતાં સંકોચ અનુભવે તેવાં મંતવ્યો પણ શુભ ભાવથી દર્શાવું છું. વ્યવસાય દરમ્યાન કાર્ય કરનારનો અહમ્ રાખેતા મુજબની ભૂમિકામાં રહેતો હતો; પરંતુ નિવૃત્ત થતાં અહમ્ સમાજની પીઠિકા પરથી આ રીતે પાછો આવે છે, 'હા, તેઓ આવાં સ્થાન પર હતા પણ અત્યારે તેઓ નિવૃત્ત છે ! નિવૃત્ત વ્યક્તિને સમાજનું આવું વલણ ખટકે છે. બીજું, નિવૃત્ત વ્યક્તિને અણગમતી મૃત્યુની યાદ નિરાશ બનાવે છે, સતાવે છે. છેલ્લે, નિવૃત્તિ જીવન નવો અનુભવ છે, મળેલાં જીવનનું નવું અને છેલ્લું પ્રકરણ છે. તેથી ચોક્કસ પ્રવૃત્તિ વિનાનાં આ જીવનમાં અનુકૂલન સાધવું, પરિસ્થિતિ સાથે તાલ મેળવવો અથવા પ્રસન્નતાનો અનુભવ કરવો એ અઘરી બાબત બને છે. વળી મળેલાં જીવનના છેલ્લા અંકમાં સાચાં સુખશાંતિને કલ્પનાને બદલે દુઃખદ કલ્પનાઓ પણ થાય એવી શક્યતા રહેલી છે.

નિવૃત્તિ સુખદ કેમ બને તે જોવાનો પ્રયત્ન કરવાનો રહે છે. નિવૃત્ત થતાં સમાજમાં પોતાનું ચોક્કસ સ્થાન રહેતું નથી અને અલગતાની લાગણી ખિન્નતા ઊભી કરે છે એ જરૂર સાચી વાત છે. આના ઉપાય તરીકે કેટલાક નિવૃત્ત થયેલા લોકો કંઇક સવેતન કામ સંભાળે છે, તો કોઇ રાજકારણમાં સક્રિય બને છે, તો કોઇ વ્યાપારી કાર્ય પણ કરે છે. પરંતુ તેમાં પણ નિવૃત્ત તરીકે તો આંગળી

ચીંધાવાની અને જે સ્વમાન પોતાના વ્યવસાય દરમ્યાન જળવાતું તેવું સ્વમાન તેમાં જળવાય એવી શક્યતા હોતી નથી. સમૂહ તરફથી યોગ્ય સ્વીકાર ન થાય તો એકલતા તો સાલવાની. વાસ્તવમાં, એકલતાનો અર્થ સમજવાની જરૂર છે. માણસ પોતાના વ્યવસાયમાં ઓતપ્રોત હોય, સભાઓ, ક્લબો, સિનેગૃહો વગેરેની મુલાકાત લે, છતાં તે એકલતા નથી અનુભવતો ? એકલતા ન લાગે તે માટે માણસ મિત્રમંડળમાં ઘૂમ્યો અને તેવું ઘણું ઘણું કર્યું, છતાં તેણે એકલતા જ અનુભવી. આખી જિંદગી એકલતા ન લાગે એવા સાચા પ્રયત્નો તો થયા જ નહિ, તેથી નિવૃત્તિને કારણે જ એકલતા સાલે એવું નથી. અધ્યાત્મ કે ધર્મને માર્ગે વળાય તો જ એકલતાની લાગણી ન રહે. તેથી, માણસ જન્મે ત્યારે એકલો જ હોય છે અને જવાનું પણ એકલા જ છે એ હકીકતને ખ્યાલમાં રાખીને જીવનના છેલ્લા અંકમાં સજ્જનો તેમ જ સાધુસંતોના સમાગમ દ્વારા અધ્યાત્મ કે ધર્મના માર્ગે વળવાથી એકલતા મટી જવાની. પરિણામે, શેષ જીવન જીવવાનો આનંદ પણ મળવાનો. પછી સમાજમાં સ્થાન હોવાનો પ્રશ્ન નહિ થાય. આખી જિંદગીમાં ક્યારે પણ સમાજમાં સ્થાન ન મળ્યું હોય તેવું સ્થાન આપમેળે બની જશે.

બીજી દલીલ એ છે કે નિવૃત્ત થતાં પ્રવૃત્તિરૂપ ખોરાક ન મળે તેથી સમય પસાર કરવો દુઃસહ બને અને સ્વાસ્થ્ય જોખમાય. વાસ્તવમાં, નિવૃત્ત થતાં પ્રવૃત્તિરૂપી એટલો ખોરાક મળે જેથી દિવસના ૨૪ કલાક ઓછા પડે અલબત્ત આ પ્રવૃત્તિ પૈસા કમાવાની નથી, છતાં તેનાથી ખૂબ વધારે મહત્ત્વની છે. માણસે અઠ્ઠાવન કે સાઠ વરસની ઉંમર સુધી પૈસા અને સુખ મેળવવા માટે ઘણી દોડધામ કરી હોય છે, પરંતુ પોતાના ઘરમાં સૌ તેની સેવા કરે એ રીતે રહ્યો હોય છે. અંગ્રેજ લેખક નોર્મન પસીંવલ તેમનાં 'બાળકો સાથે વાર્તાલાપ' નામના નાનકડા પુસ્તકમાં કહે છે કે ઘણા લોકો કેટલીક વસ્તુઓ તેમને સુખી બનાવશે તેવા હેતુથી તેમને માટે ઘણો પરિશ્રમ લે છે. તેઓ તેમની શોધમાં દુર દુર પણ જશે, જ્યારે જીવનની સૌથી વધારે મૂલ્યવાન વસ્તુઓ તેમની નજર સામે જ હોય છે; આ વસ્તુઓ તરફ તેમની નજર જતી જ નથી. તેમના મતે આ મૂલ્યવાન વસ્તુઓમાંની એક વસ્તુ છે ઘર. નિવૃત્ત થતાં છેલ્લી બાકી પોતાની પત્ની પ્રત્યે મિત્ર તરીકેની દ્રષ્ટિ કેળવવાનો સવિશેષ અવકાશ રહે અને તે દ્વારા પરસ્પરનાં આત્મકલ્યાણની પ્રવૃત્તિ અગત્યની તેમ રસસભર બની રહે. તેવી જ રીતે પોતાનાં પુત્રપુત્રીઓનાં સંસારજીવનમાં સુખાકારી રહે તે માટે વિચારવું તેમ જ સક્રિય બનવું એ સુંદર પ્રવૃત્તિ છે. પુત્રો સાથે રહેતા હોય તો દરરોજ નિયમિત થોડી પ્રવૃત્તિ રહે, બહારગામ હોય તો પત્રો દ્વારા અને રૂબરૂ જઈને વાત્સલ્ય અને શબ્દો દ્વારા તેમનાં સંસાર – જીવનને આનંદમય બનાવવું શક્ય છે. તેવી જ રીતે પુત્રીઓને ત્યાં યથાવકાશે રૂબરૂ જઈને અને એ સિવાય પત્રો દ્વારા તેમનું સંસારજીવન સુખદાયી બને તેવો પ્રયત્ન સ્તુત્ય છે. વિશેષમાં, પૌત્રપૌત્રીઓને અને યથાવકાશે દૌહિત્રદૌહિત્રીઓને રમાડવાનો લહાવો અનન્ય છે એટલું જ નહિ પણ પરમ સદ્‌ભાગ્ય છે. સાથે સાથે, પોતાનાં સંતાનોનાં નિર્દોષ નાનાં બાળકોને સારા સંસ્કારોનું સિંચન સહજ રીતે થાય એ ગૌરવભર્યું નથી ?

આ પ્રકારનું ફરજપાલન આધ્યાત્મિક જીવનનું અંગ જ છે.

જે નિવૃત્ત લોકોને નિવૃત્ત જીવનમાં પ્રવૃત્તિનો અભાવ લાગે છે તેમના સંબંધમાં ટૂંકી વાર્તાઓના નામાંકિત લેખક Stefan Zweig – સ્ટેફન ઝવેગ (ઓસ્ટ્રિયાના વતની પણ પાછળથી બ્રિટિશ બનેલા)ની એક ટૂંકી વાર્તા 'Invisible Collection – અદ્રશ્ય સંગ્રહ' સહજ રીતે યાદ આવી જાય છે. આ વાર્તામાં જર્મન નાગરિક ક્રોનફેલ્ડ લશ્કરમાં લેફ્ટનન્ટના હોદ્દા સુધી પહોંચેલો હોય છે. તેને કલાકૃતિઓનો સંગ્રહ કરવાનો અજબ શોખ હોય છે. તે નિવૃત્ત થાય છે ત્યાં સુધીમાં તેણે મોટી સંખ્યામાં કલાકૃતિઓ ખરીદી હોય છે. નિવૃત્તિ દરમ્યાન તે કલાકૃતિઓ નિયમિત નિહાળવામાં થોડો સમય આનંદપૂર્વક પસાર કરતો હોય છે. પછી તે અંધ બની જાય છે. જર્મનીની રાજકીય પરિસ્થિતિ, ફુગાવો અને પોતાના ઘરની સ્થિતિ અંગે તેને કંઈ જ ખબર નથી. તેની પત્નીને તેની એક દીકરીનાં ચાર બાળકોને પણ નભાવવાનાં હોય છે. નછૂટકે તેની પત્નીને પુત્રના સહકારથી ક્રોનફેલ્ડની કલાકૃતિઓ વેચવી પડે છે અને તેમ ન કરે તો અન્નનાં સાંસાં પડે એવી પરિસ્થિતિ હોય છે. ઈ. સ. ૧૯૨૨ – ૨૩ માં ફુગાવો એટલો પ્રચંડ હોય છે કે તેનાં પેન્શનમાં એક દિવસનો ખોરાક મળે. તેઓ જે કલાકૃતિ વેચી નાખે તેની જગ્યાએ પૂઠું ગોઠવી દેતાં આખો સંગ્રહ વેચાઈ ગયો. કલાકૃતિઓને બદલે કેવળ પૂંઠાં જ રહ્યાં. છતાં અંધ ક્રોનફેલ્ડ પૂંઠાંને કલાકૃતિઓ માનીને આંગળીઓના સ્પર્શથી જોવાનો પહેલાં જેવો જ આનંદ માણતો અને તેમાં તે આખી બપોર ગાળતો. આમ નિવૃત્ત લોકોના જીવનમાં કોઈક જાતનો શોખ હોય તો થોડા કલાક આનંદથી પસાર થાય અને નિવૃત્ત જીવનની એકલતા પણ ન લાગે.

પેન્શનની આવક પગાર કરતાં ઓછી હોવાથી પત્નીને પતિ પ્રત્યે ઓછું માન થાય એ દલીલ મોટે ભાગે આત્મલક્ષી છે. વાસ્તવમાં, પોતાના પતિ નિવૃત્ત થાય એટલે ઢસરડામાંથી છૂટયા એ અંગે પત્ની આનંદ અનુભવે અને પેન્શન મળવાથી આજીવિકાની નચિંતતા બદલ પત્ની રાજી થાય. સારી આવક કે પૈસાથી જ પત્ની રાજી થાય એ ખ્યાલ અધૂરો છે. પોતાના પ્રત્યે પતિનો શુભ ભાવ જોઈને, પતિના સારા ગુણો જોઈને પત્ની રાજી થતી હોય છે. તેવી જ રીતે નિવૃત્ત થયા બાદ, પુત્રો અને તેમના પરિવારને પોતાના પ્રત્યે તિરસ્કાર થાય છે અને પત્ની પુત્રો તથા તેમના પરિવારના પક્ષમાં રહે છે એવા અનુમાનમાં ગેરસમજ છે. પુત્ર એટલે શું ? સંતાનો એટલે માતાપિતાના પ્રેમનું સર્જન તેથી માતાપિતા અને સંતાનો વચ્ચે જુદાઈ કઈ જગ્યાએ રહી? પિતાને બુદ્ધિનો ચમકારો થાય તો તે પુત્રમાં પોતાને જોવા પામે. પોતાના જ વિસ્તાર પ્રત્યે ગેરસમજ રાખવાનો અર્થ શો ? પુત્રમાં રહેલા સદ્‌ગુણો કે દુર્ગુણો માતાપિતાનું પ્રતિબિંબ છે, તેથી ફરિયાદનો અર્થ ખરો? પુત્ર સોળ વરસનો થયો હોય ત્યારથી તેને પિતાએ મિત્ર ગણ્યો હોય તો ગેરસમજ કે ફરિયાદ ન સંભવે. તેમ ન થયું હોય તો નિવૃત્તિ પછી પુત્રોને મિત્ર ગણીને સ્નેહ આપવો. સંતાનોની ખામી માટે માતાપિતાએ કરેલા ઉછેરમાં ખામી રહી ગઈ છે એમ વિચારવાથી રોષ ઘટી જશે અને વાત્સલ્યથી વાતાવરણ યોગ્ય

પ્રકારનું થતું રહેશે. પોતે જે કંઇ મેળવ્યું હોય તે પુત્ર ભોગવે એ દેખીતું છે, પરંતુ પુત્ર જે ભોગવે છે તે પોતે જ ભોગવે છે એમ સમજાય તો, ઉદ્વેગ તરત શમી જશે. સારાંશ એ છે કે અધ્યાત્મદષ્ટિ કેળવતા રહેવાથી પોતાના સમગ્ર પરિવાર પ્રત્યે સુંદર ફરજપાલન બનશે. પરિણામે, જીવનના છેલ્લા અંકમાં સંસારનો પરિતાપ લાગવાને બદલે વાત્સલ્યતા સ્રોતમાં ઉચિત તૃપ્તિનો ઓડકાર આવશે. પોતાની પત્ની પુત્રોની માતા છે, તેથી તે તેમને વાત્સલ્ય બતાવે તેમાં પક્ષ લેવાનો અર્થ સમજવો અનુચિત ગણાય. તેના વાત્સલ્યમાં એવો ભાવ પણ જરૂર હોય કે પુત્રો તેમના પિતા પ્રત્યે યોગ્ય દૃષ્ટિ રાખે. જો થોડી તંદુરસ્ત દૃષ્ટિ નિર્માણ થાય તો, નિવૃત્તિ દરમ્યાન ઘર કેદખાનું નહિ બને. પણ આધ્યાત્મિક જીવન વિકસાવવા માટે મંદિર બની રહેશે.

નિવૃત્ત થતાં પોતાનું સ્થાન છોડવું પડે એટલે પોતાના અહમ્ પર ઘા પડે અને તેથી નિવૃત્તિ દુઃખદ લાગે છે એ સાચું. તેના મૂળમાં એ હકીકત રહેલી છે કે વ્યવસાય દરમ્યાન પોતાની જાતને વ્યવસાય સાથે એટલી બધી એકરૂપ બનાવી દીધી હોય છે કે વ્યવસાય બાદ કરતાં પોતાનું કોઇ સ્થાન હોય એમ લાગતું નથી. જ્યારે વ્યવસાય છોડવો પડે છે ત્યારે પોતે જાણે અપંગ બની ગયા અથવા શૂન્ય બની ગયા એવો અનુભવ થાય છે. નિવૃત્તિ પહેલાં જે થયું તે થયું, પણ નિવૃત્તિને યોગ્ય તક ગણીને સમાજને નિઃસ્વાર્થભાવે ઉપયોગી બનવાનો પ્રયત્ન રાખવાથી તંદુરસ્ત અહમ્ જળવાશે. મૃત્યુની યાદ સતાવનારી ગણવી એ ભૂલ છે. પરંતુ તે યાદ તો સંસારની આસક્તિ છોડાવનારી, સૌ કોઇ પ્રત્યે નિર્વૈર બનવાની પ્રેરણા આપનારી અને પોતાનું મૃત્યુ સુધરે તેવા પ્રયત્નો માટે માર્ગદર્શક બને તેવી છે. આટલી સ્પષ્ટતા બાદ જીવનના છેલ્લા પ્રકરણમાં અનુકૂલન સાધવાનું આપોઆપ ફલિત થાય છે. સાવ ખુલ્લી રીતે કહેવું હોય તો, નબળા, પીડિતો વગેરેને નિઃસ્વાર્થભાવે યથાશક્તિ અન્નદાન, વસ્ત્રદાન, ઔષધિદાન વગેરે આપવામાં થોડા પ્રવૃત્ત રહેવું. પોતાનાથી તેમ ન બની શકે તો આ પ્રકારનું દાન આપતી સંસ્થાઓમાં યથાશક્તિ સેવા આપવી. તેથી વિશેષ આગળ જઇને કહીએ તો, અન્ય વ્યક્તિને ધર્મને માર્ગે ચડાવીએ તો તે શ્રેષ્ઠ મદદ છે જેમાં પોતાના પરિવારથી માંડીને રસ્તે ચાલતા માણસ સુધીનો સમાવેશ થાય છે. પોતાની રીતે આ કાર્ય ન બની શકે તો, આવું કાર્ય કરતી સંસ્થામાં જોડાવું. એ પણ ન બની શકે તો, અભ્યાસપૂર્વક ભિન્ન ભિન્ન વિષયો પર પોતાના વિચારો લેખન દ્વારા દર્શાવવા જેથી યુવાનો તેમની વિચારશક્તિ ખીલવે. થોડા સમય માટેની આવી કોઇ પ્રવૃત્તિ જીવનના છેલ્લા પ્રકરણમાં અનુકૂલન સાધવું સરળ બનાવશે.

અહીં જોઇ શકાશે કે નિવૃત્તિ નિવૃત્તિ રહેતી જ નથી. અલબત્ત, પૈસા રળવાની પ્રવૃત્તિ બનતી નથી, પરંતુ સાચાં સુખશાંતિ અને આનંદ મળે તેવાં આત્મકલ્યાણની પ્રવૃત્તિ બને છે. સંતાનો માટે વધારે પૈસા મૂકી જવાની ચિંતા ખોટી છે. ખરી રીતે જોતાં, સંતાનોને પ્રેમ-વાત્સલ્ય મળતાં રહે, જીવનનો સામનો કરવાની હિંમત આવતી રહે, ધર્મપરાયણ જીવનનો યોગ્ય અર્થ સમજાતો રહે, સારાં વાચનની ટેવ પડતી રહે અને તેઓ આર્થિક તેમ જ માનસિક રીતે પગભર બને એ માટે સહૃદયતાથી પુરુષાર્થ અવશ્ય કરવાનો રહે છે. પ્રવૃત્તિ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. અમૂલ્ય માનવદેહ માત્ર સંપત્તિ એકઠી કરવા માટે નહિ, પરંતુ આત્મકલ્યાણ સાધવા માટે પણ મળ્યો છે એવી પ્રતીતિ થઇ જાય તો નિવૃત્તિ સુખદ જ લાગવાની. ❁

# નવલકથા વિશે થોડુંક

## ☛ ડૉ. પ્રવીણ દરજી

વાસ્તવ કે મનોવાસ્તવને બરાબરનાં ઊંડળમાં લેવાનું નવલકથા જેવા વિસ્તૃત સ્વરૂપમાં વધુ સારી રીતે બનતું હોય છે. નવલકથાના સ્વરૂપની ખરી વિશેષતા જ એ છે કુશળ સર્જક એવો અવસર ચૂકતો નથી. સ્થૂળથી માંડીને એની સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોટિઓ સુધી એ વ્યાપી રહેવાનો પ્રયત્ન કરતો હોય છે. નવાં જોડાણો, વિરુદ્ધ છેડાઓ, ખડબચડ ભૂમિકાઓ, અકુદરતી ચઢાણો અને ઉતરાણો – એ સર્વને તે પોતાની સામગ્રીમાં વિનિયોગે છે. ક્યારેક જોડાજોડ તેઓને મૂકે છે, તો ક્યારેક પરસ્પરને છેદે એ રીતે. સરેરાશ નવલકથાકાર આવી ગડભાંજમાં પડતો નથી, એનું ગજું પણ હોતું નથી. એ સપાટ ભૂમિકાએ વિહરે છે. સ્વીકૃત તથ્યોથી એની આગળ ગતિ હોતી નથી. વાસ્તવને નામે એ જે કંઈ કરે છે તેની કોટિઓ પણ સ્થૂળ હોય છે. એનું નિર્વહણ પણ એવી કક્ષાએથી જ થતું હોય છે. અન્ન અને ઓડકાર બંને સરખાં.

કુશળ સર્જક વાચકને સ્થિતિની સામે મૂકી આપે છે, ભિન્ન ભિન્ન સંદર્ભોને ઉપસાવે છે ને પોતે દૂર રહે છે અને એમ વાચકની સમજણને પડકારે છે, કદાચ એ પદ્ધતિએ વાચકની સમજને વિસ્તારે પણ છે. તે સાચા-ખોટાપણાનાં નિષ્કર્ષો કે તારણો આપવાનું ન્યાયાધીશ જેવું કાર્ય બજાવવાનું પસંદ કરતો નથી. એ જાણે છે કે માણસ અને એનું જીવન એનાં છે કે તેને પકડવા જગતભરના ચીપિયા નાકામિયાબ નીવડે. એક વ્યક્તિ માટે જે સાચું જણાય છે તે અન્ય વ્યક્તિ માટે સાચું ન પણ હોય, એક વ્યક્તિ માટે જે ઘૃણાસ્પદ હોય તે અન્યને માટે તેમ ન પણ હોય. અરે, એવું પણ બનતું જોવાય કે એક વ્યક્તિ માટે એક ક્ષણે જે સત્ય હોય એ જ વ્યક્તિ માટે બીજી ક્ષણે તે ઘટના પૃથક્ અનુભવ કરાવનારી પણ નીવડે. માણસ અને એનું જીવન – એ રીતે ગૂઢ અને ગાઢ રહ્યાં છે. બધા જ માણસોને એક સરખી ક્ષણોમાંથી પસાર થવાનું બનતું નથી. દરેકની સ્થિતિ આગવી હોય છે.

પેલો કુશળ સર્જક આપણે નહિ અનુભવેલી અથવા આપણે જેના સંપર્કમાં મુકાયા નથી – એવી ક્ષણોને આપણા માટે લઈ આવે છે. એવી ક્ષણોનાં ધારક પાત્રોને આપણી સન્મુખ હરતાંફરતાં કરે છે. એમના આંતરવિરોધોને, એમની મનોરમણાઓને, ભીતરનાં ધમસાણોને પળે પળે અવનવા રંગો દાખવતી વ્યક્તિ ચેતનાને-તે છતાં કરે છે. રાગ-દ્વેષનું ગણિત તે શીખવતો નથી. સાચા-ખોટાપણાના પોતાના અભિપ્રાયો પણ આપણા માથે મારતો નથી. ક્ષણને, ઘટનાને, સ્થિતિને, સંવેગને, લાગણીને, વૃત્તિ-પ્રવૃત્તિને તે સહજરૂપે ઉઘાડવા

દે છે. આવું કરતીવેળા, એના સર્જકકર્મને તે ઘણી બધી રીતે કસોટીએ ચઢાવતો દેખાય છે. એ આપણને એના પાત્ર સાથે દરિયા કાંઠે લઇ જતો હોય, દરિયાના જલને ઉછળતાં, અથડાતાં, વિવર્તાતાં બતાવતો હોય કે સરિતાના કાંઠે લઇ જતો હોય. પંખીઓ આવે, વૃક્ષો લાવે, પુષ્પો બતાવે, અંધકાર લઇ આવે, ધોમધખતા મધ્યાહ્નનું ચિત્ર આપે કે મૂશળધાર વર્ષાનું દ્રશ્ય વચ્ચે લાવે. આવું આવું ઘણુંક તે સાભિપ્રાય લાવતો હોય છે. વ્યકત કરવા ધારેલી ક્ષણને ઘટના કે સંવેગને તે તેથી ઘનત્વ અર્પે છે કેટલુંક જે અમૂર્ત રૂપે હોય છે તેને મૂર્તરૂપ આપે છે. એ દ્વારા અપેક્ષિત વાતને વ્યંજનના સ્તરે તે મૂકી આપતો હોય છે. એટલે નવલકથામાં આવતાં આવા ઇતર લાગતાં તત્ત્વો ઇતર નથી હોતાં સંઘટનાનો એક અનિવાર્ય ભાગ હોય છે. પાત્ર કે તેની ક્ષણો સાથેનું એવાં તત્ત્વોનું સંનિધિકરણ ભાવકને માટે નવો ભાવબોધ કરાવનારું નીવડે છે. ચી કવે આર્મ્હની 'ધ બ્યૂટીફૂલ વન્સ આર નોટ યટ બોન''માંથી વારંવાર આવતાં જાજરુનાં વર્ણનોને કૃતિથી કેવી રીતે અલગ કરી શકો? ગંદકીના ઢગલે ઢગલાનાં દશ્યોને, નાક સીમવાની, ગળફા કાઢવાની, લાળ પાડવાની કેટલાંક પાત્રોની કુટેવોને કથાચક્રના આરા રૂપે જ જોવી રહી. પેલી દક્ષ સર્જકતા કયારેક આખી રચનામાં એવાં પ્રતીકો પણ યોજે. ભાષાનો પણ કસ કાઢી લેવાને તૈયાર થાય.

ગોવર્ધનરામે 'જંગલ, અંધારી રાત ને સરસ્વતીચંદ્ર'માં વર્ણનના સ્તરેથી કેવું અને શું શું સિદ્ધ થઇ શકે તેનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત પૂરું પાડયું છે. ત્યાં જંગલ, અને અંધારી રાત છે સાથે સરસ્વતીચંદ્ર પણ છે. વધારે સારી રીતે કહેવું હોય તો સરસ્વતીચંદ્રની ચેતના ત્યાં ઊભી છે. જંગલ અને ભયાનક રાત્રિથી અપૃથક્ ચેતના. લોરેન્સે 'ધ રેઇનબો'માં પ્રશસ્ત રીતે આવું કાર્ય સિદ્ધ કર્યું છે. એથેલ વિલ્સન જેવી નવલકથાલેખિકા સ્વેમ્પ એન્જલના એક જ પ્રતીક વડે માનવ અને જીવનના અનેક ખૂણા —તેની રહસ્યમયતા વચ્ચે ભાવકને ખડો કરી દે છે. આવા સર્જકો અને એમની રચનાઓ, જયોજ' કોહને કહ્યું છે તેમ, કથા નથી કહેતાં, કથા પ્રત્યક્ષ કરાવે છે. નવલકથાનો એ જ સાચો કીમિયો છે, નવલકથાના લેખક માટે મત્સ્યવેધ રૂપ વસ્તુ આ પ્રત્યક્ષતાની છે. મનુષ્ય અને જીવન જેવાં છે તેવાં – માંનવીય સંવેદનાની પળેપળ બદલાતી પટ્ટી, ત્યાં પ્રત્યક્ષ થાય છે. ભાવકને માનવીનો – જીવનનો અગાઉ નહિ પેખેલો એવો એક નવો ચહેરો જોવા મળે છે. કહો કે, જીવનને–માનવીને નવે રૂપે તે અનુભવી રહે છે. આવી ક્ષણોના સંગે તે માનવ – જીવનને એના સમગ્રરૂપે સ્વીકારવાનું સત્ય પામે છે. બળ કે સબળ નહિ સત્ય કે અસત્ય નહિ, સદ્ કે અસદ્ નહિ, અબલાબલ, સત્યાસત્ય, સદાસદ્ એ ખરું રૂપ છે. રાગ–રોષથી નહિ; અનુકંપાથી તે આપણને ભરી દે છે. સત્કાર્યને વધાવીએ તો દુષ્કૃત્યોને સમજવા એક ભૂમિકા એમાંથી મળે માનવને એના બધા જ ખેલ વટીને, છેક તળિએ એનું જે સુન્દરમાં સુન્દર રૂપ રહ્યું છે ત્યાં સુધી એવી રચના આપણને લઇ જાય છે. આવી રચનાઓ વારંવાર વાંચવી ગમે. દરેક વાચને નવાં ભાવપર્ણો ફૂટતાં જણાય.

સરેરાશ નવલકથાકારોનો પંથ જુદો છે. તેઓ જીવન–જગતની ઘટનાઓ લઇ આવે છે. પણ માત્ર ઘટનાઓ. વાસ્તવ કે મનોવાસ્તવનાં ઊંડાં અભ્યંતરોમાં ઊતરવાની ત્યાં વાત નથી સર્જકતાની એવી ક્ષમતા પણ હોતી નથી. તે તો આપણને કથા કહેવા બેઠો છે. દાદા કે દાદીમા જેમ પૌત્ર–પૌત્રીઓને ઘેનમાં લાવવા વાર્તા કહે છે એ રીતે. વાર્તા–ભૂખ્યો વાચક વાર્તા વાંચીને તત્પૂરતો – તત્ક્ષણ પૂરતો રાજી થઇ જાય છે, ને વાર્તાને પછી ભૂલી જાય છે. આવા લેખક એના ગણિતમાં પાકો છે. કથા પેલા વાચકને કયાં ગલીપચી કરશે, કયાં એની વૃત્તિઓ ઉશ્કેરાશે અથવા તેની રુચિને શું ગમશે તે બરાબર જાણતો હોય છે. વાચકની સમજ વિસ્તરે કે એની સંવેદનાનું ફલક વિસ્તરે એ એનું લગીરે લક્ષ્ય નથી. એટલે સપાટ કથા–કથનથી એનું નાવ હંકાયે જાય છે. કોઇ શિક્ષિત સ્ત્રી દર માસે નકકી કરેલા બજેટ પ્રમાણે કરિયાણાની દુકાને જઇને ચીજવસ્તુઓનું પોટકું બાંધી લાવે છે–એવો જ કંઇક ઘાટ આ પ્રકારના નવલકથાકારનો છે. એનું બજેટ નકકી છે, આવક નકકી છે, ખરીદીની વસ્તુની યાદી પણ તૈયાર છે. એટલે આ પ્રકારની સરેરાશ કૃતિમાં વર્ણનો, ભાષા આદિ સર્વ કૃતિના અવિયોજ્ય અંશ રૂપે નહિ, પણ કથાને ફુલાવવા માટે ચટાકેદાર બનાવવા માટે થતો હોય છે. એમાં શયનખંડ આવે, સુહાગ રાત્રિ આવે, થોડી મારફાડ આવે, બે વ્યક્તિનો પ્રેમ અને વિલન બધું આવે..આ સામે વાંધો ન હોય પણ જે રીતે સરેરાશ નવલકથાઓમાં જોવા મળે છે તે રીતે એ કેવળ કથા કહી રહ્યો છે એના ભાગ રૂપે તે આમેજ કરી રહ્યો હોય છે. કહો કે મરીમસાલા રૂપે. આ સિવાય શ્રદ્ધાની, આદર્શની, ધર્મ કે નીતિની વાતો પણ જુદી રીતે આવી રચનાઓમાં આપણે ત્યાં આવતી જ રહી છે.

ગુજરાતી નવલકથા સાહિત્ય આજે આવી સરેરાશ કૃતિઓથી ઉભરાય છે. વાચક એનો બંધાણી થઇ ગયો છે. વાચકના સંવેદનતંત્ર માટે આવી કૃતિઓ ઘાતક ડ્રગ્સથી સહેજ પણ ઓછી વિનાશક નથી.

## સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬મી જુલાઇ, ૧૯૯૦ અને તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૦નો અંક પર્યુષણ પર્વ નિમિત્તે સંયુકત અંક તરીકે જુલાઇની આખર તારીખમાં પ્રગટ થશે.

–તંત્રી

# સંગીતમાં કોમી એકતા

બટુકભાઈ દીવાનજી

હાલના સમયમાં રામજન્મભૂમિ તથા બાબરી મસ્જિદના વિખવાદથી તથા અન્ય કારણોને લીધે ભારતનું વાતાવરણ ધાર્મિક ઉશ્કેરણીથી કલુષિત થઇ રહ્યું છે તે સંદર્ભમાં હિંદુઓ તથા મુસ્લિમોમાં ઐક્ય તથા બિરાદરી સ્થાપિત કરવામાં શાસ્ત્રીય સંગીતે જે મહત્ત્વનો ફાળો આપ્યો છે તે વિષે વિચારવું જરૂરી છે.

ઘણાખરા મુસ્લિમ સંગીતકારોના શાગિર્દો મોટે ભાગે હિંદુ જ હોય છે તેમજ એમના શ્રોતાઓ પણ હિંદુ જ હોય છે. કારણ કે મુસ્લિમોને સાધારણ રીતે શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિરુચિ નથી હોતી. આ કારણથી બડે ગુલામઅલીખાં, નઝાકત - સલામત, અમાનતઅલી - ફતેહઅલી વગેરે સંગીતકારો-વારંવાર પાકિસ્તાનથી ભારત આવતા અને એમના કાર્યક્રમોના યોજક તથા શ્રોતાઓ પણ હિંદુ જ હતા. પાકિસ્તાનમાં શાસ્ત્રીય સંગીતની કદર ન થતી હોવાને લીધે બડે ગુલામઅલીખાં તથા એમના સુપુત્ર મુનવ્વરઅલીખાં ભારતીય નાગરિક બન્યા હતા. બડે ગુલામઅલીખાં ભજનો આબાદ રીતે ગાતા અને ખાસ કરીને પહાડી રાગનું ભજન 'હરિ ઓમ તત્સત્' કાર્યક્રમોમાં વારંવાર ગાઇને તથા તેની રેકર્ડ તથા કેસેટ દ્વારા આ ભજનને એમણે અમરત્વ બક્ષ્યું છે.

ડાગર કુટુંબના સંગીતકારોના પૂર્વજો હિંદુ જ હતા અને ધ્રુપદ તથા ધમાર શૈલીનાં જે ગીતો તેઓ ગાય છે, તેમાંના ઘણાખરા શીવ–પાર્વતીની સ્તુતિઓના રૂપમાં જ હોય છે. એમનું માલકંસ રાગનું એક ગીત આ પ્રમાણે છે :

"શંકર ગિરિજાપતિ પાર્વતી પતિ ઇશ્વર,
ગલે મૂંડમાલ મહામય મહેશ્વર;
જટા મેં ગંગા ત્રિલોચન ત્રિશુલધર,
નમો કૈલાસપતિ સતિવર ભૂવનેશ્વર."

જેમને સંગીતના દ્રોણાચાર્યની ઉપમા આપી શકાય એવા મહીયરના અલાઉદ્દીનખાંના પૂર્વજો પણ હિંદુ જ હતા અને શિવ-ભક્તિ એમના કુટુંબમાં વારસાગત છે. તેઓ જ્યારે જ્યારે અલાહાબાદ જતા ત્યારે એકાદશીને દિવસે અચૂક ત્રિવેણી સંગમ પર સ્નાન કરતા તે ઉપરાંત મહીયરમાં હોય ત્યારે ત્યાંના પ્રખ્યાત શારદાદેવીના મંદિરે રોજ દર્શન કરવા જતા. તેઓ તથા એમના પુત્ર અલીઅકબરખાં પોતાને ઘેર હિંદુ દેવ–દેવીઓ ઉપરાંત શ્રી રામકૃષ્ણ, શારદાદેવી તથા સ્વામી વિવેકાનંદની છબીઓની પૂજા કરતા. અલાઉદ્દીનખાંએ પુત્રીનું નામ અન્નપૂર્ણા રાખ્યું હતુ.

મહાન ગાયક અલાદિયાખાંના પૂર્વજો પણ હિંદુ હતા અને તેઓ ગૌડ બ્રાહ્મણ હતા તથા શાંડિલ્ય ગોત્રના હતા તે વાતનું અલ્લાદિયાખાં બહુ જ ગૌરવ ધરાવતા.

તાનસેને 'ગણેશ – સ્તોત્ર' નામનો સંગીતગ્રંથ રચ્યો હતો અને એણે રચેલાં શ્રી કૃષ્ણ તથા રાધાનાં પદો આજે પણ વૈષ્ણવ મંદિરોમાં ગવાય છે.

કાલેખાં, ફૈયાઝખાં, વિલાયતહુસેનખાં, ખાદીમહુસેનખાં વગેરે મુસ્લિમ સંગીતકારોની ઘણીખરી બંદિશોના નાયક શ્રીકૃષ્ણ છે.

કાલેખાંનું ઉપનામ 'સરસપિયા' હતું. એમની 'પરજ' રાગની એક બંદિશના શબ્દો :

"મનમોહન બ્રીજકો રસિયા, જાત હતી મૈં તો બ્રીજકી ગલીયન,
મુરલી બજાયે મોરા મન મોહ લેત;
દેખી "સરસ" સાંવરી સૂરત લલચી રહ્યો મેરો જિયા,
સુન ધુન દિલ બીચ બાગ રહી બેકલીયા, મુરલી બજાયે."

વિલાયતહુસેનખાનું ઉપનામ 'પ્રાણપિયા' હતું. એમણે રચેલી સાવની' રાગની એક બંદિશના શબ્દો :

'આજ મગ જોવત જોવત હારી,
આજ મોરી અખીયાં દરસકી પ્યાસી;
'પ્રાણપિયા' બીન કલ નહિ આવત,
આયેના મોરે શ્યામ બ્રિજવાસી.'
( 'મગ જોવત'નો અર્થ' વાટ જોતાં' )

ખાદીમહુસેનખાનું ઉપનામ 'સજનપિયા' છે. એમણે રચેલી 'પૂર્વી' રાગની એક બંદિશના શબ્દો :

'સાંવરેસે મન લાગા રી મોરી માઇ,
કહા બાંધ રાખું જિયા;
હું બીનતી કર હારી મોહનસોં
કહા કરું મૈં 'સજનપિયા'.

ફૈયાઝખાંનું ઉપનામ પ્રેમપિયા' હતું. એમણે રચેલી 'સુગરાઇ' રાગની એક બંદિશના શબ્દો :

'નૈનનસોં દેખી મૈને, એક ઝલક મોહનકી;
જબસે 'પ્રેમ' મોહે ઉનકો ભયો,
સુધ ના રહી તનમનકી'

અસલના વખતમાં શરણાઇ ફક્ત લગ્ન કે બીજા માંગલિક પ્રસંગોએ જ વગાડાતી. ઉસ્તાદ બિસ્મિલ્લાખાંએ શરણાઇને મહેફિલી સંગીતમાં ઉચ્ચ સ્થાન અપાવ્યુ. એમના દાદા રસુલબક્ષ વારાણસીમાં બાલાજીનાં મંદિરમાં તથા એમના મામા અલીબક્ષ ઉર્ફે વિલાયતુ, અને બિસ્મિલ્લાખાં પોતે પણ, વારાણસીમાં કાશી વિશ્વનાથના મંદિરમાં શરણાઇ વગાડતા.

મહોરમમાં તાજીયા જોતાં બિસ્મિલ્લાખાં કેટલીક વખતે આંસુ સારતા અને તે જ પ્રમાણે ગંગા નદીના ઘાટ પર વેદના મંત્રોચ્ચાર સાંભળીને અસીમ આનંદ અનુભવતા.

પશ્ચિમના લોકો પણ બિસ્મિલ્લાખાંના સંગીતની મોહિનીથી અંજાઇ ગયા હતા અને જ્યારે એમણે બિસ્મીલ્લાખાંને ત્યાં જ સ્થાયી થઇ જવા માટે આગ્રહ કર્યો ત્યારે તેઓ બોલ્યા, 'જો તમે મારા વારાણસીને પણ અહીં લાવી શકો તો હું અહીં રહેવા કબૂલ છું. બનારસ તથા ત્યાંની માટીમાં અદ્ભુત જાદુ ભર્યો છે. ત્યાંના ગંગા–સ્નાન માટે મારો જીવ તલસી રહ્યો છે'.

આ જ પ્રમાણે ફિલ્મી સંગીત તેમ જ ગઝલ સંગીત પણ કોમી એકતાની ખુશબોથી હંમેશ મહેકતું રહ્યું છે.

# વ્યકિતપૂજા

❖ ડૉ. હસમુખ દોશી

કૉલેજના દિવસોમાં અનેક પુસ્તકોની જેમ થોમસ કાર્લાઇલના Hero and Heroworship વિશે ખૂબ સાંભળ્યું હતું. ગુજરાતી સાહિત્યમાં પણ કાર્લાઇલ સંબંધે થયેલા ઉલ્લેખો કેટલીકવાર જોવામાં આવ્યા હતા. પણ ઘણી વાર બન્યું છે તેમ ઉકત પુસ્તક મને કયાંયથી વાંચવા મળ્યું નહિ. કાર્લાઇલની સાહિત્યયાત્રાનું આરંભનું પુસ્તક Sartor Resartus પણ એટલું જ પ્રસિદ્ધ ગણાતું હતું. નાના ગામમાંથી આવેલા તરુણ કાર્લાઇલે લંડનના તત્કાલીન વૈભવનું ભીતરથી જે પોલું દર્શન કર્યું તેનું આ પુસ્તકમાં નિરૂપણ છે અને એ પુસ્તક પણ હું કયાંયથી મેળવી શકયો નહિ. અંગ્રેજી સાહિત્યના એ પ્રતિભાસંપન્ન ગદ્યસ્વામીના આંધીભર્યા ગદ્યનો પરિચય કરવા મન તલસતું હતું. પણ એ તલપ પૂરી થતી નહોતી અને એ પછી તો એ કામ રહી જ ગયું. પણ જીવનમાં જે ઊણપ મૂળ પુસ્તક મૂકી જતું હતું તે ઊણપ એ પુસ્તક ઉપર થયેલાં વિવેચનોએ વારંવાર પૂરેલી છે. અને એટલે જ વિવેચનસાહિત્યની અનેક મર્યાદાઓ હોવા છતાં તેનું આકર્ષણ સર્જન જેટલું જ રહ્યું છે. કાર્લાઇલના Hero and Heroworship વિશે પણ એમ જ બન્યું. અંગ્રેજી સાહિત્યના બે બૃહદ્ ઇતિહાસ ગ્રંથોમાં કાર્લાઇલના ઉકત પુસ્તક સંબંધે ફકત ઐતિહાસિક નહિ કિંતુ ભરપૂર રચનાત્મક સામગ્રી આપવામાં આવી છે. તેમાં એક છે ક્રોમ્પટન રીકેટનો અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ અને બીજો છે લેગ્વી કેઝામિયાનનો અમૂલ્ય સાહિત્યિક ઇતિહાસ. લેગ્વી અને કેઝામિયાન મૂળ તો ફ્રેન્ચ લેખકો છે પણ એ બન્ને ફ્રેન્ચ હોવા છતાં અંગ્રેજી ભાષા–સાહિત્યના સમર્થ અભ્યાસીઓ છે. તેમણે અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ પોતાની માતૃભાષા ફ્રેન્ચમાં લખ્યો છે અને એ ફ્રેન્ચ લેખકોના ગ્રંથનું વળી અંગ્રેજીમાં ભાષાન્તર પણ થયું છે. આપણે ત્યાં તો આવું બને ત્યારે પણ રાજકોટમાં અપાત્ર અને સાહિત્યેતર માણસો દ્વારા યોજાયેલી કહેવાતી ગુજરાતી સાહિત્ય પરિષદ અને તેમાં પધારેલા બીજી અને ત્રીજી કક્ષાના વિદ્વાનોમાંથી કેટલાક મહાનુભાવોએ અંગ્રેજી ભાષા-સાહિત્ય પરત્વે જે વહાલ વરસાવ્યું તે માટે એટલું તો નોંધવું પડશે કે તેમનો સૌમ્ય આક્રોશ અસ્થાને નહોતો. અંગ્રેજી ભાષાસાહિત્યની પુનિત ગંગામાં ઉકત મહાનુભાવોએ કેટલા ખખોળિયા ખાધાં હશે એ તો સર્વ શકિતમાન જાણે, પણ તેમનું અરણ્યરુદન બહેરા કાનોએ જરૂર અથડાવા જેવું હતું. અંગ્રેજી રાજનીતિજ્ઞો અને અંગ્રેજી પ્રજા ભલે હદપાર થયાં પણ અંગ્રેજી ભાષાસાહિત્યને એ હદ ઓળંગવા ન દેવી જોઇએ. અર્વાચીન ગુજરાતી સાહિત્ય નિર્વિવાદ તેના મબલખ ઋણ નીચે દબાએલું છે અને મારા જેવા કેટલાયનો એ જ કારણે કદાચ ઉદ્ધાર થયો હશે.

Hero and Heroworshipમાં કાર્લાઇલે એમ કહ્યું છે કે સામાન્ય માણસો પોતાની રીતે જીવી શકે એ શકય નથી. તેમનો ઉદ્ધાર એક જ રીતે થઇ શકે; અને એ રીત એટલે તેમણે પોતાના દેશના જે Heros છે તેને પગલે ચાલવાની રીત – કાર્લાઇલ Heroનો અર્થ વીર પુરુષ કરે છે, વિભૂતિ નહિ પણ વીરપુરુષો ઘણી વાર ક્રુર, નિષ્ઠુર અને સ્વાર્થી હોય છે. આ માટે જ ક્રોમવેલ જેવા સ્વાર્થી રાજકારણીનું કાર્લાઇલે વિસ્તૃત જીવનચરિત્ર લખ્યું હશે. કિંતુ આવા મનુષ્યોને પગલે ચાલવાનું હોય નહિ. નેપોલિયન કે હિટલર કોઇ પણ ઉત્તમ મનુષ્યનો આદર્શ બની શકે નહિ. એટલે કાર્લાઇલની વિચારણા ઘણી આઘાતજનક લાગે છે. પરંતુ માનવમનની ગહેરાઇ તેની વિચારણામાં પ્રતિબિંબિત થયા વિના રહેતી નથી. કેમકે આપણો દેશ મુખ્યત્વે Heroworship કરનારાઓનો દેશ છે. ઘણીવાર આવી પૂજા પાછળ નિહિત સ્વાર્થ ચોકકસ રહેલો હોય છે. પણ કેટલીક વાર તેની પાછળ કેવળ સ્વાર્થ નથી હોતો, વિચારોની કે વ્યકિતત્વની એક પ્રકારની ગુલામી પણ રહેલી હોય છે.

રાજકારણના અને સમાજ જીવનના ક્ષેત્રે Heroworshipનાં દ્રષ્ટાંતો શોધવા જવાં પડે તેમ નથી. સ્વર્ગસ્થ જવાહરલાલ નહેરુ અને તેમના વંશજોની પૂજા કોંગ્રેસીઓએ અને સામાન્ય જનતાએ એટલી હદે કરી કે તેનો અન્ત તાજેતરમાં બહુ ખરાબ રીતે આવ્યો. ઔદ્યોગિકીકરણ અને નગરસંસ્કૃતિના વિકાસને લીધે શહેરો વિકસ્યાં ને ભાંગેલાં ગામડાં વધારે ભાંગ્યાં, તેમાંથી જ દેશની શરમરૂપ ઝુંપડપટ્ટીઓનો પ્રક્ષોભજન્ય જન્મ થયો. સત્તાપ્રિયતા અને સ્વાર્થપરાયણતાનું કુટિલ રાજકારણ શ્રીમતી ઇન્દિરા ગાંધીના શાસન દરમિયાન ચરમ સીમાએ પહોંચ્યું. ત્યારે Indira is India સૂત્ર આપનારાઓના માનસદર્શન પાછળ Heroworshipની જ પ્રબળ કામના જોઇ શકાતી હતી. આવડો મોટો દેશ એક જ વ્યકિતના સ્વાર્થી અને કુટિલ રાજકારણમાં ડૂબેલો રહે તે Heroworshipનું જ તજ્જન્ય પરિણામ ગણી શકાય.

ઊંચા કે મોટા હોદ્દા ઉપર આવેલો માણસ કોઇ ઉચ્ચ કે શ્રેષ્ઠ કાર્ય કરી બતાવે એ પહેલાં તો આપણે ત્યાં વિવિધ સંસ્થાઓ અને વ્યકિતઓ દ્વારા તેમને માનપત્રો મળવા લાગે છે, અથવા તો તેમની કલ્પિત પ્રતિભાની પૂજા થવા લાગે છે વડા પ્રધાન કે સામાન્ય પ્રધાનોથી માંડીને નગરપતિઓ અને વાઇસ ચાન્સેલરો હોદ્દા ઉપર આવતાં જ આપણે ત્યાં એકાએક પૂજનીય બની જાય છે. આવા મહાનુભાવો જે તે ક્ષેત્રમાં કંઇ સારું કામ કરી બતાવે અને પછી તેમની પૂજા કરવામાં આવે કે માનપત્રો આપવામાં આવે તો તે હજીય સાર્થક લાગે. પણ કામનાં પરિણામો સાથે નહિ, કામના સ્વરૂપને જ પૂજવામાં આપણી પ્રજા પોતાનું અહોભાગ્ય સમજતી હોય છે.

સાહિત્યક્ષેત્રે આ અનિષ્ટ વધારે વિકસેલું હોય છે. મુનશીજીની પૂજા કરીને આપણા સાહિત્યકારો ને વિદ્વાનો ધરાતા નહોતા અને હજીય એ સિલસિલો ચાલુ જ છે. એ પરંપરા ઉમાશંકર જોશી કે સુરેશ જોશી સુધી એટલી જ સાહજિક રીતે જીવંત રહેલી જોવા મળે છે. ઉમાશંકરજીની આસપાસ એવો ભવ્ય દરબાર ભરાયેલો રહ્યો કે તેમાં અનેક હજુરિયાઓ છીછરાં પાણીમાં પણ તરતા રહ્યા. જે શહેરમાં ઉમાશંકરજી માંડ બે–ચાર વાર ફરકયા હશે અને જે શહેર પ્રત્યે તેમને પોતાને ખાસ કોઇ ઉમળકો નહોતો એવા નગરમાં ભરાયેલી કહેવાતી ગુજરાતી સાહિત્ય પરિષદને ઉમાશંકર નગર તરીકે

નામાભિધાન મળ્યું. સર્જક તરીકે ઉમાશંકર કદાચ મહાન હશે પણ આવો અભિગમ પ્રાકૃત Hero-worship નો જ દ્યોતક બની રહે છે. તેમનું 'સંસ્કૃતિ' માસિક પોતાની રીતે કે પછી સંજોગોને લીધે બંધ પડયું ત્યારે તેમના પૂજારીઓએ જબરદસ્ત ઊહાપોહ મચાવ્યો: 'હવે ગુજરાતમાં 'સંસ્કૃતિ' નહિ હોય!' પરન્તુ ગુજરાતમાં જ્યારે 'સંસ્કૃતિ' માસિક નહોતું અને હવે જ્યારે આજે નથી ત્યારેય ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં કોઇ બાધ આવ્યો હોય એમ મોટા ભાગના ગુજરાતીઓને લાગતું નથી. ગુજરાતના આદ્યવિવેચક ને કદાચ પહેલા સાહિત્યિક પત્રકાર નવલરામના 'શાળાપત્ર'થી માંડીને વિજયરાયના 'માનસી' સામયિક સુધી કે પછી સુરેશ જોષીના 'ક્ષિતિજ' કે 'ઊહાપોહ' સુધી સાહિત્યિક પત્રોની આ જ પરંપરા જોવા મળે છે. અને છતાં 'સંસ્કૃતિ' સામાયિકનો અસ્ત તેમના પૂજકોને બહુ જ અકળાવે છે. 'ઉમાશંકરના 'સંસ્કૃતિ'માં પોતાનો લેખ છપાવવા માટે એક વાર ભલભલા ચમરબંધીને લાઇનમાં ઊભા રહેવું પડતું' એમ આ મહાનુભાવો માને છે. 'સંસ્કૃતિ'માં પ્રગટ થયેલાં સામાન્ય કોટિનાં લખાણોને એકત્રિત કરવામાં આવે તો ઘણાય વિશેષાંકો પ્રગટ થાય! અલબત્ત 'સંસ્કૃતિ' માસિક દ્વારા દસ-બાર લેખકોનો જરૂર ઉદ્ધાર થયો, જેને પરિણામે ગુજરાતી સાહિત્ય આજે અમદાવાદ કે ગુજરાતની બહાર કલ્પી શકવાનું લગભગ અશક્ય બન્યું છે. વિરોધીઓને કે વિરોધી વિચારોને પચાવવાનું ગજું અસામાન્ય ઔદાર્ય અને પરમ સહનશીલતા વિના સંભવી શકતું નથી. અને ઉમાશંકર તેમાં અપવાદ નહોતા.

Heroworshipના આ તંતુને સ્વર્ગસ્થ સુરેશ જોષીના અનુયાયીઓએ અને શિષ્યોએ ખેંચીને વધારે મજબૂત બનાવ્યો છે. કોઇ પણ વિદ્વાન કે વ્યક્તિ જાહેરમાં સ્વર્ગસ્થ સુરેશ જોષી વિરુદ્ધ બોલે કે લખે ત્યારે પોતાની હયાતી દરમિયાન સુરેશ જોષીને પોતાને કંઇ કરવાનું રહેતું નહિ. એ કામ તેમના અનુયાયીઓએ અને શિષ્યોએ બહુ જ આદરપૂર્વક ઉપાડી લીધું હતું. સાહિત્ય અકાદમીના પારિતોષિકનો સુરેશ જોષીએ જ્યારે અસ્વીકાર કર્યો ત્યારે તેમની સાથે ઠીક રીતે સંકળાયેલા મુંબઇના એક આગેવાન દૈનિકે આ કાર્ય બહુ હોંશપૂર્વક ને ઉત્સાહથી ઉપાડી લીધું હતું. સાહિત્ય સંબંધે સુરેશ જોષીનો જ Concept સાચો છે અને એથી વિરુદ્ધ જનારાઓ કે વિચારનારાઓ તો સાહિત્યેતર પ્રાણીઓ ગણાય એમ જ તેમનું માનવું હતું અને છે. એ દ્રષ્ટિએ જોવા જઇએ તો વિશ્વનું એંસી ટકા સાહિત્ય સાહિત્ય જ ન ગણાય. અંગ્રેજી સાહિત્યનો સમગ્ર જ્યોર્જિયન એરા (વીસમી સદીનું અંગ્રેજી સાહિત્ય) તો સાહિત્યેતર જ ગણાય! જેમાં બર્નાર્ડ શો અને એચ. જી. વેલ્સ જેવી વિશ્વવિભૂતિઓનો પણ સમાવેશ કરવો પડે.

કોઇ પણ મહાન કે ઉત્તમ વ્યક્તિ પરત્વે અન્ય વ્યક્તિઓને આદર થાય તેમાં કંઇ ખોટું નહિ; તેમાં આદરણીય વ્યક્તિ અને તેને આદર આપનાર અન્ય વ્યક્તિઓનું ગૌરવ રહેલું હોય છે. પણ જ્યારે એ આદરમાં વિવેકનો લોપ થાય ત્યારે એ ઘટના ઉભયને ખૂબ હાનિ પહોંચાડે છે, પરંતુ ભગવાન મહાવીરનો અનેકાન્તવાદનો આદર્શ જીરવવાનું કદાચ એટલું સહેલું કે સરળ નથી. એ માટે તો મહાવીરનું તપ અને તેમની અસાધારણ તિતિક્ષા જોઇએ.

---

# સરોવરનાં સોહામણાં મંદિર: કમળ

❖ હેમાંગિની જાઈ

પંડિત નેહરુએ આનંદકુમાર સ્વામીને પ્રશ્ન કર્યો, 'ભારતીય સંસ્કૃતિમાંથી શું કાઢી લઇએ તો સાંસ્કૃતિક સૌંદર્યની ગરિમાને આંચ આવે?' આનંદકુમાર સ્વામીએ ઉત્તર આપ્યો, 'કમળ'. ભગિની નિવેદિતાએ 'Cradle Stories of India'માં ભારતને 'Land of Lotuses'નું બિરુદ આપ્યું છે. ઋગ્વેદમાં કમળને સરોવરનાં સોહામણાં મંદિરો તરીકે વર્ણવી એનું ગૌરવ કર્યું છે.

ભારતીય સંસ્કૃતિનો છેલ્લાં પાંચ હજાર વર્ષોનો ઇતિહાસ કમળના પ્રતીકથી પ્રફુલ્લિત થયો છે. પદ્મપ્રતીકથી શતદલે ખીલી ઊઠયો છે. પ્રાચીનકાળથી પુષ્કર ભારતીયોનું પ્રિય પુષ્પ છે. વિશ્વાધાર દેવતાઓનું આસન બનાવીને નલિનીદલનો ભારતીય સંસ્કૃતિએ આદર કર્યો છે. એને કારણે આ અરવિંદ સનાથ અને સગર્વ થયું છે. તત્ત્વજ્ઞાનના કઠિન પ્રદેશમાં સુકોમલ કમલે પ્રવેશ કર્યો છે. સહસ્ત્રદપદ્મના નામે પરબ્રહ્મના અધિષ્ઠાનરૂપે શતપત્ર કમલે મહત્તા પ્રાપ્ત કરી છે.

ભગવાન બુદ્ધનું આસન પણ વિકસિત પંકજ છે. ભગવાન બુદ્ધનાં પગલાં જ્યાં જ્યાં પડતાં ત્યાં ત્યાં કમળ ખીલતાં તેવી બૌદ્ધોની શ્રદ્ધા છે. એ દૃષ્ટિએ જગદ્ગુરુ શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદનું નામ પણ અર્થસૂચક છે. લક્ષ્મી નીરજા છે. અંબુજા એવી લક્ષ્મીની જેમ પ્રજ્ઞાપારમિતાના હાથમાં પણ કમળ છે. વિષ્ણુના હાથમાં લીલાકમલ છે; તો બૌદ્ધોના સર્વશ્રેષ્ઠ અવલોકિતેશ્વર પદ્મપાણિ છે. કમલ છઠ્ઠા જિનેશ્વરનું પ્રતીક છે. લામા ધર્મના સંસ્થાપક પદ્માકરનું ચિહ્ન પણ કમળ છે.

હિંદુઓના ગાયત્રીમંત્ર અને જૈનોના નવકારમંત્ર જેવા જ મહિમાવંત બૌદ્ધ ધ્યાનમંત્ર 'ૐ મણિપદ્મે હુમ્'માં રક્તકમળનો જ ઉચ્ચાર છે. મણિપદ્મનો પ્રભાવ અપ્રતિમ છે. કમળની પ્રતિભા અદ્વિતીય છે. બૌદ્ધ-હિંદુ-જૈનદર્શનમાં દેહને પિંડપુદ્ગલની ઉપમા આપવામાં આવી છે. અથર્વવેદમાં મનુષ્યના હૃદયને 'હૃત્પુંડરીક' કહ્યું છે. 'હૃદાસ્ય પુંડરીકાણિ સમુદ્રસ્ય ગૃહા ઇમે.'

સરોજ સરોવરનું સોહામણું મંદિર છે; અને માનવ-નિર્મિત મંદિરોનાં સોહામણાં અલંકરણ છે. કમળ શબ્દનો અર્થ જ છે 'કમ્ અલતિ અલંકરોતિ ઇતિ કમલમ્.' કેવળ હિંદુ જ નહીં, મુસલમાની, ગ્રીક, રોમન, અસેરિયન ઉપરાંત ઇજિપ્ત અને જાપાન જેવા અનેક દેશોના શિલ્પમાં કમળને સ્થાન છે. ઇસ્લામના સ્વર્ગમાં સાતમા આસમાનમાં અલ્લાહનું સિંહાસન માંડેલું છે. તેના જમણા અંગમાં કમળ છે. તાજ-મહાલના ઘુમ્મટના મૂળમાં કમલદલ અને શિખર પર ઊંધું કમળ છે.

આવા ઊંધા કમળમાં પણ ગર્ભિતાર્થ છે. એનો સંકેત યોગશાસ્ત્રમાં મળે. માનવમાત્રના શરીરમાં મૂલાધાર ઇત્યાદિ ચક્રો

કમલાકાર છે. જ્યાં સુધી સુપ્ત હોય ત્યાં સુધી ચક્ર ઊંધું હોય. અધોમુખ હોય. કુંડલિની વમળાકારે ઊઠે, જાગે અને કમળ જેમ જેમ ખીલતાં જાય તેમ તેમ ઊર્ધ્વમુખ બને

શ્રી ભરત ભટ્ટનું એક કાવ્ય છે.
'સરોવરમાં લોકો વમળ ખીલવે છે.
સરોવર, ફરીથી કમળ ખીલવે છે.'

મહર્ષિ અરવિંદને માતાજીએ પ્રશ્ન કર્યો, 'કુંડલિનાં ચક્રોને તમે કમળ શા માટે કહો છો?' મહર્ષિ અરવિંદે ઉત્તર આપ્યો – કમળ સાંજે બીડાય અને નીચે પાણી તરફ ઝુકી જાય. સવારે ઉન્નત અને સૂર્યાભિમુખ બને. પાણી જલ છે, જડ છે. (સંસ્કૃતમાં 'લ' અને 'ડ'નો અભેદ છે.) પાણી એટલે રસતત્ત્વ. કેવળ સંસારમાં રચ્યોપચ્યો રહે તે મોહકલિલમાં ડૂબે પણ ચૈતન્યનો સ્પર્શ થાય, ગુરુનાં કિરણ મળે પછી પંકજશ્રી પુલકિત થઈ ઊઠે. શ્રી સુરેશ જોશીની પંક્તિઓ યાદ આવે છે:

ખૂલી ગઈ આ આંખડી.'
કો અગોચર પદ્મની શું પાંખડી?'

મહાયાની બૌદ્ધોએ સુખાવતી નામના સ્વર્ગની કલ્પના કરી છે. ત્યાં પ્રત્યેક આત્મા પદ્મવનમાં વિચરે છે. પ્રત્યેક આત્મા ઉત્પલમાંથી ખીલે છે. કમલ દિવ્યજન્મ, દિવ્યજીવન દિવ્ય ભાવનાઓનું સંદેશવાહક છે. કવિ ન્હાનાલાલનું સુંદર ભાવગીત છે.

'આ જળમાં ઊઘડે પોયણાં, હવે તો હરિ! આવોને!
એવા હૈયાના ઊઘડે ભાવ! હવે તો હરિ! આવોને!'

દ્વૈતવાદમાં ભક્તોએ અને સાહિત્યના ક્ષેત્રે કૃતિકારોએ દેહના અવયયોમાં કમળની સુંદરતાને નિહાળી છે. બ્રહ્માનો વાસ પુષ્કરિણીમાં છે. તે કમલાસનસ્થ છે. સરસ્વતી સરસિજ-તનયા છે, કમલનંદન નંદિની છે. યમુના કમલજા સપત્નીપ્રિયા છે. મહાવિષ્ણુ કમલનાભ, કમલપત્રાક્ષ, કમલાકર છે. મહાલક્ષ્મી કમલદલવિહારિણી છે. શિવ કમલધવલ છે. કૃષ્ણ કુવલયનયન, ઇંદીવર-શ્યામ છે. રાધા કમલગ્રીવ, કંબુકંઠી છે. રામ રાજીવલોચન કમલકોમલ છે.

નરસિંહ મહેતા 'જલકમલદલ છાંડી જાને બાળા' કહી કૃષ્ણને વિનવે છે. કવિશ્રી રાજેન્દ્ર શાહ પ્રેમના અભિલાષ અને હુતાશને પોયણાં દ્વારા વ્યક્ત કરે છે.

પ્રેમના પરિપાકરૂપ માતા અને ગર્ભસ્થ શિશુને સ્નેહના બંધનમાં બાંધનાર અને પોષનાર કમળનાળ છે. એ ગર્ભધારક અંગ છે. સંગમાં પણ અસંગ છે. પ્રેમના બંધનમાં બાંધનાર પણ કમળ છે અને કર્મબંધથી જલકમલવત્ અલિપ્ત રહેનાર મુક્તિનું સંવાહક પણ તે જ છે. ગીતા કહે છે– लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा। કમલના આ સ્વભાવને શાસ્ત્રોમાં ઘણું મહત્ત્વ છે.

શિશુપાલવધ અને કિરાતાર્જુનીય પદ્મબન્ધ રચનાઓ છે. પદ્મપુરાણ તો જાણે કમળની ગરિમાની છડી પોકારે છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં (૧. ૧. ૩. ૫) કમળનો સંબંધ વિશ્વોત્પત્તિ સાથે છે. દ્રવ અવસ્થામાં પ્રજાપતિએ વિશ્વવિકાસ કરવા અહીં-તહીં જોયું. એક કમલપત્ર નજરે પડ્યું. તે પાનને કોઈનો આધાર હશે એમ માની વરાહરૂપે જળમાં ઊતર્યા તો પૃથ્વી મળી. તેનો એક ટુકડો ઉપર આણી કમલપત્ર પર પસાર્યો એવી કથા છે. મોહેંજો-દરોમાંથી એક સ્ત્રીમૂર્તિ મળી આવી છે. એને પુરાતત્ત્વવિદો ધરતીનું પ્રતીક માને છે. એના કેશકલાપમાં જે પુષ્પ છે તે કમળ છે.

અષ્ટદલ કમલની રંગોળી ઘરમાં લક્ષ્મી આણે છે, કમળ-દાનથી પુનર્જન્મ વૈભવશાળી મળે છે. કમળનું અંગ પર ધારણ કરવું મંગલદાયક છે. કમળની પાંદડીના સેવનથી અવયવો સુંદર અને સતેજ બને છે. બાહુ પર જો કમળ હોય તો વ્યક્તિ ચક્રવર્તિ રાજા બને છે. આગળ મંડપ આવે તો શિલ્પશાસ્ત્રમાં તે વૃદ્ધિ અને સમૃદ્ધિ આપનાર કમલધર કહેવાય છે. કમળ વિષયક આવી અનેક લોકવાયકાઓ અને શાસ્ત્રીય સંકેતો છે. પદ્મમુદ્રા અને પદ્માસન યોગ-શાસ્ત્રનાં મહત્ત્વનાં અંગો છે. નમસ્કાર મુદ્રાની કમલમુદ્રા પણ કહે છે.

ઉપરના મુક્તકમાં ભ્રમરને કાળની ઉપમા આપી છે. કમલ સરીખાં માનવ અવયવોને કાળ ભમરો કોતરતો રહે છે.

કમલ અચલ છે. ભ્રમર ચલ છે.
કમલ મૌન છે. ભ્રમર વાચાળ છે.

કમલમાં સમર્પણવૃત્તિ છે. ભ્રમરમાં શોષણવૃત્તિ છે. બેઉનાં પાત્ર ન્યારાં છે તોયે–

'ન્યારાં છે પાત્ર તોયે વિનિમય લહું શો આત્મની ચેતનાનો.
વિશ્વે સર્વત્ર સહુમાં અદીઠ વહી રહ્યો તંતુ શો એકતાનો.
– શ્રી રાજેન્દ્ર શાહ

એકતાનો તંતુ વહેવા માટે આવશ્યક છે ત્યાગ, સમર્પણ, બલિદાન જે ભારતીય સંસ્કૃતિનો પાયો છે. જે કમળમાં છે. કમળપૂજાનો સાંકેતિક અર્થ છે માથું ચડાવવું. પછી એ નેત્રકમળથી વિષ્ણુએ કરેલી શિવપૂજા હોય કે કવિ શામળે વર્ણવેલી શીશકમળની પૂજા હોય.

'સ્ત્રી માટે ચારે જણે શિવને સોંપ્યા શીશ.
કમળપૂજા કોડે કરી હોંશી દીધા ઈશ.

આ એકતાનો તંતુ કમળ દ્વારા ભારતને અન્ય રાષ્ટ્રો સાથે પણ જોડે છે. ભારતની જેમ ઇજિપ્ત અને જાપાનમાં પણ કમળ જીવોત્પાદનનું પ્રતીક છે. રોમનોએ ગ્રીસદેશવાસીઓ પાસેથી શિલ્પકલામાં કમલાકૃતિ કંડારવાની કલા હસ્તગત કરી છે. ઇજિપ્તમાં કમળ ઊગતા સૂર્યનું પ્રતીક છે. નેફ્રરતેમ નામના સૂર્યદેવતાનું તે પ્રતીક છે. બૌદ્ધો પણ પૂર્ણવિકસિત કમળને સૂર્યનું પ્રતીક માને છે. દેવીજીવો કમળમાંથી પ્રાદુર્ભાવ પામે છે તેવી મિસરવાસીઓની માન્યતા છે.

કમળતંતુ સાથે માનવીના જીવનતંતુપટનો અતૂટ સંબંધ છે. કારણ કમળ સૂર્ય અને ચંદ્રનાં અમૃતકિરણો ઝીલે છે. સૂર્ય-ચંદ્રની જેમ શાશ્વત, અમૃતમય જીવનનું પ્રતીક છે. કમળવિષયક ભાવનાઓમાં અજબનું વૈશ્વિક સામ્ય છે. વિશ્લેષણ કરતાં તરી આવે કે કમળ પિંડ-બ્રહ્માંડમાં નિમ્ન-તત્ત્વોનું વિશ્વમાન્ય પ્રતીક છે. કમળ સ્ત્રીતત્ત્વ અને જીવોત્પાદનનું, દિવ્ય જન્મ, દિવ્ય જીવન અને દિવ્ય ભાવનાઓનું કર્મબંધથી મુક્ત રહેનાર કમળ શુચિતા અને અમૃતત્વનું પ્રતીક છે. કમળ સૌંદર્ય અને સમૃદ્ધિનું આરોગ્યનું, શાશ્વતજીવનનું, ન ખરડાયેલી કમલધવલ કીર્તિનું અને શુદ્ધ જ્ઞાનનું પ્રતીક છે. કમળની લોકપ્રિયતા સાર્વભૌમ છે. યાવચ્ચંદ્રદિવાકરૌની જેમ કમળની લોકપ્રિયતા અને ઉપયોગિતા યાવત્સમુદ્રપર્યન્ત છે, અને સમન્તપર્યાયી છે.

*

## રબારીમાંથી વિખ્યાત જૈનાચાર્ય બનનાર, આબુમાં વાઘ સાથે રહેનાર યોગીરાજ

# સ્વ. પૂ. શ્રી વિજયશાંતિસૂરિ મહારાજ

**રમણલાલ ચી. શાહ**

આ વર્ષ યોગીરાજ સ્વ. પૂ. શ્રી વિજયશાંતિસૂરિજી મહારાજનું જન્મશતાબ્દી વર્ષ છે.

હિંદુ ધર્મમાંથી આવેલા મહાત્માઓનો જૈન શાસન ઉપર કેવો ઉપકાર છે તેના એક વધુ ઉદાહરણ રૂપે શ્રી શાંતિસૂરિનું જીવન જોવા મળે છે.

એક રબારી કિશોરમાંથી દેશવિદેશમાં વિખ્યાત બનનાર જૈનાચાર્ય તરીકે શ્રી શાંતિસૂરિનું નામ ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન પામે તેવું છે.

ગાયબકરી ચરાવતાં ચરાવતાં એમના હૃદયમાં વિકસેલી પ્રાણીદયા સમસ્ત વિશ્વનાં પ્રાણીઓ માટે એવી અપાર કોટિની બની રહે છે કે વાઘવરુ જેમાં હિંસક પ્રાણીઓ જ્યાં હરતાં ફરતાં હોય તેવા જંગલોમાં, પરસ્પર ભયની લાગણીને બદલે પ્રેમ અને વિશ્વાસની લાગણીમાં પરિણમે છે. ગુફામાં તેઓ પોતે ધ્યાન ધરતા બેઠા હોય તો પાસે આવીને વાઘ કે દીપડો શાંત ચિત્તે બેસી જતો. પોતાના ગુરુમહારાજ પાસેથી શીખેલી યોગવિદ્યામાં શ્રી શાંતિસૂરિએ એટલી પ્રગતિ સાધેલી કે એને લીધે એમનામાં પ્રગટેલી લબ્ધિસિદ્ધિના અનુભવો અનેક લોકોને થયા હતા. એમના અનેક ભકતો, એમનાં દર્શન કર્યાં હોય એવા સજ્જનો, સાધુ – સાધ્વીઓ આજે પણ દેશવિદેશમાં વિદ્યમાન છે.

શ્રી વિજયશાંતિસૂરિ મહારાજનો જન્મ રાજસ્થાનમાં મણાદર નામના ગામમાં વિ. સં. ૧૯૪૬માં માગસર સુદ–૫ના રોજ વસંત પંચમીના દિવસે એક રબારી–કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ ભીમતોલાજી હતું. માતાનું નામ હતું વસુદેવી. તેઓ રાયકા જાતિનાં હતાં રાયકા એટલે આહિર, રબારી, ભરવાડ. (રાયકા શબ્દ રાજકર્તા ઉપરથી આવેલો છે અને રબારી શબ્દ દરબારી શબ્દ ઉપરથી આવેલો મનાય છે. ક્ષત્રિય રાજાઓના ભાયાતોના વંશજો આર્થિક દૃષ્ટિએ ઘસાતાં છેવટે બે ચાર ગામના ધણી રહે અથવા થોડા ખેતરના ધણી રહે અને ખેતી અને પશુપાલન દ્વારા પોતાનું ગુજરાન ચલાવે એવી રીતે ક્ષત્રિયોમાંથી ગરાસિયાઓની જેમ રાયકાઓ પણ ઊતરી આવ્યાનું કહેવાય છે.) માતા પિતાએ એનું નામ સગતોજી રાખ્યું હતું. બાળક બુદ્ધિશાળી, તેજસ્વી છે એ એની મુખમુદ્રા જોતાં સૌ કોઇને લાગતું. બાળકની ગ્રહણશકિત યાદશકિત ઘણી સારી હતી.

ક્રમે ક્રમે મોટો થતા સગતોજી પોતાના પિતાની સાથે સીમમાં ગાયો ચરાવવા જવા લાગ્યા. પોતાની ગાયો એમને બહુ વહાલી લાગતી હતી આખો દિવસ ગાયોની વચ્ચે પ્રેમથી દિવસ પસાર કરતાં કરતાં પ્રાણીઓ માટે એમનામાં એક વિશિષ્ટ પ્રકારની લાગણી વિકસી હતી. પોતાના ઢોરોની સંભાળ રાખવી, તેમને કંઇ કષ્ટ ન પડે તેનું ધ્યાન રાખવું, તેમને પંપાળીને વહાલ કરવું, તેમને ચારો નાખવો. પાણી પાવું આ બધી રોજની ક્રિયાઓ અત્યંત ભાવપૂર્વક કરતાં કરતાં સગતોજીમાં પ્રાણીઓ પ્રત્યે એક વિશિષ્ટ પ્રકારની પ્રેમ અને અનુકંપાની ભાવના વિકસી હતી

સગતોજીને ગાતાં પણ સારું આવડતું હતું. સીમમાં ગાયો ચરાવતાં ચરાવતાં પાસેના કોઇ ઝાડ નીચે બેસીને તેઓ બીજા પાસેથી શીખેલ ભજનો લલકારતા.

સગતોજીના એક કાકાએ જૈન ધર્મની દીક્ષા લીધી હતી. મુનિશ્રી તીર્થવિજયજી તરીકે તેઓ એ વિસ્તારમાં જાણીતા હતા. તેઓ મણાદરના જ વતની હતા. મુનિ તીર્થવિજયના ગુરુનું નામ મુનિ ધર્મવિજય હતું. તેઓ પણ આ વિસ્તારના હતા અને આહિર જ્ઞાતિના હતા. આમ, રાજસ્થાનના આ પ્રદેશમાં રબારીઓમાં જૈન ધર્મની દીક્ષા અને જૈન ધર્મનો પ્રચાર મુનિશ્રી ધર્મવિજયજીના વખતથી ચાલુ થયો હતો.

ધર્મવિજયજીનું મૂળ નામ કોળોજી હતું. તેઓ રાયકા જ્ઞાતિના, માંડોલીના વતની હતા. દુકાળ પડતાં પોતાનાં ઢોર લઇને મહારાષ્ટ્રમાં પૂના પાસે ચોક નામના ગામે પહોચ્યા હતા અને પોતાના પરિચિત માંડોલીના જૈન વતની જસાજીના ઘરે આશ્રય લીધો હતો. કોળોજીનું જીવન, એમના દીકરાને સાપ કરડયો ત્યારે એક જૈન મુનિને મંત્ર ભણીને બચાવ્યો ત્યારથી વૈરાગી થઇ ગયું હતુ અને ત્રણેક વર્ષ પછી મણિવિજયજી નામના એક જૈન મુનિમહારાજ પાસે દીક્ષા લઇ તેઓ મુનિ ધર્મવિજયજી થયા હતા. આકરી તપશ્ચર્યા, યોગવિદ્યા, મંત્રવિદ્યા વગેરેની ઉપાસનાને કારણે તેમના જીવનમાં ઘણી સિદ્ધિઓ પ્રગટી હતી. તેમણે પોતાના વતન માંડોલીમાં જ દેહ છોડયો હતો. એમના મુખ્ય શિષ્યોમાં તીર્થવિજયજી હતા.

એક વખત મુનિશ્રી તીર્થવિજયજી મણાદરમાં પધાર્યાં ત્યારથી સગતોજીને એમની પાસે રહેવાનો રંગ લાગ્યો હતો. તેઓ શ્રી તીર્થવિજયના મુનિ જીવનથી બહુ પ્રભાવિત થઇ ગયા. એમની પાસેથી એમણે નવકાર મંત્ર શીખી લીધો. થોડા સમયના સહવાસમાં એમણે મુનિશ્રીના જીવનમાંથી ઘણી પ્રેરણા મેળવી હતી.

તીર્થવિજયજી મહારાજ મણાદરથી વિહાર કરી ગયા, ત્યારપછી સગતોજી ફરી પાછા પોતાના પિતાની સાથે ગાયો ચરાવવા માટે સીમમાં જવા લાગ્યા, પરંતુ હવે તેમાં ફરક પડવા લાગ્યો. એકલા બેઠા બેઠા તેઓ જન્મમરણના, સંસારની ઘટનાઓના વિચારે ચડી જતા. ઘણીવાર તેઓ ઉદાસ રહેતા. માતાપિતા તેમને ઉદાસીનતાનું કારણ પૂછતા તો તેઓ કહેતા કે 'મારી ઇચ્છા તો કાકાશ્રી તીર્થવિજયજી મહારાજ પાસે દીક્ષા લઇને જૈન મુનિ બનવાની છે.' માતાપિતાએ મુનિજીવનનાં કષ્ટો બતાવી તમને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યાં, પરંતુ સગતોજી દીક્ષા લેવા માટે મક્કમ જ રહ્યાં. છેવટે એક દિવસ માતાપિતાએ અશ્રુભર્યાં નયને સગતોજીને દીક્ષા લેવા માટે સંમતિ આપી. તીર્થવિજયજી મહારાજ જ્યારે ફરી મણાદર આવી પહોંચ્યા ત્યારે તેમણે સગતોજીને ઉગ્રવિહાર, કઠિન તપશ્ચર્યા. સાધુ જીવનની ક્રિયા–વિધિઓ, લુખ્ખોસૂકો આહાર, માત્ર જરૂરી વસ્ત્રો અને ઉપકરણોથી ચલાવી લેવાની તૈયારી વગેરેથી માહિતગાર કર્યા અને સાધુ જીવન કેટલું કઠિન છે તે સમજાવ્યું. પરંતુ સગતોજી તો દીક્ષા લેવા માટે મક્કમ હતા.

તીર્થવિજયજી મહારાજ લાંબા વિહાર કરતા હતા. તેઓ ભારે તપસ્વી હતા. પર્યુષણના દિવસોમાં તેઓ કેટલીકવાર સળંગ સોળ ઉપવાસ કરતા. એમના વ્યાખ્યાનોમાં જૈન જૈનેતર તમામ લોકો આવતા. આવા તપસ્વી મહાત્માનો વાસક્ષેપ લેવા માટે લોકો પડાપડી કરતા. એમના વાસક્ષેપથી પોતાને ઘણું સારું થયું હોય એવા અનુભવો અનેક લોકોને થતા. આથી તીર્થવિજયજી મહારાજના સાધુ જીવનમાંથી કિશોર સગતોજીને મુગ્ધભાવે પ્રેરણા મળી હતી. એટલે ગૃહસ્થ જીવનમાં રહેવા કરતાં સાધુ થવાનો એમનો સંકલ્પ વધુ દૃઢ થયો હતો.

આઠ વર્ષની ઉંમરે એક દિવસ માતા પિતાની આજ્ઞા લઇ બાળ સગતોજી પૂ. મુનિરાજ શ્રી તીર્થવિજયજીની પાસે દીક્ષા લેવાનાના મક્કમ નિર્ધાર સાથે આવી પહોંચ્યા. ગુરુમહારાજે એમને પોતાની પાસે રાખ્યા. સગતોજી એમની સાથે વિહાર પણ કરવા લાગ્યા. દીક્ષાર્થી સગતોજીને શ્રી તીર્થવિજયજી પ્રતિક્રમણ વગેરેનાં સૂત્રો કંઠસ્થ કરાવતા જુદી જુદી ક્રિયાઓની વિધિ શીખવતા, ઉપવાસ–આયંબિલ વગેરેની તપશ્ચર્યા કરાવતા અને યોગવિદ્યાનો અભ્યાસ કરાવી ધ્યાનમાં બેસવા માટે પણ માર્ગદર્શન આપતા. આમ જૈન મુનિ થવા માટેની સગતોજીની તૈયારી લગભગ સાત વર્ષ ચાલી,

પોતાના દીક્ષાર્થી ભાવિ ચેલા સાથે વિહાર કરતા કરતા શ્રી તીર્થવિજયજી મહારાજ એક દિવસ રામસીણ ગામે પધાર્યા. દીક્ષાની વાત જાણીને સંઘને બહુ આનંદ થયો. સઘના આગેવાનોએ દીક્ષાનો લાભ પોતાના ગામને મળે એ માટે શ્રી તીર્થવિજયજી મહારાજને આગ્રહભરી વિનંતી કરી. રામસીણ એ ચોવીસ ગામનું એક નાનકડું દેશી રાજ્ય હતું ત્યાંના ઠાકોર જોરાવરસિંહ પણ ધર્મભાવનાવાળા હતા. એમને જ્યારે ખબર પડી કે આ તેજસ્વી કિશોર સગતોજીને શ્રી તીર્થવિજયજી દીક્ષા આપવાના છે, ત્યારે દીક્ષા પોતાના ગામ રામસીણમાં અપાય તો પોતાને પણ બહુ આનંદ થશે એવી લાગણી એમણે શ્રી તીર્થવિજયજી પાસે વ્યક્ત કરી.

સંઘના આગેવાનોની વિનંતીનો વિચાર કરી તથા આસપાસના ગામોમાં દીક્ષાને માટે રામસીણ ગામ વધારે યોગ્ય અને અનુકૂળ છે એ જોઇને તીર્થવિજયજી મહારાજે સગતોજીને રામસીણમાં દીક્ષા આપવાનો નિર્ણય કર્યો. દીક્ષાનું મુહૂર્ત કાઢવામાં આવ્યું અને તે વસંત પંચમીનું આવ્યું. સગતોજીનો જન્મદિવસ એજ હવે તેમની દીક્ષાનો દિવસ નક્કી થયો. પંદર વર્ષ પૂરા કરી સગતોજી દીક્ષા લઇ જૈન મુનિ થવાના હતા. દીક્ષાના ઉત્સવ માટે ગામમાં તૈયારીઓ ચાલી. જૈન પરંપરા અનુસાર દીક્ષાર્થી ભાઇ કે બહેન દીક્ષા લે તે પહેલાં તે પોતાને આંગણે પધારે એ માટે શ્રાવકો તરફથી ભોજન વગેરે માટે નિમંત્રણ અપાય છે. દીક્ષાર્થી ભાઇ કે બહેન સુંદર વસ્ત્રાલંકાર સાથે સજ્જ થઇ વાજતે ગાજતે જમવા માટે પધારે છે. આ રીતે દીક્ષા સુધીના સગતોજીના દિવસો તરત નક્કી થઇ ગયા. રોજ વાજતે ગાજતે કોઇકના ઘરે જવાનું હોય. એ દિવસોમાં બીજાં કોઇ વાહનો ખાસ નહોતાં અને ઘોડા પર બેસીને જવાનું ગૌરવ અને મહત્ત્વ વિશેષ ગણાતું હતું. એટલે ઠાકોર જોરાવરસિંહે દીક્ષાના દિવસ સુધી સગતોજી પોતાના ઘોડા ઉપર બેસી રોજ જાય એ માટે પોતાનો ઘોડો આપવાનું જાહેર કર્યું. નાની સરખી લાગતી આ વાત એ જમાનામાં અને એ ગામડામાં ઘણી મહત્ત્વની અને માનભરી ઘટના ગણાતી. રાજા પોતે જે સારામાં સારો ઘોડો વાપરતા હતા તે દીક્ષાર્થી ભાઇના વરઘોડા માટે રોજેરોજ મોકલવામાં આવે તે વિરલ ઘટના દીક્ષાર્થી પ્રત્યેના બહુમાનનું લક્ષણ ગણાય.

દીક્ષાનો દિવસ આવી પહોંચ્યો. વિ. સં. ૧૯૬૧ ના મહા સુદ ૫ ને મંગળવારના રોજ સગતોજીને, ઠાકોર સાહેબે દીક્ષા પ્રસંગ માટે ખાસ આપેલી પોતાની પાલખીમાં બેસાડીને સંઘે ભવ્ય વરઘોડો કાઢ્યો. આખા ગામમાં ફરીને વરઘોડો ઉપાશ્રય પાસે આવી પહોંચ્યો. પાલખીમાંથી ઊતરીને સગતોજી પહેલાં બાજુમાં આવેલા જિનાલયમાં દર્શન કરી આવ્યા અને પછી ઉપાશ્રયમાં આવી પહોંચ્યા. ગુરુમહારાજને ભાવપૂર્વક વંદન કર્યાં. પછી વસ્ત્રાલંકાર ઉતારી, માથાના વાળ કઢાવી નાખી. સ્નાન કરી સાધુનાં વસ્ત્રો ધારણ કરીને દીક્ષાની વિધિ માટે આવી પહોંચ્યા. દીક્ષાવિધિ પૂરી થતાં શ્રી તીર્થવિજયજી મહારાજે એમને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા. તેમનું નામ મુનિ શ્રી શાંતિવિજયજી રાખવામાં આવ્યું. ગુરુ મહારાજે સાધુજીવનના મહત્ત્વ ઉપર મંગલ પ્રવચન આપ્યું. જુદા જુદા ગામના સંઘોએ નવદીક્ષિત મુનિ મહારાજને કામળી ઓઢાડી બહુમાન કર્યું.

આમ, એક અભણ રબારી કિશોર સગતોજી હવે જૈન મુનિ શ્રી શાંતિવિજયજી બન્યા.

પોતાના ગુરુ મહારાજ સાથે ગ્રામાનુગ્રામ તેઓ વિહાર કરવા લાગ્યા. સાથે સાથે શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા. ઉપવાસ, આયંબિલ વગેરે તપશ્ચર્યામાં તેમની રુચિ પહેલેથી જ ઘણી હતી. શાસ્ત્રભ્યાસ વધતાં તત્ત્વચિંતન માટેની તેમની રુચિ પણ ઉત્તરોત્તર વધવા લાગી. દાદાગુરુ શ્રી ધર્મવિજયજી અને ગુરુ મહારાજ શ્રી તીર્થવિજયજી એ બંને યોગવિદ્યાના પ્રખર અભ્યાસી હતા. તેઓ એકાંતમાં ધ્યાન સાધના કરતા હતા. એ જ વારસો મુનિ શ્રી શાંતિવિજયજીને પણ મળ્યો. પ્રકૃતિના શાંત વાતાવરણમાં એકાંતમાં બેસીને ધ્યાન ધરવાનો તેમનો અભ્યાસ પણ દિવસે દિવસે વધવા લાગ્યો હતો.

દીક્ષા લીધા પછી મુનિ શ્રી શાંતિવિજયજીએ પોતાના ગુરુમહારાજ શ્રી તીર્થવિજયજીને, માંડોલીમાં હતા ત્યારે, એક દિવસ વિનંતી કરી કે 'ગુરુ મહારાજ! મંત્ર સાધનાના વિષયમાં મને વધુ રુચિ અને અભિલાષા છે. મારે આપના માર્ગદર્શન હેઠળ એ વિષયમાં સાધના કરવી છે. તે માટે જો મારી પાત્રતા હોય તો મને માર્ગદર્શન આપવા કૃપા કરશો.' ગુરુ મહારાજે કહ્યું, 'ભાઇ, તને મંત્ર સાધનાના વિષયમાં બહુ રસ છે એ જાણીને આનંદ થયો. આ સાધના સહેલી નથી. પરંતુ ચિત્તની એકાગ્રતા વડે તું એ સાધનામાં જરૂર આગળ વધી શકશે. તારામાં એ માટે સારી પાત્રતા રહેલી છે. તારે મંત્ર સાધના કરવી હોય તો ફક્ત ॐ શાન્તિ: મંત્રનો જાપ તું કર્યા કર, કારણ કે ॐ કારમાં પંચ પરમેષ્ઠિનો સમાવેશ થઇ જાય છે. હિન્દુઓમાં પણ તે પવિત્ર મંત્ર તરીકે ઓળખાય છે. તે મહામંત્ર છે. એની સાધનાથી કર્મોનાં ક્ષય થાય છે અને આત્માને શાંતિ સાંપડે છે. આ મંત્રથી સ્વનુ

અને પરનું કલ્યાણ સધાય છે'.

મુનિશ્રી શાંતિવિજયજીએ પોતાના ગુરુ મહારાજ પાસે ૐકાર મંત્ર વિધિપૂર્વક ગ્રહણ કર્યો. ત્યાર પછી તેઓ જંગલમાં અને ગુફાઓમાં એકાંત સ્થળે બેસી તેની સાધના કરવા લાગ્યા.

શ્રી શાંતિવિજયજી મહારાજની મંત્ર સાધના કેટલી પ્રબળ હતી તેનો પ્રત્યક્ષ અનુભવ થોડા વખતમાં જ કેટલાક લોકોને થયો હતો મહારાજશ્રી જ્યારે રામસીણ ગામમાં પધાર્યા હતા ત્યારે ત્યાં રહેતા એક શ્રેષ્ઠી લોપાજી ડાહ્યાજીએ તેમને વિનતી કરી કે 'ગુરુમહારાજ મેં આ ગામમાં એક સુંદર મકાન બંધાવ્યું છે. પરંતુ એ ઘરમાં રહેવા ગયા પછી અમને ઘણી ઉપાધિ આવી છે. એથી અમે બીજે રહેવા ચાલ્યા ગયા છીએ. એ ભૂતિયા ઘરમાં રહેતાં હવે અમને બધાંને બહુ બીક લાગે છે. આપ એકાંતમાં મંત્રસાધના કરો છો અને આપને તો કંઇ ડર હોતો નથી. તો મારી આપને વિનંતી છે કે મારા ખાલી પડેલા ઘરમાં રહો અને મંત્ર સાધના કરો. આપના પુણ્યપ્રતાપે અમારો ભય ચાલ્યો જશે'

શ્રી શાંતિવિજયજી મહારાજ એ ભૂતિયા ઘરમાં ત્રણ દિવસ એકાંતમાં રહ્યા. ત્યાં ૐ કાર મંત્રનું સતત રટણ કર્યું. ત્રણ દિવસ પછી એ ઘરમાં પ્રવેશતાં જાણે કોઇ પ્રસન્ન વાતારણ હોય તેવું લોપાજીને લાગ્યું. બીજા લોકોએ પણ એ પ્રમાણે અનુભવ્યું. ત્યાર પછી લોપાજીનું કુટુંબ એ ઘરમાં પાછું રહેવા ગયું. એ કુંટુંબમાં દિવસે દિવસે સુખની વૃદ્ધિનો અનુભવ થવા લાગ્યો. ભયનું નામ નિશાન ન રહ્યું. તેઓશ્રી શાંતિવિજયજી મહારાજનો એ માટે વારંવાર ઉપકાર માનવા લાગ્યા.

મહારાજશ્રી રાજસ્થાનમાં વિહાર કરી રહ્યા હતા. તેમની ભાવના હવે અજારી ગામમાં જઇને ત્યાં પાસે આવેલા સરસ્વતી મંદિરમાં રહીને માતા સરસ્વતી દેવીની આરાધના કરવાની હતી. અજારી ગામ કુમારપાળ મહારાજાએ બંધાવેલા બાવન દેવકુલિકાવાળા જિનમંદિરને લીધે પ્રખ્યાત છે. એ ભૂમિ જ પ્રાચીન સમયથી પવિત્ર મનાતી આવી છે. ગામથી થોડેક દૂર માર્કન્ડ ઋષિનો આશ્રમ છે. તેની પાસે સરસ્વતીદેવીનું મંદિર છે. ડુંગરોની વચ્ચે જંગલમાં આવેલું આ પ્રાચીન મંદિર સરસ્વતી માતાના મૂળ સ્થાનક તરીકે સુપ્રસિદ્ધ રહ્યું છે. પૂર્વેના સમયમાં કવિ કાલિદાસ સિદ્ધસેન દિવાકર, અભયદેવસૂરિ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, બપ્પભટ્ટીસૂરિ, રાજા ભોજ. વગેરે સુપ્રસિદ્ધિ સારસ્વતોએ આ સ્થળે સરસ્વતી માતાની ઉપાસના કરીને તેમનો કૃપાપ્રસાદ મેળવ્યાનું ઇતિહાસ કહે છે. શાંતિવિજયજી મહારાજે પણ આ સ્થળે ઘણા દિવસ સુધી રહીને સરસ્વતી દેવીની આરાધના કરી. સરસ્વતીદેવીનો જાણે સાક્ષાત્કાર થયો હોય તેમ તેઓ કોઇ કોઇ વખત તેની સાથે વાતો કરતા હતા એવું નજરે જોનારા આસપાસના લોકો કહેતા. સરસ્વતી માતાએ પ્રસન્ન થઇને તેમને વરદાન આપ્યું હતું એવી દૃઢ માન્યતા લોકોની થઇ ગઇ હતી.

સરસ્વતી દેવીની આરાધના કરી મહારાજશ્રી અજારીથી નીકળી એક ગામથી બીજે ગામ વિહાર કરતા હતા. ગુરુ મહારાજ શ્રી તીર્થવિજયજીનો વિહાર પણ એક ગામથી બીજે ગામ જુદો ચાલતો હતો તીર્થવિજયજી મહારાજ માંડોલી પહોંચ્યા ત્યારે તેમને એવી ભાવના થઇ કે પોતાના શિષ્ય શ્રી શાંતિવિજયજી પણ માંડોલી પધારે તો સારું.

માંડોલી એ શ્રી ધર્મવિજયજી મહારાજની સ્વર્ગવાસની ભૂમિ છે. શ્રી ધર્મવિજયજી. એટલે શ્રી તીર્થવિજયના ગુરુ મહારાજ અને શ્રી શાંતિવિજયજીના દાદા ગુરુ. એટલે તીર્થ-વિજયજી મહારાજ આ પવિત્રભૂમિમાં વારંવાર પધારતા. પોતે ત્યાં પહોંચ્યા પછી માંડોલી આવવા માટે શ્રી શાંતિવિજયજીને એમણે પત્ર મોકલ્યો. શ્રી શાંતિવિજયજીને પણ પોતાના ગુરુ મહારાજને મળવાની ઇચ્છા થઇ હતી પત્ર મળતાં તેમણે માંડોલી તરફ વિહાર ચાલુ કર્યો.

વિહાર કરતાં કરતાં શ્રી શાંતિવિજયજી મહારાજશ્રી ફેદાણી નામના ગામમાં આવી પહોંચ્યા. ફેદાણીમાં જૈનોના ત્રીસેક જેટલાં ઘર હતાં, પરંતુ જિન મંદિર નહોતુ. ગામમાં મહારાજશ્રીની પધરામણી થતાં લોકો ઘણા ઉત્સાહમાં આવી ગયા હતા. મહારાજ-શ્રીના વ્યાખ્યાનમાં ઘણી સારી હાજરી રહેવા લાગી. આવા નાના ગામને સંતવાણી સાંભળવાનો અવસર વારંવાર સાંપડતો નથી. લોકોના ઉત્સાહને જોઇને મહારાજશ્રીએ ભલામણ કરી કે ગામમાં એક નાનું સરખું જિનમંદિર તો હોવું જ જોઇએ. સંઘે તે માટે તરત ઠરાવ કર્યો અને એનો ઝડપી અમલ કરવાનું નક્કી કર્યું. પાસેના એક ગામમાંથી પ્રતિમા લાવવાનું પણ ગોઠવાઈ ગયું. પ્રતિમાજીના પ્રવેશનો અને પ્રતિષ્ઠાનો દિવસ પણ નક્કી થઇ ગયો મહારાજશ્રીએ આ ઉત્સાહ જોઇને એટલા વધુ દિવસ ત્યાં રોકાવાની અનુમતિ આપી.

ગામ નાનું હતુ અને જિનપ્રતિમાની પ્રતિષ્ઠાનો અવસર પણ નાનો હતો. એટલે બહારગામથી સોએક જેટલા માણસો આવશે એવું સંઘે ધાર્યું હતું. તે પ્રમાણે ભોજનાદિની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ પ્રતિષ્ઠાને દિવસે ધાર્યા કરતાં ઘણા વધુ માણસો આવી પહોંચ્યા. આથી સંઘના માણસો મૂંઝવણમાં મુકાઈ ગયા. તેઓ મહારાજશ્રી પાસે આવ્યા. મહારાજશ્રી તરત પોતાનાં પાત્રાં લઇને ગોચરી વહોરવા માટે ભોજનશાળામાં આવી પહોંચ્યા. તેમણે બધી રસોઇ ઉપર થોડીવાર સુધી દૃષ્ટિ કર્યા કરી. ત્યાર પછી લાપશી અને બીજી વાનગીઓ પોતાના ખપ પૂરતી વહોરીને તેમણે સંઘના આગેવાનોને કહ્યું, 'અરે મૂંઝાઓ છો શું ? આટલી રસોઈ તો સ્વામીવાત્સલ્ય પછી પણ વધી પડે તેમ છે. તેમાંથી તમે ગામના બીજા જૈનેતર લોકોને પણ જમાડજો'. રસોઇ ઉપર મહારાજશ્રીની અમી દૃષ્ટિ પડયા પછી તેમના વચન અનુસાર રસોઇ ખૂટી નહિ અને ગામના બીજા લોકોને પણ તેમાંથી પ્રસાદ આપવામાં આવ્યો.

આ ઘટનાની વાત ચારે બાજુ એટલી બધી પ્રસરી ગઇ કે આસપાસના ગામોમાંથી મહારાજશ્રીનાં દર્શન કરવા માટે અનેક લોકો આવી પહોંચ્યા. મહાજશ્રીની પધરામણી પછી અને જિનમંદિરના નિર્માણ પછી ફેદાણી ગામની જાહોજલાલી દિવસે દિવસે વધતી ચાલી

મહારાજશ્રીએ જ્યારે ફેદાણી ગામથી વિહાર કર્યો ત્યારે ગામના બધા જ માણસો અને આસપાસનાં ગામોના કેટલાય

માણસો તેમને વિદાય આપવા માટે આવી પહોંચ્યાં હતા.

ફૂદાણીથી વિહાર કરીને મહારાજશ્રી પોતાના ગુરુ મહારાજશ્રી તીર્થવિજયજી પાસે માંડોલી આવી પહોંચ્યા. ઠીક ઠીક સમય પછી પોતાના ગુરુ મહારાજને ફરીથી મળતાં શ્રી શાંતિવિજયજી મહારાજને અપાર હર્ષ થયો. બીજી બાજુ આટલા સમયગાળા દરમિયાન પોતના શિષ્યે કરેલી સાધનાની વાતો તથા લોકો ઉપરના તેમના ચમત્કારિક પ્રભાવની વાતો ગુરુ મહારાજે સાંભળી હતી. એટલે પોતાના શિષ્યને મળતાં ગુરુમહારાજે પણ ધન્યતા અનુભવી.

માંડોલીમાં ગુરુ-શિષ્યે પોતાના સમુદાય સાથે કેટલોક સમય સ્થિરતા કરી. શ્રી શાંતિવિજયજીનાં વ્યાખ્યાનનો પ્રભાવ લોકો ઉપર ઘણો પડતો. જિનભક્તિ માટે લોકોનો ઉત્સાહ વધતો જતો હતો. જૈનો ઉપરાંત રાયકાઓ અને બીજા લોકો પણ વ્યાખ્યાનમાં આવતા

માંડોલી એક નાનુ સરખુ ગામ છે. રાજસ્થાનના એ પ્રદેશમાં એ દિવસોમાં ચોર લૂંટારુઓનો ભય ઘણો રહેતો. આથી માંડોલીના ગ્રામજનોએ ગુરુ મહારાજને વિનંતી કરી કે 'ચોર લૂંટારુઓનો ઉપદ્રવ બંધ થાય એ માટે કંઇક કરો.'

ગુરુ મહારાજે કહ્યું કે 'આ કામમાં મારા કરતાં શાંતિ વિજયજી મહારાજ તમને વધુ સહાય કરશે.'

ગ્રામજનોએ શ્રી શાંતિવિજયજી મહારાજને વિનંતી કરી. મહારાજશ્રીએ કહ્યું કે 'ભાઇઓ, જાઓ મારું વચન છે કે આજથી હવે માંડોલી ગામમાં ચોર-લુટારુઓનો કોઇ ડર નહિ રહે. માંડોલીની સીમમાં દાખલ થવાની હવેથી કોઈ હિંમત નહિ કરે. એ માટે તમે નિશ્ચિંત અને નિર્ભય રહેજો. તમે સૌ પ્રભુ ભક્તિમાં લાગી જજો.' મહારાજશ્રીના આ અભયવચન પછી ગામમાં ચોર-લુટારુઓનો ઉપદ્રવ સદંતર બંધ થઇ ગયો. લોકો પણ વધુ ઉમંગથી પ્રભુભક્તિમાં લાગી ગયાં

વિ. સં. ૧૯૮૪ માં મહારાજશ્રી અજારી તીર્થમાં બિરાજમાન હતા. તે વખતે એ વિસ્તારના ચામુંડેરી નામના ગામના સંઘના આગેવાનો એમને વિનંતી કરવા આવ્યા. તેઓએ કહ્યું, 'ગુરુમહારાજ! અમે અમારા ગામમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠાનો કાર્યક્રમ વિચાર્યો છે. એ માટે પધારવા આપને વિનંતી કરવા આવ્યા છીએ.' મહારાજશ્રીએ તેઓને આ પ્રસંગ માટે બીજા કોઇ આચાર્ય ભગવંતને વિનંતી કરવા કહ્યું. પરંતુ આગેવાનોએ કહ્યું, 'ગુરુ મહારાજ! અમારી ભાવના આ પ્રસંગ આપની જ નિશ્રામાં ઊજવવાનો છે ખાસ તો અમારા ગામમાં જે ઉપદ્રવો થાય છે એની ચિંતાને કારણે આપના તરફ વધારે ભાવ જાગ્યો છે. છેલ્લાં કેટલાય વખતથી અમારા ગામમાં ચોરીના, મારામારીના અને આગ લાગવાના બનાવો બનવા માંડ્યા છે અને દિવસે દિવસે વધતા ચાલ્યા છે. આ સંજોગોમાં પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને પાર પડશે કે કેમ તેની અમને બહુ ચિંતા છે. વળી હમણાં હમણાં અમારા વિસ્તારમાં જૈનોમાં આપસ-આપસમાં ઝઘડા બહુ ચાલે છે. એટલે અમારા ઉત્સવમાં બધાનો સહકાર સાંપડશે કે કેમ તે વિશે મનમાં સંશય રહે છે. પરંતુ જો આપ પધારો તો આ બધા જ પ્રશ્નો ટળી જશે.'

વિચારણાના અંતે મહારાજશ્રીએ ચામુન્ડેરી જવાનો નિર્ણય કર્યો. નક્કી કરેલા દિવસે મહા-રાજશ્રીની પધરામણી થયા પછી આગ, ચોરી, મારા મારીનો કોઈ પ્રસંગ બન્યો નહિ. જુદા જુદા ગામોના સંઘો વચ્ચે પણ મહારાજશ્રીની પ્રેરણા અને દોરવણીથી સંપ થયો. પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક પાર પડયો. સંઘને ઉપજ પણ ધાર્યા કરતાં ઘણી જ સારી રહી. આ મહોત્સવનો પ્રભાવ સમગ્ર ગામ ઉપર ઘણો સારો પડયો.

એક વખત શિવગંજથી વિહાર કરી મહારાજશ્રી બ્રાહ્મણવાડા તરફ જતાં હતા. રસ્તામાં પોમાવા નામનું એક ગામ આવ્યુ ત્યાં જિનમંદિરમાં જઇ, દર્શન કરી તેઓ આગળ ચાલ્યા મહારાજશ્રી શાંત પ્રકૃતિના હતા. એટલે પોતાના આગમનની જાણ કરતા નહિ. પોમાવા ગામમાંથી નીકળીને તેઓ આગળ વિહાર કરી ગયા. એવામાં ગામના લોકોને ખબર પડી. તરત જ સંઘના આગેવાનો એકત્ર થયા. મહારાજશ્રીની વાણીનો લાભ પોતાના ગામના લોકોને મળ્યો નહિ તે માટે વસવસો કરવા લાગ્યા. તરત બધાએ એકત્ર થઇ નિર્ણય લીધો કે 'મહારાજશ્રી પાસે આપણે અત્યારે જ જઇએ. પોમાવા થોડા દિવસ રોકાઇને વ્યાખ્યાનનો લાભ ગામને આપે એ માટે વિનંતી કરીએ.' તેઓ બધા મહારાજશ્રીએ વિહાર કર્યો હતો એ દિશામાં ચાલી નીકળ્યા. બે માઇલ જેટલું ચાલ્યા પછી તેમણે જોયું તો કોઇ એક વૃક્ષ નીચે મહારાજજશ્રી ધ્યાનમાં બેઠા હતા. મહારાજશ્રી ધ્યાનમાંથી જાગૃત થયા એટલે તેઓએ તેમને પોમાવા પાછા પધારવા આગ્રહભરી વિનંતી કરી. તેમના આગમનનો પોતાનો ખ્યાલ ન રહ્યો તે માટે ક્ષમા માગી. સરળ પ્રકૃતિના મહારાજશ્રીએ તેમની વિનંતીનો તરત સ્વીકાર કર્યો. પોમાવા પાછા ફર્યા. આથી ગામના બધાં લોકોમાં બહુ જ આનંદ છવાઇ ગયો. ગામને પાદરેથી વાજતે ગાજતે મહારાજશ્રીનું સામૈયું કરવામાં આવ્યું.

પોમાવામાં રતનચંદ મનરૂપજી નામના એક શ્રાવક રહેતા હતા. એમના માતુશ્રીનું અને પત્નીનું વીસ સ્થાનકની ઓળીનું વ્રત પૂરું થયું હતું. જો મહારાજશ્રી પોમાવામાં વધારે દિવસ રોકાવાની અનુમતિ આપે તો તેમની ઇચ્છા મહારાજશ્રીની નિશ્રામાં એ માટે ઉજમણું કરવાની હતી. મહારાજશ્રીની અનુમતિ મળતાં રતનચંદ શેઠે અઠ્ઠાઇ મહોત્સવ માટે તૈયારી કરી.

રતનચંદ શેઠનો ચોખાનો વેપાર હતો. પૈસે ટકે તેઓ સાધારણ સુખી હતા. એમના મનમાં આ ઉત્સવ માટે કોઈ અપૂર્વ ભાવ જાગ્યો હતો. એ માટે તેમણે નાણાં ખર્ચવાની જોગવાઇ પણ કરી લીધી. અઠ્ઠાઇ મહોત્સવની નિમંત્રણ પત્રિકા આસપાસના ગામોના સંઘોને મોકલવામાં આવી હતી. એક તો મહારાજશ્રીનાં દર્શન અને વાણીનો લાભ મળે અને બીજી બાજુ આવો સરસ ઉત્સવ જોવામાણવા મળે એટલે પોમાવા ગામમાં રોજરોજ ધાર્યા કરતાં વધુને વધુ માણસો આવવા લાગ્યા. રતનચંદશેઠે જે ખર્ચની જોગવાઇ કરી હતી. તેના કરતાં રોજે રોજ ઘણો વધારે ખર્ચ થવા લાગ્યો. પરંતુ તેમણે પોતાના મનમાં જરા સરખો પણ ઓછો ભાવ આવવા ન દીધો. એટલી જ ઉદારતાથી અને એટલા જ ઉત્સાહથી સૌનું સ્વાગત તેઓ કરતા રહ્યા. નાણાં ખૂટી જવાના કારણે તેમણે પોતાની પત્નીનાં કેટલાક ઘરેણાં પણ કોઇને ખબર ન પડે એ રીતે વેચી દીધાં, પરંતુ ઉત્સવમાં કયાંય પણ કરકસર થવા

ન દીધી. આખો અવસર બહુ જ સારી રીતે પાર પડયો. ચારે બાજુ જય જયકાર થઇ ગયો. સૌના મુખમાંથી મહારાજશ્રી માટે અને રતનચંદ શેઠ માટે પ્રશંસાના ઉદ્‌ગારો સરતા હતા.

રતનચંદ શેઠને મહારાજશ્રીમાં એટલી બધી શ્રદ્ધા હતી કે આવો અવસર પોતાના કુટુંબને સાંપડયો એ માટે તેઓ ધન્યતા અને કૃતાર્થતા અનુભવતા હતા. ઘરનાં ઘરેણાં વેચવા પડયાં હતાં, પરંતુ તે માટે મનમાં જરા સરખો પણ રંજ નહોતો. તેમને અખૂટ શ્રદ્ધા હતી કે મહારાજશ્રીની કૃપાથી બધું જ સારું થઇ જશે. મહારાજશ્રીએ આ વાત જાણી ત્યારે તેમણે રતનચંદ શેઠને આશીર્વાદ આપતાં કહ્યું કે ફિકર કરશો નહિ. બધું સારું થઇ જશે.

બીજે વર્ષે એવું બન્યું કે ચોખાના વેપારમાં રતનચંદ શેઠને એટલી અઢળક કમાણી થઇ કે પોતે વેચેલાં ઘરેણાં તો પાછાં આવ્યાં ઉપરાંત ઘણું વધુ ધન કમાયા અને ધર્મકાર્યમાં વધુ ધન ખર્ચવા લાગ્યા. વચનસિદ્ધ મહારાજશ્રીમાં તેમની શ્રદ્ધા વધુ દૃઢ થઇ ગઇ.

સં. ૧૯૮૮-૮૯માં મહારાજશ્રી જ્યારે આબુ-અચલગઢમાં બિરાજમાન હતા ત્યારે જૈન સમાજના પોરવાડ જ્ઞાતિના કેટલાક આગેવાનો મહારાજશ્રી પાસે આવ્યા. તેઓએ વિનંતી કરતાં કહ્યું, 'ગુરુ મહારાજ! બ્રાહ્મણવાડાજી તીર્થમાં સં. ૧૯૮૯માં ચૈત્ર વદ-૧-૨-૩ એમ ત્રણ દિવસ માટે અખિલ ભારત પોરવાડ સંમેલન યોજવાનું નક્કી કર્યું છે. તે માટે આપ ત્યાં જરૂર પધારો. આ પ્રસંગે પંજાબકેસરી આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિ પણ પધારવાના છે.' મહારાજશ્રીએ એ માટે તરત સંમતિ આપી સંમેલન માટે તેઓ બ્રાહ્મણવાડા પહોંચી ગયા. તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ મહોત્સવ પ્રસંગે સમગ્ર ભારતમાંથી વીસ હજારથી વધુ માણસો આવ્યા હતા. મહારાજશ્રીને આ પ્રસંગે શ્રી વિજય વલ્લભસૂરિ સાથે રહેવાનો અવસર પણ સાંપડયો. આ સંમેલનમાં ભિન્ન ભિન્ન સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક વિષય ઉપર પ્રવચનો થયાં લોકો ઉપર તેની ઘણી સારી અસર થઈ. આ પ્રસંગે પંન્યાસ શ્રીલલિતવિજયજી મહારાજ પધાર્યા હતા.

આ સંમેલનમાં આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિજીને "કલિકાલ કલ્પતરુ – અજ્ઞાનતિમિરતરણી, શ્રી વિજય શાંતિસૂરિને 'અનંતજીવ પ્રતિપાળ, યોગીન્દ્ર ચુડામણિ રાજરાજેશ્વર' અને પં. લલિત વિજયજીને મરુધરોદ્ધારક પ્રખર શિક્ષા પ્રચારક' એ પ્રમાણે બિરુદો આપવામાં આવ્યાં હતાં.

મહારાજશ્રી માટે આ સંમેલનની બીજી એક વિશિષ્ટ ફલશ્રુતિ એ હતી કે આસપાસનાં લગભગ નેવું ગામમાંથી પોતાની રાયકા જ્ઞાતિના ગૃહસ્થો આવ્યા હતા. મહારાજશ્રીએ તેમની જુદી સભા યોજીને તેમને ઉપદેશ આપ્યો હતો અને તે બધા પાસે જૂગાર, ચોરી, દારૂ, ગાંજો. તમ્બાકુ વગેરે વ્યસનો છોડવા માટે અને શુદ્ધ આચાર પાળવા માટે પ્રતિજ્ઞા લેવરાવી હતી.

વિ. સં. ૧૯૯૦ના કાર્તિક પૂર્ણિમાના દિવસે બ્રાહ્મણવાડાથી મારવાડની નાની પંચતીર્થીની યાત્રા માટે છરી પાળતો સંઘ મહારાજશ્રી નિશ્રામાં કાઢવામાં આવ્યો હતો. પાંચ હજારથી વધુ માણસો આ સંઘમાં જોડાયા હતા. સંઘ ખૂબ ઉલ્લાસપૂર્વક તીર્થોની યાત્રા કરતો કરતો માગસર સુદ-૨ના રોજ વીરવાડા મુકામે આવી પહોંચ્યો. વીરવાડામાં એક વિશેષ ઘટના બની મહારાજશ્રીના અનેક ભકતો રાજસ્થાન, ગુજરાત, બંગાળ વગેરે સ્થળોએથી પધાર્યાં હતા. મહારાજશ્રીના સિદ્ધિ લબ્ધિ યુકત શાંત પવિત્ર જીવનથી પ્રભાવિત થયેલા કેટલાક આગેવાનોને એવી કુદરતી સ્ફુરણા થઇ કે મહારાજશ્રીને ચતુર્વિધ સંઘ સમક્ષ આચાર્યની પદવી આપવી જોઇએ. મહારાજશ્રીને પોતાને આવી કોઇ પદવીની જરા પણ આકાંક્ષા નહોતી, પરંતુ એકત્ર થયેલ વિશાળ ભકત સમુદાયનો આગ્રહ એટલો બધો હતો કે છેવટે મહારાજશ્રીને તે માટે સંમતિ આપવી પડી હતી આ પ્રસંગે મહારાજશ્રીને 'જગદ્‌ગુરુ સૂરિ-સમ્રાટ' એવી પદવી આપવામાં આવી. આ જાહેરાતને લોકોએ ખૂબ હર્ષથી વધાવી લીધી અને એ સમાચાર ચારે બાજુ ઝડપથી પ્રસરી ગયા. મહારાજશ્રીએ એ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે 'આવી પદવીની મને કંઈ જરૂર નથી. મને એવી આકાંક્ષા પણ નથી. મારા માટે લોકોના પ્રેમના પ્રતીક રૂપે આ પદવી છે. પદવીથી મારામાં અહંકાર ન જાગે એ માટે મારે હવેથી વિશેષ જાગૃત રહેવું પડશે. આ પદવી મને મારી જવાબદારીનું સતત ભાન કરાવતી રહેશે.'

શ્રી શાંતિસૂરિ મહારાજને વિશેષત: આબુ પર્વત ઉપર વિચરવાનું વધારે અનુકૂળ રહેતું હતું. તેઓ એકાન્તમાં સાધના કરવાની અભિરુચિ ધરાવતા, એટલે શિષ્યો વધારવાનું તેમને ગમતું નહિ. આબુ પર્વત ઉપર દેલવાડાથી અચલગઢ વચ્ચે ત્યારે ગીચ જગલ જેવું હતું. ત્યાં વાઘની વસતી પણ હતી. મહારાજશ્રી દેલવાડાના ઉપાશ્રયેથી જંગલમાં ચાલ્યા જતા અને ચાર પાંચ દિવસે પાછા ફરતા. એટલો સમય તેઓ ઉપવાસ કરતા અને ધ્યાન ધરતા. ક્યારેક ગુફામાં તેમની પાસે વાઘ આવીને શાંતિથી બેસતો. એક વખત કેટલાક ભાઇઓને જિજ્ઞાસા થઇ એટલે રાતને વખતે ટોર્ચ લઇ, મહાજશ્રી જે જુદી જુદી જગ્યાએ ધ્યાન ધરતા તેવી એક અંધારી ગુફામાં પહોંચ્યા. મહારાજશ્રી ધ્યાનમગ્ન હતા ટોર્ચનો પ્રકાશ પડતાં જાગ્રત થયા. ભકતોને પોતાની પાસે આવેલા જોઇને તેમણે કહ્યું, 'તમે બધા તરત પાછા ચાલ્યા જાવ, અંધારામાં આવી રીતે સાહસ કરીને આવવું એ તમારું કામ નથી. અહીં વાઘ-વરૂ જેવાં હિંસક પ્રાણીઓ વસે છે. એ રાતને વખતે તમારા ઉપર હુમલો કર્યા વગર નહિ રહે. મહારાજશ્રીની ચેતવણીથી તેઓ તરત પાછા ફર્યા.

માઉન્ટ આબુ હવા ખાવાનું સુપ્રસિદ્ધ સ્થળ છે ભારતને સ્વતંત્રતા મળી એ પૂર્વે ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેમાં આવેલાં દેશી રાજ્યોના કેટલાંય બંગલાઓ માઉન્ટ આબુ ઉપર હતા ઉનાળાના દિવસોમાં અને અન્ય વખતે પણ દેશી રાજાઓ પોતાના રસાલા સાથે આબુ પર્વત ઉપર હવા ખાવા જતાં. અંગ્રેજ ગોરા અમલદારો અને મોટી મોટી શ્રીમંત વ્યકિતઓ પણ આબુ પર્વત પર હવાફેર માટે જતી. આબુ ત્યારે મુખ્યત્વે સુખી-શ્રીમંત લોકોનું એક મહત્ત્વનું કેન્દ્ર બની ગયું હતું. પૂ. શ્રી શાંતિવિજયજી મહારાજે આબુ ઉપર વારંવાર ચાતુર્માસ કર્યાં હતાં. આબુની ગુફાઓ અને ઝાડીઓ એમની સાધના માટે અનુકૂળ હતી. એમની દિવ્ય લબ્ધિ અને પ્રશાંત, પ્રેરક મુખમુદ્રાને કારણે એમનાં દર્શન-

વંદનને માટે રાજવીઓ, મોટા અમલદારો, પારસી, વહોરા, ખોજા વગેરે નામાંકિત શ્રીમંત માણસો આવતા. કેટલાકને પોતાના દુઃખના પ્રસંગે મહારાજશ્રીના આશીર્વાદથી ચમત્કારિક રીતે લાભ થયો હતો. એવી દરેક વ્યકિત પોતાના સ્વાનુભવના આધારે બીજાને વાત કરતી અને તેને મહારાજશ્રીની પાસે લઇ આવતી, આથી મહારાજશ્રીનો જૈન–જૈનેતર લોકોનો એક બહોળો અનુયાયી વર્ગ થયો હતો. મહારાજશ્રી પોતાની પાસે આવનાર દરેકને પ્રભુભક્તિ કરવા, ૐ શાંતિ:નો જાપ કરવા તથા માંસાહાર, દારૂ, જુગાર, વ્યભિચાર, બીડીસિગારેટ વગેરે ત્યજવા માટે ઉપદેશ આપતા.

સં. ૧૯૮૮માં મહારાજશ્રી જ્યારે આબુ દેલવાડાનાં ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે બિરાજમાન હતા ત્યારે એમને એક એવો વિચાર આવ્યો કે ચાતુર્માસમાં નવરાત્રિના દિવસોમાં અને ખાસ તો દશેરાના દિવસે ક્ષત્રિય રાજકુટુંબોમાં માતાજીના મંદિરમાં પાડાનો, બકરાનો કે કુકડાનો વધ કરવાની જે પરંપરા જૂના વખતથી ચાલી આવી છે એથી સમગ્ર ભારતમાં ઘણી મોટી નિરર્થક હિંસા દર વર્ષે થાય છે. આથી મહાજશ્રીએ પોતાની પાસે આવેલા કેટલાક રાજવીઓ સાથે આ હિંસા બંધ કરાવવા માટે વિચાર વિનિમય કર્યો. તેનો એમને ઘણો સારો પ્રતિસાદ સાંપડ્યો. એટલે એમણે સમગ્ર ભારતમાં બધાં જ દેશી રાજ્યોને નવરાત્રિ અને દશેરાને દિવસે માતાજીના સ્થાનકમાં પશુબલિ ન ધરાવવા માટે અગાઉથી તાર કરવાનું નક્કી કર્યું. તે માટે ખર્ચ અને બીજી કાર્યવાહીની બધી વ્યવસ્થા થઇ ગઇ અને એ પ્રમાણે સમગ્ર ભારતમાં સેંકડો તાર મોકલવામાં આવ્યા. અનેક રાજવીઓ મહારાજશ્રી પાસે આશીર્વાદ માટે અગાઉ આવી ગયા હતા. અને બીજા અનેક રાજવીઓએ કોઇકને કોઇક મારફત મહારાજશ્રીનું પવિત્ર નામ સાંભળ્યું હતું. એટલે મહારાજશ્રીના આ પ્રસ્તાવને ચારે તરફથી સમર્થન સાંપડ્યું. જોધપુર, ઇન્દોર, જયપુર, ધરમપુર, સિરોહી, ભાવનગર, મૈસુર, ગ્વાલિયર, રાજપીપળા, દેવગઢ બારીઆ, વાંસદા, રેવા, પાલિતાણા, મોરબી, વાંકાનેર, ધ્રાંગધ્રા, માંગરોળ, ચાણોદ, લુણાવાડા, છોટા ઉદેપુર, પાટડી, માળીયા વગેરે ઘણાં બધાં રાજ્યોનો તારથી જ જવાબ આવી ગયો કે પોતાના રાજ્યમાં નવરાત્રિમાં અને દશેરાના દિવસે હવેથી માતાજીને પશુનો બલિ ધરાવવામાં નહિ આવે. ક્ષત્રિય રજવાડી કુટુંબોની ધાર્મિક પરંપરામાં આવો ફેરફાર થવો તે એ જમાનામાં મોટું ક્રાંતિકારી પગલું હતું. પરંતુ મહારાજશ્રીની દિવ્ય પ્રતિભા એવી હતી કે એ બધા રાજ્યોએ મહારાજશ્રીને હર્ષપૂર્વક સહકાર આપ્યો હતો. મોટા જીવનો વધ અટકાવવાની બાબતમાં મહારાજશ્રીનું આ એક મોટું યોગદાન હતું. કેટલાક રાજ્યોએ તો પાટનગર સહિત પોતાના સમગ્ર રાજ્યમાં ક્યાંય પણ પશુબલિ ન ધરાવવામાં આવે એવું ફરમાન કાઢવા ઉપરાંત મહારાજશ્રીની પ્રેરણાથી દારૂ અને જુગાર ઉપર પણ પ્રતિબંધ ફરમાવ્યો હતો. સામાજિક–સાંસ્કારિક ક્ષેત્રે હિંસા નિવારણ અને સંસ્કાર સિંચનનું મહત્ત્વનું કાર્ય મહારાજશ્રી દ્વારા એ જમાનામાં થયું હતું.

મહારાજશ્રીએ શાળા – કોલેજનો અભ્યાસ કર્યો ન હતો. પરંતુ યુરોપિયનોના સંપર્કના કારણે તેઓ તેમની સાથે ઇંગ્લીશમાં વાતચીત કરતા થઇ ગયા હતા. વળી, મહાજશ્રીની સ્મૃતિ એટલી બધી સારી હતી એક વખત બે પાંચ મિનિટ માટે મળેલી વ્યકિત વર્ષો પછી મળે તો મહાજશ્રીને એનું નામ યાદ હોય

મહારાજશ્રી પાસે કેટલાય યુરોપિયન લોકો આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા માટે આવતા. એક યુરોપિયને તો એમની પામે દીક્ષા લીધી હતી અને તેઓ એમની સાથે જ રહેતા હતા.

આબુમાં મહારાજશ્રી બિરાજમાન હોય ત્યારે દેશ-વિદેશના અનેક લોકો તેમના દર્શન કરવા આવતા. એક વખત એક યુરોપિયન વૃદ્ધ બાઇ પોતાની દીકરીને સાથે લઇને મહારાજશ્રીને વંદન કરવા આવી હતી, પરંતુ તે વખતે મહારાજશ્રીને સખત તાવ આવ્યો હતો. તેઓ ઓઢીને સૂતા હતા. પાસે બેઠેલા એક ભક્તે તે મહિલાને કહ્યું કે 'મહારાજશ્રી બીમાર છે. એટલે આજે મળી શકશે નહિં.' એ જાણી એ મહિલા નિરાશ થઇ ગઇ. પોતાની દીકરી સાથે તે પાછી જવા લાગી. એ મહિલાનો અવાજ સાંભળીને મહારાજશ્રી જાગી ગયા. બેઠા થઇને તેમણે જોયું તો તે મહિલા દરવાજા બહાર પાછી જઇ રહી હતી. નિરાશ થઇને કોઇ જાય એ મહારાજશ્રીને ગમતું નહિ. એમણે એ મહિલાને પાછી બોલાવવા તરત બૂમ પાડીને કહ્યું, 'Mother, Please Come in.' એ સાંભળીને તે મહિલા પાછી ફરી. મહારાજશ્રીનાં દર્શન કરવાની તક મળી એથી તેને એટલો બધો આનંદ થયો કે એકદમ તેની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. મહારાજશ્રીએ મા – દીકરીને પોતાની સામે બેસાર્યાં. અંગ્રેજીમાં બંને વચ્ચે વાતચીત ચાલી. મહારાશ્રીએ કહ્યું, 'તમારે કંઇ પૂછવું છે ? તે મહિલાએ કહ્યું 'હા, મારો દીકરો ઇગ્લેન્ડમાં છે. હું ત્યાંથી આવી ત્યારે તેની તબિયત સારી ન્હોતી. તેની મને બહુ ચિંતા છે.' મહારાજશ્રીએ થોડીવાર ધ્યાન ધરીને તે મહિલાને કહ્યું, 'તમારો દીકરો વિલાયતમાં ખૂબ આનંદમાં છે.' એ સાંભળીને તે મહિલાને બહુ હર્ષ થયો. પછી મહારાજશ્રીએ તેને અને તેની દીકરીને સુખડની માળા ભેટ આપીને કહ્યું કે 'દરરોજ આ માળા 'ૐ'નો જાપ કરીને ફેરવજો. 'ૐ' ન યાદ રહે તો 'Almighty God'નો જાપ કરજો આ માળા ગળામાં પહેરજો. એથી બધું સારું થઇ જશે.' મા અને દીકરીએ પોતાના ગળામાં માળા પહેરી. ફરીથી તેમની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં હતાં. વારંવાર આભારપૂર્વક મહારાજને વંદન કરીને તેઓ વિદાય થયાં.

ભારતની આઝાદી પૂર્વેના એ દિવસોમાં રાજપૂતાનાના એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ સર ઓગિલ્વે નામના બ્રિટિશ અધિકારીની કચેરી માઉન્ટ આબુમાં હતી. મહારાજશ્રીના દિવ્ય, પવિત્ર જીવનની વાતો કર્ણોપકર્ણ તેમની પાસે આવી હતી. જિજ્ઞાસાથી પ્રેરાઇને તેઓ મહારાજશ્રીને મળવા આવ્યા હતા પરંતુ પ્રથમ દર્શને જ તેઓ એટલા બધા આનંદિત થઇ ગયા હતા કે પછીથી તો તેઓ વારંવાર મહારાજશ્રીને મળવા આવતા હતા. પોતાને ત્યાં મહેમાન તરીકે જે કોઇ બ્રિટિશ કે યુરોપિયન વ્યકિતઓ આવતી તેને આબુના ફરવા જેવા સ્થળો બતાવવા ઉપરાંત મહારાજશ્રી પાસે પણ તેઓ

લઇ આવતા. તેમની ઇચ્છા મહારાજશ્રી માટે કશુંક કરી છૂટવાની હતી, પરંતુ મહારાજશ્રીને વ્યક્તિગત સુખ-સગવડરૂપે તો કશું જ જોઇતું ન હતું. મહારાજશ્રીએ સર ઓગિલ્વેને એટલી જ ભલામણ કરી કે 'માઉન્ટ આબુમાં કોઇ પશુપક્ષીઓનો શિકાર ન થાય એવું ફરમાન કાઢો.' આબુ ઉપર આવતા વિદેશી ગોરા સહેલાણીઓ અને ભારતના રાજવીઓની શોખની એક પ્રવૃત્તિ તે પશુપંખીઓના શિકારની હતી. પરંતુ મહારાજશ્રીની ભલામણથી સર ઓગિલ્વેએ હુકમ કાઢયો કે આબુ પર્વત ઉપર કોઇ પણ પશુપક્ષીને ગોળીથી કે હથિયારથી મારી શકાશે નહિ. આ પ્રદેશમાં કેટલાક અપંગ જાનવરોને પકડીને તેને ઝેરનું ઇન્જેકશન આપીને મારી નાખવામાં આવતાં હતાં તે પણ ન કરવામાં આવે એવો હુકમ મહારાજશ્રીની ભલામણથી કાઢવામાં આવ્યો હતો. વળી આબુ પર્વત ઉપર પશુઓ માટેની એક ઇસ્પિતાલ સર ઓગિલ્વેએ શરૂ કરાવી અને તેનો વહીવટ સંભાળવા માટે મીસીસ રાઇટ નામની એક અંગ્રેજ મહિલાની નિમણુંક કરવામાં આવી હતી. મહારાજશ્રીનો પ્રભાવ કેટલો બધો હતો તે આવી ઘટનાઓ ઉપરથી જોઇ શકાય છે.

કેસરિયાજી તીર્થ અત્યંત પ્રાચીન છે. પરંતુ મેવાડની ભૂમિમાં ડુંગરો અને જંગલો વચ્ચે આવેલા એ તીર્થ માટે વારંવાર વિવાદ રહ્યા કર્યો છે. કેસરિયાજી તીર્થના આદીશ્વર દાદાનાં ચમત્કારિક પ્રભાવનો અનુભવ જૈન-જૈનેતર એવા અનેક લોકોને સેંકડો વર્ષોથી થતો આવ્યો છે. આ વિસ્તારમાં જ્યારે જૈનોની વસતી બિલકુલ રહી નહોતી ત્યારે કેસરિયાજી દાદાનાં દર્શને આસપાસના ભીલ વગેરે આદિવાસી લોકો આવતા રહ્યા હતા. આદીશ્વર ભગવાનનાં પ્રતિમાજીની નવાંગી પૂજા કરવાને બદલે જમણા પગના અંગૂઠે વાટકી ભરેલું કેસર રેડવાનો આદિવાસીઓમાં રિવાજ પડી ગયો હતો અને એથી આ તીર્થના ભગવાનને લોકો કેસરિયાજી દાદા તરીકે ઓળખવા લાગ્યા હતા. આમ સૈકાઓથી જૈનો અને હિન્દુઓ આ મંદિરમાં ઋષભદેવ ભગવાનની પૂજા કરતા રહ્યા હોવાથી આ મંદિર તે કોનું ? એવો વિવાદ વારંવાર થયા કર્યો છે. વળી જૈનોમાં પણ આ મંદિર તે શ્વેતામ્બરોનું કે દિગમ્બરોનું એ વિશે પણ કેટલીયવાર વિવાદ થયા કર્યો છે.

ગુરુદેવ શ્રી શાંતિસૂરિ મહારાજ સાહેબના વખતમાં પણ આ તીર્થ અંગે વિવાદ ઊભો થયો હતો. આ તીર્થમાં વૈષ્ણવ યાત્રિકો વધુ પ્રમાણમાં આવતા હોવાને કારણે પંડાઓની વસતી પણ વધતી ગઇ હતી અને મંદિરમાં પણ જિનપૂજામાં કેટલીક વૈષ્ણવ રીતિઓ દાખલ થઇ ગયેલી હતી.

ભારતની સ્વતંત્રતા પૂર્વે આ તીર્થ મેવાડ રાજ્યમાં આવેલું હતું. એથી એના ઉપર ઉદયપુરના મહારાણાની હકુમત ચાલતી. મહારાણા પોતે હિન્દુ હતા, એટલે જૈનોને આ મંદિરની બાબતમાં પૂરો ન્યાય મળતો નહિ અને વૈષ્ણવો તરફથી કનડગત થતી. રાજ્ય તરફથી પણ વૈષ્ણવો તરફ પક્ષપાત દર્શાવાતો.

વિ. સં. ૧૯૯૦ માં આ જાતની કનડગત ઘણી બધી વધી ગઇ. દેરાસર ઉપરનો જૈન ધ્વજાદંડ ઉતારી નાંખવામાં આવ્યો અને તેની જગ્યાએ હિન્દુ ધ્વજાદંડ ફરકાવવામાં આવ્યો. એથી જૈનોની લાગણી બહુ દુભાઇ. ઘણા લોકોએ એ વિશે મહારાજશ્રી પાસે આવીને ફરિયાદ કરી. મહારાજશ્રી પોતે તો શાંતિના ચાહક હતા; વિશ્વકલ્યાણની ભાવનાવાળા હતા. સંઘર્ષ તો તેમને રુચે નહિ. આથી તેમણે હૃદય-પરિવર્તનનો માર્ગ અપનાવવા પોતાની જાતને જ શિક્ષા કરવાનું વિચાર્યું. તેમણે બ્રાહ્મણવાડામાં વિશાળ સભામાં જૈનો ઉપરાંત હિન્દુઓની પણ હાજરી વચ્ચે નીચે પ્રમાણે પોતાની પ્રતિજ્ઞા જાહેર કરીઃ

'શ્રી કેસરિયાજી તીર્થ માટે જૈનો અને પંડાઓ વચ્ચે સળગેલ કલેશાગ્નિનો શ્રી મેવાડ સ્ટેટ તરફથી જો શાંતિ ભાવે નિકાલ નહિ આવે તો સં. ૧૯૯૦ના ફાગણ સુદ તેરસના રોજ મેવાડની હદમાં હું પ્રવેશ કરીશ અને ત્યાં આમરણાન્ત ઉપવાસ ઉપર ઊતરીશ.'

મહારાજશ્રીની પ્રતિજ્ઞાના સમાચાર વર્તમાનપત્રોમાં તરત છપાયા. તેનો ઊહાપોહ એથી ઘણો વધી ગયો. મહારાજશ્રીના ભક્ત એવા કેટલાય રાજવીઓ તરફથી મેવાડના મહારાણા ઉપર તાર દ્વારા ભારે દબાણ આવ્યું કે મહારાજશ્રી ઉપવાસ ઉપર ઊતરે તે પહેલાં શાંતિ સ્થપાય તેવું કરવું.

આ ઘટનાથી મેવાડના મહારાણા ચિંતામાં પડી ગયા. મહારાજશ્રી મેવાડમાં પ્રવેશ કરીને ઉપવાસ કરવાના હતા, પરંતુ જો તેમને મેવાડની સરહદમાં જ પ્રવેશ ન કરવા દેવામાં આવે તો પછી ઉપવાસનો પ્રશ્ન ઊભો નહિ થાય. મહારાજશ્રી બ્રાહ્મણવાડાથી ઉદેપુરની સરહદમાં દાખલ થાય એવો સંભવ હતો એટલે દીવાન સુખદેવપ્રસાદે તે દિશામાં સરહદ ઉપર પોલીસનો ભારે ચોકી પહેરાનો બંદોબસ્ત કર્યો હતો.

પોતાની પ્રતિજ્ઞાની જાહેરાત અનુસાર સં. ૧૯૯૦ના ફાગણ સુદ-૧૦ના રોજ મહારાજશ્રીએ બ્રાહ્મણવાડાથી વિહાર કર્યો. તેઓ સરસ્વતી મંદિરમાં રાત રોકાયા. ત્યાર પછી વિહાર કરતા કરતા તેઓ ફાગણ સુદ ૧૩ના રોજ મેવાડ રાજ્યની હદની અંદર દાખલ થઇને ઉદયપુરની પાસે મદાર નામના ગામમાં બપોરે પહોંચ્યા. મહારાજશ્રી મેવાડમાં દાખલ થઇ ગયા છે એ સમાચારે ભારે સનસનાટી ફેલાવી, કારણ કે ચારેબાજુ પોલીસનો સખત જાપ્તો હોવા છતાં મહારાજશ્રી મેવાડમાં કેવી રીતે દાખલ થયા એ બહુ આશ્ચર્ય ઉપજાવે એવી સમસ્યા બની ગઇ.

પોલીસ ચોકીદારોએ બે જૈન સાધુઓની ધરપકડ કરી હતી પરંતુ તેઓ વિજય શાંતિસૂરિ નથી એની પાકી ખાત્રી થતાં તેમને છોડી દેવામાં આવ્યા હતા.

મદાર ગામમાં આવીને મહારાજશ્રી વરધીચંદ તલેસરા નામના એક શ્રાવકના ઘરે ઊતર્યા હતા. એમના આગમનના સમાચારની જાણ થતાં આસપાસના ગામમાંથી હજારો લોકો એમનાં દર્શન કરવા માટે આવી પહોંચ્યા. દીવાન સુખદેવપ્રસાદ પણ મહારાજશ્રી પાસે આવી પહોંચ્યા. ચૌદશના દિવસથી મહારાજશ્રી ઉપવાસ કરવાના હતા. સુખદેવપ્રસાદ મહારાજશ્રીનો પ્રભાવ જોઇ ચકિત થઇ ગયા હતા. દીવાને મહારાજશ્રીને વિનંતી કરી કે 'મને બે દિવસનો સમય આપો. એ દરમિયાન હું સમાધાનના પ્રયાસો કરીશ'. દીવાનની વિનંતી સાંભળી મહારાજશ્રીએ કહ્યું, 'જાહેરાત અનુસાર હું ઉપવાસ ચાલુ કરીશ, પરંતુ તમારી વિનંતીને માન આપી બે દિવસ હું ફકત છાશ

લઈશ. બીજો કંઈ આહાર નહિ લઉં; પરંતુ જો બે દિવસમાં કશું જ પરિણામ આવ્યું નહિ તો ત્રીજે દિવસે મારા ઉપવાસ પાછા ચાલું થઈ જશે.'

પરંતુ બે દિવસમાં કશું જ પરિણામ આવ્યું નહિ. એટલે મહારાજશ્રીએ ઉપવાસ ચાલુ કરી દીધા. એ સમાચારને ઘણાં છાપાઓમાં પ્રસિદ્ધિ મળી. એથી મેવાડના મહારાણા ઉપર દબાણ વધતું ગયું.

ઉપવાસ ઉપર ઉપવાસ થવા લાગ્યા. રોજેરોજ આસપાસના ગામોમાંથી હજારો માણસો ચાલતા આવવા લાગ્યા. વ્યાખ્યાનમાં મહારાજશ્રી એ ગામવાસીઓને દારૂ, માંસ, જુગાર, ગાંજો વગેરે છોડવાનો ઉપદેશ આપતા. લોકો તે માટે એમની પાસે પ્રતિજ્ઞા લેતા બાકીનો આખો દિવસ મહારાજશ્રી ૐ શાંતિનો જાપ કરતા. એમ કરતાં લગભગ ૩૦ ઉપવાસ થઈ ગયા. પરિસ્થિતિ ચિંતાજનક બનવા લાગી મહારાજશ્રી મદાર ગામથી વિહાર કરીને પાસે આવેલા દેવાલી ગામે ગયા.

દરમિયાન મેવાડના મહારાણા ભોપાલસિંહજીનું હૃદય પરિવર્તન થયું. સમાધાન માટે પોતે જાતે મહારાજશ્રી પાસે જવાનો તેમણે નિર્ણય કર્યો. ઉપવાસનું પારણું કરાવવા માટે પોતે ખીર બનાવીને સાથે લઈ ગયા. તે વખતે મહારાજશ્રીના ૐ શાંતિના જાપ ચાલુ હતા. દેવાલી ગામમાં હજારો માણસો એકત્ર થયા હતા. એ જોઈને મહારાણા પણ પ્રભાવિત થયા. તેઓ મહારાજશ્રી પાસે પહોંચ્યા. મહારાજશ્રીના ચરણમાં નમસ્કાર કરીને પારણું કરાવવાની પોતાની ભાવના દર્શાવી મહારાજશ્રીએ કહ્યું, 'હું જૈનોનો પક્ષપાતી નથી. તેમ વૈષ્ણવો પ્રત્યે મને દ્વેષ કે વિરોધ નથી. જીવ માત્રના કલ્યાણ માટે અમારી ભાવના હોય છે. જગતમાં સર્વત્ર શાંતિ સ્થપાય એ અમારું ધ્યેય હોય છે. કેસરિયાજી બાબા તરીકે ઓળખાતા આદીશ્વર ભગવાનની ભક્તિ કરવાનો સૌ કોઈને હક છે. પરંતુ આ જૈન તીર્થ વૈષ્ણવોની માલિકીનું ગણાય એમાં અમને ન્યાય દેખાતો નથી.' મહારાજશ્રીનાં પ્રેરક વચનો સાંભળીને અને મહારાજશ્રીના પવિત્ર ચમત્કારિક જીવનથી પ્રભાવિત થઈને મહારાણાએ ત્યાં જ જાહેરાત કરી દીધી કે 'હવેથી કેસરિયાજી તીર્થ જૈનોનું છે. તેમાં બીજા કોઈનો કંઈ પણ હક નથી.'

આ જાહેરાત કરીને મહારાણાશ્રીએ યોગીરાજ શ્રી શાંતિસૂરિને ખીરનું પારણું કરાવ્યું. દેવાલી ગામમાં આનંદ છવાઈ ગયો. જૈન ધર્મનો જય-જયકાર થયો. આ પ્રસંગે નેપાલના મહારાણા પણ મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા હતા. અગાઉ પણ તેઓ મહારાજશ્રીના સંપર્કમાં આવ્યા હતા. મહારાજશ્રીને તેઓ પોતાના ગુરુ તરીકે માનતા. ઉદયપુરના મહારાણાને સમજાવવામાં નેપાલના મહારાણાએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ પ્રસંગે તેમણે મહારાજશ્રીને નેપાળ રાજ્યના ધર્મગુરુ તરીકે જાહેર કર્યા હતા.

ઉદયપુરમાં થોડો સમય સ્થિરતા કરીને તથા જૈન-જૈનેતર એવા ઘણા લોકોને અહિંસા અને વિશ્વપ્રેમનો ઉપદેશ આપીને મહારાજશ્રી પોતાનું કાર્ય સફળ કરી કેસરિયાજી તીર્થની યાત્રા કરીને બ્રાહ્મણવાડા તીર્થમાં પાછા પધાર્યા હતા.

મહારાજશ્રી વિજય શાંતિસૂરીશ્વરજીના જીવનમાં આ એક મહત્ત્વનો યાદગાર પ્રસંગ બની ગયો હતો. ભારતના રાજવીઓમાં ઘણા બધા એમને પોતાના ગુરુ તરીકે માનતા હતા. શત્રુંજય તીર્થની બાબતમાં આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલિતાણા નરેશ વચ્ચે જ્યારે વિવાદ ઊભો થયો હતો ત્યારે પણ મહારાજશ્રીએ પાલિતાણા નરેશને સમજાવવાનું સારું કાર્ય કર્યું હતું.

મહારાજ શ્રી શાંતિસૂરિના લબ્ધિસિદ્ધિના અનુભવો અનેક લોકોને થયા હતા. એમના આશીર્વાદથી કેટલાયે લોકોની અસાધ્ય બીમારી મટી ગઈ હતી. કેટલાયે ભક્તોને તેઓ સ્વપ્નમાં દર્શન આપતા અને અમુક કાર્ય કરવા માટે પ્રેરણા કરતા. એમની પ્રેરણા અને સાનિધ્યથી તપશ્ચર્યા કરવામાં જેમને બિલકુલ મહાવરો ન હોય એવી કેટલીક વ્યક્તિઓએ આઠ-સોળ કે ત્રીસ દિવસના ઉપવાસ કર્યાના બનાવો બન્યા છે; જે વ્યક્તિને દાન માટે રકમ આપવાનું મન ન થતું હોય એવી વ્યક્તિએ એમના સાનિધ્યમાં અચાનક ઘણી મોટી રકમનું દાન આપ્યું છે. એમના આશીર્વાદથી કેટલાયે લોકોના રોગ મટી ગયા છે. કોઈકનું સંતાન જન્મથી બોલી ન શકતું હોય તે એમના સાનિધ્યમાં બોલવા લાગે એવા બનાવો પણ બન્યા છે. એમના સાન્નિધ્યમાં ચોર, લૂટારુ, આગ, રોગચાળો, આપસના ઝઘડા, અનાજપાણીની અછત વગેરેના બનાવો શાંત થઈ જતા. એમના નયનમાંથી જાણે અમૃત ઝરતું હોય એવી શાંતિ અનુભવાતી. એમની આંખોમાં અને એમની વાણીમાં વશીકરણની અનાયાસ શક્તિ વરતાતી. તેઓ કહે એનાથી વિપરીત કરવાનું કોઈને મન થતું નહોતું. તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં એમના માત્ર દર્શન માટે હજારો માણસો ઊમટતા અને દર્શન કરી ધન્યતા અનુભવતા.

સં. ૧૯૭૭માં મહારાજશ્રી શિવગંજ પધાર્યા હતા. ત્યાં એક દિવસ ધનરૂપજી નામના એક શ્રાવકને ત્યાં ગોચરી વહોરવા પધાર્યા. ગોચરી વહોરીને તેઓ નીકળતા હતા તે વખતે બાજુના ખંડમાં પથારીમાં સૂતેલા એક બાળક પર એમની નજર પડી. બાળક અપંગ જેવું લાગતું હતું. મહારાજશ્રીએ પૂછ્યું, 'શું થયું છે બાળકને?'

ધનરૂપજીએ કહ્યું, 'બાપજી, આ મારો એકનો એક દીકરો શુકનરાજ છે. એને લકવા થયો છે. એને સાજો કરી આપોને!'

મહારાજશ્રીએ શુકનરાજ સામું જોયું. શુકનરાજે પથારીમાં સૂતાં સૂતાં બે હાથ જોડી મહારાજશ્રીને વંદન કર્યાં. મહારાજશ્રીએ એક પ્યાલામાં પાણી મંગાવ્યું. મંત્ર ભણીને ધનરૂપજીને આપ્યુ અને કહ્યું, રોજ આ પાણી હાથમાં રાખી, નવ વખત નવકાર મંત્ર બોલીને પછી આ પાણી બાળકને પીવડાવજો. એમ સતત નવ દિવસ સુધી રોજ પીવડાવજો એટલે સારું થઈ જશે.'

આ પ્રમાણે કરતાં બાળક ધીમે ધીમે સાજો થવા લાગ્યો અને નવમે દિવસે તો ઊભો થઈને ધીમે ધીમે ચાલવા પણ લાગ્યો ધનરૂપજીને તો માન્યામાં ન આવે એવા ચમત્કારિક આશીર્વાદ ગુરુદેવ તરફથી સાંપડયા. પુત્ર સાજો થઈ ગયો. ત્યારથી ધનરૂપજી અને એના પુત્ર શુકનરાજજી બંને ગુરુ મહારાજના અનન્ય ભક્ત બની ગયા.

શિવગંજમાં બનેલી આ ઘટનાથી ત્યાંના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યારથી તેઓને મહારાજશ્રીનાં વચનમાં

પૂરી શ્રદ્ધા થઇ ગઇ.

શિવગંજમાં તે વખતે સંઘમાં કેટલાક મતભેદ અને કજિયા ચાલતા હતા. આ કુસંપ દૂર થાય એ માટે સંઘના આગેવાનોએ મહારાજશ્રીને વિનંતી કરી. મહારાજશ્રીએ વ્યાખ્યાન વખતે દૃષ્ટાન્ત સહિત ઉપદેશ આપતાં કહ્યું કે. જ્યાં સંપ હોય ત્યાં શાસનનો જયજયકાર થાય છે. જ્યાં કુસંપ હોય છે ત્યાં પડતી થાય છે.' એમના ઉપદેશની અસર એટલી બધી પડી કે એજ વખતે જેમની જેમની વચ્ચે કુસંપ હતો તે બધાજ આગેવાનોએ ઊભા થઇ મહારાજશ્રી પાસે હાથ જોડીને બાધા લીધી કે પોતે કયારેય હવેથી સંઘમાં કોઈપણ બાબતમાં ઝઘડા નહિ કરે અને સંપથી વર્તશે.

એક વખત મુંબઇથી પાટણનિવાસી શેઠ ભગવાનદાસ પન્નાલાલ પોતાનાં ધર્મપત્ની સાથે મહારાજશ્રીનાં દર્શન કરવા આબુ આવ્યા હતા. તેઓ પોતાની સાથે મહારાજશ્રીની ચરણુ પાદુકા પણ બનાવીને લાવ્યા હતા. મહારાજશ્રીને વંદન કરીને શેઠાણીએ ગહુલી કરી હતી. એ ગહુલીમાં તેમણે સાચાં મોતીનો સાથિયો કર્યો હતો વળી પોતે સાથે જે કેટલુંક ઝવેરાત લાવ્યા હતા એ પણ તેમણે ગહુલીમાં મૂકયું હતું. મહારાજશ્રીનાં દર્શન – વંદન માટે લોકોને કેટલો પૂજ્યભાવ હતો તે આવી ગહુલી ઉપરથી પણ જોઇ શકાય છે મહારાજશ્રીને પોતાને તો તેમાંથી કશું જ રાખવાનું નહોતું. તેઓ તો અનાસ્કત હતા. 'આ ઝવેરાત અને મોતીનું હવે અમારે શું કરવું ?' એમ તેમણે પૂછ્યું તો મહારાજશ્રીએ કહ્યું 'આ ઝવેરાત માંડોલીના દેરાસરમાં અથવા બીજે જ્યાં તમને ઠીક લાગે ત્યાં આપી દેજો.'

શેઠશ્રીએ મહારાજશ્રીને વિનંતી કરી કે 'મારે આપની ઇચ્છાનુસાર કોઇ પણ શુભ ખાતામાં રૂપિયા પાંચેક લાખ જેટલી રકમ વાપરવી છે. એ માટે મને આજ્ઞા આપો.' મહારાજશ્રીએ કહ્યું. 'મને કંઇ સૂઝશે તો હું કહીશ. પરંતુ ન કહું તો તમારી ઇચ્છાનુસાર તમે તે વાપરજો.'

શેઠશ્રીએ ગહુલીમાં મૂકેલું ઝવેરાત માંડોલીના દેરાસરમાં આપી દીધું. મહારાજશ્રીની ચરણપાદુકા મુંબઇમાં પોતાના દેરાસરમાં પધરાવી હતી. પાંચ લાખ રૂપિયા વાપરવા માટે મહારાજશ્રીએ પોતે જીવ્યા ત્યાં સુધી કશી સૂચના આપી નહોતી, કારણકે એ રકમની વાતમાંથી તેમણે પોતાના મનને નિવૃત્ત કરી દીધું હતું.

આઝાદીના લડતના એ દિવસો હતા. એક વખત ગાંધીજીની બ્રિટિશ સરકારે ધરપકડ કરીને જેલમાં પૂર્યા હતા. એથી લડતનું વાતાવરણ ધીમું પડી ગયું હતું. સરકાર ગાંધીજીને કયારે છોડશે તેની લોકોને ચિંતા હતી. એક વખત મહારાજશ્રીના એક ભગતે મહારાજશ્રીને અરજ કરી કે ગુરુદેવ, ગાંધીજીને છોડાવો' મહારાજશ્રીએ પૂછ્યું. 'તમારે કયારે છોડાવવા છે ?'

ભગતથી સ્વાભાવિક રીતે બોલાઇ ગયું આપનો જન્મદિવસ–વસંત પંચમીનો દિવસ નજીકમાં આવે છે એ દિવસે ગાંધીજીને છોડાવો. 'મહારાજશ્રીએ કહ્યું', 'ભલે એ પ્રમાણે થશે' ત્યાર પછી બ્રિટિશ સરકારે કોઇક કારણસર ગાંધીજીને અચાનક જ ધાર્યા કરતાં વહેલા છોડી દીધા. એ દિવસ વસંત પંચમીનો હતો.

અમદાવાદની પતાસાની પોળના એક ભાઇની તબિયત ઘણી જ બગડી ગઇ હતી. તેમને મેનેન્જાઇટીસનો રોગ થયો હતો. ત્યાર પછી ગાંડપણ જેવું થયું હતું. કાને સંભળાતુ બંધ થઇ ગયું હતું, કુટુંબીજનોએ ઘણા ઉપચાર કર્યા, પરંતુ મટતું ન હતું. કોઇકની ભલામણથી કુટુંબીજનો એમને આબુમાં મહારાજશ્રી પાસે લઇ ગયા, દર્દની બધી વાત કરી. મહારાજશ્રીએ એ ભાઇના મસ્તક ઉપર અર્ધો કલાક સુધી મંત્રોચ્ચાર કરતાં કરતાં હાથ ફેરવ્યા કર્યો. અર્ધ બેભાન જેવી અવસ્થામાં રહેતા એ ભાઇને માથામાં જાણે અચાનક ઝાટકો વાગ્યો હોય તેવો અનુભવ થયો. પછી ધીમે ધીમે તેઓ સ્વસ્થ થતાં ગયા. એમ કરતાં કરતાં તેમનું ગાંડપણ સાવ દૂર થઇ ગયું. તેઓ ઘરે ગયા અને કામધંધે લાગી ગયા. એથી મહારાજશ્રી માટેની એમની શ્રધ્ધા વધી ગઇ હવે માત્ર કાને બહેરાશ રહી હતી. થોડા વખત પછી મહારાજશ્રીએ એમને પોતાની પાસે આવવા કહ્યું હતું. એટલે તેઓ આબુ સ્ટેશને પહોંચ્યા. ત્યાંથી બસમાં બેસી જ્યારે તેઓ દેલવાડાના બસસ્ટેન્ડ પાસે પહોંચ્યા ત્યારે તેમને અચાનક જ પોતાની બહેરાશ ચાલી ગઇ હોય તેવો અનુભવ થયો. તેમને ત્યાંથી પસાર થતી મોટરનું હોર્ન સંભળાવા લાગ્યું તેઓ મહારાજશ્રી પાસે ગયા. મહારાજશ્રીએ કહ્યું, જાઓ' પહેલાં દેરાસરમાં જઇ ભગવાનનાં દર્શન કરો અને ઘંટ વગાડો. એ ઘંટ તમને સંભળાશે. એટલે તમારા કાનની બહેરાશ કાયમ માટે ચાલી જશે.' મહારાજશ્રીની સૂચના પ્રમાણે તેમણે દેરાસરમાં જઇ દર્શન કરી ઘંટ વગાડયો. હવે બધું સ્પષ્ટ સંભળાવા લાગ્યું. મહારાજશ્રીની વાત સાચી પડી, એ ભાઇનું ગાંડપણ અને કાનની બહેરાશ બંને કાયમ માટે ચાલ્યાં ગયાં. એમને મહારાજશ્રીની કૃપાનો એક ચમત્કારિક અનુભવ થયો, જે જીવનભર યાદ રહી ગયો.

મહારાજશ્રીના જીવનના ચમત્કારિક અનુભવો તો અનેકને થયા હશે. આવા ચમત્કારિક લાભના લોભે પણ તેમની પાસે ઘણા માણસો આવતા. પરંતુ મહારાજશ્રીની એટલી ઓળખાણ અધૂરી ગણાય. તેઓ સાચા અધ્યાત્મયોગી હતા. આત્મ સમાધિમાં લીન રહેનાર મહાન અવધૂત હતા. કપાળમાં ચંદ્રની આકૃતિ અને હથેળીમાં ત્રિશૂળની આકૃતિ ધરાવનાર, અલ્પ નિદ્રા લેતાર, વિશેષપણે મૌન અને ધ્યાનમાં રહેનાર કે ૐ શાંતિનો જાપ કરનાર, એકંદરે ઓછું, સૂત્રાત્મક અર્થગર્ભિત બોલનાર આ મહાત્માની અંદરની મસ્તી અનોખી હતી.

મહારાજશ્રી જ્યારે બામણવાડામાં બિરાજમાન હતા ત્યારે મારવાડના વિસલપુર ગામના આગેવાનોની વિનંતી સ્વીકારીને વિસલપુર પધાર્યા હતા. એમની નિશ્રામાં ત્યાં જિનાલયમાં પ્રતિષ્ઠાનો મહોત્સવ ધામધૂમપૂર્વ ઉજવાયો હતો હજારો માણસો એ પ્રસંગે આવ્યા હતા અને ઉનાળાનો સમય હતો, એટલે સંઘના આગેવાનોને બીક હતી કે રખેને કૂવાનું પાણી ખૂટી જાય. પરંતુ મહારાજશ્રીની ઉપસ્થિતિમાં એવું કશું થયું નહિ. ઉત્સવ હેમખેમ પાર પડયો. એ પ્રસંગે પધારેલા જુદા જુદા સંઘના આગેવાનોએ એકત્ર થઇને મહારાજશ્રીને 'યુગપ્રધાન'નું બિરુદ આપ્યું હતું.

વિ. સં. ૧૯૯૪માં મહારાજશ્રી જોધપુર રાજ્યના તખતગઢ ગામમાં પધાર્યા હતા. તે વખતે સંઘના આગેવાનોએ પાસેના બિટિયા નામના ગામમાં બકરાઓનો વધ થાય છે તેની વાત કરી. એટલે મહારાજશ્રી તખતગઢથી બિટિયા પધાર્યા.

બિટિયામાં એક વીરનું સ્થાનક છે. ભોપાજી નામનો એક જબરો ભુવો તેનો પૂજારી હતો. સ્થાનકમાં દર વર્ષે ૫૦૦ બકરાઓનો બલિ તરીકે વધ કરવામાં આવતો હતો. બકરાનો વધ કરવાનું બધું કામ ભોપાજી કરતો હતો. આ જીવવધ બંધ કરાવવા માટે તખતગઢ, વોંકલી, ગૂઢાબાલોતરા વગેરે ગામના

અહિંસાપ્રેમી જૈનોએ ઘણા પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેમાં તેઓને જરા પણ સફળતા મળી નહોતી. આ વાત જાણીને મહારાજશ્રીએ જાતે ત્યાં જવાનું નક્કી કર્યું. તેમનું નામ દેવાંશી સંત તરીકે, ચમત્કારિક મહાત્મા તરીકે જાણીતું થઇ ગયું હતું. તેઓ નાનાં નાનાં ગામડાંઓમાં વિચરતા હોય તો ત્યાં પણ કેટલાયે રાજવીઓ અને યુરોપિયનો એમને વંદન કરવા આવતા. તેઓ બિટિયા પધારવાના છે એવી ખબર પડતાં ભોપાજીએ વિચાર્યું કે મહારાજશ્રી જરૂર મને વધ ન કરવાનો ઉપદેશ આપશે અને એમની સામે મારાથી કશું બોલાશે નહિ.' આથી ભોપાજી બિટિયા ગામ છોડીને નાસી ગયો.

મહારાજશ્રી જ્યારે બિટિયા પધાર્યા ત્યારે પૂજારી ભોપાજીની એમણે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે ભોપાજી તો ગામ છોડીને નાસી ગયો છે. હવે કોને ઉપદેશ આપવો? પણ શું એથી મહારાજશ્રીનો ફેરો નિષ્ફળ જશે?

મહારાજશ્રી તો પોતાના ભકતો સાથે વીરના સ્થાનકમાં ધ્યાન લગાવીને થોડીવાર બેસી ગયા. ત્યાર પછી તેઓ ત્યાંથી વિહાર કરી વોંકલી ગામે પધાર્યા.

ચારેક દિવસ પછી એક ચમત્કારિક ઘટના બની. મહારાજશ્રી વોંકલીમાં કેટલાક વિદેશી ભકતો સાથે ધર્મચર્ચા કરી રહ્યા હતા ત્યાં એક મેલઘેલો માણસ આવી પહોંચ્યો. એણે કહ્યું. 'બાબાજી પાય લાગું છું.' મહારાજશ્રીએ પૂછ્યું 'કોણ છે ભાઇ તું?'

આગંતુકે કહ્યું, 'બાબાજી હું ભોપાજી. મને માફ કરો. હું હવેથી જીવવધ નહિ કરું.'

મહારાજશ્રીએ એને પાસે બેસાડી પૂછ્યું તો ભોપાજીએ કહ્યું, 'આપ મને બાધા આપશો એ બીકે હું સ્થાનક છોડી ભાગી ગયો. પરંતુ રાતે સ્થાનકના વીર દાદાએ મને સ્વપ્નમાં દર્શન આપ્યાં. મને કહ્યું કે ભોપાજી, બાબાજીએ આપણા સ્થાનકને પોતાના ચરણકમળથી પવિત્ર બનાવ્યું છે. આપણું બિટિયા ગામ પણ પવિત્ર થયું છે. હવે બકરાનો વધ કરીને આ સ્થાનકને અપવિત્ર ન કરાય. માટે મારી આજ્ઞા છે કે હવેથી તારે અહીં વધ કરીને મને ધરાવવો નહિ. આમ વીરદાદાએ મને આજ્ઞા કરી. વળી સ્વપ્નમાં આપે પણ મને દર્શન આપ્યાં અને જીવવધ બંધ કરવા કહ્યું. એટલે હું એ માટે આપની પાસે પ્રતિજ્ઞા લેવા આવ્યો છું.

મહારાજશ્રીએ ભોપાજી પાસે હવેથી બકરાનો બલિ ન ધરાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવી. જાણે ચમત્કાર જેવી બનેલી આ ઘટનાથી ત્યાં બેઠેલા બધા આશ્ચર્યચકિત થઇ ગયા.

આ પ્રસંગે મહારાજશ્રીએ વોંકલી અને તખતગઢના સંઘના પ્રતિનિધિઓને બોલાવીને ભલામણ કરી કે વીરના સ્થાનકમાં કબૂતરોને રોજે રોજ દાણા નાખવાની વ્યવસ્થા કરવામાં આવે. તે પ્રમાણે કાયમની વ્યવસ્થા કરવામાં આવી.

સંવત ૧૯૯૪માં મહારાજશ્રી આબુમાં દેલવાડામાં બિરાજમાન હતા ત્યારે માંડોલીના આગેવાનો તેમની પાસે માંડોલી પધારવા માટે વિનંતી કરવા આવ્યા. માંડોલી એટલે દાદાગુરુ શ્રી ધર્મવિજયજીનું જન્મસ્થાન અને સ્વર્ગવાસનું સ્થાન. ત્યાં માંડોલીનાં સંઘના આગેવાનો દાદાગુરુની પ્રતિમા સ્થાપન કરવા ઇચ્છતા હતા. મહારાજશ્રી આબુમાં રોકાયેલા હોવા છતાં દાદાગુરુની પ્રતિમાની વાત આવી એટલે વિનંતીનો સ્વીકાર કરી માંડોલી પધાર્યા હતા. પ્રતિષ્ઠાનો કાર્યક્રમ મહારાજશ્રીની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાઇ ગયો અને ગામના સંઘમાં બે તડાં હતાં તેનું પણ મહારાજશ્રીએ સમાધાન કરાવી આપ્યું.

માંડોલીમાં કેટલોક સમય રહ્યા પછી મહારાજશ્રી વિહાર કરી શિયાણા ગામે ગયા. ત્યાંથી તેઓ પોતાના વતન મણાદર પધાર્યા. દીક્ષા લેતાં પહેલાં આઠ વર્ષની વયે મણાદરા ગામ છોડ્યું હતું તે પછી તેઓ સં. ૧૯૯૫માં પહેલી વાર ત્યાં પધાર્યા હતા. એટલે તેમનું સામૈયું કરવા આખું ગામ ઉમટ્યું હતું. તેમના પિતાજી હયાત નહોતા. પરંતુ માતા પુત્રનું મિલન થયું. તેમની માતાનો હર્ષ તો પુત્રરત્નને જોઇને માતો નહોતો. મહાજશ્રીએ પણ ધન્યતા અનુભવી. મણાદરમા મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો. જૈન-જૈનેતર એવા તમામ લોકોને જમણવાર માટે ખુલ્લુ નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

મણાદરથી મહારાજશ્રી ઉમેદપુર પધાર્યા. ત્યાં અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ પ્રતિમાજીની એમણે હસ્તે પ્રતિષ્ઠા કરાવવામાં આવી. સં. ૧૯૯૧ માં જ્યારે મહારાજશ્રીના હસ્તે આ પ્રતિમાજીની અંજનશલાકા બામણવાડામાં કરવામાં આવી હતી ત્યારે શ્યામ આરસનાં પ્રતિમાજી ઉપર થોડા સફેદ ડાઘ નીકળ્યા હતા. ત્યારે મહારાજશ્રીએ ભાખ્યું હતું કે પ્રતિષ્ઠા વખતે આ ડાઘ આપોઆપ નીકળી ગયા હશે. બરાબર એજ પ્રમાણે પ્રતિષ્ઠા વખતે બન્યું હતું.

ઉમેદપુરથી મહારાજશ્રી પાદરલી, તખતગઢ, વાંકલી, ખીવાણદી, પોમાવા શિવગંજ, બડ, કળાપરા, સુમેરપુર, નીલકંઠ ચુલી, અઠવારા, પોષાળીયા, ભેવ, પાલડી, બાગણ, શિરોહી, ગોહિલી, પાડીવ, ખાંભલ વગેરે ગામોનો વિહાર કર્યો હતો. દરેક સ્થળે મોટો ઉત્સવ થતો. સંઘમાં કુસંપ હોય તો તે મટી જતો. દારૂ, જુગાર વગેરે વ્યસનો છોડવા, તથા કન્યા વિક્રય બંધ કરવા માટે અનેક લોકોએ મહારાજશ્રી પાસે પ્રતિજ્ઞા લીધી હતી

મારવાડનાં જુદાં જુદાં ગામોમાં વિહાર કરી મહારાજશ્રી સં. ૧૯૯૬માં અણાદરા ગામે પધાર્યા હતા. વસંત પંચમીનો દિવસ આવી રહ્યો હતો. મહારાજશ્રીને ૫૦ વર્ષ પૂરા થતાં હતાં. ભકતોએ અણાદરામાં મહારાજશ્રીનો સુવર્ણ મહોત્સવ ઊજવવાનું ઠરાવ્યું. સમગ્ર ભારતમાંથી એમના ભકતો આવી પહોંચ્યા હતા. અણાદરામાં પૂજા-ભકિતનો ભવ્ય મહોત્સવ ઉજવાયો મહારાજશ્રીના એક ભકત કવિ કિંકરદાસે વિવિધ સ્વરચિત પદો આ પ્રસંગે બુલંદ કંઠે લલકાર્યાં હતાં.

ઉગ્ર તપશ્ચર્યાને કારણે મહારાજશ્રીનું શરીર પ્રમાણમાં વહેલું કથળ્યું હતું. સં. ૧૯૯૯માં તેઓ આબુ ઉપર બિરાજમાન હતા. તેમની તબિયત સારી રહેતી નહોતી. તેમની વય તો ૫૩ વર્ષની હતી, પરંતુ તેમને લાગ્યું હતું કે હવે પોતાનું આયુષ્ય પૂરું થશે. સામાન્ય રીતે એમની પાસે એમના ભકતોની અવરજવર ઘણી રહેતી, પરંતુ તેમણે પોતાના બધા ભકતોને જણાવી દીધું હતું કે 'હવે કોઇ મારી પાસે આવશો નહિ. મારી પાસે હવે સમય બહુ ઓછો છે. એટલા સમયમાં મારે આત્મ-સાધનામાં લીન રહેવું છે. તમે સૌ જ્યાં હો ત્યાં ૐ શાંતિનો જાપ કરજો.'

(વધુ પૃષ્ઠ નંબર ૨ ૫૨)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦ ૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૪

વર્ષ : ૧ * અંક ૭-૮ * તા. ૧૬-૭-૧૯૯૦...... Regd. No. MH. BY / South 54 * Licence No : 37

* * * શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * * *

# પ્રબુદ્ધ જીવન

* * પ્રબુદ્ધ જીવન માસિક ૧૯૩૯ થી ૧૯૮૯: ૫૦ વર્ષ * * વાર્ષિક લવાજમ રૂ. ૩૦ * *

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લોગસ્સ સૂત્ર

પ્રાચીન અને મધ્યકાલીન જૈન સાહિત્ય અત્યંત સમૃદ્ધ છે, જગતના જુદા જુદા ધર્મોના પ્રાચીન સાહિત્યમાં વિષયો, પ્રકારો, મૌલિક તત્ત્વચિંતન વગેરેની દ્રષ્ટિએ જૈન સાહિત્ય જેટલું સમૃદ્ધ ભાગ્યે જ અન્ય કોઈ સાહિત્ય જોવા મળશે. હજારો જૈન કૃતિઓ હજુ અપ્રકાશિત છે અને હસ્તપ્રતોમાં સચવાયેલી છે. ભિન્ન ભિન્ન જૈન જ્ઞાનભંડારોમાં સચવાયેલી કુલ વીસ લાખથી વધુ પ્રાચીન હસ્તપ્રતોનું અસ્તિત્વ એ સમગ્ર વિશ્વમાં ભાષા અને સાહિત્યની એક વિરલ અદ્વિતીય ઘટના છે.

જૈન સાહિત્ય ભગવાન મહાવીરસ્વામીના કાળથી, અઢી હજાર વર્ષ કરતાં વધુ સમયથી સર્જાતું આવ્યું છે. વિવિધ કક્ષા અને પ્રકારના જીવો માટે નિર્માયેલા વિવિધ પ્રકારના પુષ્કળ સાહિત્યમાંથી આરાધકો માટે મંત્રસાહિત્ય, સૂત્રસાહિત્ય અને સ્તોત્રસાહિત્ય મહત્ત્વનું મનાયું છે. મંત્રમાં નવકારમંત્રનો, સૂત્રમાં લોગસ્સ સૂત્રનો અને સ્તોત્રમાં ભક્તામર સ્તોત્રનો સવિશેષ મહિમા રહેલો છે. કોઈપણ ભેદભાવ વિના તમામ જૈનોને તે માન્ય છે અને વિશેષ પ્રચારમાં છે. લોગસ્સની મહત્તાએ છે કે તે સૂત્ર હોવા છતાં સ્તોત્ર જેટલો તે આનંદ આપે છે. કારણ કે એની પંક્તિઓ કવિતાની અને ભક્તિની ભરતીનો અનુભવ સાચા ભક્તને કરાવે એવી છે.

લોગસ્સ સૂત્રનો મૂળ પાઠ નીચે પ્રમાણે છે :

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥१॥
उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुविहिं च पुप्फदंतं, सीअल–सिज्जंस–वासुपुज्जं च ।
विमलमणं तं च जिणं, धम्मं संति च वंदामि ॥३॥
कुथुं अरं च मल्लिं. वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमि, पासं तह वध्दमाणं च ॥४॥
एवं मए अभिथुआ, विहुय–रय–मला पहीण–जर–मरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥
कित्तिय–वंदिय–महिया, जे लोगस्स उत्तमा सिध्दा ।
आरुग्ग बोहि–लाभं, समाहिवरमुत्तम दिंतु ॥६॥
चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पयासरा ।
सागरवरगंभीरा, सिध्दा सिध्दिं मम दिसंतु ॥७॥

લોગસ્સ સૂત્રનો શબ્દાનુવાદ નીચે પ્રમાણે છે :-

લોકને પ્રકાશનારા, ધર્મતીર્થ પ્રવર્તાવનારા, જિનેશ્વર એવા ચોવીસે અર્હત્ કેવળીઓનું હું કીર્તન કરીશ... ૧

શ્રી ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભને હું વંદન કરુ છું... ૨

શ્રી સુવિધિનાથ અપરનામ પુષ્પદંત, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ તથા શાંતિનાથને હું વંદન કરુ છું... ૩

શ્રી કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ તથા વર્ધમાન એટલે શ્રી મહાવીરસ્વામીને હું વંદન કરુ છું... ૪

એવી રીતે મારા વડે અભિમુખ ભાવે સ્તવાયેલા, કર્મરૂપી રજ અને મળનો નાશ કરનારા, જરા અને મરણથી મુક્ત થયેલા એવા ચોવીસ જિનેશ્વરો અને તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ... ૫

જેઓ જગતના ઉત્તમ સિદ્ધ પુરુષો તરીકે સ્તવાયેલા, વંદાયેલા અને પૂજાયેલા છે તેઓ મને આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિ આપો... ૬

જેઓ ચંદ્રો કરતાં વધુ નિર્મળ છે, સૂર્યો કરતાં વધુ પ્રકાશ કરનારા છે, શ્રેષ્ઠ સાગર કરતાં વધુ ગંભીર છે એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધગતિ આપો... ૭

લોગસ્સ સૂત્રનો પ્રત્યેક શબ્દ સપ્રયોજન અને અર્થગર્ભિત છે. તીર્થંકરોની આ સૂત્રમાં સ્તુતિ હોવાને કારણે તીર્થંકરોના ગુણલક્ષણરૂપ મહત્ત્વના શબ્દો એમાં ગૂંથી લીધા છે, જેમ કે (૧ ) લોગસ્સ ઉજજો અગર - ષડ્દ્રવ્યવ્યાત્મક ચૌદ રાજલોકના સંપૂર્ણ સ્વરૂપને પ્રકાશનારા અથવા પંચાસ્તિકાયરૂપી લોકનો કેવળજ્ઞાનરૂપી ભાવોદ્દ્યોત વડે પ્રકાશ કરવાના સ્વભાવવાળા (૨) ધમ્મતિત્થયર - ધર્મરૂપી તીર્થ પ્રવર્તાવી ભવસાગરમાં ડૂબતા જીવોને તારનારા, તથા સમવસરણમાં બિરાજમાન થઈ અતિશયયુક્ત વાણી દ્વારા અપૂર્વ દેશના આપી જીવોને સન્માર્ગે વાળનારા તથા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી શાસન પ્રવર્તાવનારા. (૩) જિન-રાગ અને દ્વેષને જીતનારા, ચાર ઘાતી કર્મોનો નાશ કરનારા (૪) અરિહંત-અરિ એટલે શત્રુ. ઈન્દ્રિયો, વિષયો, કષાયો, પરીષહો, ઉપસર્ગો ઈત્યાદિ રૂપ અરિ અથવા કર્મ રૂપી અરિને હણનારા તે અરિહંત. અરિહંત શબ્દ અર્હત શબ્દ ઉપરથી હોય તો વંદન, પૂજન, સત્કારને યોગ્ય, તથા સિદ્ધિગમનને જે યોગ્ય છે, જેઓ અષ્ટ મહાપ્રાતિહાર્યથી અને અતિશયોથી યુક્ત છે તે અરિહંત. (૫) કેવલી - જેમને કેવળજ્ઞાન **ઉત્પન્ન થયું** છે, જેઓ **કેવળજ્ઞાન** દ્વારા પંચાસ્તિકાયાત્મક સંપૂર્ણ લોકને પ્રકાશનારા છે. (૬) વિહુય-રય-મલા - રજ એટલે ધૂળ અને મલ એટલે મેલ. રજ અને મલ એટલે કર્મ રૂપી કચરો. એ

જેમણે ખંખેરી નાખ્યો છે, સાફ કરી નાખ્યો છે તે. રજ એટલે બંધાતું કર્મ અને મલ એટલે બંધાયેલું કર્મ અથવા રજ એટલે બંધાયેલું કર્મ અને મલ એટલે નિકાચિત કર્મ (૭) પહીણજરમરણા - જરા (વૃદ્ધાવસ્થા) અને મૃત્યુ જેમનાં નષ્ટ થઈ ગયાં છે, જેઓ સિદ્ધ થઈ ગયા છે, (૮) જિણવરા-જિનવરો (૯) તિત્થયરા - તીર્થંકરો (૧૦) લોગસ્સ ઉત્તમા-પ્રાણીલોક તથા સુર-અસુર લોકમાં જે ઉત્કૃષ્ટ છે. (૧૧) સિદ્ધા-સિદ્ધગતિને, શિવગતિને, મોક્ષગતિને પામેલા. (૧૨) ચંદેસુ નિમ્મલયરા- જેઓ અનેક ચંદ્રો કરતાં વધુ નિર્મળ છે (૧૩) આઈચ્ચેસુ અહયં પયાસયરા- જેઓ અનેક આદિત્યો એટલે કે સૂર્ય કરતાં વધુ પ્રકાશનારા છે (૧૪) સાગરવર ગંભીરા- જેઓ શ્રેષ્ઠતમ સાગર અર્થાત્ સ્વયંભૂરમણ સમુદ્ર જેવા અથવા તેથી વધુ ગંભીર છે (૧૫) સિદ્ધા- મોક્ષગતિને પામેલા.

આમ લોગસ્સસૂત્રમાં ચોવીસ તીર્થંકરોનાં નામ સૂત્રશૈલીએ અને મંત્રસ્વરૂપે વણી લેવા સાથે તીર્થંકર પરમાત્માઓ માટે વપરાતા વિવિધ શબ્દો પણ સરસ રીતે ગૂંથી લીધા છે. તે પ્રત્યેક શબ્દમાં ઘણો ઘણો અર્થવિસ્તાર કરવાની ક્ષમતા રહેલી છે.

લોગસ્સમાં તીર્થંકર માટેના શબ્દો ઉપરાંત કિત્તિય, વંદિય, મહિયા, અભિથુઆ અને પસીયંતુ, આરુગ્ગ, બોહિલાભં, સમાહિવર, સિદ્ધિ વગેરે શબ્દો પણ અર્થસૂચક રીતે યથાક્રમે પ્રયોજાયા છે. તે દરેકનો પણ ઠીક ઠીક અર્થવિસ્તાર થાય છે.

ચોવીસ તીર્થંકરોનું નામસ્મરણ, સ્તવન, ધ્યાન આટલું બધું કેમ મહત્ત્વનું મનાયું છે તે આ શબ્દોના અર્થ વિસ્તાર દ્વારા અનુપ્રેક્ષા કરીએ તો સહજ પ્રતીત થશે ! અલબત્ત, ચોવીસ તીર્થંકરોની, આર્હન્ત્યની ઉપાસના કરવાની પાત્રતા મળવી એ જ ઘણી દુર્લભ વાત છે.

લોગસ્સ સૂત્રની સાત ગાથાઓમાંથી પહેલી ગાથા મંગલાચરણની છે. તેમાં સૂત્રકાર પોતાની તીર્થંકરોની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા દર્શાવે છે. પછીની ત્રણ ગાથા ચોવીસ તીર્થંકરોના નામસંકીર્તનની, ભાવવંદનની ગાથાઓ છે. આ ગાથાઓ મંત્ર ગાથા તરીકે ઓળખાય છે. વંદન, પૂજન તથા પ્રાર્થના-યાચનાની છેલ્લી ત્રણ ગાથાઓ પ્રણિધાનની - અનુપ્રેક્ષાની ગાથાઓ છે.

લોગસ્સની પાંચમી ગાથામાં કહ્યું કે 'મેં આ રીતે પ્રભુ પ્રત્યે અભિમુખ થઈને, એકાગ્ર ચિત્તથી ચોવીસ જિનવરોની સ્તુતિ કરી છે. તેઓ મારા ઉપર પ્રસન્ન થાઓ !' લોગસ્સની છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે 'લોકોમાં ઉત્તમ પ્રકારો સિદ્ધ થયા છે તેઓનું મેં કીર્તન કર્યું છે, મન, વચન અને કાયાના યોગથી વંદન કર્યું છે, પૂજન કર્યું છે. તેઓ મને આરોગ્ય, બોધિલાભ અને સમાધિ આપો.

આરોગ્ય અને સમાધિ દ્રવ્યથી અને ભાવથી એમ ઉભય પ્રકારે છે અને દ્રવ્ય આરોગ્ય ભાવ આરોગ્ય માટે જ છે અને દ્રવ્ય સમાધિ ભાવ સમાધિ માટે જ છે. સાતમી ગાથામાં સિદ્ધિ પદ આપવા માટે પ્રાર્થના છે. આમ, લોગસ્સ સૂત્રમાં સ્પષ્ટ શબ્દોમાં તીર્થંકર પરમાત્મા પાસે યાચના કરવામાં આવી છે. કોઈ પ્રશ્ન કરે કે તીર્થંકર પરમાત્મા તો રાગદ્વેષથી રહિત છે. આ ચોવીસે તીર્થંકરો હવે તો સિદ્ધસ્વરૂપે છે. તેઓ કશું આપે નહિ અને તેઓ કશું લે પણ નહિ. તો પછી તેમની પાસે માગવાનો અર્થ શો ? તેનો ઉત્તર એ છે કે તીર્થંકરો કશું આપતા ન હોવા છતાં તેમના તીર્થંકરત્વમાં એટલું સામર્થ્ય છે કે એમની સાચી ભક્તિ કરનારા એવા અપૂર્વ ભાવોલ્લાસમાં આવી જાય છે અને એનાં કર્મોનો એવી રીતે ક્ષય થાય છે કે ઈષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. સ્તુતિ કરનાર મોક્ષપદની પ્રાપ્તિ અને તે માટેની સામગ્રી માગી લે છે. એટલે તેમાં કશું અનૌચિત્ય નથી. આવી માગણીથી નિયાણું બંધાય માટે તે ન બાંધવું જોઈએ એ અપેક્ષા પણ બરાબર નથી, કારણ કે મુમુક્ષુ આત્માઓએ તીર્થંકરની સ્તુતિ અને પ્રાર્થના આવશ્યક કર્તવ્ય તરીકે વારંવાર કરવી જોઈએ એમ શાસ્ત્રકારોએ પૂરા સ્પષ્ટીકરણ સાથે ફરમાવ્યું છે.

લોગસ્સ સૂત્ર આવશ્યક સૂત્રમાં આવે છે. આ સૂત્ર ગણધરરચિત મનાય છે. એમાં એ સૂત્રનું નામ એના કર્તાએ દર્શાવ્યું નથી. એથી પછીના સમયમાં એના વિષયને અનુરૂપ એવાં પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં પર્યાયવાચક નામો, ટીકા, ભાષ્ય, વિવરણ વગેરે પ્રકારના ગ્રંથોમાં પ્રયોજાયાં છે. લોગસ્સમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ આવતી હોવાથી ચઉવીસત્થય, ચઉવીસત્થવ, ચઉવીસઈત્થય અને ચતુર્વિંશતિસ્તવ નામો વપરાયાં છે. ચોવીસની સ્તુતિ એટલે કોની સ્તુતિ એવો પ્રશ્ન થાય. એટલે ચઉવીસ જિણત્થય અને ચતુર્વિંશતિજિનસ્તવ જેવાં નામો પણ વપરાયાં છે. આ ઉપરાંત નામસ્તવ, નામથય, નામજિણત્થય તથા ઉજ્જોઅ, ઉજ્જોઅગર, ઉજ્જોયગર જેવાં નામો પણ પ્રયોજાયા છે. આમ લોગસ્સ સૂત્ર માટે વિવિધ નામો પ્રયોજાયાં છે. તેમ છતાં 'લોગસ્સ'ના નામથી જ તે સૂત્ર વિશેષ પ્રચલિત રહ્યું છે.

કેટલાંક સૂત્રોનાં નામ એના વિષયને અનુરૂપ ગુણનિષ્પન્ન હોય છે. લોગસ્સમાં ૨૪ તીર્થંકરોનું ગુણોત્કીર્તન છે.

આ સૂત્રમાં પ્રથમ શબ્દ લોગસ્સ છે. એટલે પ્રથમ શબ્દ ઉપરથી આ સૂત્રને 'લોગસ્સ સૂત્ર' તરીકે ઓળખવામાં આવે છે. આ સૂત્રના વિષયને અનુરૂપ ચતુર્વિંશતિસ્તવ, ચઉવિસત્થો, નામસ્તવ ઈત્યાદિ નામો હોવા છતાં તે 'લોગસ્સ'ના નામથી વિશેષ પ્રચલિત છે. સૂત્ર, કવિતા, ગ્રંથ ઈત્યાદિનાં નામ તેના વિષય પ્રમાણે, તેના ગુણલક્ષણ પ્રમાણે આપવાનો રિવાજ છે, પરંતુ એક જ વિષય ઉપર ઘણી બધી કૃતિઓ હોય ત્યારે તે ઉપરથી અપાયેલાં નામો એક સરખાં થઈ જવાનો અને તેથી તેમાં ગોટાળો થવાનો સંભવ રહે છે. પરંતુ કૃતિને તેના પ્રથમ શબ્દથી જો ઓળખવામાં આવે તો એક જ વિષય ઉપર ઘણી બધી કૃતિઓ હોવા છતાં તેમાં ગોટાળો થવાનો સંભવ રહેતો નથી. આથી જ પ્રાચીન કાળથી, વિશેષત: જૈન પરંપરામાં અનેક કૃતિઓ તેના આદ્ય શબ્દ ઉપરથી ઓળખાય છે. બાળજીવોને પણ પ્રથમ શબ્દ ઉપરથી કૃતિને ઓળખવાનું અને યાદ રાખવાનું વધુ ગમે છે. ઈરિયાવહી, નમુત્થુણં, અન્નત્થ, નમિઊણ, ભક્તામર, કલ્યાણમંદિર, સકલાર્હત વગેરે કૃતિઓની જેમ લોગસ્સ સૂત્ર પણ એના પ્રથમ શબ્દ ઉપરથી ઓળખાય છે.

લોગસ્સ સૂત્ર ૪૫ આગમોમાં, ચાર મૂલ આગમોમાંના એક આગમ સૂત્ર તે આવશ્યક સૂત્ર- (આવસ્સયસુત્ત)માં જોવા મળે છે. પ્રત્યેક જૈને રોજે રોજ અવશ્ય કરવાનાં એવાં છ કર્તવ્યો એમાં બતાવ્યાં છે. (૧) સામાયિક (૨) ચઉવિસત્થો (૩) ગુરુવંદન (૪) પ્રતિક્રમણ (૫) કાઉસગ્ગ અને (૬) પચ્ચક્ખાણ.

આ છ આવશ્યક કર્તવ્ય 'આવશ્યક'ના ટૂંકા નામથી જ પ્રચલિત છે. એમાં બીજું કર્તવ્ય તે ચઉવિસત્થો છે. ચઉવિસત્થો એટલે ચતુર્વિંશતિસ્તવ અર્થાત્ ચોવીસ તીર્થંકરોની સ્તુતિ. ભગવાન મહાવીરસ્વામીના ગણધર ભગવંતોએ રચેલા લોગસ્સ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ છે. સાત ગાથાની આ રચનાના પઠન-પાઠન ઉપરાંત આધ્યાત્મિક અનુભૂતિની દૃષ્ટિએ અર્થઘટન કરી પોતપોતાની અનુભૂતિના આધારે તેના ઉપર પ્રકાશ પાડવાનું ઉપકારી કાર્ય સમયે સમયે મહાત્માઓએ કર્યું છે.

(વધુ પૃષ્ઠ ૧૮ ઉપર)

# સાચા સુખનું સ્વરૂપ - દર્શન

❑ પૂ. પં. શ્રી પૂર્ણચન્દ્રવિજયજી ગણિ

ભૌતિક - દુનિયામાં પણ કેટલીક ચીજો એવી વિશિષ્ટતા - વિરાટતા ધરાવતી જોવા મળતી હોય છે કે, એની ઓળખાણ આપવા માટે એના જેવી સમાનતા ધરાવતી બીજી કોઈ ચીજ શોધવા છતાં ન મળતાં અંતે કહેવું જ પડે છે કે, ભાઈ ! એ ચીજ તો અનુપમ છે ! એની જોડ જગતમાં જડવી અશક્ય છે. આકાશની ઓળખાણ આપવા, મહાસાગરની અગાધતા વર્ણવતાં કે મહાપુરુષોની મહત્તાનું ચિત્ર દોરતાં, આ ન્યાયનો આશરો લીધો વિના ચાલતું જ નથી. એથી આ બધાની ઓળખાણ કરાવતાં કહેવું જ પડે છે કે, આકાશ તો આકાશ જેવું છે, મહાસાગરને મહાસાગર વિના કોઈની સાથેય ન સરખાવાય અને મહાપુરુષોની મહાનતાનું પ્રતિબિંબ મહાપુરુષો જ ઝીલી શકે.

આધ્યાત્મિક - દુનિયામાં પણ આકાશ કે સાગર કરતાંય કઈ ગણી વિશિષ્ટતા, વિરાટતા ધરાવતી કેટલીય ચીજો અસ્તિત્વ ધરાવે છે. આવી ચીજોમાંની જ એક ચીજ છે: મોક્ષસુખ ! આ સુખની સંપૂર્ણ અનુભૂતિ પામવી, એ તો જીવના શિવસ્વરૂપને સંપૂર્ણ ઉદ્ઘાટિત કર્યા વિના શક્ય જ નથી. છતાં આ સુખની આંશિક પણ ઓળખાણ આપણને કરાવવાના મહાપુરુષોના મનોરથ હોય છે. જેથી આભાસિક સુખમાં, માત્ર દુઃખના અભાવ સ્વરૂપ સુખમાં સાચા સુખનું દર્શન મેળવવા ટેવાયેલી આપણી આંખ કંઈક ઊઘડે. આવા જ એક શુભાશયથી મોક્ષ-સુખની થોડીય સમાનતા ધરાવતાં કોઈ સુખની કલ્પના-શોધ એ મહાપુરુષો આરંભે છે, પણ જ્યારે સમગ્ર સૃષ્ટિમા મોક્ષસુખ સાથે થોડીઘણીય સમાનતા ધરાવતું સુખ એમના હાથમાં આવતું જ નથી ત્યારે તેઓ મોક્ષ-સુખને વર્ણવતાં કહે છે કે : મોક્ષનું સુખ જ અનુપમ છે.

મોક્ષ-સુખની આવી અનુપમતાનું પ્રતિપાદન સંસારીના મનમાં અનેક જાતની આશંકાઓ પેદા કરી જાય, એ સહજ છે. કારણ સંસારના રસિયાઓ સુખનું સાચું અને સ્વતંત્ર સ્વરૂપ જ સમજ્યા નથી, એથી દુઃખના અભાવની પરિસ્થિતિને જ તેઓ સુખના નામે નવાજવાની ભૂલનો ભોગ બની બેઠા છે, એથી જ્યાં ખાવા - પીવા કે ઓઢવા - પહેરવાનું ન હોય, એવા મોક્ષમાં સુખનું અસ્તિત્વ જ તેઓ વિચારી શકતા નથી. મહારોગી માણસ જેમ દવા વિના અસ્વસ્થતાને દૂર કરવાની કલ્પનાય કરી શકતો નથી, એવી આ દશા છે. આ વાતને જરા વિસ્તારથી સમજીએ :

એક માણસ સંપૂર્ણ આરોગ્યવાળો છે, એને સ્વસ્થ રહેવા કોઈ જ દવા લેવાની જરૂર પડતી નથી. બીજો એક માણસ ગળથૂથીમાંથી જ દવા-પાન કરતો આવ્યો છે. થોડી પણ અસ્વસ્થતાને એ દવા વિના દૂર કરી શકતો નથી. આ બે માણસોમાં સાચી સ્વસ્થતાના માલિક કોને ગણી શકાય ? કહેવું જ પડે કે, સંપૂર્ણ આરોગ્યવાળો જ સાચો સ્વસ્થ ગણાય. કેમકે એનામાં અસ્વસ્થતા નથી, એથી અસ્વસ્થતા દૂર કરવા એને દવાની જરૂર જ પડતી નથી. દવાથી જેની અસ્વસ્થતા દૂર થાય છે, એ સાચો સ્વસ્થ ગણાય જ નહિ, કેમકે દવાના યોગે એ સ્વસ્થતા તરીકે કોઈ સ્વતંત્ર ચીજ પામી શકતો નથી, દવા માત્ર એની અસ્વસ્થતા દૂર કરવાનું જ કામ કરે છે. હવે આવો રોગી કહે કે, દવા વિના વળી સ્વસ્થતા આ દુનિયામાં કોઈ દહાડો જોઈ છે ખરી ? મોક્ષમાં ખાવાપીવાનું ન હોવાથી સુખની અસંભવિતતાને દાવો કરતો સંસારી બરાબર આ રોગી જેવો જ પાગલ છે. ખાવા-પીવા આદિ સામગ્રીના યોગે એની ભૂખ - તરસ દૂર થતાં આ માત્ર એ પીડાનો અભાવ જ પામે છે, છતાં એને સુખનું નામ આપી દેવાની ભૂલ કરીને એ પોતાનો મહારોગ જ છતો કરે છે. સંસારના સુખની આભાસિકતાએ તો આપણને એવા પાગલ બનાવી દીધા છે કે, કહેવાતું થોડું સુખ પામવા આપણે ઘણા ઘણા દુઃખને ઈચ્છીએ છીએ અને દુઃખ પામવા ઘણીવાર પાણીની જેમ પૈસા વહાવી દઈએ છીએ. ખાવાપીવાથી માત્ર ભૂખ - તરસનું દુઃખ જ દૂર થાય છે, પણ આપણે આ દુઃખના અભાવને સુખનું નામ આપવા ઉપરાંત આવું સુખ પામવા ભૂખ-તરસ ન લાગતી હોય, તો ડૉક્ટર પાસે આ ભૂખ-તરસનું દુઃખ ઊભું કરવા પૈસા ખરચતાંય સંકોચ નથી અનુભવતા. કેવો અને કેટલો બધો આપણો રોગ વકરી ગયો છે ! એ એક જ દષ્ટાન્ત પરથી કલ્પી શકાય એવું છે. સ્વરૂપે સ્વતંત્ર અને ભોગે રોગ પેદા ન કરનારું સુખ જ સાચું ગણાય. આવું સુખ તો મોક્ષસુખ હોવાનું, એથી ભૌતિક-સૃષ્ટિમાં એની ઉપમા ન જડતાં જ એ અનુપમ ગણાય, એમાં આશ્ચર્ય શું ? ❑

# ગરીબી આશીર્વાદ છે

❑ 'સત્સંગી'

થોડા અપવાદો બાદ કરતાં, જ્યાં જુઓ ત્યાં 'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ'નું સામ્રાજ્ય પ્રવર્તે છે; સામાન્ય પટાવાળો પણ લૉટરીની ટિકિટ ખરીદીને ધનવાન બનવાનું ગુલાબી સ્વપ્ન સેવે છે; જેમ ખેડૂત વાવણી વખતે વરસાદ માટે આકાશ તરફ મીટ માંડે તેમ નાનામોટા કર્મચારીઓ પૈસા માટે પોતાના સિવાય અન્ય સૌ કોઈ માટે અદશ્ય એવાં સ્થળ તરફ મીટ માંડીને કામ કર્યે જતા હોય છે; રાજકારણીઓ મત મેળવવા માટે 'કોઈ ગરીબ નહિ રહે' એવું સૂત્ર ખાતરીભર્યાં વચન સાથે આપતા રહે છે; સરસ્વતીના ઉપાસકો શેરબજારમાં રસ ધરાવે છે; છોકરાછોકરીઓનાં વેવિશાળ નાણાંની ભૂમિકા પર થાય છે; જીવનધોરણ અને એકંદર રહેણીકરણી ઠીક ઠીક આવકમાં પણ ચિંતિત બનાવે એવાં બનતાં રહ્યાં છે, ત્યારે ગરીબીને આશીર્વાદ ગણવાનું કહેનાર મૂર્ખ કે જડ લાગે અથવા તો જીવનમાં નાસીપાસ થયેલો લાગે અને તેમ ન હોય તો સંન્યાસી લાગે કે શ્રીમંતોનો આશ્રિત લાગે. હું તો ગૃહસ્થ, પણ તેમ છતાં જે ઈલકાબ આપવામાં આવે તે સ્વીકારવાની તૈયારી સાથે ગરીબીને આશીર્વાદ ગણવાની હિમાયત કરું છું.

પેલો મજૂર ઘીનો ગાડવો માથા પર ઉપાડીને જાય છે. 'મને આટલા પૈસા મળશે અને પછી આમ થશે, પછી તેમ થશે ... મારો દીકરો ઘીની દુકાને મને બોલાવવા આવશે અને હું જમવા જવાની ના પાડીશ...' ત્યાં તો તેનાથી ખરેખર ડોકું ધુણાવાઈ જાય છે અને ગાડવો

નીચે પડીને ફૂટી જાય છે. પૈસાના કાલ્પનિક વિચારોથી મજૂરે મજૂરી પણ ખોઈ. પૈસાના કેવળ આકર્ષણથી આવા શેખચલ્લી બની જવાય છે!

રોજબરોજના જીવનમાં જે મિત્ર અવારનવાર જમાડે, હોટેલમાં લઈ જાય, સારી ભેટો આપે તે પ્રિય મિત્ર ગણાય. માબાપ સંતાનોને મનગમતાં વસ્ત્રો, આધુનિક સગવડો અને ખિસ્સાખર્ચ માટે સારી રકમ આપે તો તેઓ પ્રેમાળ માબાપ ગણાય. રક્ષાબંધનને દિવસે બહેન ભાઈને રાખડી બાંધે અને બદલામાં ભાઈ બહેનને સારી રકમ ભેટ તરીકે આપે તો વીર મીઠો લાગે. પત્ની પણ પિયરથી અવારનવાર વગર કહ્યે કંઈ લાવ્યા કરે તો પત્ની પ્રિય લાગે. તેવી જ રીતે કેટલાક કિસ્સાઓમાં પતિ પત્નીને અવારનવાર ભેટો ન આપે તો તે પતિ પ્રેમાળ ન ગણાય. પુત્ર પોતાની કમાણીમાંથી કંઈક આપતો રહે તો તે પિતૃભકત ગણાય અને આપવા સમર્થ ન હોય તેવા પુત્ર સાથે પિતાને વાત કરવી પણ ખાસ ન ગમે. લોહીના સંબંધોની યોગ્યતા પણ પૈસાથી નકકી થાય છે તો પછી અન્ય માનવીય સંબંધોની તો વાત જ શી ? આવા અતંદુરસ્ત માનસનું નિમિત્ત પૈસો બને છે.

જૂની કહેવત 'જર, જમીન અને જોરુ એ ત્રણે કજિયાનાં છોરું' આજે પણ એટલી જ સાચી છે. જમીનના નાના ટુકડા માટે બે સગા ભાઈઓ અદાલતમાં જતા હોય છે, પુત્ર પણ પિતા સામે કેસ માંડતો હોય છે. કલહ અને કુસંપનું નિમિત્ત પૈસો બને છે. વાસ્તવમાં પ્રેમ-ભાવને પૈસા સાથે સંબંધ નથી; પ્રેમ કે ભાવને પૈસા પર જ આધારિત બનાવવામાં આવે તો તેને વ્યાપાર કહેવાય, પણ પ્રેમ કે ભાવ તો નહિ જ કહેવાય. શરતી પ્રેમ અલ્પજીવી છે, જ્યારે હૃદયનો પ્રેમ શાશ્વત છે. પૈસો શરતી પ્રેમ અને કલહનું વાતાવરણ સર્જે છે; પરિણામે, પ્રેમ, હેત, સ્નેહ, ત્યાગ, સેવા, નિ:સ્વાર્થવૃત્તિ જેવા અમૂલ્ય સદ્દગુણોનો અર્થ સમજવો પણ વિકટ બને છે. જે માણસ પાસે પૈસો હોય તે સમગ્ર જીવનવ્યવહારનું મૂલ્ય પૈસાની પરિભાષામાં આંકતો થઈ જાય; પરિણામે, તેના માનસિક જીવનમાં જે ભાવની દુનિયા કહેવાય તે શૂન્યવત્ બને તો નવાઈ નહિ. પૈસાનો આ એવો અનર્થ છે કે માણસનું 'માનવપણું' તેને ખબર ન પડે એ રીતે છીનવાઈ જાય છે.

ખ્રિસ્તી ધર્મમાં એવી માન્યતા છે કે ઊંટ કદાચ સો નાકામાંથી પસાર થઈ શકે, પણ ધનવાનને સ્વર્ગમાં પ્રવેશ મળી શકે નહિ. અફસોસની વાત તો એ છે કે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ જ પૈસાને સર્વસ્વ ગણીને જીવી રહ્યા છે. અલબત્ત ભારતીય વિચારસરણીમાં પૈસાનો આવો નિષેધ નથી; લક્ષ્મીપૂજન આવકારપાત્ર ગણાયું છે. પરંતુ તેમાં પૈસાના સદુપયોગ માટેની સ્પષ્ટ હિમાયત છે. લોકોની સુખાકારીથી માંડીને તેઓ ધર્મને રસ્તે, અધ્યાત્મને રસ્તે વળે ત્યાં સુધીની સઘળી બાબતો માટે પૈસાની પ્રાપ્તિ આવશ્યક અને અનિવાર્ય ગણવામાં આવી છે. ભારતની આ વિચારસરણીની સ્મૃતિ થાય ત્યારે વર્તમાન ભારતમાં સાપ ગયા અને લિસોટા રહ્યા જેવી સ્થિતિ છે. ધૃતરાષ્ટ્રને તેના જ્યેષ્ઠ પુત્ર દુર્યોધન પ્રત્યે જેવો મોહ હતો તેવો મોહ વર્તમાન જગતના માનવીને પૈસા પ્રત્યે છે. પરિણામે, આજના માનવીને ધર્મ કે અધ્યાત્મનું ક્ષેત્ર નીરસ લાગે છે. આમ પૈસો સાચા સુખનો અવરોધક બને છે જે ઘણો મોટો અનર્થ છે.

ગરીબી આશીર્વાદ છે એ બતાવતાં પહેલાં ગરીબીનો સ્પષ્ટ ખ્યાલ નજર સમક્ષ રાખવો યોગ્ય બનશે. જે લોકોને પોતાની આવકમાંથી પાયાની જીવનજરૂરો પ્રાપ્ત કરવા માટે થોડી તકલીફ પડે તેઓ ગરીબના વર્ગના ગણાય. જીવનજરૂરો એટલે યોગ્ય પોષણ મળે તેવો સાદો ખોરાક, રહેઠાણ માટે સાદું મકાન પછી ભલે તે ભાડે લીધેલું હોય. સમાજ અને સમયને અનુરૂપ વસ્ત્રો, જરૂરી દવા, બાળકો માટે ઓછામાં ઓછો પી.ટી.સી. અથવા તેની સમકક્ષ અભ્યાસ અથવા કોઈ ઉદ્યોગનું કૌશલ્ય. આવા લોકો પોતાની નબળી આર્થિક સ્થિતિ પ્રામાણિક પુરુષાર્થથી સુધારવા અવશ્ય સ્વતંત્ર હોય જ. આવા વર્ગનો કોઈ સામાન્ય ખેડૂત હોય. વહેલી સવારથી તેણે પોતાના વાડી-ખેતરમાં પસીનો પાડ્યો હોય અને તેની પત્નીએ પણ સાથ આપ્યો હોય. મધ્યાહ્ન સમયે આ ખેડૂત પોતાનાં પત્ની અને બાળકો સાથે જે સાદા ભોજનનો આનંદ માણે તેની ઈર્ષા ધનવાનો અને મોટા અમલદારોને પણ થાય.

સામાન્ય રીતે આવો સામાન્ય માણસ દારૂની લતે ન ચડે, તેમ જુગારને રવાડે પણ ન ચડે. મહાત્મા તોલ્સતોયે તેમની એક ટૂંકી વાર્તા 'Imp - એક નઠારો પ્રેતાત્મા'માં લખ્યું છે કે જ્યાં સુધી માણસ ગરીબ હોય છે ત્યાં સુધી તેનામાં રહેલું પ્રાણીનું લોહી કાબૂમાં રહે છે, પણ નાણાં આવતાં પ્રાણીનું લોહી ઉપર આવે છે અને તે શેતાનનો અનુયાયી બને છે. ગુજરાતમાં તો નશાબંધી છે, પરંતુ પૈસા હોય તો માણસ દારૂ પીવા માટે મુંબઈની સફર કરે એમાં અતિશયોક્તિ નથી. ગરીબ માણસના જીવનમાં જે સુખશાંતિ હોય છે તે અમીરોના જીવનમાં મોટે ભાગે ન જ હોય.

ગરીબીને લીધે માણસ પોતાના જીવનમાં પ્રગતિ સાધી શકતો નથી એવી મોટી બૂમ નાણાંની તંગી ભોગવતા લોકોની છે. અબ્રાહમ લિંકનની ગરીબીનું વર્ણન આજના વિદ્યાર્થીને કાલ્પનિક લાગે. લિંકનને તેમના વિદ્યાર્થીજીવનમાં એક પુસ્તક વાંચવું હતું, પરંતુ તે પુસ્તક ઉછીનું લેવા માટે તેઓ વીસ માઈલ ચાલીને ગયા. બીજી વાર તેમણે તેમના પડોશી પાસેથી જ્યોર્જ વૉશિંગ્ટનનું જીવનચરિત્ર ઉછીનું લીધું, પરંતુ વરસાદ પડતાં, તેમના ઘરના છાપરામાંથી ચૂઆક થતો હતો તેથી પુસ્તક સાવ ખરાબ થઈ ગયું. તેમના પડોશીએ કહી દીધું, "તું જો મારા ફાર્મ પર કામ કર તો પછી એ પુસ્તક તારું". લિંકનને ફાર્મ પર થોડા દિવસ સુધી સખત પરિશ્રમભર્યું કામ કરવું પડ્યું છતાં તેમણે પુસ્તક પોતાનું બન્યું હોવાનો આનંદ અનુભવ્યો. આ માણસ અમેરિકાનો પ્રમુખ બન્યો એટલું જ નહિ પરંતુ ગુલામીની પાશવી પ્રથા નાબૂદ કરનાર પ્રમુખ તરીકે જગતના ઈતિહાસમાં અમર બન્યો.

લાલ બહાદુર શાસ્ત્રી તદ્દન ગરીબીમાં ઊછર્યા, પરંતુ આજે પણ લોકો તેમને સાદર યાદ કરે એવા ભારતના વડા પ્રધાન થઈ ગયા. ગુજરાતના ભકતકવિ નરસિંહ મહેતાના દારિદ્રયથી ક્યો ગુજરાતી અજાણ હશે ? તેઓ પરમ ભક્ત તો થયા, પરંતુ તેમણે જે પદો રચ્યાં છે તેવાં પદો ઘડીભર વાતાનુકૂલિત મકાનમાં રહેતા કોઈ આજના કવિએ રચ્યાં હોય એવું કોઈએ સાંભળ્યું ? એમ સાંભળ્યું છે કે કવિ બોટાદકર તેમના નબળા સંજોગોને લીધે, થીગડાંવાળાં ધોતિયાં પહેરતા, પરંતુ તેમણે જે 'મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી મોરી માતરે, જનની જોડ સખી નહિ જડે રે લોલ' લોકજીભે રમતું માતૃપ્રેમનું કેટલું હૃદયસ્પર્શી ગેયકાવ્ય રચ્યું છે ! બાહ્ય સુખસગવડો પ્રાપ્ત થાય તો લિંકન, નરસિંહ મહેતા કે બોટાદકર બનાય એવું સમીકરણ ભ્રામક છે. વાસ્તવમાં, ગરીબીનું જોરદાર બહાનું માણસને મળે છે એ સાચું.

ગરીબી દુર્ગુણોની જનની છે એવી દલીલ કેટલીક વખત તો જોરદાર રીતે કરવામાં આવે છે. ગરીબ લોકો જૂઠાબોલા, અપ્રામાણિક, સારા સંસ્કાર વિનાના અને ગુનો કરતાં અચકાય નહિ તેવા એમ

કહેવામાં આવે છે. ખરી રીતે જોતાં, ધનવાનોને પૈસાના બળથી જૂઠું બોલવાનો, અપ્રામાણિક બનવાનો અને ગુનો કરવાનો પરવાનો મળી જાય છે. તેમ કરવાનું ગરીબ લોકો તેમની આગળથી શીખે છે એ કડવું સત્ય અવગણી શકાય નહિ. આજે રશિયા સમેત સમગ્ર વિશ્વમાં લાંચ-રુશવતનો ભ્રષ્ટાચાર પ્રવર્તે છે. માત્ર ગરીબ લોકો જ લાંચ લે છે ? સીધો અને સરળ દાખલો આપી શકાય તેમ છે. પટાવાળો, હેડકલાર્ક અને મોટા અમલદાર આ ત્રણેયમાંથી કોણ વધારે લાંચ લે એ સામાન્ય માણસ પણ સમજી શકે એવું વર્તમાન જગતનું ચિત્ર છે. પાંચ- પચીસ રૂપિયાની બાબતમાં કયારેય ચોરી ન કરી હોય તેવા ચુસ્ત પ્રામાણિક માણસો પાંચ-દસ લાખ રૂપિયાની અચાનક પ્રાપ્તિ થવાની સંભાવના થાય તો બ્હાવરા બની જઈ તેવી ચોરી કે લાંચ સ્વીકારી લેવા લલચાય છે. જિંદગીનો સરવાળો તેઓ મૂકી જુએ છે, અને અપ્રામાણિકતાનું પલ્લું નીચે નમતાં તેઓ તેનાથી દોરવાઈ જાય છે.

જેલની મુલાકાત લેવામાં આવે તો ગરીબ વર્ગમાંથી આવેલા કેદીઓની સંખ્યા મોટી જોવા મળે. ધનવાનો ગુનારહિત જીવન જીવતા હોય એવું ચિત્ર ઊપસે. તો પછી, પૈસાના બળથી પ્રકરણ ભીનું સંકેલાઈ જાય કે અદાલતમાં નિર્દોષ જાહેર થાય એ શું માત્ર ફિલ્મોમાં જ બતાવવાની બાબત છે ? એવી કોઈ વાસ્તવિકતા ન જ હોય તો કલ્પનાજગતમાં તે આવી શકે જ નહિ. તેથી કહેવું પડે છે કે અમીરી ગુના અને દુર્ગુણોની ફળદ્રુપ જનની છે; જ્યારે ગરીબ લોકો એકંદરે ધર્મનો ડર રાખતા હોય છે. તેમ છતાં, જેમને અમીરી, ગરીબી, ગુનો, જેલ વગેરે અંગે પારદર્શક ખ્યાલ મેળવવો હોય તેમને તોલ્સતોયની હૃદયસ્પર્શી નવલકથા 'Resurrection - રેઝરેકશન - પુનર્જીવન' વાંચવા નમ્ર વિનંતિ છે.

એવી દલીલ પણ કરવામાં આવે કે પૈસો પોતે ખરાબ નથી; પૈસાનો સદુપયોગ કે દુરુપયોગ કરવો તે માણસ પર આધાર રાખે છે. મારો નમ્ર જવાબ એ છે કે ગરીબી પોતે ખરાબ નથી, પણ ગરીબી તરફ કેવી દષ્ટિ રાખવામાં આવે છે તે ગરીબીની યોગ્યાયોગ્યતા નક્કી કરે છે. દુનિયા તરફ જોતાં એમ લાગે છે કે માણસ પાસે વધુ પડતો પૈસો હોય તો તે નાના બાળકના હાથમાં ખુલ્લું ચપ્પુ હોવા બરાબર છે. નાનું બાળક ચપ્પુથી પોતાને લગાડી દેવાનું એ નિ:સંદેહ બાબત છે. વિશ્વમાં અઢળક નાણું છે, પરંતુ દુર્ભાગ્યની વાત છે કે મોટા ભાગનું નાણું અત્યંત મોંઘાં શસ્ત્રો પાછળ વપરાય છે; જ્યારે તેની સરખામણીએ પરહિતવાદની દષ્ટિએ અલ્પ નાણું વપરાતું હશે. તેવી જ રીતે શ્રીમંતો પોતાનાં સુખસગવડો, મોજશોખો, વિલાસ વગેરે પાછળ પુષ્કળ પૈસા વાપરે છે; જ્યારે તેની સરખામણીએ, થોડા અપવાદો સિવાય, પરહિતવાદની દષ્ટિએ અલ્પ પ્રમાણમાં પૈસા વાપરતા હોય છે. ખરેખર તો તેઓ પોતાનું હિત વીસરી જતા હોય છે, તેથી પોતાના હિત માટે પણ તેઓ પૈસા વાપરી શકતા નથી. પૈસાનો સદુપયોગ વિરલ હોય છે, તેથી ગરીબીમાં પૈસાના દુરુપયોગથી ફરજિયાત રીતે પણ બચી જવાય છે એ ગરીબ લોકોનું પરમ સદ્‌ભાગ્ય છે

સામાન્ય રીતે પ્રેમ-ભાવ, સાદાઈ, કરકસર, સંતોષ, સહનશક્તિ, શારીરિક શ્રમ, માનવતા, ધર્મ પ્રત્યે અભિમુખતા વગેરે સુંદર ગુણોને જન્મ આપનારી અને પોષનારી ગરીબી છે. પછી ભલે 'દ્રાક્ષ ખાટી છે' એવો સંતોષ હોય તો પણ તેવો સંતોષ ધનવાનોના અસંતોષ કરતાં ઘણો સારો છે. અંગ્રેજીમાં એક કહેવત છે, 'Necessity is the mother of invention - શોધખોળની જનની આવશ્યકતા છે.' ગરીબ લોકો હંમેશાં તંગીમાં જ રહેતા હોય છે, તેથી તેઓ પોતાનો જીવનવ્યવહાર તંગીરહિત ચલાવવા માટે તેમનું ભેજું વાપરતા જ હોય છે. પરિણામે, તેઓ દુનિયાને કંઈક આપી શકે તેવું શોધી શકતા હોય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પરમ તપસ્વી સાધુ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીની વાતોમાંની એક વાત આ પ્રમાણે છે:-

"મહારાજ આજ્ઞા કરે જે 'તમારી નજરમાં આવે ત્યાં અવતાર ધરીને જીવોનાં કલ્યાણ કરી આવો' ત્યારે જે ગરીબ બ્રાહ્મણ હોય ને માગીને પેટ ભરતો હોય ને કન્યા પણ ન મળતી હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય તેને ઘેર દેહ ધરવો કે તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય અને જો ભારે ધનાઢ્ય ગૃહસ્થને ઘેર જન્મ ધરે તો નાનો હોય ત્યાંથી એવા માર્ગમાં ચડાવી દે જે માન, મોટપ, સ્ત્રી, ધન અને લોકની આબરૂ તથા પોતાના સંબંધી તેમાં સ્નેહ થાય. પછી તે મૂકીને નીકળાય નહિ. તે માટે દેહ ધરવો પડે તો એમ સમજી વિચારી તપાસ કરીને દેહ ધરવો એ વાત અવશ્ય સમજવાની છે."

અહીં ગરીબી અને અમીરીનો ભેદ સ્પષ્ટ અને સચોટ રીતે આપ્યો છે. માટે ગરીબ હોવું એ ગુનો નહિ, પણ આશીર્વાદરૂપ છે. ❑

# પિતાનો વારસો

❑ ચી. ના. પટેલ

આપણા જીવનમાં ક્યારેક એવો પ્રસંગ બને છે કે તે જીવનની દિશા બદલી નાખે છે. મારા જીવનમાં એવા કેટલાક પ્રસંગ બન્યા છે. સૌથી પહેલો મારી નવેક વર્ષની ઉંમરે બન્યો. ગાંધીજીને એમના પિતાએ આપેલી ક્ષમામાંથી અહિંસાનો પદાર્થપાઠ કેવી રીતે મળ્યો તે તેમણે એમની 'આત્મકથા'માં વર્ણવ્યું છે. એમને એ પદાર્થપાઠ ન મળ્યો હોત અને પિતાએ એમને શિક્ષા કરી હોત તો એમનું જીવન કેવી દિશા લેત તે કહેવું મુશ્કેલ છે. પણ એ ચોકકસ છે કે તેઓ 'મહાત્મા' ન બન્યા હોત. મને પણ નવ વર્ષની ઉંમરે ગાંધીજીના જેવો પિતાની ક્ષમાનો અનુભવ થયો, અને તે ન થયો હોત તો મારા જીવને અવળી દિશા લીધી હોત તે વિશે મને લેશમાત્ર શંકા નથી. તે પ્રસંગ આમ બન્યો.

મારું નવમું વર્ષ પૂરું થવા આવ્યું તે અરસામાં મારી બા મૃત્યુ પામી. તે પછીના વર્ષે મને, જાણે મારું મન બાની ખોટ પૂરવા મથતું હોય તેમ, બે છંદ લાગ્યા: એક, મારી ઉંમરના બીજા છોકરાઓ સાથે હારજીતની રમતોમાં લખોટીઓ રમવાનો અને બીજો ગામમાં એક ભજિયાવાળાની દુકાને દરરોજ ભજિયાં ખાવાનો. લખોટીઓની રમતમાં હું જીતતો તે કરતાં હારતો વધુ, અને એ ખોટ પૂરવા હું વારેવારે નવી લખોટીઓ ખરીદતો. તે માટે અને ભજિયાં ખાવા પૈસા જોઈએ તે હું પિતાના ખિસ્સામાંથી, તેમને પૂછયા વિના, લેતો. એમ કરવામાં હું ચોરી કરતો હતો એવો કોઈ ભાવ મને થતો હોવાનું યાદ નથી. શરૂઆતમાં એક આનીના એકબે સિક્કા લેતો (એક આની બરોબર આજના ૬.૧/૪ પૈસા) પણ પછી ચાર આનીના સિક્કા લેવા માંડ્યો. (ખરીદશક્તિની ગણતરીએ એ સમયની ચાર આની આજના ઓછામાં ઓછા પાંચ રૂપિયા બરાબર ગણાય) પિતાના ખિસ્સામાં એક આનીના

સિક્કા ઘણા હોય એટલે એમાંથી એક બે જાય તે તેમને ખબર ન પડે, પણ ચાર આનીના સિક્કા થોડા હોય એટલે તેમાંથી એક પણ ઓછો થાય તેની તેમને ખબર પડી જાય.

પિતાને ચાર આનીના સિક્કા ઓછા થવાથી ખબર પડી કે મહોલ્લામાંથી કોઈકે તેમને હું દરરોજ નવી નવી લખોટીઓ લાવતો એ કહ્યું તે હું નથી જાણતો, પણ એક દિવસ રવિવારે બપોરે ચારેક વાગ્યે તેમણે પ્રેમથી મને પાસે બોલાવી વાત શરૂ કરી. "ચીમન, ગઈ કાલે હું ઓફિસ જતો હતો ત્યારે પોલીસચોકીના એક પોલીસે મને પૂછ્યું, 'સાહેબ, તમારા અસારવા ગામમાં ચીમન નામનો કોઈ છોકરો છે ?' મેં કહ્યું, 'કેમ શું કામ છે ?' પોલીસે જવાબ આપ્યો, 'અમને માહિતી મળી છે કે એ લખોટીઓનો ખૂબ જુગાર રમે છે અને તે માટે દરરોજ નવી લખોટીઓ ખરીદે છે, કોઈ ભજિયાંવાળાની દુકાને ભજિયાં પણ ખૂબ ખાય છે. એવડો નાનો છોકરો આટલા બધા પૈસા ક્યાંથી લાવતો હશે? અમારે એને પકડીને પૂછવું પડશે. ક્યાંકથી ચોરી કરતો લાગે છે.'"

મારું મોં પડી ગયું. મેં દબાયેલા સ્વરે ઉત્તર આપ્યો, "કાકા, હું કંઈ જાણતો નથી." પણ પિતાને પોતાનો વહેમ ખરો હોવાની પૂરી ખાતરી હશે. એમણે મને અહિંસક ઘેરો ઘાલ્યો. કહ્યું. "તું કબૂલ નહિ કરે ત્યાં સુધી તને છોડીશ નહિ." આગળની પ્રશ્નોત્તરી કેમ ચાલી તે મને યાદ નથી, પણ મને આછું સ્મરણ છે કે મેં અર્ધો કલાક સુધી ટક્કર ઝીલી પછી લાચાર થઈ હકીકત કબૂલ કરી. પિતાએ હસીને કહ્યું, "જા, હવે એમ નહિ કરતો."પિતાના એ શબ્દોએ મને મોટા નૈતિક ભયમાંથી બચાવી લીધો. મારા ગેરવર્તન માટે પિતાએ મને શિક્ષા કરી હોત તો સંભવ છે કે હું હઠે ચઢયો હોત અને ગાંધીજીના હરિલાલે કર્યું તેમ મારા સ્વભાવની અવળી વૃત્તિઓને ઉત્તરોઉત્તર વધુ ને વધુ વશ થતો ચાલ્યો હોત. એનો અંત ક્યાં અને કેવો આવ્યો હોત તે કોણ કહી શકે ? પણ એટલું તો નિશ્ચિત છે કે હું પિતાને અપાર દુઃખનું નિમિત્ત બન્યો હોત.

પિતાની આ સૌમ્યતાએ મને તેમની સાથે પ્રેમતંતુએ બાંધ્યો તેમાંથી મને ઘણો લાભ થયો. પહેલો લાભ એ થયો કે તેઓ ઉપદેશરૂપે મને જે કહેતા તે હું સરળતાથી ગ્રહણ કરી લેતો. બાળકને માતાપિતા ઉપર પ્રેમ ન હોય તો તેમના ઉપદેશની તેના મન ઉપર ઘણુંખરું અવળી અસર થાય છે. હું એ ભયમાંથી બચી ગયો. તેમણે મને બેત્રણ વાતો કહેલી તે મને હજુ યાદ છે. એક વાત એ કે વેપારી ખેડૂત પાસેથી અનાજ ખરીદે ત્યારે મણનું કાટલું મૂકી ૪૧ શેર જોખે, અને ઘરાકને આપે ત્યારે ૩૯ શેર આપે. આપણે એનાથી ઊલટું કરવું. આપવું ૪૧ શેર અને લેવું ૩૯ શેર. બીજી વાત એ કે આપણે ટોળામાં ઊભા હોઈએ ત્યારે બાજુએ ઊભેલાનો આપણને ધક્કો લાગે તો આપણે તે સહન કરી લેવો અને બીજી બાજુ ઊભેલાને તે ધક્કો ન લાગવા દેવો - એટલે કે કોઈએ આપણને કડવા શબ્દો કહ્યા હોય તો એના દુઃખમાં આપણે બીજાને કડવા શબ્દો ન કહેવા, - જેમ ઘણીવાર માતા પતિ ઉપરની રીસ બાળકો ઉપર કાઢે છે અથવા પતિ ઓફિસમાં કંઈ અપ્રિય બન્યું હોય તેની રીસ પત્ની ઉપર કાઢે છે તેમ એનો એવો અર્થ પણ થાય કે કોઈએ આપણને બીજી વ્યક્તિ વિશે કંઈ અણઘટતું કહ્યું હોય તો આપણે તે એ વ્યક્તિને ન કહેવું.

ત્રીજી સૌથી મહત્ત્વની વાત આપણને વડીલોનો સદ્ભાવ મળતો રહે તે પ્રમાણે વર્તન કરવું. એ માટે તેઓ મહાભારતમાંથી એક વાત ( જે મૂળ કથામાં નથી પણ એમણે કોઈ કથાકાર પાસેથી સાંભળી હશે તે) કહેતા. દ્રૌપદી સ્વયંવર વેળા અર્જુન મત્સ્યવેધ કરવા ચઢવા લાગ્યો ત્યારે તે અર્ધે પહોંચી થાકી ગયો. સભામાં કૃષ્ણ બેઠા હતા તેમણે તે જોયું તેઓ ભીષ્મ પાસે ગયા અને કહ્યું, "ભીષ્મ, આ મત્સ્યવેધ કરવા ચઢે છે તેને તમે ઓળખ્યો?" ભીષ્મે કહ્યું, "ના." "એ અર્જુન છે. જુઓ સભામાં પેલા યુધિષ્ઠિર બેઠા છે, પેલો ભીમ, અને પેલા સહદેવ અને નકુળ." ભીષ્મે જોયું અને તેમણે પાંડવોને ઓળખ્યા, એટલે કૃષ્ણે એમને કહ્યું, "અર્જુન ચઢતાં થાકી ગયો છે. તમે અર્જુનને તમારા આશીર્વાદ મોકલો કે જેથી તેનું બળ વધે અને તે વધુ ચઢી શકે." ભીષ્મે એમ કર્યું, અને અર્જુન જરા વધુ ઊંચે ચઢયો. પણ વળી થાકી ગયો. એટલે કૃષ્ણ દ્રોણ પાસે ગયા અને ભીષ્મને કહ્યું હતું તે તેમને પણ કહ્યું. તેમણે પણ અર્જુનને આશીર્વાદ મોકલ્યા અને અર્જુને સફળ મત્સ્યવેધ કર્યો.

પિતાની પહેલી બે શિખામણો મેં સામાન્ય રીતે પાળી છે એમ હું કહી શકું, પણ વડીલોનો સદ્ભાવ મેળવવાની શિખામણ હમેશાં પાળી શક્યો નથી અને ઘણીવાર વડીલોને અપમાન લાગે એવું વર્તન મેં કર્યું છે. એવા પ્રસંગો આજે યાદ આવે છે ત્યારે મનમાં દુઃખ થાય છે. એવા કોઈ વડીલોને પાછળથી મેં વિનમ્ર વર્તનથી મનાવી લીધા છે, પણ બેત્રણ વડીલોને એમ કર્યું નહિ, અને કરવાની સદ્બુદ્ધિ આવી ત્યારે તે અશક્ય બની ગયું હતું.

વિધિવક્તા એવી બની કે વડીલોનો સદ્ભાવ મેળવવાની મને શિખામણ આપનાર પિતાને જ દુઃખ થાય એવું વર્તન મારાથી થયું ! એમ.એ.ની પરીક્ષા પાસ કર્યા પછી હું ૧૯૪૪માં ગુજરાત કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયો ત્યારે હું પિતા સાથે અસારવા રહેતો હતો. પણ સાથે રહેવાનું મુશ્કેલ બની ગયું અને હું નવરંગપુરા વિસ્તારમાં શ્રીમાળી સોસાયટીમાં રહેવા ગયો. આજે હું એ પરિસ્થિતિનો વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે એમ કરવું અનિવાર્ય હતું, પણ તે હું પિતાને નમ્રતાથી સમજાવીને કરી શક્યો હોત. તેને બદલે એક દિવસ શ્રીમાળી સોસાયટીમાં ઘર ભાડે રાખી રાત્રે મેં પિતાને કહ્યું, "આવતી કાલે હું જાઉં છું." અને બીજે દિવસે ૧૭મી ડિસેમ્બર, ૧૯૪૪, રવિવારે, સવારે એક હાથ લારી લાવી તેમાં માય તેટલો સામાન લઈને પત્ની ને બાળકપુત્ર સાથે નીકળી પડ્યો. બે વર્ષનો મોટો પુત્ર માંદો હતો તેને પત્નીની માતાને સોંપી દીધો. પિતાને તો ઘા મારો તો લોહી ન નીકળે એટલું દુઃખ થયું. જાણે આ અવિચારી વર્તનની શિક્ષારૂપે જ હોય તેમ એક અઠવાડિયા પછી મને કમળો થયો. તે આઠેક દિવસમાં બેસી ગયો, પણ એક ડોકટરે મને કહ્યું છે કે શરીરની મારી બધી પીડાઓના મૂળમાં એ કમળો છે.

પિતાએ મારી સાથે બોલવાનું બંધ કર્યું. પણ એમણે મારા બાળપણમાં મને અહિંસાનો પદાર્થપાઠ આપ્યો હતો તેના સંસ્કાર મારા હૃદયમાં રહી ગયા હતા, એટલે તેમના રોષથી મેં દુઃખ ન માન્યું. મારા સદ્ભાગ્યે, મારા મનમાં તેમને માટે પ્રેમ હતો તે બતાવવાની તક મને એક જ વર્ષમાં મળી. સને ૧૯૪૫ના વર્ષના પહેલા સત્રને અંતે, તા.૧૦મી ઓકટોબરે, રિવાજ મુજબની કોમનરૂપ મિટિંગ પૂરી થઈ અને તુરત, બપોરે ચાર વાગ્યે, અસારવાથી એક મિત્રનો ટેલિફોન આવ્યો, "ચીમનભાઈ, કાકા બહુ માંદા છે, મલેરિયા થયો છે તે ઊતરતો નથી." હું તુરત એલિસબ્રિજમાં ડૉ. મોહિલે રહેતા હતા તેમને લઈને અસારવા ગયો અને મારાં પત્નીને પણ સાથે લઈ ગયો. ડૉ. મોહિલેની દવાથી (તેમણે મેપાક્રિન નામની ટીકડી આપેલી) પિતાનો તાવ તો ઊતરી ગયો, પણ ટેમ્પરેચર ૯૪ થઈ ગયું. એક ડોકટર મિત્રે બેત્રણ

ગ્લુકોઝનાં ઈન્જેક્શન લેવાની સલાહ આપી, પણ પિતાએ એકથી વધારે ન લીધાં અને ટેમ્પરેચર ઊંચું લાવવા પગના તળિયે સૂંઠ ઘસવા માંડી તેનાથી કંઈક લાભ થયો. હું અને પત્ની અસારવા જ રહ્યાં.

એક દિવસ રાત્રે બાર વાગ્યે, હું ત્રીજે માળે સૂઈ ગયો હતો ત્યારે પિતાએ નીચેથી વેદનાભરી બૂમ પાડી, "ચીમન, ચીમન, નીચે આવ, મને ખૂબ દુ:ખે છે." તેમને દૂઝતા હરસનું દર્દ હતું ત્યાં અસહ્ય દુ:ખાવો શરૂ થયો હતો. હું ગામમાં રહેતા એક ડૉક્ટર મિત્રને રાત્રે ઉઠાડી બોલાવી લાવ્યો. તેમણે જોઈને કહ્યું, "ચીમનભાઈ, હરસ પાક્યા છે. અત્યારે કોકરવરણા પાણીમાં બોરિક પાવડર નાખી બેસાડો, સવારે દવા કરીશું." એમ કરવાથી જરા રાહત થઈ અને પિતાને થોડી ઊંઘ આવી. સવારે હું અસારવાની મ્યુનિસિપલ હૉસ્પિટલમાં વૃદ્ધ ડૉક્ટર ગાંધી હતા અને જેમની સાથે મારે છ વર્ષનો મૈત્રીસંબંધ હતો તેમને બોલાવી લાવ્યો. તેઓ માત્ર અંગ્રેજી પાંચમા ધોરણ સુધી ભણ્યા હતા અને હૉસ્પિટલ આસિસ્ટંટમાંથી અનુભવે ડૉક્ટર બન્યા હતા. તેમણે આવીને જોયું અને કહ્યું, "ચીમનભાઈ, આ હૉસ્પિટલનો કેસ છે, ઘેર આની દવા નહિ થઈ શકે." દિવસ ધનતેરસનો હતો અને જ્યોતિષ દૃષ્ટિએ પ્રતિકૂળ હતો. પિતા જ્યોતિષમાં ખૂબ માનતા, છતાં તેઓ હૉસ્પિટલમાં જવા કબૂલ થયા.

તેવામાં પિતાના એક જૂના મિત્ર, કોચરબમાં રહેતા દયાલભાઈ પટેલ આવી પહોંચ્યા. તેમણે સલાહ આપી "જોજો નારણભાઈ, સર્જનને અડકવા ન દેતા, ભગંદર થઈ જશે. કોઈ મલમપટ્ટાવાળાને બોલાવો." એટલે પિતાએ મને કહ્યું, "જા, ચીમન, મલમપટ્ટાવાળાને બોલાવી લાવ." મને સંયમ ન રહ્યો અને હું બોલી ઊઠ્યો, "મલમપટ્ટાવાળાને બોલાવવો હોય તો કોઈ બીજાને મોકલો, હું નહિ જાઉં. હૉસ્પિટલમાં જવું હોય તો મને કહો." પિતા તુરત માની ગયા. (પાછળથી અપરમાતાએ મને કહેલું કે પિતાએ વિચાર્યું, "આ છોકરો કોઈ દિવસ મારી સામે બોલતો નથી અને આજે બોલે છે તો ભગવાન તેને બોલાવે છે.") તેમણે કહ્યું, "સારું જા, સિવિલ હૉસ્પિટલમાં વ્યવસ્થા કરી આવ." મેં કહ્યું, "કઈ હૉસ્પિટલમાં જવું તે હું નક્કી કરીશ." પિતા તે પણ માની ગયા. હું સીધો વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં ગયો. ત્યાં સર્જન તરીકે ડૉ. દલાલ હતા. તેઓ સંપૂર્ણ સૌજન્યમૂર્તિ હતા (પાછળથી તેમનું કમળાથી મૃત્યુ થયેલું અને તેમનો ફોટોગ્રાફ વર્ષો સુધી મેં વાડીલાલ હૉસ્પિટલમાં જોયેલો.) મને તેમનો પરિચય હતો. કૉલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની દર વર્ષે દાક્તરી પરીક્ષા થતી ત્યારે પ્રિન્સિપાલના મદદનીશ તરીકે હું તેનું સમયપત્રક ગોઠવતો અને ડૉક્ટર દલાલ ડૉક્ટરોની પેનલના પ્રમુખ તરીકે આવતા. તેમણે તુરત એક સ્પેશિયલ રૂમની વ્યવસ્થા કરી અને પિતાને લઈ આવવા કહ્યું. સવારે અગિયાર વાગ્યે પિતાને હૉસ્પિટલમાં દાખલ કર્યા. તે દિવસ ડૉ. દલાલનો ઑપરેશન કરવાનો વારો નહોતો પણ તેમણે કહ્યું, "વડીલને શા માટે એક દિવસ વધુ રિબાવા દેવા", અને એ જ દિવસે બપોરે ચાર વાગ્યે સફળ ઑપરેશન કર્યું.

પિતા સાથે સ્પેશિયલ રૂમમાં હું એકલો રહ્યો. અપરમાતા સુવાવડમાં હતાં, પત્ની તેમની સારવારમાં હતાં, નાનો ભાઈ તેર-ચૌદ વર્ષનો પિતાની સંભાળ રાખી શકે એમ ન હતું. દરરોજ સવારે નવ વાગ્યે એલિસબ્રિજમાં ગુજરાત કૉલેજ પાસે શાંતિનિકેતન સોસાયટીમાં મારા મકાને જઈ પાણી ગરમ કરી નાહી એક સ્નેહીને ઘેર જમવા જતો અને ૧૦ાા વાગ્યે પાછો હૉસ્પિટલમાં આવી જતો. સાંજે વળી એકાદ કલાક જમવા જતો. એમ ચાલીસેક દિવસ હું પિતા સાથે હૉસ્પિટલમાં રહ્યો. ઑક્ટોબર વેકેશન પૂરું થયું અને મારે કૉલેજમાં જવાનું થયું ત્યાં સુધીમાં પિતાની સ્થિતિ સુધરી હતી અને હું તેમને થોડા કલાક એકલા મૂકીને જઈ શકતો. હરસમાં લોહી પડવાથી તેમને ખૂબ ફિક્કાશ આવી ગઈ હતી તે માટે તેમને લિવર એકસટ્રેક્ટનાં ઈન્જેક્શન આપવાની જરૂર હતી. પણ ઈન્જેક્શન લેવાની બાબતમાં પિતા બાળક જેવા હતા. અને ઈન્જેક્શન દુ:ખે એ બીકે લેવા તૈયાર નહોતા. એટલે ડૉક્ટરે મને નસમાં આપવાના નિયો-હેપટેક્ષ નામના લિવરનાં ઈન્જેક્શન લાવવાનું કહ્યું. દરરોજનું એક એમ પિતાને ચાલીસ ઈન્જેક્શન આપ્યાં અને તેના પરિણામે તેમને જે સુધારો થયો તે તેઓ એ વર્ષ પછી પચીસ વર્ષ જીવ્યા ત્યાં સુધી ચાલ્યો અને વર્ષો સુધી સહન કરેલી હરસની પીડામાંથી કાયમને માટે તેઓ છૂટ્યા. પિતાની મારા ઉપરની રીસ પણ ઊતરી ગઈ અને અમે એમના અંત સુધી મિત્રો જેવા બનીને રહ્યા. ❑

# આ ધાર્મિક શિક્ષણનું શું કરીશું ?

❑ જયંત કોઠારી

આપણી ધર્મસંસ્કારલક્ષી સંસ્થાઓ - વિદ્યાલયો અને છાત્રાલયો-નો એક મોટો કોયડો ધાર્મિક શિક્ષણનો છે. પોતાને ઈષ્ટ ધર્મસંસ્કારનું પોષણ - સંવર્ધન એ સંસ્થાઓનો એક મૂળભૂત ઉદ્દેશ હોય છે, તેથી ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કરવો એ એમનું કર્તવ્ય બની રહે છે. પરંતુ પરંપરાગત સાંપ્રદાયિક ધર્મની ઘણીઘણી બાબતોનો આજનાં જ્ઞાનવિજ્ઞાન અને જીવનવ્યવહાર સાથે મેળ બેસાડવું મુશ્કેલ બની ગયું છે. આજની યુવાન પેઢીને એ બાબતો અર્થહીન અને નિરુપયોગી લાગે છે અને એમાં રસ લેવાનું એમને માટે શક્ય બનતું નથી. આ પરિસ્થિતિમાં ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કેમ રચવો એની મૂંઝવણ થાય છે.

મારો ખ્યાલ છે કે કેટલીક જૈન સંસ્થાઓને પોતાના છાત્રોને કઈ જાતનું ધાર્મિક શિક્ષણ અને કઈ રીતે આપવું એ વિશે નવેસરથી વિચારવાની જરૂરિયાત પ્રતીત થઈ છે. એમના મંત્રીઓએ ઘણા લોકો પાસે આ અંગે સૂચનો માગ્યાં હતાં. કોબાના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર પાસે એક જૈન વિદ્યાપીઠની કલ્પના છે, જેમાં પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ - પીએચ.ડીની કક્ષા સુધીના-ની જોગવાઈ હોય, સાધુઓ માટેના અને ગૃહસ્થો માટેના અભ્યાસક્રમની, આવશ્યક હોય તો, જુદી વ્યવસ્થા હોય. આ અંગેની વિચારણામાં સામેલ થવાનું મારે બન્યું હતું. કોયડો એ હતો કે જૈનધર્મલક્ષી વિદ્યાને બહારના વિશાળ સમાજમાં માન્યતા કેવી રીતે પ્રાપ્ત થાય, એ વિદ્યામાં પારંગત થનારને માટે ભાવિ શું ? અને તો પછી એ જાતના અભ્યાસક્રમ પ્રત્યે વિદ્યાર્થીઓ આકર્ષાય કેવી રીતે ? જો અભ્યાસક્રમો સર્વસામાન્ય રાખવામાં આવે તો એમાં જૈનધર્મલક્ષી શિક્ષણને કેવી રીતે અવકાશ આપવો ?

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર જેવી સંપૂર્ણ શિક્ષણની વ્યવસ્થા વિચારતી સંસ્થાના પ્રશ્નો જુદા હોવાના અને અન્યત્રથી આધુનિક જ્ઞાન-વિજ્ઞાનનું શિક્ષણ મેળવતા છાત્રાલયનિવાસીઓ માટે પૂરક રૂપે ધાર્મિક શિક્ષણની જોગવાઈ કરતી સંસ્થાના પ્રશ્નો જુદા હોવાના. પણ

બન્ને પ્રકારની સંસ્થાઓનો પાયાનો એ પ્રશ્ન તો સમાન છે કે આધુનિક વિશ્વજ્ઞાનની અને નવાં જીવનમૂલ્યોની સાથે પરંપરાગત ધાર્મિક શિક્ષણનો મેળ કેવી રીતે બેસાડવો ?

બદલાતા જીવનવ્યવહાર અને જ્ઞાનવિજ્ઞાનની ઉપેક્ષા કરીને કોઈ પણ ધર્મવિચાર જીવંત ન રહી શકે, એમાં નવું તેજ ન આવે, ભલે એનું જડ, અંધ અનુસરણ થયા કરતું રહે. નવી પેઢી એનાથી અલિપ્ત પણ થતી જાય. મારી દૃષ્ટિએ જૈન વિદ્યાપીઠ એકાંગી બનીને રહે તો એ અર્થપૂર્ણ ન બની શકે, કશું નવું પ્રદાન ન કરી શકે. જૈન વિદ્યાપીઠમાં કેવળ જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ન થાય, એની આજુબાજુ તત્ત્વજ્ઞાનની અન્ય પરંપરાઓનો અભ્યાસ ગોઠવાયેલો હોય જ. એટલે કે જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસને વિશાળ તુલનાત્મક ભૂમિકા આપવામાં આવે. જૈન સાહિત્યનો અભ્યાસ પણ સાહિત્યપરંપરાના વિશાળ સંદર્ભમાં કરાવવામાં આવે. આમ જોઈએ તો આ વાત જૈન સંપ્રદાય માટે નવી નથી. હેમચંદ્રાચાર્ય આદિ અનેક વિદ્વાન સાધુવરોએ જ્ઞાનની ઉપાસના સાંપ્રદાયિક સીમાઓને વશ વર્ત્યા વિના કરી છે. જૈન ભંડારોમાં સચવાયેલું જૈન તેમજ જૈનેતર સાહિત્ય જ્ઞાનની આવી વિશાળ દૃષ્ટિની ઉપાસનાનો બોલતો પુરાવો છે. આજે પણ જૈન ઉપાશ્રયો સાથે જોડાયેલાં જ્ઞાનમંદિરોમાં તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સાહિત્ય વિશેના જૈનેતર પરંપરાના આધુનિક મુદ્રિત ગ્રન્થો પણ જોવા મળે છે. એ બતાવે છે કે હજુ જૈન મુનિવરોએ નવા જ્ઞાન-વિજ્ઞાન પ્રત્યે આંખો મીંચી નથી.

વધુ કૂટ પ્રશ્ન કેટલાક ધાર્મિક આચારો ને નીતિનિયમોના સમર્થનનો છે. દાખલા તરીકે, માંસાહારનિષેધ કે રાત્રીભોજનનિષેધ જેવી બાબતો માત્ર કોરા ઉપદેશથી તો થઈ જ ન શકે. પણ આજે જગતભરમાં માંસાહારવર્જનનું એક નાનકડું આંદોલન ચાલે છે. એ વૈજ્ઞાનિકતા અને વિચારનો આશ્રય લઈને ચાલે છે. આપણે યુવાન પેઢીને એ આંદોલનના સંપર્કમાં મૂકી શકીએ તોપણ ઘણું કામ થાય. રાત્રિભોજનનિષેધને સૂક્ષ્મ જીવહિંસા ઉપરાંત શરીરના પાચનતંત્રની કામગીરી સાથે સંબંધ છે. આ અને એવી બીજી જાણકારીના સંદર્ભમાં રાત્રીભોજનનિષેધની વાતને મૂકી આપીએ તો એ વાત વધુ સ્વીકાર્ય બની શકે. નવા જીવનસંદર્ભમાં જૂના આચારવિચારને જડતાથી વળગવાનું શક્ય ન બને તોય એની સાર્થકતા સમજાય અને એને ઘટતું સ્થાન મળવાનો માર્ગ મોકળો થાય.

દરેક ધર્મ કેટલાંક સ્થૂળ આચારો ને નીતિનિયમોને વિશેષપણે વળગતો હોય છે, કેમકે ધર્મની એ ઓળખ ઊડીને આંખે વળગે છે.. પરંતુ સાચું ધર્મતત્ત્વ થોડા રૂઢાચારોમાં સમાઈ જતું નથી. એ ઘણું વિશાળ અને સૂક્ષ્મ હોય છે. જૈન સંપ્રદાયમાં અહિંસાધર્મની અત્યંત સૂક્ષ્મ અને ગહન વ્યાખ્યા થયેલી છે. સંકલ્પી, આરંભી વગેરે પ્રકારની હિંસાના મન, વચન અને કાયાના યોગ ઉપરાંત કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રિવિધ - ત્રિવિધ પ્રકારે, દ્રવ્યથી અને ભાવથી તથા જાણતાં અને અજાણતાં એમ ઘણા પ્રકારોની સૂક્ષ્મ વિચારણા ગૃહસ્થ અને સાધુના જીવનની દૃષ્ટિએ થયેલી છે.

આ બધાંની સ્વસ્થ વિચારણા જ અહિંસાધર્મની સાચી પ્રતીતિ જન્માવી શકે. ગાંધીજીનો અહિંસાવિચાર અને બ્યુટી વિધાઉટ ક્રૂઅલ્ટી તથા પર્યાવરણસુરક્ષાનાં જેવાં વિશ્વવ્યાપી આંદોલનો અહિંસાધર્મનાં ઘણાં નવાં પાસાંઓ આપણી સમક્ષ પ્રગટ કરે છે. અહિંસાધર્મના શિક્ષણને આવા વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂકી આપવામાં આવે તો જરૂર નવી પેઢીને એમાં રસ પડે અને એ શિક્ષણ આજના સમયમાં પ્રસ્તુત બને.

દરેક યુગને પોતાની પરિભાષા હોય છે. જૂના ધર્મસિદ્ધાંતો એ પરિભાષામાં મૂક્યા વિના વિશાળ પ્રજાવર્ગ સુધી પહોંચી શકતા નથી. પોતાની વાતને જે ધર્મ નવી પરિભાષામાં મૂકી આપે છે તે જ જીવંત રહી શકે છે. ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કરતી વખતે આ બાબત પણ ખાસ લક્ષમાં લેવી જોઈએ.

છેલ્લે, ધાર્મિક શિક્ષણ એ અંતે માનવમૂલ્યોનું શિક્ષણ ન બની રહેવું જોઈએ ? રૂઢાચારોને બાજુ પર રાખીએ એટલે દરેક ધર્મ કેટલાંક માનવમૂલ્યો પર પ્રતિષ્ઠિત હોય છે. જુદાજુદા ધર્મોનાં ઘણાં માનવમૂલ્યો સમાન હોય છે. એટલે સાંપ્રદાયિકતાને ઓગાળી નાખીને મૂળભૂત માનવમૂલ્યોના શિક્ષણમાં ઈતિકર્તવ્યતા માની શકાય. સાંપ્રદાયિક અભિજ્ઞા છોડવાની તૈયારી ન હોય તો માનવમૂલ્યોના શિક્ષણ અને સંપ્રદાયબોધનું સંયોજન કરી શકાય. આ કેમ થઈ શકે એનો કોયડો છે, પણ આવો એક પ્રયત્ન ઘણાં વર્ષો પૂર્વે થયો છે એ તરફ મારું હમણાં લક્ષ ગયું. અહીં, હવે, એ રજૂ કરું.

"જૈન કાવ્યપ્રવેશ" મોહનલાલ દલીચંદ દેશાઈનું ૧૯૧૨માં પ્રગટ થયેલું પુસ્તક છે. એ છે તો ચૂંટેલાં સ્તવનપદાદિનો ગદ્યાનુવાદ ને ક્વચિત વિશેષ અર્થ સાથેનો સંચય થયો છે.

ધાર્મિક શિક્ષણનો ક્રમ વીગતે આપવામાં આવ્યો છે. (જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી આ અભ્યાસક્રમ તૈયાર થયેલો એવો મારો ખ્યાલ છે, પણ એમાં મોહનભાઈનાં જ શ્રમ અને સૂઝ દેખાય છે.) આ અભ્યાસક્રમ બાળવર્ગથી મેટ્રિક સુધીની કક્ષામાં વહેંચી નાખવામાં આવ્યો છે. એટલે કે જે તે શાળાકક્ષાના વિદ્યાર્થીઓ માટે જે-તે અભ્યાસક્રમ. દરેક કક્ષાનો અભ્યાસક્રમ વિવિધ વિભાગોમાં વહેંચાયેલો છે. - મંત્ર - પદાદિનો મુખપાઠ (જૈન અનુલક્ષીને નિર્દિષ્ટ કાવ્યસંચય કરવામાં આવ્યો છે), ધાર્મિક ચરિત્રો, સૂત્રવિચાર, બાળકોમાં સમભાવ અને કલ્પનાશક્તિ કેળવે એવી સાદી વાતો, આચારોપદેશ વગેરે. સૂત્રવિચાર આગળની કક્ષા માટે જ છે, તો બાળકોમાં સમભાવ અને કલ્પનાશક્તિ કેળવે એવી સાદી વાતો પ્રાથમિક કક્ષા માટે જ છે. જુદીજુદી કક્ષા માટે મુખપાઠ માટેનાં પદો અને ધાર્મિક ચરિત્રો સૂચવવામાં આવ્યાં છે. આચારોપદેશના વિષયો પણ કક્ષા પ્રમાણે ગોઠવાયા છે; અલબત્ત, કેટલાક વિષયો એકથી વધુ કક્ષાએ રાખવામાં આવ્યા છે. આપણી ચર્ચામાં અત્યારે પ્રસ્તુત છે તે આચારોપદેશના વિષયો. એની યાદી જુઓ: આત્મનિયંત્રણ, ભલાઈ, કૃતજ્ઞતા, ઉદ્યોગ, પરોપકાર, ટેવ, અવલોકન, આત્મપ્રતિષ્ઠા, આત્મસુધારણા, માનસિક, ઔદાર્ય, સ્વદેશાભિમાન, માર્ગાનુસારીના ગુણ, શ્રાવકના ગુણ. આ યાદી જોતાં જ સમજાઈ જશે કે એમાં સાંપ્રદાયિકતા લગભગ ઓગળી ગયેલી છે. માર્ગાનુસારીના ગુણ અને શ્રાવકના ગુણ (જે આગળની કક્ષા માટે નિયત થયેલા વિષયો છે) જૈન પરંપરાના વિષયો કહેવાય અને અહિંસા, સત્ય, અદત્ત જેવાં વિષયો મૂળભૂત માનવમૂલ્યો હોવા છતાં જૈન પરંપરામાં વ્રતો તરીકે સ્થાન ધરાવે છે; પણ બાકીના ઘણા બધા વિષયો તો આપણા રોજિંદા જીવનવ્યવહારમાં આવશ્યક એવા માનવીય ગુણો જ છે. સ્વદેશાભિમાન જેવું સાંપ્રત જીવન સાથે સંબંધ ધરાવતું ગુણલક્ષણ પણ એમાં સ્થાન પામ્યું છે. સાંપ્રદાયિક રૂઢાચારોનું આ શિક્ષણ નથી, પણ વિશાળ દૃષ્ટિનું ચારિત્ર્ય-ઘડતર છે. 'ધાર્મિક શિક્ષણ'

એ સંજ્ઞાની વ્યાખ્યા અહીં બદલાઈ ગયેલી છે અને માનવમૂલ્યોનું શિક્ષણ એવો એનો અર્થ થઈ ગયો છે.

આ આચારોપદેશ રસિક કથાઓ વડે કરવાનું અભ્યાસક્રમમાં સૂચવવામાં આવ્યું છે. એટલે કે વર્તન ઘડાય તેનો જ પ્રયત્ન કરવામાં આવ્યો નથી, ધર્મશિક્ષણ રસિક બને એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કથાઓ માટે 'ઈસપની વાતો', 'પંચતંત્ર' બાળવાર્તા 'સુબોધક નીતિકથા 'Indian Fairy Tales' ઉપરાંત અનેક મરાઠી, ગુજરાતી, અંગ્રેજી, જૈન કથાગ્રંથોની ભલામણ કરવામાં આવી છે તે પણ ધાર્મિક શિક્ષણની આ કલ્પના સાંપ્રદાયિક સીમાઓથી કેટલી બધી આગળ ગઈ છે એનું વિસ્મયકારક દર્શન કરાવે છે. અભ્યાસક્રમ સાથે જોડવામાં આવેલી એક સૂચના એના ઘડનારની ઉદાર વિશાળ ધર્મદૃષ્ટિની દ્યોતક છે : " ધાર્મિક શિક્ષણ માટે ગચ્છ-મતના કદાગ્રહ વિનાના ઉદાર બુદ્ધિવાળા મર્મજ્ઞ શિક્ષકોની યોજના કરવી."

આ અભ્યાસક્રમ એ સમયે વ્યવહારમાં મુકાયો હશે એમ લાગે છે કેમકે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડમાં ધાર્મિક પરીક્ષાનાં પરિણામો પ્રગટ થયેલાં જોયાં હોવાનું મને યાદ આવે છે. પણ એ કેટલો વ્યાપક બન્યો હશે અને ક્યાં સુધી ટક્યો હશે એની ખબર નથી. આજે તો આની કોઈને સ્મૃતિ હોવાનીય સંભાવના નથી. આ અભ્યાસક્રમ આખો ને આખો, બેઠો, કામમાં આવી શકે એવું તો ન કહેવાય, બદલાયેલો સમય નવું આયોજન માગે જ, પરંતુ ધાર્મિક શિક્ષણની યોજના કરવાની મૂંઝવણ અનુભવતા લોકોને આમાંથી કંઈક માર્ગદર્શન તો અવશ્ય મળી રહે તેમ છે. આ અભ્યાસક્રમ એના ઘડનારની ઉદાર ધર્મદૃષ્ટિ, ચારિત્ર્યઘડતર માટેની ધગશ, રાષ્ટ્રવાદી પ્રકૃતિ, બાળ-કિશોર-શિક્ષણની સૂક્ષ્મ સમજ ને ધર્મ તથા શિક્ષણ સંબંધી સાહિત્યસામગ્રીની ઊંડી જાણકારી બતાવે છે એ તો એક જુદી જ વાત છે. ☐

---

### લગ્ન સંબંધોમાં ભાગ ભજવતા શબ્દો :

# ખડાષ્ટક તથા બિયાબારું

☐ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

"ઓહોહોહો ! કેટલી બધી કંકોત્રીઓ ! જાતજાતની ને ભાતભાતની, રંગબેરંગી ને ચિત્રવિચિત્ર કંકોત્રીઓ રોજ આવી પડે છે ! કેટલાં લગ્ન !

હોય જ ને ! આ તો લગ્નની 'સિઝન' છે - લગ્નની મોસમ છે! વ્યવહારુ લોકો જેને લગનગાળો કહે છે તે !

એ તો ઠીક ! પણ અત્યારે ઠાઠમાઠથી ને ભપકાબંધ ઉજવાતા લગ્ન સમારંભોનો ખરો પ્રારંભ તો વર-કન્યાના વડીલો, જોષીઓને એમની જન્મોત્રી બતાવવા ગયા હશે ત્યારે જ થયો હશે ને ! આ બંનેની જન્મોત્રીઓ સરખાવી, જ્યોતિષની દૃષ્ટિએ એમનો કેવોક 'મેળ' છે તે પણ જોવડાવ્યું હશે ને ?

આવો મેળ જોવામાં જોષીઓ જે મુદ્દાઓ તપાસે ને ચર્ચે છે તેમાં ઘણીવાર 'ખડાષ્ટક'નો ઉલ્લેખ પણ થતો હોય છે.

### ખડાષ્ટક

પરંતુ જ્યોતિષમાં થોડોઘણો રસ ધરાવનાર તથા લગ્નો ગોઠવી આપવાની સમાજસેવા કરનાર સામાન્યજનોમાં પણ આ શબ્દ 'અણબનાવ'ના અર્થમાં સારો એવો પરિચિત છે. હકીકતમાં એ શબ્દનો આવો પ્રચલિત અર્થ જ્યોતિષશાસ્ત્રમાંથી જ વિકાસ પામ્યો છે.

જ્યોતિષની દૃષ્ટિએ કોઈ બે વ્યક્તિઓનો પરસ્પર સંબંધ, એમનો 'મેળ' એ બંનેની રાશિઓ, પરસ્પરના સંદર્ભમાં ક્યા સ્થાને આવે છે, તે પર આધાર રાખે છે. લગ્ન સંબંધમાં 'મેળ'ની દૃષ્ટિએ આ પણ ધ્યાનમાં લેવાય છે. આથી, લગ્ન સંબંધ બાંધતાં પહેલાં લગ્નમાં જોડાનાર વ્યક્તિઓમાં 'મેળ' રહેશે કે કેમ તે પણ જોઈ લેવામાં આવે છે.

આવો પરસ્પર મેળ જોવામાં, એ બે વ્યક્તિઓની રાશિઓના પરસ્પરના સંદર્ભમાં આવતા છઠ્ઠા ને આઠમાં સ્થાનનો સંબંધ 'ષડાષ્ટક' કહેવાય છે (ષટ્ = છ; અષ્ટ = આઠ; ષટ્ + અષ્ટક = 'ષડાષ્ટક') આ શબ્દનું પછી વ્યવહારમાં પ્રચલિત રૂપ બન્યું ખડાષ્ટક ! આમ 'ખડાષ્ટક' એટલે બે વ્યક્તિઓની રાશિના સંદર્ભમાં છઠ્ઠા ને આઠમા સ્થાનનો સંબંધ.

આ સમજવા આપણે બારે રાશિઓનાં નામ વર્તુળમાં ક્રમવાર ગોઠવીએ. કોઈ એક રાશિથી (એને પ્રથમ ગણીને) ગણતાં જે છઠ્ઠી (રાશિ) આવે, તેના સંદર્ભમાં-એ જ દિશામાં આગળ ગણતાં જતાં પ્રથમ રાશિ આઠમી આવે.

ઉદાહરણ તરીકે મેષ રાશિ લઈએ. ઘડિયાળના કાંટાની દિશામાં ગણીએ (ઊલટી દિશામાં પણ ગણી શકાય) તો છઠ્ઠે સ્થાને કન્યા રાશિ આવે; ને એ જ દિશામાં કન્યાથી (એને પ્રથમ રાશિ ગણીને) આગળ ગણીએ તો આઠમે સ્થાને મેષ રાશિ આવે. આ 'ષડાષ્ટક' કે પ્રચલિત ભાષામાં ખડાષ્ટક મેળ સંબંધ થયો. વ્યવહારમાં આ શબ્દે ખડાખાટ, ખડાખાષ્ટું, ખટાખાટું વગેરે રૂપો પણ ધારણ કર્યાં છે.

જ્યોતિષની દૃષ્ટિએ પરસ્પરના રાશિસ્થાનના આવા સંબંધો, તે તે વ્યક્તિ માટે અમુક શુભ ને અમુક અશુભ મનાય છે - એ કયા કયા છે તે પર શુભ-અશુભનો આધાર રહે છે. દા.ત. મેષ ને વૃશ્ચિકનો મેળ સારો મનાય છે જ્યારે મેષ ને કન્યાનો મેળ શત્રુતાભર્યો મનાય છે.

પણ લગ્ન-સંબંધોમાં 'મેળ' જોતી વખતે ઘણીવાર સારા શુભ મેળ જોવા કરતાં, 'અશુભ કે શત્રુતાભર્યા મેળ તો નથી ને !' - એવી વ્યવહારુ નકારાત્મક દૃષ્ટિ વધુ કામ કરતી હોય છે. આવી પ્રચલિત વૃત્તિને લઈને પછી ધીમે ધીમે 'ખડાષ્ટક' એટલે શત્રુતાભર્યો સંબંધ, એવી જ ગ્રંથિ જનમનમાં સ્થિર થતી ગઈ. પરિણામે પછી વ્યવહારમાં 'ખડાષ્ટક'નો અર્થ જ 'અણબનાવ' થઈ ગયો એટલે સુધી કે બે વ્યક્તિઓ વચ્ચેના અણબનાવનો ઉલ્લેખ 'ખડાષ્ટક' શબ્દથી થવા માંડ્યો.

એક રસપ્રદ બાબત નોંધવા જેવી છે. ચૌદ પંક્તિઓમાં રચાતા 'સૉનેટ' કાવ્યોનું યુરોપીય સ્વરૂપ આપણે ત્યાં પ્રચલિત થયું ત્યારે છ ને આઠ પંક્તિજૂથોમાં રચાતાં આવાં કાવ્યો માટે એક લેખકે 'ખડાષ્ટક'

નામ સૂચવ્યું હતું. શબ્દાર્થમાં પૂરેપૂરું બંધબેસતું આ સૂચન કેવું વિનોદી છે!

### બિયાબારું

કોઈ બે જણ વચ્ચે લગભગ હંમેશાં અણબનાવ રહેતો હોય ત્યારે અણબનાવની આવી સ્થિતિને સામાન્યજન 'બિયાબારું' નામે ઓળખાવે છે. પતિ - પત્નિ વચ્ચેના સતત અણબનાવ માટે આ શબ્દ સવિશેષ વપરાય છે.

સામાન્યજનમાં સારો એવો પ્રચલિત ને આજના સુશિક્ષિતોમાં ઓછો પરિચિત આ પ્રયોગ જ્યોતિષશાસ્ત્રમાંથી અપનાવ્યો છે. આ અનુસાર વ્યક્તિના રાશિ - સ્થાનની પરસ્પરથી બીજી ને બારમાની સ્થિતિ તે સંસ્કૃતમાં 'દ્વિ' (બે) અને 'દ્વાદશ' (બાર) પરથી 'દ્વિદ્વાદશક' કહેવાય છે. આપણે ત્યાં એ 'બે' અને 'બાર' પરથી બિયા (૨) બારું (૧૨) એટલે કે બીજાને બારમાની સ્થિતિ 'બિયાબારું' કહેવાઈ છે.

ઉદાહરણ તરીકે ખડાષ્ટકમાં જોયું તેમ ૧ થી ૧૨ રાશિઓ વર્તુલમાં ક્રમવાર ગોઠવીએ તો (જ્યાંથી ગણીએ તે પહેલી ગણતાં) મેષ (એટલે કે પહેલી) રાશિથી મીન રાશિ બારમી આવે; એ જ રીતે આગળ ગણતાં મીન રાશિથી મેષ રાશિ બીજી આવે. (આ સામી દિશામાં પણ ગણી શકાય) આમ 'મેષ' અને 'મીન'નો પરસ્પર સંબંધ બારમા ને બીજા સ્થાનનો ગણાય એટલે એક બિયાબારું થયું.

લગ્ન સંબંધોની યોગ્યતા ચકાસવામાં આ 'બિયાબારું' પણ એક મુદ્દો મનાય છે. વ્યવહારમાં મનાય છે તેમ જ્યોતિષશાસ્ત્રમાં બધા જ 'બિયાબારું' સંબંધો અનિષ્ટ કે અણબનાવમાં પરિણમનારાં નથી હોતાં. ખડાષ્ટકમાં જોયું તેમ કેટલાક શુભ ને કેટલાક અશુભ મનાય છે. દા.ત. મિથુન (૩) અને વૃષભ (૨)નું બિયાબારું શ્રેષ્ઠ ગણાય છે. જ્યારે કર્ક (૪) અને મિથુન (૩)નું અશુભ ગણાય છે.

આમ શબ્દાર્થમાં તો ખડાષ્ટક કે બિયાબારું માત્ર બે જણના પરસ્પર રાશિ-સ્થાન જ સૂચવે છે - સારું કે ખરાબ નહીં જ! પણ વ્યવહારમાં આ બંને અશુભ-અણબનાવના સંદર્ભમાં જ વધુ જોવાતો, અર્થસંકોચ થયો છે ને પરસ્પરના રાશિ-સ્થાનથી નિરપેક્ષ રીતે બંને (મુખ્યત્વે) અણબનાવના અર્થમાં પ્રચલિત થયા છે; 'બિયાબારું' એટલે હવે તો 'અણબનાવ' જ એવું થયું છે. ❑

# દાર્શનિક સાહિત્ય

❑ હસમુખ દોશી

ગુજરાતમાં દાર્શનિક-Philosophical - સાહિત્ય ઓછું લખાય છે. જેટલું લખાય છે તેનાથી કદાચ ઓછું છપાય છે. અને જેટલું છપાય છે એથીય ઓછું વંચાય છે એમ આપણા વિદ્વાનો અને વિવેચકો કહ્યા કરે છે અને હૃદયનો ઉકળાટ વ્યક્ત કરે છે. તેમની વ્યથા સમજી શકાય એવી છે પણ એ વ્યથા પાછળ રહેલાં પરિબળોનો અભ્યાસ કરવાની ખુદ તેમને પણ પડી હોતી નથી. કેમકે દાર્શનિક સાહિત્યનાં સ્વરૂપો સંબંધે તેમના મનમાં જ દ્વિધા રહેલી હોય છે. વાચકને સ્પર્શી શકે કે તેના મનને ભરી દે એ પ્રકારનું દાર્શનિક સાહિત્ય કોને કહેવાય એ સંબંધે સાફ કે સ્પષ્ટ વ્યાખ્યાના અભાવે આપણે ત્યાં આવું બનતું જ રહ્યું છે.

આધુનિક યુગમાં આપણે ત્યાં સર્જનાત્મક સાહિત્યનું જોઈએ એ કરતાં પણ વધારે ગૌરવ કરવામાં આવે છે અને દાર્શનિક સાહિત્ય તો સાહિત્ય કહેવાય જ નહિ એવાં ગૃહીતો ફેલાવવામાં આવ્યાં છે. જેમાં રસ હોય, જેની અભિવ્યક્તિમાં કલા હોય અને જેના અણુએ અણુમાં સર્જકનું જાગરુક કે અસંપ્રજ્ઞાત વ્યક્તિત્વ વિલસી રહ્યું હોય એ જ સાહિત્ય કહેવાય તેવું ખૂબ સંકુચિત વલણ બંધાઈ ગયું છે. કવિતા, નાટક, ટૂંકી વાર્તા, નવલકથા કે અંગત નિબંધ માત્ર સાહિત્ય કહેવાય અને એ જેમાં નથી તેવા લખાણ ને તમે ગમે તે ગણો પણ સાહિત્ય તો ન જ કહી શકો એવું કેટલીકવાર જોવામાં આવે છે. સર્જનાત્મક સાહિત્ય હંમેશાં રસાવિષ્ટ હોય છે અને તેમાં આનંદની અનુભૂતિ નિહિત હોય છે એ યથાર્થ છે. પણ એ જ માત્ર સાહિત્ય કહેવાય એ વિભાવના અપૂર્ણ ને એકાંગી લાગે છે. વર્સફોર્ડ કલાના લલિતકલા અને લલિતેતરકલા એવા બે વિભાગો પાડે છે. તેણે લલિતકલાઓમાં **માત્ર કાવ્યનો જ સમાવેશ કર્યો છે. તેની વિભાવના સંપૂર્ણ છે એમ કેમ માની શકાય? કાવ્ય સિવાયનાં અન્ય સ્વરૂપો જેવાં કે નવલકથા,** ટૂંકીવાર્તા, નાટક કે લલિત નિબંધને આપણે કલા કહીએ છીએ. એ જ રીતે ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન અને દાર્શનિક સાહિત્યને લલિતેતર સાહિત્યમાં માનભર્યું સ્થાન આપવામાં ખંચકાટ શા માટે અનુભવવો જોઈએ? ખુદ વિવેચન પણ એક રીતે જોઈએ તો લલિતેતર સાહિત્ય જ છે. લલિતેતર સાહિત્ય એ સાહિત્ય જ ન ગણાય એવા વિચારો ખૂબ આત્યંતિક લાગે છે. એ સાહિત્ય જ છે, ફક્ત તેનું સ્વરૂપ લલિત સાહિત્યથી જુદા પ્રકારનું છે. સ્વ. વિશ્વનાથ ભટ્ટે 'સાહિત્યનો સ્વાધ્યાય'માં આવા વિચારો સ્પષ્ટ કર્યા પણ છે. એવા વિચારોથી વિરુદ્ધ જવાની આધુનિક ફેશન, માત્ર આધુનિક હોવાને કારણે, માન્ય ન થવી જોઈએ. અંગ્રેજી સાહિત્યના ઈતિહાસમાં બરટ્રાન્ડ રસેલને, આલ્ડસ્ હક્સલેને કે સી.ઈ. એમ. જોડને આ દષ્ટિએ વિશિષ્ટ સ્થાન પણ આપવામાં આવ્યું છે.

બીજું, આપણે ત્યાં દાર્શનિક સાહિત્યમાં ફક્ત ધર્મ સંબંધે જે કંઈ લખાયું હોય તેનો જ મહદ અંશે સમાવેશ કરવામાં આવે છે. આપણા દેશમાં આધ્યાત્મિક સાહિત્યનો એક પ્રાચીન ભવ્ય વારસો છે. આત્મા અને પરમાત્મા, જીવ અને શિવ, બ્રહ્મ અને બ્રહ્માંડ, જીવન અને પુનર્જીવન, પાપ અને પુણ્ય, સ્વર્ગ અને નર્ક, ભક્તિ અને વૈરાગ્ય તેમજ ભૌતિકતા અને પારભૌતિકતા સંબંધે જે કાંઈ લખાય એ જ દાર્શનિક સાહિત્ય કહેવાય તેવો રિવાજ થઈ ગયો છે. અંગ્રેજી અને પાશ્ચાત્ય સાહિત્યમાં છેક આવું નથી. તેમની ફિલસૂફીનો પ્રદેશ સાંકડો હોતો નથી. ફિલસૂફીને તેમણે ધર્મ-અધર્મ કે આત્મા-પરમાત્મા કરતાં ખૂબ વિસ્તારી છે. અને એટલે ત્યાં જે લેખક સમાજજીવન વિશે કે ભૌતિકજીવનનાં અન્ય પાસાઓ વિશે વિચારે અને લખે એ પણ દાર્શનિક ગણાય છે. તે વિદ્યાશાખામાં સંશોધન કરનારને કે સ્વતંત્ર રીતે વિચારનાર અને લખનારને એટલે જ તો યુનિવર્સિટીઓ ડૉક્ટર ઓફ ફિલોસોફીની ડિગ્રી આપે છે. એ ઉપરથી સમજી શકાય છે કે ફિલોસોફીનો વ્યાપ કેટલો અમાપ અને અગાધ છે.

**આપણું જીવન કદાચ ક્ષણિક કે ક્ષણભંગુર હશે, પણ એટલે તેમાં** કંઈ માલ નથી અને એ વિશે કંઈ કહેવાનું કે વિચારવાનું હોય નહિ એમ પશ્ચિમના વિચારકો માનતા નથી. સદ્ભાગ્યે હવે આપણા વિચારકો પણ એમ માનતા નથી. પણ પશ્ચિમમાં Social

Philosophy કે Moral Philosophyને પણ દાર્શનિક સાહિત્યનું સન્માન પ્રાપ્ત થાય છે. બર્નાર્ડ શૉ, રોમે રોલાં, એચ.જી. વેલ્સ, બરટ્રાન્ડ રસેલ કે હક્સલે આ પ્રકારના દાર્શનિકો છે. પણ આપણે ત્યાં હજીય મહદ અંશે ધાર્મિક સાહિત્યને જ દાર્શનિક સાહિત્ય ગણવાનો રિવાજ છે અને એટલે જ કદાચ 'ઊર્મિ અને વિચાર'ના લેખક રમણલાલ દેસાઈ કે 'સર્જન અને ચિંતન'ના લેખક ધૂમકેતુનો દાર્શનિક તરીકે ખૂબ અનાદર થયો છે.

ગુજરાતી સાહિત્યમાં દાર્શનિક સાહિત્યનું જ્યારે મૂલ્યાંકન કરવામાં આવે છે ત્યારે ધાર્મિક કે આધ્યાત્મિક સાહિત્યને જ દષ્ટિ સમક્ષ રાખવામાં આવે છે અને ત્યાં પણ ધર્મનો કે અધ્યાત્મનો ઘણો સંકુચિત અર્થ કરવામાં આવે છે. પ્રાચીન હિન્દુ ધર્મ કે પ્રાચીન વેદ ધર્મમાં જે કંઈ કહેવામાં આવ્યું હોય તેના અર્થઘટનને આધારે મૂલ્યાંકન થતું હોય છે. નર્મદ, ગોવર્ધનરામ, મણિલાલ, રમણભાઈ કે આનંદશંકર ધ્રુવના દાર્શનિક સાહિત્યની ભૂમિકા પ્રાચીન હિન્દુ ધર્મ પૂરી પાડે છે અને એ સામે કંઈ વાંધો હોઈ શકે નહિ. પણ ભારતમાં શું માત્ર હિન્દુધર્મના જ ગ્રંથો છે? જૈનધર્મ શું ભારતીય ધર્મ નથી ? જૈન ધર્મ અને પ્રાચીન હિન્દુ ધર્મનાં ઘણાં તત્ત્વો સમાન છે પણ સાથે સાથે ઈશ્વર, કર્મ, અહિંસા, વૈરાગ્ય વગેરે વિશે બન્ને ધર્મો વચ્ચે ઠીક તફાવત પણ જોવામાં આવે છે. એટલે જૈન ધર્મના સ્વતંત્ર અસ્તિત્વનો વિચાર ભારતીય દાર્શનિક સાહિત્યમાં થવો જોઈએ. જ્યાં એ ધર્મનું વ્યાપક પ્રવર્તન છે તે ગુજરાતમાં તો એ વિચાર થવો જ જોઈએ. પણ એ બહુ બન્યું નથી.

જૈન ધર્મની જેમ જૈન દાર્શનિકોની પણ આપણે ત્યાં ઠીક ઉપેક્ષા થતી લાગે છે. જૈન મુનિઓનું તત્ત્વજ્ઞાન સાંપ્રદાયિક રંગોથી રંગાયેલું હોય છે અને તેમણે જૈનાગમો ને અન્ય જૈન ધર્મગ્રંથોથી વિશેષ કંઈ કહેવાનું હોતું નથી એમ માની લઈએ. પણ આપણે ત્યાં કેટલાક જૈન ચિંતકો એવા પણ થયા છે જેમણે જૈન સંપ્રદાયની દષ્ટિએ નહિ, પણ સમગ્ર દષ્ટિએ વિચાર્યું છે. વા.મો. શાહનું નામ તેમાં પહેલું યાદ આવે છે. વા.મો. શાહ પાસે મૌલિક વિચારો છે, ધમકતી પાણીદાર ભાષા છે. પણ તેમની પાસે શૈલી નથી. વિચારોને એક સૂત્રે સાંકળતી કલાત્મક ગદ્યશૈલીના અભાવે વા.મો. શાહને ખૂબ સહન કરવું પડે છે. તેમનાં પુસ્તકો જૈનેતર સમાજમાં લોકપ્રિય નથી જ, પણ જૈનધર્મીઓય તેમના વિચારોને સમજી શકે કે પચાવી શકે તેવું શૈલીસામર્થ્ય તેમનામાં નથી. આવું બધું તેમના વિશે કહીને પણ ગુજરાતી સાહિત્યના દાર્શનિકોમાં તેમને સ્થાન આપવામાં આવ્યું હોત તો ગુજરાતી સાહિત્યના દાર્શનિક સાહિત્યની આલોચના અપૂર્ણ ન લાગત.

પંડિત સુખલાલજીના 'દર્શન અને ચિંતન'ને ભૂલી જનારાઓ એ પ્રાજ્ઞપુરુષને અને એ રીતે ગુજરાતના દાર્શનિક સાહિત્યને કેટલો બધો અન્યાય કરી રહ્યા છે ? માની લઈએ કે પંડિત સુખલાલજીએ 'દર્શન અને ચિંતન'માં જે કહ્યું છે એ મુખ્યત્વે આપણી પ્રાચીન ધાર્મિક વિચારણાના અર્થઘટન જેવું છે, પણ એમ તો નર્મદ, મણિલાલ કે ખુદ આનંદશંકરે પણ મહદ અંશે એ જ પ્રકારનું કાર્ય કરેલું છે. આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવને શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ તેમની 'વિવેચના'માં 'મધુદર્શી સમન્વયકાર' કહ્યા છે. એ બતાવે છે કે તેમણે ગોવર્ધનરામની જેમ સંસ્કૃતિ સમન્વયના ફળસ્વરૂપ ચિંતનાત્મક સાહિત્ય આપ્યું છે. અને છતાં આપણે આનંદશંકરજીને જો દાર્શનિક કહેતા હોઈએ તો પંડિત સુખલાલજીને દાર્શનિક કહેવામાં કંઈ બાધ ન હોવો જોઈએ. તેઓ જૈન હતા એટલા કારણ માત્રથી તેમનો દાર્શનિક તરીકે બહિષ્કાર કરી દેવાનો અભિગમ યથાર્થ લાગતો નથી.

સ્વ. વિશ્વનાથ ભટ્ટે 'વિવેચનમુકુર'માં આપણી કૂપમંડૂકતા વિશે લખતાં કહ્યું છે કે વિશ્વસાહિત્યમાં મૂકી શકાય એવા મૌલિક ચિંતકો આપણી પાસે કેટલા ? તેમાં માત્ર મહાત્મા ગાંધીજીનું નામ જ તેમણે આપ્યું છે. એ વિચારવાનું છે કે ગાંધીજીએ માત્ર ધર્મ વિશે વિચારણા કરી નથી. પણ સમાજ, નીતિ, સ્ત્રીઓ અને સામાજિક અન્યાય, વર્ણવ્યવસ્થા અને માનવ આરોગ્ય જેવા અનેક વિષયો ઉપર પોતાના મૌલિક વિચારો આપ્યા છે. તેમનું ચિંતન જીવન સમગ્રને સ્પર્શે છે. એટલે સાચા અર્થમાં તેઓ દાર્શનિક છે. એ સાથે જ અમને સ્વર્ગસ્થ ચીમનલાલ ચકુભાઈ શાહનું સ્મરણ થાય છે. તેમની દષ્ટિ ધર્મ પૂરતી સીમિત નહિ રહેતાં અનેક ધર્મેતર ક્ષેત્રોમાં ફરી વળે છે. પોતાના અવસાનના ત્રણ-ચાર દિવસ પહેલાં તેમણે આપેલા લેખો માનવજીવનને તેના યથાર્થ સર્વાંગી રૂપમાં જુએ છે અને એ વિશે તેઓ પોતાના મૌલિક વિચારો બહુ સાહજિક રીતે આપે છે. અમને તો એમ લાગ્યું છે કે તેમનું 'સમયચિંતન' પુસ્તક આપણા અર્વાચીન યુગની નાનકડી 'ગીતા'નું સ્થાન લઈ શકે એટલું સમર્થ અને સચોટ છે. ધર્મ, પુરુષાર્થ, સંસ્કૃતિ, કર્મયોગ, સાહિત્ય અને સંસ્કૃતિ વગેરે વિશેનું તેમનું ચિંતન પ્રવર્તમાન માનવજીવનને તેના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં મૂકી આપે છે. એટલું જ નહિ તેમની દષ્ટિ કોઈ જડ દાર્શનિકની અવ્યવહારુ દષ્ટિ નથી પણ એક ઉત્તમ માનવતાવાદી ચિંતકની આર્દ્ર અને લાગણીશીલ દષ્ટિ છે. સામાન્ય માનવી વિશે અને સામાન્ય માનવજીવન વિશે આટલી માર્મિકતાથી ને સચોટતાથી વિચારનાર ચીમનભાઈ ગુજરાતના દાર્શનિક ન કહેવાય તો પછી સાહિત્ય વિશે આપણે ભ્રમણામાં રાચીએ છીએ એમ જ માનવું જોઈએ. માનવજીવનની વાસ્તવિકતામાં સરળ, સચોટ, જાય તેવી શૈલી ચીમનભાઈ પાસે હતી. થોડા શબ્દોમાં ઘણું કહી દેવામાં તેમનામાં જે ફાવટ હતી તે આ શૈલી સામર્થ્યને આભારી છે. એક અભાન કલાકારની કલાદષ્ટિથી તેમનું ચિંતન આ કારણે જ આવૃત્ત થયેલું લાગે છે. ચીમનભાઈ ઉપર ગાંધીજી, ટૉલ્સ્ટૉય, સ્વાઈત્ઝર વગેરે વિચારકોની અસર હતી તો ગાંધીજી ઉપર પણ શ્રીમદ્ રાજચંદ્ર, ટૉલ્સ્ટૉય, રસ્કિન વગેરે ચિંતકોની અસર હતી. અને છતાં તેમણે સ્વતંત્ર દષ્ટિએ માનવજીવનનો હમેશાં વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં વિચાર કર્યો છે. ચીમનભાઈ એક પત્રકાર હતા, અને એમણે જે કંઈ લખ્યું છે તે એક પત્રકારને નિમિત્તે લખ્યું છે. પણ નર્મદ, મણિલાલ, આચાર્ય આનંદશંકર ધ્રુવ, ગાંધીજી, મશરૂવાળા પત્રકારો જ હતા અને તેમનું દાર્શનિક સાહિત્ય એ નિમિત્તે જ લખાયું છે. પરંતુ જીવનમાં મહત્ત્વ નિમિત્તોનું નથી, પરિણામોનું હોય છે. જે કંઈ આપણે ત્યાં આ ક્ષેત્રે નીપજી આવ્યું છે એ બધું આ પ્રકારના વિલક્ષણ પત્રકારત્વને આભારી જરૂર છે, પણ એથીય ઉચ્ચ પરિણામો તેમાંથી નીપજ્યાં છે. એ ગાંધીજી અને ચીમનભાઈ જેવા દાર્શનિકોએ સિધ્ધ કરી બતાવ્યું છે. ❑

# જૈન વિચારધારા અને બ્રહ્મચર્ય : કેટલીક વિચારણા

❑ પન્નાલાલ ર. શાહ

શ્રીમદ રાજચંદ્રે બ્રહ્મચર્ય વિશે નીચેની સચોટ પંક્તિઓ લખી છે:

નીરખીને નવયૌવના લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.

* * *

એક વિષયને જીતતાં જીત્યો સૌ સંસાર
નૃપતિ જીતતાં જીતીએ, દળ, પૂર ને અધિકાર

* * *

વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન
લેશ મદિરાપાનથી, છાકે જયમ અજ્ઞાન

* * *

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિ માન.

જૈન ધર્મમાં બ્રહ્મચર્યની બે વ્યાખ્યાઓ મળે છે. પહેલી વ્યાખ્યા વિશાળ અને સંપૂર્ણ છે. એ પ્રમાણે બ્રહ્મચર્ય એટલે જીવન - સ્પર્શી સંપૂર્ણ સંયમ. આ સંયમમાં માત્ર પાપવૃત્તિઓ ઉપર અંકુશ મૂકવાનો સમાવેશ થતો નથી : જૈન પરિભાષામાં એમ કહી શકાય કે માત્ર આસ્રવ-નિરોધનો જ સમાવેશ થતો નથી, પરંતુ તેવા સંપૂર્ણ સંયમમાં શ્રદ્ધા, જ્ઞાન, ક્ષમાદિ સ્વાભાવિક સદ્‌વૃત્તિઓના વિકાસનો સુધ્ધાં સમાવેશ થાય છે. એટલે આ વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે કામ, ક્રોધાદિ અસદ્‌વૃત્તિને જીવનમાં ઉદ્‌ભવતી અટકાવવી અને શ્રદ્ધા, ચેતના, નિર્ભયતા આદિ સદ્‌વૃત્તિઓને જીવનમાં પ્રગટાવવી અને તેમાં તન્મય થવું. આવી વ્યાપક અને અર્થપૂર્ણ વ્યાખ્યામાં જૈન વિચારધારામાં બ્રહ્મચર્યની વિભાવના સ્પષ્ટ થાય છે.

બીજી વ્યાખ્યા છે - સાધારણ લોકોમાં બ્રહ્મચર્ય શબ્દનો જે અર્થ જાણીતો છે તે પ્રમાણે ઉપર વર્ણવેલ સંયમનો એક માત્ર અંશ જ છે. તે વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે મૈથુન વિરમણ અર્થાત્ કામસંગનો - કામાચારનો ત્યાગ.

બ્રહ્મચર્યની સિદ્ધિ માટે બે માર્ગો છે : પહેલો ક્રિયામાર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ. ક્રિયામાર્ગ કામસંસ્કારને ઉત્તેજિત થતો અટકવી તેના સ્થૂળ વિકારને જીવનમાં પ્રવેશવા દેતો નથી. જયારે જ્ઞાનમાર્ગ એ કામસંસ્કારને નિર્મૂળ કરી બ્રહ્મચર્યને સર્વથા અને સર્વદા સ્વાભાવિક કરે છે. અર્થાત્ ક્રિયામાર્ગ તેની નિષેધબાજુ અને જ્ઞાનમાર્ગ એની વિધિબાજુ સિદ્ધ કરે છે ; ક્રિયામાર્ગથી બ્રહ્મચર્ય, જૈન પરિભાષામાં કહીએ તો, ઔપશમિકભાવે સિદ્ધ થાય છે, જ્યારે જ્ઞાનમાર્ગથી ક્ષાયિકભાવે સિદ્ધ થાય છે. ક્રિયામાર્ગ જ્ઞાનમાર્ગની મહત્ત્વની ભૂમિકા તૈયાર કરે છે એટલે તે માર્ગ વસ્તુત : અપૂર્ણ હોવા છતાં પણ, બહુ ઉપયોગી મનાયો છે, અને દરેક સાધક માટે પ્રથમ આવશ્યક હોવાથી તેની પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે.

ક્રિયામાર્ગ બાહ્ય નિયમો દર્શાવે છે. એ નિયમોનું નામ ગુપ્તિ છે. ગુપ્તિ એટલે રક્ષાનું સાધન અર્થાત્ વાડ. એવી નવ ગુપ્તિઓમાં એક વધુ નિયમ ઉમેરી એમને જ બ્રહ્મચર્યનાં દસ સમાધિ-સ્થાનક તરીકે વર્ણવવામાં આવ્યા છે. એ નિષેધાત્મક સમાધિસ્થાનોના પાલન માટે જે રીત અખત્યાર કરવામાં આવી છે તે ભારતવર્ષનાં અન્ય દર્શનોમાં પણ પ્રસિદ્ધ અને જૂની છે. એ રીત-રસમ પ્રમાણે સાધક પુરુષને સ્ત્રીજાતિના આકર્ષણથી દૂર રાખવા સ્ત્રીકલેવર તરફ પ્રબળ ઘૃણા થાય, સ્ત્રીસ્વભાવમાં દોષ દેખાય અને સ્ત્રીજાતિ મૂળથી જ દોષની ખાણરૂપ છે એવી પ્રતીતિ થાય એવાં વર્ણનો શાસ્ત્રમાં છે. તે ઉપરાંત સમાજભય, રાજભય અને પરલોકભય, કીર્તિ-પ્રતિષ્ઠાની સિદ્ધિ અને દૈવી સુખના પ્રલોભન દ્વારા સાધક બ્રહ્મચર્યને વળગી રહે તે માટે અદ્‌ભુત વર્ણનો શાસ્ત્રોમાં છે. એક રીતે આ માનસશાસ્ત્રીય/મનોવૈજ્ઞાનિક અભિગમ છે. તેમાં બાધક દોષોની પ્રતિક્રિયાના ચિંતન દ્વારા એને અતિક્રમી જવાનો અભિગમ છે.

ક્રિયામાર્ગમાં બ્રહ્મચર્યને ગમે તેટલું સ્થૂળ રક્ષણ મળતું હોય તો પણ તેમાં કામસંસ્કાર કાયમ રહેતા હોવાથી અને એમાં ઘૃણા, ભય, લોભ આદિ બીજી અનિષ્ટ વૃત્તિઓને પોષણ મળતું હોવાથી એ માર્ગની અપૂર્ણતા દૂર કરવા જ્ઞાનમાર્ગ યોજવામાં આવ્યો છે. તેમાં ધ્યાન મુખ્ય છે. ધ્યાન દ્વારા વિચારવિકાસ અને સ્વરૂપચિંતન સધાતાં કામાદિ બધી અનિષ્ટ વૃત્તિઓનાં બીજો બળી જાય છે. જેમ ફક્ત બ્રહ્મચર્યવ્રત માટે ક્રિયામાર્ગનાં બાહ્ય વિધાનો તદ્દન જુદાં જ કરવામાં આવ્યાં છે તેમ જ્ઞાનમાર્ગનાં આંતરિક વિધાનો ફક્ત એ વ્રતને ઉદ્દેશી જુદાં પાડી ક્યાંય કહેવામાં આવ્યાં નથી. પણ ક્રોધ, મોહ, લોભાદિ બધા સંસ્કારોને નાબૂદ કરવા જે જ્ઞાનમાર્ગ યોજાયો છે તે કામસંસ્કારના નાશમાં પણ લાગુ પડે છે.

આધુનિક વિચારધારા અને જૈન દષ્ટિએ બ્રહ્મચર્ય વિષે હવે થોડો વિચાર કરીએ. એક એવો વિચાર પ્રવર્તે છે કે આપણે ત્યાં બ્રહ્મચર્યનો પ્રમાણ કરતાં વિશેષ મહિમા છે. તેનું કારણ મનુષ્યને જે વસ્તુ અશક્ય લાગે તે કરવાને તેનું સ્વમાન તેને પ્રેરતું હોય છે. જે અજેય છે તેને જેય કરવાનું સ્વપ્ન અને તે સિદ્ધ કરનારનો મહિમા સંસારમાં રહ્યા કર્યો છે. એમાં મળતી નિષ્ફળતા જે તેને જીતવા માટેનો ધક્કો આપે છે. એવરેસ્ટ અને ચંદ્રવિજય આદિની અનાદિકાળથી માનવીએ ઝંખના રાખી છે. એમાં એની સંકલ્પશક્તિનો ચરમ ઉત્કર્ષ થયો છે. કામસંસ્કાર પણ મનુષ્યે અનુભવ્યું છે કે દુર્જેય છે. ભલભલા ઋષિમુનિઓને તેણે ચળાવ્યા છે. તેનું સામ્રાજ્ય સર્વ જીવો ઉપર છે. પણ એ સામ્રાજ્યનેય વશ ન થવાની ઈચ્છા મનુષ્યજાતિમાં વિરલ માણસોને રહેવાની. માનવીને પડકારરૂપ બાબત હોય એને સિદ્ધ કરવાની ઝંખના રહેશે અને એ વિરલ કે દુષ્કર હોય ત્યાં સુધી જ એનો મહિમા રહેશે. પરંતુ એ દુષ્કર છે એટલે એને લક્ષ્ય ન બનાવવું કે એવો ધ્યેય અથવા ઉચ્ચ આદર્શ સમાજ સમક્ષ ન મૂકવો એમાં વ્યક્તિની પોતાની મર્યાદાને બાહ્ય કવચ આપવાની વૃત્તિનાં દર્શન થાય છે.

એવી એક માન્યતા છે કે સ્થૂલ કામવાસના એ વયજન્ય આવેગ છે. અમુક વયે તંદુરસ્ત માણસમાં તે જન્મે છે ને અમુક ઉમ્મરે તે શમે છે. વય વીત્યા પછી પણ આપણા સમાજમાં તે રહે છે તેનું કારણ તે વાસના નથી, પણ તે વાસનાને આપણે આપેલ મહત્ત્વ - તેનું ઊર્દ્વીકરણ ન કરવાનો આપણો ઉછેર છે.

કુટુંબજીવન એ બધા સદ્‌ગુણોની ભૂમિ છે. માનવીની આવશ્યક સામાજિક સદ્‌ગુણોની પ્રથમ તાલીમશાળા કુટુંબ છે એમ એરિસ્ટોટલે

કહ્યું છે. એનો આધાર લઈને એવું પ્રગટ ચિંતન કરવામાં આવ્યું છે કે રાજ્યને, સમાજને જે સદ્‌ગુણો જોઈએ છે તે બધાં માતા-પિતા, ભાઈભાંડું, સગાંવહાલાં જોડેના સંબંધમાં કેળવાય છે, પોષાય છે. અહીં પણ તર્કસંગતતા જણાતી નથી. એક સરખા સંસ્કારજન્ય વાતાવરણમાં ઉછેર પામનાર બે વ્યક્તિઓમાંથી એક વ્યક્તિ સંત થાય અને બીજી વ્યક્તિ સ્થાપિત સમાજવ્યવસ્થાથી વિરુદ્ધ વર્તે એવું બને છે. એરિસ્ટોટલનો આધાર લઈને કરવામાં આવેલ અર્થઘટનમાં પૂર્વજન્મના સંસ્કારને અને અન્ય મુદ્દાઓનું વિસ્મરણ થયું છે.

સ્ત્રી-પુરુષની સમાનતાના આ યુગમાં સ્ત્રીઓને હલકી ચીતરવામાં આવી છે એવું બ્રહ્મચર્યની નવ વાડ વિષે વિચારતાં લાગે ખરું. એનો વિચાર કરતાં એમ સમજાય છે કે એ સમયનો સ્ત્રી-સમાજ ખૂબ પરતંત્ર હતો. વિષયોની નિંદા કરવી હોય તો પુરુષની વાસનાની નિંદા ન કરતાં માત્ર સ્ત્રીઓની જ નિંદા કરવામાં આવી છે. તે સમયે બીજા સમાજની અસરથી, જૈન સમાજે પણ એવા કેટલાક નિયમો ઘડયા હોય એ સંભવ છે. પરિણામે સ્ત્રી અને પુરુષના અધિકારનું સામ્ય તૂટતું જણાય. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે કહેલું છે કે કંઈ એકલી સ્ત્રીઓ જ દુષ્ટ નથી. પુરુષો પણ દુષ્ટ, ક્રૂર, કપટી, વિષયી અને જુલમી છે. સ્ત્રીઓ તો પવિત્ર અને સંત પુરુષોની માતા છે; તીર્થંકરોએ એની કૂખ ઉજાળી છે. સ્ત્રીસમાજની એમની આ તરફદારી પણ એક જમાનાની અસર છે. બ્રહ્મચર્યની સાધનામાં બન્નેને સમાન રીતે અધિકારી ગણવામાં આવ્યા છે. સૂક્ષ્મ રીતે જોતાં સ્ત્રી-જાતિ તરફ નહીં, પરંતુ સ્ત્રી-કલેવર તરફ દૃષ્ટિપરિવર્તનની એમાં મહત્તા છે. કદાચ, ફૅશન અને સૌંદર્ય પ્રસાધનના આજના યુગમાં એ વિશેષ જરૂરી પણ હોય. બ્રહ્મચર્યના સાધક પુરુષને સ્ત્રી-જાતિના આકર્ષણથી મુક્ત રાખવા સ્ત્રી-કલેવર તરફ પ્રબળ ઘૃણા થાય એવાં વર્ણનો શાસ્ત્રોમાં છે અને એને સમર્થક સાહિત્ય રચવામાં આવ્યું છે. પરંતુ એ બાબત પર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે એની ઊજળી બાજુ આપણા ધ્યાન પર આવતી નથી. સાધ્વી થયેલાં રાજીમતીએ ગિરનારની ગુફામાં એકાંતમાં પોતાના સૌંદર્યને જોઈ બ્રહ્મચર્યથી ચલિત થતા સાધુ અને પૂર્વાશ્રમના દિયર રથનેમિને બ્રહ્મચર્યમાં સ્થિર થવા જે માર્મિક ઉપદેશ આપ્યો છે તે દ્યોતક છે. વિશુદ્ધ બ્રહ્મચર્યને પાલન કરનારી અનેક સ્ત્રીઓમાંથી સોળ સ્ત્રીઓ મહાસતી તરીકે એકેક જૈન ઘરમાં જાણીતી છે અને પ્રાતઃકાળે એ મહાસતીઓનાં નામોનો પાઠ પણ કરવામાં આવે છે. કોશા વેશ્યાએ પોતાને ત્યાં આવેલા અને ચંચળ મનના થયેલા શ્રી સ્થૂલિભદ્રના એક ગુરુભાઈને શિખામણ આપી સંયમમાં સ્થિર કર્યા તે કથા પડતા પુરુષને એક ભારે ઉપયોગી થાય તેવી અને સ્ત્રીજાતિનું ગૌરવ વધારે તેવી છે. આવી તો અનેક કથાઓ જૈન સાહિત્યમાં નોંધાયેલી છે. એમાં બ્રહ્મચર્યથી ચલિત થતા પુરુષને સ્ત્રી દ્વારા સ્થિર કરાયાના જેવા ઓજસ્વી દાખલાઓ છે તેવાં ઓજસ્વી ઉદાહરણો ચલિત થતી સ્ત્રીને પુરુષ દ્વારા સ્થિર કરાયાના પ્રમાણમાં ઓછાં હોવાનાં. બ્રહ્મચર્યનો બોધ જગતના બધા ધર્મોમાં છે, પરંતુ મહાવ્રત તરીકે એનો ગૌરવભર્યો મહિમા અને એના પરિપાલન માટે ઝીણવટભર્યું પૃથક્કરણશીલ અધ્યયન જેટલું જૈન ધર્મમાં છે તેટલું અન્યત્ર નથી. ❑

# પુદ્‌ગલાસ્તિકાય

ઉષાબહેન મહેતા * * રમાબહેન મહેતા

મનમાં પ્રશ્ન ઊઠે છે કે "હું જીવ, સર્વસત્તાધીશ, અનંત શક્તિવાળા એવો આત્મા, શા માટે - શા માટે અજીવ એવાં પુદ્‌ગલ દ્રવ્યના નાચે નાચું છું ? શા માટે આ જડપુદ્‌ગલ અજીવ દ્રવ્ય મારા ઉપર પોતાની સત્તા ચલાવી મને ગમે તે સ્થાને રઝળાવે છે, ભમાવે છે, દુઃખ દે છે ? શું સંબંધ છે અનંત વીર્યબળવાળા મારા આત્માને અને જડસ્વરૂપ અજીવ દ્રવ્ય એવા પુદ્‌ગલને ?'

આ પુદ્‌ગલ દ્રવ્ય અજીવ છે, હું જીવ છું, હું ચેતન છું. પુદ્‌ગલ જડ છે. પુદ્‌ગલ ક્ષણવિનાશી છે, હું અવિનાશી છું. પદ્‌ગલાદિ દ્રવ્યો અજ્ઞાન છે. હું જ્ઞાનવંત છું. તો પણ વર્તમાનકાળમાં મારા પર પુદ્‌ગલનું સંપૂર્ણ સામ્રાજ્ય છે. એણે અનાદિકાળથી મારા આત્માને દબાવ્યો છે, ભ્રષ્ટ કર્યો છે.

જીવને પોતાનાં સ્વરૂપથી ભ્રષ્ટ કરનાર આઠ કર્મ, પાંચ ઈન્દ્રિયો, શરીર, મન, ધન, પરિવાર ઈત્યાદિ સર્વ પદાર્થો પુદ્‌ગલ છે, જડ છે. તેનું જ સામ્રાજ્ય મારા ઉપર ક્ષણે ક્ષણમાં વ્યાપી ગયું છે. તો શું છે આ અજીવ એવું પુદ્‌ગલ દ્રવ્ય ?

આ વિશ્વ છ દ્રવ્યોનો સમૂહ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ એ અજીવના પાંચ પ્રકાર છે. છઠ્ઠું દ્રવ્ય છે જીવ.

પુદ્‌ગલાસ્તિકાય સિવાયનાં બધાં દ્રવ્યો અરૂપી છે, જયારે પુદ્‌ગલ દ્રવ્ય રૂપી છે.

ધર્માસ્તિકાય-આ દ્રવ્ય ૧૪ રાજલોકમાં વ્યાપી રહેલ છે. પોતાની મેળે ગતિ કરતા ત્રસ જીવો તથા પુદ્‌ગલોને ધર્માસ્તિકાયની સહાય છે. ધર્માસ્તિકાય પોતે અક્રિય હોવાથી જીવને- પુદ્‌ગલને ચાલવાની પ્રેરણા કરે નહિ, પણ જયારે જીવ તથા પુદ્‌ગલ જાતે ચાલવાની તૈયારી કરે ત્યારે સહાયક થાય. તે દ્રવ્યથી અખંડ છે. ક્ષેત્રથી લોકાકાશ વ્યાપી છે. કાળથી અનાદિ-અનંત છે, ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શરહિત અરૂપી-અચેતન, જડ છે. ગુણથી ગતિ સહાયક છે.

અધર્માસ્તિકાય-આ દ્રવ્ય પણ અરૂપી છે. ચૌદ રાજલોકમાં વ્યાપેલ છે. તે દ્રવ્યથી એક છે. ક્ષેત્રથી લોકવ્યાપી, કાળથી અનાદિ-અનંત, ભાવથી રસ, રૂપ, ગંધ, સ્પર્શરહિત, ગુણથી ગતિપૂર્વક સ્થિર થનાર દ્રવ્યોને સ્થિતિમાં સ્થિર રહેવામાં સહાયક છે. જયારે જયારે જીવ અને પુદ્‌ગલ સ્થિર થાય ત્યારે અધર્માસ્તિકાયની સહાય હોય છે.

આકાશાસ્તિકાય-દ્રવ્યથી એક છે, લોક-અલોક વ્યાપી છે. ધર્મ, અધર્મ, પુદ્‌ગલ અને જીવ જયાં રહેલાં છે તે લોકાકાશ. જયાં તેનો અભાવ છે તે અલોકાકાશ. લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે અને અલોકાકાશનાં પ્રદેશો અનંતા છે. કાળથી તે અનાદિ-અનંત છે. ભાવથી રસ, રૂપ, ગંધ, સ્પર્શ રહિત છે. ગુણથી બીજાં દ્રવ્યોને અવકાશ આપવાના સ્વભાવવાળું છે.

પુદ્‌ગલાસ્તિકાય-પુદ્‌ગલ એટલે પૂરણ અને ગલન સ્વભાવવાળાં - પુરાય અને ગળી જાય તેવાં ધર્મવાળાં પુદ્‌ગલો.

કાળ-તે નવાને જૂનું કરે છે. વર્તના, પરિણામ, ક્રિયા અને પરાપરત્વ એ કાળનો સ્વભાવ છે. વર્તના એટલે સર્વ પદાર્થોનુ પ્રતિસમયે પોતાનાં સ્વભાવમાં ઉત્પાદાદિ રૂપે હોવું તે. રૂપ-રૂપાંતર; અને સ્થળ-સ્થળાંતર તેનો સમય તેનું નામ કાળ. પરિણામે બાળ, યુવાન,

વૃદ્ધ વગેરે ભિન્નભિન્ન અવસ્થા-પરત્વ - મોટાપણું - જૂનાપણું - નાનાપણું - નવાપણું, સમય - અવલિકા વગેરે કાળના વિભાગો છે. વ્યવહારનયથી કાળ એ દ્રવ્યરૂપ છે. કાળદ્રવ્ય સમયાંતરથી અનંત છે, ક્ષેત્રથી મનુષ્ય ક્ષેત્રવ્યાપી છે. કાળથી અનાદિ-અનંત છે. ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે. ગુણથી નાનું-મોટું, નવું-જૂનું વગેરે બતાવનાર છે. કાળમાં સમયોનો સમુદાય નહિ હોવાથી તેને અસ્તિકાય ન કહેવાય.

જીવ-લોકાકાશમાં જીવો અનંતા છે. પ્રત્યેક જીવોના પ્રદેશો સંલગ્નતાથી અખંડ છે અને સંખ્યાથી અખંડ છે. પ્રત્યેક જીવના પ્રદેશો અસંખ્ય છે અને તે એક જ સંખ્યાએ છે. જીવના આત્મપ્રદેશોનો - સમૂહનો સ્વભાવ સંકોચ અને વિકાસ પામવાનો હોવાથી વિરાટ શરીરમાં પણ તેટલા જ આત્મપ્રદેશ વ્યાપીને રહે છે. નાના શરીરમાં પણ સંકોચાઈને તેટલા જ આત્મપ્રદેશ રહે છે. કાળથી જીવ અનાદિ-અનંત છે. જીવને કોઈ બનાવતા નથી તેમજ કોઈ એનો નાશ કરી શકતા નથી. જીવનાં જન્મ-મરણનો વ્યવહાર તે તે ભવરૂપ અવસ્થાઓના પરિવર્તનથી ગણાય છે. ગુણથી જીવો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વભાવવાળા છે. ઉપયોગ વિના જીવ હોય જ નહિ, ઉપયોગ એટલે જ જ્ઞાન-દર્શનનું સ્ફુરણ.

છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય બધ્ધ સંબંધથી પરિણામી છે. બાકીનાં ચાર દ્રવ્ય અપરિણામી છે. પરંતુ સ્વભાવે સ્વગુણપર્યાયમાં પરિણામી તો છયે દ્રવ્ય છે. છ દ્રવ્યમાં એક પુદ્ગલ દ્રવ્ય મૂર્તિમંત રૂપી છે. બાકીના પાંચ દ્રવ્ય અમૂર્તિમંત, અરૂપી છે. છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય સપ્રદેશી છે અને એક કાળ દ્રવ્ય અપ્રદેશી છે. ધર્મ - અધર્મ આકાશ એ ત્રણ દ્રવ્ય એક-એક છે. બીજાં બે દ્રવ્ય તે જીવ અને પુદ્ગલ અનંત છે. કાળ ઉત્પાદ - વ્યય, વિનાશરૂપ ક્રમભાવથી અનંત છે. છ દ્રવ્યમાં આકાશ એ ક્ષેત્ર છે. બીજાં ક્ષેત્રી છે, છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ સ્થાનાંતર અને રૂપાતંર ભાવે સક્રિય છે. બાકીનાં અક્રિય છે. છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ, આકાશ - એ ત્રણ દ્રવ્ય નિત્ય છે. બાકીનાં અનિત્ય છે. છ દ્રવ્યમાં ધર્માદિક પાંચ દ્રવ્ય કારણ છે, એક જીવ દ્રવ્ય અકારણરૂપ છે.

છ દ્રવ્યમાં જીવ કર્તા છે. બીજા પાંચ અકર્તા છે. છ દ્રવ્યમાં એક આકાશ સર્વગત છે, બીજા પાંચ માત્ર લોકવ્યાપી છે, માટે તેને અસર્વગત જાણવાં. છએ દ્રવ્ય ક્ષીરનીરની પેઠે પરસ્પર અવગાહી છે, તથાપિ પ્રવેશરહિત છે એટલે કોઈ પણ દ્રવ્ય અન્ય દ્રવ્યમાં જાત્યાંતર થઈ તદ્રૂપપણે થતું નથી માટે પ્રવેશરહિત છે.

ભાવથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચારે દ્રવ્યો પારિણામિક ભાવે રહે. પુદ્ગલાસ્તિકાય ઔદયિક અને પારિણામિક ભાવમાં હોય. જીવદ્રવ્યોમાં સર્વભાવો હોય. છ ભાવ આ પ્રમાણે છે. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમ, ઔદયિક, પારિણામિક અને સાંન્નિપાતિક ભાવ.

ઔપશમિક ભાવ-કર્મનાં ઉપશમથી પેદા થાય તે. ઉપશમ એક પ્રકારની આત્મશુદ્ધિ છે. જેમ કચરો નીચે બેસી જવાથી પાણીમાં સ્વચ્છતા આવે તેમ સત્તામાં હોવા છતાં કર્મનો ઉદય થતો નથી અને સત્તામાં પડી રહે છે તેને ઉપશમ ભાવ કહે છે.

ક્ષાયિકભાવ-કર્મના ક્ષયથી પેદા થાય તે. ક્ષય એ આત્માની એક એવી પરમ વિશુદ્ધિ છે જે સર્વથા કચરો કાઢી નાખવાથી એટલે કે જ્યારે કર્મનો સર્વથા ક્ષય થઈ જાય છે અને લેશમાત્ર સત્તામા પણ નથી રહેતો.

ક્ષયોપશમિક ભાવ ક્ષય અને ઉપશમથી પેદા થાય તે. કર્મના ઉદયમાં નહિ આવેલ અંશના ઉપશમથી અને ઉદયમાં આવેલ અંશના ક્ષયથી પ્રગટ થાય છે. આ વિશુદ્ધિ કોદરાઓની વિશુદ્ધિની જેમ મિશ્રિત હોય છે.

ઔદયિક ભાવ - ઉદયથી પેદા થાય તે. ઉદય એક પ્રકારની આત્માની કલુષિતતા છે, જે કર્મના વિપાકાનુભવથી ઉત્પન્ન થાય છે.

પારિણામિક ભાવ- આ ભાવ દ્રવ્યનું એક પરિણામ છે, જે ફક્ત દ્રવ્યના અસ્તિત્વથી જ પોતાની જાતે ઉત્પન્ન થયા કરે છે, અર્થાત્ કોઈ પણ દ્રવ્યનું સ્વાભાવિક સ્વરૂપ પરિણમન જ પારિણામિક ભાવ કહેવાય.

સાન્નિપાતિક ભાવ - એક સમયે એકથી અધિક ભાવ વર્તે તેને સાન્નિપાતિક ભાવ કહેવાય .

પુદ્ગલદ્રવ્ય-આપણે આપણી આજુબાજુ જે ભૌતિક જડ વસ્તુઓ જોઈએ છીએ તેને પુદ્ગલ કહે છે. તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળું છે. દ્રવ્યથી પુદ્ગલ દ્રવ્યો અનંતા છે. ઔદયિક અને પારિણામિક ભાવવાળું છે અથવા તો ઉત્પાદ-વ્યયવાળું છે. ગુણથી પૂરણ (એટલે કે પ્રતિસમય મળવું) અને ગલન (વિખરવું) એ સ્વભાવવાળું છે. તેના ચાર પ્રકાર કહ્યા છે:

સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ-પુદ્ગલ સ્કંધ બે પ્રદેશથી માંડીને અનંતા પ્રદેશવાળા હોય છે. તેના એક વિભાગને સ્કંધ સંલગ્ન દેશ કહેવાય છે. કેવળી ભગવંતોએ સ્કંધમાંથી અવિભાજ્ય કહી શકાય એવો અંતિમ વિભાગ જોયો તેને પ્રદેશ કહ્યો જ્યારે સ્કંધમાંથી છૂટોછવાયો એકલો પડી ગયો હોય તેવા અંતિમ ભાગને પરમાણુ કહ્યો. વાસ્તવિક રીતે પ્રદેશ અને પરમાણુમાં ખાસ કોઈ ભેદ નથી.

જ્યારે સ્કંધ સાથે મળેલો ન હોય ત્યારે એ અંતિમ ભાગને પરમાણુ કહ્યો તે અપેક્ષાએ પરમાણુ અપ્રદેશી છે. પરંતુ પરમાણુમાં પ્રદેશ અભાવ નથી અને દરેક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય જ છે. વર્ણ આદિ ફરે તેમ પરમાણુનો પર્યાય બદલાઈ જાય. આવા પરમાણુ છૂટાં રહી શકે છે. આ છૂટો પરમાણુ નિત્ય છે અને સૂક્ષ્મ છે. આવા પરમાણુઓનાં મિલનને સ્કંધ કહે છે. પ્રદેશનાં સમૂહને અસ્તિકાય કહેવાય છે.

પૌદગલિક સ્કંધની ઉત્પત્તિ પરમાણુ આદિના પારસ્પરિક સંયોગ માત્રથી થતી નથી. સંયોગ ઉપરાંત સ્નિગ્ધત્વ (ચીકણાપણું), રૂક્ષત્વ (લુખાપણું) એ ગુણ હોવા પણ જરૂરી છે.

આવા પરમાણુઓના મિલનના પરિણામે બનતા સ્કંધોમાં પ્રતિસમય વિવક્ષિત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંઠાણના ભેદોમાંથી કોઈ પણ એક નવા ભેદનું પુરાવું અને પૂર્વ ભેદનું વિખરાવું અવશ્ય હોય છે જ અને માટે તેને પુદ્ગલ કહેવાય છે. આમ આ પુદ્ગલ વાસ્તવિક પરમાણુરૂપ છે, પરંતુ તેમાં વિકારરૂપે સંખ્યપ્રદેશી, અસંખ્યપ્રદેશી અને અનંતાપ્રદેશી સ્કંધો બને છે. તેથી જ સ્કંધોને વિભાવધર્મવાળા અને પરમાણુને તેનાં સ્વભાવધર્મવાળાં કહ્યાં છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંઠાણ એ પુદ્ગલના ગુણો હોવાથી તે કદી છૂટા નથી પડતા. એક પરમાણુમાં જેમ ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ, ૨ સ્પર્શ છે તેમ દ્વિપ્રદેશી સ્કંધમાં ૨ વર્ણ, ૨ ગંધ, ૨ રસ અને ૪ સ્પર્શ હોય છે. પરંતુ જ્યારે પરમાણુઓનો સમૂહ થાય પછી તે સંખ્યાત્, અસંખ્યાત્ કે અનંત પ્રદેશી હોય તોપણ તેમાં વધારેમાં વધારે ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંઠાણ હોય છે.

પુદ્‌ગલના સૂક્ષ્મ સ્કંધ-સંખ્ય-અસંખ્ય અને અનંતા પ્રદેશોથી બને છે. જ્યારે પુદ્‌ગલના બદર સ્કંધો અનંતા પ્રદેશોથી જ બને. સંખ્યાત્ તથા અસંખ્યાત્ પ્રદેશોથી ન બને.

આ રીતે પુદ્‌ગલમાં ભેદ-સંઘાતન થતાં જ રહે છે. પણ પરમાણું કદી નાશ નથી પામતો, તેમ જ કોઈપણ પરમાણુ નવીન ઉત્પન્ન થતો નથી. અનાદિકાળથી જેટલાં પરમાણું છે તેટલા જ અનંતકાળ સુધી રહેશે. અભવ્ય રાશિથી અનંતગુણ અધિક અને સિધ્ધની રાશિને અનંતમે ભાગે કમ એટલા પરમાણુઓનો જે સ્કંધ બને છે, તે જ સકર્મક થઈને આત્માને ગ્રહણ કરવા યોગ્ય પુદ્‌ગલ સ્કંધ હોય છે. એવા અનંતપુદ્‌ગલ સ્કંધોની કર્મવર્ગણાથી કર્મ પ્રકૃતિ બને છે.

આ પ્રમાણે જેટલા પુદ્‌ગલો આત્મસંયોગી છે તે 'પ્રયોગસા' પુદ્‌ગલ કહેવાય છે, આત્માને લાગીને જે પુદ્‌ગલો અલગ થઈ ગયા હોય તે 'મિશ્રસા' કહેવાય છે અને જે પુદ્‌ગલોને આત્મા સાથે સંબંધ થયો નથી તે 'વિશ્રસા' પુદ્‌ગલ કહેવાય છે. આ ત્રણે પ્રકારનાં પુદ્‌ગલ દ્વિપ્રદેશી આદિ સ્કંધો અને પરમાણુઓ સંપૂર્ણ લોકમાં અનંતાનંત છે. તેથી પુદ્‌ગલના ભેદ પણ અનંતાનંત થાય છે.

અજીવ તત્ત્વનાં સંક્ષેપમાં ૧૪ ભેદ કહ્યા છે અને વિસ્તારે ૫૬૦ ભેદ કહ્યા છે. તેમાં અરૂપી જીવનમાં ૩૦ ભેદ છે અને રૂપી અજીવ તત્વનાં ૫૩૦ ભેદ છે.

પુદ્‌ગલના મુખ્યત્વે પાંચ ગુણ કહ્યા છે: વર્ણ, ગંધ, રસ, સંઠાણ અને સ્પર્શ.

વર્ણ - મુખ્યત્વે પાંચ વર્ણ - કાળો, લીલો, રાતો, પીળો અને ધોળો. એક એક વર્ણમાં ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ. કુલ ૨૦ × ૫ = ૧૦૦ ભેદ થયા,

ગંધ-સુગંધ અને દુર્ગંધ એ બે ગંધમાં દરેકમાં ૫ વર્ણ, ૫ રસ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ મળીને ૨૩ × ૨ = ૪૬ ભેદ થાય.

રસ - તીખો, કડવો, તૂરો, ખાટો અને મીઠો. એ પાંચ રસમાંના દરેકમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ કુલ ૨૦ × ૫ = ૧૦૦ ભેદ થયા.

સંઠાણ - પરિમંડળ (ચુડલી જેવું), વટ્ટ (ગોળ લાડું જેવું), ત્રસ (ત્રિકોણ), ચોરસ (ચોખૂણ) અને આયત (નળાકાર લાંબું) એ પાંચમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શ એ મળીને ૨૦ × ૫ = ૧૦૦ ભેદ થયા.

સ્પર્શ - કરકરો, સુંવાળો, ભારે, હળવો, શીત, ઉષ્ણ, ચોપડયો, લૂખો. એ આઠમાંના એકેક સ્પર્શનાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ (દરેક સ્પર્શમાં તે સ્પર્શ તથા તેનો પ્રતિપક્ષી સ્પર્શ - એમ બબ્બે સ્પર્શ ન ગણવા - કરકરો ને સુંવાળો; ભારે ને હળવો - એમ પ્રતિપક્ષ છે તેથી) - ૨૩ × ૮ = ૧૮૪ ભેદ થયા.

આમ બધા મળી ૫૩૦ ભેદ થયા. પુદ્‌ગલના આ પાંચ મુખ્ય પર્યાય ઉપરાંત બંધ, શબ્દ, સૂક્ષ્મતા, સ્થૂળતા, તમસ, છાયા, ઉદ્યોત ને આતપ - આ બધા પણ પુદ્‌ગલયાં પર્યાયો છે.

બંધ - આત્મા અને કર્મો જુદાં છે, છતાં ક્ષીરનીરની જેમ કર્મો આત્માને મળી જાય, એક થઈ જાય, મહામુશ્કેલીએ જુદાં પડે તે પુદ્‌ગલનો સ્વાભાવ છે. કર્મો પૌદ્‌ગલિક છે.

શબ્દ - કાને જે સાંભળવામાં આવે છે તે શબ્દ પણ પુદ્‌ગલ છે. શબ્દ બોલેલો કે સાંભળેલો - એ પણ પુદ્‌ગલ છે. સચિત્, અચિત્ અને મિશ્ર એવા ત્રણ વિભાગો શબ્દના થાય છે.

સૂક્ષ્મતા - સૂક્ષ્મપણું - જાતે અત્યંત નાના - સૂક્ષ્મ હોવું એ પણ પુદ્‌ગલનો સ્વભાવ છે.

સ્થૂળતા - જાડાઈ, સ્થૂળતા, ગ્રહણ - ધારણ યોગ્ય સ્કંધોને તૈયાર કરવાં એ પણ પુદ્‌ગલનો સ્વભાવ છે.

તમસ્ - અંધારુ પોતે પણ પૌદ્‌ગલિક છે

છાયા - આપણી છાયા પડે, તે પણ પુદ્‌ગલનો પર્યાય છે. જેવું શરીર તેવી છાયા. ઝાડની છાયા શીતલ સ્વભાવની છે.

ઉદ્યોત - ચંદ્રનો કે રત્નનો ચળકાટ એ પુદ્‌ગલને લીધે છે. એ પુદ્‌ગલનો ધર્મ છે.

આતપ - તડકો, સૂર્ય ઊગે ત્યારે જે પ્રકાશ પડે છે તે પણ પુદ્‌ગલનો પર્યાય છે.

પુદ્‌ગલનું સ્વરૂપ - કર્મ - શરીર, મનના યોગો, વચનના યોગો, કાયાના યોગો, જુદી જુદી જાતન પુદ્‌ગલો જેવાં કે શ્વાસોચ્છવાસ, દુઃખ વેદન અને સુખ વેદન, આયુષ્ય, મરણ ઈત્યાદિ સંસારી પર ઉપકાર કરનાર સ્કંધો છે.

કર્મ - જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોથી બનેલું કાર્મણ શરીર પુદ્‌ગલ સ્કંધોનું બનેલું છે. તેની ૧૫૭ પ્રકૃતિ કહી છે તે પણ બધી પૌદ્‌ગલિક છે.

શરીર - કાર્મણ ઉપરાંત ઔદારિક, વૈક્રિય, આહારક અને તેજસ્ - એ સર્વ શરીરો પણ પુદ્‌ગલનાં બનેલાં છે. શરીરને બનાવવું તે પુદ્‌ગલનું કાર્ય છે.

મન - મનોવર્ગણા પૌદ્‌ગલિક છે. મનુષ્યનું મન આકારોને ધારણ કરે છે. આ મનને પુદ્‌ગલ સ્કંધથી જ બનેલું જાણવું.

વાક્ - વાણી, ઉચ્ચાર, મનુષ્ય બીજાંને બોલીને જે સંભળાવે છે તે વસ્તુત: પૌદ્‌ગલિક છે. વચન પણ પૌદ્‌ગલિક છે તેથી છદ્મસ્થને અને કેવળીને બંનેને ક્રમિક છે.

વિચેષ્ટિતા - શરીરથી થતા જુદા જુદા વ્યાપારો, કાયિક યોગ, કોઈ વસ્તુ લેવી, ફેંકવી, સંકોચવી એ સર્વ વ્યાપારો કાયયોગથી થાય છે. એ પૌદ્‌ગલિક છે. પુદ્‌ગલનું તે કાર્ય છે.

ઉચ્છ્‌વાસ - શ્વાસોચ્છ્‌વાસ, પ્રાણ લેવો ને મૂકવો - દસ પ્રાણમાંનો આ એક પ્રાણ પણ પૌદ્‌ગલિક છે. તે પુદ્‌ગલનું કાર્ય છે.

દુઃખ - કડવા, ખરાબ અનુભવને દુઃખ કહેવાય. તે પણ કર્મજન્ય હોવાથી પૌદ્‌ગલિક છે.

સુખ - સારો સુખદ અનુભવ થાય તે પણ પૌદ્‌ગલિક છે, કારણ તે પણ પુણ્યજન્ય હોવાથી પુદ્‌ગલનું કાર્ય છે.

જીવિત - આયુષ્ય - જીવન એ પણ આયુષ્ય કર્મ પર આધાર રાખે છે. કર્મો પુદ્‌ગલ હોવાથી જીવન પણ પૌદ્‌ગલિક છે.

મૃત્યુ - આયુષ્ય કર્મ પૂરુ થતાં પ્રાણી મરણ પામી ભવાંતરમાં જાય છે તે પણ પુદ્‌ગલનો જ સ્વભાવ છે. શસ્ત્ર- હથિયારથી મરણ થાય - અગ્નિથી મરણ થાય, ઝેરથી મરણ થાય એ સર્વ પૌદ્‌ગલિક છે.

ઉપગ્રહ - ઉપગ્રહ એટલે ઉપકાર. ઉપકાર, પારિણામિક સ્વભાવ ને ઉપગ્રહ એ ત્રણે શબ્દો એક જ અર્થ વ્યક્ત કરે છે.

પુદ્‌ગલનો ઉપકાર એટલે પુદ્‌ગલનું કાર્ય. એક રીતે પુદ્‌ગલ કોઈ ઉપકાર કરતું નથી, પણ એવું કાર્ય કરી પરિણામ નિપજાવવું તે તેનો ધર્મ છે.

સંસારી - સંસારમાં વર્તતા જીવનાં પુદ્‌ગલો.

સ્કંધ - સંસારમાં વર્તતા જીવનાં પુદ્‌ગલો મળીને મનુષ્યને અડી શકે, ઉપાડી શકે, ફેરવી શકે એવો સ્કંધ. (પૌદ્‌ગલિક થાય છે) ઉપર જણાવેલ સર્વ કે કોઈ કોઈ કાર્ય કરવા એ પુદ્‌ગલનો સ્વાભાવ છે. બે

16



અણુઓનો દ્વ્યણુક થાય. ત્રણ અણુઓનો એક ત્ર્યણુક થાય એવા અનેક ત્ર્યણુકનાં એક પુદ્‌ગલ સ્કંધ થાય. આ સ્કંધનું આવા પ્રકારનું કાર્ય છે.

પુદ્‌ગલનું કાર્ય - શરીર, વાણી, મન, નિઃશ્વાસ અને ઉચ્છ્‌વાસ એ પુદ્‌ગલોનું ઉપકારકાર્ય છે. તથા સુખ-દુઃખ, જીવન અને મરણ એ પણ પુદ્‌ગલોનો ઉપકાર છે.

ઔદારિક આદિ બધાં શરીર પૌદ્‌ગલિક એટલે પુદ્‌ગલનાં જ બનેલાં છે, જોકે કાર્મણશરીર, અતીન્દ્રિય છે તોપણ તે બીજાં ઔદારિકાદિ મૂર્ત દ્રવ્યનાં સંબંધથી સુખદુઃખદાદિ વિપાક આપે છે; જેમ પાણીના સંબંધથી ધાન્ય. બે પ્રકારની ભાષામાંથી ભાવભાષા એ વીર્યાંતરાય, મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા અંગોપાંગ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થતી એક વિશિષ્ટ શક્તિ છે. તે પુદ્‌ગલ સાપેક્ષ હોવાથી પૌદ્‌ગલિક છે. અને એવા શક્તિવાળા આત્મા દ્વારા પ્રેરિત થઈને વચનરૂપમાં પરિણિત થતા ભાષાવર્ગણાના સ્કંધ દ્રવ્યભાષા છે. તે પણ પુદ્‌ગલ છે.

લબ્ધિ તથા ઉપયોગરૂપ ભાવમન પુદ્‌ગલાવલંબિત હોવાથી પૌદ્‌ગલિક છે. જ્ઞાનાવરણીય તથા વીર્યાંતરાયના ક્ષયોપશમથી અને અંગોપાંગના કર્મના મનોવર્ગણાના જે સ્કંધો, ગુણદોષ, વિવેચન, સ્મરણ આદિ કાર્યમાં અભિમુખ આત્માનાં અનુગ્રાહક છે. અર્થાત્ એના સામર્થ્યના ઉત્તેજક થાય છે, તે દ્રવ્યમન છે અને આત્મા દ્વારા ઉદરમાંથી બહાર કાઢવામાં આવતાં નિશ્વાસ-વાયુ-પ્રાણ અને ઉદરની અંદર જતો ઉચ્છવાસ-વાયુ-અપાન એ બંને પૌદ્‌ગલિક છે. એ જીવનપ્રદ હોવાથી આત્માને અનુગ્રહકારી છે.

ભાષા, મન, પ્રાણ અને અપાન એ બધાનો વ્યાઘાત અને અભિભવ દેખાય છે, તેથી શરીરની માફક બધા પૌદ્‌ગલિક જ છે. સુખ-દુઃખ આદિ શાતાવેદનીય તથા અશાતાવેદનીય કર્મરૂપ, અંતરંગ કારણ અને ક્ષેત્રાદિ બાહ્ય કારણથી ઉત્પન્ન થાય છે. આ બધા પર્યાયો પુદ્‌ગલ દ્વારા ઉત્પન્ન થાય છે.

અપાર્ધ્યપુદ્‌ગલપરાવર્ત - જીવ પુદ્‌ગલોને ગ્રહણ કરી શરીર, મન, ભાષા અને શ્વાસોચ્છ્‌વાસ રૂપે પરિણમાવે છે. જ્યારે કોઈ એક જીવ જગતમાંના સમગ્ર પુદ્‌ગલ પરમાણુઓને આહારક શરીર સિવાય બીજા શરીરરૂપે તથા ભાષા, મન અને શ્વાસોચ્છ્‌વાસ રૂપે પરિણમાવી મૂકી દે અને તેમાં જેટલો કાળ લાગે તે પુદ્‌ગલપરાવર્ત કહેવાય છે. એથી થોડો ઓછો કાળ હોય તેને અપાર્ધ્યપુદ્‌ગલપરાવર્ત કહેવાય છે.

પુદ્‌ગલાસ્તિકાયને હવે નયની દ્રષ્ટિએ જોઈએ- ૧. નૈગમનયવાળો - નૈગમનયવાળો સામાન્યને માને એટલે કોઈ પણ વસ્તુમાં તેના નામ પ્રમાણે અંશ માત્ર ગુણ હોય તોપણ તેને પૂર્ણ વસ્તુ માને; અને કોઈ પણ વસ્તુમાં તેના નામ પ્રમાણે પૂર્ણ ગુણ હોય તોપણ તેને માને. નૈગમનયવાળો ત્રણે કાળના કાર્યને સત્ય માને. ચારે નિક્ષેપાને માને. તેવી રીતે નૈગમનયવાળો પુદ્‌ગલનાં સ્કંધના એક ગુણની મુખ્યતાને ગ્રહણ કરી વર્ણ, ગંધ, રસ, સ્પર્શના એક ગુણને પુદ્‌ગલ માને છે.

૨. સંગ્રહનય - સંગ્રહનયવાળો સામાન્યને માને છે. પણ વિશેષને બતાવતો નથી. એ નયવાળો ત્રણ કાળની વાત માને અને નિક્ષેપા ચારે માને. એક નામ લેવાથી તે નામને સર્વગુણ સર્વપર્યાય અને સર્વ પરિવાર સાથે ગ્રહણ કરે. સંગ્રહનયવાળો દરેક પુદ્‌ગલના પર્યાયને એક પુદ્‌ગલ નામથી બોલાવે.

૩. વ્યવહારનય - આ નયવાળો વસ્તુના બાહ્ય સ્વરૂપના ગુણોને તે વસ્તુ માને. પ્રત્યક્ષ દેખાય તેટલા ગુણોને માને પણ અંદરનાં પરિણામોની વ્યવહારનયવાળાને જરૂર નહિ.

જેમ નૈગમનયવાળાને આંતરિક ગુણો વિના બાહ્ય ગુણના અંશ માત્રની તથા સંગ્રહનયવાળને વસ્તુની જરૂર છે તેમ વ્યવહારનયવાળાને ક્રિયા તથા આચારની જરૂર છે.

વ્યવહારનયવાળો વિશ્રસા, મિસ્રસા અને પ્રયોગસા એ ત્રણ પ્રકારના પુદ્‌ગલોનો જે વ્યવહાર દ્દષ્ટિગોચર થતો હોય તેને પુદ્‌ગલાસ્તિકાય કહે છે.

૪. ઋજુસૂત્રનય - જે મુખ્યતયા વર્તમાનકાળના દ્રવ્યનો જ સ્વીકાર કરે છે તે ઋજુ એટલે સરળ, સૂત્ર એટલે સૂચન અથવા ચિંત્વન અર્થાત્ સરળ ચિંત્વન એ નયનવાળાનો સરળ વિચાર રહે છે. આ નયવાળો એક ભાવ નિક્ષેપાને જ માને.

આ નયવાળો જે પુદ્‌ગલ વર્તમાનકાળમાં પૂરણ-ગલનરૂપી સ્વભાવમાં વર્તે તેને જ પુદ્‌ગલાસ્તિકાય કહે.

૫. શબ્દનય - પર્યાયભેદ હોવા છતાં પણ કાળલિંગ વાચક શબ્દોને એકરૂપે માનવા માનવા તે શબ્દનય.

શબ્દનયવાળો, લિંગ શબ્દમાં ભેદ માનતો નથી. સામાન્યને નહિ પણ વિશેષ ગ્રહણ કરે. વર્તમાનકાળને માને, ફક્ત ભાવ નિક્ષેપાને માને, તે પુદ્‌ગલની પૂરણ-ગલન રૂપી જે ક્રિયા છે તેને પુદ્‌ગલાસ્તિકાય કહે.

૬. સમભિરૂઢ નય - સમ્યક્ પ્રકારથી યથારૂઢ અર્થને તે જ પ્રકારે ભિન્ન વાચ્ય માનવું તે સમભિરૂઢ નય, શબ્દના અર્થ પ્રમાણે ગુણ હોય તો માને. સમભિરૂઢનયવાળો લિંગ શબ્દમાં ભેદ માને છે; સામાન્યને નહિ માને, પણ વિશેષને માને, વર્તમાનકાળની જ વાતને માને અને ચારમાંથી એક ભાવનિક્ષેપાને જ માને છે તે પુદ્‌ગલના ગુણો - હાનિ-વૃદ્ધિ, ઉત્પાદ-વ્યય, ધ્રુવતા એને પુદ્‌ગલાસ્તિકાય કહે.

૭. એવંભૂતનય - ભૂત શબ્દ તુલ્ય અર્થનો વાચક છે એટલા માટે જે શબ્દ વિદ્યમાન અર્થનો વાચક અને અર્થક્રિયાકારીમાં બરાબર રાખે છે તેને એવંભૂતનય કહે છે. વસ્તુનું જેવું નામ, તેવું જે તેનું કામ અને પરિણામની ધારા પણ તેવી જ એ પ્રમાણે ત્રણે બાબત સંપૂર્ણ હોય તેને જ માને.

પુદ્‌ગલોનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ - તેનાં દ્રવ્ય-ગુણ પર્યાય વગેરેનાં જ્ઞાયકનો તેમાં ઉપયોગ હોય તે વખતે પુદ્‌ગલાસ્તિકાય કહે છે.

પુદ્‌ગલનાં ભેદ આ રીતે પણ જોઈ શકાય છે: (૧) ત્રસ-સ્થાવર (૨) બાદર-સૂક્ષ્મ (૩) પ્રત્યેક-સાધારણ (૪) પર્યાપ્ત-અપર્યાપ્ત (૫) સ્થિર-અસ્થિર- (૬) સચેત-અચેત.

ત્રસ ને સ્થાવર - એ મૂળધર્મ પુદ્‌ગલનો છે. ગતિપૂર્વક સ્થિતિ અને સ્થિતિપૂર્વક ગતિ આત્માનું ત્રસ અને સ્થાવરપણું પણ પુદ્‌ગલના નિમિત્તે જ છે.

બાદર ને સૂક્ષ્મ - પુદ્‌ગલના બાદર સ્કંધમાં અનંત પ્રદેશી સ્કંધ હોય છે. જ્યારે સૂક્ષ્મ સ્કંધ સંખ્યાત્, અસંખ્યાત્ અને અનંત પ્રદેશી હોઈ શકે છે.

પ્રત્યેક-સાધારણ - પુદ્‌ગલનાં અંતિમ પરમાણુને પુદ્‌ગલ પ્રત્યેક કહે છે. પુદ્‌ગલ સાધારણ એટલે પરમાણુઓનો સમૂહ.

પર્યાપ્ત-અપર્યાપ્ત - પુદ્‌ગલ દ્રવ્ય જ્યારે પૂર્ણરૂપે ન હોય તો તેનો ધર્મ ન બજાવે તેને અપર્યાપ્ત કહેવાય.

પુદ્‌ગલ દ્રવ્ય જ્યારે પૂર્ણરૂપે હોય ને તેનો ધર્મ બજાવે તેને પર્યાપ્ત કહે છે. સાધારણત : આ બધાં ગુણો આત્માના ગણાય છે, પરંતુ આત્માને જો પુદ્‌ગલનો સંયોગ હોય તો જ આ ગુણો આવે છે.

પુદ્દગલાસ્તિકાયની તાત્ત્વિક વિચારણા કર્યા પછી આપણે સમજી શકીએ કે પુદ્દગલને જડ કહીને નકારવાની ચીજ નથી. આ વિશ્વમાં જીવ તથા પુદ્દગલનું એક સ્વતંત્ર વિશ્વ છે કારણકે બંને અનંતા છે. જ્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એક વિશ્વ તે એક જ દ્રવ્ય છે. તે સ્વતંત્ર વિશ્વ ન બને.

પુદ્દગલ અનંત પર્યાય ભેદે છે. તેને કેવળી પણ પોતાના આયુષ્ય દરમ્યાન સંપૂર્ણ વર્ણવી ન શકે, એ જ પુદ્દગલને સાધન બનાવીને આપણે સાધ્ય કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ એ જ જાણવું ઘણું મહત્ત્વનું છે - પુદ્દગલને જાણવું તે દોષ નથી, પણ તેને તાણવું કે તેમાં તણાવું તે દોષ છે.

જીવ અને પુદ્દગલ જ્યાં ભેગાં થયાં છે તે એકક્ષેત્રી છે. ત્યાં ઘણા પ્રશ્નો ઊભા થાય છે. પુદ્દગલમાં જે નથી તે જ આપણે માગ્યું. તેથીજ આખો સંસાર છે, આમાંથી જ અનંતાનુબંધી કષાય ઊભા થયા છે, અવિરતિ થઈ છે. આપણી પાંચે પાંચ શક્તિ ( જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્ય) પુદ્દગલના એક ભાગમાં ઠાલવી દઈએ છીએ તે જ મિથ્યાત્વ મોહનીય છે.

પુદ્દગલના ગુણ છે કે બીજાના બંધનમાં આવવું, તેથી જેવી દ્રષ્ટિ આપણે પુદ્દગલ પ્રત્યે કરીએ છીએ તેવું તે આપણને ચોંટે છે અને કર્મબંધ થાય છે. જે અનંતા સંસાર કરાવે છે. પુદ્દગલથી ગભરાવાનું નથી પણ તેના પ્રત્યેના દષ્ટિપાતથી ગભરાવાનું છે. કર્મ પુદ્દગલનો સ્વભાવ છે. પુદ્દગલ સીમિત થાય તો કર્મ સીમિત થાય. પુદ્દગલ અનાદિ અનંતથી નિમિત્ત નૈમેતિક છે. સદોષને નિર્દોષ સંબંધના બે ભેદે નિર્દોષ સંબંધ કરીને તે જ પુદ્દગલ દ્વારા મોક્ષ પ્રાપ્ત થઈ શકે, પુદ્દગલને ઉપકરણ બનાવીએ તો ઉપકારીક, તેને અધિકરણ બનાવીએ તો નુકશાન.

ઉપકરણ એટલે ઓઘો, મુપત્તિ, આગમ, મૂર્તિ ઈત્યાદિ ધર્મ કરવાનાં સાધનો છે તે બધાં પુદ્દગલ હોવા છતાં આપણને ઉપકારી છે.

કરણ એટલે શરીર. જે સંયમ-નિયમ માટે ઉપયોગી છે. શરીર પુદ્દગલાસ્તિકાય હોવા છતાં ઉત્તમ સાધન છે.

અંતઃકરણથી ધ્યાન, તપ, સમાધિ આદિ સાધના કરવાથી અંતઃકરણને શુધ્ધ કરવાનું છે. અધિકરણથી શરીર ભોગી બને છે. ભોગનો ત્યાગ કરવાથી આ પુદ્દગલરૂપી શરીર યોગ બની જાય છે.

ભોગ શરીર બનાવ્યું તો અનંતા શરીરો મળશે.

યોગ શરીર બનાવ્યું તો અનંતા શરીરો ટળશે.

યોગીના શરીરના એકએક અંગને કમલની ઉપમા આપી છે તેથી તે પૂજવાલાયક છે. તે ક્યારે બને ?

(૧) જ્યારે શરીરનો સદુપયોગ આપણે ગુણવાન અને દરિદ્રની સેવા કરીને કરીએ.

(૨) પુદ્દગલ અથવા પદાર્થનો સદુપયોગ બીજા અભાવવાળાને આપીએ.

(૩) મનનો સદુપયોગ મોક્ષની ઈચ્છા કરીએ ત્યારે થાય.

**(પં.શ્રી પનાલાલભાઈ ગાંધીનાં પ્રવચનોને આધારે)**

લોગસ્સ (પૃષ્ઠ ૨ થી ચાલુ)

લોગસ્સ સૂત્રના ઉલ્લેખો અને તેના ઉપર થયેલાં કેટલાંક વિવેચનો ઉપરથી પણ આ સૂત્રનું મહત્ત્વ સમજાશે. નીચેની કૃતિઓમાં લોગસ્સ ઉપર અર્થપ્રકાશ જોવા મળે છે :-

(૧) મહાનિશીથ સૂત્ર તથા (૨) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (શ્રી સુધર્મસ્વામી ગણધર), (૩) ચઉસરણ પઈન્નય (શ્રુતસ્થવિર), (૪) આવશ્યક નિર્યુક્તિ (શ્રી ભદ્રબાહુસ્વામી), (૫) નંદિસૂત્ર (શ્રી દેવવાચક), (૬) અનુયોગ દ્વાર (શ્રુતસ્થવિર), (૭) આવશ્યક ચૂર્ણિ (શ્રી જિનદાસ ગણિ મહત્તર), (૮) આવશ્યક ભાષ્ય (શ્રી ચિરંતનાચાર્ય), (૯) આવશ્યક ટીકા તથા (૧૦) લલિતવિસ્તારા (શ્રી હરિભદ્રસૂરિ) (૧૧) ચૈત્યવંદન મહાભાષ્ય (શ્રી શાંતિસૂરિ), (૧૨) યોગશાસ્ત્ર વિવરણ (શ્રી હેમચંદ્રાચાર્ય) (૧૩) દેવવંદન તથા (૧૪) વંદારુવૃત્તિ ભાષ્ય (શ્રી દેવેન્દ્રસૂરિ), (૧૫) આચાર દિનકર (શ્રી વર્ધમાન સૂરિ) (૧૬) ધર્મસંગ્રહ. (શ્રી માનવિજય ઉપાધ્યાય)

લોગસ્સ સૂત્રના અને એના ઉપરના વિવેચનના જુદી જુદી ભાષામાં અનુવાદો થયા છે. અને લોગસ્સ સૂત્ર વિશે ગુજરાતીમાં સ્વતંત્ર ગ્રંથો પણ પ્રગટ થયા છે.

જિનેશ્વર ભગવાનનાં નામોનું રટણ કે સ્મરણ પણ ભવ્ય જીવોને ઉપકારક થાય છે. તીર્થંકર પરમાત્માઓના નામસ્તવનથી તેમના ગુણોનું સ્મરણ થાય છે અને જીવોને પોતાના આત્મામાં પણ રહેલા તેવા પ્રકારના ગુણોને વિકસાવવાની પ્રેરણા થાય છે. નામસ્તવ દ્વારા કીર્તન-વંદનથી જીવને પરમ આનંદોલ્લાસનો અનુભવ થાય છે. જેમ પોતાનાં પ્રિયજનને નામ દઈને બોલાવતી વખતે, ફક્ત એ નામના ઉચ્ચારણ વખતે પણ બહુ આનંદ અનુભવાય છે, તેમ અરિહંત પરમાત્માના નામના ઉચ્ચારણ વખતે અનહદ આનંદ અનુભવાય, તે સ્વાભાવિક છે.

જિનેશ્વર ભગવાનને ભાવપૂર્વક નમસ્કાર કરવામાં આવે તો તે નમસ્કાર જીવને સંસારસાગરમાં ડૂબતાં બચાવે છે. તેમને શ્રધ્ધાપૂર્વક કરેલા વંદનથી અશુભ કર્મનો ક્ષય થાય છે અને આત્મા વિશુધ્ધ બને છે. જિનેશ્વર ભગવાનની સ્તુતિથી બોધિ (સમ્યગ્દર્શન)નો લાભ થાય છે, બોધિની વિશુધ્ધિ થાય છે, ભવોભવ તે બોધિવિશુધ્ધિનો લાભ કરાવે છે અને સાવદ્ય યોગથી વિરમવા માટે પ્રેરક બળ બની રહે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીસમાં અધ્યયનમાં ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું કે चउवीसत्थएणं भंते ! जीवे किं जणयइ? કે 'હે ભગવાન ! ચતુર્વિંશતિસ્તવન ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી જીવને શો લાભ થાય છે ? ભગવાને કહ્યું चउवीसत्थएणं दंसणविसोहिं जणयइ ચતુર્વિંશતિસ્તવથી જીવને દર્શન વિશુધ્ધિનો લાભ થાય છે.

'ચઉસરણ પઈણ્ણય'માં પણ કહ્યું છે :

दंसणयारविसोही चउवीसायत्थएण किच्चइ य ।

अच्चब्भुअगुणकित्तण वेण जिणवरिंदाणं ॥

(જિનવરેન્દ્રના અતિ અદ્દભુત ગુણકીર્તન રૂપ ચતુર્વિંશતિસ્તવથી દર્શનાચારની વિશુધ્ધિ થાય છે.)

આમ દર્શન વિશુધ્ધિ અર્થાત્ સમ્યગ્ દર્શનની શુધ્ધિ માટે ચોવીસ તીર્થંકરોની સ્તુતિ આવશ્યક છે. લોગસ્સ સૂત્રના પઠન- સ્મરણ દ્વારા ચોવીસ તીર્થંકરોની સ્તુતિ સારી રીતે થાય છે. એટલે જ લોગસ્સ સૂત્ર સમ્યક્ત્વની વિશુધ્ધિ માટે એક પ્રબળ સાધન ગણાયું છે.

આવશ્યક સૂત્રમાં લોગસ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે ઉપરથી પણ લોગસ્સ એ સૂત્ર છે તે ફલિત થાય છે.

સૂત્રમાં ઓછામાં ઓછા શબ્દોમાં, પુનરુક્તિ કે સંદિગ્ધતાનાં દોષ વિના, સંક્ષેપમાં વિષયના સારતત્ત્વનું નિરૂપણ કરવામાં આવે છે. સૂત્ર કંઠસ્થ કરી શકાય એવું હોવું જોઈએ. તે પદ્યમાં પણ હોય અને

ગદ્યમાં પણ હોય, પરંતુ તે વ્યાકરણશુધ્ધ હોવું જોઈએ. તથા તેનું અર્થવિવરણ કરી શકાય એવું તે હોવું જોઈએ.

લોગસ્સ એ દ્રષ્ટિએ એક ઉત્તમ સૂત્ર છે. લોગસ્સ સૂત્ર મધુર પદ્યમાં છે એ એની વિશિષ્ટતા છે.

ચેઈય વંદન ભાસ (ચૈત્ય વંદન ભાષ્ય)માં દેવેન્દ્રસૂરિએ નીચે પ્રમાણે પાંચ દંડક સૂત્રો બતાવ્યાં છે :

(૧) સક્કત્થય (શક્રસ્તવ)

(૨) ચેઈયત્થય (ચૈત્યસ્તવ)

(૩) નામત્થય (નામસ્તવ)

(૪) સૂયત્થય (શ્રુતસ્તવ)

(૫) સિધ્ધત્થય (સિધ્ધસ્તવ)

દંડકના પ્રકારના આ પાંચ સૂત્રોમાં 'નમુત્થુણં' એ શક્રસ્તવ તરીકે ઓળખાય છે. 'અરિહંત ચેઈઆણં' સૂત્ર ચૈત્યસ્તવ તરીકે, 'લોગસ્સ' સૂત્ર નામસ્તવ તરીકે, ' પુક્ખરવરદિવડ્ઢે' શ્રુતસ્તવ તરીકે અને 'સિધ્ધાણં બુધ્ધાણં' સિધ્ધસ્તવ તરીકે ઓળખાય છે. આમ 'લોગસ્સ સૂત્ર' એ નામસ્તવ તરીકે જાણીતું છે. તેમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ એમના નામોલ્લેખ સાથે કરવામાં આવી છે.

લોગસ્સ સૂત્રની ભાષા અર્ધમાગધી અથવા આર્ષ પ્રાકૃત છે. એમાં એક પણ દેશ્ય શબ્દ નથી એ નોંધવું જોઈએ. લોગસ્સમાં कित्तिस्सं ને બદલે कित्तइस्सं જેવો પ્રયોગ થયો છે; सीयल અને सिज्जंस એ બે નામો બીજી વિભક્તિમાં પ્રયોજાયાં હોવા છતાં તેમાં વિભક્તિનો પ્રત્યય લાગ્યો નથી; चंदेसु અને आइच्चेसु એ બે સાતમી વિભક્તિ બહુવચનના રૂપો પંચમીના અર્થમાં વપરાયા છે; 'મને'ના અર્થમાં 'मम' અને 'मे' એ બે રૂપો વિકલ્પે વપરાયાં છે; તથા वन्द ધાતુ ઉપરથી वंदे (આત્માનેપદ) તથા वंदामि ( પરસ્મૈપદ) એ બે રૂપો વિકલ્પે વપરાયાં છે. આ બધી લાક્ષણિકતાઓ લોગસ્સની ભાષાની આર્ષતા, પ્રાચીનતા દર્શાવે છે.

લોગસ્સ સૂત્ર સાત ગાથામાં લખાયેલું છે. એની પહેલી ગાથા સિલોગ (શ્લોક) નામના અક્ષરમેળ છંદમાં છે. અને ત્યારપછીની છ ગાથા ગાહા (ગાથા-સંસ્કૃતમાં આર્યા છંદ) નામના માત્રામેળ છંદમાં છે. સિલોગ (શ્લોક) છંદ પ્રાકૃત ભાષામાં પ્રાચીન સમયથી વપરાતો આવ્યો છે. જૈન આગમ ગ્રંથોમાં તે ઘણેસ્થળે વપરાયેલો જોવા મળશે. ચાર ચરણના આ છંદના પ્રથમ ત્રણ ચરણ આઠ આઠ અક્ષરનાં છે અને છેલ્લું ચરણ આઠ અથવા નવ અક્ષરનું હોય છે. આઠ અક્ષરના ચાર ચરણવાળો છંદ અનુષ્ટુપ જાતિનો ગણાય છે. અને તેમાં લઘુગુરુના સ્થાનની દ્રષ્ટિએ ૨૫૬ જેટલા ભેદ બતાવવામાં આવે છે. ગાહા છંદના કેટલાક પેટા પ્રકારો છે. લોગસ્સની બીજીથી સાતમી સુધીની ગાથા અનુક્રમે (૧) હંસી, (૨) લક્ષ્મી, (૩) માધવી, (૪) જાહ્નવી, (૫) લક્ષ્મી અને (૬) વિદ્યુત નામના ગાહા છંદમાં રચાયેલી છે. આ ઉપરથી જોઈ શકાશે કે લક્ષ્મી- ગાહા છંદ લોગસ્સમાં બે વાર પ્રયોજાયો છે. બાકીના છંદો એક એક વાર પ્રયોજાયા છે. આમ સાત ગાથાના આ નાનકડા સૂત્રમાં છ જુદા જુદા છંદ પ્રયોજાયા છે એ એની મહત્તા દર્શાવે છે.

ગાથા છંદના ઉચ્ચારણમાં પણ કેટલીક સહેતુક લાક્ષણિકતાઓ દર્શાવવામાં આવે છે. પિંગળશાસ્ત્રીઓના મંતવ્ય પ્રમાણે ( પ્રાકૃત પિંગળસૂત્ર-૫૬) ગાથા છંદનું પહેલું ચરણ હંસની જેમ ધીમેથી બોલવું જોઈએ; બીજું ચરણ સિંહની ગર્જનાની જેમ ઉચ્ચ સ્વરે બોલવું જોઈ એ; ત્રીજું ચરણ હાથીની ચાલની જેમ લાલિત્યથી બોલવું જોઈએ અને ચોથું ચરણ સર્પની ગતિની જેમ ડોલતાં ડોલતાં ગાવું જોઈએ. લોગસ્સની ગાથાઓનું આ રીતે ઉચ્ચારણ કરવાથી એક વિશિષ્ટ પ્રકારનો આહ્લાદ અનુભવાય છે. એટલા માટે ગાથા છંદ પવિત્ર મનાયો છે અને પ્રાચીન દાર્શનિક સાહિત્યમાં તે સવિશેષ પ્રયોજાયો છે.

દેવવંદન ભાષ્યમાં દર્શાવ્યું છે તે પ્રમાણે નામસ્તવમાં - લોગસ્સ સૂત્રમાં સાત ગાથા (છંદશાસ્ત્રની દ્રષ્ટિએ પ્રથમ શ્લોક અને પછી છ ગાથા) છે, તેમાં કુલ ૨૮ પદ છે. અને તેની સંપદા (અર્થનું વિશ્રામસ્થાન) પણ ૨૮ છે. લોગસ્સસૂત્રમાં અક્ષરો ૨૫૬ છે. તે નીચે પ્રમાણે છે.

પ્રથમ શ્લોક- ૩૨ અક્ષર, બીજી ગાથા અક્ષર-૩૯, ત્રીજી ગાથા-૩૬, ચોથી ગાથા-૩૫, પાંચમી ગાથા-૪૧, છઠ્ઠી ગાથા-૩૬, સાતમી ગાથા-૩૭ કુલ અક્ષર-૨૫૬.

લોગસ્સ સૂત્ર જૈનોના વર્તમાન ચારેય ફિરકાને (શ્વેતામ્બર મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગમ્બરને) માન્ય છે અને તે દરેક એને એક પરમ પવિત્ર સૂત્ર તરીકે સ્વીકારે છે.

શ્વેતામ્બર પરંપરાના ત્રણે ફિરકામાં આ સૂત્રમાં કોઈ પાઠભેદ નથી. દિગમ્બર પરંપરામાં અર્થની દ્રષ્ટિએ કોઈ ભેદ નથી, પણ સ્વર વ્યંજનની દ્રષ્ટિએ કેટલોક ફેર છે. કેટલાંક ઉદાહરણ જુઓ :-

| શ્વેતામ્બર પાઠ | દિગંબર પાઠ |
|---|---|
| લોગસ્સ ઉજ્જોઅગરે | લોયસ્સુજ્જોયયરે |
| ધમ્મતિત્થયરે જિણે | ધમ્મં તિત્થંકરે જિણે વંદે |
| કિત્તઈસ્સં | કિત્તિસ્સે |
| પિ કેવલી | ચેવ કેવલિણો |
| પુપ્ફદંત | પુપ્ફયંત |
| જે એ લોગસ્સ ઉત્તમા | એદે લોગોત્તમા જિણા |

જૈન ધર્મનાં સિધ્ધાંત પ્રમાણે કર્મક્ષય વિના મુક્તિ નથી અને કર્મક્ષય માટે બાહ્ય અને આભ્યંતર તપ ઉત્તમ સાધન છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગ (વ્યુત્સર્ગ) એમ છ આભ્યંતર તપના પ્રકારો છે. અને તેમાં ધ્યાન તથા કાઉસગ્ગ ચડિયાતા પ્રકારો છે. આથી જ ગૃહસ્થો અને સાધુઓ માટેની ઘણી બધી ધાર્મિક વિધિઓમાં કાઉસગ્ગ કરવાનું વિધાન છે. સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન, દેવવંદન, પૌષધ, ઉપધાન તથા અન્ય વિશિષ્ટ તપશ્ચર્યાઓ, પડિલેહન, યોગોદ્‌વાહન વગેરેમાં કાઉસગ્ગ કરવાનું વિધાન છે. આમાં મુખ્યત્વે લોગસ્સનો કાઉસગ્ગ કરાય છે.

કાઉસગ્ગ નવકારમંત્રનો અથવા લોગસ્સનો હોય છે. નવકારમંત્ર કરતાં લોગસ્સના કાઉસગ્ગનો આદેશ વિશેષપણે જોવા મળે છે. ( જ્યાં લોગસ્સ ન આવડતો હોય ત્યાં એક લોગસ્સને બદલે ચાર નવકારનો કાઉસગ્ગ કરાય છે.) કાઉસગ્ગ માટે નમુત્થુણં, જયવીયરાય વગેરે સૂત્રોને બદલે લોગસ્સ સૂત્રનો કાઉસગ્ગ કરવાનું વિધાન છે, કારણ કે લોગસ્સમાં ચોવીસ તીર્થંકરની નામસ્તવના છે અને લોગસ્સ સાથે યોગપ્રક્રિયા પણ જોડાયેલી છે.

નવકારમંત્રના કાઉસગ્ગમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર છે. કાઉસગ્ગની સાથે ધ્યાન જોડાયેલું છે. નવકારમંત્રમાં અરિહંત, સિધ્ધ વગેરે પદો છે, વ્યક્તિ-વિશેષ નથી. ધ્યાનમાં પદ કરતાં વ્યક્તિ વિશેષનું ધ્યાન સરળતાથી થાય છે. અરિહંત શબ્દથી ચિત્ત અરિહંતના સ્વરૂપમાં જેટલું કેન્દ્રિત થાય છે તેના કરતાં ઋષભદેવનું, પાર્શ્વનાથનું, મહાવીરસ્વામીનું નામ સ્મરણ કરતાં તેમાં ચિત્ત વધુ સરળતાથી એકાગ્ર થઈ શકે છે. એટલે સાલંબન ધ્યાન માટે લોગસ્સના ચોવીસ

તીર્થંકરોનાં નામ વધુ અનુકૂળ રહે છે. ચિત્ત તેમાં પરોવાઈ શકે છે. અને એકાગ્ર બની શકે છે. આરંભ કરનારાઓ માટે તે સરળ થઈ પડે છે. આથી નવકારમંત્ર કરતાં લોગસ્સના કાઉસગ્ગ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. આમ છતાં, લોગસ્સ દ્વારા ચોવીસ તીર્થંકર ઉપરાંત પંચપરમેષ્ઠિનું ધ્યાન પણ થઈ શકે છે. લોગસ્સની પહેલી ગાથા એ માટે મહત્ત્વની છે. એમાં તીર્થંકર માટે પાંચ મહત્વના શબ્દો પ્રયોજાયા છે. 'લોગસ્સ ઉજ્જોઅગરે' શબ્દો દ્વારા લોકના અગ્રભાગે બિરાજમાન અને 'લોક' ઉપર પ્રકાશ રેલાવનાર એવા સિધ્દ ભગવંતોનું ધ્યાન થઈ શકે છે. 'ધમ્મ તિત્થયરે' શબ્દમાં ધર્મતીર્થ પ્રવર્તાવનાર સમવસરણમાં બિરાજમાન અરિહંત પરમાત્માનું ધ્યાન થઈ શકે છે. 'જિને' અને 'અરિહંતે' શબ્દ દ્વારા તીર્થંકર ભગવાનના વિવિધ ગુણોનું ધ્યાન થઈ શકે છે. 'ધમ્મ તિત્થયરે' શબ્દ દ્વારા ગણધરોને દીક્ષા અને ત્રિપદી આપનારં એવા અનુક્રમે આચાર્ય અને ઉપાધ્યાયના પદોનું પણ સ્મરણ થઈ શકે છે. 'કેવલી' શબ્દ દ્વારા સાધુના પદનું સ્મરણ થઈ શકે છે.

લોગસ્સની પહેલી ગાથાના આ શબ્દોને બીજી એક રીતે ઘટાવવામાં આવે છે. આ ગાથામાં પંચ પરમેષ્ઠિનું સ્વરૂપ ગૂંથી લેવામાં આવ્યું છે. કારણ કે તીર્થંકર પરમાત્માના જીવનમાં પાંચે પરમેષ્ઠિનાં પદ સુનિહિત હોય છે.

(૧) તેઓ જ્યારે સમવસરણમાં બિરાજમાન થઈ ધર્મતીર્થ પ્રવર્તાવે છે ત્યારે 'અરિહંત' સ્વરૂપે હોય છે.

(૨) તેઓ નિર્વાણ પામે છે ત્યાર પછી સિધ્દ સ્વરૂપે હોય છે.

(૩) તેઓ જ્યારે ગણધરોને દીક્ષા આપે છે ત્યારે 'આચાર્ય'ના પદે હોય છે.

(૪) તેઓ જ્યારે ગણધરોને 'ત્રિપદી' આપે છે ત્યારે 'ઉપાધ્યાય' ના પદે હોય છે.

(૫) તેઓ જ્યારે ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી સ્વયંદીક્ષિત થાય છે ત્યારે સાધુના પદે હોય છે.

આમ, લોગસ્સ સૂત્રના કાઉસગ્ગમાં તીર્થંકરોના જીવનના પ્રસંગો દ્વારા પંચ પરમેષ્ઠિનું ધ્યાન પણ ધરી શકાય છે.

લોગસ્સની પહેલી ગાથામાં તીર્થંકરો માટે પ્રયોજાયેલા શબ્દોને ભિન્ન ભિન્ન રીતે ઘટાવવામાં આવે છે. અરિહંત પરમાત્માના બાર ગુણ છે. તેમાં અષ્ટ પ્રાતિહાર્યના આઠ ગુણ તે દેવકૃત હોય છે. બાકીના ચાર ગુણ તે હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં સમજાવ્યું છે તે પ્રમાણે ચાર અતિશય છે: (૧) જ્ઞાનાતિશય (૨) વચનાતિશય (૩) પૂજાતિશય અને (૪) અપાયાપગમાતિશય. આ ચાર આત્મભૂત લક્ષણો લોગસ્સની ગાથાના શબ્દોમાં નીચે પ્રમાણે જોઈ શકાય છે :

(૧) લોગસ્સ ઉજ્જોઅગર - કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જેઓ લોકના સંપૂર્ણ સ્વરૂપને પ્રકાશનારા છે.- જ્ઞાનાતિશય (૨) ધમ્મતિત્થયર - ધર્મતીર્થ પ્રવર્તાવનાર સમવસરણમાં સર્વભાષામાં પરિણમે એવી વાણી દ્વારા દેશના આપનાર-વચનાતિશય. (૩) જિન (તથા અરિહંત)- ચાર ઘાતી કર્મોનો નાશ કરનાર- અપાયાપગમાતિશય (૪) અરિહંત - પૂજાતિશય

કાઉસગ્ગમાં ક્યારેક સંપૂર્ણ લોગસ્સ બોલવાનો હોય છે. અને ક્યારેક 'ચંદેસુ નિમ્મલયરા' સુધી બોલવાનો હોય છે. (કેટલીક ક્રિયામાં સાગરવર ગંભીરા સુધી બોલવાનો હોય છે) ' ચંદેસુ નિમ્મલયરા' સુધી બોલવાના લોગસ્સમાં યોગપ્રક્રિયા જોડાયેલી છે. એ લોગસ્સનાં પદોનું ઉચ્ચારણ શ્વાસોશ્વાસ સાથે જોડાયેલું હોવું જોઈએ. પૂર્વાચાર્યોએ 'પાયસમા ઉસાસા' એટલે કે જેટલાં પદ એટલા શ્વાસોચ્છવાસ એ પ્રમાણે લોગસ્સનો કાઉસગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી કરવાનો કહ્યો છે. કોઈને પ્રશ્ન થાય કે આમ અપૂર્ણ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનું કેમ વિધાન હશે ? પરંતુ આ કાઉસગ્ગમાં સૂત્રના સંપૂર્ણ ઉચ્ચારણ કરતાં સૂત્રનાં પદો સાથે શરીરમાં ચાલતી શ્વાસોચ્છવાસની ક્રિયા મહત્ત્વની છે. એટલે 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનાં પચ્ચીસ પદ પ્રમાણે એક લોગસ્સના કાઉસગ્ગમાં પચ્ચીસ વાર શ્વોસોચ્છવાસની ક્રિયા કરવાની હોય છે, કારણ કે લોગસ્સનો આ પ્રકારનો કાઉસગ્ગ યોગપ્રક્રિયા સાથે જોડાયેલો છે. એથી શ્વાસોચ્છવાસની ગતિ નિયમબધ્દ બને છે. ચિત્ત કાઉસગ્ગમાં વધુ કેન્દ્રિત બને છે. લોગસ્સના શબ્દો અને વર્ણો પ્રાણવાયુ સાથે એકરૂપ થઈ જાય છે. એવી રીતે વ્યવસ્થિત, પધ્દતિસર, ઉતાવળ વિના પૂરી સ્વસ્થતાથી કાઉસગ્ગ કરનાર આરાધક પદો સાથે એક પ્રકારનો લય અનુભવે છે. મંત્રશાસ્ત્રમાં એને 'લયયોગ' કહેવામાં આવે છે. લયયોગ સહિતના ધ્યાનવાળો કાઉસગ્ગ કર્મક્ષય વગેરેમાં વિશેષ ફળ આપનારો છે એમ શાસ્ત્રકારો કહે છે. હવે પ્રશ્ન એ થાય છે કે 'પાયસમા ઉસાસા' અર્થાત્ શ્વાસોચ્છવાસ પ્રમાણ કાઉસગ્ગ ' ચંદેસુ નિમ્મલયરા' સુધી શા માટે ? 'સિધ્ધા સિધ્દિં મમ દિસંતુ' એ છેલ્લા પદ સુધી ન કરી શકાય ? ૨૫ પદને બદલે ૨૮ પદ સુધીનો સંપૂર્ણ લોગસ્સનો એવો કાઉસગ્ગ ન કરી શકાય ? આ પ્રશ્નનો જવાબ એ છે કે આ યોગપ્રક્રિયાની સૂક્ષ્મ બાબત છે અને યોગવિદ્યામાં પ્રવીણ, લબ્ધિ સિધ્દિના જાણકાર અને મંત્રશાસ્ત્રના મર્મજ્ઞ એવા ગણધર ભગવંતોએ અને તે સમયના પૂર્વાચાર્યોએ પોતાની સૂક્ષ્મ યોગાનુભૂતિને આધારે આ પદસંખ્યા નક્કી કરી હશે. આપણને જે પ્રશ્ન થાય છે તેનો વિચાર તેઓએ અવશ્ય કર્યો જ હશે. શ્વાસોચ્છવાસવાળો કાઉસગ્ગ ચક્રોમાં અનુક્રમે ધ્યાનને કેન્દ્રિત કરતાં કરતાં 'ચંદેસુ નિમ્મલયરા' પદ વખતે સહસ્ત્રાર ચક્રને સ્પર્શ થઈ જાય છે માટે ત્યાંજ અટકી જવાનું હશે એવું પણ એક અનુમાન થાય છે. ચોવીસ તીર્થંકરના ચોવીસ શ્વાસોચ્છવાસ અને ચતુર્વિધ સંઘસ્વરૂપ તીર્થંકરને માટે પૂર્ણાહુતિરૂપ કળશનો એક શ્વાસોચ્છવાસ એ રીતે ૨૫ શ્વાસોચ્છવાસ એવું પણ અનુમાન કરાય છે. કેટલાક કાઉસગ્ગ સાગરવર ગંભીરા સુધી ૨૭ શ્વાસોચ્છવાસ પ્રમાણ કરવાનું વિધાન છે. તેમાં ચંદેસુ નિમ્મલયરા - એ ચંદ્ર નાડી માટે છે, આઈચ્ચેસુ અહયં પયાસરા - એ આદિત્ય એટલે કે સૂર્ય નાડી માટે છે અને સાગરવર-ગંભીરા એ સુષુમ્ણા નાડીના ઉદઘાટન માટે છે એવું પણ અનુમાન કરાય છે. અલબત્ત આ અનુમાનો છે. કાઉસગ્ગની અનુભૂતિ ઘણી સૂક્ષ્મ, ગહન અને રહસ્યમય છે. એનો સંપૂર્ણ પાર પામી શકવાનું દુષ્કર છે.

લોગસ્સનો કાઉસગ્ગ શ્વાસોચ્છવાસ પ્રમાણે જે કરવાનો હોય છે તેમાં સાથે ધ્યાન પણ સંકળાયેલું હોય છે. પરંતુ જે પૂર્ણ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે તેમાં મંત્રજાપ હોય છે, નામ- સ્તવના હોય છે. નામ-સ્તવનાનું મહત્ત્વ પણ ઓછું નથી. એટલા માટે લોગસ્સના કાઉસગ્ગ પછી તરત હંમેશાં પ્રગટ લોગસ્સ બોલવાનો હોય છે અને તે સંપૂર્ણ લોગસ્સ જ હોય છે.

લોગસ્સના કાઉસગ્ગના વિષયમાં જેમ પ્રયોજન મોટું તેમ કાઉસગ્ગ મોટો હોય છે. દુઃસ્વપ્ન તથા દુઃખક્ષય કે કર્મક્ષય માટે રોજેરોજ પ્રતિક્રમણમાં કરાતો કાઉસગ્ગ ચાર લોગસ્સનો હોય છે. પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૧૨, ૨૦ અને ૪૦ લોગસ્સનો કાઉસગ્ગ હોય છે. (ફિરકાભેદે આ સંખ્યામાં થોડો ફેર હોય

છે) ઉપધાન તપ કરનારા આરાધકોએ એ તપ દરમિયાન રોજ ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે. નવપદની આરાધના અને વીસ સ્થાનકની આરાધનામાં પણ તે પ્રમાણે લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે. (અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજને રોજ સો લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો નિયમ હતો.) કોઈ વિશિષ્ટ મોટું શુભ પ્રયોજન હોય અથવા સંઘ ઉપર કંઈ આપત્તિ કે ઉપદ્રવ હોય, તીર્થક્ષેત્રમાં કંઈ ઉપદ્રવો હોય અથવા ન થાય તે માટે પણ લોગસ્સના કાઉસગ્ગનું વિધાન છે.

લોગસ્સના કાઉસગ્ગનું મહત્ત્વ શાસ્ત્રકારોએ એટલું બધું બતાવ્યું છે કે રોજે રોજ અવશ્ય કર્તવ્યરૂપ આ કાઉસગ્ગ ન કરવામાં આવે તો તેને દોષ, - અતિચાર લાગે છે. પાક્ષિક ઈત્યાદિ પ્રતિક્રમણમાં અતિચારમાં - તપાચારના અતિચારમાં કહ્યું છે કે 'કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દસ વીસનો કાઉસગ્ગ ન કીધો.... તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.'

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં સંવત્સરિ પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી તથા એક નવકારનો કાઉસગ્ગ કરવામાં આવે છે. ૪૦ લોગસ્સના કુલ ૧૦૦૦ શ્વાસોચ્છવાસ તથા નવકારમંત્રના ૮ શ્વાસોચ્છવાસ એમ કુલ ૧૦૦૮ શ્વાસોચ્છવાસ થાય છે. ૪૦ લોગસ્સ ઉપર એક નવકાર ગણવાથી ૧૦૦૮ની શુભ સંખ્યાનો પણ મેળ બેસે છે.

એક લોગસ્સ બરાબર ચાર નવકારનો કાઉસગ્ગ હોય છે. નવકારના આઠ શ્વાસોચ્છવાસ ગણવામાં આવે છે. લોગસ્સના ૨૫ શ્વાસોચ્છવાસ હોય છે. એટલે ત્રણ નવકાર ગણતાં ૨૪ શ્વાસોચ્છવાસ થાય અને ચાર નવકાર ગણતાં ૩૨ શ્વાસોચ્છવાસ થાય. એટલે શ્વાસોચ્છવાસની ઓછી સંખ્યા કરતાં અધિક શ્વાસોચ્છવાસનું પ્રમાણ વધુ યોગ્ય અને હિતાવાહ છે. બંનેના કાલમાનની દ્રષ્ટિએ પણ તે યોગ્ય છે. પદ અને સંપદાની દ્રષ્ટિએ પણ ત્રણ કરતાં ચાર નવકાર વધુ યોગ્ય જણાય છે. એટલે એક લોગસ્સ બરાબર ચાર નવકારની ચાલી આવેલી પરંપરા યોગ્ય જ મનાય છે. લોગસ્સ ન આવડતો હોય તો કાઉસગ્ગ ન કરે, તેની પાસે નવકારનો કાઉસગ્ગ કરાવવાની જરૂર શી છે એવી દલીલ વ્યર્થ છે. અલબત્ત, કાઉસગ્ગ કરવાની સાચી ભાવનાવાળાએ ઉત્સાહપૂર્વક લોગસ્સ કંઠસ્થ કરી લેવો જોઈએ. નવકારમંત્ર કરતાં લોગસ્સસૂત્ર મોટું અને કઠિન છે એવી દલીલમાં પણ બહુ બળ નથી, કારણ કે જો રસ, રુચિ અને લગની હોય તો ભાષા બોલતાં શીખેલાં બે ત્રણ વર્ષનાં બાળકોએ લોગસ્સ શુધ્ધ રીતે કંઠસ્થ કરી લીધાના ઘણા દાખલા છે.

લોગસ્સની સાત ગાથાઓનો સંબંધ આપણા દેહમાં રહેલાં સાત સૂક્ષ્મ ચક્રો-શક્તિનાં કેન્દ્રો સાથે પણ દર્શાવવામાં આવે છે. પહેલી ગાથા મૂલાધાર ચક્રમાં ચિત્તને કેન્દ્રિત કરીને બોલવાની હોય છે. બીજી ગાથા સ્વાધિસ્થાન ચક્રમાં, ત્રીજી મણિપુર ચક્રમાં, ચોથી અનાહત ચક્રમાં, પાંચમી વિશુધ્ધિ ચક્રમાં, છઠ્ઠી આજ્ઞાચક્રમાં અને સાતમી સહસ્રાર ચક્રમાં પ્રણિધાનપૂર્વક બોલવાની હોય છે. લોગસ્સની ગાથાઓની સંખ્યા સાત છે એ આકસ્મિક કે નિષ્પ્રયોજન નથી. એ સાતની સંખ્યામાં વિશિષ્ટ અર્થ અને સંકેત રહેલો છે.

લોગસ્સ સૂત્રમાં ૨૪ તીર્થંકરોના નામો બીજી, ત્રીજી અને ચોથી એમ ત્રણ ગાથામાં આપવામાં આવ્યા છે. દરેક ગાથામાં આઠ- આઠ તીર્થંકરોના નામ આવે એવી સરખી વહેંચણી કરવામાં આવી છે. મંત્રસ્વરૂપ આ ત્રણ ગાથાઓમાં તીર્થંકરોના માત્ર નામ જ આપવામાં આવ્યાં છે. તેની સાથે બહુમાન સૂચક શબ્દો જેવા કે સિરિ (શ્રી), નાહ (નાથ), દેવ, પ્રભુ વગેરે શબ્દો આગળ કે પાછળ પ્રયોજવામાં આવ્યા નથી. જ્યાં ચોવીસ તીર્થંકરોની ગણના હોય ત્યાં આવાં ફક્ત નામો જ ગણાવવામાં આવ્યાં હોય એવું અન્યત્ર પણ જોવા મળે છે. નંદીસૂત્રમાં તિત્થયરાવલીના પાઠમાં એ પ્રમાણે છે. તદુપરાંત બૃહતશાંતિ સ્તોત્ર એનું સુપ્રસિધ્ધ ઉદાહરણ છે. આમાં તીર્થંકરોના નામની ક્રમિક સંકલના કવિતા કે ભાષાગૌરવની દ્રષ્ટિએ જ ફક્ત ન કરતાં મંત્રસ્વરૂપ અક્ષરોની દ્રષ્ટિએ કરવામાં આવી છે. લોગસ્સની આ ત્રણ ગાથાઓ, એટલા માટે, મંત્રશાસ્ત્ર અને તંત્રશાસ્ત્રની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વની છે.

આ ગાથાઓમાં આવતાં ચોવીસ તીર્થંકર પરમાત્માઓનાં નામ વ્યાકરણની દ્રષ્ટિએ બીજી વિભક્તિમાં પ્રયોજવામાં આવ્યાં છે. બીજી વિભક્તિમાં શબ્દના અંત્ય વ્યંજન ઉપર અનુસ્વાર - ( અનુનાસિક વ્યંજન મ્) એટલે બિંદુ આવે છે. પરંતુ આમાં ચોવીસ તીર્થંકરનાં ચોવીસ નામ ઉપર ચોવીસ બિંદુ નથી આવતાં. સમાસની રચના કરવાથી બિંદુઓની સંખ્યા ઘટાડી શકાય છે. તેમ છતાં 'વંદે' અને વંદામિ શબ્દમાં અને તીર્થંકરોના પોતાના નામ ઉપર આવતાં બિંદુઓ મળીને કુલ ૩૫ બિંદુઓનું આયોજન આ ત્રણ ગાથામાં છે. પહેલી ગાથામાં બાર બિંદુ છે, બીજી ગાથામાં બાર બિંદુ છે અને ત્રીજી ગાથામાં અગિયાર બિંદુ છે. બિંદુંના અનુનાસિક ઉચ્ચારણમાં વિશિષ્ટ નાદ અને કલા રહેલાં હોય છે. બિંદુની એ સૂક્ષ્મ અવસ્થાઓ છે. પરમાત્માનું ધ્યાન ધરતી વખતે આ બિંદુનો પણ ખ્યાલ રાખવાનો હોય છે. ઓમકાર બિંદુસંયુક્તં.- એમ બિંદુનો સ્પષ્ટ અલગ નિર્દેશ કરીને બતાવ્યું છે કે પરમાત્માના નામનું ઉચ્ચારણ બિંદુયુક્ત જ્યારે કરવામાં આવે છે ત્યારે તે ભૌતિક દ્રષ્ટિએ 'કામદં' - ઈચ્છાઓ પૂરી કરનાર અને મોક્ષદં - મોક્ષ અપાવનાર નીવડે છે. (આ દર્શાવવા માટે કામદં અને મોક્ષદં શબ્દો પણ બિન્દુ સહિત પ્રયોજાયા છે.)

લોગસ્સની આ ત્રણ ગાથામાં અવ્યય ચ નો ઉપયોગ અગિયાર વખત કરવામાં આવ્યો છે. એમાં દસ વખત ચ નો અર્થ 'અને' થાય છે અને સુવિહિં ચ પુપ્ફદંતં માં ચ નો અર્થ 'અથવા' થાય છે. સંસ્કૃત ભાષા એટલી અનુકૂળ છે કે આ ત્રણે ગાથામાં ચ અવ્યયનો ઉપયોગ ફક્ત ત્રણ ચાર વખત કરવા ધાર્યો હોય તો પણ ચાલી શકે, પરંતુ આ ગાથાઓમાં ચ નો ઉપયોગ વિશેષ ધ્યાન ખેંચે છે. ગાથા છંદની પંક્તિઓ લખતી વખતે ચ જેવો એક માત્રાવાળો વર્ણાક્ષર પાદપૂરક તરીકે ઉપયોગી થઈ શકે છે, તેમ છતાં એના અહીં થયેલા ઉપયોગમાં એક યોજના રહેલી છે. નામોની પહેલી ગાથામાં ચાર વખત, બીજી ગાથામાં ચાર વખત અને ત્રીજી ગાથામાં ત્રણ વખત 'ચ'ના ઉપયોગ થયો છે. એક, બે કે ત્રણ તીર્થંકરોના નામ પછી જે ચ આવે છે, તેમાં સાત, ચૌદ અને એકવીસમાં તીર્થંકર પછી ચ અવશ્ય આવે જ છે.

વળી લોગસ્સમાં ચ વ્યંજન ચંદ્રપ્રભુ તીર્થંકર - ચંદપ્પહં ના નામ ઉપરાંત ચઉવીસં, ચંદેસુ, આઈચ્ચેસુ જેવા શબ્દોમાં પણ વપરાયો છે. એ રીતે ચ ની બહુલતા, બિન્દુની બહુલતાની જેમ ધ્યાનપાત્ર છે.

આ બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં ઋષભદેવથી શરૂ કરી વર્ધમાનસ્વામી સુધીનાં ૨૪ તીર્થંકરોનાં નામ ગણાવ્યાં છે. તેમાં સાત, ચૌદ અને એકવીસમા તીર્થંકરના નામ પછી જિણં શબ્દ પ્રયોજાયો છે. મંત્રરૂપ આ ગાથામાં જિણં શબ્દ આકસ્મિક રીતે કે માત્ર પાદપૂરક તરીકે પ્રયોજાયો નથી. તેમાં ચોક્કસ ધ્યેયપૂર્વકનું આયોજન છે. ચોવીસ તીર્થંકરોનાં નામ ત્રણ ગાથામાં આપવામાં આવ્યાં છે. તેમાં પ્રત્યેક

ગાથામાં આઠ-આઠ તીર્થંકરોનાં નામ છે. એટલે કે ચોવીસની સંખ્યાનું ત્રણ ગાથામાં વિભાજન વ્યવસ્થિત અને ગાણિતિક રીતે થયું છે. તેવી જ રીતે જિણં શબ્દ સાત, ચૌદ અને એકવીસમા તીર્થંકર પછી આવે છે. તે શબ્દ પણ વ્યવસ્થિત રીતે અને ગણતરીપૂર્વક વિશિષ્ટ દ્રષ્ટિથી પ્રયોજાયો છે. ચોવીસ તીર્થંકરોનાં નામ કુંડલિની જાગરણની દ્રષ્ટિએ જો વિચારીએ તો મૂલાધાર પાસે રહેલી કુંડલિની શક્તિ લગભગ સાડા ત્રણ વર્તુળની છે. સર્પના જેવું મુખ ધરાવતી શક્તિ અધોમુખ કરીને રહેલી છે. તેને જાગ્રત કરવા માટે પ્રત્યેક ચક્રમાં એક એક તીર્થંકરનું નામસ્મરણ-ધ્યાન કરીને જો ચિત્તની એકાગ્રતા સાધવામાં આવે તો શક્તિ જાગ્રત થાય. આ રીતે પહેલા વર્તુળમાં ઋષભ, (મૂલાધાર ચક્ર) અજિત ( સ્વાધિસ્થાન), સંભવ (મણિપુર), અભિનંદન (અનાહત), સુમતિ (વિશુધ્ધિ) પદ્મપ્રભુ (આજ્ઞા) સુપાર્શ્વ (સહસ્ત્રાર) એમ સાત તીર્થંકરોનાં નામોનું અનુક્રમે સ્મરણ- પ્રણિધાન કર્યા પછી જિણં શબ્દ બોલવા સાથે ઉપરથી ફરી નીચે મૂલાધારમાં ચિત્તને જોડવાનું છે. ફરીથી ચંદ્ર (મૂલાધાર), સુવિધિ પુષ્ફદંત (સ્વાધિસ્થાન), શીતલ (મણિપુર), શ્રેયાંસ (અનાહત) વાસુપૂજય (વિશુધ્ધિ) વિમલ (આજ્ઞા), અનંત (સહાસ્ત્રાર) એ ક્રમે પ્રણિધાન કર્યા પછી ફરી જિણં બોલવા સાથે ઉપરથી નીચે મૂલાધારમાં ચિત્તને લઈ જવાનું છે. ત્રીજા વર્તુળમાં ધર્મ (મૂલાધાર), શાંતિ ( સ્વાધિસ્થાન), કુંથુ (મણિપુર), અર (અનાહત), મલ્લિ (વિશુધ્ધિ), મુનિસુવ્રત (આજ્ઞા), નમિ (સહસ્ત્રાર) એમ ત્રીજું વર્તુળ પૂરુ કરી જિણં શબ્દ બોલવા સાથે ઉપરથી નીચે ફરી મૂલાધારમાં ચિત્તને કેન્દ્રિત કરવાનું છે. ત્યાર પછી અરિષ્ટનેમિ (મૂલાધાર), પાર્શ્વ (સ્વાધિસ્થાન) અને વર્ધમાન (મણિપુર) - એ પ્રમાણે ચોવીસ તીર્થંકરોનું નામસ્મરણ ચક્રોમાં જો ગણવામાં આવે તો વિશિષ્ટ શક્તિ અપાવનાર બને છે. આમ લોગસ્સ સૂત્રની ગાથાઓ વિશિષ્ટ યોગપ્રક્રિયા સાથે સંકળાયેલી છે અને એથી એનો મહિમા સવિશેષ છે.

ત્રીજી ગાથામાં નવમા તીર્થંકર સુવિધિનાથનાં બે નામ આપવામાં આવ્યાં છે. (૧) સુવિહિ અને (૨) પુપ્ફદંત. શ્વેતામ્બરોમાં સુવિધિનાથ નામ વધુ પ્રચલિત છે. દિગમ્બરોમાં પુષ્ફદંત નામ વધુ પ્રચલિત છે. લોગસ્સમાં અન્ય કોઈ તીર્થંકરનાં બે નામ નથી આપવામાં આવ્યાં. સુવિધિ અને પુષ્ફદંત એ નામો આપવામાં આવ્યાં છે. એ બે નામોમાંથી કોઈપણ એકનો વિશેષ નામ તરીકે અને બીજાનો વિશેષણ તરીકે અર્થ ઘટાવી શકાય છે. પરંતુ કર્તાએ બે નામ કેમ પ્રયોજયાં હશે તેનો સ્પષ્ટ કોઈ ખુલાસો નથી. છંદની દ્રષ્ટિએ જરૂરી હશે એવું એક અનુમાન થાય છે. ચક્રોની દ્રષ્ટિએ સુવિધિનાથનું ધ્યાન સ્વાધિસ્થાન ચક્રમાં આવે છે. એ ચક્રમાં ધ્યાનને વધુ દ્રઢ કરવાનું કોઈ પ્રયોજન હશે એવું અનુમાન પણ થાય છે.

લોગસ્સ સૂત્રમાં પ્રત્યેક તીર્થંકરનું નામ વિશેષ નામ તરીકે છે. પરંતુ તદુપરાંત દરેક તીર્થંકરના નામનો વિશિષ્ટ અર્થ પણ છે. અને અર્થની દ્રષ્ટિએ પણ તેનું માહાત્મ્ય છે, કારણ કે દરેક તીર્થંકરનું વિશેષ નામ અવશ્ય ગુણનિષ્પન્ન હોય છે. તીર્થંકરોનું ધ્યાન જો ચક્રોમાં કરવામાં આવે તો આ વિશિષ્ટાર્થની દ્રષ્ટિએ પણ ઉચિત અને અર્થપ્રેરક બને છે. તે તે તીર્થંકરોનાં યક્ષયક્ષિણીનાં નામના વિશિષ્ટાર્થ પણ તે તે ચક્રોની દ્રષ્ટિએ પણ બહુ જ સૂચક છે. આ ઘણો જ ગહન વિષય છે. જેમ જેમ પ્રણિધાન-અનુપ્રેક્ષા વધતાં જાય તેમ તેમ સાધકોને વધુને વધુ પ્રકાશ અને ઉઘાડનો અનુભવ થાય એવું એવું આ લોગસ્સ સૂત્ર છે.

ચોવીસ તીર્થંકરોના નામનું સ્મરણ, રટણ અનુક્રમે એક એક ચક્રમાં પ્રણિધાનપૂર્વક કરવામાં આ રીતે સાડા ત્રણ વર્તુળ થાય છે. તેમાં પ્રથમ વર્તુળ દર્શનનું છે, બીજું વર્તુળ જ્ઞાનનું છે, ત્રીજું વર્તુળ ચારિત્રનું છે. અને ચોથું અડધું વર્તુળ તપનું છે. ત્રણ વર્તુળ પૂરા થાય તે પછીના અડધા વર્તુળમાં નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી એ ત્રણ તીર્થંકરોનું ધ્યાન ધરવાનું છે. એ ત્રણ તીર્થંકરોના જીવનનું અવલોકન કરીએ તો તેમાં બાહ્ય અને આભ્યંતર તપની મહત્તા સવિશેષ જણાશે. તપનું વર્તુળ અડધું જ છે, કારણ કે તપમાં વ્યક્તિએ પોતે જ પોતાના પુરુષાર્થ વડે આગળ વધવાનું છે.

લોગસ્સની અનુષ્ઠાપૂર્વકની આરાધના પણ કરવામાં આવે છે. શુધ્ધ વસ્ત્ર, આસન વગેરે સાથે ધૂપ, દીપક, પુષ્પ, વાસક્ષેપ વગેરે સાથે ચોવીસ તીર્થંકરનું ચિત્રપટ સન્મુખ રાખી લોગસ્સનું પઠન નિયત સમય માટે કરવાથી વિશેષ લાભ થાય છે.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ માટે પંચષષ્ઠિ યંત્રની રચના કરવામાં આવે છે. આડી અને ઊભી લીટીઓ દોરી પચ્ચીસ ખાનાનું સમચોરસ યંત્ર બનાવવામાં આવે છે અને તેમાં ૧ થી ૨૫ ના સંખ્યાક એવી રીતે લખવામાં આવે છે કે ગમે તે બાજુથી સરવાળો કરતાં ૬૫ની સંખ્યા જ આવે. જુદી જુદી રીતે સંખ્યા ગોઠવી ઘણા પ્રકારનાં આવાં યંત્રો બનાવવામાં આવે છે. આમાં મહાસર્વતોભદ્ર યંત્રમાં સંખ્યા એવી રીતે ગોઠવવામાં આવે છે કે બોંતેર જુદી જુદી રીતે ગણના કરતાં સરવાળો ૬૫નો જ આવે છે. આ યંત્રોમાં પ્રત્યેક સંખ્યાંક સાથે તે તીર્થંકરનું સ્મરણ-રટણ કરવામાં આવે છે અને ૨૫ ના સંખ્યાકમાં શ્રીસંઘને પ્રમાણ કરવામાં આવે છે.

લોગસ્સ સૂત્રની પ્રત્યેક ગાથા સાથે આરંભમાં જુદાં જુદાં મંત્ર-બીજો જોડીને તથા છેડે પ્રાર્થના યાચના જોડીને તેના એક કલ્પની રચના કરવામાં આવી છે, જે પ્રાચીન હસ્તપ્રતોમાં જોવા મળે છે. આ રીતે સાત ગાથાનાં સાત મંડલ બનાવવામાં આવ્યાં છે અને પ્રત્યેક મંત્રનો બ્રહ્મચર્યના પાલનપૂર્વક, દેહશુધ્ધિ તથા વસ્ત્રશુધ્ધિ સાથે, પૂર્વ દિશામાં કે ઉત્તર દિશામાં મુખ રાખીને કાઉસગ્ગ અવસ્થામાં બેસીને રોજ ૧૦૦૮ વાર અથવા તેની વિધિમાં દર્શાવ્યા પ્રમાણે, તેટલા દિવસ સુધી જાપ કરવામાં આવે તો ઈષ્ટફલની પ્રાપ્તિ કરાવનાર તે નીવડે છે. ઉ.ત. કેટલાક મંત્રો નીચે પ્રમાણે છે :

પહેલી ગાથા- ॐ ह्रीं श्रीं ऐं लोगस्स उज्जोअगरे धम्मतित्थयरे जिणे अरिहंते कित्तइस्सं चउवीसं पि केवली मम मनोऽभीष्टं कुरु कुरु स्वाहा ।

ચોથી ગાથા- ॐ ह्रीं नमः कुथुं अरं च मल्लिं वंदे मुणिसुव्वयं नमिजिणं च वंदामि रिठ्ठनेमिं पासं तह वध्दमाणं च मनोवांछितं पूरय पूरय ह्रीं स्वाहा ।

આ જ પ્રમાણે અન્ય ગાથાઓના મંત્રો પણ એ કલ્પમાં આપવામાં આવ્યા છે અને તે દરેકના અનુષ્ઠાનની વિધિ પણ દર્શાવવામાં આવી છે. તથા તે કેવા પ્રકારનું ફલ પ્રાપ્ત કરાવે છે તે પણ જણાવ્યું છે.

લોગસ્સ સૂત્રની આરાધના આમ વિવિધ દ્રષ્ટિએ કરવામાં આવે છે. આમ લોગસ્સ સૂત્રનો મહિમા અપાર છે.

☐ રમણલાલ ચી. શાહ

## સંયુકત અંક

ગતાંકમાં જાહેર કર્યા મુજબ 'પ્રબુધ્ધ જીવન'નો આ અંક તા. ૧૬મી જુલાઈ અને તા. ૧૬મી ઓગસ્ટનો સંયુક્ત અંક ૭-૮ છે તેની નોંધ લેવા વિનંતી છે. હવે પછીનો અંક તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૦ ના રોજ પ્રગટ થશે.

- તંત્રી

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શુક્રવાર, તા. ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૦થી શનિવાર, તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૦ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮/૩૦ થી ૯/૧૫ અને ૯/૩૦થી ૧૦/૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :-

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| શુક્રવાર, | ૧૭-૮-૯૦ | ૧. પૂ. સાધ્વીશ્રી યશોધરાજી | अपने प्रभुका साक्षात्कार |
| | | ૨. શ્રી શશિકાન્ત મહેતા | ધ્યાન વિચાર |
| શનિવાર, | ૧૮-૮-૯૦ | ૧. શ્રી નેમચંદ ગાલા | મનોદૈહિક રોગો અને જૈનદર્શન |
| | | ૨. ડૉ. શેખરચંદ્ર જૈન | व्रत– आराधनाका जीवमसे संबंध |
| રવિવાર, | ૧૯-૮-૯૦ | ૧. પૂ. ગણિશ્રી અરુણવિજયજી | ભાવના યોગ |
| | | ૨. ડૉ. ગુણવંત શાહ | સફળતાની પીડા ભોગવી રહેલા માણસની વાત |
| સોમવાર, | ૨૦-૮-૯૦ | ૧. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક | જીવનનાં મૂલ્ય |
| | | ૨. શ્રી પ્રકાશ ગજ્જર | ખીણોમાંથી શિખરો તરફ |
| મંગળવાર, | ૨૧-૮-૯૦ | ૧. ડૉ. મનહરલાલ સી. શાહ | ઋણાનુબંધ |
| | | ૨. ડૉ. નરેન્દ્ર ભાણાવત | कर्म सिद्धांत–व्यकित और समाजके संदर्भमे |
| બુધવાર, | ૨૨-૮-૯૦ | ૧. ડૉ. દિલાવરસિંહ જાડેજા | શ્રી અરવિંદનો પૂર્ણયોગ |
| | | ૨. ડૉ. પ્રેમસુમન જૈન | कषायमुकित – सहजधर्म |
| ગુરુવાર, | ૨૩-૮-૯૦ | ૧. શ્રી મદનરાજ ભંડારી | जीवदया कल्याण एवम् पर्यावरण संरक्षण |
| | | ૨. શ્રી પુરુષોત્તમ માવળંકર | આદર્શ સેવક-ગોપાલકૃષ્ણ ગોખલે |
| શુક્રવાર, | ૨૪-૮-૯૦ | ૧. ડૉ. રમણલાલ ચી. શાહ | આશ્રવ અને સંવર |
| | | ૨. મુમુક્ષુ શાંતા જૈન | मिति मे सव्व भुऐसु |
| શનિવાર, | ૨૫-૮-૯૦ | ૧. શ્રી હરિભાઈ કોઠારી | મન કે જીતે જીત |
| | | ૨. શ્રી ચંદનમલ ચાંદ | मुखडा कया देखे दर्पनमें |

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રી ગીરાબહેન શાહ, (૨) શ્રી જતીનભાઈ શાહ, (૩) શ્રી વાસંતીબહેન દાણી, (૪) શ્રી સરોજબહેન પરીખ, (૫) શ્રી કેશવજીભાઈ દેઢિયા, (૬) શ્રી ગીતાબહેન દોશી, (૭) શ્રી ચંદ્રશેખરભાઈ, (૮) શ્રી શોભાબહેન સંઘવી અને (૯) શ્રી ચંદ્રાબહેન કોઠારી.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
ઉપપ્રમુખ
પ્રવીણચંદ્ર કે. શાહ
કોષાધ્યક્ષ

રમણલાલ ચી. શાહ
પ્રમુખ

કે.પી.શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ- ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૧ * અંક : ૯ * તા. ૧૬-૯-'૯૦... . Regd. No. MH. BY/ South 54 * Licence No: 37

* * * શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * * *

# પ્રબુદ્ધ જીવન

* * પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ * * વાર્ષિક લવાજમ રૂા. ૩૦ * *

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પત્રકારની મુલાકાતો

દિલ્હીમાં કેન્દ્ર સરકારના પ્રધાનમંડળના શ્રી દેવીલાલે અને ગુજરાત રાજયના પ્રધાન શ્રી પ્રવીણસિંહ જાડેજાએ પત્રકારને આપેલી મુલાકાતનું કેવું પરિણામ આવ્યું તે થોડા સમય પહેલાં આપણને જોવા મળ્યું છે. પત્રકારને આપેલી મુલાકાતો રાજકારણમાં કેવા કેવા વળાંકો લાવે છે તે આ અને આવી બીજી મુલાકાતોના અહેવાલ ઉપરથી જોઈ શકાય છે. પત્રકારો કેટલા સજાગ અને ઉપયોગી છે એમ એક પક્ષે અને પત્રકારોથી કેટલા ચેતતા રહેવા જેવું છે એમ અન્ય પક્ષે - એમ ઉભય પક્ષે અભિપ્રાય પ્રવર્તે છે.

રાજકારણનું ક્ષેત્ર એટલે મહત્ત્વાકાંક્ષી લોકોનું ક્ષેત્ર. મહત્ત્વાકાંક્ષા ન હોય, સત્તાના પદની આકાંક્ષા ન હોય તો માણસ રાજકારણમાં આવે શા માટે? ગાંધીજી, જયપ્રકાશ જેવા તો વિરલ અને અપવાદરૂપે ગણાય. જયાં ઘણી બધી રાજદ્વારી વ્યક્તિઓ પદ માટે આતુર હોય ત્યાં સ્પર્ધા, તેજોદ્વેષ, / સંઘર્ષ, પક્ષાન્તર વગેરે આવ્યા વગર રહે નહિ. દરેક રાજદ્વારી-વ્યક્તિના અંતરના ખૂણે પોતાના પ્રતિસ્પર્ધી માટે થોડીક તો ઈર્ષ્યા, બળતરા હોય છે. તેના અંગત જીવનની કેટલીક નબળી વાતો પણ તે જાણતી હોય છે. જાહેરમાં તે ભલે વ્યક્ત ન કરે. પરંતુ પત્રકારો એવી વ્યક્તિઓના મનોભાવને અવલોકન, અભ્યાસ અને મહાવરાથી જાણી લેતા હોય છે અને મુલાકાત લેતી વખતે એવા એવા સંવેદનશીલ પ્રશ્નો પૂછીને એના અંતરમનની વાતને વાચા આપવાની ફરજ પાડે છે અને પછી એ વાતને છાપે ચગાવે છે. માણસને બોલવું ન હોય, પણ ઉપરાઉપરી આવતા સવાલોમાં એટલો તો તે અટવાઈ જાય છે કે છેવટે Self- jusfification માટે પણ તે બોલ્યા વગર રહી શકતો નથી અને બોલ્યા પછી પસ્તાય છે. રાજકારણમાં તો સિદ્ધાન્તો, પક્ષનિષ્ઠા, વર્તમાન પરિસ્થિતિ, અંગત મહત્ત્વાકાંક્ષા વગેરે વચ્ચે થતા સંઘર્ષોમાં પોતાના મનની વાતને સ્પષ્ટ વાચા આપવી હોય તો તે ઘણી મૂંઝવણ અનુભવે છે. પત્રકાર એ જાણે છે અને મુલાકાત દરમિયાન કોઈક નબળી પળે તેના મનની વાતને ચતુરાઈથી કઢાવી લે છે. એ છપાય છે અને પછી વિવાદના વંટોળ ઊભા થાય છે. પોતાના થોડાક શબ્દોના આટલા બધા ઘેરા પ્રત્યાઘાતો પડશે એવી ત્યારે એને કલ્પના નહોતી. પછી કાં એ પત્રકારનો દોષ કાઢે છે, અસત્ય બોલે છે, ફેરવી તોળે છે કે પોતાની વાતને વળગી રહી પરિણામ ભોગવી લે છે.

શું પત્રકારોએ વિભિન્ન ક્ષેત્રની વ્યક્તિઓની મુલાકાત લેવી જરૂરી છે ? અલબત્ત, જરૂરી છે. પ્રજા આગળ એવી મુલાકાતો દ્વારા કેટકેટલી બાબતોનું સ્પષ્ટ નિરાકરણ રજૂ કરી શકાય છે. જોકે મુલાકાત લેતી વખતે દરેક પત્રકાર લોકોના હિતને લક્ષમાં રાખીને મુલાકાત લે છે એવું નથી. પોતાના પત્રનો સ્વાર્થ અને પોતાની વધતી જતી નામના એકંદરે ઉપર રહે છે. વર્તમાન સમયમાં વધતાં જતાં પ્રચારમાધ્યમોમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પણ પત્રોને - પત્રકારોને અવનવા નુસખા અજમાવવા પડે છે અને એમાંનો એક તે વિશિષ્ટ વ્યક્તિની મુલાકાતની છે. એક ચિંતકે કહ્યું છે કે પત્રકારત્વ એ એવો રાક્ષસ છે કે તમે એને નિયમિત ખાવાનું ન આપો તો એક દિવસ એ તમને ખાઈ જાય. મુલાકાતો એ એનો એક સ્વાદિષ્ટ ખોરાક છે. કયારેક એ પોષક નીવડે છે તો કયારેક એ પત્ર કે પત્રકારની તબિયત પણ બગાડે છે અને મુલાકાત આપનારની તબિયતને પણ અસર પહોંચાડે છે.

દુનિયામાં બધી જ જાણવા જેવી માહિતી અખબારોમાં કે સામયિકોમાં પ્રસિદ્ધ થતી નથી. વળી દરેક પરિસ્થિતિ, નિર્ણય, મહત્ત્વની ઘટના કે વાટાઘાટ પાછળ શો ઉદ્દેશ હતો તે જો તરત સમજાય નહિ તો લોકોના મનમાં જાતજાતના પ્રશ્નો થાય. કેટલીક આશ્ચર્યકારક ઘટનાઓ પાછળ કે આઘાતજનક વિધાનો પાછળ કોઈક મહત્ત્વની અંગત ઘટના રહેલી હોય છે કે જે એની મેળે જાહેર થતી નથી. પત્રકારો આવી માહિતી એકઠી કરી લાવે છે અને તે ઘટના કે અભિપ્રાયના વાજબી કારણને જાહેરમાં મૂકી તેની ન્યાયપુરઃસરતા દર્શાવવા કોશિષ કરે છે. પત્રકારોએ લીધેલી કેટલીક મુલાકાતોના સવાલ-જવાબ દ્વારા અહેવાલો જયારે આપણે વાંચીએ છીએ ત્યારે પત્રકારની અભ્યાસનિષ્ઠા, તટસ્થતા, નિર્લોભતા, વ્યવસાયધર્મ વગેરેને માટે આપણને આદર થાય છે.

પત્રકારોની જાગૃતિથી દુનિયામાં કેટલીય રાજદ્વારી વ્યક્તિઓ ખોટું કરતી અટકી જાય છે. પત્રકારો બધે પહોંચી જાય છે. કેટલાંક સ્થળે જવાનો તેમને અબાધિત હકક હોય છે. તેઓ વ્યવસ્થિત રીતે પદ્ધતિસર પ્રમાણભૂત માહિતી મેળવતા હોય છે. કયારેક માહિતી મેળવવા માટે જરૂરી લાગે તો તેઓ સામ, દામ, દંડ (અખબારમાં ટીકા દ્વારા) અને ભેદની નીતિ અપનાવતા હોય છે. કયારેક પોતાના જાનને જોખમમાં મૂકે છે. બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાનાં કેટલાંયે રાષ્ટ્રોમાં ભ્રષ્ટ સત્તાધીશ કે સરકારને ઉથલાવી પાડવામાં તેમનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. પત્રકાર એ રીતે લોકોની મહત્ત્વની સેવા બજાવે છે. પત્રકાર જો પોતાનો ધર્મ નિર્ભયતાથી અને પ્રામાણિકતાથી બજાવે તો તે સમાજ, રાષ્ટ્ર કે વિશ્વ માટે મહત્ત્વનું સંગીન કાર્ય કરી શકે છે.

લોકશાહી હોય, સરમુખત્યારશાહી હોય કે રાજાશાહી હોય, કોઈ પણ સરકાર સંપૂર્ણ આદર્શ સરકાર બની ન શકે કારણ કે સરકાર

અનેક કર્મચારીઓ, અધિકારીઓ, મંત્રીઓ વગેરે દ્વારા ચાલતી હોય છે. એટલે કોઈક ને કોઈક કક્ષાએ ગેરરીતિ, પક્ષપાત, કાયદાનું મનફાવતું અર્થઘટન, સત્તાનો દુરુપયોગ, લાગવગ વગેરેની ઘટનાઓ વારંવાર બન્યા કરતી હોય છે. પોતાના રાષ્ટ્રમાં, પોતાના જ ખાતામાં શું શું ખોટું બની રહ્યું છે તેની બધી જ ખબર તે ખાતાના ઉપરીને ન હોય. એવી બાબતોને જ્યારે પત્રકારો બહાર લઈ આવે ત્યારે લોકો ચોંકી ઊઠતા હોય છે. એવે વખતે પત્રકારે લીધેલી મુલાકાત કેટલી બધી કામ લાગે છે તે દેખાઈ આવે છે. પત્રકારોએ કોઠીમાંથી કાદવ ન કાઢયો હોત તો લોકો જુદા જ ભ્રમમાં રહ્યા હોત. સરકારી તંત્રને જાગૃત અને વ્યવસ્થિત રાખવાનો ધર્મ પત્રકાર આવે વખતે સારી રીતે બજાવી શકે છે. સરકારી તંત્રને - કર્મચારીઓથી માંડીને પ્રધાનો સુધી સર્વને ખોટું કરવામાં પત્રકારનો ડર હોવો આવશ્યક મનાય છે.

એકની એક વ્યક્તિની મુલાકાત જુદા જુદા પત્રકારો લે તો તેમાં કેટલીક સાપેક્ષતા આવ્યા વગર રહે નહિ. ગોર્બાચેવની - મુલાકાત રશિયન, અમેરિકન, જાપાની, ભારતીય કે પાકિસ્તાની પત્રકાર લે તો તે દરેકના સવાલ એકસરખા ન હોય અને એકસરખા સવાલ પાછળ હંમેશાં એકસરખો ભાવ પણ ન હોય. પત્રકાર પણ અંતે મનુષ્ય છે અને એને એની પોતાની જ્ઞાનમર્યાદા, સમજમર્યાદા, દષ્ટિમર્યાદા હોઈ શકે છે. પૂર્વગ્રહોથી કે પોતાના પત્રની નીતિમર્યાદાથી તે સર્વથા મુક્ત નથી હોતો. માટે દરેક મુલાકાતમાં પ્રગટ થાય છે એ બધું જ સત્ય હોય છે અથવા તે સંપૂર્ણ સત્ય હોય છે અથવા ફક્ત એટલું જ સત્ય હોય છે એમ નહિ કહી શકાય. પ્રત્યેક મુલાકાત સાપેક્ષ સત્યને રજૂ કરી શકે છે.

સામાન્ય રીતે મુલાકાત આપનાર જેટલા સજ્જ હોય છે તેના કરતાં પત્રકારો વધુ સજ્જ હોય છે. અનેક લોકોની મુલાકાતો લેવાના અનુભવને કારણે પત્રકારમાં કેટલીક આવડત આપોઆપ આવી જાય છે. માનવમનની નબળાઈઓને તેઓ સારી રીતે પારખતા થઈ જાય છે. મુલાકાત લઈને પોતે એક વ્યક્તિને પ્રસિદ્ધિ આપનાર છે એ તેઓ જાણતા હોય છે. વર્તમાન સમયમાં ફોટોગ્રાફ, ટેપરેકર્ડર, વિડિયો વગેરેનાં સાધનો દ્વારા તે વધુ આધારભૂત કાર્ય કરી શકે છે. કયારેક તે આવાં સાધનોનો ગુપ્ત રીતે પણ ઉપયોગ કરી શકે છે.

કેટલીક વાર પત્રકાર ટેલિફોન ઉપર તમારો અભિપ્રાય પૂછે ત્યારે તમને ખબર પણ ન હોય કે એ તમારી વાતચીત રેકર્ડ કરી રહ્યો છે. અંગત ફોન છે એમ સમજીને માણસ નિખાલસ અભિપ્રાયો ઉચ્ચારે અને એ જ્યારે છાપામાં છપાય ત્યારે માણસને આશ્ચર્ય સહિત કફોડી પરિસ્થિતિમાં તે મૂકી દે છે. કેટલીક વાર કોઈ પત્રકાર મળવા આવ્યો હોય ત્યારે એણે પોતાની થેલીમાં, બગલથેલામાં કે પોર્ટફોલિયોમાં પહેલેથી ટેપરેકર્ડર ચાલુ કરી દીધું છે એની તમને ખબર ન હોય. અલબત્ત, આવું તો જવલ્લે જ કોઈ પત્રકાર કરતા હોય છે, પણ નથી થતું એમ નહિ કહી શકાય.

કેટલાક સમય પહેલાં—એક જૈન સાધુ મહારાજે પત્રકારને આપેલી મુલાકાતમાં એમ કહેલું કે અત્યારના ભારે કરવેરા અને ભ્રષ્ટાચાર જોતાં વેપારીઓ કાળાં નાણાં કમાય એમાં કશું ખોટું નથી. સાધુ મહારાજથી તો બોલતાં બોલાઈ ગયું હશે અને તે છાપામાં છપાશે એવો એમને ખ્યાલ પણ નહિ હોય. પરંતુ જ્યારે તેમનો અભિપ્રાય છાપામાં છપાયો ત્યારે તેઓ ચોંકી ઊઠયા. તેમણે નિવેદન આપ્યું કે પોતે એવું કશું કહ્યું નથી. તો પત્રકારે ખુલાસો કર્યો કે સાધુ મહારાજે એ જ પ્રમાણે કહ્યું છે અને એનો પુરાવો પોતાની પાસે છે, કારણ કે સાધુ મહારાજ જે કંઈ બોલ્યા છે તે પોતે રેકર્ડ કરી લીધું છે.

સમાજની કેટલીક વ્યક્તિઓને પ્રસિદ્ધિની એટલી બધી આકાંક્ષા રહે છે કે થોડે થોડે વખતે તેઓ પત્રકારોને મુલાકાત આપતા હોય છે. નાનુંસરખું નિમિત્ત ઊભું કરીને તેઓ પત્રકાર પરિષદ પણ બોલાવતા હોય છે. નવાસવા, નબળા અને લાલચુ પત્રકારોની નાડ તેઓ બરાબર જાણતા હોય છે એટલે સરસ ભોજન અને સરસ કિંમતી ભેટ એ એમની મુલાકાતનો સૌથી પહેલો કાર્યક્રમ હોય છે. જે તટસ્થ, નિર્ભય અને નિસ્પૃહ પત્રકાર હોય છે તે આશયને તરત સમજી જાય છે અને તેવી મુલાકાતના પોતાના અહેવાલમાં સંયમ, મર્યાદા અને વિવેક જાળવતા હોય છે.

જેમ પત્રકારો ચતુર હોય છે તેમ કેટલીક રાજદ્વારી વ્યક્તિઓ પણ ચતુર હોય છે. કેટલીક વાર પત્રકાર કરતાં પણ તે વધારે બાહોશ હોય છે, પત્રકાર પાસે પ્રચારમાધ્યમનું બળ છે, પણ એ તે તો તે વ્યવસાય કરનાર છે. પત્રકારત્વ એની આજીવિકાનું સાધન છે અને એ સાધનની મર્યાદાઓ હોય છે. કેટલાક રાજદ્વારી નેતા સત્તાથી અને સંપત્તિથી સમર્થ હોય છે. કાવાદાવામાં કુશળ છે. પત્રકારને પણ તે ઠેકાણે લાવી શકે એમ હોય છે. સજજન કે દુષ્ટ પત્રકારને પોતાનાથી કેટલા અંતરે રાખવો તે એ બરાબર જાણતા હોય છે. મુલાકાત દરમિયાન કેટલાક પ્રશ્નોના ઉત્તર આપવાનો તેઓ સ્પષ્ટ ઈન્કાર કરી દઈ શકે છે, અથવા પરસ્પર વિરુદ્ધ વિધાનોવાળો ઉત્તર હેતુપૂર્વક આપીને વાતને વધુ ગૂંચવી નાખતા હોય છે.

જેમ કેટલાક પત્રકારો અનુભવથી દક્ષ થઈ જાય છે તેમ વારંવાર મુલાકાતો આપીને કેટલીક વ્યક્તિઓ પણ દક્ષ થઈ જાય છે. શું બોલવું, કેટલું બોલવું તેનું માપ તેઓ જાણતા થઈ ગયા હોય છે. હાજરજવાબી તેમનો મોટો ગુણ હોય છે.

ભારતીય રાજદ્વારી નેતાઓમાં પત્રકારોને જવાબ આપવામાં શ્રી મોરારજી દેસાઈ હંમેશાં અત્યંત દક્ષ રહ્યા છે. તેમના વિચારો અને અભિપ્રાયો અત્યંત સ્પષ્ટ, માર્મિક અને ટૂંકા રહ્યા છે. પત્રકાર કોઈ વિચિત્ર, ગૂંચવે એવો કે કશુંક અનિચ્છાએ બોલવું પડે - કમિટ કરવું પડે એવો પ્રશ્ન પૂછે તો મોરારજીભાઈ એનો આશય તરત સમજી જાય અને જવાબ આપવાને બદલે પત્રકારને સામો પ્રશ્ન કરે, એવે વખતે પત્રકાર મૂંઝાઈ જાય અને નામાંકિત, પ્રતિષ્ઠિત પત્રકારો ગમે તેમ બોલીને ઉત્તર ન જ આપી શકે. પત્રકારોને પ્રતિ-પ્રશ્ન કરીને હંફાવવાની કળા મોરારજીભાઈએ સારી રીતે હસ્તગત કરેલી છે. અલબત્ત, એ માટે પોતાના વિષયની, પોતાના ખાતાની પૂરી જાણકારી અને સજજતા હોવાં જરૂરી છે. સ્વસ્થતા અને નિર્ભયતા પણ જોઈએ. પોતે વડા પ્રધાન હતા ત્યારે મોરારજીભાઈએ અમેરિકામાં પત્રકાર પરિષદોમાં જે રીતે જવાબો આપ્યા હતા તે જોઈને જયપ્રકાશ નારાયણે કહ્યું હતું કે 'અમને મોરારજી દેસાઈ માટે અભિમાન લેવાનું મન થાય છે.'

શું પત્રકારને મુલાકાત આપવી ફરજિયાત છે ? ના, જરા પણ નહિ. જાહેર ક્ષેત્રમાં પડેલી વ્યક્તિ હોય અને લોકો પ્રત્યેની તેની જવાબદારી હોય તોપણ તે મુલાકાત આપવાનો ઈન્કાર કરી શકે છે. અનિવાર્ય સંજોગોમાં તે પત્રકાર પાસેથી લેખિત પ્રશ્નો માગીને લેખિત ઉત્તર પોતાની અનુકૂળતાએ આપી શકે છે. તેમ કરવામાં વિચારવાને અવકાશ રહે છે, ઉત્તરોમાં શબ્દોની ચોકસાઈ રહે છે અને પોતાના ઉત્તરો પોતાના અંગત ગણાય એવા બેચાર જણને અથવા ખાતાના કે

(અનુસંધાન પૃષ્ઠ ૧૬)

### સંયુક્ત અંક

'પ્રબુદ્ધજીવન'નો તા. ૧૬મી ઑકટોબર, ૧૯૯૦નો અંક તથા તા. ૧૬ મી નવેમ્બર, ૧૯૯૦નો અંક સંયુક્ત અંક તરીકે દિવાળી પર્વ નિમિત્તે તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૦ના રોજ પ્રગટ થશે તેની વાચકોને નોંધ લેવા વિનંતી છે.

તંત્રી

# પત્રકારના લોહીનો રંગ

❒ ડૉ. કુમારપાળ દેસાઈ

સવાલ એ છે કે 'જૈન પત્રકાર' હોઈ શકે ખરો ? પત્રકારને કોઈ જાતિ, જ્ઞાતિ કે સીમાથી બાંધી શકાય ખરો ? એની આસપાસ સંપ્રદાયની લક્ષ્મણ-રેખા આંકી શકાય ખરી ? આનો જવાબ નકારમાં જ આવે, પરંતુ એક અર્થમાં એ જૈન પત્રકાર એવો હોય કે જે પત્રકાર તો હોય જ, પરંતુ સાથોસાથ એની પાસે વિરલ અને વિશિષ્ટ એવા જૈનદર્શનમાંથી સાંપડેલી આગવી દૃષ્ટિ હોય.

તેમાં પત્રકારત્વના જગતમાં અમુક વિશિષ્ટ અભિગમ કે 'દૃષ્ટિ'-વંત પત્રકારો જોવા મળે છે. કેટલાક પત્રકારની ઓળખ સામ્યવાદી વિચારધારાના પક્ષકાર એવા પત્રકાર તરીકે થાય છે. આ સામ્યવાદી-પત્રકાર પત્રકાર તો ખરો જ, પરંતુ એ દુનિયાની ઘટનાઓને સામ્યવાદની વિચારસરણીમાંથી જાગેલી દૃષ્ટિથી મૂલવતો હોય છે. આજે કેટલાક પત્રકારોને આવી જ રીતે 'અમેરિકાન પત્રકાર' કહેવામાં આવે છે. આવો પત્રકાર અમેરિકાનાં દૃષ્ટિબિંદુઓથી ઘટનાઓનું તારણ આપતો હોય છે. અત્યાર સુધી અમેરિકન પત્રકાર છાશવારે પોતાના અર્થતંત્રને જાપાનની વધતી ઔદ્યોગિક સત્તાનો ભય બતાવતો હતો. ઔદ્યોગિક જગતમાં અમેરિકા, જાપાન અને જર્મનીની તીવ્ર સ્પર્ધા ચાલતી હતી, પરંતુ 'પેરેસ્ત્રોઈકા' અને 'ગ્લાસનોસ્ત'ની વિચારધારાને પરિણામે સામ્યવાદી વિશ્વમાં મુક્તિનો જુવાળ જાગ્યો. સામ્યવાદી પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મની વચ્ચે ૧૯૬૧ના ઓગસ્ટથી ઊભેલી વિઘટનકારી દીવાલ જમીનદોસ્ત થઈ અને પૂર્વ જર્મની તથા પશ્ચિમ જર્મનીનું એકીકરણ થયું. પરિણામે એક એવી ઔદ્યોગિક શક્તિ ઊભી થઈ કે જેનાથી ખુદ અમેરિકા મૂંઝાવા લાગ્યું. આજ સુધી સ્પર્ધાની વાત કરતાં અમેરિકન પત્રકારે હવે પરસ્પરના સહયોગનાં ગાણાં ગાવાં માંડયાં. આ પત્રકારો કહે છે કે જાપાન અને જર્મની કે જર્મની અને અમેરિકાએ પરસ્પરના સંયુક્ત સાહસથી કારખાનાં સ્થાપવા લાગી જવું જોઈએ. વૈશ્વિક ઘટનાઓને અમુક ચોકકસ અભિગમ ધરાવતો પત્રકાર કેવી રીતે મૂલવે છે અને સમય બદલતાં કેવાં નવાં સમીકરણો સાધે છે એનો ખ્યાલ ઉપરના ઉદાહરણ પરથી આવી શકશે.

આમ જૈન પત્રકાર એ પત્રકાર તો હશે જ, પરંતુ ખીચડીમાં જેટલું મીઠાનું મહત્ત્વ હોય છે તેટલું મહત્ત્વ તેની જૈન દૃષ્ટિનું હશે. એ જૈનત્વના સંસ્કારો, જૈન ધર્મની પરંપરાઓ અને જૈનદર્શનની મહત્તાના પરિપ્રેક્ષ્યમાં ઘટનાઓને મૂલવતો રહેશે. એક નારીના ગર્ભમાં રહેલા બાળકનું હૃદય ગંભીર ખામીઓ ધરાવતું હતું. આધુનિક વિજ્ઞાને નારીગર્ભમાં રહેલા એ બાળકના હૃદય પર ઓપરેશન કરીને એક અદ્ભુત સિદ્ધિ મેળવી. જો ગર્ભસ્થ શિશુ પર શસ્ત્રક્રિયા કરવામાં આવી ન હોત તો વૈજ્ઞાનિકોનું કહેવું હતું કે આ બાળક જિંદગીભર ગંભીર બીમારીમાં પટકાયેલો રહેત અને રુગ્ણ જીવન ગાળીને અકાળે મૃત્યુ પામત. વિજ્ઞાનની આવી અનેક સિદ્ધિઓની જાણકારી જૈન પત્રકાર જરૂર રાખશે. કમ્પ્યુટર, રોબોટ કે ઈલેક્ટ્રોનિક્સ સામગ્રીની થતી પ્રગતિનો અંદાજ પણ એની પાસે હશે. આમ છતાં એ આ વિજ્ઞાનને પ્રશ્ન કરશે કે તમે એક બાજુથી હૃદયનું પ્રત્યારોપણ કરો છો તો બીજી બાજુથી નિર્દયતાથી માનવીનો સંહાર કરે તેવાં શસ્ત્રોના ખડકલા શા માટે કરો છો ? માનવીનાં જીર્ણ અંગોને બદલે નવાં અંગો નાખીને માનવીને લાંબું જિવાડવાની કોશિશ કરો છો અને બીજી બાજુ સમૂળગી માનવજાત નાશ પામે તેવાં શસ્ત્રો સર્જો છો ? એક બાજુથી કૃત્રિમ બુદ્ધિ (artificial intelligence)નો અસીમ વિકાસ સાધો છો અને બીજી બાજુ માનવબુદ્ધિને વિશ્વકલ્યાણગામી કેમ કરતા નથી ? જૈન પત્રકાર એવો વિચાર મૂકશે કે આ વિજ્ઞાન પાસે કોઈ નિશ્ચિત દૃષ્ટિ કે દિશા છે ખરી ? કે પછી વૈજ્ઞાનિક પ્રગતિની પૂરપાટ દોટ લગાવતો માનવી પોતાનું લક્ષ ખોઈ બેઠો છે ? આવતી કાલે વિજ્ઞાનને આવો પડકાર ફેંકનાર કોઈ વિચારશીલ પત્રકાર મળે એ આવશ્યક છે.

જૈન પત્રકારત્વની એક બીજી સંભાવના પર દૃષ્ટિપાત કરીએ. ધર્મ એ તોડનારું નહિ, પણ જોડનારું પરિબળ છે. આપણા ધર્મદર્શનનાં વિશ્વ કલ્યાણકારી તત્ત્વો પત્રકારત્વના માધ્યમ મારફતે જગતના ચોકમાં મૂકવાં પડશે. આ ધર્મ પાસે એવાં સંવાદી તત્ત્વો છે કે જે આધુનિક જીવનની વિષમતા, વેદના કે વિફળતાને દૂર કરી શકે. આજે વર્ષોથી એકબીજા સામે કારમી દુશ્મનાવટ ધરાવતા અમેરિકા અને રશિયા એકબીજાના વિચારોને આદર આપવા માંડયા છે. આજ સુધી યુરોપના સામ્યવાદી દેશો અને બિનસામ્યવાદી દેશો વચ્ચે માત્ર એક જ વ્યવહાર હતો અને તે પરસ્પર પ્રત્યે ઘૃણા, ઉપેક્ષા અને નફરતનો. આજે ગોર્બાચોફે વૈચારિક મોકળાશનું વાતાવરણ સર્જ્યું અને પરિણામે વિશ્વ એનું એ રહ્યું. પણ વિશ્વની ભાવનાઓનો નકશો બદલાવા માંડયો. વૈચારિક મોકળાશને આપણે અનેકાન્ત દૃષ્ટિથી જરૂર નીરખી શકીએ. હિંસાની ટોચ પર પહોંચ્યા પછી હવે અહિંસાનો અવાજ સંભળાય છે, ત્યારે એ અહિંસાને છેક ભગવાન મહાવીરે પ્રવર્તાવેલી સૂક્ષ્મ અહિંસા સુધી લઈ જવાનું કાર્ય જૈન પત્રકારનું છે.

વિશ્વના પ્રત્યેક પ્રશ્નોને ધર્મસંસ્કારની દૃષ્ટિથી મૂલવી શકાય. આજે સંતતિનિયમન અને ગર્ભનિવારણ અંગેના વિવાદો પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. આ પ્રશ્નોના મૂળમાં ધર્મસંસ્કાર રહેલા છે. અમેરિકાની સરકાર કહે છે કે અમે વસ્તીવધારો ઓછો કરવાના કાર્યક્રમોમાં માગો તેટલી આર્થિક મદદ આપીશું અને જરૂર પડે એનું અભિયાન ચલાવીશું. આની સાથોસાથ આ જ સરકાર એમ કહે છે કે ગર્ભનિવારણની બાબતમાં અમે એક રાતી પાઈ પણ નહિ આપીએ. આ જ રીતે ધર્મદૃષ્ટિપૂત પત્રકાર પ્રત્યેક સામાજિક અને આર્થિક પ્રશ્નોની આગવી ભૂમિકા સાથે છણાવટ કરી શકશે. નોકરી કરતી જૈન મહિલાની કે પછી ગૃહઉદ્યોગથી પેટિયું રળતી સ્ત્રીની સામાજિક સમસ્યાઓની પણ આ પત્રકાર વાત કરશે. ધર્મસંસ્કારની આ દૃષ્ટિ વર્તમાન આર્થિક પ્રશ્નોને પણ વ્યાપી વળશે. મોટા ઉદ્યોગો, સરકારી ખાતાંઓ કે બેન્કોમાં જ નહિ, પણ હવે તીર્થક્ષેત્રની પેઢીઓના વહીવટમાં પણ ટ્રેડ યુનિયનનો પ્રશ્ન સતાવતો હોય છે. આવે સમયે જૈન પત્રકાર શું કરશે ? એ કર્મચારીઓની વાજબી વળતર મેળવવાની વાતને જરૂર ટેકો આપશે, પરંતુ એની સાથોસાથ એ કહેશે કે પગારની કાંટોકાંટ તમારે કામ કરવું પડશે. વ્યક્તિગત જીવનમાં ધર્મ મૂલ્ય-પ્રસ્થાપનનું કાર્ય કરે છે. ચાની દુકાને કામ કરનાર ચાવાળાને એનો માલિક કહે કે ભેળસેળવાળી ચાની ભૂકીનો ઉપયોગ કરીને ચા બનાવજે. ત્યારે ધર્મભાવના ધરાવતો એ ચાવાળો હિંમતભેર કહેશે કે ભલે મારી નોકરી જાય, પણ હું આવી ચા નહિ બનાવું.

બરાબર એ જ રીતે જૈન પત્રકાર ખુમારીથી પોતાનાં મૂલ્યો માટે ખપી જવાની તૈયારી રાખશે. આજના સમયમાં 'એકટીવીસ્ટ' પત્રકારોનો મહિમા છે. માત્ર કલમથી નહિ પણ સક્રિય રીતે એ પ્રશ્નમાં જોડાઈને જાગૃતિની જેહાદ સર્જે છે. વીર નર્મદે એના 'ડાંડિયો' દ્વારા સમાજસુધારાની જેહાદ જગાવી અને પોતાના અંગત જીવનમાં પણ

સુધારા કરી બતાવ્યા. કરસનદાસ મૂળજીએ 'સત્ય પ્રકાશ'માં સામાજિક સુધારાની હિમાયત કરી અને એને માટે વખત આવે આપત્તિઓ સહન કરી. સૌરાષ્ટ્રનાં અઢીસો જેટલાં દેશી રાજ્યોની દબાયેલી પ્રજાને જાગૃત કરવા માટે શ્રી અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર' પત્રોનો પ્રારંભ કરતાં લખ્યું:

"એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહિ લખાય, એ તો લખાશે 'અમારા લોહીની લાલ શાહીથી' એમાં દુ:ખના, વેદનાના બળવાના પોકારથી ધરતી ધણધણી ઊઠશે. રાજાઓનાં દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોનાં કાર્યાલયોમાં માંડીશું."

શ્રી અમૃતલાલ શેઠે દેશી રજવાડાંઓમાં રાજાઓની જોહુકમી અને પ્રજાના શોષણનો ચિતાર મેળવવા જાનની બાજી લગાવી હતી. વેશ બદલીને છેક રજવાડાઓના અંત:પુર સુધી પહોંચીને તેઓ સાચી હકીકતો મેળવી લાવતા હતા. શ્રી અમૃતલાલ શેઠ, શ્રી સામળદાસ ગાંધી અને શ્રી કકલભાઈ કોઠારીએ સૌરાષ્ટ્રની પ્રજાની જનજાગૃતિ માટે અખબારો શરૂ કર્યા અને સક્રિય રીતે સત્યને પડખે ઊભા રહ્યા. આજે અરુણ શૌરી જેવા પત્રકારો કલમથી વિરોધ પ્રગટ કરે છે અને પછી એ પ્રશ્નોનો ભોગ બનનારાઓને કલમથી સાથ પણ આપે છે. જૈન પત્રકાર પાસે આવી સક્રિયતા કે ક્રિયાશીલતા હોવી જોઈએ. પત્રકારત્વ વ્રત બનવું જોઈએ, વૃત્તિ નહિ. એણે પોતાની કલમથી અનિષ્ટોને પ્રગટ કરવાનાં છે અને પોતાના પુરુષાર્થથી એને દેશવટો આપવાનો છે.

ક્યારેક જૈન પત્રો 'એરટાઈટ કમ્પાર્ટમેન્ટ' જેવાં લાગે છે. ક્યાંક માત્ર સમાચાર હોય છે, તો ક્યાંક ફક્ત અહોભાવયુક્ત લખાણો હોય છે. આને બદલે પૃથક્કરણાત્મક અભિગમ અપનાવવાની જરૂર છે. ક્યારેક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ લાગે છે અને એથીય વિશેષ મૌલિક અર્થઘટનની અછત દેખાય છે. જેમકે ભૂગર્ભમાં અણુધડાકાઓ થતા જ રહે છે. અખબારમાં વાંચીએ કે ભૂગર્ભમાં ચારસોમો એટમબોમ્બ ફોડવામાં આવ્યો. આ સમયે એવો સવાલ જાગવો જોઈએ કે ભૂગર્ભમાં આટલા બધા અણુવિસ્ફોટ કરવાની જરૂર શી ?. એકનો એક પ્રયોગ વારંવાર શા માટે ? હકીકત એવી છે કે અણુબોમ્બની જુદી જુદી શક્તિઓ માપવા માટે આ પ્રયોગો થતા હોય છે. એક બૉમ્બ એવો હોય કે જેના ૬૫ ટકા શક્તિ. ધડાકા (Blast)માં જતી રહે, ૨૦ ટકા શક્તિ કોઈ પણ વસ્તુની આરપાર કિરણો પેસી જતાં હોય તેની હોય અને ૧૫ ટકા શક્તિ રેડિયો એક્ટિવ કિરણો હવામાં ફેલાય તેમાં વપરાય. હવે બીજો બૉમ્બ એવો હોય કે ધડાકામાં માત્ર ૨૦ ટકા જેટલી શક્તિ વપરાય અને રેડિયો એક્ટિવ કિરણોમાં ૮૦ ટકા હોય. આમ એક બૉમ્બમાં માણસ મરે એવો આશય રખાય છે, તો બીજા બૉમ્બમાં માણસ ઓછો મરે, પણ મિલકતોનો પૂરો નાશ થાય એવો ઈરાદો હોય છે. આજના જગતને સંહારમાં જ નહિ, પણ જુદા જુદા પ્રકારના સંહારમાં રસ છે. પત્રકાર આધુનિક સંદર્ભમાં વિચારીને અહિંસાના સિદ્ધાંત દ્વારા સંહાર અટકાવવાનો આગ્રહ રાખશે. રશિયાના પ્રમુખ ગોર્બાચોફ અને અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશ બંને મળ્યા એમાં મૂળભૂત રીતે તો અહિંસાની ભાવનાએ એમને એક થવાની ફરજ પાડી છે.

આજના જૈન પત્રકારત્વમાં વર્તમાન પ્રવાહોને ધર્મસંસ્કારની દૃષ્ટિથી મૂલવવાનો અભિગમ હોવો જરૂરી છે. આને હું 'એપ્લાઈડ રીલિજિયન' (Applied Religion) કહીશ. આ એક એવી ફૂટપટ્ટી છે કે જેનાથી તમે કપડું માપી શકશો અને કાગળ પણ માપી શકશો. માત્ર સવાલ એ ફૂટપટ્ટીના ઉપયોગનો છે. એને યોગ્ય સંદર્ભમાં રજૂ કરવાની દૃષ્ટિનો છે. આપણા દર્શન અને ગ્રંથોમાં બધી જ બાબતોનો સમાવેશ થયેલો હોય છે, પરંતુ એને વર્તમાન સંજોગોમાં સમજવાની ચાવી તમારી પાસે હોવી જોઈએ. આજે પશ્ચિમના વિચારકોએ માનવજીવનને સુખી કરવા માટે એક સૂત્ર આપ્યું - "The less I have, the more I am." આ જ વિચારને લક્ષમાં રાખીને જૈન ધર્મે આલેખેલી અપરિગ્રહની ભાવનાની મહત્તા બતાવી શકીએ.

આર્યોની સંસ્કૃતિમાં ગાયને પવિત્ર ગણીને એને માતા કહેવામાં આવી હતી. આજે આધુનિક અર્થમાં ગાય માનવજાતની માતા છે તે આપણે દર્શાવી શકીએ. ગાય છાણ આપે, જેમાંથી ખાતર થાય અને બળતણ પણ મળે. ગાય દૂધ આપે જેનાથી માનવજાતનું પોષણ થાય. વળી એનો બળદ ખેતીકામમાં અને ગાડામાં વપરાય. આ રીતે મનુષ્યજાતિ પર ગાયે અનેકધા ઉપકાર કર્યા છે. માનવજાતને ગાયથી જે લાભ થાય છે તેના વિકલ્પો આજે પણ ખર્ચાળ અને પરવડે નહિ તેવા છે. આમ ધર્મપૂત દૃષ્ટિ ધરાવનાર પત્રકારે આ વાત પ્રગટ કરવી જોઈએ. પ્રત્યેક વિષયનો સંદર્ભ ધર્મ સાથે સાંકળવામાં આવે તો એ સામયિક બીજાં પત્રો જેટલું રસપ્રદ અને અદ્યતન બની શકે. ગુજરાતમાં એની જીવાદોરી સમી નર્મદા યોજનાની ઠેર ઠેર ચર્ચા ચાલે છે. આ સમયે જૈન પત્રકાર એ તરફ પણ દૃષ્ટિ દોડાવશે કે આમાં પશુ-પક્ષી ડૂબી જાય નહિ તે માટે એનું કઈ રીતે સ્થળાંતર થઈ શકે? આવું જૈનદૃષ્ટિનું અર્થઘટન વાંચવાની જૈનેતરને પણ જિજ્ઞાસા રહેશે.

આજના પત્રકારત્વમાં બે તરાહ સ્પષ્ટપણે જોવા મળે છે: એક પ્રકાર એવો છે કે આજે સમાજમાં જે કંઈ ચાલી રહ્યું છે તે ચીલાચાલુ બાબતોને વફાદાર હોય છે. તેઓ પરંપરા કે રૂઢિની દૃષ્ટિથી પણ ક્યારેક પ્રશ્નને જોતા હોય છે. આવા પત્રકારોને આપણે 'કન્ફર્મિસ્ટ' (Confirmist) કહીશું. જ્યારે પત્રકારત્વનો બીજો પ્રકાર તે મૌલિક અર્થઘટનનો છે. આવાં અર્થઘટન ચર્ચા કે વિવાદ જગાડે છે, પરંતુ આવા વિવાદથી ડરવાની કોઈ જરૂર નથી. હકીકતમાં તો વિવાદ થાય તે જ આ અર્થઘટનનો હેતુ હોય છે, આને પરિણામે સમાજની વિચારધારા જીવંત અને સક્રિય રહે છે.

ભવિષ્યમાં જૈન પત્રકારત્વે તટસ્થ પ્રશ્નોને પણ પોતાની વિચારએરણ પર ચડાવવા પડશે. બિહારના જમીનમાલિકોએ ભૂમિસેના રચીને હરિજનોની નિર્દય હત્યા કરી. આ સમાચારો અને એમાં થતાં નિર્દયી શોષણને પણ પત્રમાં સ્થાન મળવું જોઈએ, જ્યારે આજના આપણાં મોટાભાગનાં પત્રો માત્ર સમાચાર અને તે પણ પોતાની આસપાસનાં મંડળના સમાચારપત્રો બનીને અટકી ગયાં છે. આવાં પત્રોનો કોઈ લે-આઉટ હોતો નથી. એનું કલેવર ક્યારેય બદલાતું નથી. એનું મૂલ્ય માત્ર મંડળની માહિતીમાં જ સમાપ્ત થઈ જાય છે. આથી ક્યારેક એવું સમીકરણ જોવા મળે કે ધર્મવિષયક પત્ર એટલે શુષ્ક વાતો કરતું અખબાર. એને નિચોવો તોપણ એમાંથી કંઈ ન મળે. એને તો માત્ર રેપર ખોલીને બાજુએ જ મૂકવાનું હોય.

આવી સ્થિતિ ઘણી વેદનાજનક કહેવાય. અખબાર એટલે અખબાર ! એમાં માહિતી, વિશ્લેષણ અને રસપ્રદતા હોવાં જરૂરી છે. એમાં વ્યવસાય કરતી જૈન મહિલાની સમસ્યાની ચર્ચા પણ આવવી જોઈએ. આ અંગે "રીડર્સ ડાયજેસ્ટ" તરફ આપણે નજર કરીએ. અનેક ભાષામાં પ્રગટ થતું "રીડર્સ ડાયજેસ્ટ" વિશ્વમાં બહોળો વાચકવર્ગ ધરાવે છે. એમાં ચરિત્ર, વાર્તા, ટૂચકા, ઉક્તિઓ, કૃતિના સંક્ષેપો-બધું જ આવે. પરંતુ આ સામયિક તમે દસેક વર્ષ વાંચશો તો તમારું માનસ પ્રચ્છન્નપણે અમુક પ્રકારનું થઈ જાય છે. એનું સંપાદનકાર્ય એવી રીતે કરવામાં આવે છે કે જેથી ખ્રિસ્તી ધર્મના મૂલ્યોનું પ્રતિપાદન થાય. બાહ્ય દૃષ્ટિએ રસપ્રદ કથા અને વાર્તા હોય,

પણ એની પાછળ ખ્રિસ્તી ધર્મના પ્રતિપાદનનો દોર સતત વહેતો હોય. પત્રકારની ખૂબી જ એ છે કે એ તમને જાણ પણ ન થાય એ રીતે તમારું માનસ પલટી નાખે.

પત્રકારના લોહીમાં ધર્મ ફરતો હોય તો જ એનામાં આવી જીવંત ધર્મદૃષ્ટિ જાગે. આજનાં જૈન સામયિકોમાં આવો અનુભવ થાય છે ખરો? જો થાય તો જ એ પત્ર અને પત્રકાર સફળ બની શકે.

આપણાં પત્રોમાં અહોભાવયુક્ત લખાણોની ભરમાર જોવા મળે છે. વિજ્ઞાનની કોઈ નવી શોધ થાય એટલે તરત જ આ પત્રો લખશે કે અમારે ત્યાં તો વર્ષો પહેલાં આ શોધ થઈ ચૂકી છે. અમારા ધર્મગ્રંથોમાં એનું બયાન પણ મળે છે ! મજાકમાં એમ પણ કહી શકાય કે સેકન્ડ ક્લાસના ડબ્બાનાં બારણાંની પહોળાઈ કેટલી હોવી જોઈએ તે વિશે પણ વેદમાં લખેલું છે. આવા અંધ અહોભાવમાંથી મુક્ત થવું જોઈએ. એને બદલે વિજ્ઞાન અને ધર્મનું સામંજસ્ય સાધવું જોઈએ, કારણ કે ઉત્તમ ધર્મ અને વિજ્ઞાન એક જ દિશામાં ચાલે છે; એમની વચ્ચે કોઈ વિસંવાદ નથી. ધર્મ કહેશે કે અળગણ પાણી ન પીવાય. રાત્રિભોજનનો ત્યાગ કરો. ઉકાળેલું પાણી પીઓ. વિજ્ઞાન પણ વિશ્લેષણ અને પ્રયોગને અંતે આ જ વાત કહેશે. ધર્મ કહેશે કે કદી જૂઠું બોલશો નહિ. મનોવિજ્ઞાન કહેશે કે જો જૂઠું બોલશો તો અનેક માનસિક ગ્રંથિઓનો ભોગ બનશો.

આપણે આપણા સિદ્ધાંતોને સંકુચિતતાના સીમાડામાં બાંધી દીધા છે અને તેથી વિશ્વવ્યાપી મહત્ત્વ ધરાવતી ઘટનાઓ ઉવેખાય છે. કોઈ જ્ઞાતિનું છાપું હશે તો માત્ર જ્ઞાતિમાં જ એની આખી દુનિયા સમાઈ જશે. સંપ્રદાયનું છાપું હશે તો એ પોતાના સીમાડા ઓળંગીને બીજા સંપ્રદાયની કલ્યાણકારી ઘટનાનો ઉલ્લેખ પણ નહિ કરે. જે અંગ્રેજ સત્તાને મહાત્મા ગાંધીજીએ દેશમાંથી હાંકી કાઢી, એ જ અંગ્રેજ પ્રજાના એક માનવી લોર્ડ એટનબરોએ જગતને "ગાંધી" ફિલ્મની ભેટ ધરી. વિખ્યાત દિગ્દર્શક . માઈકલ ટોબાયાસે આ ફિલ્મ જોઈ અને ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતની ગંગોત્રી શોધતાં શોધતાં જૈન ધર્મ સુધી આવી પહોંચ્યા. એમણે આ ધર્મની અહિંસાને દર્શાવતું "અહિંસા" નામનું દસ્તાવેજી ચિત્ર પણ તૈયાર કર્યું. ઈઝરાયલમાં હમણાં 'વર્લ્ડ વેજિટેરિયન કોંગ્રેસ'નું આયોજન થયું. આ જ ઈઝરાયલમાં ગેલીલી નામની ટેકરીના ઢોળાવ પર આમિરીન નામનું શહેર વસાવવામાં આવ્યું. આ શહેરમાં માત્ર શાકાહારીઓને જ પ્રવેશ મળે છે. અમેરિકાના શિકાગો રાજ્યના એક ગામડામાં શાકાહારી જ વસી શકે છે. ૨૨મી જુલાઈએ લંડનના હાઈડ પાર્કમાં લગભગ બે હજાર લોકોએ વેજિટેરિયન રેલી યોજી અને એમાં સહુએ શાકાહારના શપથ લીધા.

આગામી ૨૩મી ઓક્ટોબરે ઈંગ્લેન્ડના બકિંગહામ પેલેસમાં પ્રિન્સ ફિલિપ જૈન ધર્મમાં પ્રકૃતિ (Jain Statement on Nature) નામક પુસ્તિકાનું ભવ્ય સમારંભમાં વિમોચન કરશે. આવી જગતવ્યાપી ઘટનાઓનું જૈન પત્રકારત્વમાં આલેખન થવું જોઈએ. Man is a dreaming animal. આપણે પણ એક એવું સ્વપ્ન સેવીએ કે આવતીકાલના પત્રકારત્વમાં જૈનદૃષ્ટિનો વિનિયોગ થાય. એને પરિણામે જગતને દિશા અને દર્શન મળે અને વિશ્વધર્મના ધારક એવા આપણે જગતકલ્યાણમાં યત્કિંચિત ફાળો આપી શકીએ. ☐

# માલિક બનવું શ્રેયસ્કર છે કે સેવક ?

☐ 'સત્સંગી'

રશિયાના મહાન સાહિત્યકાર તોલ્સ્તોયની સુંદર નવલકથા Resurrection - રેઝરેકશન - પુનર્જીવનમાં વાર્તાનાયક નેખ્લ્યુડોવ પોતાનાથી થયેલી ભૂલનું પ્રાયશ્ચિત કરે છે. પોતાનું નવું જીવન ઘડે છે. તેની એક વિગત એ છે કે પોતાની પાસે જે પુષ્કળ જમીન છે તે, તે ખેડૂતોને ખેડવા આપી દે છે. જમીનની ગુણવત્તા પ્રમાણે ભાડું લેવું પણ તે પૈસા ખેડૂતસંઘ સંભાળે અને તે પૈસાનો ઉપયોગ ખેડૂતો માટે કરવામાં આવે એવી તેની વિચારણા છે. તેની આવી યોજનાના આનંદથી તે મનોમન વિચારે છે, 'yes, to feel oneself not the master, but a servant', he rejoiced at the thought. અર્થાત્ 'વારુ, પોતાને માલિક નહિ, પણ સેવક ગણવો'. તેને આ વિચારથી હર્ષ થયો. વાસ્તવિક જગતમાં સેવક બનવાનો વિચાર શ્રેયસ્કર નીવડે ખરો? આવો પ્રશ્ન વિચારશીલ માનવીને થાય એ સ્વાભાવિક છે.

મેક્ડૂગલ નામના મનોવૈજ્ઞાનિકના મતે માણસમાં સંગ્રહ કરવાની વૃત્તિ સ્વાભાવિક રીતે રહેલી છે. આ સંગ્રહવૃત્તિથી માલિકીની લાગણીનો ભાવ ઉદ્ભવે છે. માણસે સો રૂપિયા જેટલો સંગ્રહ કર્યો હોય, તો તેનામાં સો રૂપિયાની માલિકીનો ભાવ સહજ રીતે થાય છે. આ માલિકીની લાગણીથી તેને સ્વાભાવિક રીતે આનંદ થાય છે. સ્વામિત્વ પૈસા પૂરતું જ મર્યાદિત નથી. ઘર-જમીનનો માલિક, ગામધણી, ઢોરઢાંખરનો માલિક, રાજ્યનો સ્વામી, નોકરચાકરોનો શેઠ, સ્ત્રીનો સ્વામી, સત્તાધીશ વગેરે શબ્દપ્રયોગો માણસના સ્વામિત્વનું ક્ષેત્ર સૂચવે છે.

મેક્ડૂગલના મતે માણસમાં આનાથી ઊલટી વૃત્તિ પણ રહેલી છે જે તાબેદારી વૃત્તિ કહેવાય છે અને તેની સાથે સંકળાયેલો ભાવ દીનતાનો હોય છે. માણસ સ્વામિત્વની લાગણીથી આનંદ અનુભવતો હોય છે, પરંતુ તેનાથી ચડિયાતી વ્યક્તિ પ્રત્યે તેનામાં તાબેદારી વૃત્તિ કામ કરતી હોય છે. આ બેમાંથી કઈ વૃત્તિ માણસમાં પ્રબળપણે રહેલી હોય તે વ્યક્તિનાં વ્યક્તિત્વ અને સમગ્ર સંજોગો પર આધાર રાખે છે. જે પુરુષ પોતાની પત્ની પ્રત્યે સ્વામીની અદાથી વર્તતો હોય તે તેના ઉપરી પાસે હાથ જોડીને દીનતાથી વાત કરતો હોય. તો એવી પણ કોઈ વિરલ વ્યક્તિઓ 'સિંહ સો લાંઘણ કરે, પણ તૃણ કદી ન ખાય' જેવી હોય. અર્થાત્ દીનતા, આજીજી, શરણે જવાની વાત તેઓને માન્ય હોય જ નહિ. પરંતુ સામાન્ય માણસમાં આ બંને વૃત્તિઓ ચોક્કસ પરિસ્થિતિઓના સંદર્ભોમાં કામ કરતી હોય છે.

આ બંને સાહજિક વૃત્તિઓમાંથી કઈ વૃત્તિની કેળવણી વ્યક્તિ અને સમષ્ટિ માટે શ્રેયસ્કર નીવડે એ પ્રશ્ન છે. અહીં ગેરસમજ એ થાય છે કે સેવકનો અર્થ સામાન્ય નોકર કરવામાં આવે છે. જ્યારે સેવક શબ્દમાં જરૂરી નમ્રતા અને સેવાભાવનો ધ્વનિ રહેલો છે જે સમજવામાં માણસ મુશ્કેલી અનુભવે છે. પરિણામે, સ્વામિત્વની લાગણીના અનુભવમાં પોતે યોગ્ય સ્થાન ધરાવે છે એવો માણસને સંતોષ થાય છે, તેથી સ્વામિત્વની લાગણી તેની પ્રવૃત્તિઓનું પ્રેરકબળ બની રહે છે.

માનવ ઈતિહાસ એટલે સ્વામિત્વ અને તાબેદારીની લાગણીઓની પારસ્પરિક ક્રિયા અને પ્રતિક્રિયા. પ્રશ્નોના ઉકેલ માટે યુદ્ધને આખરી સાધન ગણતું, બેકારી, ભૂખમરો, જાતજાતના તનમનના રોગો વગેરેથી પીડાતું, આંસુભરેલું, અશાંત વર્તમાન જગત સત્ય બાબત છે, તો પછી

માણસ સ્વામિત્વ માટેનો જે પુરુષાર્થ કરતો રહ્યો છે તે રહસ્યમય કોયડો બને છે. જમીનદારો અને જાગીરદારોના ઈતિહાસમાં ગુલામી અને વેઠ જેવી અધમ પ્રથાઓ જોવા મળે છે. સત્તાધીશોએ સ્વામિત્વના ગર્વથી પ્રજાને કચડી છે અને તેના પ્રત્યાઘાત રૂપે પ્રજાઓએ બળવા પણ કર્યા છે. અમલદારોએ પોતાની સત્તાના અહંકારને લીધે કર્મચારીઓ અને પ્રજાનો ગેરલાભ લીધો છે અને તેમણે કર્મચારીઓ કે પ્રજાના હૃદયમાં ભાગ્યે જ સ્થાન લીધું છે. પતિમાં સ્વામિત્વના દબાણથી સ્ત્રીઓએ પતિથી વિમુખ બનવાનું યોગ્ય ગણ્યું હોય છે. સાસુવહુના સારા સંબંધો અપવાદરૂપે જ જોવા મળે, પરિણામે વહુદીકરો માતાપિતાથી અલગ રહેવાનું યોગ્ય ગણતાં આવ્યાં છે. શેઠનોકરનું જોડકું શિક્ષિત લોકોને કદાચ સાંભળવું પણ નહિ ગમતું હોય. માણસે સ્વામિત્વની લાગણીના અનુભવથી અમુક પ્રકારનો સંતોષ અનુભવ્યો હશે, પરંતુ તેણે વૈયક્તિક રીતે મેળવવા કરતાં ગુમાવ્યું વધારે હોય છે અને જે મેળવાયું હશે તેમાં ગુનાની લાગણીનો ડંખ જીવનના છેલ્લા શ્વાસ સુધી રહ્યો હશે.

ઈતિહાસનું આવું તારણ નીકળે છે ત્યારે સેવક બનવામાં વ્યક્તિ અને સમાજનું શ્રેય થશે ? સેવક બનવું એટલે શું ? મહાત્મા કોન્ફ્યુશિયસને તેમના શિષ્યે પૂછ્યું, " એવો એક શબ્દ છે જે માણસને તેની આખી જિંદગી માટે નિયમ તરીકે કામ લાગે ?" મહાત્મા કોન્ફ્યુશિયસે જવાબ આપ્યો, Reciprocity - પારસ્પરિક કર્તવ્ય આવો શબ્દ નથી ? જે વર્તાવ તમારા પ્રત્યે થાય એમ તમે નથી ઈચ્છતા તેવો વર્તાવ તમે બીજા પ્રત્યે ન કરો. સામાન્ય રીતે માણસને બીજો માણસ તેનો સ્વામી બને એ ગમતું નથી. તો પછી તેણે બીજાના સ્વામી ન બનવું જોઈએ એમ મહાત્મા કોન્ફ્યુશિયસના નિયમ પરથી ફલિત થાય છે.

માલિકો કે ઉચ્ચ સ્થાન ધરાવતી વ્યક્તિઓએ તેમની પાસે કામ કરનાર લોકોના સેવક બનવું એટલે પ્રથમ તો તેમના સ્વામી ન બનવું. કામ કરનારાઓને ધણીપણું, હુકમની ભાષા, યંત્રના ચક્રની જેમ કામ કર્યા કરવું વગેરેથી માનસિક ત્રાસ થાય છે. આવી પરિસ્થિતિ માલિકો, કામ કરનારાઓ અને રાષ્ટ્ર એ કોઈનાં હિતમાં નથી જેની ઈતિહાસ સાક્ષી પૂરે છે. બીજું એ કે માલિકો તેમજ ઉચ્ચ સ્થાન ધરાવતી વ્યક્તિઓએ કામ કરનારાઓને પોતાના જેવા માણસ ગણીને તેમના પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દાખવવાં જોઈએ. લોકપ્રિય ભાષામાં ઉપમા આપીને કહેવું હોય તો, તેમણે સેવક બનવું એટલે કામ કરતી વ્યક્તિઓની 'મા' બનવું. થોડી અઘરી ભાષામાં કહેવું હોય તો તેમણે કામ કરતી વ્યક્તિઓના Friend, philosopher and guide - મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બનવું.

આમ તો સમગ્ર વિશ્વમાં, પરંતુ ભારતમાં પણ જમીનદારોનો ઈતિહાસ મોટે ભાગે શ્રમજીવીઓનાં આંસુથી ખરડાયેલો છે. જમીનદારોની માલિકીની ભાવનાથી ગરીબવર્ગના ત્રાસ અને યાતનાના સતત અનુભવો બાદ ઘણે વરસે વર્તમાન સમયમાં જમીનની ટોચમર્યાદા બાંધવાના પરિણામ સુધી સ્થિતિ આવી છે. પરંતુ આજે પણ ખેતમજૂરોની સ્થિતિ સમાધાનભરી તો ન જ ગણાય. જમીનદારો ગયા, પરંતુ મોટા ખેડૂતોની માલિકીની ભાવના તો પ્રબળ જ છે. મોટા ખેડૂતો અને કારખાનાંના માલિકો ખેતમજૂરો અને કામદારો પ્રત્યે સ્વામિત્વની લાગણી ન રાખે અને તેમને સાથીદારો ગણે, ઉત્પાદનના ભાગીદારો ગણે તો ઉત્પાદન, ગુણવત્તા અને જથ્થો એ બંને દષ્ટિએ સારું થાય અને કામ કરનારાઓને યોગ્ય વિકાસની તક મળે. મૂડીની માલિકીને લીધે ધનવાનોમાં સ્વામિત્વની ભાવના પ્રબળ હોય છે, પરિણામે નીચલો વર્ગ હંમેશા કચડાયેલો રહે છે, તેથી સમાજમાં બળવાની ભીતિ સદાય રહેતી હોય છે. માલિક કામ કરનારાઓનો સેવક અર્થાત્ મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બને તો ખેતી અને ઉત્પાદનના ક્ષેત્રમાં સુભગપરિણામી ક્રાંતિ સર્જાય જે સૌને માટે શ્રેયસ્કર બને.

અમલદારો પ્રજા પાસે માનથી માંડીને ઘણી ઘણી અપેક્ષાઓ રાખે છે. પરંતુ તેઓ પ્રજાનું કામ સહૃદયતાથી અને વ્યવસ્થિત રીતે કરવા માંડે તો પ્રજા તેમના પ્રત્યે અહોભાવથી જોવા લાગે. અમલદારો પ્રજાજનો પ્રત્યે મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શકની અદાથી વર્તે તો લોકમાનસમાં પણ સારા ફેરફારો થવા લાગે અને સમાજમાં અનેરા ઉલ્લાસ અને ખેલદિલીનું વાતાવરણ સર્જાય. આનાથી વિશેષ શ્રેયસ્કર શું હોય ? બીજી બાજુ, સરકારી ઓફિસો અને શૈક્ષણિક સંસ્થાઓમાં કર્મચારીઓ તેમના વડાથી વિરુદ્ધ બની જતા હોય છે. પરંતુ ઉચ્ચ હોદ્દો ધરાવનાર વ્યક્તિઓ તેમની સાથે કામ કરનારાઓને તાબાના માણસો ગણવાને બદલે મિત્રો ગણે તો આનંદપ્રદ હવા ઊભી થાય. જે ઉપરીપણું વ્યવસ્થા માટે છે તે જ ઉપરીપણું સદા મોટું વિઘ્ન બનતું આવ્યું છે. પરિણામે, એવાં અનિષ્ટો ઘૂસી ગયાં છે કે શાણા અને ધૈર્યવાન માણસો પણ રોષ અનુભવે છે. ખુરશી કાર્યક્ષમતા, ન્યાય અને સેવાનું પ્રતીક છે, સત્તાના દબાણનું નહિ. સેવાનો યોગ્ય અર્થ આચરણમાં આવે તો વર્તમાન વિકૃત પરિસ્થિતિઓમાંથી કુદરતી અને શ્રેયસ્કર પરિસ્થિતિ બનવા લાગે.

કુટુંબની રીતે વિચારીએ તો પતિ પોતાનાં પત્ની અને બાળકો પ્રત્યે મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક તરીકેનું વલણ અપનાવે તો કવિએ ગાયું છે તેમ ઘર સુખશાંતિનું ધામ બની સાસુ વહુની સ્વામિની બનવાને બદલે 'મા' બનવાનું પસંદ કરે તો 'સાસુ-વહુને આદિ વેર'ની લોકોક્તિ ખોટી ઠરે અને સંયુક્ત કુટુંબની હૂંફનું અદશ્ય થયેલું વાતાવરણ અનેકને અનુભવવા મળે.

અલબત્ત, સ્વામિત્વ કે ઉપરીપણાનું માનસ માણસમાં સહજવૃત્તિ તરીકે કામ કરે છે, તેના નકારથી માણસ ધૂંઆપૂંઆ પણ થાય એટલી તેની પકડ માણસ પર છે. પરંતુ જેમ માણસમાં રહેલી અન્ય સહજવૃત્તિઓની યોગ્ય કેળવણી થઈ શકે છે તેમ સ્વામિત્વની લાગણીની યોગ્ય કેળવણી થઈ શકે છે. તે યોગ્ય કેળવણી એટલે Friend, philosopher and guide - મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બનવું; પછી કુટુંબનું ક્ષેત્ર હોય કે ઉત્પાદનનું કે લોકોના નેતા બનવાનું. સામાન્ય માણસને ખરેખર શું જોઈતું હોય છે ? માણસ આર્થિક રીતે સંતોષ અનુભવે, તેને થોડી ફુરસદ મળે જે દરમ્યાન તે સાહિત્ય, સંગીત અને કલાનો રસાસ્વાદ માણે અને અધ્યાત્મના માર્ગે જવા પ્રેરાય. આવા ઉમદા હેતુ માટે સરમુખત્યારશાહી, સ્વામિત્વ, શેઠપણું, ધણીપણું નાકામયાબ નીવડયાં છે. તેથી માલિકો અને ઉપરી-અધિકારીઓ સેવક અર્થાત્ મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બને તો માનવીનો યોગ્ય વિકાસ શક્ય છે. આ અંગે લોકશાહી સરકાર અને સમાજનું જે માળખું હોય તે બદલવાની કોઈ જરૂર નથી, પરંતુ જેઓ માલિક કે ઉપરીનું સ્થાન ધરાવે છે તેમણે મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બનવાનો પુરુષાર્થ કરવાનો રહે છે. માલિકી કે ઉપરીપણાની લાગણીથી તેઓ અંગત રીતે તો પીડા જ અનુભવતા હોય છે એ સત્ય તેમને આત્મનિરીક્ષણ દ્વારા સમજાય તેવું છે. તેથી પોતાને માટે તેમ જ સમષ્ટિની દષ્ટિએ શ્રેયસ્કર માર્ગ તો છે સેવક અર્થાત્ મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બનવાનો. □

# આદર્શ વિવેચન

❒ ડૉ. પ્રવીણ દરજી

'આદર્શ વિવેચન' આ સંજ્ઞા પોતે જ કંઈક ચિંત્ય છે. વિવેચન માટે અમુક ધોરણો કે માપદંડો નિશ્ચિત કરો એટલે એ ક્ષણથી જ એની સ્થગિતતાનો પણ આરંભ થાય. 'આદર્શ' એવું વિશેષણ યોજ્યા વિના પણ 'વિવેચન એટલે વિવેચન' એમ જો કોઈ કહે તો 'વિવેચન'નો ઘણોબધો મર્મ એમાં સ્પષ્ટ થઈ જતો હોય છે.

'વિવેચન' શબ્દનો પ્રયોગ પણ પાછો વ્યાપક રૂપે થતો રહ્યો છે. એના ઘણા સંદર્ભો મળી રહે છે. ઘરેલુ બાબતોથી માંડીને અમૂર્ત વસ્તુઓ સુધી આપણે એ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આપણો સંદર્ભ અહીં સાહિત્યિક વિવેચન પૂરતો સીમિત છે. અહીં પણ 'વિવેચન' સંજ્ઞા અને એ શબ્દની છાયાઓ વિશે મતમતાન્તરો તો રહ્યા છે જ . લગભગ સર્વને સ્વીકૃત બની રહે એવો એનો અર્થ કરવો હોય તો કંઈક આવો થાય : સારાસાર વિવેક અથવા તો સમ્યક્-ભેદ, નીરક્ષીર છૂટાં પાડી આપવાં. સાહિત્યમાં જ્યાં સર્જન છે, ત્યાં વિવેચન છે. બંનેનો ગાઢ સંબંધ રહ્યો છે. અહીં સર્જન પહેલું કે વિવેચન પહેલું એવો પ્રશ્ન પણ થયો છે. કેટલાકે વિવેચનને અનિવાર્ય લેખ્યું છે તો રિલ્કે જેવા કોઈક કોઈક વિવેચનથી કોઈ વિશેષ અર્થ સરતો નથી એવું પણ કહે છે. આમ વિવેચન અને એના કાર્ય વિશે, એની મહત્તા વિશે પણ મતવૈવિધ્ય જોવા મળે છે.

તો પ્રશ્ન છે 'વિવેચન' કેવું હોવું જોઈએ ? 'આદર્શ' એવું વિશેષણ યોજ્યા વિના નમૂના રૂપ વિવેચનનો વિચાર કરીએ તો તેમાં કઈ કઈ બાબતોની અપેક્ષા રહે ? - વગેરે પ્રશ્નોનો ઉત્તર મેળવવા પ્રયત્ન કરીએ.

વિવેચન અને સર્જન ઘણીબધી રીતે પરસ્પરાશ્રિત છે. બંનેનો કાર્યપ્રદેશ દેખીતી રીતે પૃથક્ હોવા છતાં બંને છેવટે તો આંગળી મૂકી આપે છે સૌંદર્ય ઉપર. સર્જક માનવના, જગતના સૌંદર્યને કૃતિ રૂપે સારવી આપે છે, તો વિવેચક કૃતિના સૌંદર્યને આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. બંનેને ઘણુંબધું પરીક્ષવું પડે છે, સુધારાવધારા કરવા પડે છે, જોડાણો કરવાનાં રહે છે, અદલ-બદલ પણ કરવું પડે છે. આને કારણે જ ક્યારેક વિવેચકની પ્રતિભા ધરાવનાર સર્જક બીજાં કરતાં આગળ નીકળી જતો જણાય છે. એલિયટ કે ટાગોર જેવાનાં દૃષ્ટાંતો આપણી સામે છે જ. એ રીતે વિવેચન સર્જનને ઉપકારક નીવડે છે.

વિવેચન હંમેશાં જહાંગીરના ન્યાયઘંટ જેવું હોવું જોઈએ. ત્યાં માત્ર રચના જ જોવાવી જોઈએ. રચનાને બાજુએ રાખી આ કે તે વ્યક્તિને લક્ષમાં રાખવામાં આવે તો એક તરફ એ થાબડભાણાનો ભોગ બની જવાની દહેશત રહે છે, તો બીજે છેડે વ્યક્તિગત વેર માટેનું તે ઓજાર બની જવાની શકયતા છે. સાહિત્યના ઈતિહાસમાં આવું ઘણીવાર બન્યું છે. રિલ્કે જેવાએ વિવેચન સામે જે લાલબત્તી ધરી હતી તે આવાં કારણોસર જ. ભવભૂતિને પણ એવા વિવેચનનો કડવો અનુભવ ક્યાં નથી થયો ?

વિવેચનનું લક્ષ્ય કૃતિ ને કેવળ કૃતિ હોવું ઘટે. એ દ્વારા જ તે સૌંદર્યબોધ કરાવી શકે. રચનાને સાચા અર્થમાં પામવા તેની નિરંતર મથામણ હોવી ઘટે. જો એ સમજવામાં વિવેચક ભૂલથાપ ખાય તો અકાળે તે કોઈ સર્જકને લખતો અટકાવી દે અથવા તો કૃતિ વિશે ગેરસમજ ઊભી કરે. એનાં તારણો ઊભડક ન હોવાં જોઈએ. એની પાછળ વિવેચકનો સમગ્ર અભ્યાસ ઊભો હોવો ઘટે. તુલના અને પૃથકકરણ કરતાં કરતાં જે કંઈ નીતરી આવે તે તેણે બતાવવાનું હોય છે. પોતાના અભિગ્રહો - પૂર્વગ્રહોને - જો તે વચ્ચે લાવે અને પછી કોઈ નિષ્કર્ષ ઉપર તે આવવા પ્રયત્ન કરે તો કર્તા અને કૃતિ બંનેને અન્યાય થાય. એટલે પૂર્વગ્રહોને જીતવાનું કામ વિવેચકે કરવાનું છે. વિવેચક-વિવેચનમાં, જે કંઈ તજવાયોગ્ય છે, નઠારું છે, અનાદરપાત્ર છે તેનો ખોંખારીને અસ્વીકાર કરવાની નૈતિક હિંમત હોવી જોઈએ. એક બાજુ વિવેચકે ભાવકની સમજને વિસ્તારવાની છે અને સાહિત્યના એકમેવાદ્વિતીય એવા રસાનંદની વચ્ચે તેને મૂકી આપવાનો છે તો બીજી તરફ તેણે એ પણ સ્પષ્ટ કરવાનું રહે છે કે કૃતિમાં શુ શું આનંદભોગ્ય નથી.

વિવેચક કે વિવેચન જે કંઈ દર્શાવે છે, જે કંઈ સારવે- તારવે છે એની પાછળ કોઈ ચોકકસ પીઠિકા હોવી ઘટે. વિવેચકે કેવળ દોષ જ બતાવવાના નથી, શાસ્ત્રીય પીંજણ કર્યા કરવાનું નથી. તર્કજનિતતા કે યાંત્રિકતામાં કૃતિની રસકીય બાજુ ભુલાઈ જાય અને વિવેચન આડે પાટે ચઢી જાય તો તેવું વિવેચન એનો ધર્મ ચૂકયું ગણાય. આથી જ વિવેચકમાં રાજશેખર કથિત કારયિત્રી સાથે ભાવયિત્રી પ્રતિભા તો હોય ઉપરાંત તે બહુશ્રુત હોય, વિવિધ વિષયનો જાણકાર હોય, અનેક કળાઓ વિશેની તેની સમજ હોય, તટસ્થ તોલનબુદ્ધિ હોય, તેનો જીવનાનુભવ જ એવો વિશાળ હોય કે પેલી રચનાને 'રચના' રૂપે અનાવૃતત્ત કરી આપે. એક પૂર્ણ, સમગ્ર માનવી જ એવું વિવેચન આપી શકે. લ્યૂકાસે સાચી રીતે Dedicated and talented એવી અપેક્ષા વિવેચક પાસે રાખી છે.

મરે ક્રેગરે આવી વિશિષ્ટ વિવેચકપ્રતિભા કૃતિનાં રહસ્યોને ઉદ્ઘાટિત કરી આપવામાં પ્રબળ ભાગ ભજવી શકે છે એમ જે કહ્યું છે તે આ સંદર્ભે જ. મલ્લિનાથ જેવો વિવેચક આપણને ન મળ્યો હોત તો કદાચ કાલિદાસ આજે જે રીતે આપણા જીવનનો એક ભાગ બની ગયા છે તે ન બન્યા હોત. બ્રેડલે નહિ થયો હોત તો શેક્સપિયરને આપણે જે રીતે આજે માણીએ છીએ, એ કરતાં સંભવ છે કે ચિત્ર ભિન્ન હોત.

વિવેચન એક પવિત્ર કાર્ય છે. કહો કે એ એક ગૌરવભર્યા ન્યાયાલયનો ભાગ ભજવે છે. આમ તો કોલરિજે કહ્યું છે તે પ્રમાણે આપણે સૌ કોઈક ને કોઈક રૂપે ઓછેવત્તે અંશે ઍરિસ્ટોટલ કે પ્લેટો રૂપે જ જન્મ્યા છીએ. ભાવક તરીકે કેટલુંક સારું-ખોટું તારવી શકીએ છીએ. પણ જ્યાં આપણે અટકીએ છીએ, મૂંઝાઈએ છીએ ત્યાં વિવેચન મદદે દોડી આવે છે. પેલાં બંધ દ્વાર ઉઘાડી આપે છે, જે કંઈક અસ્પષ્ટ હોય, ધૂંધળું હોય, અલ્પપરિચિત કે સમજબહારનું હોય તેને તે પ્રત્યક્ષ કરી આપે છે. વિવેચનનું કાર્ય જ એ છે.

આજે સિદ્ધાંતનિષ્ઠ અને કૃતિનિષ્ઠ વિવેચન વિશે ઘણુંઘણું લખાય છે. વિવેચનની નવી નવી રીતિઓ અસ્તિત્વમાં આવી છે. મનોવિજ્ઞાન, સમાજવિદ્યા, દર્શનશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન અને તેની વિવિધ

(વધુ પૃષ્ઠ-૧૬ ઉપર)

(૪)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ
### તા. ૩૧-૩-૯૦ના દિવસનું સરવૈયુ

| ૧૯૮૯ | ફંડો અને દેવું : | | |
|---|---|---|---|
| | **રીઝર્વ ફંડ :** | | |
| ૧૨૯૪૧૭૯.૧૮ | ગયા સરવૈયા મુજબ | ૧૪૧૪૭૯૧.૧૮ | |
| ૬૩૬૧૨.૦૦ | ઉમેરો : આજીવન સભ્યોનાં : લવાજમના વસુલ (નેટ) | ૫૮૧૦૭.૦૦ | |
| ૫૭૦૦૦.૦૦ | પેટ્રન સભ્યોના લવાજમના : | ૧૫૦૦૦.૦૦ | |
| ૧૪૧૪૭૯૧.૧૮ | | | ૧૪૮૭૮૯૮.૧૮ |
| | **અન્ય ફંડો :** | | |
| ૧૨૧૬૬૮૧.૦૦ | પરિશિષ્ટ અ મુજબ | | ૧૩૧૨૭૬૯.૩૫ |
| | **દેવું :** | | |
| ૫૦૫૧૪.૨૭ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | ૬૫૬૦૬.૫૯ | |
| ૧૩૨૦.૦૦ | અગાઉથી આવેલ લવાજમના | ૧૨૦.૦૦ | |
| ૪૯૫૮૫.૩૭ | પરચુરણ દેવું | ૧૬૦૬૦૧.૩૭ | |
| ૧૦૧૪૧૯.૬૪ | | | ૨૨૬૩૨૭.૯૬ |
| | **શ્રી જનરલ ફંડ (આવક ખર્ચ ખાતું)** | | |
| ૪૫૫૬૮૫.૭૫ | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો | | |
| ૭૪૨૪૨.૦૨ | ગયા સરવૈયા મુજબ બાકી સામી બાજુએ | | |
| ૩૮૧૪૪૩.૭૩ | | | |
| ૩૧૧૪૩૩૫-૫૫ | આગળ લઈ ગયા | | ૩૦૨૬૯૯૫-૪૯ |

| ૧૯૮૯ | મિલ્કત અને લેણું : | | |
|---|---|---|---|
| | બ્લોક (કરાર મુજબ) | | |
| | રસધારા કો. ઓ. હા. સો. લિ. | | |
| ૫૧૨૩૦.૪૦ | ગયા સરવૈય મુજબ બાકી | | ૫૧૨૩૦.૪૦ |
| | ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) પરિશિષ્ટ બ પ્રમાણે | | |
| ૩૫૩૫૦.૦૦ | શેરો તથા ડીબેન્ચર્સ | ૨૮૩૫૦.૦૦ | |
| ૨૦૨૦૦૦.૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા યુનિટો | ૨૦૨૦૦૦.૦૦ | |
| ૧૭૩૫૦૦૦.૦૦ | ગર્વ કું.માં ડીપોઝીટ | ૧૭૫૫૦૦૦.૦૦ | |
| ૭૮૫૦૦૦.૦૦ | બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | ૬૬૫૦૦૦.૦૦ | |
| ૨૭૫૭૩૫૦.૦૦ | | | ૨૬૫૦૩૫૦.૦૦ |
| | **ફર્નીચર અને ફિક્ષર (ચોપડા પ્રમાણે)** | | |
| ૩૧૩૪૧.૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧૩૪૧.૨૪ | |
| ૯૪૯૨.૨૪ | બાદ : કુલ ઘસારાના ૧૯૮૯ સુધી | ૧૧૬૭૬.૨૪ | |
| ૨૧૮૪૯.૦૦ | બાદ : ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના | ૧૯૬૬૫.૦૦ | |
| ૨૧૮૪.૦૦ | | ૧૯૬૬.૦૦ | |
| ૧૯૬૬૫.૦૦ | | | ૧૭૬૯૯.૦૦ |
| | **ડીપોઝીટ** | | |
| ૧૨૫.૦૦ | પોસ્ટ ઓફિસમાં | ૧૨૫.૦૦ | |
| ૧૩૨૫.૦૦ | બી. ઈ. એસ. ટી. | ૧૩૨૫.૦૦ | |
| ૩૬૦.૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦.૦૦ | |
| ૧૧૦૦.૦૦ | બિરલા ક્રીડા કેન્દ્ર | ૧૧૦૦.૦૦ | |
| ૨૯૧૦.૦૦ | | | ૨૯૧૦.૦૦ |
| | **લેણું સધ્ધર** | | |
| ૫૯૧૨૬.૭૩ | શ્રી એમ. એમ. શાહ સા. વા. પુસ્તકાલય | ૧૮૫૭૯.૬૨ | |
| ૩૩૬૪૧.૧૬ | ઈન્કમટેક્ષ રીફંડ | ૨૫૦૫૦.૩૨ | |
| ૫૩૧૭૦.૧૪ | ડીબેન્ચરો તથા ડીપોઝીટ પર થયેલા વ્યાજના | ૫૭૫૧૯.૪૦ | |
| ૩૫૪૩૯.૪૫ | સ્ટાફ પાસે | ૪૮૫૦૭.૮૫ | |
| ૨૦૦.૦૦ | ખર્ચ અંગે અને પરચુરણ લેણું | ૧૫૦૫૩.૨૫ | |
| ૧૮૧૫૭૭.૪૮ | | | ૧૬૪૭૧૦.૪૪ |
| ૩૦૧૨૭૩૨.૮૮ | પાછળ લઈ ગયા | | ૨૮૮૬૮૯૯.૮૪ |

| | | |
|---|---|---|
| ૩૧૧૪૩૩૫.૫૫ | પાછળથી લાવ્યા | ૩૦૨૬૯૯૫.૪૯ |
| ૩૧૧૪૩૩૫.૫૫ | કુલ રૂા. | કુલ રૂા.૩૦૨૬૯૯૫.૪૯ |

ઓડિટરનો રિપોર્ટ :

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંઈનું તા. ૩૧-૩-૯૦ના દિવસનું ઉપરનું સરવૈયુ મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યુ છે. અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્
ઓડિટર્સ

| | | | |
|---|---|---|---|
| ૩૦૧૨૭૩૨.૮૮ | પાછળથી લાવ્યા | | ૨૮૮૬૯૯૯.૮૪ |
| | **રોકડા તથા બેંક બાકી** | | |
| ૩૦૫૯૬.૯૧ | બેંક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતે | ૬૫૪૫.૮૩ | |
| ૭૦૩૫૮.૪૪ | બેંક ઓફ ઈન્ડિયા બચત ખાતે | ૪૩૬૬૧.૮૭ | |
| ૬૪૭.૩૨ | રોકડ પુરાંત | ૬.૬૬ | |
| ૧૦૧૬૦૨.૬૭ | | | ૫૦૨૧૪.૩૬ |
| | શ્રી જનરલ ફંડ (આવક ખર્ચ ખાતું) | | |
| | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી સુવર્ણ જયંતી પ્રસંગે શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડમાં કાયમી ભેટ મળેલ તેના એડજેસ્ટ કર્યા | ૨૫૦૦૦.૦૦ | |
| | શ્રી ટિબડિઆ ફાઉન્ડેશન તરફથી ભેટ તરીકે આવેલી આ રકમ સુવર્ણ જયંતી ભેટમાં લઈ ગયેલ પણ તે રકમ તેમની સૂચનાથી 'શ્રી કિશોર ટિંબડિઆ કેળવણી યોજના' ફંડ ખાતે એડજેસ્ટ કર્યા | ૧૦૦૦૦૦.૦૦ | |
| | ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો... | ૩૪૬૩૨૫.૦૨ | |
| | | ૪૭૧૩૨૫.૦૨ | |
| | બાદ : ગયા સરવૈયા મુજબ જમા હતાં | ૩૮૧૪૪૩.૭૩ | |
| | | | ૮૯૮૮૧.૨૯ |
| ૩૧૧૪૩૩૫.૫૫ | કુલ રૂા. | કુલ રૂા. | ૩૦૨૬૯૯૫.૪૯ |

મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ ટ્રસ્ટીઓ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ

## તા. ૩૧-૩-૯૦ ના સરવૈયામાં દર્શાવેલ અન્ય ફંડો અને ખાતાઓની વિગતો દર્શાવતું પરિશિષ્ટ

અ

| અનુક્રમ નંબર | ફંડો : | ૩૧-૩-૮૯ના રોજ | વર્ષ દરમિયાન ભેટ | હવાલા | વ્યાજના હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | હવાલા | તા. ૩૧-૩-૯૦ ના દિવસે |
|---|---|---|---|---|---|---|---|---|
| I ૧ | શ્રી મકાન ફંડ | ૪૧૮૪.૬૯ | | | | | | ૪૧૮૪.૬૯ |
| ૨ „ | પુસ્તક પ્રકાશન ખાતું | ૨૧૭૦૧.૦૯ | | | | | | ૨૧૭૦૧.૦૯ |
| ૩ „ | પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨૦૦૦.૦૦ | | | | | | ૨૦૦૦.૦૦ |
| ૪ „ | વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું | ૪૫૦૦૦.૦૦ | | | | | | ૪૫૦૦૦.૦૦ |
| ૫ „ | સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ | ૨૫૦૦૦૦.૦૦ | | ૨૫૦૦૦૦.૦૦ | | | | ૨૫૦૦૦.૦૦ |
| ૬ „ | વિજય વલ્લભસૂરિ સ્મારક વ્યાફંડ શ્રેણી | ૭૫૦૦૦.૦૦ | | | | | | ૨૭૫૦૦૦.૦૦ |
| ૭ „ | ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ | ૧૧૦૦૦.૦૦ | | | | | | ૭૫૦૦૦.૦૦ |
| | લેખક પારિતોષિક ફંડ | | | | | | | ૧૧૦૦૦.૦૦ |
| ૮ „ | ધીરજબેન દીપચંદ રમકડાંઘર | ૭૦૦૦૬.૪૯ | | | | | | ૭૦૦૦૬.૪૯ |
| ૯ „ | મહાવીર વંદના સ્નેહમિલન | ૧૫૦૦૦૦.૦૦ | | | | | | ૧૫૦૦૦૦.૦૦ |
| ૧૦ „ | અનાજ રાહત ફંડ | ૭૪૨૪૬.૦૦ | | | | | | ૭૪૨૪૬.૦૦ |
| ૧૧ „ | મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષક ફંડ | ૧૫૦૦૦.૦૦ | | | | | | ૧૫૦૦૦.૦૦ |
| ૧૨ „ | વસંત વ્યાખ્યાનમાળા ફંડ | ૫૧૦૦૦.૦૦ | | | | | | ૫૧૦૦૦.૦૦ |
| ૧૩ „ | કિશોર ટિંબડિઆ કેળવણી યોજના ફંડ | | | ૧૦૦૦૦૦.૦૦ | | | | ૧૦૦૦૦૦.૦૦ |
| | | ૭૬૯૧૩૮.૨૭ | ૦.૦૦ | ૧૨૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૯૪૧૩૮.૨૭ |
| | ખાતાંઓ : | | | | | | | |
| II ૧ | શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતું | ૨૧૨૯૭૦.૯૬ | ૧૨૯૪૫૮.૦૦ | ૫૩૦૦૧.૦૦ | | ૧૩૮૨૨૪.૮૫ | | ૨૫૭૨૦૫.૧૧ |
| ૨ „ | દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ | ૭૨૦૮૭.૬૨ | ૨૧૮૯૫.૦૦ | | ૭૨૦૦.૦૦ | ૩૭૬૬૦.૦૦ | | ૬૩૫૨૨.૬૨ |
| ૩ „ | જીવન ઘડતર લક્ષી પ્રવૃત્તિ ખાતું | ૫૪૬૨.૮૦ | | | | ૫૪૬૨.૮૦ | | ૦.૦૦ |
| ૪ „ | દત્તક બાળક પ્રવૃત્તિ રિઝર્વ ફંડ | ૫૩૦૦૧.૦૦ | | | | | ૫૩૦૦૧.૦૦ | ૦.૦૦ |
| ૫ „ | સી. યુ. શાહ મેડિકલ એઈડ | ૧૦૦૦૦૦.૦૦ | | | | ૬૪૧૩૦.૧૫ | | ૩૫૮૬૯.૮૫ |
| ૬ „ | સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી ચશ્મા ઘર | ૩૨૮૫૬.૦૦ | ૨૦૦.૦૦ | | | ૨૬૩૦.૫૦ | | ૩૦૪૨૫.૫૦ |
| ૭ „ | મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક | ૫૦૦.૦૦ | | | ૧૫૦૦.૦૦ | | | ૨૦૦૦.૦૦ |
| | ફંડ આવક ખર્ચ ખાતું | | | | ૭૦૦૦.૦૦ | ૯૫૮૩.૨૫ | | ૦.૦૦ |
| ૮ „ | ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર : આવકઉ ખર્ચ ખાતુ | ૯૦૦૯.૫૫ | ૫૪૭૮.૦૦ | ૬૧૧૪.૮૦ | | | | |
| ૯ „ | અનાજ રાહતફંડ આવક ખર્ચ ખાતુંઉ | ૧૫૨૬૨.૦૦ | ૩૧૫૫૬.૦૦ | | ૭૪૨૪.૦૦ | ૧૬૩૦૭.૯૦ | | ૭૪૧૦.૧૦ |
| ૧૦ „ | વિદ્યાસત્ર આવક ખર્ચ ખાતું | ૭૬૦.૪૦ | | | ૪૫૦૦.૦૦ | ૧૯૩૧.૫૦ | | ૩૩૨૮.૯૦ |
| ૧૧ „ | આ વિજયવલ્લાભસૂરિ સ્મારક વ્યાખ્યાન | ૫૮૯૨.૦૦ | | | ૭૫૦૦.૦૦ | ૬૨૯૩.૦૦ | | ૭૦૯૯.૦૦ |
| | શ્રેણી આવક ખર્ચ ખાતું | | | | ૧૫૦૦૦.૦૦ | ૮૩૦૭.૦૦ | | ૧૧૬૭૦.૦૦ |
| ૧૨ „ | સ્નેહ સંમેલન આવક ખર્ચ ખાતું | ૪૯૭૭.૦૦ | | | | | | |
| | કુલ રૂ. | ૪૬૪૨૩૬.૨૩ | ૧૮૮૫૮૭.૦૦ | ૫૯૧૧૫.૮૦ | ૫૦૧૨૪.૦૦ | ૨૯૦૫૩૦.૯૫ | ૫૩૦૦૧.૦૦ | ૪૧૮૫૩૧.૦૮ |

| અનુક્રમ નંબર ફંડો : | ૩૧-૩-૮૯ના રોજ | વર્ષ દરમિયાન ભેટ | હવાલા | વ્યાજનાઉ હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | હવાલા | તા. ૩૧-૩-૯૦ નાદિવસે |
|---|---|---|---|---|---|---|---|
| I પાછળનો સરવાળો | ૭૬૯૧૩૮.૨૭ | 0.00 | ૧૨૫૦૦૦.૦૦ | 0.00 | 0.00 | 0.00 | ૮૯૪૧૩૮.૨૭ |
| II પાછળનો સરવાળો | ૪૬૪૨૩૬.૨૩ | ૧૮૮૫૮૭.૦૦ | ૫૯૧૧૫.૮૦ | ૫૦૧૨૪.૦૦ | ૨૯૦૫૩૦.૯૫ | ૫૩૦૦૧.૦૦ | ૪૧૮૫૩૧.૦૮ |
| ૧૩ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા આવક ખર્ચ ઉ | ૧૬૬૯૩.૫૦ | | ૪૮૨૬૬.૯૨ | ૨૫૦૦૦.૦૦ | ૫૬૫૭૩.૪૨ | 0.00 | 0.00 |
| ૧૪ „ ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક આવક ખર્ચ ખાતું | | | | ૧૧૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | 0.00 | ૧૦૦.૦૦ |
| ૧૫ „ વસંત વ્યાખ્યાનમાળા આવક ખર્ચ ખાતું | | | ૧૨૬૫૩.૦૦ | ૫૧૦૦.૦૦ | ૧૭૭૫૩.૦૦ | 0.00 | 0.00 |
| II નો સરવાળો | ૪૪૭૫૪૨.૭૩ | ૧૮૮૫૮૭.૦૦ | ૧૨૦૦૩૫.૭૨ | ૮૧૩૨૪.૦૦ | ૩૬૫૮૫૭.૩૭ | ૫૩૦૦૧.૦૦ | ૪૧૮૬૩૧.૦૮ |
| I નો સરવાળો | ૭૬૯૧૩૮.૨૭ | 0.00 | ૧૨૫૦૦૦.૦૦ | 0.00 | 0.00 | 0.00 | ૮૯૪૧૩૮.૨૭ |
| કુલ રૂ. | ૧૨૧૬૬૮૧.૦૦ | ૧૮૮૫૮૭.૦૦ | ૨૪૫૦૩૫.૭૨ | ૮૧૩૨૪.૦૦ | ૩૬૫૮૫૭.૩૭ | ૫૩૦૦૧.૦૦ | ૧૩૧૨૭૬૯.૩૫ |

મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ ટ્રસ્ટી

મુંબઈ તા. ૩૦.૬.૧૯૯૦

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

## તા. ૩૧-૩-૯૦ના દિવસના સરવૈયા મુજબ બતાવેલ ઈન્વેસ્ટમેન્ટ અને દેવા-લેણાની વિગતો દર્શાવતું

### પરિશિષ્ટ બ

| ૧૯૮૯ | (૧) વિગત : | | |
|---|---|---|---|
| | શેરો અને ડિબેંચરો : | | |
| ૫૦૦.૦૦ | રસધારા કોઓહાસોલિ. શેર ૧૦ | ૫૦૦.૦૦ | |
| ૮૦૦૦.૦૦ | તાતા ઓઈલ કું. લિ. ડિબેન્ચરો ૨૦૦ | ૪૦૦૦.૦૦ | |
| ૧૫૦૦૦.૦૦ | બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ. ૧૫૦ | ૧૫૦૦૦.૦૦ | |
| ૬૦૦૦.૦૦ | વોલ્ટાસ. લિ. | ૩૦૦૦.૦૦ | |
| ૫૮૫૦.૦૦ | તાતા લોકોએન્ડ એ કું.લિ. બોન્ડ | ૫૮૫૦.૦૦ | |
| ૩૫૩૫૦.૦૦ | | | ૨૭૮૫૦.૦૦ |
| ૨૦૨૦૦૦.૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ. નાં યુનિટો | | ૨૦૨૦૦૦.૦૦ |
| | (૩) ગર્વ કું ફિક્સ ડિપોઝીટ : | | |
| ૩૫૦૦૦.૦૦ | હિન્દુસ્તાન ઝિંક લિ. | ૩૫૦૦૦.૦૦ | |
| ૧૮૦૦૦૦.૦૦ | ઈન્ડિન ઓઈલ કોર્પોરેશન | ૦.૦૦ | |
| ૪૦૦૦૦૦.૦૦ | ભારત પેટ્રો. કોર્પોરેશન | ૪૦૦૦૦૦.૦૦ | |
| ૪૦૦૦૦.૦૦ | રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર | ૪૦૦૦૦.૦૦ | |
| ૫૮૦૦૦૦.૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | ૫૮૦૦૦૦.૦૦ | |
| ૧૦૦૦૦૦.૦૦ | મદ્રાસ રીફાઈનરી કું. લિ. | ૧૦૦૦૦૦.૦૦ | |
| ૫૦૦૦૦.૦૦ | નેયવેલી લેગ્નાઈટ કોર્પોરેશન | ૫૦૦૦૦.૦૦ | |
| ૧૦૦૦૦૦.૦૦ | સિમેંટ કોર્પોરેશન ઓફ ઈ. લિ. | ૧૦૦૦૦૦.૦૦ | |
| ૫૦૦૦૦.૦૦ | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | ૫૦૦૦૦.૦૦ | |
| ૨૦૦૦૦૦.૦૦ | ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પો. લિ. | ૪૦૦૦૦૦.૦૦ | |
| ૧૭૩૫૦૦૦.૦૦ | | | ૧૭૫૫૦૦૦.૦૦ |
| | (૪) બેંકોમાં ફિક્સ ડિપોઝીટ : | | |
| ૨૭૫૦૦૦.૦૦ | બેંક ઓફ ઈ. ફિક્સ ડિપોઝીટ વી. પી. રોડ, | ૨૭૫૦૦૦.૦૦ | |
| ૩૦૦૦૦.૦૦ | જૈન સહકારી બેંક લિ. | | |
| ૧૨૦૦૦૦.૦૦ | માંડવી કો. ઓ. બેંક લિ. | ૯૦૦૦૦.૦૦ | |
| ૧૨૦૦૦૦.૦૦ | ધી બોમ્બે મરકનટાઈલ્સ કો. ઓ. બેંક લિ. | ૯૦૦૦૦.૦૦ | |
| ૧૨૦૦૦૦.૦૦ | સારસ્વા કો. ઓ. બેંક લિ. | ૯૦૦૦૦.૦૦ | |
| ૧૨૦૦૦૦.૦૦ | કપોળ કો. ઓ. બેંક લિ. | ૧૨૦૦૦૦.૦૦ | |
| ૭૮૫૦૦૦.૦૦ | | | ૬૬૫૦૦૦.૦૦ |
| | | કુલ રૂ. | ૨૬૫૦૩૫૦.૦૦ |

| દેવું : | | |
|---|---|---|
| ૧૯૯૧ સભ્ય લવાજમના | | ૧૨૦.૦૦ |
| મુનિ સેવાશ્રમ | ૧૦૫૪૬૧.૦૦ | |
| ખર્ચ અંગે | ૧૫૦૦.૦૦ | |
| પ્રવાસ ફંડ અંગે | ૬૩૦૧.૫૦ | |
| સુરેન્દ્રનગર સંસ્થા | ૫૦૦.૦૦ | |
| સર્વોદય પરિવાર | ૨૦૫૦૨.૦૦ | |
| અંધ બાળક ખાતું | ૧૫૯૬૦.૦૦ | |
| સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી | ૫૦૧.૦૦ | |
| અલ્પાહાર | ૧૪૪૫.૮૭ | |
| ઈન્ટર નેશનલ લેક્ચર સીરીઝ | ૬૯૩૦.૦૦ | |
| શ્રમ મંદિર | ૧૫૦૦.૦૦ | |
| | | ૧૬૦૬૦૧.૩૭ |
| શ્રી શાંતિલાલ ટી શેઠ પ્રો. ફંડ | ૨૬૮૯૩.૮૫ | |
| શ્રી એલ. એમ. મહેતા „ | ૩૩૧૩૩.૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ „ | ૨૨૧૩.૫૦ | |
| પ્યુન અશોક પલમસકર „ | ૧૬૮૩.૦૦ | |
| „ વિજય સાવંત „ | ૧૬૮૩.૦૦ | |
| | | ૬૫૬૦૬.૫૯ |
| લેણું : | | |
| મુનિ સેવાશ્રમ ખર્ચ અંગે | ૧૦૭૫૩.૨૫ | |
| ચીંચણ પર્યટન બસ ડીપોઝીટ | ૪૩૦૦.૦૦ | |
| સ્ટાફ પાસે : | ૧૫૦૫૩.૨૫ | |
| શ્રી એલ. એમ. મહેતા | ૧૭૪૬૯.૩૦ | |
| શ્રી દીપક એન. શાહ | ૧૪૬૫૮.૫૫ | |
| પ્યુન હરિચંદ્ર એ. નવાબે | ૩૫૬૦.૦૦ | |
| „ અશોક પલસકર | ૫૯૬૦.૦૦ | |
| „ વિજય સાવંત | ૬૮૬૦.૦૦ | |
| | | ૪૮૫૦૭.૮૫ |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ

### તા. ૧-૪-૮૯ થી ૩૧-૩-૯૦ ના દિવસે પૂરાં થતા આવક ખર્ચનો હિસાબ

| ૧૯૮૯ | આવક | | |
|---|---|---|---|
| | ભેટના | | |
| ૯૧૧૭૦૮.૦૦ | ચાલુ ભેટના | ૩૨૦૨૮૩.૦૦ | |
| ૨૫૩.૦૦ | પ્રબુદ્ધ જીવન - વ્યાખ્યાનમાળાને | ૧૦૧.૦૦ | |
| ૮૦૦૦.૦૦ | પરિસંવાદ અંગે | ૦.૦૦ | |
| ૯૧૯૯૬૧.૦૦ | | | ૩૨૦૩૮૪.૦૦ |
| | લવાજમના | | |
| ૧૬૦.૦૦ | ૧૯૮૭ સભ્ય લવાજમના | | |
| ૩૨૫૦.૦૦ | વસુલ આપ્યા : ૩૨૬૦+૮૮૦ | ૩૨૪૦.૦૦ | |
| ૧૦૫૩૪.૫૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૬૩૦૯.૦૦ | |
| ૧૩૯૪૪.૫૦ | | | ૯૫૪૯.૦૦ |
| | વ્યાજ તથા કમિશનના | | |
| ૬૪૬૧.૪૪ | ડિબેન્ચરો અને બોન્ડના | ૪૧૦૩.૦૦ | |
| ૧૨૯૬૧૫.૪૧ | બેંકની ફિક્સ ડિપોઝીટ પર | ૭૫૫૩૦.૭૫ | |
| ૨૨૦૬૬૭.૨૪ | ગર્વ કું.ની ડિપોઝીટ પર | ૨૪૭૬૧૯.૬૪ | |
| ૧૪૭૫૦.૦૦ | યુનિટ ટ્રસ્ટની યુનિટ પર | ૨૦૨૦૮.૩૩ | |
| ૬૪૦૦.૦૦ | ખાતા પર તથા કમિશનના | ૯૬૩૫.૧૭ | |
| ૩૭૭૮૯૪.૦૯ | | ૩૫૭૦૯૬.૮૯ | |
| ૮૯૧૦૨.૦૦ | બાદ : અન્ય અંકીત ફંડોને ૧૦ ટકા | ૮૧૩૨૪.૦૦ | |
| ૨૮૮૭૯૨.૦૯ | | | ૨૭૫૭૭૨.૮૯ |
| | પરચુરણ આવક | | |
| ૧૧૬૪.૦૦ | પરમાનંદ કાપડિયા સભાગૃહ લવાજમના | ૫૦૫.૦૦ | |
| | કેસેટ | ૧૩.૦૦ | |
| | | | ૫૧૮.૦૦ |
| ૧૨૨૩૮૬૧.૫૯ | | આગળ લઈ ગયા | ૬૦૬૨૨૩.૮૯ |

| ૧૯૮૯ | ખર્ચ | | |
|---|---|---|---|
| | વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ | | |
| ૧૫૩૫૦૩.૦૦ | પગાર તથા બોનસ | ૧૧૮૬૩૫.૦૦ | |
| ૧૧૨૭૫.૩૦ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ | ૧૧૨૨૧.૭૫ | |
| ૭૯૬૮.૫૫ | પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | ૭૪૯૦.૫૦ | |
| ૭૭૬૫.૦૦ | ટેલિફોન ખર્ચ | ૫૪૯૬.૦૦ | |
| ૫૧૦.૦૦ | પોસ્ટેજ | ૩૯૯.૩૦ | |
| ૨૦૦૦.૦૦ | ઓડિટરોને ઓનેરિયમ | ૧૫૦૦.૦૦ | |
| ૧૧૩૬૫.૫૦ | સ્ટાફ પ્રો. ફંડ ફાળો અને વ્યાજના | ૧૪૯૩૯.૦૦ | |
| ૩૦૧૦૩.૦૦ | ગાડી ભાડું, છત્રી, ડ્રેસ અન્ય ખર્ચના | ૫૪૯૬૪.૮૦ | |
| ૫૬.૫૦ | બેંક કમિશનના | ૭૭.૫૦ | |
| ૫૦.૦૦ | કેસેટ ખર્ચ | | |
| | બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એન્ડ : ફંડને ફાળાના | ૨૨૭૩૦.૦૦ | |
| ૩૪૫૮૨.૮૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચ : રેલ્વે પાસ, ચહા | ૨૦૮૮૮.૫૦ | |
| ૨૧૮૪.૦૦ | ફરનીચર પર ઘસારાના ૧૦ ટકા | ૧૯૬૬.૦૦ | |
| ૨૫૦.૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦.૦૦ | |
| ૨૬૧૬૧૩.૬૫ | | | ૨૬૦૯૦૮.૩૫ |
| | ઉદ્દેશો અંગે | | |
| | શૈક્ષણિક | | |
| ૮૫૪૭.૭૦ | પરિસંવાદ | ૦.૦૦ | |
| ૫૨૧.૭૫ | મરાઠી ગોષ્ઠી ખર્ચ | ૦.૦૦ | |
| ૬૦૭.૦૦ | હિન્દી ગોષ્ઠી ખર્ચ | ૦.૦૦ | |
| ૮૧૫૩.૭૫ | જ્ઞાન ગોષ્ઠી ખર્ચ | ૭૭૦૨.૫૦ | |
| ૭૦૦.૦૦ | શ્રેષ્ઠ લેખક પારિતોષિક | ૦.૦૦ | |
| | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૪૮૨૬૬.૯૨ | |
| ૧૩૯૩૨.૫૦ | વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૧૨૬૫૩.૦૦ | |
| ૭૨૧.૦૦ | ક્રાંતિવીર કાર્યક્રમ | ૧૪૬૯.૨૫ | |
| ૩૩૧૮૩.૭૦ | શ્રી ધીરજબેન દી. શાહ રમકડાં ઘર | ૬૧૧૪.૮૦ | |
| ૪૩૧૩.૫૦ | ભક્તિ સંગીત | ૩૦૧૫.૫૦ | |
| ૨૦૦૦૦૦.૦૦ | એમ. એમ. શાહ લાઈબ્રેરિને ઠરાવ પ્રમાણે | ૫૦૦૦૦.૦૦ | |
| ૨૦૪૩૧૩.૫૦ | | | ૧૨૯૨૨૧.૯૭ |
| | | આગળ લઈ ગયા | ૩૯૦૧૩૦.૩૨ |

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈ-

## તા. ૩૧-૩-૯૦ના દિવસનું સરવૈયું

| ૧૯૮૯ | ફંડો અને દેવું : | | |
|---|---|---|---|
| | કાયમી ફંડો : | | |
| ૩૦૭૯૯૪.૦૦ | ગયા સરવૈયા મુજબ : | ૩૦૭૯૯૪.૦૦ | |
| | ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી કાયમી ફંડમાં | ૫૦૦૦૦.૦૦ | |
| | | | ૩૫૭૯૯૪.૦૦ |
| | **શ્રી પુસ્તક ફંડ :** | | |
| ૫૫૦૦.૦૦ | ગયા સરવૈયા મુજબ : | ૫૫૦૦.૦૦ | |
| | | | ૫૫૦૦.૦૦ |
| | **શ્રી ફરનીચર ફંડ :** | | |
| ૨૪૦૦.૦૦ | ગયા સરવૈયા મુજબ : | ૨૪૦૦.૦૦ | |
| | | | ૨૪૦૦.૦૦ |
| | **શ્રી રીઝર્વ ફંડ :** | | |
| ૩૧૬૭૩.૪૨ | ગયા સરવૈયા મુજબ : | ૩૧૬૭૩.૪૨ | |
| | | | ૩૧૬૭૩.૪૨ |
| | **દેવું :** | | |
| ૨૧૩૧૬.૦૦ | પુસ્તકો અંગે ડિપોઝીટ : | ૨૩૦૭૬.૦૦ | |
| ૧૭૨૯૭.૯૨ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના : | ૨૩૫૨૮.૫૯ | |
| | શ્રી દીપક એન. શાહ ૯૨૩૬.૦૪ | | |
| | શ્રી ઈન્દિરાબેન ભટ્ટ ભટ્ટ ૬૧૧૭.૮૦ | | |
| | ખુન હરિચંદ્ર નવાડે ૮૧૭૪.૭૫ | | |
| | ૨૩૫૨૮.૫૯ | | |
| ૫૯૧૨૬.૭૩ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : | ૧૮૫૭૯.૬૨ | |
| ૧૨૫૦.૦૦ | ખર્ચના - તેને અંગે : | ૧૦૦૦.૦૦ | |
| | | | ૬૬૧૮૪.૨૧ |
| ૪૪૬૪૫૮.૦૭ | | | |
| | કુલ રૂા. | | ૪૬૩૬૫૧.૬૩ |

ઓડિટરનો રિપોર્ટ :
અમોએ શ્રી મણિલાલ એમ. શાહ સા. વાચનાલય અને પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૩-૯૦ ના દિવસનું સરવૈયુ મજકુર લાઈબ્રેરીના ચોપડા - બાઉચરો વગેરે તપાસ્યા છે અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રીર્પોટ આધીન બરાબર છે.
મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

| ૧૯૮૯ | મિલ્કત અને લેણું : | | |
|---|---|---|---|
| | ઈન્વેસ્ટ મેન્ટસ : ફિક્સ ડીપોઝીટ | | |
| ૫૦૦૦૦.૦૦ | હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ લિ. | | ૫૦૦૦૦.૦૦ |
| | **ફરનીચર (ખરીદ કિંમતે)** | | |
| ૧૯૧૮૭.૬૩ | ગયા સરવૈયા મુજબ : | ૧૯૧૮૭.૬૩ | |
| | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદ | | |
| | બાદ : કુલ ઘસારાના : | ૧૦૧૪૭.૬૩ | |
| ૯૧૪૩.૬૩ | ગયા સરવૈયા મુજબ : | ૯૦૪૦.૦૦ | |
| ૧૦૦૪.૦૦ | બાદ : વર્ષ દરમિયાન ઘસારાના | ૯૦૪.૦૦ | |
| ૯૦૪૦.૦૦ | | | ૮૧૩૬.૦૦ |
| | **પુસ્તકો (ખરીદ કિંમતે)** | | |
| ૮૮૬૧૨.૦૫ | ગયા સરવૈયા મુજબ : | ૮૧૫૪૪.૭૦ | |
| ૬૨૨૩.૬૫ | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી : | ૧૨૨૨૯.૧૫ | |
| ૯૪૮૩૫.૭૦ | | ૯૩૭૭૩.૮૫ | |
| ૧૩૨૯૧.૦૦ | બાદ : વર્ષ દરમિયાન ઘસારાના લખી વાળ્યા | ૧૨૨૩૧.૦૦ | |
| ૮૧૫૪૪.૭૦ | | | ૮૧૫૪૨.૮૫ |
| | **લેણું :** | | |
| ૨૫૦૦૦.૦૦ | પરમાનંદ કાપડિયા સ્મા. નિધિ પાસે મદદ અંગે | | |
| ૩૩૭૫.૦૦ | ફિક્સ ડિપોઝીટ પર ચઢેલ વ્યાજના | | |
| ૨૮૩૭૫.૦૦ | | | |
| | **રોકડ તથા બેંક બાકી :** | | |
| ૨૫૧૦.૦૨ | બેંક ઓફ ઈ. બચત ખાતે (ટ્રસ્ટના નામે) | ૧૦૮૦૧.૩૮ | |
| ૪૧૨.૮૫ | રોકડ પુરાંત | ૪૯.૩૦ | |
| ૨૯૨૨.૮૭ | | | ૧૦૮૫૦.૬૮ |
| | **શ્રી આવક ખર્ચ ખાતું** | | |
| ૨૭૪૫૭૫.૫૦ | ગયા સરવૈયા મુજબ | ૨૭૪૫૭૫.૫૦ | |
| | ઉમેરો : આવક કરતાં ખર્ચનો વધારો | ૩૮૫૪૬.૬૦ | |
| | | | ૩૧૩૧૨૨.૧૦ |
| ૪૪૬૪૫૮.૦૭ | કુલ રૂા. | | ૪૬૩૬૫૧.૬૩ |

મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ ટ્રસ્ટીઓ

(14)

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય : મુંબઈ

### તા. ૩૧-૩-૧૯૯૦ ના દિવસે પૂરાં થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૮૯ | આવક : | | |
|---|---|---|---|
| | વ્યાજના : | | |
| ૨૬૬.૩૨ | બેંક વ્યાજના વગેરે | ૮૧૩.૨૫ | |
| ૯૬૦૮.૬૧ | ગર્વ કંપનીની ફિક્સ ડિપોઝીટ પર | ૬૭૪૦.૭૫ | |
| ૯૮૭૪.૯૩ | | | ૭૫૫૪.૦૦ |
| | ભેટના : | | |
| ૨૫૦૦૦.૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ તરફથી | ૩૫૦૦૦.૦૦ | |
| ૧૨૫૦૧.૦૦ | ભેટના | ૬૭૬૩.૮૦ | |
| ૧૫૩૭૨.૦૦ | પુસ્તક લવાજમના | ૭૭૩૮.૦૦ | |
| ૫૨૮૭૩.૦૦ | | | ૪૯૫૦૧.૮૦ |
| | પરચુરણ આવક : | | |
| ૯૭૫.૦૦ | પસ્તી વેચાણના | ૧૧૮૪.૦૦ | |
| ૧૩૬૯.૦૦ | લેઈટ ફીના | ૮૦૩.૫૦ | |
| ૬૦૫.૦૦ | દાખલ ફીનાં | ૪૬૦.૦૦ | |
| ૨૯૪૯.૦૦ | | | ૨૪૪૭.૫૦ |
| ૫૫૮૪૨.૬૪ | વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૩૮૫૪૬.૬૦ |
| ૧૨૧૫૩૯.૫૭ | | કુલ રૂ. | ૯૮૦૪૯.૯૦ |

| ૧૯૮૯ | ખર્ચ : | | |
|---|---|---|---|
| | વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ : | | |
| ૯૬૧૯.૩૦ | પેપર લવાજમ | ૧૦૪૩૫.૪૦ | |
| ૬૬૮૪૬.૦૦ | પગાર તથા બોનસ વગેરે | ૫૨૫૪૦.૦૦ | |
| ૨૧૫૯.૫૦ | બુક બાઈડીંગ | ૧૦૯૬.૫૦ | |
| ૫૨૬૯.૫૦ | પ્રોવિડન્ડ ફંડ ફાળાના તથા તેના પર વ્યાજના | ૫૪૪૧.૦૦ | |
| ૧૦૫.૦૦ | વિમા પ્રિમિયમ | ૧૦૫.૦૦ | |
| | બેંક કમિશન | ૩૧.૦૦ | |
| ૮૩૯૯૯.૩૦ | | | ૬૯૬૪૮.૯૦ |
| | વ્યવસ્થા ખર્ચ : | | |
| ૧૨૫૦.૦૦ | ઓડિટરને ઓનેરિયમના | ૧૦૦૦.૦૦ | |
| | સ્ટાફને : રજા, રેલ્વેપાસ, મેડિકલ, છત્રી | | |
| ૧૬૨૮૪.૭૭ | તેમજ અન્ય ખર્ચના | ૧૦૫૦૭.૫૦ | |
| ૩૮૫૪.૫૦ | સાફ સફાઈ તથા પરચુરણ ખર્ચના | ૩૧૫૮.૫૦ | |
| ૧૬૦૬.૦૦ | પ્રિન્ટિંગ તથા સ્ટેશનરી | | |
| ૨૫૦.૦૦ | પ્રોફેસનલ ટેક્ષ | ૬૦૦.૦૦ | |
| ૨૩૨૪૫.૨૭ | | | ૧૫૨૬૬.૦૦ |
| | ઘસારાના | | |
| ૧૦૦૪.૦૦ | ફરનીચર પર ઘસારાના ૧૦ ટકા | ૯૦૪.૦૦ | |
| ૧૩૨૯૧.૦૦ | પુસ્તક પર ઘસારાના ૧૫ ટકા | ૧૨૨૩૧.૦૦ | |
| ૧૪૨૯૫.૦૦ | | | ૧૩૧૩૫.૦૦ |
| | | કુલ રૂ. | ૯૮૦૪૯.૯૦ |
| ૧૨૧૫૩૯.૫૭ | | | |

ઉપરનો તા. ૩૧-૩-૯૦ સુધીનો હિસાબ તપાસ્યો છે, અને બરાબર માલુમ પડયો છે.

મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ — ટ્રસ્ટીઓ

મુંબઈ તા. ૩૦-૬-૧૯૯૦ — ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ઓડીટર

15

## પત્રકારની મુલાકાતો (પૃષ્ઠ ૨ થી ચાલુ)

સંસ્થાના કે ખાતાના ઉપરીને બતાવ્યા પછી પત્રકારને આપી શકાય છે. રૂબરૂ મૌખિક મુલાકાતમાં શબ્દોની ગેરસમજ થવાનો સંભવ રહે છે. વળી આપેલા ઉત્તરોમાંથી પત્રકાર પોતાને છાપવા જેવા અને જેટલા ઉત્તરો છાપવા સ્વતંત્ર છે એથી આશયભેદનું અને કોઈ એક વાત ઉપર વધુપડતું જોર અપાયાનું જોખમ થવાનો સંભવ રહે છે.

પત્રકારને મુલાકાત આપવાનું ફરજિયાત ન હોવા છતાં પત્રકાર પોતાની મુલાકાત લેવા આવે એ ઘણીખરી રાજદ્વારી વ્યક્તિને ગમતી વાત છે. પોતાને એથી આગવું મહત્ત્વ મળે છે એમ એ સમજે છે. મુલાકાત આપવાનું ઘણીવાર રાજદ્વારી વ્યક્તિના હિતમાં હોય છે, કારણકે એ દ્વારા બહોળો લોકસંપર્ક થાય છે, જે ભવિષ્યની ચૂંટણીમાં એને કામ લાગે છે. ભારત જેવા વિશાળ દેશમાં, ઘણા અભણ અને અજ્ઞાત લોકોના મત લોકસંપર્ક દ્વારા સરળતાથી મેળવી શકાય છે. લોકો સુધી પોતાનું નામ પહોંચવું જોઈએ અને પોતાનું નામ લોકોમાં જાગતું રહેવું જોઈએ. એ માટે રાજદ્વારી વ્યક્તિઓ પત્રકારોના નિકટના સંપર્કમાં રહેવાનું, ક્યારેક તેમને કંઈક લાભ કરાવી આપીને ખુશ કરવાનું પંસદ કરે છે. અજાણતાં તેઓ પોતાની વિરુદ્ધ કંઈ લખી ન મારે એ માટે પણ એમની દોસ્તી નિભાવવી જરૂરી માને છે.

કેટલીક વાર પત્રકારો કોઈક વ્યક્તિ પાછળ આદુ ખાઈને પડે છે ત્યારે ત્યારે તે વ્યક્તિના મોટા મોટા ફોટા અને મોટા અક્ષરે છાપેલા સમાચારો દ્વારા તેને સારી રીતે ઉઘાડી પાડી દે છે. સમાજના કેટલાક દુષ્ટ આગેવાનો માટે પત્રકારની આવી સેવાની જરૂર રહે છે. અલબત્ત, એ માટે પત્રકાર પોતે નિઃસ્વાર્થ, નિઃસ્પૃહ હોવો જોઈએ. કેટલીક વાર પત્રકાર કોઈકને ઉઘાડા પાડવાની શરૂઆત ખોટી કરે છે, પણ પછી પેટ ભરાય એટલે વાતને સંકેલી છે અથવા અણધાર્યો કૃત્રિમ વળાંક આપી દે છે અથવા અચાનક મૌન બની જાય છે. કેટલાક કનિષ્ઠ પત્રકારો પેટ ભરવા અને પ્રાપ્તિ માટે નિંદા અને પ્રશંસાનું ચક્ર વારાફરતી ચલાવતા હોય છે.

રાજકારણ જીવંત, વ્યાપક અને ગતિશીલ ક્ષેત્ર હોવાથી રાજદ્વારી નેતાઓની મુલાકાતો જેટલી લેવાય છે તેટલી સાહિત્યકારો, કેળવણીકારો, ધર્માચાર્યો, સામાજિક કાર્યકર્તાઓ વગેરેની લેવાતી નથી. રાજદ્વારી નેતાઓની મુલાકાત વધુ ઉપયોગી, રસિક, માહિતીસભર અને ક્યારેક વિવાદાસ્પદ હોવાનો સંભવ રહે છે. સાહિત્યકારો, કેળવણીકારો, ધર્મોચાર્યો વગેરેની મુલાકાતોમાં સમાજના પરિમિત વર્ગને રસ પડે એવો સંભવ વધુ રહે છે અને એમની મુલાકાતો જેટલી માહિતીસભર હોય છે એટલી વિવાદસ્પદ હોતી નથી. વળી તે ગ્રંથસ્થ કરી શકાય એવી પણ હોય છે, રાજનેતાઓની મુલાકાત તત્કાલરસિક પણ અલ્પજીવી હોય છે. ગ્રંથસ્થ થવાની પાત્રતા એમાં ઓછી હોય છે. ફિલ્મ અભિનેતાઓને મુલાકાત આપવાની બહુ ગરજ હોતી નથી કારણ કે અખબાર- સામયિક કરતાં પણ તેની પાસે પ્રસિદ્ધિ માટે ફિલ્મનું વધુ સબળ સાધન હોય છે. તેમના જીવનની તરેહતરેહની વાતો છપાતી હોવા છતાં તેઓ ખળભળાટ અનુભવતા નથી. તેની તેમને જરૂર પણ નથી હોતી. રમતગમતના ખેલાડીઓને પણ એટલી બધી પ્રસિદ્ધિ અનાયાસે મળતી હોય છે એટલે તેમને પણ મુલાકાતો આપવાની બહુ ગરજ રહેતી નથી.

વડીલ પત્રકારની મુલાકાત યુવાન પત્રકાર જયારે લેતો હોય છે ત્યારે જૂનાં સંસ્મરણો તાજાં કરવાનું વિશેષ બનતું હોય છે.

જાહેરજીવનની ખાનગી વાતો પત્રકારો જેટલી જાણતા હોય છે એટલી ભાગ્યે જ બીજા કોઈ જાણતા હોય છે. એવી એવી વાતોને જાહેરમાં મૂકતી વખતે તેઓ પોતાનો ધર્મ કેવી રીતે બજાવે છે એ વધુ મહત્ત્વની વાત છે.

મુલાકાત આપનાર વ્યક્તિ કે મુલાકાત લેનાર પત્રકાર વિવેકની મર્યાદા જયારે ઓળંગી જાય છે ત્યારે ઠોકર ખાવાનો પ્રસંગ ઊભો થાય છે !

- રમણલાલ ચી. શાહ

## આદર્શ વિવેચન (પૃષ્ઠ ૭થી ચાલુ)

શાખા- પ્રશાખાઓ એ સર્વ વિવેચન સાથે જોડાયાં છે. સતત પરિવર્તન પામતા જતા સમાજ-માનવ અને તદ્દનુષંગે પલટાતા સાહિત્યને પામવા એમ થવું સ્વાભાવિક પણ છે. એ રીતે આપણે સોસ્યૂર, કલોડ-લેવી-સ્ટ્રાઉસ અને દેરીદાનો પણ આધાર લેતા થયા છીએ. ઘણીબધી વાર કૃતિ સૌંદર્યને એના નિઃસીમ રૂપે આપણે એ બધાં વડે પામીએ છીએ; પણ એ જ પદ્ધતિ સાચી અને અમુક સાચી નહિ એવી આજ્ઞા વિવેચનને કુંઠિત કરી મૂકે. જેમ વિવેચકનું પ્રભાવક વ્યક્તિત્વ રહ્યું છે તેમ કળાને પોતાની પણ એક ભોંય રહી છે, એ વાત આપણે ભૂલવાની નથી. વિવેચક ક્યારેક એની ચાવીઓથી રચનાને જો ઉઘાડતો હોય છે તો ક્યારેક પેલી કળા સ્વયં વિવેચનને-વિવેચકને ઉઘાડે છે. એટલે કોઈ ફિલસૂફી કે માન્યતા લઈને વિવેચન જો કૃતિ પાસે જતું હોય તો બધી વેળા બધી કૃતિઓ યારી ન પણ આપે. કેટલીક રચનાઓ નિયમ-બિયમને ગાંઠતી નથી, એ સર્વને ઓળંગીને પોતાની આગવી વાસ્તવિકતા પાસે એ ઊભી રહે છે. ત્યાં વિવેચનની સાંકડી નીકો ન ચાલે, કેવળ અમુક અભિગમનું ડિમ્ડિમ્ ઉપયોગી ન બને. કાર્લ શેપિરોએ આવા વિવેચક માટે He is bigger fish to fry than poets એમ કહીને સમયસરનો ચેતવણીસૂર ઉચ્ચાર્યો જ છે.

સાચું વિવેચન એ છે જે કળા પાસે દોરી જાય, કળામય કરી દે અને અ-કળાથી આપણને દૂર રાખે. □

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તા. ૧-૧૦-૧૯૯૦ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે :-

(૧) ગત્ વર્ષનો વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી

(૪) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઑડિટર્સની નિમણુક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘના વૃત્તાંત તથા સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૦-૯-૧૯૯૦ થી તા. ૨૭-૯-૧૯૯૦ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

કે. પી. શાહ
નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ- ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૧ * અંક : ૧૦ - ૧૧ * તા. ૧૬-૧૧-'૯૦.... Regd. No. MH. BY / South 54 Licence No: 37

28 NOV 1990

* * * શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર * * *

# પ્રબુદ્ધ જીવન

* * પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ * * વાર્ષિક લવાજમ રૂા. ૩૦ * *

તંત્રી : રમણલાલ ચી. શાહ

## રાજકારણમાં મહત્ત્વાકાંક્ષા

જનતા દળના શ્રી ચંદ્રશેખરે પોતાના પક્ષમાં ભંગાણ પાડીને, વડા પ્રધાન શ્રી વી. પી. સિંહની પક્ષ બહાર તથા પાર્લામેન્ટમાં ટીકાઓ કરીને તથા વિરુદ્ધમત આપીને, સરકારને ઉથલાવીને તથા કોંગ્રેસ સાથે હાથ મેળવીને જે રીતે વડા પ્રધાનનું પદ મેળવ્યું છે તેની અનેક રાજદ્વારી ચિંતકોએ સખત ટીકા કરી છે. માણસની રાજદ્વારી મહત્ત્વાકાંક્ષા એની પાસે કેવું કામ કરાવે છે અને સત્તાનું રાજકારણ લોકશાહીની કેવી વિડંબના કરે છે તે આના પરથી જોઇ શકાય છે. 'Everything is fair in Love, War and Politics' જેવી હીન લોકોક્તિ આગળ ધરીને કેટલાક વિચારકો આવી ઘટનાનું સમર્થન પણ કરે છે. ચન્દ્રશેખરના પક્ષે કેટલાંક સબળ કારણો હશે તો પણ સમગ્ર ઘટના સ્વાર્થયુકત અને ગૌરવહીન લાગે છે. દરેક પરિસ્થિતિનો જેમ કેટલાંક દૃષ્ટિકોણથી વિરોધ કરી શકાય છે તેમ કેટલાંક દૃષ્ટિકોણથી બચાવ પણ કરી શકાય છે. રાજકારણના ક્ષેત્રે આવું વિશેષ બને છે, કારણ કે રાજકારણમાં અંગત મહત્ત્વાકાંક્ષા જ સર્વોપરી બની જાય છે. અલ્પકાળ માટે પણ ઊંચું સત્તાસ્થાન ભોગવવા મળે તો તે માટે સ્વાર્થી માણસ સિધ્ધાંતોને, ભાવનાઓને, [illegible]ને દૂર ફગાવી દેવા તત્પર બની જાય છે, અને ભૂતકાળમાં પોતે [illegible] વ્યકિત કે પધ્ધતિનો વિરોધ કર્યો હોય છે તેનો જ આશ્રય લેવા તૈયાર થઇ જાય છે. અંતે તો ફાવેલો માણસ વખણાય છે એ ન્યાયે પ્રજા તો કોઇ પણ બાજુ ઝૂકી જાય છે.

૧૯૭૯માં વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઇને હંફાવીને ચરણસિંહ જયારે દેશના વડા પ્રધાન બન્યા તે દિવસે કોઇક પત્રકારે એમને પ્રશ્ન પૂછયો હતો કે 'આજે વડા પ્રધાન તરીકે તમે કેવી લાગણી અનુભવો છો ?' ત્યારે ચરણસિંહે કહ્યું હતું કે 'દેશના વડા પ્રધાન થવાનું બચપણનું મારું સ્વપ્ન આજે સિદ્ધ થયું તેથી હું અતિશય આનંદ અનુભવું છું.' ચરણસિંહનો જવાબ એમના પોતાને માટે કદાચ સાચો હશે તો પણ રાષ્ટ્રના સર્વોચ્ચ પદે બિરાજતી વખતે અને કરોડો લોકોનું આધિપત્ય મેળવતી વખતે એમણે પોતાની અંગત મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિનો આનંદ અનુભવ્યો, પોતાની જાત પ્રથમ યાદ આવી, પરંતુ તે ક્ષણે સમગ્ર દેશની પ્રજા માટે તરત કોઇ લાગણી વ્યકત કરવા મળી નહિ. રાજદ્વારી મહત્ત્વાકાંક્ષા કેવી કેવી હોઇ શકે છે તે આવાં દૃષ્ટાન્તો પરથી જોઇ શકાય છે.

રાજકારણમાં જયારે એક બાજુ પોતાની અંગત મહત્ત્વાકાંક્ષા અને બીજી બાજુ પક્ષનિષ્ઠા કે સિદ્ધાંતનિષ્ઠા વચ્ચે વિસંવાદ કે સંઘર્ષ ઊભો થાય ત્યારે પોતાની અંગત મહત્ત્વાકાંક્ષાના ભોગે સિદ્ધાંતને વળગી રહેવાનું સરળ નથી. દુનિયાભરના રાજકારણમાં કેટકેટલા માણસો સિદ્ધાંતનિષ્ઠાના ભોગે ઊંચા પદ ઉપર કૂદીને બેસી ગયા હોય એવા દાખલા જોવા મળે છે. પ્રજા આ સમજે છે, પરંતુ કાયદો, બંધારણ કે સત્તા આગળ પ્રજા લાચાર બનીને જોયા કરે છે.

કોઇપણ શકિતશાળી માણસને પોતાના ક્ષેત્રમાં પોતાની શકિત અનુસાર ઉચ્ચત્તમ પદ પ્રાપ્ત કરવાની આકાંક્ષા રહે એ સ્વાભાવિક છે. જેમ જેમ કાળ પસાર થતો જાય તેમ તેમ ઉપરના પદ ઉપર રહેલા માણસોનું અવસાન થતાં કે વૃદ્ધાવસ્થા, રોગ વગેરેને કારણે તે પદ પરથી તેઓ નિવૃત્ત થતાં નીચેના માણસોને માટે તે પદની પ્રાપ્તિ માટે અવકાશ સર્જાય છે. કેટલાક માણસો સમયના ક્રમાનુસાર ઉચ્ચત્તમ પદ પ્રાપ્ત કરે છે. કેટલાક માણસો પોતાની અપ્રતિમ શકિતથી સહજ રીતે બીજા કરતાં ઝડપથી આગળ નીકળી જાય છે અને ઉપરના પદે પહોંચી જાય છે. કેટલાક માણસોને ઉચ્ચત્તમ પદ પ્રાપ્ત કરવા માટે ઘણી ખટપટ અને ઘણા કાવાદાવા કરવા પડે છે. બીજી બાજુ કેટલાક સુયોગ્ય, સુપાત્ર માણસોને તેવું પદ પ્રાપ્ત કરવું હોય છે, પરંતુ વિવેક અને સિદ્ધાંતનિષ્ઠાને કારણે તેઓ જીવનભર તેવા પદથી વંચિત રહી જાય છે. પદ એક હોય અને ઉમેદવારો ઘણા હોય ત્યાં સારા, સાચા ઉમેદવારો બાજુ પર રહી જાય એ કુદરતની વિચિત્રતા છે.

સાહિત્યનું ક્ષેત્ર હોય કે શિક્ષણનું હોય, વિજ્ઞાનનું હોય કે વેપાર-ઉદ્યોગનું હોય, ધર્મનું હોય કે રાજકારણનું હોય - દરેકે દરેક ક્ષેત્રમાં ઉચ્ચત્તમ પદ માટે પુરુષાર્થ, લાગવગ, સ્પર્ધા, હોડ, ખટપટ વગેરે જોવા મળશે. કેટલાંક ક્ષેત્ર એવાં છે કે જેમાં બહુ સ્પર્ધા હોતી નથી અને હોય તો તે વિનય અને વિવેકવાળી હોય છે. રાજકારણના ક્ષેત્રમાં ઉચ્ચ પદોની પ્રાપ્તિ માટે હંમેશાં ખટપટ ચાલ્યા કરે તે સ્વાભાવિક છે, કારણ કે સત્તાનું આકર્ષણ અને સત્તાનો પ્રજા ઉપર પ્રભાવ એ બંનેનું મહત્ત્વ ઘણું છે. એક સત્તાધીશ આવે અને પ્રજાનો ભાગ્યોદય થાય અને બીજો કોઇ સત્તાધીશ આવતાં પ્રજાનું અધઃપતન થાય; એક સત્તા પર આવે અને વિકાસ અને સમૃદ્ધિ લાવે અને એક સત્તા પર આવે અને યુદ્ધ, રમખાણો, ભૂખમરો વગેરે લઇ આવે.

વળી વિવિધ ક્ષેત્રના સર્વોચ્ચ સત્તાસ્થાનોમાં રાજદ્વારી ક્ષેત્રનું સર્વોચ્ચ સત્તાસ્થાન વધુ આકર્ષણ જન્માવનારું હોય છે, કારણ કે તેમાં માનપાન, પ્રસિદ્ધિ, ભૌતિક સુખ અને સગવડ, નાણાં, ભપકો, હજુરિયાઓનાં ટોળાં, ધાર્યું કરાવવાની સત્તા વગેરે હોય છે. જે રાજયમાં પ્રજા ગરીબ હોય તે રાજયના રાજા, સરમુખત્યાર કે ચૂંટાયેલા, પ્રતિનિધિરૂપ પ્રધાનને ગરીબ લોકો ઘણા જ અહોભાવથી જોતા હોય છે. પ્રજા અને રાજા અથવા પ્રમુખ-કે વડા પ્રધાન વચ્ચે ઘણું મોટું અંતર હોય છે અને એ અંતર જેટલું મોટું તેટલો વધુ અહોભાવ પ્રજાને સત્તાધીશ પ્રત્યે રહે છે. સત્તાધીશ વ્યકિત જે સત્તા ભોગવે છે, રહેણીકરણીમાં જે બાદશાહી ઠાઠ ભોગવે છે. રાજમહેલો કે મોટાં આવાસસ્થાનો, વાહનોના કાફલા, નોકરચાકરના સમુદાય, પડયો બોલ ઝીલનારા મંત્રીઓ અને અમલદારો, ભોગવિલાસનાં સાધનો વગેરે પૃથકજનને તો કૌતુકમય, મેળવવા યોગ્ય પરંતુ સ્વપ્ન સમાન લાગે છે અને તેથી તેનો અહોભાવ વધી જાય છે.

ગરીબ દેશોમાં આવા સત્તાધીશો પાસે સત્તાના બળે તથા ઘણી મોટી આર્થિક સત્તાને કારણે કેટલાય લોકોનાં ભાગ્ય પલટી નાખવાની શકિત રહેલી હોય છે. આથી તેવા સત્તાધીશો લોકજીવનમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. તે દેશના શ્રીમંતો પણ પોતાની શ્રીમંતાઇ વધારવા, પોતાનું આર્થિક સામ્રાજય વધારવા સત્તાધીશોને મોંમાંગ્યાં નાણાં આપવા તૈયાર હોય છે.

કેટલાક ક્ષેત્રમાં કોઇ એક વ્યકિત એક સમયે નિર્વિવાદપણે સર્વોચ્ચ સ્થાને સૌના પ્રેમ અને આગ્રહથી બિરાજે છે, પરંતુ થોડાંક વર્ષો પસાર થતાં નીચેના માણસો પુખ્ત અને અનુભવી થાય છે. વિશેષ લાયકાત પ્રાપ્ત કરે છે અને તે પદ માટેની આકાંક્ષા સેવવા લાગે છે. એક સમયની સર્વને આદરણીય એવી વ્યકિતની પછીથી ત્રુટિઓ શોધાય છે, ટીકાઓ થાય છે, ખોટા આક્ષેપો અને નિંદાની પ્રવૃત્તિ ચાલે છે અને એને પાડવાનો કે કાઢવાનો પ્રયત્ન શરૂ થઇ જાય છે. રાજકારણમાં આવું વિશેષ બને છે.

કેટલાક સંનિષ્ઠ નેતાઓને પોતાના રાષ્ટ્રમાં સત્તાના સર્વોચ્ચ સ્થાને જીવનના અંત સુધી બિરાજવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે અને તોપોની સલામી સાથે જગતમાંથી તે વિદાય લે છે. પોતાની સુપાત્રતાથી જ એ પદ ઉપર તેઓ કાયમ રહે છે અને એમના અવસાન પછી પણ વર્ષો સુધી લોકો એમને યાદ કરે છે.

કેટલાક સત્તાધીશો ખરેખર સત્તા ભોગવવા માટે યોગ્ય વ્યકિત હોય છે. પરંતુ પ્રતિસ્પર્ધીઓ તેમને જંપીને બેસવા દેતા નથી. અલ્પ કાળમાં તેઓ તેમને સત્તાભ્રષ્ટ કરે છે. એવી સુયોગ્ય વ્યકિતઓ ત્યારે એકાંતમાં ચાલી જાય છે. પોતાનું રચનાત્મક કાર્ય શાંતિથી અને નિષ્ઠાથી કર્યા કરે છે. પરંતુ પાછો કયારેક એવો વખત આવે છે કે આવી કોઇ વ્યકિતઓને પ્રજા સામેથી બોલાવીને ફરી આદરપૂર્વક સત્તાસ્થાને બેસાડે છે.

કેટલીક વ્યકિતઓ આરંભમાં સુયોગ્ય હોય છે, પરંતુ સત્તા પર આવ્યા પછી તે સત્તાને જીરવી શકતી નથી. તેનાં વચનોમાં અભિમાન અને તોછડાઇ આવે છે. વખત જતાં તે ભ્રષ્ટાચારી બને છે, વગોવાય છે અને સત્તાભ્રષ્ટ બને છે, પરંતુ લોકોની યાદશકિત ઝાઝો સમય ટકતી નથી. જૂની પેઢી વિદાય થાય છે અને નવી પેઢી આવે છે અને અમુક સંજોગો પ્રાપ્ત થતાં એવી સત્તાભ્રષ્ટ થયેલી વ્યકિત ફરી પાછી સત્તાસ્થાને આવે છે. કેટલાક રાજદ્વારી નેતાઓના જીવનમાં આવી ચડતીપડતી એક વાર નહિ પણ બે કે ત્રણ વાર આવતી હોય છે.

રાજકારણમાં એક પછી એક ઊંચુ પદ મેળવતા જતા માણસને કયારેય સંતોષ થતો નથી. જે પદ ઉપર પોતે બિરાજે છે ત્યાંથી વળી પાછું તેને એક ઊંચું પદ દેખાય છે અને તે મેળવવા માટે પાછું તેનું મન વલખાં મારે છે. છ ખંડનું ચક્રવર્તીપણું પણ માણસની એષણાઓ, મહત્ત્વાકાંક્ષાઓ આગળ નાનું પડે એવું છે. માણસની મહત્ત્વાકાંક્ષાઓને કોઇ સીમા હોતી નથી. તેમાં પણ રાજકારણમાં તો એ વિશેષપણે બને છે. ઉચ્ચત્તમ પદ ઉપરથી સ્વેચ્છાએ નિવૃત્ત થનાર રાજદ્વારી વ્યકિતઓ બહુ જ ઓછી હોય છે. વૃદ્ધાવસ્થા, ગંભીર માંદગી, વિપરીત કૌટુંબિક સંજોગો વગેરે કારણો પણ રાજદ્વારી માણસને નિવૃત્તિ લેવા પ્રેરતા નથી. મુંબઇના એક ભૂતપૂર્વ પ્રધાન તો હોસ્પિટલમાંથી દિલ્હી જતા અને દિલ્હીથી મુંબઇ આવી સીધા હોસ્પિટલમાં દાખલ થતા અને પત્રકારોને હોસ્પિટલમાં બોલાવી નિવેદન લખાવતા.

રાજકારણમાં સત્તાસ્થાને બેઠેલી કેટલીક વ્યકિતઓની એક કુટિલ નીતિ એવી હોય છે કે પોતાની અને નીચેનાં સ્થાનો પર રહેલી વ્યકિતઓ વચ્ચેનું અંતર ઘણું મોટું રાખવું જોઇએ. એ અંતર ઘટવું ન જોઇએ. એટલા માટે પોતાના જ પ્રધાનમંડળમાં પોતાની શકિત અને કાર્યથી જે વ્યકિત વધુ પ્રશંસાપાત્ર બને અને પ્રસિદ્ધિ ધરાવવા લાગે અને પોતાની સમકક્ષ થવાની લાયકાત મેળવવા લાગે તે વ્યકિતને અચાનક પદભ્રષ્ટ કરવી જોઇએ કે જેથી આમપ્રજાનો તેનો પ્રત્યેના અહોભાવ ઘટી જાય અને તેને ફરીથી ઊંચું સ્થાન પ્રાપ્ત કરતાં વર્ષો નીકળી જાય. રાજસી કે તામસી નેતાગીરી એવા પ્રકારની હોય છે. પોતાની આસપાસના માણસો પ્રજાને હંમેશાં પોતાના કરતાં વામણા લાગવા જોઇએ. વધુમાં વધુ તેઓ પોતાના ખભા સુધી આવી શકે.એથી ઊંચે જો તેઓ પોતાનું માથું કાઢે તો તે માથું વાઢી નાખવું જોઇએ કે જેથી ફરીથી તે કયારેય ઊંચે આવી શકે નહિ. દુનિયાના ઘણા દેશોમાં સત્તાધીશોએ આવી નીતિ અપનાવેલી છે.

રાજકારણમાં મહત્ત્વાકાંક્ષાને લીધે સંબંધો ઘડીકમાં ગાઢ થાય છે અને ઘડીકમાં બગડી જાય છે. સમાન કક્ષાની રાજદ્વારી વ્યકિતઓ વચ્ચે જીવન પર્યંત સ્નેહભર્યા, મૃદુતાભર્યા પ્રગાઢ સંબંધો રહ્યા હોય એવું ભાગ્યે જ બને છે. બોલાયેલું એકાદ કટુવચન પણ બે વ્યકિતઓ વચ્ચે અચાનક દુશ્મનાવટ ઊભી કરી નાખે છે. જેની વચ્ચે સારું બનતું હોય તે તોડાવી નાખવા માટે પ્રતિસ્પર્ધીઓ નિંદા અને જુઠ્ઠાણાનું મોટું ચક્ર ચલાવતા હોય છે અને વહેંમી તથા કાચા કાનના માણસો તે સાચું માનીને ગમે તેવા ગાઢ સંબંધોને તોડી નાખવા તત્પર બને છે. રાજકારણનું ક્ષેત્ર એવું છે કે જેમાં ઉપકારીના ઉપકારનું બહુ મહત્ત્વ રહેતું નથી. કૃતજ્ઞતા કરતાં કૃતઘ્નતાનું વલણ રાજકારણીઓમાં વિશેષ જોવા મળે છે. જેણે Lift આપી હોય તેને over-take કરી લેવો એ પ્રકારની ઘટના જેટલી રાજકારણમાં જોવા મળશે તેટલી અન્ય ક્ષેત્રમાં જોવા નહિ મળે.

રાજકારણમાં મહત્ત્વનું પદ પ્રાપ્ત કરવાની એષણા હોય તો વ્યવહારુ ડહાપણ એમ કહે છે કે તે એષણા વહેલી તકે સ્પષ્ટ શબ્દોમાં વ્યકત કરી દેવી. છાશ લેવા જવું અને દોણી સંતાડવી એવી રીત અપનાવનાર રાજકારણમાં પાછળ પડી જાય છે. સત્તાસ્થાન માટે પોતાનો દાવો સાચો હોય કે ખોટો હોય તો પણ તે જાહેરમાં સવેળા કરી લેવો જોઇએ જેથી પછીની વ્યકિતઓ એવો દાવો કરે તો પણ તેનું મહત્ત્વ ઘટાડી શકાય. અલબત્ત આમ કરવામાં રાજદ્વારી વ્યકિતએ લજજા રહિત, સંકોચ રહિત, વિનય રહિત બનવું પડે છે. કયારેક તો નિર્લજજતાની હદ સુધી તેને જવું પડે છે. આથી જ રાજકારણમાં સાત્ત્વિક ગુણોના ઉપાસકો કરતાં રાજસી કે તામસી ગુણ-લક્ષણોવાળા માણસો વધુ હોય છે અને તેઓ વધુ ફાવી શકે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯)

# નવી ક્ષિતિજો

☐ ચી.ના. પટેલ

સત્તરમી સદીના સર ટોમસ બ્રાઉન નામના અંગ્રેજ લેખકે ત્રીસ વર્ષની ઉંમરે પોતાના વિશે લખ્યું હતું : Now for my life, it is a miracle of thirty years, which to relate were not history, but as piece of poetry and would sound to common ears like a fable. સર ટોમસને પોતાનાં વીતેલાં ત્રીસ વર્ષ કાવ્ય જેવાં આશ્ચર્યમય લાગ્યાં હતાં, એવાં આશ્ચર્યમય કે પોતે તેનું બયાન કરે તો વાચકો તેને કદાચ કપોલકલ્પિત વાત માને. મને પણ મારા બાળપણથી આજ સુધીના સમગ્ર જીવન વિશે એવો ભાવ થાય છે.

મારો જન્મ એક ખેડૂતપુત્રને ઘેર થયેલો. મારી ચાર-પાંચ વર્ષની ઉંમર સુધી અમારા ઘેર ગાય-ભેંશ હતાં. ભેંશ કયારે ગઈ તે યાદ નથી, પણ ગાયને પિતા અસારવાના નીલકંઠ મહાદેવમાં મૂકી આવેલા તે યાદ છે. એવા બાળપણમાંથી હું અંગ્રેજીનો અધ્યાપક બન્યો અને મને ગાંધીજીના સંપાદનકાર્યમાં સહકાર આપવાની તક મળી તે મારા જીવનનું મોટું આશ્ચર્ય છે. એ જીવનના આદિથી આજના દિવસ સુધી હું સારી સાહિત્યકૃતિમાં હોય એવી પૂર્વયોજના (design) અનુભવું છું. જીવનના દરેક તબક્કે સંયોગો એવા બન્યા કે મને ગાંધીજીનાં લખાણોના સંપાદનકાર્યમાં સહકાર આપવાની સજ્જતા મળી. અગિયાર-બાર વર્ષની ઉંમરે હું ગુજરાતી સાહિત્ય વાંચતો થયો, ફર્સ્ટ ઈયર આટર્સની પરીક્ષા પછી ઈન્ટર સાયન્સનો અભ્યાસ કરી ડૉક્ટર થવાની ઈચ્છા હતી તેની ઉપર એક વડીલે ઠંડું પાણી રેડયું, ઈન્ટર આટ્ર્સની પરીક્ષામાં સંસ્કૃતના વિષયમાં પ્રથમ આવવા માટે મને યુનિવર્સિટીની સ્કોલરશિપ મળી જે રાખવા માટે મેં બી.એ.માં સંસ્કૃતને ગૌણ વિષય સાથે મુખ્ય વિષય તરીકે અંગ્રેજી સાહિત્ય લીધું, એમ.એ. પાસ થઈ ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો અને તેમાં બીજી શ્રેણીમાંથી પ્રથમ શ્રેણીમાં બઢતી મળવાનો માર્ગ બંધ થઈ ગયો તેથી હું ગાંધીજીનાં લખાણોના સંપાદનકાર્યમાં જોડાવા દિલ્હી ગયો, ત્યાં ચાર વર્ષ પછી માંદો પડતાં મારી અમદાવાદ બદલી થઈ અને મને ઓફિસે જવાનું બંધન ન રહેતાં ઘેર રહી કામ કરવાની છૂટ મળી. ૧૯૭૬ના ડિસેમ્બર માસમાં નિવૃત્ત થયા પછી 'કલેકટેડ વર્ક્સ'ના સંપાદકશ્રીના માનદ સલાહકાર તરીકે મારી નિમણૂક થઈ અને ૧૯૮૫ના માર્ચ માસ સુધી એ કામગીરી ચાલુ રહી, એ બધો ઈતિહાસ મને મારા જીવન વિશે Truth is stranger than fiction જેવો આભાસ કરાવે છે.

જીવનના આ બધા તબક્કાઓમાં સૌથી મહત્ત્વનો ૧૯૩૬માં આવ્યો. તે વર્ષે હું મેટ્રિક પાસ થઈ ગુજરાત કૉલેજમાં જોડાયો. ત્યારથી શરૂ થઈ હું ૧૯૪૬ના ઑકટોબર માસથી ૧૯૪૯ના માર્ચ માસ સુધીનાં અઢી વર્ષ એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક રહ્યો તે વર્ષો બાદ કરતાં ૧૯૫૬ના ફેબ્રુઆરી માસમાં મારી વલ્લભ વિદ્યાનગરમાં નવી સ્થપાયેલી સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીના પહેલા રજિસ્ટ્રાર તરીકે બદલી થઈ ત્યાં સુધી ગુજરાત કૉલેજ સાથેનો મારો સંબંધ ચાલુ રહ્યો. અને તે પછી પણ ૧૯૫૭ના ઑગસ્ટ માસથી ૧૯૫૯ના મે માસ સુધી હું કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે રહ્યો. આ બધાં વર્ષો દરમિયાન મને જે કીમતી અનુભવો મળ્યા અને કેટલાક અધ્યાપકો સાથે વ્યક્તિગત સંબંધ થયા તે મારા જીવનનાં સૌથી સુખદ સ્મરણો છે.

એવા સંબંધોમાં સૌથી નિકટનો અને આજ સુધી ચાલુ રહેલો, મારી મનોયાત્રામાં નવી ક્ષિતિજો ઉઘાડનાર સંબંધ અંગ્રેજીના પ્રોફેસર, એસ. એસ. ભાંડારકર સાથે થયો. તેમાં નિમિત્ત જે. એન. ચબ નામના પારસી પ્રોફેસર બન્યા. તેઓ ઈન્ટર આર્ટ્સમાં ગણિતના વિકલ્પે લેવાના તર્કશાસ્ત્રના અધ્યાપક હતા, પણ સાથે ફર્સ્ટ ઈયરમાં અંગ્રેજી પણ લેતા. તેઓ અંગ્રેજી ટૂંકી વાર્તાઓના એક સંગ્રહમાંની વાર્તાઓ શીખવતા. તેમની સાથે મને પરિચય વર્ષના અંતે થયો. પરીક્ષા પછી એક દિવસ તેઓ ટેનિસ રમી ઘેર જતા હતા ત્યારે હૉસ્ટેલમાં મારો રૂમસાથી અને હું ક્રિકેટના મેદાનમાં ફરતા હતા ત્યાંથી પસાર થયા. તેમણે ઊભા રહીને અમારી સાથે વાત શરૂ કરી અને ટૂંકી વાર્તાના પ્રશ્નપત્રમાં અમે કયા પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા તે અમને પૂછયું. પુછાયેલા પ્રશ્નોમાં એક પ્રશ્ન સામાન્ય વિદ્યાર્થીઓને મૂંઝવે એવો હતો. પણ મેં એ પ્રશ્નનો ઉત્તર લખ્યો હતો તે જાણી તેમને જરા આશ્ચર્ય થયું. એ પ્રશ્નનો ઉત્તર લખનાર હું એકલો જ વિદ્યાર્થી હતો, એટલે ઉત્તરપત્રો તપાસતાં તેઓ ઉત્તરપત્ર ઓળખી શકયા. પાછળથી તેમણે મને કહ્યું હતું કે તેમણે મને ૬૯ ટકા માર્ક આપ્યા હતા. આ પરિચયથી તેમણે, ઈન્ટરમાં મેં તર્કશાસ્ત્રનો વિષય લીધો ત્યારે, મારામાં વ્યક્તિગત રસ લઈને તર્કશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરવા પ્રેર્યો અને પ્રોફેસર ભાંડારકરનું મારી પ્રત્યે ધ્યાન ખેંચ્યું.

પ્રોફેસર ચબના એક વ્યાખ્યાન દરમિયાન એક રમૂજી પ્રસંગ બનેલો. સંગ્રહમાંની એક વાર્તામાં એક ફ્રેન્ચમેન ઈન્ગ્લેન્ડની કોઈ છોકરીઓની શાળામાં ફ્રેન્ચ શીખવતો. તે ઊંચી કક્ષાનું ફ્રેન્ચ નહોતો જાણતો, પણ વિદ્યાર્થિનીઓને રમૂજ કરાવતો. એક દિવસ તે વિદ્યાર્થિનીઓને કોઈ દારૂડિયા વિશેની વાત શીખવાતો હતો. એમ કરતાં તેણે દારૂડિયાનો અભિનય કરી બતાવ્યો. વિદ્યાર્થિનીઓ એવી ખડખડાટ હસી કે શાળાની આચાર્યા પોતાની ઓફિસમાંથી વર્ગમાં આવ્યાં અને પૂછયું, "આ શું ચાલે છે ?" શિક્ષકે કહ્યું, "હું વિદ્યાર્થિનીઓને રમૂજ કરાવું છું." આચાર્યાએ કહ્યું, Pupils are to be instructed, not to be entertained-" વિદ્યાર્થિનીઓને ભણાવવાનું છે, રમૂજ નથી કરાવવાની. એ વાર્તા શીખવતાં પ્રોફેસર ચબે પણ દારૂડિયાનો અભિનય કર્યો અને આખો વર્ગ ખડખડાટ હસ્યો. એ સાંભળી તુરત કૉલેજના સ્કોટિશ પ્રિન્સિપાલ, શિરાઝ, પહેલે માળે એમની ઑફિસમાંથી ઊતરી વર્ગમાં આવ્યા અને પૂછયું, "આ શું ચાલે છે?" પ્રોફેસરે કહ્યું, "હું વિદ્યાર્થીઓને રમૂજ કરાવું છું." પ્રિન્સિપાલે કહ્યું," Students are to be instructed, not to be entertained." કેવો યોગાનુયોગ ! પાછળથી મેં સાંભળેલું કે પ્રોફેસર ચબે પ્રિન્સિપાલને તેઓ વર્ગમાં આવ્યા તેનો વિરોધ કરતો લાંબો પત્ર લખ્યો હતો.

પ્રૉફેસર ચબે પ્રૉફેસર ભાંડારકરનું મારી પ્રત્યે ધ્યાન ખેંચ્યું હતું તેથી મેં બી.એ.માં અંગ્રેજી સાહિત્યનો વિષય લીધો ત્યારે તેમણે મારામાં વ્યક્તિગત રસ લઈ મને અંગ્રેજી સાહિત્યનો વ્યવસ્થિત અભ્યાસ કરવા પ્રેર્યો. અંગ્રેજી સાહિત્ય એ, દરેક પ્રજાના સાહિત્યની

જેમ, અંગ્રેજ પ્રજાની સંસ્કૃતિની શ્રેષ્ઠ અભિવ્યક્તિરૂપ છે. એ સંસ્કૃતિનો આત્મા ઉદાર માનવમૂલ્યો, વ્યક્તિસ્વાતંત્ર્ય અને વ્યક્તિમાત્ર પ્રત્યે આદરની ભાવના તથા નાનીમોટી સર્વ વ્યક્તિઓ પ્રત્યે વિનયશીલતા (Courtesy) છે. પ્રોફેસર ભાંડારકર બે વર્ષ ઈન્ગ્લેડમાં રહ્યા હતા અને અંગ્રેજી સાહિત્યના અભ્યાસથી તથા અંગ્રેજો સાથેના પરિચયોથી તેમણે અંગ્રેજી સાહિત્યનો આ આત્મા પૂરા પ્રમાણમાં પચાવ્યો હતો. મનેય પ્રોફેસર ભાંડારકરની વિનયશીલતાનો આનંદપ્રેરક અનુભવ થયો.

બી.એ.નાં વર્ષો દરમિયાન પ્રૉફેસર ભાંડારકર મારામાં રસ લેતા, પણ તેમની સાથે નિકટનો પરિચય થતાં વાર લાગી. બી.એ.નાં બે વર્ષ મારે ત્રણ જ પ્રસંગે તેઓ રેસિડન્ટ પ્રૉફેસરના બંગલામાં રહેતા હતા ત્યાં જવાનું થયું હતું. જુનિયર બી.એ.નું પહેલું સત્ર શરૂ થતાં પહેલા જ અઠવાડિયે પાઠ્યપુસ્તકો ઉપરાંત મારે બીજું શું વાંચવું તેના માર્ગદર્શન માટે હું તેમના બંગલે ગયો. તેમણે અંગ્રેજી સાહિત્યના ઈતિહાસનું એક પુસ્તક લઈ તેમાંથી ઈલિઝાબેથ યુગથી વીસમી સદીના પહેલા ચરણ સુધીના અંગ્રેજી સાહિત્યનાં ૭૦-૭૫ જેટલાં પુસ્તકોની મને યાદી લખાવી અને કહ્યું, "આ પુસ્તકો વાંચી રહો પછી ફરી મારી પાસે આવજો." મારે ફરી તેમની પાસે જવાનું થયું નહિ. તેમણે લખાવેલાં બધાં પુસ્તકો મેં વાંચ્યા અને તેમ કરતાં બે વર્ષ નીકળી ગયાં. તે જ વર્ષ દરમિયાન પ્રૉફેસરે અંગ્રેજી ઓનર્સના વિદ્યાર્થીઓને વર્ડ્ઝવર્થ અને કોલરિજના ૧૭૯૮માં પ્રગટ થયેલ કાવ્યસંગ્રહ 'લિરિકલ બૅલડ્ઝ'ની બીજી આવૃત્તિ માટે વર્ડ્ઝવર્થે પ્રસ્તાવના લખી હતી તેને વિશે નિબંધ લખવાનો આપ્યો, અને ઈન્ગ્લેડની યુનિવર્સિટિઓમાં કરે છે તેમ એ નિબંધોની ચર્ચા કરવા અમને તેમને બંગલે બોલાવ્યા. અને છેવટે સિનિયર બી.એ.ના બીજા સત્રને અંતે હોસ્ટેલમાં રહેતા જે વિદ્યાર્થીઓ બી.એ. કે બી. એસસી.ની પરીક્ષામાં બેસવાના હતા તેમને પોતાના બંગલે પાર્ટી આપી હતી તેમાં હું ગયો હતો. પરીક્ષાના બેત્રણ દિવસ અગાઉ પ્રૉફેસર પોતે મને શુભેચ્છા આપવા હોસ્ટેલની મારી રૂમમાં આવ્યા હતા.

હું ૧૯૪૦માં બી.એ. પાસ થયો અને તે જ વર્ષના જુલાઈ માસમાં દક્ષિણા ફેલો નિમાયો તે પછી અવારનવાર તેમના બંગલે જતો થયો. એમ પહેલી વાર હું તેમના બંગલે ગયો ત્યારે તેમણે મને ચહા પીવાનું કહ્યું. મેં કહ્યું, "હું ચહા નથી પીતો." તેમણે કહ્યું, "પટેલ, તમે ચહા નહિ પીઓ ત્યાં સુધી તમે અંગ્રેજી સાહિત્યનો મર્મ નહિ સમજો." એમનો કહેવાનો ભાવાર્થ એ હતો કે સાહિત્યનો અભ્યાસ કરી તેને વિશે મિત્રો સાથે ચહા પીતાં પીતાં આરામથી વિચારોની આપલે કરવાનો આનંદ ન અનુભવીએ ત્યાં સુધી આપણો સાહિત્યનો અભ્યાસ અધૂરો રહે છે. મેં તુરત તેમની સૂચના સ્વીકારી અને ચહા પીધી. તે દિવસથી હું ચહા પીતો થયો અને સાથે સાથે સાહિત્ય અને બીજા અનેક વિષયોની ચર્ચાઓનો આનંદ લેતો થયો, જે આજ સુધી ચાલુ છે.

એવી ચર્ચાઓ મારે પ્રૉફેસર ભાંડારકર અને તેમનાં પત્ની શ્રીમતી શાંતા ભાંડારકર સાથે જ સૌથી વધુ થઈ છે. જ્યારે જ્યારે હું જાઉં ત્યારે કિટલીમાં ચહા આવે અને અમારી વાતો ચાલે. શ્રીમતી ભાંડારકર ઘણા આનંદી સ્વભાવનાં છે અને વારે વારે કંઈક રમૂજ કરી ખડખડાટ હસે અને હસાવે. અત્યાર સુધી હું જરા મૂજી લાગું એવો યુવક હતો અને કયારેય ખડખડાટ હસતો નહિ. પણ પ્રૉફેસર ભાંડારકરે મને જેમ ચહા પીતો કર્યો તેમ શ્રીમતી ભાંડારકરે મને હસતો કર્યો. પછી તો મારી વિનોદવૃત્તિ એટલી વધી કે કોઈ મિત્રને ઘરે પ્રસંગ હોય ત્યારે હું કંઈ ખાઈ શકતો નહિ તોપણ માત્ર વાતો કરવા મને આગ્રહ કરીને બોલાવે.

પ્રૉફેસર અને શ્રીમતી ભાંડારકર સાથેની મારી ચર્ચાસંસદો કયારેક બેત્રણ કલાક ચાલતી. એક પ્રસંગે હું તેમના બંગલેથી નીકળ્યો ત્યારે તેઓ મારી સાથે કમ્પાઉન્ડના દરવાજા સુધી આવ્યા અને ત્યાં ઊભા ઊભા વળી અમે એક કલાક વાતો કરી. હું દિલ્હી હતો ત્યારે પ્રોફેસર ભાંડારકર ગ્વાલિયરની જીવાજી યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર હતા. તેમના નિમંત્રણથી હું તેમને મળવા ગ્વાલિયર ગયો. હું રાત્રે પહોંચેલો અને સવારે ઊઠયો તે પહેલાં તેઓ ચહા પીને પોતાની ઑફિસે ગયા હતા અને શ્રીમતી ભાંડારકરને કહેતા ગયા હતા કે પટેલ ઊઠે અને ચહા પીવા બેસે ત્યારે મને બોલાવજો, હું અર્ધો કલાક માટે આવી જઈશ. એમ તેઓ આવ્યા, પણ પછી તો અમારી વાતો ખાસ્સી ત્રણ કલાક ચાલી અને પ્રૉફેસર ભાંડારકર બાર વાગ્યે જમીને જ ઑફિસે ગયા. છેલ્લાં દશબાર વર્ષથી હું અવારનવાર મુંબઈ જાઉં છું, કયારેક ખાસ તેમને મળવા માટે જ. દરેક વેળા હું બે વાર એમને મળવા જાઉં છું અને દરેક પ્રસંગે અમારી વાતો ઓછામાં ઓછી બે કલાક ચાલે છે અને સાહિત્યથી માંડી રાજકારણ સુધીના બધા વિષયોને આવરી લે છે. કયારેક અમારે મતભેદ થાય ત્યારે હું મુક્તમને અને કોઈ વાર અભિનિવેશપૂર્વક પણ મારો મત રજૂ કરું છું. મારી પુત્રી પહેલી વાર મારી સાથે પ્રોફેસરને મળવા આવી ત્યારે ચર્ચા કરવાની મારી રીતથી તે ડઘાઈ ગઈ હતી. તેણે મને પૂછ્યું, "મોટાભાઈ, તમે તમારા પ્રૉફેસર સાથે આવી રીતે વાતો કરો છો ?" મેં તેને સમજાવ્યું કે પ્રૉફેસર અને શ્રીમતી ભાંડારકર પૂરાં લોકશાહી માનસનાં છે અને હમેશાં મારો મત છૂટથી દર્શાવવા પ્રોત્સાહન દેતાં આવ્યાં છે.

આમ વ્યક્તિગત સંબંધમાં પ્રૉફેસર ભાંડારકર મને મિત્ર ગણીને રાખતા છતાં તેઓ ડિરેક્ટર ઑફ ઍજ્યુકેશન બન્યા પછી એક પ્રસંગે તેમણે મને આમારા સંબંધનો લાભ ન લેવા દીધો. સને ૧૯૫૬ના જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં મને એક મિત્રે કહ્યું કે ટૂંક સમયમાં જ મારી બદલી નવી સ્થપાયેલી સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરીકે થવાની છે. ગુજરાત કૉલેજ છોડવાની મારી બિલકુલ ઈચ્છા નહોતી, તેથી મેં શ્રી ભાંડારકરને પત્ર લખીને પૂછ્યું કે વાત ખરી છે ? અને મારી વલ્લભ વિદ્યાનગર જવાની ઈચ્છા નથી એમ જણાવી તેમને પૂનામાં મળવાની રજા માગી. તેમણે ઉત્તરમાં લખ્યું, "તમારે જવાનું જ છે, છતાં મળવું હોય તો આવો." હું ગયો અને તેમને ઑફિસમાં મળ્યો. તેમણે માત્ર પાંચ મિનિટ જ મારી સાથે વાત કરી અને પત્રમાં લખ્યું હતું તે જ કહ્યું. પછી મને પૂછ્યું, "અમદાવાદ કયારે જવાના છો?" મેં કહ્યું, "રાત્રે." તેમણે કહ્યું, "સારું, બાજુની રૂમમાં બેસો." હું બેઠો અને એક વાગ્યો એટલે તેઓ ઑફિસમાંથી નીકળી મને તેમની સાથે ઘરે લઈ ગયા, જમાડયો અને બીજી વાતો કરી, પણ મારી બદલી અંગે એક શબ્દ ન બોલ્યા.

પ્રૉફેસર ભાંડારકરના સ્વભાવનો પરિચય કરાવતા બીજા બે પ્રસંગો પણ જાણવા જેવા છે. તેઓ ૧૯૪૭-૪૯નાં બે વર્ષ ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ હતા ત્યારે એ પ્રસંગો બનેલા. તેઓ જોડાયા તે

વર્ષે કૉલેજની હોસ્ટેલમાં પહેલી વાર બે-ત્રણ હરિજન વિદ્યાર્થીઓ દાખલ થયા. તેમને રસોડામાં ખાવાનું પીરસવાની રસોઈયાઓએ ના કહી. કલબના સેક્રેટરીએ પ્રિન્સિપાલ ભાંડારકરને એ વાત કરી. તેમણે કહ્યું, "સારું, આવતી કાલે મારાં પત્ની અને હું તમારા રસોડામાં જમવા આવીશું અને હરિજન વિદ્યાર્થીઓની સાથે બેસીશું. રસોઈયાઓને કહેજો કે તેઓ અમને પીરસવાની ના પાડશે તો તેમણે નોકરી છોડવી પડશે." બીજે દિવસે એમ થયું અને રસોઈયાઓ તેમને પીરસવાની ના કહેવાની હિંમત ન કરી શકયા. બીજો પ્રસંગ ગાંધીજીની હત્યા થઈ તે દિવસનો છે. તે રાત્રે હોસ્ટેલના વિદ્યાર્થીઓએ સાંભળ્યું કે હત્યા પછી મહારાષ્ટ્ર સોસાયટીમાં કોઈ બંગલાઓમાં મીઠાઈ વહેંચાઈ હતી. એટલે કેટલાક વિદ્યાર્થીઓએ સોસાયટી ઉપર હલ્લો લઈ જવાનો નિર્ણય કર્યો. વાત પ્રિન્સિપાલ ભાંડારકર પાસે આવી. તેમણે હલ્લો કરવાનો વિચાર કરતા હતા તે વિદ્યાર્થીઓને પોતાના બંગલે બોલાવ્યા, અને કલાકેક તેમની સાથે ચર્ચા કરી સમજાવ્યા કે ગાંધીજી પ્રત્યે પ્રેમ પ્રગટ કરવાનો રસ્તો તેમની હત્યા માટે કોઈની ઉપર વેર લેવાનો નથી. તેમણે બીજો માર્ગ સૂચવ્યો. બીજા દિવસથી શ્રાદ્ધ સુધીના દિવસ સુધી કૉલેજ શરૂ થતાં પહેલાં બધા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ કૉલેજના 'જોર્જ ધ ફિફ્થ' (આજના ગાંધી) હૉલમાં મળવું અને વ્યવસ્થિત હરોળોમાં ઊભા રહી પંદરેક મિનિટ પ્રાર્થના કરી પછી વર્ગોમાં જવું. વિદ્યાર્થીઓ સંમત થયા અને યોજના પ્રમાણે સંપૂર્ણ શાંત વાતાવરણમાં અને ગંભીર ભાવે પ્રાર્થનાઓ થતી રહી. શ્રીમતી ભાંડારકર પણ દરરોજ એક પ્રાર્થના ગાતાં.

આવા સ્વભાવનાં પ્રોફેસર અને શ્રીમતી ભાંડારકર સાથે મને પચાસ વર્ષ સુધી નિકટના પરિચયમાં રહેવાનું મળ્યું તેને હું મારું મોટું સદ્ભાગ્ય ગણું છું. ❑ ❑

# કાયદો અને માનવસુધારણા

❑ 'સત્સંગી'

એક આવો દાખલો વાંચવા મળ્યો: એક ચોર ઘરમાં દાખલ થાય છે. ચોર ગરીબ હોય છે, તે અને તેનાં કુટુંબનાં સભ્યો બેત્રણ દિવસથી ભૂખ્યાં હોય છે. સદ્ગૃહસ્થ ઘરમાં જ છે અને ચોરને કહે છે, "ત્યાં ખાનામાં મારી પત્નીની કિંમતી વીંટી છે. તે આવે તે પહેલાં લઈને જતો રહે." ચોર ઘડીભર આ માની શકતો નથી, પરંતુ આખરે તે તેમ કરે છે.

થોડી વાર પછી શ્રીમતી પાછાં ફરે છે અને વીંટી ન જોતાં ખૂબ નારાજ થાય છે. તેમના પતિને તેઓ કહે છે, "કોઈ મારી પંદર હજાર રૂપિયાથી વધારે કિંમતવાળી હીરાની વીંટી ચોરી ગયું છે." તેમના પતિ આ સાંભળીને ચોરની પાછળ દોડે છે. તેઓ ચોરને આંબી જઈને કહે છે, "ભાઈ, તેં જે વીંટી લીધી છે તેની કિંમત પંદર હજાર રૂપિયાથી વધારે છે. માટે એનાથી ઓછે વેચતો નહિ."

આ સાંભળીને ચોરની આંખમાં આંસુ આવે છે. તેણે આવો પ્રેમ કયારે પણ અનુભવ્યો જ નહોતો. પળવારમાં જ તેનું જીવન બદલાઈ ગયું. સદ્ગૃહસ્થના પગમાં પડીને તે કહે છે, "મને માફ કરો અને તમારા નોકર તરીકે સ્વીકારો." આ માણસ જેલમાં ગયો હોત તો સજા ભોગવી આવ્યા પછી તેને માણસ બનવાની વાત મગજમાં આવત નહિ, પણ પકડાય નહિ તેવા કુશળ ચોર બનવાને રસ્તે મક્કમતાથી ચાલવા લાગતા. એવી પૂરતી શકયતા ગણાય.

આખી દુનિયામાં સંખ્યાબંધ જેલો છે; પરંતુ પ્રત્યેક જેલ ભરાતી જ રહે છે. છેલ્લા બેક દાયકામાં પોલીસ ખાતું સવિશેષ મોટું બનતું રહ્યું છે. પરંતુ ગુના ઘટયા એવું કયારેય પણ સંભળાયું? ગુનાનું પ્રમાણ વધતું રહે છે એવા જ આંકડાઓ આપણી સમક્ષ આવતા રહે છે. પોલીસ ખાતું ગુના પકડી જરૂર શકે છે. જેલરો કેદીઓને નિયમ પ્રમાણે મજબૂત ચોકીપહેરા હેઠળ અવશ્ય સાચવે છે. વર્ષોથી આમ કાર્યવાહી ચાલતી રહી છે. ઈંગ્લેન્ડ અને અમેરિકામાં તો પોલીસ, છૂપી પોલીસની વ્યવસ્થા ખૂબ વખણાય છે. વિશેષમાં, આ સમૃદ્ધ દેશો અદ્યતન વૈજ્ઞાનિક ઢબનાં ગુનાશોધક સાધનો વ્યવસ્થિત રીતે ધરાવે છે. તેવી જ રીતે પહેલાનાં જેલજીવન કરતાં અત્યારનું જેલજીવન માનવતાવાદી અભિગમવાળું છે, તોપણ ગુનાનું પ્રમાણ તો વધતું જ રહે છે.

આજના સમયમાં છે ઈસ્પિતાલમાં દર્દીઓની સંખ્યા ઘણી હોય તે સારી ઈસ્પિતાલ ગણાય એવી વ્યાખ્યા સારી ઈસ્પિતાલની આપવામાં આવી છે. તો પછી વધારે ગુના પકડાય તે પોલીસ ખાતું અને છૂપી પોલીસ ખાતું વધારે કાર્યક્ષમ ગણાય અને જેલમાં જેમ વધારે કેદીઓ હોય તેમ તે જેલો સારી ગણાય એવી વ્યાખ્યાનો ચેપ અહીં પણ નથી લાગ્યોને? પોલીસ ખાતું કોઈ ચોક્કસ માણસે ગુનો કર્યો છે એટલું જ જુએ છે, પરંતુ તેણે શા માટે ગુનો કર્યો? એ અંગે પોલીસ ખાતું કહેશે, 'એ અમારો વિષય નથી.' આ વિષય જેલ ખાતાનો થોડે અંશે બનાવાયો છે, પરંતુ જેલરો મુખ્યત્વે તો જેલ માટેના નિયમોની ભાષા જાણે છે. જેલમાં જે છૂટછાટ આપવામાં આવી હોય તે પણ જેલરો માટે તો ધ્યાન રાખવાનો નિયમ જ બને છે. તે નિયમોના પાલનથી વિશેષ રસ જેલરોને હોતો નથી.

ગુનેગારને જે સજા કરવામાં આવે છે તે સમાજની વ્યવસ્થા માટે અવશ્ય છે. એક ગુનેગારને સજા થાય એટલે અન્ય લોકો ગુનો કરતાં ડરે અને સમાજમાં આ પ્રકારની બીક દ્વારા વ્યવસ્થા જળવાય. ગુનેગારે બીજી વ્યકિતને નુકસાન પહોંચાડયું હોય છે, પરંતુ નુકસાન પામનાર વ્યકિત કાયદો તેના હાથમાં લે તો તે ગુનેગાર બને; પરંતુ ગુનેગારને અદાલત જે સજા કરે છે તેથી નુકસાન પામેલી વ્યકિતને ન્યાય મળવાનો સંતોષ થાય છે. સમાજમાં વ્યવસ્થા અને ન્યાય માટે ગુનેગારને શિક્ષા થાય તે જરૂરી તો છે જ. સાથે સાથે શિક્ષાનો મહત્ત્વનો હેતુ એ પણ છે કે શિક્ષા થવાથી વ્યકિત આવું આત્મનિરીક્ષણ કરે, "મેં ભૂલ કરી તેથી મને આ શિક્ષા થઈ છે. મારામાં વિવેકબુદ્ધિ છે, પણ મારા પ્રાણી-સ્વભાવનું મારા પર વર્ચસ્વ થતાં હું આ ભૂલ કરી બેઠો. ખરી રીતે જોતાં આ શિક્ષા મારા પ્રાણી-સ્વભાવને થઈ છે, તેથી આ શિક્ષા મને મારા ઉચ્ચ સ્વભાવનું ભાન કરાવવા માટે મળી છે. હવે મારી આંખ ઊઘડી ગઈ છે અને હું મારા ઉચ્ચ સ્વભાવને અનુસરીને યોગ્ય જીવન જીવીશ."

આજે પણ શિક્ષા પામનાર વ્યક્તિ આત્મનિરીક્ષણ જરૂર કરે છે, પણ તે મોટે ભાગે આ જાતનું હોય છે, "મારા સંજોગો એવા બન્યા કે મારાથી ભૂલ થઇ ગઇ એ સાચું, પણ આવા સંજોગો આગળ મારી લાચારી સમજવા કોઇ તૈયાર નથી. મારા જ એક ઓળખીતાએ આવી ભૂલ કરી હતી, પણ તે નિર્દોષ છૂટી ગયો. પરંતુ પૈસાની સગવડ વિના હું સારા વકીલને રોકી શકયો નહિ, પરિણામે હું જેલમાં આવી ભરાયો. બે વરસની જેલ ભોગવ્યા પછી મારી સ્થિતિ શું થશે? તે દરમ્યાન મારી પત્નીને જોઇને સમાજ આંગળી ચીંધશે કે એનો પતિ જેલમાં ગયો છે. મારાં નિર્દોષ બાળકોને જોઇને સમાજ કહેશે કે આ છોકરાંનો બાપ જેલમાં સબડે છે. જેલમાંથી છૂટયા પછી? મને લોકો આંગળી ચીંધશે કે આ જેલ ભોગવી આવ્યો છે. આ કલંક મને અને મારા પરિવારને હંમેશાં સતાવશે, એકંદરે સમાજ બહાર હોઇએ એવી અમારી સ્થિતિ બનશે. મને કામ કોણ આપશે? આ સમાજમાં ન્યાય કયાં છે? દયા કયાં છે? સહાનુભૂતિ કયાં છે? સમાજમાં નીતિમાન કેટલા છે? છીંડીએ ચડયો તે ચોર ગણાય. ગુનો કરનારાએ પોતે પકડાય નહિ એવી કુશળતા કેળવવી જોઇએ." તેને પોતાના જીવન અંગે ઘણી અકળામણ થાય, ઘણું મનોમંથન થાય. તોપણ હૃદયપરિવર્તન થતું નથી, ઊલટાનું સમાજના વાતાવરણ પ્રત્યે રોષ, તિરસ્કાર અને આક્રોશ સવિશેષ થાય છે. જેલજીવનથી કેદી એક બાજુથી ઘોર નિરાશાથી યંત્રવત્ જીવન જીવતો થઇ જાય છે, બીજી બાજુથી પકડાઇ ન જવાય એવી રીતે ગુનો કરતાં આવડવું જોઇએ એમ તેના મનમાં ઠસાયા કરતું હોય છે. અહીં વર્તમાન સમયના સાહિત્યકાર શ્રી દિનકર જોશીની એક ટૂંકી વાર્તા 'રઘડો લબાડ' યાદ આવે છે. ઠોઠ-થપાટ, ચોરી-ચપાટી વગેરે રઘડા માટે વ્યવસાય બની ગયો હોય છે, તેથી ગામના લોકો રઘડો ગામ છોડી જાય તેવી ફરિયાદ મુખીકાકા આગળ કરે છે. મુખીકાકા રઘડા તરફ કડક બની શકતા નથી. તેનું કારણ એ છે કે મુખીકાકા અને રઘડાના બાપ જદુરામ નાનપણના ભાઇબંધ હતા. રઘડો જયારે પાંચ-છ વરસનો રઘુ હતો ત્યારે ગામથી બે ખેતરવા દૂર આવેલા દરિયામાં આવેલી ભરતીનાં મોજાંમાં તણાઇ ગયેલા દશ-બાર વરસના છોકરાને જદુરામ બચાવી લે છે; પણ જદુરામ જળસાપના ડંખથી બચી શકતા નથી.

રઘડાની જયારે ફરિયાદો થાય છે ત્યારે રઘડો સત્તાવીસ-અઠ્ઠાવીસ વરસનો થઇ ગયો હોય છે. પછી તો આસપાસના પંથકની નિરાધાર, ઓશિયાળી કે દુખિયારી બાઇઓ અલોપ થવા લાગે છે. પોલીસ ખાતું દોડધામ આદરે છે. રઘડા પર આ પ્રવૃત્તિ અંગે વહેમ છે એવું લખાણ પોલીસ ખાતા તરફથી મુખીકાકાને આવે છે. રઘડાને હદપાર કરવામાં આવે તો આ પ્રવૃત્તિ વિશે ચોક્કસ ખબર પડે એવો જવાબ મુખીકાકા સત્તાવાળાઓને મોકલાવે છે. રઘડાને હદપાર કરવાનો હુકમ પોલીસના વડા તરફથી આવી જાય છે. મુખીકાકા રઘડાને આ હુકમ બજાવી દે છે. રઘડાને ત્રણ દિવસની મહેતલ આપવામાં આવે છે.

રઘડો ત્રીજા દિવસની રાતે દરિયે જાય છે અને પડેલા મછવામાંથી એકાદ પર હાથ મારીને હંકારી મૂકવાનો વિચાર કરે છે. ત્યાં તો દરિયાકાંઠા પર કંઇ બની રહ્યું છે એમ તેને લાગે છે. થોડી જ વારમાં એક વ્યક્તિ તેને બચાવી લેવાની આજીજી કરે છે. રઘડાના પગમાં આળોટી પડેલો આ પુરુષ ખુદ મુખીકાકા હોય છે. રઘડો તેમને બચાવી લેવાની ખાતરી આપે છે. મુખીકાકા તેને કહે છે કે સંતાડેલી ત્રણ બાઇઓને સામી હદે ઊભેલા વહાણમાં પહોંચાડવી છે, એના મોંમાગ્યા ભાવ આવે છે. મુખીકાકા પોતાનું પાપ કબૂલે છે; પણ રઘડા લબાડ પર ભલે એક પાપ વધે એમ કહીને રઘડો જવાબદારી સંભાળી લે છે. ગામમાં બીજે દિવસે વાત ફેલાય છે કે રઘડો લબાડ જતાં જતાં ત્રણ બાઇઓને વેચી દેવાના કાળા કામમાં પોલીસને હાથે ઝડપાઇ ગયો છે ! વળી, કોઇ તો મુખીકાકાને એમ પણ કહે છે કે તમે આ લબાડનું ઘણું રાખ્યું, પણ તેણે તમારા જેવા ભગવાનના માણસની પણ શરમ રાખી નહિ!

આવા મુખીકાકાઓ દુનિયાની નજરમાં ભગવાનના માણસ ગણાતા હોય અને રઘડાઓ જેલમાં સબડતા હોય એવી પરિસ્થિતિમાં મળેલી શિક્ષા તેમનાં હૃદયપરિવર્તન કરે ખરી ?

ભૂખે મરતો માણસ ચોરી કરે એની જવાબદારી સમાજની નથી? શિક્ષિત પણ બેકાર યુવાન દાણચોરો સાથે જોડાય એમાં આશ્ચર્ય પામવા જેવું ખરું? ખરી રીતે જોતાં, માણસ શા માટે ગુનો કરે છે એ જાણવું મહત્ત્વનું છે. તદ્દન પ્રતિકૂળ સંજોગો, સામાજિક અન્યાય વગેરે કારણો ગુનો કરવા માટે માણસના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ બાળકોના સંબંધમાં એમ કહેવાય છે કે જે ઘરનું વાતાવરણ પ્રેમ-હૂંફવાળું ન હોય અને બાળક પ્રત્યે પૂરતું ધ્યાન અપાતું ન હોય તો બાળકને ચોરીની ટેવ પડે એ બનાવજોગ છે. આ બાળક મોટું થાય ત્યારે મોટી મોટી ચોરી કરવા પ્રેરાય એવી પૂરતી શકયતા રહેલી છે.

અહીં ટૂંકી વાર્તાઓના ઓ. હેન્રી એવા ઉપનામથી પ્રખ્યાત બનેલા અમેરિકન લેખક વિલિયમ સિડની પોર્ટરની ટૂંકી વાર્તા 'જિમી વૅલન્ટાઇન' યાદ આવે છે. આ વાર્તાનો નાયક જિમી વૅલન્ટાઇન તિજોરીઓ તોડવામાં કુશળ છે. તેને ચાર વર્ષની જેલ ભોગવવાની આવી હોય છે. પરંતુ સમાજમાં તેને મિત્રો ઘણા હોય છે, તેથી દસવાર માસ જેટલી સજા ભોગવે છે ત્યાં તેને છોડી મૂકવામાં આવે છે. જેલર તેને તિજોરીઓ ન તોડવાની અને સીધી રીતે જીવવાની સલાહ આપે છે. પરંતુ જિમી અઠવાડિયા પછી તિજોરીઓ તોડવાનું કામ શરૂ કરી દે છે. તેથી તિજોરી એક બૅન્કની તે તોડે છે અને ૫૦૦૦ ડૉલર જેવી રકમ જાય છે તેથી પોલીસને જાણ કરવામાં આવે છે. જિમી પાંચ માઈલ દૂર આવેલા એલ્મોર નામના નાના શહેરમાં જતો રહે છે. એક આડરસ્તે થઈને હોટલ તરફ જતો હોય છે. એ અરસામાં એક યુવતી રસ્તાના ખૂણા પર જિમી પાસેથી પસાર થાય છે. જિમી તેની સામે જુએ છે અને બદલાઇ જાય છે.

ત્યાર બાદ જિમી નામ બદલાવીને હોટેલમાં રહે છે અને જોડાનો ધંધો શરૂ કરે છે. એક વર્ષના અંતે તેની જોડાની દુકાન સારી ચાલતી હોય છે, તેના મિત્રો ઘણા થયા હોય છે અને પેલી યુવતી અન્નાબેલ એડમ્સ સાથે તરતમાં થાય એ રીતે તેનું સગપણ થાય છે. બેન પ્રાઇસ તેની પ્રવૃત્તિની તપાસમાં આવે છે અને જિમીને ઓળખી જાય છે. છેલ્લે જિમી સામેથી પકડાઇ જવા આવે છે, પરંતુ તેના સદ્ગૃહસ્થ તરીકેના પરિવર્તન પામેલા જીવનને લીધે બેન પ્રાઇસ તેને પકડતા નથી.

દરેક ગુનેગારને જિમી માટે બન્યું તેમ યુવતીનો જ પ્રેમ મળે તો હૃદયપરિવર્તન થાય એવો અર્થ નથી. પરંતુ પ્રેમ મળવાથી માણસના હૃદયનું પરિવર્તન થાય એ વૈજ્ઞાનિક ચોકસતા જેવી બાબત છે. પોલીસ ખાતું પ્રેમની ભાષા ન સમજે એ અફસોસ કરવા જેવું

નથી, પરંતુ ગુનેગાર પર તૂટી ન પડે તોપણ તેમણે, ગુનેગારની વાત બાજુ પર રાખીએ, સમાજ પ્રત્યે સદ્‌ભાવ-સેવાભાવ દાખવ્યો ગણાશે. જો લોકો પોલીસના મારથી ડર અનુભવતા હોત તો ગુનાનું પ્રમાણ ઘટવા પામ્યું હોત, પણ ગુના તો વધતા રહે છે. 'માર ચૌદમું રત્ન છે' એ કહેવત વહેતી મૂકનારાઓએ સમાજની સેવા કરી નથી. આ કહેવત નિર્દોષ માસૂમ નાનાં બાળકોનાં ભાવિ જીવન પર ઘેરી અસર કરતી રહી છે. ગુનો કરનાર માનસિક દર્દી છે એ પોલીસ ખાતાએ સ્વીકારવું જોઈએ અને જેલ ખાતાએ તો આ મનોવૈજ્ઞાનિક સત્યને અનુરૂપ આચરણ રાખવું જોઈએ; જો ગુનેગારોને સુધારવા હોય અને ગુનાઓ ઘટાડવા હોય તો. જેલોની વ્યવસ્થા માટે જેલરને ભલે રાખવામાં આવે પરંતુ સાધુસંતોની માત્ર મુલાકાતો નહિ, પણ તેમની થોડી સેવા નિયમિત માગવી જોઈએ આના સમર્થન માટે માનનીય ડૉ. રમણલાલ ચી. શાહના તાજેતરમાં બહાર પડેલા પુસ્તક 'સાંપ્રત સહચિંતન-૩'માં નિબંધ 'અલં બાલસ્સ સંગેણં' વાંચવા નમ્ર વિનંતિ છે. તેમાં જાપાનના એક બૌદ્ધ ધર્મગુરુનું ઉદાહરણ ખૂબ સરસ છે. આ ધર્મગુરુ જેલમાં કેદીઓ સાથે સંપર્ક રાખવા માટે નાનકડી ચોરી કરી લેતા. વારંવાર કેદની સજા ભોગવીને તેમણે સમગ્ર રાજયમાં ગુનાઓનું પ્રમાણ ઘણું ઓછું કરી નાખ્યું.

આપણી નાગરિકોની ગુનેગારો પ્રત્યે કંઈ ફરજ ખરી ? આપણાથી બીજું કંઈ ન થઈ શકે તો આપણા ઘર આગળથી પસાર થતો માણસ જેલ ભોગવીને આવ્યો હોય એમ આપણે જાણતા હોઈએ તો આપણે આપણાં બાળકોને 'તે ડાકુ છે' એમ કહીને ડરાવીએ નહિ; તેમ આપણા વર્તુળમાં આપણે તેને આંગળીચીંધ ન બનાવીએ. આપણે તેના પ્રત્યે પ્રેમભાવની દષ્ટિથી જોઈએ, તે સન્માર્ગે ચાલતો રહે એવી પ્રાર્થના કરીએ. તેનું ગુજરાન ચાલે એમાં આપણે તેને નિ:સ્વાર્થભાવે ઉપયોગી બનીએ. સઘળા પ્રશ્નોનો ઉકેલ પ્રેમ છે એ ન ભૂલીએ. ❑

# પર્યાવરણ અને પરિગ્રહ પરિમાણ

❑ ગુલાબ દેઢિયા

આ વસંત ઋતુમાં કુદરતમાં ભારે કામકાજ ચાલે છે. વૃક્ષો પર નવાં પર્ણો પર નવાં પર્ણો, ફૂલો અને ફળો આવે છે. કામ ઘણું પણ ધમાલ, ઘોંઘાટ કે પ્રદૂષણનું કોઈ ચિહ્‌ન નથી.

ચૂપચાપ પોતાનું કામ કર્યે જવું એ કુદરતનો ક્રમ છે. ખબર ન પડે તેમ, જેને સૂકી માની બેઠેલા એવી ગુલમહોરની ડાળીઓ પર લાલચટાક ફૂલો ખીલે છે.

ધર્મનું પણ એવું જ છે. એ ચૂપ રહીને સત્યની પ્રતીતિ આપે છે. ધર્મ ગાઈવગાડીને નથી કહેતો કે, હું સત્ય છું. ધર્મની વાતો દિવસે દિવસે વધુ ને વધુ સાચી સાબિત થતી જાય છે. જેમ વધુ વિકાસ થશે તેમ સમજાશે કે, ધર્મ ગઈકાલ કરતાં આજે વધુ રિલેવન્ટ છે.

ધર્મે પહેલેથી કહ્યું છે કે અપરિગ્રહી બનો. સંગ્રહ ઓછો કરો. બગાડ ઓછો કરો. સમસ્ત જીવસૃષ્ટિ પ્રત્યે આદરભાવ રાખો. એ જ વાત આજે પર્યાવરણના નિષ્ણાતો કહી રહ્યા છે.

બધું ભેગું કરવાની લહાયમાં, પોતાનું કરી લેવાની પેરવીમાં પડેલો માનવી એમ માની બેઠો કે, પાણી, જમીન, વૃક્ષો, હવા, શક્તિનાં સાધનો વગેરે પોતાને માટે જ નિર્માયાં છે અને બધાંનો ભોગવટો કરવાનો પોતાને અબાધિત અધિકાર મળ્યો છે.

સમયસારમાં કહ્યું છે, ઇચ્છા (મમત્વ)નો ત્યાગ જ અપરિગ્રહ છે. આજે ઇચ્છાઓ વધતી જ જાય છે. ઇચ્છા અને જરૂરિયાત વચ્ચેની ભેદરેખા ભૂંસાતી જાય છે.

ધર્મમાં જેને વાયુકાય, પાણીના જીવ, ધરતીના જીવ કહેલ છે અને તેમની જીવરક્ષા કરવાનું કહ્યું છે, પર્યાવરણના નિષ્ણાતો પણ એ જ વાત કહી રહ્યા છે. વિના કારણ પાણીનો બગાડ ન કરો. વૃક્ષો ન કાપો. કોઈ પણ કુદરતી સંપત્તિનો બગાડ ન કરો. આ બધી વાતોમાં અન્યના સુખનો વિચાર છે. સાથોસાથ જાત માટે સંયમની ભાવના છે.

તેને દુ:ખ પ્રિય નથી તેમ અન્યને પણ દુ:ખ પ્રિય નથી. બધાય જીવો જીવવા ઇચ્છે છે, કોઈ જીવ મરવા ઇચ્છતો નથી. આવું જાણી બધા જીવો પ્રત્યે આત્મોપમ ભાવ રાખ. શાસ્ત્રોની આ પાયાની વાત પર્યાવરણના પણ પાયાની વાત જેવી છે.

અહિંસા, પરિગ્રહપરિમાણ પ્રકૃતિની સમતુલાનો વિચાર એ એક રીતે સર્વોદયની વ્યાપક ભાવનાનો પોષક છે. અન્યની ભલાઈનો વિચાર એ જ સંસ્કૃતિનું અંકુર છે.

આજે ભૌતિકવાદી, ઉપભોગવાદી માનસને લીધે એવી ભ્રામક છાપ ઊભી થઈ છે કે, જે વધુ ભેગું કરે છે, જે વધુ વાપરે છે, નવું નવું લેતો જાય છે અને જૂનું છોડતો જાય છે. તે વખાણવાલાયક છે, તે ઉદાર છે. જે ઓછું વાપરે છે, કરકસર અને લોભ, ઉદારતા અને ઉડાઉપણું એના વચ્ચેની ભેદરેખા ભૂંસાતી જાય છે. સંયમને લોભ માની લેવામાં આવે છે અને પરિગ્રહને સમૃદ્ધિ માની લેવામાં આવે છે. વાપરો અને ફેંકી દો એ આજનું ફેશનસૂત્ર છે.

એરિક ફ્રોમ જેવા વિચારકે 'ટુ હેવ' અને 'ટુ બી'ની વિચારવા જેવી વાત કરી છે. માણસને મેળવવામાં, ભેગું કરવામાં વધુ રસ છે. પોતાને બનવામાં, હોવામાં ઓછો રસ છે. ખરેખર તો હોવું એ જ મોટી વાત છે.

ધર્મની સંયમની વાતો નરી પોકળ નથી. માર્કસે કહ્યું છે કે, જેટલો સંગ્રહ ઓછો એટલા તમે વધુ સંપન્ન. અપરિગ્રહીને બીજા પર ઓછો આધાર રાખવો પડે છે.

યતનાપૂર્વક ખાવું, પીવું, ફરવું, બેસવું, સૂવું, બોલવું એ સંયમી પુરુષનું લક્ષણ છે. પર્યાવરણ માટે પણ આ જ વાત લાગુ પડે છે.

માનવીનું જીવન જેટલું વિવેકી અને જાગૃતિમય હોય એટલો એ પોતે અપરિગ્રહી બની શકે છે. ખપ પૂરતો જ વપરાશ કુદરતી તત્ત્વોના બગાડમાંથી ઉગારી શકે છે.

'સૌ પ્રથમ તો બધા જ જીવો વિશેનું જ્ઞાન હોય તો જ દયા-અહિંસાનું પાલન થઈ શકે છે. અજ્ઞાનીને ક્યાં ખબર છે કે હિંસા શાથી થાય છે અને અહિંસા શું છે?' દશવૈકાલિક સૂત્રના આ શબ્દો કેવા માર્મિક છે ! આજે ઘડીએ ઘડીએ અને જીવનભર આપણે કેટલી હિંસા કરી રહ્યા છીએ તેનાથી જ અજ્ઞાન છીએ. જૈન છીએ તેથી મોટા જીવો

- પંચેન્દ્રિય, ચૌન્દ્રિય કે ત્રેન્દ્રિય જીવો નથી મારતા પણ હવા, પાણી, જમીન, વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવોનો કેટલો મોટો ઘાત કરી રહ્યા છીએ, કરાવી રહ્યા છીએ.

આ એકેન્દ્રિય - બેન્દ્રિય જીવોની વધુમાં વધુ જીવરક્ષા કરીશું ત્યારે પ્રાકૃતિક સંતુલનમાં મોટામાં મોટી મદદ કરી કહેવાશે.

જૈન સાધુ-સાધ્વી ભગવંતો પાસે જે રજોહરણ અને મુહપત્તિ હોય છે તે અહિંસાનું પ્રતીક છે. પ્રતિપળ જીવરક્ષા માટેની તૈયારી અને પ્રતિપળ બીજા જીવને બચાવવાની વૃત્તિનાં એ પ્રતીક છે. મુહપત્તિ, વસ્ત્રો, ઉપકરણો વગેરેનું પલેવણ એ માત્ર વિધિ કે ક્રિયા નથી. સૂક્ષ્મ જીવોને બચાવવાની એ ઉત્તમ રસમ છે. જેની પાસે પરિગ્રહ ઓછો હોય તે જ સારી રીતે પલેવણ કરી શકે.

અપરિગ્રહ અને અહિંસાને આ રીતે નિકટનો સંબંધ છે. એક તો આડેધડ પરિગ્રહ વધારવા જતાં ચોક્કસ હિંસા કરવી પડે. બીજું અતિ પરિગ્રહ અસમાનતા સર્જે છે. તેથી આસપાસના લોકોમાં ઈર્ષ્યાનો ભાવ જાગે છે. પરિગ્રહ વધારનારને અહમ્‌નો ભાવ જાગે છે. અહમ્‌માંથી લાલસા અને વાસના જાગે છે. એમાંથી જ બધું ભોગવી લેવાની વૃત્તિ પ્રબળ થાય છે. ભોગવટા માટે આંધળી દોટ મૂકવાની હોય છે. એમાં વિવેક ચૂકી જવાય છે.

સાચો જૈન ઈકૉલૉજીનો માત્ર જાણકાર જ નથી હોતો પરંતુ જીવનમાં આચરનાર પણ હોય છે.

અહિંસા અને પરિગ્રહ પરિમાણમાં પર્યાવરણનું રક્ષણ થાય છે. જે આજના સમયની મોટી સમસ્યા છે. આજે માનવીએ ધરતી પર જીવવા જેવું રાખ્યું નથી, ત્યારે પરિગ્રહ પરિમાણ એ આપણા ભલા માટે, અન્ય જીવોના ભલા માટે અને આવનારી પેઢીઓના ભલા માટે જરૂરી છે.

અહીં એ વાત પણ સ્પષ્ટ થાય છે કે, ધર્મ એ આત્મા માટે તો છે જ. પણ મનુષ્ય પોતાની ભલાઈનો વિચાર કરતાં કરતાં અન્યની ભલાઈનો વિચાર પણ એમાં આપોઆપ આવી જાય છે. આત્મધર્મ એ સંકુચિત વાત નથી. એમાં પરહિત આવી જ જાય છે.

આજે પર્યાવરણના રક્ષણમાં વૃક્ષોનું રક્ષણ કરવાની વાત મહત્ત્વની છે. જંગલો કપાતાં જાય છે. જૈન ધર્મ તો માને છે કે વૃક્ષોમાં પણ જીવ છે. આપણાં મોજશોખ, વૈભવ અને ઠઠારા માટે વૃક્ષસંહારમાં જે રીતે ભાગીદાર થઈએ છીએ, તેમાંથી વિરમવા જેવું છે.

પર્યાવરણશાસ્ત્રીઓ પ્રત્યેક માણસના રોજના સો લીટર સુધીના પાણીના વપરાશને યોગ્ય પ્રમાણસર ગણે છે. જ્યારે જૈનધર્મી દરરોજ લગભગ પચાસ લીટર જેટલું પાણી વાપરે છે.

રાંધેલું વધારાનું અનાજ, એઠવાડ વગેરે પાણીમાં ફેંકી દેવામાં આવે, ત્યાં પાણી અશુદ્ધ બને છે. ભોજન એંઠું ન મૂકવું અને જમ્યા પછી થાળી ધોઈને પી જવી એ ધાર્મિક બાબત તો છે જ ઉપરાંત પર્યાવરણની દૃષ્ટિએ પણ ઉત્તમ છે. જમ્યા પછીનો એઠવાડ પાણીમાં ન ભળે અને પાણી ન બગડે તેને પર્યાવરણના નિષ્ણાતો ઝીરો ડિસ્ચાર્જ કહે છે. પરદેશનાં શહેરોમાં તો ભીનો અને સૂકો કચરો પણ અલગ અલગ કોથળીમાં ભરીને ઘરબહાર મૂકે છે, પ્રદૂષણ થતું અટકાવવા આવી સાવચેતી જરૂરી છે.

અવાજનું પ્રદૂષણ એટલે કે ઘોંઘાટનો પ્રશ્ન આજે મોટાં શહેરોમાં વિકટ બન્યો છે. મુંબઈ, કલકત્તા, દિલ્હી, અમદાવાદ જેવાં ઘોંઘાટિયાં શહેરોમાં દિવસ દરમ્યાન ૯૦ ડેસિબલ જેટલો અસહ્ય ઘોંઘાટ હોય છે. જ્યારે જૈન ઉપાશ્રયો ધર્મનાં ધામ તો છે જ સાથોસાથ શાંતિનાં ધામ પણ છે. ઉપાશ્રયમાં સામાન્ય રીતે ૫૦ ડેસિબલની આસપાસ અવાજનું પ્રમાણ હોય છે; જેને પીસફુલ લેવલ કહે છે, બિલોવ નોઈસ લેવલ કહે છે.

ઘોંઘાટ એ માનવીનો શત્રુ છે. ઘોંઘાટથી માણસ અનિદ્રાનો ભોગ બને છે. થોડું કામ કરતાં જ થાકી જાય છે.

ઘોંઘાટથી માનવીનો સ્વભાવ ચિડિયો થઈ જાય છે. જોવાની શક્તિમાં ઘટાડો થાય છે. આવી અનેક અસરોમાંથી ઉપાશ્રયની શાંતિ મુક્તિ અપાવે છે. ઉપાશ્રયમાં માનસિક શાંતિની સાથે શારીરિક લાભ પણ છે જ. જૈન પરંપરા કેટલી અદ્‌ભુત રીતે વૈજ્ઞાનિક છે ! જૈનો પણ ઘણી વાર વધુ ઉત્સાહમાં આવી જઈ વાયુકાયના જીવોની રક્ષા કરવાનું ભૂલી જઈ બેફામ ફટાકડા ફોડે છે. બૅન્ડવાજાં અને લાઉડસ્પીકરોનો ઘોંઘાટ આધ્યાત્મિક ઉત્સવો અને શોભાયાત્રાઓને મહત્ત્વહીન બનાવી મૂકે છે.

ફટાકડા ન ફોડવાના પ્રચારને સારો પ્રતિસાદ મળ્યો છે અને જૈનોમાં ફટાકડા ફોડવાની ટેવ ઘટી રહી છે જે આવકારદાયક છે. બૅન્ડવાજાં અને લાઉડસ્પીકરોના અવાજને પણ વિવેકપૂર્વક મર્યાદિત કરવાની જરૂર છે. આમ કરશું તો ધર્મ અને પર્યાવરણ બન્નેના હિતમાં છે.

જૈન ધર્મ ચામડાની વસ્તુઓનો ઉપયોગ પણ ખૂબ વિવેકપૂર્વક કરે છે. ચામડું કમાવવાની-સાફ કરવાની જે પ્રક્રિયા છે તેનાથી ખૂબ પ્રદૂષણ થાય છે. એ પ્રદૂષણ ઘટાડવાનો પણ કોઈ સરળ ઉપાય નથી. શુદ્ધ ચામડાને બદલે સિન્થેટિક વસ્તુઓનો ઉપયોગ ધાર્મિક પર્યાવરણની દૃષ્ટિએ લાભદાયક છે.

કતલખાના પર્યાપરણની દૃષ્ટિએ પણ અયોગ્ય છે. ત્યાં ખૂબ જ પાણી અશુદ્ધ બને છે. જૈન ધર્મ તો અહિંસાના આદર્શને કારણે માંસાહારને જ અયોગ્ય ગણે છે.

જૈન ધર્મ કહે છે પરિગ્રહ ઓછો, વપરાશ ઓછો તેમ પાપ ઓછું. પર્યાવરણશાસ્ત્રીઓ કહે છે મર્યાદિત વપરાશથી કુદરતી સંપત્તિ જળવાઈ રહેશે. લાંબો સમય ચાલશે અને પ્રાકૃતિક સંતુલન જળવાઈ રહેશે.

કુદરતી સંપત્તિ જળવાશે તેથી આજની પેઢીને વસ્તુઓની તંગી તથા પ્રદૂષણના ત્રાસમાંથી રાહત મળશે અને આવનારી પેઢીને કુદરતી વસ્તુઓ સહેલાઈથી મળતી રહેશે. ધર્મ અને વિજ્ઞાન સાથે સાથે ચાલે છે. બન્ને વસ્તુઓના સમ્યક્ ઉપયોગનું મહત્ત્વ સમજે છે.

માણસ પોતાની જરૂરિયાતો નક્કી કરે, ઓછી કરે, મર્યાદા બાંધે તે પરિગ્રહ પરિમાણ છે. માત્ર વર્તમાનપત્ર, ટી. વી.માં આવતી જાહેરખબરોથી વસ્તુઓ ખરીદવા દોડી જવું એ અતૃપ્તિની નિશાની છે. ઓછી વસ્તુઓવાળો નહિ પણ અતૃપ્ત ઇચ્છાઓવાળો ગરીબ છે.

આજે જે વસ્તુઓને આપણે વિકાસ અને પ્રગતિ કહી રહ્યા છીએ એમણે થોડું આપીને ઘણું ઝૂંટવી લીધું છે.

જે પરિગ્રહને મર્યાદિત કરે છે તે જ દાન દઈ શકે છે. મોટા પરિગ્રહવાળો તો અસત્ય, ચિંતા, ભય, ક્રોધ, અનિદ્રા, અભિમાન વગેરેનો ભોગ બને છે. આજે સરખામણી અને હરીફાઈએ આપણા મનની શાંતિને વિચલિત કરી દીધી છે. એ સમજવું જોઈએ કે, કોઈ પણ વસ્તુને વાપરી, નાખતાં, બગાડી નાખતાં, ફેંકી દેતાં ઓછો સમય લાગે છે, પરંતુ એના નિર્માણ-સર્જનમાં તો ઘણો જ સમય લાગે છે.

પરિગ્રહને નાથવા માટે સંતોષવૃત્તિની જરૂરત છે. જૈન આચારદર્શન અનુસાર સમવિભાગ અને સમવિતરણ થવાં જોઇએ. એવું ન કરનાર માટે મુકિત નથી, એ પાપી છે એમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

બૌધ્ધ ધર્મે પણ આસકિતને બધાં દુ:ખ અને બંધનોનાં મૂળ માનેલ છે. બૌધ્ધ દર્શને ભવતૃષ્ણા, વિભવતૃષ્ણા અને કામતૃષ્ણા એવા ભાગ પાડયા છે. ભવતૃષ્ણા એટલે ટકી રહેવાની વાસના, વિભવતૃષ્ણા એટલે ઝૂંટવાઇ જવાનો ભય, કામતૃષ્ણા એટલે ભોગવવાની ઈચ્છા, જે તૃષ્ણાથી મુકત છે તેને ભય નથી, કોઇ શોક નથી. અગ્નિમાં ઘી નાખીએ તો અગ્નિ શાંત ન થાય તેમ તૃષ્ણા સંતોષવા વધુ ભેગું કરીએ તો કદી ન શમે પણ વધુ પ્રબળ થાય.

જૈન ધર્મે અંદરથી અનાસકિત અને બહારથી અપરિગ્રહવૃત્તિ બન્ને સાથે માગ્યું છે.

હિંસા વિના જીવન શકય નથી, પરંતુ ઓછામાં ઓછી હિંસા થાય એ રીતે જીવવું તે ધર્મમય જીવન છે.

જૈન ધર્મનાં પાંચ મહવ્રત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એકમેક સાથે સંકળાયેલાં છે. એક વ્રતનું પાલન કરવા બીજાનું પાલન પણ કરવું જ પડે છે. બીજાનું પાલન કરવા જતાં અન્યનું પાલન આપોઆપ થઇ જાય છે.

સંસારીજનો મહાવ્રતોનું સંપૂર્ણત: પાલન તો ન કરી શકે પણ પાંચ અણુવ્રતોનું પાલન કરે અને સાથેસાથ ત્રણ વ્રતોનું પાલન કરે તો જીવન ધર્મમય બને છે. આ ગુણવ્રતોમાં દિક્‌પરિમાણ, ભોગોપભોગ પરિમાણ અને અનર્થદંડ વિરમણની ચર્ચા કરવામાં આવી છે.

આ ત્રણ ગુણવ્રતોનું પાલન કરનાર પોતાની આવશ્યકતા પ્રમાણે વસ્તુઓની મર્યાદા બાંધે છે. વર્ષ દરમ્યાન કે જીવનભર પોતે વધુમાં વધુ કેટલી મુસાફરી કરશે, કેટલી જમીન રાખશે, કેટલાં મકાન, દરદાગીના, વસ્ત્રો, અનાજ, ધનસંપત્તિ રાખશે એની પણ મર્યાદા નક્કી કરે છે. આ બધું સંયમપાલન માટે પૂરક છે.

મનુષ્ય સિવાય અન્ય કોઇ પણ જીવો સંગ્રહ કરતા નથી, ખપ કરતાં વધુ રાખતા નથી, કુદરતી સંપત્તિનો બગાડ કરતા નથી. પ્રદૂષણ સર્જતા નથી, હવા, પાણી, જમીન, વૃક્ષો, પર્વતો, આકાશ, સમુદ્ર, તળાવ, નદી, જીવસૃષ્ટિ બધાંને સંતાપનાર મનુષ્ય જ છે.

વિના કારણ મોટર દોડાવનાર પોતાનું પેટ્રોલ તો બગાડે જ છે સાથેસાથ કુદરતી સંપત્તિમાં એટલો ઘટાડો છે. હવાને ધુમાડાના પ્રદૂષણની ભેટ આપે છે અને લોકોને જે મળવું જોઇએ તેમાંથી થોડો ભાગ છિનવી લે છે. વાત નાનકડી લાગે, પણ પરિગ્રહપરિમાણ અને પર્યાવરણની દ્દષ્ટિએ મહત્ત્વની હોય છે.

પ્રમાદને કારણે પણ કયારેક વસ્તુઓને બગડવા દઇએ છીએ. તેથી જીવહિંસાનું કારણ બને છે. પાણી નળમાંથી વહી રહ્યું હોય અને ઊભા થવાની આળસને કારણે નળ બંધ ન કરીએ તો અહિંસા અને પર્યાવરણરક્ષાના નિયમનો પણ ભંગ કરી રહ્યા છીએ.

આપણે ટકી રહેવું હશે તો પર્યાવરણની સમતુલા જાળવવી પડશે. જરૂરિયાતો ઘટાડી પરિગ્રહને મર્યાદિત કરવાની માંગ ધર્મ અને વિજ્ઞાન બન્નેની છે.

જૈન ધર્મનો પરિગ્રહ પરિમાણનો નિયમ પર્યાવરણ સમતુલાનો આદર્શ નમૂનો છે.

ભમરો જેમ ફૂલોનો રસ ચૂસે છે પણ એ ફૂલોનો વિનાશ નથી કરતો. પોતાની જાત પણ ટકાવે છે અને ફૂલોને ફળવામાં મદદરૂપ થાય છે તેમ સાચવી સાચવીને અન્યનું અહિત કર્યા વગર વર્તવું જોઇએ. ☐ ☐

# જૈન કાવ્ય-સાહિત્યમાં રત્નો અને આભૂષણો

☐ ગણપતલાલ મ. ઝવેરી

પ્રાચીનકાળથી મનુષ્યના જીવન સાથે રત્નો અને આભૂષણો અનેક રીતે સંકળાયેલાં છે. નાનામોટા વ્યાવહારિક, સામાજિક અને ધાર્મિક ક્રિયાઓ, ઉત્સવો અને અવસરોમાં ઝવેરાત અને ઘરેણાંઓનાં ધારણ અને વર્ણનના સુંદર ઉલ્લેખો જોવા અને વાંચવા મળે છે. કેવળ દેહના શણગાર અર્થે જ નહીં; પરંતુ માનવસંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં પણ રત્નાભૂષણોનાં મૂલ્ય અને મહત્ત્વ સર્વદા સ્વીકારાયાં છે. સાહિત્યમાં જેમ શબ્દાલંકારોની ગરિમા છે તેમ માનવજીવનમાં રત્નો અને આભૂષણોનું ગૌરવ છે.

ભકિત અને સ્તુતિ દ્વારા માનવી પોતાના આરાધ્યદેવની પૂજા-અર્ચના કરતો હોય તથા અંતરનાં સ્થૂલ અને સૂક્ષ્મ ભાવોને વાણી દ્વારા મૂર્તિમંત કરતો હોય ત્યારે, એ, રત્નો, ઉપરત્નો અને બહુમૂલ્ય ધાતુઓ તેમ જ આભૂષણોના પ્રભાવ અને પ્રાવલંબનથી અલિપ્ત ન જ રહી શકે, એટલે જ ભકતજનોએ અને કવિઓએ અલંકારસંપન્ન કાવ્યો, શ્લોકો અને સ્તવનોના માધ્યમથી પરમાત્માને હંમેશાં શ્રધ્ધાસહ બિરદાવ્યા છે.

જૈન કાવ્યસાહિત્ય તો પ્રભુ સમર્પિત આવાં રત્નાભૂષણોનાં લાલિત્યમય વર્ણનો અને ઉપમાઓથી અતિ સમૃદ્ધ છે. તેમાંનાં થોડાંક અવતરણો, દ્દષ્ટાંતો અને પ્રસંગોને અહીં પ્રસ્તુત કરવાનો આ નમ્ર પ્રયાસ છે.

સૌ પ્રથમ, જૈન સાહિત્યના અતિ પ્રાચીન અને પવિત્ર ગ્રંથ "કલ્પસૂત્ર"માં જેમનો ઉલ્લેખ થયો છે તેવા થોડાક પ્રસંગો લઇએ.

ચરમતીર્થંકર મહાવીર પ્રભુની માતા ત્રિશાલાદેવીએ જે ૧૪ મહાસ્વપ્નો જોયાં તેમાંના 'હાથી', 'લક્ષ્મી', 'દેવવિમાન' અને 'રત્નારાશિ'

વિષેનાં વર્ણનો નીચે પ્રમાણે છે.

'હાથી' - દેવરાય કુંજર વરખમાણું પિચ્છઇ

સજલ-ઘણ-વિપુલ-જલહર-ગજ્જિયં

(ભાવાર્થ : એ હાથી મેઘ જેવા વિશાલકાય, અસંખ્ય મોતીઓની માળાઓના ઢગલા જેવો, શ્વેત અને ચાંદીના વિશાલ પર્વત જેવો અતિ ઉજ્જવળ હતો)

'લક્ષ્મી': નાના મણિ-કણગ-રયણ-વિમળ-ભૂસણ વિરાઇયં

ગોવંગં, હારવિરાયત કંદમાલ પરિણધ્ધં

(ભાવાર્થ : જેમના શરીરનાં અંગોપાંગ અનેક પ્રકારના મણિઓ, બહુમૂલ્ય રત્નો અને સુવર્ણનાં શ્રેષ્ઠ આભૂષણોથી અલંકૃત હતાં અને જેમની કમર મણિઓ અને સુવર્ણ થકી ઘડવામાં આવેલ કંદોરાથી શોભતી હતી એવાં લક્ષ્મીજી)

'દેવવિમાન': ઉત્તમકંચન મહામણિ સમૂહ પવરેતય અટ્ઠસહસ્સ

દિપ્પત કણગપયર લંબમાણમુતા સમુજ્જલં

(ભાવાર્થ: ઉત્તમ સોનું અને શ્રેષ્ઠ મહારત્નોના સંમિશ્રણથી નિર્માણ કરવામાં આવેલ આઠ હજાર થાંભલાઓ જેમાં વિદ્યમાન હતા અને મોતીઓના ગુચ્છો જેમાં ઠેકઠેકાણે ઝૂલી રહ્યા હતા એવું ભવ્યાતિભવ્ય દેવવિમાન.)

'રત્નરાશિ': પુલગ-વેરિંદનીલ સાસગ કકકેયણ-લોહિય

કખમરત્રય, પવાલ ફલિય નીલ સૌગંધિય

ગગનમંડલંતં પભા સયંતં, તુંગ મેરુગિરિ

સંનિકાસં પિચ્છઇ સા રયણનિકરાસિં

(ભાવાર્થ : જે પોખરાજ, હીરાનીલમ, પાનાં, પરવાળાં, માણેક, સ્ફટિક, ચદ્રમણિ આદિ ઉત્તમ પ્રકારનાં રત્નોનો સમૂહ હતો અને જેના અદ્વિતીય તેજપ્રકાશથી આખુંય ગગનમંડળ આલોકિત થઇ રહ્યું હતું અને તે ઉત્તુંગ મેરુ પર્વત જેવો દીસતો હતો એવા રત્નરાશિનું મહાસ્વપ્ન માતાએ જોયું)

આગળ જતાં કલ્પસૂત્રમાં આલેખાયું છે કે શ્રમણ ભગવાન મહાવીરનો જન્મ થયો તે રાત્રિએ ધનપતિ કુબેરની આજ્ઞાથી પ્રભુના પિતા મહારાજા સિધ્ધાર્થના રાજમહેલમાં ઘણા દેવોએ સોના-ચાંદીથી મઢેલાં અલંકારો અને સુવર્ણમહોરોની સતત વૃષ્ટિ કરી હતી. જંરયણિં ચ સમણે ભગવન મહાવીર જાયે તં રયણિં ચ બહવેદેવા સિધ્ધાત્થરાય ભવણંસિ હિરણ્ણવાસં ચ સુવણ્ણવાસંચ રયણવાસંચ વોસિંસુ

એક કવિએ મહાવીર પ્રભુના જન્મપ્રસંગનું સુંદર વર્ણન નીચેની પંક્તિઓમાં કર્યું છે:-

સોના છરીએ નાળ વધેરિયા રે,

દાઇને કોટિ સોનૈયા દીધા રે,

મહાવીરકુંવર જનમિયા રે,

ઘેર ઘેર મંગલિક ગવાયાં રે

દેવાધિદેવ ઇન્દ્ર નવજાત બાળ પ્રભુ મહાવીરને જન્માભિષેક કરવા માટે રત્નોના ભંડાર સમા મેરુપર્વતના શિખર ઉપર લઇ જાય છે ત્યાર પછીનું ચિત્તાકર્ષક વર્ણન આ પંક્તિઓમાં જોઇએ:-

હંસાસાહત પદ્મરેણુકપીશ ક્ષીરાર્ણવાંભોભૃતૈ:

કુંભૈરપ્સરસાં પયોધરભર, પ્રસ્પર્ધિભિ: કાંચનૈ:

(ભાવાર્થ : રાજહંસોના ઊડવાથી પ્રસરેલી કમળરજ અને તે થકી પીળાં થયેલાં ક્ષીરસાગરના જળથી ભરેલા સુવર્ણકળશો, જાણે અપ્સરાઓના સ્તનો સાથે સ્પર્ધામાં ઊતર્યા હોય, તેમના વડે, જેમનો જન્માભિષેક કરવામાં આવ્યો તે ભગવાન મહાવીર.)

આ પ્રસંગને રૂપચંદ કવિએ આવી રીતે વર્ણવ્યો છે:-

"મણિકનક કિંકણી, વરવિચિત્ર સુઅમર મંડલ સોહયે.

ઘનઘંટચંવર ધૂજાપતાકા દેખિ ત્રિભૂવન સોહયે"

(ભાવાર્થ : મહાવીરના જન્મ સમયે, ઘંટ, ચામર અને ધ્વજા-પતાકા આદિથી મેરુ પર્વતને શણગારવામાં આવ્યો હતો અને તે સમયે એકત્રિત થયેલાં દેવદેવીઓએ ધારણ કરેલાં વિવિધ સુવર્ણ અને રત્નોથી જડેલાં આભૂષણોથી મેરુ પર્વત શોભાયમાન લાગતો હતો.)

દીક્ષાગ્રહણના અવસર પૂર્વે ભગવાન શ્રી મહાવીર પોતાની સકળ સંપત્તિ, જેમાં સોનું-રૂપું, મોતી, શંખ, પ્રવાલ, માણેક ઇત્યાદિ રત્નોનો સમાવેશ થતો હતો, તે સર્વેનો પરિત્યાગ કર્યો અને આ બધી ધનરાશિ સગાં-સંબંધીઓ અને યાચકોને દાનમાં આપી દીધી. કલ્પસૂત્રમાં આનો ઉલ્લેખ આ પ્રમાણે છે. :-

હિરણ્ણં સિચ્ચા સુવણ્ણં સિચ્ચા ધણં સિચ્ચા

વિપુલ ધણ-કણય રયણમણિ, મોત્તિયં સંખ સિલપ્પવાલ સ્તરયણ

એ જ પ્રમાણે, એક સજ્ઝાયમાં આ પ્રસંગનું વર્ણન આવી રીતે કરાયું છે. :-

આલે આલે ત્રિશલાનો કુંવર રાજા સિધ્ધારથનો નંદન

દાન સંવત્સરીએ, એક કોટિ આ લાખ દિન પ્રત્યેયે

કનક, રયણ રૂપા મોતી તો મુઠા ભરી ભરી એ આલે.....

શ્રી સિધ્ધાર્થ રાજાએ એક વર્ષ પર્યંત આવું દાન આપ્યું.

હવે, 'વરકનક' સૂત્રમાં જે પંક્તિઓનો ઉલ્લેખ છે તેનો ભાવાર્થ છે:- ઉત્તમ સુવર્ણ અને મૂલ્યવાન રત્નોથી જડિત અને મેઘ જેવા વર્ણવાળા દેવતાઓથી પૂજિત છતાં મોહમાયાથી રહિત એવા ૧૭૦ તીર્થંકરોને હું વંદન કરું છું.

અન્યત્ર જિન ચૈત્યવંદનની રચનામાં ૧૭૦ તીર્થંકર દેવોના શરીરના રંગોનું વર્ણન આમ લખાયું છે:-

સોળે જિનવર શામળા, રાતા ત્રીસ વખાણું,

લીલા મરકતમણિ આડત્રીસ વખાણું

પીળા કંચન વર્ણસમા, છત્રીસે જિનચંદ,

શંખવરણ સોહામણા પચાસે મુખચંદ્ર

'ચંદ્રકેવલી રાસ'માંની થોડીક પંક્તિઓ હવે આપણે જોઇએ, જેમાં ધનવૈભવની તુલનામાં તપસંયમનો મહિમા અધિકતર છે તેનું સુંદર વર્ણન છે.

કંચનમણિ સોવાણું થંભ, સહસ્સુસિયં સુવણ્ણતલં

જોકારીજજ્ઢ જિણ હરે, તઓવિ, તવ સંજમો અહિવો

મણિઓથી શોભતા હજારો થાંભલાવાળું અને જેના પાયામાં સોનાની ઇંટો ભરવામાં આવે એવા જિનમંદિરનું નિર્માણ કરાવતાં જે પુણ્યફળ મળે તેના કરતાં પણ તપ અને સંયમ આચરનાર વ્યક્તિને

પ્રાપ્ત થતું પુણ્યફળ વધુ મૂલ્યવાન છે.)

આવી જ બોધપ્રદ પંકિતઓ જમ્બુસ્વામી કથાનકમાં આવે છે.:-

તેનૈવોજિઝત ગૌરવેણ યદિ વા ધ્યાનંમૃતં પીયતે ।

પ્રાસાદે કલશસ્તદા મણિમયો, હૈમેસમારોપિત: ॥

(ભાવાર્થ :- જે અહંકારનો ત્યાગ કરીને ધ્યાનરૂપી અમૃતનું ગૌરવપૂર્ણ પાન કરે છે તેની સરખામણી સોનાના મહેલ ઉપર મઢેલા રત્નજડિત કલશ સાથે કરી શકાય)

સાહિત્યમાં તથા દેહશણગારમાં અલંકારો પ્રત્યેનાં આકર્ષણ અને ભાવનિરૂપણની વૃત્તિ મનુષ્યમાં સ્વભાવત: જ હોય છે. કારણ, એવી પ્રવૃત્તિ દ્વારા વ્યકિતમાં આત્મગૌરવની સભાનતા પ્રગટે છે.

પંડિત રામચંદ્ર શુકલ અલંકારોને રમણીયતાના વિધાયક માને છે તથા આચાર્ય કેશવ આભૂષણ અંગે આ પંકિતઓ પ્રસ્તુત કરે છે:-

જદપિ, સુજાતિ, સુલક્ષણી, સુવરન, સ-રસ સુવૃત્ત

ભૂષણ બિનત બિરાજઇ, કવિતા, વનિતા મિત્ત

(અર્થાત્ :- અલંકાર કે આભૂષણના ઉલ્લેખ વિનાના કે વિશેષણ વગરના, કવિતા, સ્ત્રી અને મિત્ર શોભતાં નથી, પછી ભલેને તેઓ ઉચ્ચ કુળના, સારા લક્ષણવાળા, ગૌરવર્ણના અને રસિક કેમ ન હોય?

શ્રી માનતુંગસૂરિ રચિત મહામંગલકારી ભકતામરસ્તોત્રમાં શ્રી. આદિનાથ પ્રભુની સ્તુતિ આ પ્રમાણે છે:-

'સિંહાસને મણિમયૂખ શિખા વિચિત્રે, વિભ્રાજતે તવવપુ: કનકાવદાતમ્.'

(અર્થાત્:- મણિરત્નોની પ્રકાશરેખાઓથી ઝગારા મારતા સિંહાસન ઉપર બિરાજમાન સુવર્ણસમું તેજસ્વી આપનું શરીર શોભી રહ્યું છે.)

ત્યાર પછી :- 'મુકતાફલ પ્રકરજાલ વિવૃધ્ધિશોભં, પ્રખ્યાપયત્રિજગત: પરમેશ્વરત્વંમ્'.

(અર્થાત્ :- મોતીઓના સમૂહની રચના વડે જેમની તેજસ્વિતામાં વિશેષ વધારો થયો છે એવું તથા આપ ત્રણે લોકના પરમેશ્વર છો એના પ્રતીકરૂપે આપનું છત્રત્રય વિશેષ કરીને શોભાયમાન દેખાય છે) મહાન આચાર્ય શ્રી. સિધ્ધસેન દિવાકર રચિત 'કલ્યાણમંદિર' સ્તોત્રમાં આલેખાએલી પંકિતઓ આ મુજબ છે:-

"માણિકય, હેમ, રજત પ્રવિનિર્મિતેન સાલત્રયેણ ભગવન્નલિતો વિભાસી"

(અર્થાત્ :- હે પ્રભુ! માણેક, સોનું અને રૂપું એ ત્રણના સંયોજનથી નિર્માણ થયેલા અથવા બીજા અર્થમાં કાંતિ, પ્રતાપ અને યશ એવા ત્રણ અતિશયોના સમૂહ વડે આપ વિશેષરૂપે શોભી રહ્યા છો.)

અન્યત્ર, "બૃહત્ શાંતિ" સ્તોત્રમાં, તીર્થંકર પ્રભુના સ્નાત્ર મહોત્સવ પ્રસંગે, એમના ઉપર રત્નોની અને પુષ્પોની વૃષ્ટિ કરવામાં આવે છે અને મંગળ ગીતો ગાવામાં આવે છે તેનું સુરેખ વર્ણન આ પ્રમાણે છે:-

"નૃત્યંતિ નૃત્યં મણિ પુષ્પવર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ".

હવે આપણે 'સુપ્રભાત સ્તોત્ર'માંની થોડીક પંકિતઓનો આસ્વાદ માણીએ :

"શ્રી મન્નતામર કિરીટમણિ પ્રભાભિરાલીઢ, પાદયુગ્મ દુર્ધર કર્મદૂર"

(અર્થાત્ :- રત્નાદિ મણિઓના તેજથી દેદીપ્યમાન જેમનો મુગટ છે એવા દેવાધિદેવ ઇન્દ્ર, અતિ વિકટ કર્મોનો ક્ષય કરનાર એવા આપના પવિત્ર ચરણોમાં પોતાનું મસ્તક નમાવે છે) વળી,

"પદ્મ પ્રભારૂપમણિદ્યુતિ ભાસુરાંગ. ત્વદ્ધ્યાન તોઽસ્તુ સતતં મમ,

ચન્દ્રપ્રભ! સ્ફટિક-પાણ્ડુર-પુષ્પદંત ત્વદ્ધ્યાનતોઽસ્તુ સતતં મમ.

(અર્થાત્ :- કમળના પુષ્પ જેવું સુંદર તથા માણેકના રંગ જેવું શોભાયમાન જેમનું અંગ છે તેવા હે પ્રભુ! તમે મારા ધ્યાનમાં સદા બિરાજો. ચંદ્ર જેવી તેજસ્વી અને સ્ફટિક મણિ સમાન ઉજજવલ છે દંતાવલિ જેમની એવા હે ચંદ્રનાથ ભગવાન !- તમે મારા ચિતમાં આવીને સદા માટે વસો".)

તેવી જ રીતે શ્રી સકલચંદ્રયતિ રચિત દષ્ટાષ્ટક સ્તોત્રમાં જેમની રચના થઇ છે તે પંકિતઓનું વર્ણન આ પ્રમાણે છે:

"સન્મંગલૈ સતતમણ્ય શત-પ્રભૈ: વિભ્રાજિતં વિમલમૌકિતકદામ શોભમ્

દષ્ટં મયાદ્ય મણિકાંચન-ચિત્ર-તુંગસિંહા સનાદિ જિનબિંબ વિભૂતિ યુકતમ્

(ભાવાર્થ:- અતિ મંગળકારી એવા એકસો આઠ પ્રકારના મોતીઓના તેજપ્રકાશથી શોભાયમાન અને મૂલ્યવાન રત્નો તથા સુવર્ણથી વિશેષ રીતે ઘડાએલું એવું શ્રી જિનેન્દ્રપ્રભુનું ઉચ્ચ આસન મેં આજે જોયું)

આમ, ઉપર દર્શાવેલ વિવિધ કાવ્યંપકિતઓ ઉપરાંત પણ અનેકાનેક સંસ્કૃત ભાષાની રચનાઓ જૈન સાહિત્યમાં વિદ્યમાન છે જે નિ:શંકપણે સિધ્ધ કરે છે કે જૈન વાંડમયમાં સંસ્કૃત ભાષાનું કેવું આગવું અને મહત્ત્વનું પ્રદાન છે.

હવે આપણે જૈન કાવ્યસાહિત્યમાં અર્ધમાગધી અને પ્રાકૃત ભાષાના થોડાક ઉલ્લેખો અને અવતરણો જોઇએ:-

અજિત-શાંતિ .સ્તોત્રમાં શ્રીશાંતિનાથ પ્રભુના દેહનું મનોહર વર્ણન આ પ્રમાણે છે :

"ઉત્તમ કંચન રમણ પરુવિય ભાસુર ભૂસણ ભાસુરિઅંગા" (અર્થાત્:- શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નોથી વિશેષરૂપે ઘડવામાં આવેલાં આભૂષણોથી એમનાં અંગો તેજસ્વી લાગતાં હતાં.) આગળ જતાં આ સ્તોત્રમાં નીચેની પંકિતઓ આવે છે:

મણિ કંચન પસિઢિલ મેહલ, સોહિઅસોણિતડાહિવ

વરખિંખિણીને ઉરસતિલયવલય વિભુસણિઆહિં ।

(અર્થાત્: રત્નો અને સોના થકી ઘડાએલ ઝૂલતા કંદોરાને લીધે જેમનો કટિપ્રદેશ (કમર) શોભાયમાન છે તથા ઉત્તમ પ્રકારની ઘૂઘરીઓ, ઝાંઝર, વળી સુંદર તિલક અને હાથકંકણો વડે વિશેષ શોભિત છે, જેમનો દેહ એવી દેવાંગનાઓએ અજિતનાથ પ્રભુના ચરણોમાં વંદન કર્યાં છે)

ભગવાન શ્રી ઋષભદેવ સમવસરણમાં બિરાજેલા છે તે દૃશ્યનું કેવું સુંદર વર્ણન છે :

પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન સાજ રે,

બીજો કનકનો કોટ છે, કાંગરા રત્નસમા, જ રે,

ત્રીજો રત્નનો કોટ છે, કાંગરા મણિમય જાણો રે

તેમાં મધ્ય સિંહાસને, બેઠા ઋષભ ભગવાન રે.

એક અન્ય કવિએ શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિ આ પ્રમાણે કરી

છે:-

કળશને સોનાની દાંડી ને રૂપાનો પરઘળો રે,
કળશે ઝાઝા હીરે જડિયા ને મોતી પરોવિયા રે,
કળશ છે નવનિધાનનો, તેમાં ચૌદ રત્નો જડિયાં રે,
કળશને ગંગાજળે ભરિયો રે, તે આદિનાથ શિર ઢાળ્યો રે.

શ્રી ચંદ્રપ્રભુના કેવળજ્ઞાનના ઉત્સવ પ્રસંગની પંક્તિઓ આ રહી:-

"કંચન કમળદળ ઉપરે, બેઠા શ્રી મુનિરાય
સુવર્ણ સિંહાસન પણ કરે, જિહાં વિચરે તિણ ઠામ"

અર્થાત્: કેવળી પ્રભુ જ્યાં જ્યાં વિચરતા, ત્યાં ત્યાં દેવતાઓ કમળના પુષ્પ જેવા આકારનાં સુવર્ણ સિંહાસનો એમને માટે રચતા.

શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ આ પ્રમાણે કરવામાં આવી છે:

"નીલવર્ણ તનુ સોહે કાયા
શ્રી વિજય સેન સૂરિવર રાયા
પાસ જિનેશ્વર ગાયા"

શ્રી મહાવીર પ્રભુનું હાલરડું આમ ગવાય છે:-

સોના રૂપા ને વળી રત્ને જડિયું પારણું,
રેશમ દોરી, ઘૂઘરા વાગે છૂમ છૂમ રીત,
હાલો હાલો હાલો રે
મહાવીર પ્રભુના ઝુલાવીએ પારણાં હોજી...

અન્ય સ્થળે શ્રી મહાવીર ભગવાનના પારણાનું વર્ણન સૂચક અને સુંદર રીતે આમ કરાયું છે:-

સોના તે કેરું એમનું પારણું રે
રૂપાની નાંખી ચકકર દોર,
શેત્રુંજે બાંધ્યાં વીરનાં પારણાં રે,
ગિરનારે નાંખી ચકકર દોર - કંચન તે કેરો એમનો ઘૂઘરો રે

અને, આગળ જતાં:-

"સોનાની સળીએ ખેતર ખેડયાં રાણાદેવ"
"દીધાં બ્રાહ્મીને રત્ન કંબલના ચીર રે"
- કંચન તે કેરો એમનો ઘૂઘરો રે

હવે આપણે, રત્નાદિક આભૂષણો અંગેના થોડાક પ્રસંગો અને ઉલ્લેખો ગદ્ય સાહિત્યમાં જોઈએ.

❑ અરિસાભવનમાં રાજા ભરત ચક્રવર્તી, અરિસા સામે બેસીને, નિત્ય નિયમ મુજબ, પોતાના દેહનું નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યારે એક દિવસ, અચાનક એમને પોતાની એક આંગળીમાંની એક રત્નજડિત વીંટી ઓછી દેખાઈ. પરિણામે, તેઓ ચિંતને ચઢી ગયા. રાગ-વૈરાગનું મનમાં યુદ્ધ જામ્યું. અંતે વૈરાગ્ય ભાવના પ્રબળ બની. તત્કાળ, દેહ પર ધારણ કરેલાં સર્વે આભૂષણોને તેઓ ઉતારતા ગયા અને ત્યાગ કરતા ગયા. આવું સમ્યક્ જ્ઞાન થતાં તે જ ઘડીએ ત્યાં તેઓ કેવળજ્ઞાનને પામ્યા. આસકિતમાંથી ત્યાગના રૂપાંતરનું કેવું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત!

❑ અષ્ટાપદ પર્વત ઉપર જયારે શ્રી ઋષભ ભગવાનનું નિર્વાણ થયું ત્યારે તેમના રાજવીપુત્ર ભરત ચક્રવર્તીએ "આગામી ચોવીસ તીર્થંકરો"ની બહુમૂલ્ય રત્નોથી મઢાવેલી મૂર્તિઓની સ્થાપના કરી હતી.

❑ પ્રખર વિદ્વાન મુનિ શ્રી હરિભદ્રસૂરિજી રાત્રિ દરમિયાન પણ પોતાનાં અધ્યયન, લેખન અને સર્જનકાર્ય અવિરતપણે ચાલુ રાખી શકે એ ઉદ્દેશથી પ્રેરાઈને લલ્લિગ નામના એક ભાવિક શ્રાવકે દીવાઓની ગરજ સારે અને પર્યાપ્ત પ્રકાશ ફેલાય એવાં અતિ તેજસ્વી અને બહુમૂલ્ય મહારત્નો લાવીને ઉપાશ્રયમાં થોડે થોડે અંતરે ગોઠવી દીધાં જેથી આખું ઉપાશ્રય પ્રકાશિત થઈ ગયું.

❑ મહામુનિ શ્રી રત્નાકરસૂરિજી જેઓ સંસારી અવસ્થામાં મોટા નામાંકિત ઝવેરી હતા તેમણે દીક્ષા અંગીકાર કરતી વખતે, મોહવશ થઈને, પોતાનાં રત્નોના ખજાનામાંથી અતિ મૂલ્યવાન એવાં પાંચ મહારત્નોને ગુપ્ત રીતે પોતાની પાસે સંતાડીને રાખી લીધાં અને સ્થાપનાજીમાં ગોપવી દીધાં સમય જતાં, એક જાણકાર શ્રાવકે કરેલ ટકોરને કારણે એમણે આખરે એ રત્નોનો ત્યાગ કર્યો.

❑ દક્ષિણ હિંદના "મૂળબિદ્રી તીર્થ" અને જેસલમેરના પ્રાચીન તીર્થનાં ભોંયરાઓમાં આજે પણ વિવિધ રત્નોની બહુમૂલ્ય નાની મોટી તીર્થંકર ભગવંતોની પ્રાચીન પ્રતિમાઓ સંઘરાએલી છે; જે યાત્રાળુઓને બતાવવામાં આવે છે.

❑ વળી, નવકાર મંત્ર જપવા માટેની ૧૦૮ મણકાવાળી માળાઓ, સોના- રૂપાના મણકાની તેમ જ ખરાં પાનાં, માણેક, મોતી, પરવાળાં, સ્ફટિક તથા અન્ય રત્નોની મણિઓની પરોવેલી માળાઓ પહેલાં હતી અને આજે પણ પ્રચલિત છે અને ઉપલબ્ધ છે.

શ્રી સીમંધરસ્વામીની સ્તુતિ આ પંક્તિઓ દ્વારા વાંચવા મળે છે:-

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી, સોનાનું સિંહાસનજી,
રૂપાના ત્યાં છત્ર વિરાજે, રત્નમણિના દીવા દીપેજી,
કુંમકુંમવરણી ત્યાં ગહુલી બિરાજે, મોતીના અક્ષત સારાજી,
ત્યાં બેઠા સીમંધરસ્વામી બોલે મધુરી વાણીજી.

શ્રી સમયસુંદરજીએ પણ સીમંધરસ્વામીજી માટે આ પંક્તિઓ રચી છે:

સમવસરણ દેવે રચ્યું તિહાં
ચોસઠ ઈન્દ્રનરેશ
સોનાતણે સિંહાસન બેઠા
ચામર છત્ર ધરેશ
ઈન્દ્રાણી કાઢે ગહુલીજી
મોતીના ચોક પૂરેશ...

શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રાએ જતાં ભકતજનો દ્વારા અહોભાવ વ્યકત થાય છે:-

આંખડીએ રે મેં આજ શત્રુંજય દીઠો રે
સવાલાખ ટકાનો દહાડો રે
લાગે મુજને મીઠો રે
સોના - રૂપાને ફૂલડે વધાવી
પ્રેમ દક્ષિણા દીજે રે
મેં આજ શત્રુંજય દીઠો રે

"પ્રભાત મંજરી" પુસ્તકમાં પદ્માવતી દેવીની સ્તુતિ નીચે મુજબ આલેખાઈ છે:-

કટિમેખલા કરણી, હરિકટિ હરણી
ઝાંઝર ચરણી હંસપદી
ગલોન્નત ઉજ્જવલ, કરણે કુંડલ
જિન રવી મંડલ કમલાક્ષિ

કેવું સુંદર વર્ણન છે ઉપર મુજબનું. અને આગળ જતાં પદ્માવતી માતાના પૂજનનું ગીત પણ આમ રચાયુ છે:-

બાંહે બાજુબંધ બેરખા સોહે.
નાકે નથડી અને હૈયે હીરાનો હાર રે
કાંબી ને કડલાની શોભા છે ન્યારી
મીઠો લાગે ઝાંઝરનો ઝણકાર રે

આ પ્રમાણે ઉપર આલેખાયેલાં લગભગ બધાં જ અવતરણો અને વર્ણનોના રત્નો, ઝવેરાત અને સોનારૂપાથી મંડિત આભૂષણો અને અલંકારોનાં નિર્દેશો અને ઉદાહરણો વારંવાર આવે છે તો એ રત્નો વિષે સંક્ષિપ્ત માહિતી આપવી યોગ્ય થઇ પડશે.

રત્નો નવ છે જેને નવરત્ન પણ કહેવામાં આવે છે. જેમ કે:-

હીરો, માણેક, પાનું, મોતી, નીલમ, (શની)પરવાળું, પોખરાજ, ગોમેદ અને લસણિયું. આમાંના પહેલાં પાંચને 'મહારત્ન' કહેવામાં આવે છે.

ઉપરત્નો ૭૫ છે જેમ કે:- ચંદ્રમણિ, વૈડુર્યમણિ, સ્ફટિક, પારસમણિ ઇ. ઇ. આમ કુલ ૮૪ રત્નોનો ઉલ્લેખ થતો હોય છે.

આમાંનાં મોતી અને પરવાળાં (પ્રવાળ કે મંગળ) આ બે રત્નો સમુદ્રમાંથી પ્રાપ્ત થાય છે જે 'જલજ' કહેવાય છે. જયારે બાકીનાં બધાં જ રત્નો ને ઉપરત્નો જમીન-ખાણોમાંથી ઉપલબ્ધ થાય છે જે 'ખનીજ' કહેવાય છે. આના અનુસંધાનમાં નીચેની પંક્તિઓ કેવી ઉપયુકત છે:-

"મુકતા, પ્રવાળ રત્નદ્રય, પ્રગટયા સાગર પેટે
જનમ્યા શેષ સૂત સપ્ત, મા વસુંધરા કૂખે,
રત્ન સાતની મૈત્રી, વાર સાત તણે સંગે
રત્ન બે શેષ વાર વિહીન, પ્રભવેનિજ અંગે"

ઉપર જણાવેલાં નવરત્નોનો સંબંધ જયોતિષ શાસ્ત્રમાં વર્ણવેલ નવ ગ્રહો સાથે છે તેમ જ આમાંના સાત ગ્રહોનો સંબંધ સાત વાર સાથે છે જેમ કે:-

| વાર | રત્નનું નામ |
|---|---|
| રવિ | - માણેક |
| સોમ | - મોતી |
| મંગળ | - પ્રવાળ |
| બુધ | - પાનું |
| ગુરૂ | - પોખરાજ |
| શુક્ર | - હીરો |
| શનિ | - નીલમ-શનિ |

"રત્નદેવો ભવ" રત્નોને દેવાની ઉપમા આપવામાં આવી છે એમાં ભારોભાર ઔચિત્ય છે.

☐ કૂડા, કચરા, તણખલાં, ડાળખીઓ આદિ અતિ સામાન્યં અને તુચ્છ વસ્તુઓનું ધરતી માતાના પેટાળમાં, હજારો-લાખો વર્ષો સુધી પડયાં રહેતાં, અને ભારેમાં ભારે ઉષ્ણતામાન તથા દબાણ સહન કરતાં કરતાં આખરે કુદરતી રાસાયણિક પ્રક્રિયા દ્વારા તેમનું ક્રમશ: રત્નોમાં પરિવર્તન થાય છે. આ એક રોમાંચક પણ સત્ય હકીકત છે. આવી પ્રક્રિયા અનાદિ કાળથી ચાલતી આવી છે. પરિણામે માનવજાતને બહુમૂલ્ય એવાં રત્નો ને ઉપરત્નો સાંપડયાં છે. એટલે જ રત્નોને દુર્લભ, શુભ અને લાભપ્રદ ગણવામાં આવે છે. સોનું અને ચાંદી પણ (તથા અન્ય મોંઘી ધાતુઓ) આવાં જ રૂપાંતરિત ખનીજ પદાર્થો છે. આવાં રત્નો અને કિંમતી ધાતુઓ જમીનમાં બધે જ અથવા દરેક ખાણમાંથી કંઇ પ્રાપ્ત થતાં નથી એટલે જ કહેવાયું છે કે "શૈલે શૈલે ન માણિકયમ્".

આમ, સમગ્રપણે જોતાં રત્નો જેવી દુર્લભ, પવિત્ર અને શોભાયમાન વસ્તુઓ જમીનમાં અદ્વિતીય અને અજોડ છે એટલે જ તીર્થંકરો અને ભગવંતોની ઉપમાઓ અને વર્ણનોના માધ્યમ તરીકે મહદંશે, રત્નો અને આભૂષણોનો જ ઉપયોગ કરવામાં આવ્યો અને એમને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા એ સર્વથા યોગ્ય અને આવકાર્ય છે; કારણ ઉત્તમ વસ્તુઓની ઉપમા પણ ઉત્તમ સાથે જ થાય. એમાં ઔચિત્ય છે. તદ્દુપરાંત, તીર્થંકર દેવોના શરીરના જુદા જુદા વર્ણ (રંગ) ને કયા કયા રત્નો સાથે સરખાવવામાં આવ્યા છે તે પણ આપણે જોઇએ:-

ગૌર અને શ્વેત રંગ માટે, હીરા, સ્ફટિક, ચાંદી અને શંખ
ગુલાબી રંગ માટે પરવાળાં
લાલ અથવા રકિતમ રંગ માટે માણેક, રકતમણિ
લીલા રંગ માટે પાનું,
નીલા અથવા ભૂરા રંગ માટે નીલમ શનિ, વૈદુર્યમણિ ઇ. ઇ.

અંતમાં, જૈન કાવ્યસાહિત્ય તો એક અગાધ અને અસીમ મહાસાગર છે. તેમાંથી યથામતિ અને યથાશકિત જે થોડુંક આચમન કરી શકયો અને જે ઉપલબ્ધ થયું તેનું સંકલન કરીને અત્રે રજૂ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. ઉપર વર્ણવેલા મૂળ શ્લોકો, ગાથાઓ પંકિતઓ વગેરે અર્થઘટન અને ભાષાંતર કરવામાં મારા સીમિત જ્ઞાનને કારણે, કવચિત ક્ષતિઓ કે ભૂલો થઇ હોય તો એ માટે હું ક્ષમા પાર્થું છું. ☐☐

## સાભાર - સ્વીકાર

☐ **શ્રી કલ્પસૂત્ર કથાસાર.** સંપા. સુનંદાબહેન વોહોરા ※ પુષ્ઠ : ૧૭૬. મુલ્ય રૂા. ૧૨. પ્રકાશક: સુનંદાબહેન વોહોરા. ૫, મહાવીર સોસાયટી, અમદાવાદ- ૭. ☐ **બબલભાઈની ડાયરી.** ક્રા. સોળ પેજી. મુલ્ય રૂા. ૧૬ ☐ **બબલદાસના પત્રો:** ક્રા. સોળ પેજી. મૂલ્ય રૂા. ૬. ※ બંનેના સંપાદક : મગનભાઈ જો. પટેલ. ※ બંનેના પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા-૧. ☐ **આનંદઘન જીવન અને કવન:** લે. ડૉ. કુમારપાળ દેસાઈ ※ ડેમી સાઈઝ ※ પુષ્ઠ ૧૫૮ ※ મૂલ્ય રૂા. ૩૦. ※ પ્રકા. જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩-બી ચન્દ્રનગર સોસાયટી, આનંદનગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૭.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તેની ૬૧માં વર્ષની યાત્રા પૂર્ણ કરે છે ત્યારે વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ છે, એટલે અહીં એ પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં સળંગ અહેવાલ આપીએ છીએ.

વહીવટ અને આર્થિક દૃષ્ટિએ આ અહેવાલ તા.૧-૪-૧૯૮૯ થી તા. ૩૧-૩-૧૯૯૦ સુધીનો છે. અને કાર્યવાહીની દૃષ્ટિએ ગત્ વર્ષ દરમિયાન વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૯-૧૯૮૯ના રોજ મળી હતી ત્યારથી તા. ૧-૧૦-૧૯૯૦ના રોજ વાર્ષિક સામાન્ય સભાએ અહેવાલ મંજૂર કર્યો ત્યાર સુધીનો છે.

❒ **સંઘના સભ્યો** : સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે: પેટ્રન,-૧૭૮, આજીવન સભ્ય - ૨૧૪૬, સામાન્ય સભ્ય ૪૩ અને 'પ્રબુધ્ધ જીવન'ના ગ્રાહકો-૧૭૫

❒ **'પ્રબુદ્ધ જીવન'**: છેલ્લાં પચાસ વર્ષથી જાહેખબર વિના પ્રગટ થતા સંઘના મુખપત્ર 'પ્રબુધ્ધ જીવન' પાક્ષિકને આર્થિક મર્યાદાના કારણે તા. ૧-૧-૧૯૯૦થી માસિક બનાવવામાં આવ્યું છે. આ સામયિકને નિયમિતપણે પ્રગટ કરવા અમે સતત પ્રયત્નશીલ છીએ. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો અમને સારો સહકાર સાંપડતો રહ્યો છે જે માટે અમે તેમના આભારી છીએ. 'પ્રબુધ્ધ જીવન'ના તંત્રી તરીકે સંઘના પ્રમુખ **ડૉ. રમણલાલ ચી. શાહ**, માનદ્ સેવા આપી રહ્યા છે. તંત્રીશ્રીના તેમ જ 'પ્રબુધ્ધ જીવન'ના મુદ્રણકાર્ય માટે મે. ટ્રેન્ડ પ્રિન્ટર્સ અને તેના સંચાલક શ્રી કાકુભાઇના અમે આભારી છીએ.

❒ **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય:** પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૧૨૨૨૯/૧૫ નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. વર્ષ આખરે ૧૩૬૫૦ પુસ્તકો છે. પુસ્તકાલયની આ પ્રવૃત્તિ માટે પુસ્તાકાલય સમિતિના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહના અમે આભારી છીએ.

❒ **પર્યુષણ વ્યાખ્યાનમાળા:** સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૨૮મી ઑગસ્ટ ૧૯૮૯થી મંગળવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ ખાતે યોજવામાં આવી હતી. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી.** શાહ શોભાવ્યું હતું. ગત્ વર્ષની માફક આ વર્ષે પણ ક્લોઝ સરકીટ ટી. વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે :

☆ પૂ. સાધ્વીશ્રી નગીનાજી .... કર્મવાદ મનોવિજ્ઞાનકે પરિપ્રેક્ષ્યમેં
☆ શ્રી શશિકાન્ત મહેતા .... કરેમિભંતેનું વિજ્ઞાન
☆ પ્રા. તારાબહેન ૨. શાહ .... ત્રિશલા માતાનાં સ્વપ્ન
☆ શ્રી અશ્વિન કાપડિયા .... સાવિત્રી-નવા યુગનું વરદાન
☆ પૂ. સ્વામી બ્રહ્મેશાનંદજી .... માનવકા વાસ્તવિક સ્વરૂપ
☆ ડૉ. સુમન શાહ .... સાહિત્ય, સમાજ અને સમૂહ માધ્યમો
☆ ડૉ. મોતીભાઇ પટેલ .... મનુષ્યનાં ત્રણ કર્તવ્ય: વાંચવું, વિચારવું અને વિકસવું
☆ ડૉ. રમણલાલ જોશી .... શ્રી અરવિંદનું જીવન દર્શન
☆ ડૉ. નરેન્દ્ર ભાણાવત .... તનાવ મુક્તિકા સાધન-પ્રતિક્રમણ
☆ શ્રી નાગજીભાઇ દેસાંઇ .... કરુણાનું વાવેતર
☆ ડૉ. રમણલાલ ચી. શાહ .... મિથ્યાત્વનું સ્વરૂપ
☆ ડૉ. સુષમા સિંઘવી .... સામાયિક ઔર સ્વાધ્યાય
☆ શ્રી જયેન્દ્ર ત્રિવેદી .... ભગવાન બુધ્ધ
☆ પૂ. સાધ્વી શ્રી જયંતપ્રભાશ્રીજી .... મોક્ષનું પાથય
☆ ડૉ. સાગરમલ જૈન .... સ્વહિત ઔર લોકહિત
☆ ડૉ.. ગુણવંત શાહ .. ચાલો જીવવાનું કાવતરું રચીએ
☆ ડૉ. રમણલાલ ચી. શાહ .... ભકતામર સ્તોત્રનું રહસ્ય

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિસંગીતનો કાર્યક્રમ શ્રીમતી બેરોઝ ચેટરજી, શ્રીમતી રેખા પરીખ શ્રીમતી શીલા શેઠિયા, શ્રીમતી શૈલજા ચેતન શાહ, શ્રી વિક્રમ નિઝામા શ્રીમતી હંસા બદરીનાથ, શ્રીમતી શોભા સંઘવી, શ્રીમતી ચંદ્રા કોઠારી અને શ્રીમતી શારદા ઠક્કરે આપ્યો હતો. અમે શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના, સર્વ વ્યાખ્યાતાઓના, સંગીતકારો તથા સહકાર આપનાર સર્વના આભારી છીએ.

❒ **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા:** સંઘના ઉપક્રમે ઉપરોક્ત વ્યાખ્યાનમાળા તા. ૧૬મી એપ્રિલ, ૧૯૯૦મી તા. ૧૮મી એપ્રિલ, ૧૯૯૦ સુધી એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના ૬-૧૫ વાગે યોજાઇ હતી. 'Post Election Scenario' એ વિષય પર અનુક્રમે શ્રી બાબુભાઇ પટેલ, ડૉ. મુરલી મનોહર જોશી અને શ્રી જયપાલ રેડ્ડીનાં વ્યાખ્યાનો થયાં હતા. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલાએ લીધું હતું. આ માટે અમે તેમના અને વ્યાખ્યાતાઓના આભારી છીએ.

❒ **વિદ્યાસત્ર** : સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર તા. ૨૪મી માર્ચ, ૧૯૯૦ના રોજ ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટી રૂમમાં યોજાયું હતું. શ્રી હરીન્દ્ર દવેએ 'ગઝલનું સ્વરૂપ' અને 'કેટલીક કવિતાનો આસ્વાદ' એ બે વિષયો પર બે વ્યાખ્યાનો આપ્યા હતા. વ્યાખ્યાતા શ્રી હરીન્દ્રભાઈના અને કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન ર. શાહના અમે આભારી છીએ.

❒ **પ્રેમળ જ્યોતિ** : સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ' દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કૂલ ફી, યુનિફોર્મ વગેરેની સહાય આપવાની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન સારી રીતે ચાલી રહી છે. સંયોજકો તરીકે શ્રીમતી નિરુબહેન શાહ અને શ્રીમતી કમલબહેન પીસપાટી પ્રશસ્ય સેવા આપે છે. આ માટે અમે તેમના અને અન્ય કાર્યકર બહેનોના આભારી છીએ.

❒ **વિલેપાર્લાની પ્રેમળ જ્યોતિ શાખા** : આ શાખાની બહેનો દર ગુરુવારે વિલેપાર્લાની નાણાવટી હોસ્પિટલના દર્દીઓને આર્થિક સહાય આપે છે. આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી સ્મિતાબહેન કામદાર, શ્રીમતી સુલીબહેન હિરાણી વગેરે બહેનો સેવા આપે છે, તેની સાભાર નોંધ લઈએ છીએ. વિલેપાર્લાની આ પ્રવૃત્તિને શ્રીમતી પુષ્પાબહેન મોરજરિયા તરફથી જે ઉષ્માભર્યો આર્થિક સહયોગ મળે છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

❒ **અસ્થિ સારવાર કેન્દ્ર** : સંઘના કાર્યાલયમાં તા.

૩૧-૭-૧૯૮૩થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંના દરદોના નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા દર રવિવારે નિયમિતપણે સવારે ૯-૦૦ થી ૧-૩૦ દરમિયાન હાડકાંના દર્દીઓને સારવાર આપે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ દર રવિવારે અચૂક હાજરી આપી રહ્યા છે. એમના, ડૉ. પીઠાવાલાના તેમ જ તેમના સાથી કાર્યકરોના અમે ઋણી છીએ.

❑ **અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર :** આ કેન્દ્રમાં દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ ડૉ. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. આ કેન્દ્રના સંયોજકો તરીકે શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ અને શ્રીમતી પૂર્ણલેખાબહેન દોશી સેવા આપે છે. તેઓ સૌનો અમે આભાર માનીએ છીએ. અંધેરી ખાતે આ પ્રવૃત્તિ માટે શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘ તરફથી તેમની જગ્યાનો ઉપયોગ કરવા દેવામાં આવે છે તે માટે અમે તેમના આભારી છીએ.

❑ **ક્રાંતિવીરોની તસ્વીરોનું પ્રદર્શન :** સંઘના ઉપક્રમે સોમવાર, તા.૧૪મી ઓગસ્ટ, ૧૯૮૯ના રોજ સાંજના ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાંતિવીરોની તસ્વીરોનું (જરા યાદ કરો કુરબાની) પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલાએ સંભાળ્યું હતું.

❑ **એક્યુપ્રેશર તાલીમ વર્ગ :** સંઘના ઉપક્રમે એક્યુપ્રેશર પધ્ધતિ દ્વારા સારવાર માટેના તાલીમવર્ગ તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ શરૂ થયા હતા. બાર સપ્તાહ સુધી દર સોમવારે ચાલેલ આ વર્ગના અધ્યાપક તરીકે શ્રી જગમોહન દાસાણીએ માનદ સેવા આપી હતી. અમે તેમના આભારી છીએ.

❑ **આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી :** સંઘના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈના આર્થિક સહયોગથી આ વ્યાખ્યાનશ્રેણીનું સોમવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ બિરલા ક્રીડા કેન્દ્રમાં આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. રમણલાલ ચી. શાહે, 'ગુજરાત ઉપર પંજાબના સાધુઓનો પ્રભાવ' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાતા ડૉ. રમણભાઈના તથા કાર્યક્રમના સંયોજક શ્રી શૈલેશ કોઠારીના અમે આભારી છીએ.

❑ **નેત્રયજ્ઞ :** (૧) સંઘના આર્થિક સહયોગથી કડોદ-હરિપુરા વેલફેર સોસાયટીના ઉપક્રમે કડોદ (તા. બારડોલી, જિ. સુરત) મુકામે શ્રી દામોદરદાસ ગાંધી હૉસ્પિટલ દ્વારા રવિવાર, તા. ૧૫-૧૦-૮૯ ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૨)સંઘના આર્થિક સહયોગથી સર્વોદય આશ્રમ અને વિશ્વવત્સલ્ય ઔષધાલય-ગુંદીના ઉપક્રમે વિરમગામ તાલુકાના બાન્ટાઈ ગામે રવિવાર, તા. ૧૦-૧૨-૮૯ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૩) સંઘના આર્થિક સહયોગથી શ્રી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના ઉપક્રમે મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચિંચણમાં મંગળવાર, તા. ૨૭ મી માર્ચ, ૧૯૯૦ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘની સમિતિના કેટલાક સભ્યોએ ઉપસ્થિત રહી સંઘ દ્વારા ચાલતી આ પ્રવૃત્તિ નજરે નિહાળી હતી.

❑ **ભકિત સંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે બહેનો માટેના ભકિત સંગીતના વર્ગો તા. ૧૯મી જુલાઈ, ૧૯૮૯માં અને તા. ૨૨મી નવેમ્બર, ૧૯૮૯માં સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા હતા. શ્રી શ્યામ ગોગટેએ આ તાલીમ વર્ગના અધ્યાપક તરીકે અને શ્રી ઉષાબહેન મહેતાએ આ વર્ગના સંયોજક તરીકે સેવાઓ આપી હતી. તેઓ બંનેના અમે આભારી છીએ.

❑ **વાર્તાલાપો :**

Electoral Reforms : સંઘના ઉપક્રમે શનિવાર તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટિરૂમમાં Electoral Reforms એ વિષય પરનો એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. તેમાં ફાઈનન્સિયલ એક્સપ્રેસના તંત્રી શ્રી સ્વામીનાથન અંકલેશ્વયા ઐયર અને સુપ્રીમ કોર્ટના જાણીતા વકીલ શ્રી અનિલ દિવાને વ્યાખ્યાનો આપ્યાં હતાં.

❑ **રાજકીય અને આર્થિક પરિસ્થિતિ :** સંઘના ઉપક્રમે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના વાર્તાલાપનો એક કાર્યક્રમ શનિવાર, તા. ૨૧/૮/૮૯ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. શ્રી બાબુભાઈએ 'સામ્પ્રત રાજકીય અને આર્થિક પ્રવાહો' એ વિષય પર પ્રવચન આપ્યું હતું.

❑ **પલટાયેલી પરિસ્થિતિ :** સંઘના ઉપક્રમે તા. ૭/૧૨/૮૯ના રોજ ઈન્ડિયન મરચચન્ટસ્ ચેમ્બરના કમિટી રૂમમાં 'પલટાયેલી પરિસ્થિતિ' એ વિષય પર શ્રી હરીન્દ્ર દવે અને પ્રા. નગીનદાસ સંઘવીએ પ્રવચનો આપ્યાં હતાં. અમે વ્યાખ્યાતાના અને કાર્યક્રમના પ્રમુખ શ્રી અમર જરીવાલાના આભારી છીએ.

❑ **આર્થિક મોરચે પડકારો :** સંઘના ઉપક્રમે તા. ૯મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ સાંજના ૬-૦૦ વાગે ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટી રૂમમાં ઉપરના વિષય પર ડૉ. જે. સી. સાંડેસરા અને ડૉ. રામુ પંડિતે પ્રવચનો આપ્યાં હતાં. કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના અને વ્યાખ્યાતાઓના અમે આભારી છીએ.

❑ **મુનિ સેવા આશ્રમની મુલાકાત :** સંઘ દ્વારા ગત પર્યુષણ પર્વ દરમિયાન વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે ચાલતા મુનિ સેવા આશ્રમને સહાય કરવા માટે સંઘ દ્વારા અપીલ કરવામાં આવી હતી જેના પ્રતિભાવરૂપે પાંચ લાખ રૂપિયા જેટલી રકમ નોંધાઈ હતી. સંઘની પરંપરા અનુસાર દાતાઓ અને સમિતિના સભ્યો આ સંસ્થાની મુલાકાત લઈ શકે એ હેતુથી સંઘ દ્વારા મુનિ સેવા આશ્રમની મુલાકાતનો એક કાર્યક્રમ રવિવાર, તા.૪થી માર્ચ, ૧૯૯૦ના રોજ ગોઠવવામાં આવ્યો હતો. લગભગ ૧૦૦ જેટલાં ભાઈ-બહેનો આ પ્રવાસમાં જોડાયાં હતાં અને મુનિ સેવા આશ્રમની પ્રવૃત્તિઓ નજરે નિહાળી હતી.

❑ **આનંદઘનજીનાં સ્તવનો પર ભક્તિ સંગીત અને પ્રવચનો :** સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનો પરના ભક્તિ સંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ તા. ૧૩,૧૪,૧૫, માર્ચ, ૧૯૯૦ના રોજ પરમાનંદ કાપડિયા હૉલમાં સાંજના સમયે યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે આનંદઘનજીના સ્તવનો મધુર કંઠે રજૂ કર્યા હતાં. તે પર ડૉ. રમણલાલ ચી. શાહે વિવેચનાત્મક પ્રવચનો આપ્યાં હતાં. આ કાર્યક્રમ માટે ડૉ. રમણભાઈ શાહ, શ્રીમતી પૂર્ણિમાબહેન શેઠ અને સંયોજક શ્રીમતી રમાબહેન વોરાના અમે આભારી છીએ.

❑ **સંઘના સભ્યોનું વાર્ષિક સ્નેહ મિલન :** શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાલાના આર્થિક સહયોગથી સંઘના સર્વ સભ્યોનાં વાર્ષિક સ્નેહમિલનનો અને મહાવીર વંદનાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્રમાં ભોજન સાથે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજેન્દ્ર ઝવેરી, તૃપ્તિ છાયા અને કલાવૃન્દે મહાવીર વંદનાનો ભક્તિ સંગીતનો

કાર્યક્રમ રજૂ કર્યો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણભાઈ શાહે સૌનું સ્વાગત કર્યું હતું. સંઘના ઉપપ્રમુખ અને કાર્યક્રમના સંયોજક શ્રી ચીમનલાલ જે. શાહે સૌનો આભાર માન્યો હતો.

□ **સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક :** 'પ્રબુદ્ધજીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાંથી શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને પ્રતિવર્ષ રૂપિયા એક હજારનું ઉપરોક્ત પારિતોષિક આપવામાં આવે છે. તે મુજબ ૧૯૮૯ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલને મળે છે તે માટે તેમને ધન્યવાદ. આ પારિતોષિક માટે નિર્ણાયકો તરીકે સેવા આપનાર શ્રી ઘનશ્યામ દેસાઈ અને પ્રા. ગુલાબ દેઢિયાના અમે આભારી છીએ.

□ **શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક :** ઈ.સ. ૧૯૮૯ના વર્ષ દરમિયાન મુંબઈનાં ગુજરાતી વર્તમાનપત્રોમાં આવેલી ચિંતનાત્મક કૉલમોમાંથી ઉત્તમ કૉલમ માટેનું શ્રી મોહનલાલ મહેતા -'સોપાન' પારિતોષિક 'દિલની વાતો' કૉલમ માટે ફાધર વાલેસને આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું છે. એ માટે ફાધર વાલેસને અભિનંદન અને નિર્ણાયકો ડૉ. રમણલાલ સી. શાહ, ડૉ. દિનેશ ભટ્ટ તથા શ્રી પન્નાલાલ ર. શાહના અમે આભારી છીએ.

□ **સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ:** સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈનધર્મનાં પુસ્તકોના પ્રકાશન માટે ભેટ રકમ આપવામાં આવી હતી. અને ત્યાર પછી તેમાં વખતો વખત ઉમેરો થતો રહ્યો છે. આ વર્ષ દરમિયાન આ શ્રેણીમાં નીચેનાં પુસ્તકો પ્રગટ થયાં છે (૧) પ્રભાવક સ્થવિરો ભાગ-૧ (૨) જિનતત્ત્વ ભાગ-૩ .

□ **શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાં ઘર :** સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે ૩-૦૦ થી ૫-૩૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૨૫ જેટલી રહી છે. રમકડાં ઘર માટે વખતોવખત નવાં રમકડાં ખરીદવામાં આવે છે અને બાળકો તેનો સારો લાભ લે છે. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમૂલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

□ **શ્રી સી. યુ. શાહ મેડિકલ એઈડ ફંડ :** અત્યાર સુધીમાં 'પ્રેમળજ્યોતિ' દ્વારા જુદા જુદા દરદીઓને દવાના રૂપમાં જે સહાય કરવામાં આવી હતી એને વિકસાવવા શ્રી સી. યુ. શાહ મેડિકલ ફંડની સ્થાપના કરવામાં આવી છે. અને તેના ઉપક્રમે દરદીઓને દવા વગેરેની સહાય કરવાનું કાર્ય સારી રીતે ચાલે છે. એ માટે શ્રી સી. યુ. શાહના અમે આભારી છીએ.

□ **શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ :** શ્રી જે. એચ. મહેતાના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫૦૦૦/- અનાજ રાહત ફંડમાં મળી છે અને તેમાં ઉમેરો થતો રહ્યો છે. એમાંથી જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતા સેવા આપી રહ્યાં છે. આ પ્રવૃત્તિના સંયોજકો અને દાતાઓના અમે આભારી છીએ.

□ **મોતિયાના દર્દીઓને ચશ્મા માટે સહાય :** સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતિયાના દરદીઓને ઓપરેશન પછી ચશ્માની સહાય માટે શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે.

□ **શ્રી કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ :** સ્વ. કિશોર ટિમ્બડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને રૂપિયા એક લાખનું દાન મળ્યું છે. આ ફંડમાંથી બૃહદ મુંબઈની કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીભાઈ-બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે.

□ **આભાર :**

□ વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૭ (સાત) સભા મળેલ હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતિ અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને આનંદ છે.

□ વિવિધ પ્રવૃત્તિ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન સંઘની ભિન્નભિન્ન પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓને તો કેમ ભુલાય ? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

□ સંઘની પ્રવૃત્તિને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરનાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાનાં દૈનિકો અને સંચાલકોએ સંઘની દરેક પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાનપત્રો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

□ આપણી વ્યાખ્યાનમાળાઓ, વ્યાખ્યાનશ્રેણીઓ કે વાર્તાલાપના વિદ્વાન વક્તાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

□ સંઘની પ્રવૃત્તિઓના ફલકનો આટલો બધો વિસ્તાર થયો છે તેનું મુખ્ય કારણ સમિતિના ઘણા બધા સભ્યોએ યથાશક્તિ ઉત્સાહપૂર્વક જુદી જુદી પ્રવૃત્તિઓની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી છે. એ સર્વ સંયોજકોનાં નામોનો તો તે પ્રવૃત્તિના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. સંયોજકોનાં આવા ઉદારદિલ સહકાર અને સમયના ભોગ વિના સંઘની આટલી બધી પ્રવૃત્તિઓની જવાબદારી માત્ર મંત્રીઓ વહન કરી શકે નહિ, એ માટે એ સર્વ સંયોજકોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

□ સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના દરેક સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા બદલ સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના આ તકે અમે અત્યંત આભારી છીએ.

□ સંસ્થાના હિસાબો ચીવટપૂર્વક અને સમયસર જોઈ-તપાસી આપવા માટે ઑડિટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટસ્ અને શ્રીયુત ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.

□ સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

**કે. પી. શાહ**

**નિરુબહેન એસ. શાહ**

માનાર્હ મંત્રીઓ

□ કારોબારી સમિતિએ મંજૂર કર્યા તા. ૨૯-૮-૧૯૯૦

□ વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યા તા. ૧-૧૦-૧૯૯૦

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

❑ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે છપ્પનમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. જ્ઞાન અને સાધનાની જયોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને છેલ્લાં આઠેક વર્ષથી શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ મળતો રહયો છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શુક્રવાર, તા. ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૦થી શનિવાર, તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૦ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

❑ પર્યુષણ પર્વનો મહિમા :

આ વિષય પર વ્યાખ્યાન આપતા ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે 'પર્યુષણ પર્વ એ આત્મોન્નતિનું પર્વ છે,' જન્મ-મરણના ભયમાંથી મુક્તિ પામવાનું પર્વ છે, કર્મનો ક્ષય કરવાનું પર્વ છે. પર્યુષણ પર્વ જેવું એકે પર્વ નથી કે જે વ્યક્તિની આત્માની પરિણતી ઉચ્ચ કક્ષાએ પહોંચાડે. પર્યુષણ પર્વના પાંચ મુખ્ય કર્તવ્ય છે. અમારિપર્વ, સાધર્મિક ભક્તિ, તપશ્ચર્યા, ક્ષમાપના અને ચૈત્ય પરિપાટી, આમ પર્યુષણ પર્વ કર્મની નિર્જરા કરવાનું અને આત્માને સિદ્ધગતિ તરફ લઈ જનારું મહાન પર્વ છે.

❑ ધ્યાન વિચાર :

શ્રી શશિકાન્ત મહેતાએ આ વિષય પર બોલતા જણાવ્યું હતું કે આજે સમાજમાં ધર્મની આરાધના અનેકગણી થવા છતાં, તેનું અનુસંધાન છૂટી ગયું હોય તેમ લાગે છે. આપણે ધર્મક્રિયા કરીએ છીએ પરંતુ તેની અંદર ઊંડા ઉતરવાના પ્રયત્નો કરતા નથી. આત્મોન્મુખ, આત્મમગ્ન ન થવાય તો આરાધનાનો અર્થ નથી. ભગવાન મહાવીરે સાડાબાર વર્ષની અઘોર તપશ્ચર્યા દ્વારા મનની વૃત્તિઓ ઉપર વિજય મેળવ્યો. નિરાગ્રહવૃત્તિ એ ભગવાન મહાવીરનું આ જગત પર મોટામાં મોટું યોગદાન છે.

❑ મનોદૈહિક રોગો અને જૈન દર્શન :

આ વિષય પર બોલતાં શ્રી નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે દુનિયામાં ઊંચામાં ઊંચી વસ્તુ હોયતો તે માનવ શરીર છે. તન- મનથી માનવી સુખી રહેવા ઇચ્છતો હોય તો તેણે મનના આવેગો પર સર્વ પ્રથમ કાબુ રાખવાની જરૂર છે. જીવન જેટલું પ્રસન્ન, પ્રફુલ્લિત અને તનાવમુક્ત રહે એટલું જ સ્વસ્થ અને નિરોગી રહી શકે. સ્વકેન્દ્રીય માણસ પોતાનો જ વિચાર કરતો હોય છે અને તેથી તે દયાહીન અને એકલો થઇ જાય છે.

❑ વ્રત-આરાધનાકા જીવનસે સંબંધ :

ડૉ. શેખરચંદ્ર જૈને આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈનધર્મમાં વ્રત-આરાધનાનું ભારે મહત્ત્વ આંકવામાં આવ્યું છે. આપણે જે ઉપવાસ આદિ વ્રતો કરીએ છીએ એ આપણા કર્મોની નિર્જરા માટે કરીએ છીએ. દેખાદેખી માટે નહિ. પરંતુ આજે તો વ્રત-નિયમો જાણે દેખાદેખીનું એક પ્રતીક બની ગયાં છે. આજે ભગવાન માહવીરનો કરુણાનો અમૂલ્ય વારસો આપણી પાસે છે તેથી મન-વચન-કાયાથી કોઈપણ જીવું અહિત ન થાય તે રીતે આપણે સતત સચેત રહેવું જોઇએ.

❑ ભગવાન મહાવીરની સાધનાનું રહસ્ય :

આ વિષય પર બોલતાં પ્રા. તારાબહેન ર. શાહે જણાવ્યું હતું કે પર્યુષણ પર્વ આત્મશુદ્ધિનું પર્વ છે. ચરમ તીર્થંકર શ્રી ભગવાન મહાવીર પોતાની ઉત્કૃષ્ટ સાધના દ્વારા આત્મશુદ્ધિ પામીને મોક્ષગતિ પ્રાપ્ત કરી તે ઘટના માત્ર જૈનો માટે જ નહિ વિશ્વની સમગ્ર પ્રજા માટે પ્રેરણાદાયી છે. ભગવાન મહાવીરે જ્ઞાન, ધ્યાન, તપ, જપ, મૌન, સંયમ ઇત્યાદિ દ્વારા એવી વિરલ સાધના કરી કે તેમનાં કર્મોનાં આવરણ દૂર થયાં અને તેઓ શુધ્ધ, બુધ્ધ અને મુક્ત બન્યા.

❑ સફળતાની પીડા ભોગવી રહેલા માણસની વાત :

ડૉ. ગુણવંત શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આપણા મનનો વિકાસ એ મનુષ્યત્વનો વિકાસ છે. મનુષ્યે પોતાની સફળતાની પીડાથી મુક્ત થવું હોય તો નિષ્ફળતાનું સામૈયું કરતાં શીખવું જોઇએ. આજે આપણે સફળતાના ઉપવનમાં એટલા રમમાણ છીએ કે નિષ્ફળતા આપણને બિલકુલ ગમતી નથી. નિષ્ફળતા શબ્દ પ્રત્યે જ આપણને પૂરો અભાવ છે. પણ નિષ્ફળતા જ સફળતા તરફ જવાનો માર્ગ ખૂલ્લો કરે છે.

❑ જીવનનાં મૂલ્ય :

આ વિષય પર બોલતા શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે જણાવ્યું હતું કે મનના આવેગોને જે કાબુમાં રાખી શકે તે સંત છે. જેના મનમાં વિકારાદિ દોષો ઉત્પન્ન જ થતા નથી એ ભગવાન છે. જેણે મનને જીત્યું તેણે જગતને જીત્યું છે. મનને કાબુમાં રાખવા અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય એ રાગનો ત્યાગ છે. કર્મમાંથી મુક્તિ મળે તો મોક્ષ સહજ છે. માત્ર સંન્યાસી થવાથી મોક્ષ મળી જાય તેવું નથી. ત્યાગ કરવામાં પણ અધિકાર જોઇએ.

❑ ખીણોમાંથી શિખરો તરફ :

શ્રી પ્રકાશ ગજજરે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે માનવીને ખીણોમાંથી શિખરો તરફ આગળ વધવાનું છે. હતાશામાંથી મુક્ત થઇ મસ્તીમાં જીવવાનું છે. આપણે બધા માનવી છીએ. દુનિયા આપણા વિશે ભલે ગમે તે બોલે, પરંતુ આપણે તો આપણું નિજ કર્તવ્ય કર્યે જવાનું છે. આપણને ઇશ્વરનું ઇજન મળ્યું છે. આપણે ઇશ્વરના દરબારમાં આવ્યા છીએ. બીજા આપણી શું ટીકા કરશે તેની પરવા કરવાની નથી. વાયરો બદલાશે નહિ, આપણે જ બદલવાનું છે. આપણા જીવન સઢને આપણે જ વાયરાની દિશામાં વાળીને આગળ ધપાવાનું રહેશે.

❑ ઋણાનુબંધ :

આ વિષય પર બોલતાં ડૉ. મનહરલાલ સી. શાહે જણાવ્યું હતું કે આ સૃષ્ટિ પર ઋણાનુબંધ શબ્દનું ભારે મહત્ત્વ છે. જૈનદર્શનમાં ઋણાનુબંધ કર્મ સિધ્ધાંત સાથે જોડાયેલો છે. ઋણ એટલે દેવું અને આ દેવામાંથી થતો શુભ કે અશુભ બંધ તેને ઋણાનુબંધ કહે છે. માનવીમાં શુભકર્મ અને અશુભકર્મનો ઉદય વખતોવખત આવે છે. આ શુભઅશુભ કર્મોના સંબંધો સાથે ઋણાનુબંધ જોડાયેલો છે. માતા, પિતા, પુત્ર, પત્ની, ભાઇ-બહેન આ દરેક સંબંધો સાથે ઋણાનુબંધ જોડાયેલો છે.

❑ કર્મ સિધ્ધાંત-વ્યક્તિ ઔર સમાજ કે સંદર્ભમેં :

ડૉ. નરેન્દ્ર ભાણાવતે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈનધર્મમાં કર્મના સિધ્ધાંત પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. આ સંસારનાં સર્વ પ્રાણી કર્મ પ્રમાણે તેનું ફળ ભોગવે છે. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહયું છે કે યોગમાં નિષ્ઠ બનીને તું તારું કાર્ય કર્યે જા. તારા મનમાં જે કષાયો છે, આસક્તિ છે તેનો ત્યાગ કરી તું કાર્ય કર્યે જા. કર્મમાંથી મુક્તિ મેળવવી હોય તો કષાયોમાંથી મુક્તિ મેળવવી જોઇશે. રાગદ્વેષને ઓછા કરતાં જવું પડશે.

□ શ્રી અરવિંદનો પૂર્ણયોગ :

આ વિષય પર બોલતા ડૉ. દિલાવરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે મહર્ષિ અરવિંદનો યોગ એક સમગ્રતાનો યોગ છે. તેમનું સમગ્ર જીવન એક યોગ જ છે. શ્રી અરવિંદની આધ્યાત્મિકતાની વાતમાં વૈજ્ઞાનિકતા અને બૌદ્ધિકતા જોવા મળે છે. ભારત પાસે વિશ્વની પાસે ન હોય તેવી આધ્યાત્મિક સંસ્કૃતિ છે. શ્રી અરવિંદ લોકોને આ આધ્યાત્મિક માર્ગ તરફ જવા પ્રેરે છે. આનંદ, શાંતિ, એકતા, સંવાદિતા આ બધી બાબતો પૃથ્વીની ચેતનાનો એક ભાગ છે. અને તે આપણી આધ્યાત્મિકતા સાથે સંકળાયેલી છે.

□ કષાય મુક્તિ - સહજ ધર્મ :

ડૉ. પ્રેમસુમન જૈને આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈન ધર્મ ઉધારનો ધર્મ નથી, એ તો રોકડાનો ધર્મ છે. અહીં તો જે ધર્મ કરશે તે જ પરમસુખને પ્રાપ્ત કરી શકશે. પરમસુખ- મોક્ષસુખ પામવા માટે શું કરવું જોઇએ ? જૈનધર્મમાં આ માટે સરસ માર્ગ બતાવ્યો છે. ક્રોધ, માન, માયા, મોહરૂપી કષાયોને વશ કરો તો તમે અવશ્ય પરમસુખ પ્રાપ્ત કરી શકશો.

□ જીવદયા કલ્યાણ એવમ્ પર્યાવરણ સંરક્ષણ :

આ વિષય પર બોલતાં શ્રી મદનરાજ ભંડારીએ જણાવ્યું હતું કે આજના વિશ્વમાં પર્યાવરણની સમસ્યા એ જટિલ વિષય છે. ભારતમાં જ પર્યાવરણની જે અસંતુલન પરિસ્થિતિ ઉત્પન્ન થઇ રહી છે તેની અસર સમગ્ર જનતા ઉપર અત્યંત ગંભીર પડવાની છે. આ દેશમાં ૨૮૦૦થી વધારે કતલખાનાં છે. તેમાં એક કરોડ ત્રીસ લાખ જાનવરોની કતલ કરવામાં આવે છે. ગેરકાયદેસર થતી જાનવરોની કતલથી તો આનાથી અનેકગણી વધારે છે. આગામી પંચવર્ષીય યોજનામાં વધુ ૩૫૪૦ નવાં કતલખાના ઊભા કરવાની સરકારની યોજના છે. આ પ્રકારની પશુઓની કતલ થતાં એક સમય એવો આવશે કે સારા દેશમાં બળદ, ઘોડા, ઊંટ વગેરે પ્રાણીઓ શોધ્યાં મળવાનાં નથી.

□ આદર્શ સેવક : ગોપાલકૃષ્ણ ગોખલે :

શ્રી પુરુષોત્તમ માવળંકરે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે સન ૧૮૬૬માં મહારાષ્ટ્રમાં જન્મેલા શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે આપણા દેશના એક ઉત્તમ કક્ષાના રાષ્ટ્રીય નેતા હતા. ભારતને સ્વાતંત્ર્ય મળે તે માટે તેમણે બ્રિટિશ સરકાર સામે વખતોવખત અવાજ ઉઠાવ્યો હતો. ગોખલે ખૂબ જ ગરીબ પરિસ્થિતિમાંથી પસાર થયા હતા અને સખત પરિશ્રમ અને સતત અભ્યાસથી તેમનું જીવન ઘડતર થયું હતું. ગોખલેના જીવનનો ગાંધીજીના જીવન ઉપર ઘણો મોટો પ્રભાવ પડયો હતો.

□ અપને પ્રભુકા સાક્ષાત્કાર :

આ વિષય પર બોલતા પૂ. સાધ્વી યશોધરાજીએ જણાવ્યું હતું કે મનુષ્યની અંદર અનંત જ્ઞાન, અનંત શકિત, અનંત દૃષ્ટિ અને અનંત આનંદ છે. તેમ છતાં તે પોતાની અંદર જોવાને બદલે બહાર ભટકી રહયો છે. આપણા શરીરની અંદર જ આત્મા-પરમાત્માં બિરાજમાન છે. પરંતુ માનવીનું અતિશય ચંચળ મન તેનો સાક્ષાત્કાર કરી શકતું નથી. પોતાના મન પર કાબુ રાખે, કષાયો પર નિગ્રહ કરે તો તે અવશ્ય પરમાત્મ પદને પામી શકે.

□ આશ્રવ અને સંવર :

ડૉ. રમણલાલ ચી. શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જેનાથી કર્મ આવે તેને આશ્રવ કહે છે અને જેનાથી કર્મ રોકાઇ જાય તેને સંવર કહે છે. આશ્રવ ભવનો હેતુ છે. જયારે સંવર મોક્ષનું કારણ છે. આશ્રવ એ છોડવા જેવી વસ્તુ છે. સંવર સ્વીકારવા જેવી વસ્તુ છે. આશ્રવની સાથે બંધ આવે, સંવરની સાથે નિર્જરા આવે. આશ્રવ એ કર્મ બંધાવવાનું દ્વાર છે. તે છેઃ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આ સૃષ્ટિ પર જીવન અને મૃત્યુનું ચક્ર સતત ચાલ્યા કરે છે ચારગતિનું તે ચક્ર છે. કર્મ સત્તા જ જીવને આ પરિભ્રમણ કરાવે છે. કર્મ મુકિત માટે આશ્રવ, સંવર, નિર્જરા વગેરે તત્ત્વને સમજવાં જરૂરી છે.

□ મિત્તિ મે સવ્વ ભુએસુ :

આ વિષય પર બોલતાં મુમુક્ષુ શાંતા જૈને જણાવ્યું હતું કે માનવીની તૃષ્ણાનો આજે અંત નથી. જો તૃષ્ણા મટે તો ભવરોગ મટે. માણસે પોતે પોતાના વ્યકિતત્વનું નિર્માણ કરવાનું છે. માનવીનું મન પવિત્ર અને શુદ્ધ હોય તો માર્ગ આપોઆપ મળે છે. આપણા શાસ્ત્રમાં ચાર પ્રકારના માણસ બતાવ્યા છે. એક તે જેવો છે તેવો અંદર પણ છે. બીજો તે હવાની સાથે ચાલે તેવો છે. ત્રીજો તે પોતે કષ્ટ પામે છે અને બીજાને કષ્ટ આપે છે. ચોથો વૃક્ષની સાથે જોડાયેલ ડાળી જેવો છે.

□ મનકે જીતે જીત :

શ્રી હરિભાઇ કોઠારીએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે પ્રમાદ મૃત્યુ છે, જાગૃતતા જીવન છે. આપણે આપણી ચેતનાને જાગૃત કરી મરકટ સમા આ મન ઉપર કાબુ મેળવવાનો છે. આ જગતમાં જેનું મન મોટું તે મોટો અને જેનું મન નાનું તે નાનો છે. વિશ્વને બદલવાની તાકાત મનમાં છે. પરંતુ આપણને તેનો ઉપયોગ કરવાની સમજ નથી. વધુ પડતી આશાઓ અને આકાંક્ષાઓથી માનવી જયારે પીડાઇ રહયો હોય ત્યારે, આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે.

□ મુખડા કયા દેખે દર્પન મેં :

આ વિષય પર બોલતાં શ્રી ચંદનમલ ચાંદે જણાવ્યું હતું કે આપણે દર્પણમાં હંમેશા આપણા મુખનું દર્શન કરીએ છીએ, પણ કદી અંતરના દર્પણમાં ડોકિયું કરવાનો, પ્રયાસ કર્યો નથી, પર્યુષણ પર્વ એ આંતરખોજનું પર્વ છે. આ પર્વ પ્રસંગે આપણે વધુ આત્મોન્નમુખ થવાની જરૂર છે. અંતરમાં રહેલા ક્રોધ, માન, માયા અને લોભરૂપી કષાયોને ઓળખવાની જરૂર છે. આપણી તૃષ્ણા જેટલી ઓછી એટલો પરિતાપ આપણને ઓછો રહેવાનો. જૈનશાસ્ત્રોમાં પરિગ્રહ પરિમાણ વ્રતનું ભારે મહત્ત્વ છે. પરિગ્રહથી દૂર રહેનાર આત્મા જ પોતાના આત્માની ઉન્નતિ કરી શકે છે.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલા એક કલાકનો ભકિતસંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રી શ્રી નિરુબહેન સુબોધભાઇ શાહે દરરોજ પ્રાર્થના અંગેનું વાંચન કરવાની સાથે ભકિતસંગીતના કલાકાર ભાઇ-બહેનોનો પરિચય આપ્યો હતો. સર્વશ્રી ગીરાબહેન શાહ, જતીનભાઇ શાહ, વાસંતીબહેન દાણી, સરોજબહેન પરીખ, કેશવજીભાઇ દેઢિયા, ગીતાબહેન દોશી, ચંદ્રશેખર પંડયા, શોભનાબહેન સંઘવી અને ચંદ્રાબહેન કોઠારીએ અનુક્રમે ભકિતસંગીતનો કાર્યક્રમ આપીને સવારના ખુશનુમા વાતાવરણને વધુ આહલાદ્ક અને ભકિતમય બનાવ્યું હતું. વ્યાખ્યાતાઓનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી. આ પ્રસંગે પિંડવળના સર્વોદય પરિવાર ટ્રસ્ટનાં શ્રી કાંતાબહેન પધાર્યા હતા. તેમણે આ આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓના ઝૂપડાં પર નળિયાનું છાપરું કરી આપવા માટે આર્થિક સહયોગ આપવા માટે વિનંતી કરી હતી. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે વ્યાખ્યાનમાળાના રોજે રોજના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સંઘની પ્રવૃત્તિઓને વધુ ગતિશીલ બનાવવા સંઘના નિભાવફંડમાં આર્થિક સહયોગ આપવા સૌને અપીલ કરી હતી. સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે વ્યાખ્યાનમાળામાં સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો. સંઘની સમિતિના સભ્ય શ્રી સુબોધભાઇ એમ. શાહે વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે કાર્યક્રમના અંતે સૌને મોટીશાંતિ સંભળાવી હતી. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાની સાનંદ સમાપ્તિ થઇ હતી. □ □

રાજકારણમાં મહત્ત્વાકાંક્ષા ( પૃષ્ઠ ૨ થી ચાલુ)

રાજકારણમાં સત્તાનું મહત્ત્વ ઘણું મોટું છે. જેના હાથમાં લાકડી તેની ભેંશ એવું રાજકારણમાં વધુ જોવા મળશે. એક વખત સત્તાસ્થાન મળ્યું એટલે એ દ્વારા પ્રતિસ્પર્ધીઓને સતાવવાનું, કેદમાં પૂરવાનું કે સાચા-ખોટા આક્ષેપો મૂકીને મૃત્યુદંડની સજા ફરમાવવાનું સરળ બની જાય છે. પ્રચારમાધ્યમો પણ તેના હાથમાં હોય છે એટલે પ્રજાની આંખમાં ધૂળ નાખવાનું પણ સહેલું બને છે. ઘણાખરા રાજદ્વારી નેતાઓ સત્તાસ્થાને આવ્યા પછી વેર લેવાનું ચૂકતા નથી. વૈરવૃત્તિ અને વૈરતૃપ્તિ એ રાજદ્વારી મહત્ત્વાકાંક્ષાનું એક વરવું લક્ષણ છે.

રાજકારણની એક કુટિલ નીતિ એ છે કે પ્રતિસ્પર્ધીનો શામ, દામ, ભેદ અને દંડથી જે રીતે થાય તે રીતેથી-પરાભવ કરવો અને જરૂર જણાય તો તેનો કાંટો પણ કાઢી નાખવો. આથી સત્તાના દાવપેચમાં પોતાના પ્રતિસ્પર્ધીને સિફતથી મારી નાખવો કે મરાવી નાખવો એ એક મોટી નીતિ રહી છે. છેલ્લા એકાદ સૈકાથી ઘાતક શસ્ત્રોની સુલભતાને કારણે આવી કુટિલ નીતિનો પ્રચાર વધ્યો છે અને રાજદ્વારી ખૂનો વધ્યાં છે. લેનિન પછી સત્તાસ્થાને આવેલ સ્ટેલિને પોતાની એકહથ્થુ સત્તા ટકાવી રાખવા માટે ટ્રોટ્સ્કીને તો વિદેશમાં મરાવી નાખ્યો હતો પણ તે ઉપરાંત રશિયામાં પોતાની જરા સરખી પણ ટીકા કરનાર એવા હજારો માણસોને મૃત્યુના મુખમાં ધકેલી દીધા હતા. રાજદ્વારી ક્ષેત્રે છેલ્લા કેટલાક દાયકામાં રાજનેતાઓને મરાવી નાખવાના પ્રસંગો દુનિયાભરમાં વધતા ચાલ્યા છે. પોતાના દેશમાં પોતાના જ પ્રતિસ્પર્ધીઓને મરાવી નાખવાની વાત તો હવે જૂની થઈ, પરંતુ પાડોશી રાજ્યો કે દૂરનાં રાજ્યોમાં પોતાની ઇચ્છાનુસાર વ્યક્તિ સત્તા પર આવે અને અન્ય વ્યક્તિ ન આવે તે માટે રશિયા, અમેરિકા, જેવાં મોટા રાષ્ટ્રોએ બીજા રાષ્ટ્રના અનેક મણસોને ગુપ્ત એજન્ટો દ્વારા મરાવી નાખ્યા છે.

કેટલાક તેજસ્વી માણસો એક પદને લાંબા સમય સુધી ભોગવે છે, પરંતુ ત્યાર પછી પોતાનાં મૃત્યુ બાદ કે નિવૃત્તિ બાદ એ પદ પ્રતિસ્પર્ધીઓના હાથમાં ન જાય એ માટે પણ બહુ સાવધ રહે છે અને તે માટે પોતાની સત્તાનો ઉપયોગ કરી ખટપટ પણ કરે છે. વેપાર-ઉદ્યોગ, શિક્ષણ વગેરે કેટલાંક ક્ષેત્રોમાં પોતાનું મહત્ત્વનું સ્થાન પોતાના સંતાનને જ અપાવવા માટે સમર્થ માણસોએ પણ પ્રયત્નો કર્યા હોય એવું જોવા મળશે. કેટલેક સ્થળે તેમ થવું સ્વાભાવિક પણ છે. પરંતુ રાજકારણમાં અને અન્ય ક્ષેત્રોમાં પણ પોતાના પછી પોતાના સંતાનને પોતાનું પદ અપાવવા માટે, બીજી લાયક વ્યક્તિઓને અન્યાય કરીને પણ અપાવવા માટે પ્રયત્નો થયા છે. કેટલાક નિઃસંતાન સત્તાધીશોએ પણ પોતાના અવસાન પછી અમુક જ વ્યક્તિ સત્તાસ્થાને આવે અને અમુક વ્યક્તિ તો ન જ આવે એ માટે સતત દાવપેચ કર્યા છે. નિઃસંતાન સિદ્ધરાજે પોતાની ગાદીએ કુમારપાળને આવતાં અટકાવવા માટે અને તેમને મરાવી નાખવા માટે ઓછા પ્રયત્નો કર્યા નહોતા.

રાજદ્વારી સત્તાસ્થાન માટે કેટલીક સમસ્યાઓ કાળ ઊભી કરે છે. યુવાન રાજાને પોતાનો રાજકુમાર અત્યંત વહાલો લાગે છે. તેને રાજ ચલાવવાની તાલીમ આપવા માટે કશી ખામી રખાતી નથી. યુવરાજ પણ પોતાના પિતાને બહુ ચાહે છે. રાજ ચલાવવાની એમની આવડતનો તે ભારે પ્રશંસક રહે છે. પરંતુ સાઠ વર્ષના રાજા જયારે એંશી-નેવુંની ઉંમરે પહોંચે અને યુવરાજ પણ સાઠ-પાંસઠની ઉંમરે પહોંચવા આવ્યો હોય તો પોતાના પિતાનું દીર્ઘાયુષ્ય એને કઠે છે. ચિત્તમાં કુવિચારો ચાલુ થાય છે. પિતા વધુ જીવશે તો પોતાને રાજગાદી પર બેસવાનો અવસર મળે તે પહેલાં તો કદાચ પોતે મૃત્યુ પણ પામે અથવા પોતાને એ પદ ભોગવવા માટે બે પાંચ વર્ષ માંડ મળે તો મળે. એવે વખતે પિતાનું ઝટ મૃત્યુ થાય અને પોતે ઝટ ગાદીનશીન થાય એવા અશુભ મહત્ત્વાકાંક્ષી વિચારો કેટલાય યુવરાજોને ભૂતકાળના અનેક સૈકાઓ દરમિયાન થયા છે એની ઇતિહાસ સાક્ષી પૂરે છે. ગાદી મેળવવા માટે પોતાના પિતાને મારી નાખ્યાના દાખલા પણ બન્યા છે. કેટલાક વૃદ્ધ રાજાઓને સૌથી વધુ ડર પોતાના યુવરાજનો રહેતો. સત્તાની મહત્ત્વાકાંક્ષા અંગત સંબંધો ઉપર કેવી માઠી અસર કરતી હોય છે તે આવા પ્રસંગો પરથી જોઇ શકાય છે.

રાજકારણમાં આજીવિકાનો પ્રશ્ન ઘણો ગંભીર હોય છે. વ્યવસાયમાંથી નિવૃત્ત થયેલ માણસો રાજકારણમાં વધુ સમય આપી શકે. આસપાસ બનતી ઘટનાઓના સતત સંપર્કમાં રહેવા માટે પૂરો સમય રાજકારણમાં પડેલા માણસો વધુ ફાવી શકે છે. પણ એમને પણ પેટ છે, પ્રજાસંપર્ક માટે હરવુફરવું છે, ચૂંટણી લડવી છે. એ માટે નાણાંની ઘણી જરૂર છે. નિવૃત્ત થયા પછીથી મોભાથી રહેવું છે. એટલે જ ઘણા રાજદ્વારી પુરુષો નાણાંની બાબતમાં સિદ્ધાન્તવિહીન હોય છે. ગરીબ દેશોમાં એ વધારે બને છે.

વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ જોતાં કેટલાય રાજદ્વારી પુરુષોને પોતાનાં ભાવિની અનિશ્ચિતતા માનસિક સંતાપ કરાવે છે. પોતાનાં કૌભાંડો ખુલ્લાં પડી જાય તેવે વખતે પોતાના રાષ્ટ્રમાં રહીને સજા ભોગવવી તેના કરતાં બીજા રાષ્ટ્રમાં ભાગી જઇને શાંતિથી શેષ જીવન ગાળવું વધુ પસંદ કરવા યોગ્ય તેમને લાગે છે. પરંતુ એ માટે જરૂર રહે છે નાણાંની. ઝડપી, સુલભ વિમાન વ્યવહારને કારણે હવે પોતાનું રાષ્ટ્ર છોડીને બીજા રાષ્ટ્રમાં ભાગી જવાનું સરળ બની ગયું છે એટલે દુનિયાભરના કેટલાયે રાજદ્વારી પુરુષોનાં ગુપ્ત અને ગેરકાયદે નાણાં સ્વીટ્ઝરલેન્ડની કે બીજા દેશોની કેટલીક બેન્કોમાં જમા થાય છે. આવી રીતે જમા થયેલાં અઢળક નાણાં પોતાનું શેષ જીવન વીતાવવાને અને તક મળે તો ફરી પોતાના રાષ્ટ્રમાં સરકારને ઉથલાવી પાડીને સત્તા સ્થાને આવવા માટે ઉપયોગી થાય છે. પાકિસ્તાનના અયુબખાન, ઇરાનના શાહ, ફિલિપાઇન્સના માર્કોસ વગેરે એવા કેટલાયે દાખલાઓ નજીકના ભૂતકાળમાં જોવા મળ્યા છે.

રાજકારણમાં સક્રિયપણે ભાગ લેવા છતાં સત્તાના કોઇ પદની આકાંક્ષા ન રાખવી એ ઘણી દુર્લભ વાત છે. માણસનું અંતરંગ વ્યક્તિત્વ પવિત્ર, ન્યાયપ્રિય અને પરમાર્થની ભાવનાવાળું હોય તો જ તે આવા સત્તાસ્થાનોથી આકર્ષાય નહિ. હિન્દુસ્તાનના બે ભાગલા થયા તે વખતે મહમદઅલી ઝીણાએ પાકિસ્તાનનું પ્રમુખપદ સ્વીકાર્યું અને મહાત્મા ગાંધીજીએ કોઇપણ કક્ષાનું કોઇપણ પદ ન સ્વીકાર્યું એમાં એ બે વ્યક્તિઓની લૌકિક અને લોકોત્તર મહત્તા કેટલી છે તેનું માપ કાઢી શકાય છે. રાજકારણમાં પડવું એટલે કોઇ પણ એક પક્ષના સભ્ય થવું. સભ્ય થયા પછી પોતાના પક્ષની બધી નીતિરીતિનો સાચોખોટો બચાવ કરવો પડે છે અને એ સ્વાભાવિક મનાય છે. પરંતુ જેઓ પક્ષપાતથી બચવા ઇચ્છે છે અને ન્યાયપૂર્ણ રહેવા ઇચ્છે છે તેઓ તો કોઇપણ એક પક્ષમાં ન જોડાવું એને જ આદર્શરૂપ ગણે છે. મહાત્મા ગાંધીએ કોંગ્રેસ સંસ્થાના ચાર આનાના સભ્ય થવાનું પણ માંડી વાળ્યું હતું એ તેઓ પક્ષથી પર રહેવાની કેટલી પ્રબળ ભાવના ધરાવતા હતા એની પ્રતીતિ કરાવે છે.

ઇતિહાસ સત્તાસ્થાને ચડી બેઠેલા મહત્ત્વાકાંક્ષી સત્તાધીશોને જેટલા યાદ કરે છે તેના કરતાં મળતી સત્તાથી વિમુખ રહેનારા અને સાચા દિલથી લોકકલ્યાણનું કાર્ય કરનારા મહાત્માઓને વધુ આદરપૂર્વક યાદ કરે છે.

❑ રમણલાલ ચી. શાહ

# આ તે કેવાં જોડકાં

❒ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

દિવાળીના તહેવાર ભલે બે-ચાર દિવસના ગણાય પણ એની હવા તો નવરાત્રના પ્રારંભ સાથે જ બંધાઇ જાય છે. નાનાં શહેર-કસ્બાઓ ને ગામડાંઓમાં ચોરા ને ચૌટા ગરબા-ગરબીઓથી ગાજતાં રહે છે. જ્યારે શહેરોમાં તો ગરબા હવે મોટેભાગે 'પ્રોગ્રામ' જ થઇ ગયા છે - હૉલ-થિયેટરોમાં વધૂ રજૂ થાય છે.

મુંબઇ જેવા શહેરમાં હવે મોટા હૉલમાં ને વાડીઓમાં યુવાવર્ગ માટે દાંડિયા-રાસના ખાસ કાર્યક્રમો યોજાય છે, ડિસ્કો મ્યુઝિક, રંગબેરંગી રોશની ને ખાણીપીણી સહિત મોડી રાત સુધી જામતી આની રમઝટ હકીકતમાં તો માત્ર મનોરંજન જ હોય છે. એ માટે નવરાત્ર તો માત્ર નિમિત્ત જ-બહાનું જ બની રહે છે.

આમ છતાં મુંબઇમાં કાલબાદેવી, માંડવી, ભાતબજાર વગેરેની ગલીઓ ને ચોકમાં તથા કયારેક વાડીઓમાં મોડી રાત સુધી ગાજતી ગરબીઓ, દાંડિયાની રમઝટ ને કયાંક ગવાતા-રમાતા ગરબા, ગુજરાતની લોકકલા જોડે સંકળાયેલી ભક્તિનાં પણ દર્શન કરાવે છે.

પણ આ બધી વાતોમાં એક વાત ધ્યાનમાં આવી ખરી ? આમાં પુરુષો રમે છે તે "ગરબી" કહેવાય છે ને મહિલાઓ-બાળાઓ રમે તે "ગરબો" કહેવાય છે, કેવું ઊંધુ લાગે છે? 'ગરબો' (નર જાતિનું નામ) પુરુષોનો ને 'ગરબી' (નારીજાતિનું નામ) સ્ત્રીઓની, એમ હોવું જોઇએ ને ? પણ એમ નથી. 'ગરબી' પુરુષો રમે છે-ગાય છે અને 'ગરબો' સ્ત્રીઓ રમે છે-ગાય છે.

સામાન્યરીતે આવાં શબ્દ જોડકાં નરમાદાનાં હોય છે : કાગડો- કાગડી, વાંદરો-વાંદરી, બકરો-બકરી એવાં ખરું ને ? પણ આ ગરબો- ગરબી કંઇ આવી નરમાદાની જોડી નથી !

વળી લોટો-લોટી, વાટકો-વાટકી એ પણ કંઇ નર-માદાની જોડી નથી. પણ ઘણીવાર એક જ પ્રકારની વસ્તુઓનું મોટા-નાનાપણું દર્શાવવા પણ આપણે શબ્દનાં નર-નારી રૂપો બનાવી લઇએ છીએ તેનાં આ ઉદાહરણો છે. લોટો તે મોટો ને નાનો લોટો તે લોટી, એ જ રીતે નાનો વાટકો તે વાટકી ! આમ મોટું તે નરજાતિનું રૂપ ને નાનું તે નારીજાતિનું રૂપ, એ આપણી ભાષાની પ્રકૃતિ છે.

પણ ગરબા-ગરબીમાં તો આવુંયે કયાં છે ? ઊલટી 'ગરબી' જ ગરબા કરતાં લાંબી, મોટી હોય છે !

અમારા પડોશમાં એક દક્ષિણ ભારતીય દંપતી રહેતું હતું. મકાનમાં બધા જ ગુજરાતી, તે એમણે પણ ગુજરાતી શીખવા માંડયું હતું. થોડું વાતચીતમાં ને થોડું અમને પૂછીને.

એક દિવસ એ દક્ષિણ ભારતીય પત્નીએ અમારે ત્યાં આવીને કહ્યું "મારી સાડીપર થોડા કરચલા પડયા છે, એટલે...."

હું છાપું વાંચતો અટકી ગયો. એમનું વાકય પૂરું થાય તે પહેલાં જ આશ્ચર્યથી બોલી ઊઠયો, "કરચલા સાડી પર ?"

"હા, એટલે તમે ઇસ્ત્રી આપો, તો..."

હવે સમજાયું ! અમે પતિ-પત્ની હસી પડયાં. એમની સાડી પર પડેલી મોટી 'કરચલી'ઓને એ 'કરચલા' કહેતા હતા. નાનાપણું દર્શાવવાનો પેલો નિયમ મેં જ એમને સમજાવ્યો હતો ! એમણે એનો બીજી દિશામાં ઉપયોગ કર્યો હતો-ઝીણી, નાની હોય તે 'કરચલી' ને એ મોટી હોય તો કરચલો ! ને એનું બહુવચન તો પછી 'કરચલાં જ થાય ને !

પણ એમના પતિએ તો એક રવિવારની સાંજે અમને ચોંકાવી જ દીધા ! એમણે કહ્યું : "આજે કમલા નહેરુ પાર્કથી થોડે આગળ એક મોરપીંછની પંખી જોઇ ! સારી હતી ! મેં લીધી છે, જોવી છે ? લઇ આવું છું !"

- ને એ પોતાના ફલેટમાં ગયા.

અમે પતિ-પત્ની એકબીજા તરફ જોઇ રહ્યા. શું સમજવું ?

"મોરપીંછની પંખી ! - એટલે મોરના પીંછાવાળું પંખી ? તો તો મોર જ હશે ને ? પત્નીને આ પૂછયું ને વિચાર આગળ વધ્યો" તે આ વળી ઘેર મોર લઇ આવ્યો હશે ?"

"પણ...એ તો નારીજાતિની વાત કરે છે ને ? નાનો મોર હશે ? કે પછી ઢેલ હોય તો ?" મારી પત્ની પણ વિચારમાં પડી !

"ઢેલ હોય તો એવાં પીછાં ન હોય ને ?" મેં દલીલ કરી. જરા અટકીને કહ્યું- "જોઇએ તો ખરા, એ શું લાવ્યા છે !"

- ને એ આવ્યા ! હાથમાં મોરપીંછનો નાનકડો પંખો લઇને !

અમે બંને હસી પડયાં. મારી પત્નીથી બોલી દેવાયું -"તમે આને 'પંખી' કહો છે ?"

"કેમ ?" એ આ સવાલ ન સમજયા. પૂછયું - "મોટો હોય તે પંખો; તો નાનો પંખો તે પંખી જ ને ?"

હવે અમે એમનું ટીખળ સમજયા. તે હસી પડયા. અમે જ સમજાવેલા નિયમની એમણે કેવી મજાક ઉડાવી હતી !

માત્ર નિયમોથી ભાષા ઓછી જ શિખાય છે ? ભાષાની પ્રકૃત્તિ, પરંપરા, રૂઢિ વગેરેના પૂરા ખ્યાલ વગર તો આવું જ થાય ને ! આપણે આવી ભૂલો વગર આવા પ્રયોગો યોગ્ય રીતે કરીએ છીએ તે તો ગતાનુગતિકતાથી ! બાકી આ પ્રકારના પ્રયોગોમાં રહેલા કઢંગાપણા વિશે તો આપણનેય કેટલો ખ્યાલ હોય છે ?

ઘોડો-ઘોડી, વાંદરો-વાંદરી વગેરે નર-માદાનાં જોડકાં ખરાં, પણ દેખીતી રીતે નર-માદાનું જોડકું લાગે એવાં 'સાંઢ-સાંઢણી'ના જોડકાને આમાં મૂકી શકાય ખરું ? આખલો, ગોધો એવા અર્થના 'સાંઢ' શબ્દ જોડે-આ નર રૂપ જોડે, 'સાંઢણી' શબ્દ, એની માદાના અર્થમાં શી રીતે જોડાવવો ? આ 'સાંઢણી' શબ્દનો માત્ર માદા ઊંટના અર્થમાં જ વપરાય છે ! આને જોડકું કહેવાનું યે કઢંગું લાગે ને ?

આવાં ઘણાં દેખીતા જોડકાં હોય છે જેના પ્રચલિત શબ્દાર્થ 'પંખો-પંખી'ના જોડકા જેવી કઢંગી ભિન્નતા ધરાવે છે-નથી હોતો એમાં નર-માદાનો સંબંધ કે નથી નાના-મોટાપણાનો !

'દાણો' ને 'દાણી' શબ્દો જ લો ને ! જોડકું લાગે એવું જ છે ને ? 'દાણી' અટકવાળા ભલે દાણો-અનાજ ખાતા હોય, પણ એમની 'દાણી' અટકને 'દાણા' નામ જોડે કોઇ જ સંબંધ નથી !

જોડકા જેવું એક બીજું લો ! 'માળો' ને 'માળી'. 'માળો' પંખીનો હોય, શહેરી માનવોના મકાનનો પણ હોય, પરંતુ 'માળી' રૂપ (માળોનું નહીં જ) મૂળ નારી રૂપ જ નથી ! - નર જાતિનું રૂપ છે.

'મોર' ને 'મોરી' લો ! ખાળ, ગંદા પાણીની નીક, ગટર વગેરે અર્થો જોડે સંકળાયેલા આ 'મોરી' શબ્દ જોડે 'મોર' જેવા રૂપાળા પક્ષીનું નામ જોડવાનું કોને ગમશે ? (આપણો સાર્થ જોડણીકોશ, 'મોરી' શબ્દનો 'ઢેલ' અર્થ નોંધે છે - પણ વ્યવહારમાં એ પ્રચલિત નથી જ !)

ફળના સંદર્ભમાં 'ટેટો' ને 'ટેટી' જોઇ લઇએ. કયાં વડના (કે એ વર્ગનાં વૃક્ષના) 'ટેટા' ને કયાં સકરટેટી ! ને આમાં તો નર રૂપનું ફળ નાનું છે, નારી રૂપનું ફળ મોટું ! એ દષ્ટિએ તો નિયમથી ઊલટું જ ને ?

'પાપડ' અને 'પાપડી' લો, 'ચાંદો' અને 'ચાંદી' લો, 'હાથો' અને 'હાથી' લો ! ભાષાશાસ્ત્રીઓ આ જોડકા લાગતા શબ્દોના ઘડતરના મૂળ સંબંધો જોડી આપે તોય વ્યવહારમાં આ જોડકાંઓમાંના શબ્દોમાં પ્રચલિત અર્થોનો કોઇ પરસ્પર સંબંધ કે મેળ મળે એમ નથી !

આવાં તો હજુ ઘણાં જોડકાં મળી આવે પણ આ પ્રકારના પ્રયોગો વિશે આપણે ખરેખર સભાન છીએ ખરા ? આ નોંધવાનું ખાસ પ્રયોજન તો એ જ છે!

✪ ✪

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ- ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૧ ● અંક ૧૨ ● તા. ૧૬-૧૨-૯૦ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સિંગાપુરની પ્રગતિ

કોઈ પણ રાષ્ટ્રમાં જો સંપ, શાંતિ અને સહકાર હોય, પ્રામાણિકતા અને નિષ્ઠાપૂર્વકની રાષ્ટ્રભાવના હોય; કાર્યક્ષમ; ઉદાર અને વરેલી નેતાગીરી હોય અને બીજી બાજુ હડતાલો, રમખાણો, મોરચાઓ, આનુવંશિક જાતિઓની અથડામણો, આતંકવાદ, ઉશ્કેરણીજનક ઉદ્‌બોધનો, સરકારી માલમિલકતને નુકશાન, સરહદ પરનાં છમકલાં, વિદેશીઓની ઘૂસણખોરી, પ્રધાનોનાં કૌભાંડો વગેરેનાં સદંતર અભાવ હોય તો તે રાષ્ટ્ર એક બે દાયકામાં કેટલી ઝડપથી સરસ પ્રગતિ કરી શકે છે તેનું એક ઉત્તમ ઉદાહરણ તે સિંગાપુર છે. પચીસ વર્ષમાં સિંગાપુરની જે કાયાપલટ થઈ ગઈ છે તે કેટલી મોટી છે એ તો જૂના અને નવા સિંગાપુરને જેમણે નજરે નિહાળ્યું હોય તે જ કહી શકે. ત્રીસેક વર્ષ પહેલાં સિંગાપુરથી નીકળેલો માણસ અત્યારે ત્યાં પાછો ફરે તો માની ન શકે કે પોતે એ જ શહેરમાં આવ્યો છે !

સિંગાપુર જવાનું મારે ઘણી વાર બન્યું છે અને જૂનું તથા નવું સિંગાપુર નજરે નિહાળવાનું થયું છે. ત્રણેક દાયકા પહેલાં સિંગાપુર એટલે એક ગીચ, ગંદુ શહેર એવો અનુભવ થતો. સાંકડી ગલીઓમાં ચીનાઓ અને મલય લોકો રસ્તા, પર ખાટલા ઢાળીને બેઠા હોય, જ્યાં ત્યાં થૂકતા હોય, કચરો નાખતા હોય કે ચરસગાંજો પીને પડયા હોય.

ઘણા ચીનાઓ અને બીજા લોકો આગલા ભાગમાં દુકાન કરી પાછલા ભાગમાં રહેતા. છેતરપિંડી પણ એટલી ચાલતી. ફાટેલાં બનિયન અને મેલી અડધી ચડ્ડી પહેરીને ઉઘાડે પગે સાઈકલો અને સાઈકલ રીક્ષાઓ ચલાવનારાઓનો વ્યવહાર ત્યારે વધારે હતો. શહેરમાંથી પસાર થતી નાની નહેરનું પાણી કાળું, ગંદુ, દુર્ગંધમય અને મચ્છરોની વૃધ્ધિ કરનારું રહેતું અને એમાં મેલી, ગંદી, જર્જરિત હાઉસબોટ રાખીને રહેતા ચીનાઓનાં કુટુંબોને જોઈને તો દયા આવે કે ચીતરી ચઢે. સો કે સવાસો - દોઢસો વર્ષનાં જૂનાં ઢંગધડા વગરનાં મકાનો બિસ્માર હાલતમાં જયાં ત્યાં જોવા મળતાં. બેકાર માણસો જયાં ત્યાં બેસી રહેલા કે પાનાં રમતાં જોવા મળે. ગરીબી પણ પાર વગરની હતી.

બીજા વિશ્વયુદ્ધના સમય સુધી સિંગાપુરને અંગ્રેજો 'કુલી પોર્ટ'- મજૂરોના બંદર તરીકે ઓળખતા. જતાં આવતાં જહાજોનો માલ સામાન ઉતારવાવાળા મજૂરોની ત્યાં વસતી વધારે હતી. એ સિંગાપુર આજે માત્ર એશિયાના જ નહિ, સમગ્ર વિશ્વના સમૃધ્ધ શહેરોમાંનું એક શહેર ગણાવા લાગ્યું છે. આ સમૃધ્ધિ એણે છેલ્લાં પચીસ વર્ષમાં મેળવી છે.

સત્તાવીસ લાખની વસતી ધરાવનાર ટાપુરાષ્ટ્ર સિંગાપુરને સમૃધ્ધ કરનાર એના વડા પ્રધાન લી કવાંગ યુ, પચીસ વર્ષ સત્તા ભોગવ્યા પછી અને સિંગાપુરને આધુનિકતાથી સજ્જ કર્યા પછી હવે નિવૃત્ત થયા છે. સિંગાપુરના ઈતિહાસમાં એક વ્યક્તિએ પચીસ જેટલાં વર્ષ માટે સતત સત્તા ભોગવી હોય અને પોતાની સત્તાથી દેશને સમૃધ્ધ બનાવ્યો હોય તેવો આ પ્રથમ દાખલો છે. ૬૮ વર્ષના લીને હજુ સત્તા પર રહેવું હોય તો સહેલાઈથી રહી શકે એમ છે, પરંતુ પોતે પોતાની રાજદ્વારી કારકિર્દીની ટોચે હોય, આટલા લોકપ્રિય હોય ત્યારે જ એમને સત્તા છોડવી હતી. નવી પેઢીના બાહોશ યુવાનોને સત્તા સોંપી પોતાના માર્ગદર્શન હેઠળ તેમને તૈયાર કરવા તેઓ ઈચ્છે છે.

લી કવાંગ યુ સ્વેચ્છએ વડા પ્રધાનના હોદ્દા પર ચાલુ રહેવાનું છોડી દીધું છે. સત્તાના સૂત્રો મિ. ગોહ અને પોતાનો પુત્ર મિ. લીને સોંપ્યાં છે, તો પણ પોતે હજુ તેમાં સક્રિય રસ લઈ પોતાનું આડકતરું વર્ચસ્વ ચાલુ રાખ્યા કરશે. અચાનક સત્તા પરિવર્તન થાય અને ખોટા માણસો સત્તા પર આવે એના કરતાં નવી પેઢીને વેળાસર સત્તાનાં સૂત્રો સોંપીને તૈયાર કરવામાં લીએ બહુ ડહાપણભર્યું, દીર્ઘદષ્ટિવાળું પગલું લીધું છે એમ રાજદ્વારી ચિંતકો માને છે.

બીજા વિશ્વયુધ્ધ વખતે લી કવાંગ યુ તેજસ્વી, બુધ્ધિશાળી, કાર્યદક્ષ અને સ્વપ્ન સેવી યુવાન હતા. બીજા વિશ્વયુધ્ધ વખતે જાપાનના સૈનિકોએ જયારે સિંગાપુર પર કબજો મેળવ્યો હતો ત્યારે લી એ જાપાની ખબરપત્રીઓના દુભાષિયા તરીકે કામ કરેલું. વિશ્વયુધ્ધ પછી લી એ ઈન્ગ્લેન્ડ જઈ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ કર્યો. સ્વદેશ પાછા ફરીને એમણે રાજરાકણમાં ઝંપલાવ્યું. ૧૯૬૫માં જયારે મલેશિયાએ સિંગાપુરને પોતાના ફેડરેશનમાંથી બહાર હાંકી કાઢયું ત્યારે ટી. વી. ઉપર પોતાના દેશ માટે પ્રતિભાવ વ્યક્ત કરતાં કરતાં લી રોઈ પડયા હતા. ત્યારે એમણે સંકલ્પ કર્યો હતો કે સિંગાપુરને લાચારીથી મલેશિયા ઉપર આધાર રાખવો પડે છે તેના કરતાં મલેશિયાને સિંગાપુરની ગરજ પડે એટલી હદે સિંગાપુરને સમુધ્ધ કરવું છે. પીવાનું પાણી, વીજળી વગેરે ઘણી ચીજ વસ્તુઓ માટે સિંગાપુરને ત્યારે મલેશિયા ઉપર આધાર રાખવો પડતો હતો. લીના સંકલ્પ પ્રમાણે આજે મલેશિયાને કેટકેટલી વસ્તુઓ માટે સમૃધ્ધ સિંગાપુર ઉપર આધાર રાખવો પડે છે. મલેશિયા કરતાં જકાતમુક્ત સિંગાપુર આર્થિક દૃષ્ટિએ ઘણુબધું સમૃધ્ધ બની ગયું છે.

યુવાન વયે રાજકારણમાં ઝંપલાવી લી એ પોતાના પક્ષને મજબૂત બનાવ્યો અને પોતાની રાજદ્વારી કુનેહથી યુવાન વયે વડા પ્રધાનનું પદ મેળવ્યું હતું.

લી કવાંગ યુ જાતે ચીના છે, પરંતુ તેઓ પોતાની જાતને '

(2)



સિંગાપુરી' તરીકે જ ઓળખાવે છે. 'અમારા બાપદાદા ચીનથી આવીને અહીં વસ્યા હતા, પણ અમારી નિષ્ઠા ચીન પ્રત્યે નહિ પણ અમારી જન્મભૂમિ સિંગાપુર પ્રત્યે રહેલી છે. અમેરિકન પ્રમુખ જહોન કેનેડીના બાપદાદા આયરલેન્ડના હતા, પરંતુ કેનેડી પોતાની જાતને આયરીશ તરીકે નહિ પણ અમેરિકન તરીકે ઓળખાવતા તેવી રીતે અમે અમારી જાતને હવે સિંગાપુરી તરીકે ઓળખાવીએ છીએ.'

સિંગાપુરમાં લગભગ ૭૫ ટકાથી વધુ ચીનાઓ છે, પંદર સત્તર ટકા મલય લોકો છે અને સાતેક ટકા લોકો ભારતીય છે. તેઓ બધા જ પોતાને સિંગાપુરી તરીકે ઓળખાવી પોતાની અસ્મિતા દર્શાવે એવી લીની ભાવનાને કારણે એ ત્રણે પ્રજાઓ વચ્ચે સહકાર, સંપ, શાંતિ રહ્યાં છે.

ઈન્ગ્લેન્ડમાં કેટલાંક વર્ષ રહીને પાછા આવનાર લી સત્તા પર આવ્યા પછી ઈન્ગ્લેન્ડના શિસ્ત, પ્રામાણિકતા અને સ્વચ્છતાના સંસ્કાર સિંગાપુરમાં પણ લઈ આવ્યા. એ બાબતમાં એમણે કડક હાથે કામ લીધું. એદી ચીનાઓ ગમે ત્યાં થૂકતા, કચરો નાખતા તે માટે એમણે કડકમાં કડક દંડ પદ્ધતિ દાખલ કરી. જાહેર શૌચાલયમાં ટાંકી ન ખેંચનાર, સંડાસને બગાડનાર માણસને એમણે જેલની સજા કરી હતી. ત્યારથી સિંગાપુરના જાહેર શૌચાલયો સ્વચ્છ બની ગયાં હતા. રસ્તામાં સિગરેટના ઠૂંઠા નાખનાર વિદેશી પ્રવાસીઓને પણ દંડ કરવામાંથી બાકાત રાખ્યા નહોતા. રસ્તામાં ગમે ત્યાં કચરો નાખનારને પકડવા માટે પોલિસ ઉપરાંત એમણે શાળાના વૉલન્ટિયર વિદ્યાર્થીઓને પણ ઓળખપત્ર સાથે સત્તા આપી હતી. આથી સિંગાપુર એશિયાના સ્વચ્છ શહેરોમાં ટોકિયો કરતાં પણ આગળ નીકળીને પ્રથમ નંબરે આવ્યું. દુનિયાનાં પાંચ દસ સ્વચ્છ શહેરોમાં સિંગાપુરની પણ ગણના થવા લાગી.

લી કવાંગ યુ એ મળેલી સત્તાનો બહુ કડક હાથે ઉપયોગ કરીને સિંગાપુરને સુધારી નાખ્યું, અને સમૃદ્ધ બનાવી દીધું. લી પાસે દીર્ઘદષ્ટિ અને આયોજનની શક્તિ હતી. એમણે જોયું કે રહેવા માટે બીજું સારું ઘર જ્યાં સુધી ન મળે ત્યાં સુધી લોકો બાપ-દાદાનું જૂનું ઘર સહેલાઈથી છોડે નહિ. એટલે એમને રહેવા માટે સારા બહુમાળી મકાનો બાંધવાનું ચાલુ કર્યું અને એક પછી એક વિસ્તારના લોકોને ઘર ખાલી કરાવીને જૂના મકાનો તોડવા માંડયા. એથી રસ્તાઓ પહોળા થયા અને નવાં બહુમાળી મકાનો થતાં ગયાં. મકાનોનું બાંધકામ પણ યોજના પ્રમાણે સમયસર થઈ જાય એ માટે પણ એમણે ચીવટ રાખી. સિંગાપુરમાં એક વખત જ્યારે હું હતો ત્યારે એક મિત્રે મને કહેલું કે સિંગાપુરના કાયદા પ્રમાણે કોઈ પણ કુટુંબ પાસેથી બળજબરીથી ઘર ખાલી કરાવી શકાય નહિ. જે કેટલાક ચીનાઓ પોતાનું જૂનું ગંદુ ઘર ખાલી કરે જ નહિ એને માટે લી એ કાયદામાં રહીને એક યુક્તિ શોધેલી કે જે મકાનને આગ લાગી હોય તે મકાન ખાલી કરાવવાની સત્તા બંબાવાળાને અને પોલિસને એટલે કે સરકારને રહેતી.

લી ના માણસો એવા જૂના ઘરોમાં રાતને વખતે નાની સરખી આગ લગાવી આવતા કે જેથી કોઈ માણસને કે એની ઘરવખરીને નુકસાન ન થાય. પરંતુ પછીથી એ ઘર સરકારના કબજામાં આવી જતું. ઘરમાં રહેનારાઓને બીજે ખસેડવામાં આવતા. આગ લાગેલા મકાનને તરત તોડી નાખવામાં આવતું અને પછીથી ત્યાં નવું મોટું સરસ મકાન બંધાતું. આરંભમાં કેટલાક લોકોને આ ગમેલું નહિ. પરંતુ નવા સારા મોટા અને આધુનિક સગવડવાળા મકાનમાં સસ્તા દરે રહેવાનું મળતાં લોકો સરકારની નોટિસ આવે કે તરત ઘર ખાલી કરી આપવા લાગ્યા હતા. બે અઢી દાયકામાં તો આ રીતે સિંગાપુરની તમામ જૂની ગીચ વસ્તી નીકળી ગઈ.

આરંભના વર્ષોમાં ગીચ વસતી અને બેકારી તથા ગરીબીને કારણે લી એ સંતતિ નિયમનો બહુ પ્રચાર કર્યો હતો. પરંતુ પછીથી રહેવાનાં અને ખાવા પીવાનાં સાધનો વધવા સાથે અને બેકારીના સદંતર નિવારણ સાથે સંરક્ષણની દષ્ટિએ વધુ વસ્તીની આવશ્યકતા જણાઈ અને એથી છેલ્લા કેટલાંક વર્ષોથી સિંગાપુરમાં બે કરતાં વધુ બાળકો થાય તે માટે સરકાર તરફથી ઉત્તેજન મળવા લાગ્યું છે. લી કહે છે કે 'સિંગાપુર એટલે ભૂખ્યા મહાસાગરમાં એક નાની સ્વાદિષ્ટ માછલી. ગમે ત્યારે એને કોઈ પણ ગળી જઈ શકે.' એટલા માટે લી એ સિંગાપુરનું ખાસ્સુ મોટું સૈન્ય પણ તૈયાર કરાવ્યું અને અમેરિકાથી આયાત કરેલી યુદ્ધ માટેની તદન આધુનિક શસ્ત્ર સામગ્રીથી સજ્જ કર્યું છે. ચીન, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, મલેશિયા, વગેરે મોટાં પડોશી રાષ્ટ્રોને સિંગાપુરની અદેખાઈ ઘણી આવે, પણ સિંગાપુરમાં હસ્તક્ષેપ કરવાનું સાહસ તેઓએ હજુ કર્યું નથી.

સિંગાપુરમાં ઓફિસનાં મકાનો, ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, સ્કૂલો, હોસ્પિટલો, હોટેલો વગેરે માટે ઊંચા, વિશાળ, મકાનો બાંધ્યા વગર છૂટકો નહોતો, કારણ કે ચારે બાજુ સમુદ્રવાળા એ ટાપુ શહેરને વિકસવા માટે ઊંચે જવા સિવાય બીજો રસ્તો ન હતો. મોટા પહોળા રસ્તાઓ કરવા સાથે લી એ ઠેરઠેર વૃક્ષો અને બગીચાઓનું આયોજન કરીને સિંગાપુરને એક રળિયામણું નગર બનાવી દીધું.

૧૯૯૦ના શ્રેષ્ઠ એરપોર્ટ તરીકે એવોર્ડ મેળવનાર સિંગાપુરના ચાંગી એરપોર્ટને અને દરિયાઈ બંદરને લી એ એટલું સરસ આધુનિક સ્વરૂપ આપ્યું છે કે જેથી ત્યાં વીમાનોની અને જહાજોની અવરજવર ઘણી બધી જ વધી ગઈ છે. પ્રત્યેક વિમાન કે જહાજના આગમનને કારણે મળતા ભાડાની આવક એટલી મોટી થઈ ગઈ કે સિંગાપુરને બીજા બહુ કરવેરા નાખવાની જરૂર રહી નહિ. એ આવકમાંથી જ શહેર ઉત્તરોત્તર સમૃદ્ધ થતું ગયું. એથી લોકોની રોજગારી વધતી ગઈ. બેકારી સદંતર નિર્મૂળ થઈ ગઈ. રહેવા તથા ખાવાપીવાની આધુનિક સગવડો મળતાં અને સારી કમાણી થતાં ભીખ, ચોરી, લૂંટફાટ, છેતરપિંડી નીકળી ગયાં. એ માટે સખત સજાની જોગવાઈએ પણ લોકોને સુધારી નાખ્યા. સરેરાશ આદમીને સિંગાપુરમાં પોતાની સરકારથી પૂરો સંતોષ છે.

સિંગાપુરે સર્વાંગીણ વિકાસ સાધ્યો છે. પ્રજાનું આરોગ્ય ઘણું સારું થયું છે. આયુષ્ય મર્યાદા વધી છે. સારી કેળવણી વિદ્યાર્થીઓને મળે છે. ટેકિનકલ ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે ઘણી પ્રગતિ સધાઈ છે. આંતરરાષ્ટ્રીય ઔદ્યોગિક કંપનીઓએ સિંગાપુરમાં પોતાના ઉદ્યોગો સ્થાપ્યા છે. મુક્ત શહેર હોવાને લીધે દુનિયાભરની કરન્સી સિંગાપુરમાં આવે છે. એમાંથી પણ સિંગપુરને સારી કમાણી થાય છે. ટ્રાન્ઝિટ-શિપમેન્ટ માટે પણ ત્યાં ઘણી સુવિધાઓ છે. રોજનો કરોડો રૂપિયાનો માલ ત્યાં આવે છે અને જાય છે.

લોકોની સમૃદ્ધિ વધતાં અને કાયદાઓ કડક બનતાં સિગરેટનું વ્યસન ઓછું થયું છે. ચરસગાંજો, નશીલી દવાઓ વગેરે નીકળી ગયાં છે. દાણચોરી ખાસ રહી નથી. હૉંગકૉંગ પણ મુક્ત શહેર છે. પણ હૉંગકૉંગ કરતાં સિંગાપુર ઘણું આગળ નીકળી ગયું છે.

નિરીક્ષકો એમ માને છે કે સિંગાપુરનો વિકાસ આર્થિક દષ્ટિએ જેટલો થયો છે તેટલો સાંસ્કૃતિક દષ્ટિએ થયો નથી. ભાષા, સાહિત્ય, સંગીત, શિલ્પાદિ કલાઓનું રસિક અને સુસંવાદી વાતાવરણ સિંગાપુરમાં જોઈએ તેટલું અનુભવવા નહિ મળે. સિંગાપુર એટલે અતિશય કડક, તંગ અને કામગરુ શહેર એવી છાપ વધારે પડે છે. પ્રસન્નતાની થોડીક ઊણપ કેટલાક લોકોને એમાં વરતાય છે. સિંગાપુરના સત્તાધીશો આ વિશે સજાગ છે અને હવે એ દિશામાં પણ એમના પ્રયાસો ચાલુ થયા છે.

(અનુસંધાન પૃષ્ઠ - ૨૦)

# પેટ્રોલિયમ પેદાશોની ભીતરમાં

□ સૂર્યકાન્ત પરીખ

અખાતી તેલની કટોકટીને કારણે આપણો દેશ ઘણી જ આર્થિક વિમાસણમાં આવી પડયો છે. આમાંથી રસ્તો કાઢવા માટે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણા દેશની સરકાર પાસે પડેલા મહત્ત્વના દસ્તાવેજો ઉપર એક નજર નાખવી જરૂરી બને છે. ૧૯૫૬માં દેશના કોલસાના જથ્થાનો વિચાર કરવા માટે "ઘોષ કમિટી"એ પોતનો રિપોર્ટ આપેલ છે. ત્યારબાદ સમગ્ર રાષ્ટ્રની ઊર્જાની જરૂરિયાત માટે ૧૯૬૬માં "લહેરી કમિટી"નો રિપોર્ટ, ૧૯૭૪માં બળતણ અંગેની નીતિ સમિતિનો રિપોર્ટ, ૧૯૭૭માં કોલસામાંથી તેલની શકયતા અંગે ચક્રવર્તી કમિટીનો રિપોર્ટ, ત્યારબાદ વાહનવ્યવહારમાં કોલસાના ઉપયોગ અંગે રિપોર્ટ અને ફરી પાછું ૧૯૮૫માં યુ.એન.ડી.પી.ની મદદથી કરવામાં આવેલ કોલસામાંથી તેલની શકયતાનો રિપોર્ટ. આમાંથી એક પણ રિપોર્ટનો અમલ કરવામાં આવ્યો હોત તો હાલનું આ ઊર્જાસંકટ પેદા થયું ન હોત.

પેટ્રોલિયમ પદાર્થોની આવી રહેલી તંગીને કારણે ભારત સરકારે પેટ્રોલિયમ પદાર્થોની વપરાશ ઘટાડવાનો નિર્ણય ૨૪મી જુલાઇ ૧૯૯૦થી અમલમાં મૂકયો છે. આ પગલાંથી લોકો પોતાના વપરાશ પર કાપ મૂકે તો સારું, પરંતુ બધો ભાર નાના વપરાશકારો પર આવશે તેમાં કોઇ શંકા નથી.

બીજી તરફથી દુનિયાનું શું ચિત્ર છે તે જોઇએ. છેલ્લા બે દાયકામાં દુનિયામાં કુદરતી ગેસના રિઝર્વ ૩૭ લાખ કરોડ ઘનમીટરમાંથી વધીને ૯૫ લાખ કરોડ ઘનમીટર થયો છે. (અંગ્રેજી નોંધમાં ૩૭ હજાર બિલિયન કયુબિક મીટર અને ૯૫ હજાર બિલિયન કુયબિક મીટર થાય છે). ભારતમાં પણ એ જ રીતે ગેસનો વધુ જથ્થો શોધાયો છે.

આ રીતે કુદરતી ગેસનો જથ્થો વધવાને કારણે તેને પાઇપલાઇનમાં વહેવડાવીને લાંબા અંતરે લઇ જનાર સંસ્થાઓ વધી છે. તેને પાઇપલાઇનમાં વહન કરવાનો ખર્ચ વધે છે, છતાં પર્યાવરણના પ્રશ્નોને કારણે ગેસને પાઇપલાઇનમાં વહેડાવીને લાંબા અંતરે લઇ જવાનું વધુ પસંદ કરાય છે.

૧૯૮૪માં ગેસ ઓથોરિટી ઓફ ઇંન્ડિયા (જી.એ.આઇ.એલ.) જયારે બનાવવામાં આવ્યું ત્યારે નીચેનાં કામો તેને કરવાનાં રહેશે તેવી નીતિ જાહેર થઇ હતી :

૧. ગેસનો વપરાશ થાય તે માટે પ્લાન્ટ અને અન્ય સગવડો ઊભી કરાશે.

૨. ગેસનો વેપાર વધુ થાય તે માટેની પ્રવૃત્તિઓ તે કરશે.

૩. ગેસને લઇ જઇ તેને શુધ્ધ કરવા માટે, તેને પ્રોસેસ કરીને એલ.પી.જી. અને એન.જી.એલ.ના સ્વરૂપમાં તે મૂકશે.

૪. ગેસ તથા ઑઇલ વહન કરવા માટે પાઇપલાઇનની ડિઝાઇન કરશે અને બાંધશે.

૫. અન્ય બીજી રાષ્ટ્રીય સંસ્થાઓ મળીને એવી યોજનાઓ બનાવશે કે તે મારફતે કુદરતી ગેસનો પૂરો ઉપયોગ થઇ શકે.

આ રીતે પાંચ વર્ષ પૂરાં થયાં તેમાં ગેસ ઓથોરિટીએ મહત્ત્વનું કામ કર્યું હોય તો તે ૧૯૦૦ કિલોમીટરની લાંબી એચ.બી.જે. પાઇપલાઇન (હજીરા-બિજાપુર-જગદીશપુર) રૂા. ૧૭૦૦ કરોડના ખર્ચે નાખી છે.

પરંતુ આટલા મોટા ખર્ચે નાખેલી આ પાઇપલાઇન મારફતે (૧૦ મિલિયન) એક કરોડ કયુબિક મીટર ગેસ લઇ જવાની ક્ષમતા હોવા છતાં, ગેસ વાપરવા માટે જે ફર્ટિલાઇઝર કારખાનાં તૈયાર કરવાનાં હતાં તે ન થયાં, એટલે આજની તારીખે (૩.૫ મિલિયન) ૩૫ લાખ ઘનમીટર ગેસ જ વહન થાય છે. બાકીનો ગેસ વહન થતો નથી, એટલે દેશને એટલું નુકશાન છે તેની ગણતરી કરવી જરૂરી છે. આટલો બધો ગેસ દેશમાં ઉપલબ્ધ હોય ત્યારે અને ૧૭૦૦ કરોડના ખર્ચે નાખેલી પાઇપલાઇન અડધાથી પણ ઓછી ક્ષમતાથી ચાલતી હોય ત્યારે આ વધારાના ગેસના જથ્થામાંથી જેમ એલ.પી.જી., ઇથીલીન, પ્રોપેલીન જુદાં પાડી શકાય તે માટેનાં કારખાનાઓ પણ પૂરાં તૈયાર થઇ શકયાં નથી.

એ યાદ રાખવું જરૂરી છે કે, ૬૫ ટકા પેટ્રોલિયમ પ્રોડકટ્સનો ઉપયોગ ટ્રાન્સપોર્ટ સેકટરમાં થાય છે. ૨૯ ટકા ઘરગથ્થુ ઇંધણમાં થાય છે. એટલે ઑઇલ કે ખનિજ તેલની જગાએ જો ગેસનો ઉપયોગ કરવામાં આવે તો તેટલી આયાતો ઓછી થઇ શકે તેમાં શંકાને સ્થાન નથી.

છેલ્લાં ત્રણ વરસથી ૧૯૮૬-૮૭થી કુદરતી તેલ અને વાયુપંચ તથા ગેસ ઑથોરિટી ઑફ ઇન્ડિયાએ કૉમ્પ્રેસ્ડ નૅચરલ ગેસ (સી.એન.જી.)નો ઉપયોગ રાજય વાહનવ્યવહાર કૉરપોરેશનનાં વાહનોમાં કર્યો અને તે પ્રયોગ બહુ સફળ થયો. મોટરોના મશીનમાં રૂા. ૪ હજારની કિંમતનું એક નાનું મશીન ગોઠવવામાં આવે છે જેથી આ કૉમ્પ્રેસ્ડ ગેસનો ઉપયોગ પેટ્રોલ કે ડીઝલની જગાએ મોટરવાહનો ચલાવવામાં કરી શકાય છે. દિલ્હી તથા કલકત્તામાં આ પ્રમાણે પ્રયોગો સફળ થયા છે. પરદેશના ઘણા દેશોમાં કેટલાય વખતથી ડીઝલ અને પેટ્રોલને બદલે કૉમ્પ્રેસ્ડ ગેસનો ઉપયોગ વાહનોમાં કરવામાં આવે છે. રશિયામાં તો દસ લાખથી પણ વધુ વાહનો આ પધ્ધતિથી ચાલે છે. તે પ્રમાણે ઇટલીમાં ૩ લાખ, ન્યૂઝીલેન્ડમાં એક લાખથી વધુ અને બાંગ્લાદેશ, બર્મા, ચાઇના, ઇન્ડોનેશિયા, ઇરાન, મલેશિયા આ બધામાં કૉમ્પ્રેસ્ડ ગેસનો ઉપયોગ કરીને પેટ્રોલ અને ડીઝલની મોટી બચત કરાય છે.

એ રીતે કેરોસીન, એલ.પી.જી. અને વીજળીનો બચાવ પણ રાંધવા માટે પાઇપલાઇનથી ગેસ આપવામાં આવે તો થઇ શકે છે. મહારાષ્ટ્ર સરકાર આ અંગે આગળ વધી રહી છે. જો એચ.બી.જે. પાઇપલાઇનમાં ૫૦ લાખ ઘનમીટર ગેસથી વધુ ડીમાન્ડ ન હોય તો બાકી રહેતો ૫૦ લાખ ઘનમીટર ગેસનો ઉપયો એલ.પી.જી. કે કેરોસીનની જગાએ રાંધવામાં કરવામાં આવે છે અને ટ્રાન્સપોર્ટમાં કૉમ્પ્રેસ્ડ ગેસ આપીને કરવામાં આવે તો અત્યારની હાડમારીમાંથી દેશ ઊગરી શકે. પરંતુ ઓ.એન.જી.સી. અને ગેસ ઑથોરિટી ઑફ ઇન્ડિયા લિ.ની વચ્ચેની સમજૂતીનાં અભાવમાં કરોડો રૂપિયાનું આંધણ આપણે ત્યાં થઇ રહ્યું છે અને જે આપણી પાસે ઉપલબ્ધ છે તેનો યોગ્ય ઉપયોગ આપણે કરી શકતાં નથી. ગેસની કિંમત લોકોને પોષાય એવી

રખાય તો લાખો વાપરનારાઓને રાહત રહેશે અને સરકારને જે ગેસ બાળી નાખવામાં આવે છે તેમાંથી આવક થઇ શકે.

આ સદીના અંતમાં પેટ્રોલિયમ પેદાશોની વપરાશ ૧૦૦ મિલિયન મેટ્રિક ટન દર વરસે (એમ.એચ.ટી.પીએ.) થશે, એટલે કે વરસે દસ કરોડ મેટ્રિક ટન થશે. એની સામે કુદરતી ગેસનું ઉત્પાદન દસ કરોડ ઘનમીટર રોજનું થઇ શકે તેમ છે, જે એક વરસે ૪ કરોડ ટન ઑઇલ બરોબર થાય છે, એટલે પેટ્રોલિયમ પેદાશોની વપરાશના ૪૦ ટકા થાય છે.

આ અંગે ઘણું ઘનિષ્ટ પ્લાનિંગ કરવું પડશે કે જેમાં કુદરતી ગેસનું ઉત્પાદન વધારવા માટેના બધા ઉપાયો લેવા પડશે. ૭૦ ટકા જેટલો ગેસ તો દરિયાઇ ક્ષેત્રોમાંથી મળે તેમ છે.

પાવર સેક્ટરમાં એટલે કે વીજળી વપરાશ કરવા માટે ગેસનો ઉપયોગ પ્રમાણમાં દુનિયાના બીજા દેશોમાં થઇ રહ્યો છે. આપણે ત્યાં ૧૯૭૫-૭૬માં સતીશચંદ્ર કમિટીએ પોતાનો અહેવાલ આના વિરુદ્ધમાં આપ્યો અને વાત ત્યાં અટકી પડી. ૧૨-૧૪ વર્ષ વહી ગયાં અને ગેસનો ઉપયોગ કરનારાં ખાતરનાં છ કારખાનાંઓ ન થઇ શકયાં. કારણકે તેમાં ૪ હજાર કરોડનો અંદાજી ખર્ચ છે! (દેશ પાસે કયાં છે નાણાં અને કયાં છે પરદેશી હૂંડિયામણ?) એટલે ગેસનો ઉપયોગ ન હોવાને કારણે આપણે તેને બાળી નાખીએ છીએ.

ગેસ સેકટરે ફર્ટિલાઇઝર ઉદ્યોગનો ઘણો વિકાસ કરાવ્યો - હવે વારો આવ્યો છે કુદરતી ગેસનો ઉપયોગ ઘરવપરાશમાં કરવાનો, કેરોસીનની જગા તે લે, તેમ જ તેમાંથી કૉમ્પ્રેસ્ડ ગેસ તૈયાર કરીને વાહનોમાં તેનો ઉપયોગ કરીને પેટ્રોલ-ડીઝલનો બચાવ કરી શકાશે.

આપણા દેશમાં પશ્ચિમ કાંઠે એટલે કે ગુજરાત અને મુંબઇ વચ્ચે બૉમ્બે હાઇ, ગાંધાર, તાસીહાઇનાં તેલ અને ગેસનાં મોટાં ક્ષેત્રો આવેલાં છે. આજે લગભગ ૭ કરોડ ઘનમીટર ગેસ રોજનો ઉપલબ્ધ છે તેમાં સાડાત્રણ કરોડ ઘનમીટર ગેસ રોજનો એસોસીએટેડ ગેસ સ્વરૂપે મળે છે, જે તેલની સાથે બહાર નીકળે છે.

ગેસનું આ વિપુલ ક્ષેત્ર છે તેથી ભારત સરકાર અત્યારે ગેસનો ઉપયોગ કઇ રીતે કરવો જોઇએ તેની એક નીતિ નક્કી કરી રહી છે. (૧૯૭૫માં સતીશચંદ્ર કમિટીએ આવી એક નીતિ નક્કી કરતો રિપોર્ટ આપેલો, જેનાથી ગુજરાતને બહુ મોટું નુકશાન થયું હતું).

આટલાં વરસોથી ગેસને બાળી નાખવામાં આવ્યો છે અને આજે પણ બાળી નાખવામાં આવે છે. તેથી ગુજરાતની સરકારે સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લામાં પીપાવાવ ખાતે ૬૧૫ મૅગાવૉટનું એક વીજળીમથક ગેસઆધારિત ચાલે તે માટે ભારત સરકાર પાસે મજબૂત માગણી મૂકી છે. આપણા રાજયની આસપાસ જો આટલો બધો ગેસ ઉપલબ્ધ હોય તો શા માટે એના રૂપાંતરનો લાભ આપણને ન મળવો જોઇએ ? જો ગેસનું રૂપાંતર વીજળીમાં થાય તોપણ આપણા રાજયને કોલસા પરનો આધાર ઓછો રાખવો પડશે, કારણકે, એક હજાર કિલોમીટર દૂરથી આપણે કોલસો લાવીએ છીએ તેથી તેની કિંમત ખૂબ જ ચૂકવવી પડે છે. જો ગેસનું રૂપાંતર કૉમ્પ્રેસ્ડ ગેસમાં એન.જી.માં કરીએ તો આપણે વાહનવ્યવહારમાં તેનો ઉપયોગ કરી શકીએ અને પેટ્રોલ-ડીઝલ બચાવી શકીએ.

જે કાંઇ હોય તે - પણ કુદરતી ગેસનો વિપુલ જથ્થો આપણા રાજયના ભંડારમાં છે તો તેનો ઉત્તમ ઉપયોગ કરીને દેશને આત્મનિર્ભર બનાવી શકીએ. નીચેના આંકડાઓ ઉપરથી આ વાતની પ્રતીતિ થશે :

સમગ્ર દુનિયામાં ૨૦ વર્ષમાં ૩,૭૦,૦૦૦ કરોડ કયુબિક મીટર ગેસનું ઉત્પાદન થયું છે તે વધીને ૧૯૯૦માં ૯,૫૦,૦૦૦ કરોડ કયુબિક મીટરનું થયું છે, એટલે ગેસનો આધાર ખનિજતેલ કરતાં વધુ થયો છે.

સદીના અંતે એટલે ૨૦૦૦ની સાલમાં પેટ્રોલિયમ પેદાશોની માંગ દસ કરોડ મેટ્રિક ટન રોજના થશે. તેની સામે રોજના દસ કરોડ મેટ્રિક ઘનમીટર ગેસનું ઉત્પાદન થઇ શકશે અને તેથી પેટ્રોલિયમ પેદાશોની ૪૦ ટકા માંગને તેમાંથી સંતોષી શકાય એટલી તેની ક્ષમતા છે.

૧૯૦૦ કિલોમીટરની હજીરા-બિજાપુર-જગદીશપુર પાઇપલાઇનની ગેસવહન ક્ષમતા રોજના એક કરોડ ઘનમીટરથી પણ વધુ છે; તે છતાં આજે ફકત ૩૫ લાખ ઘનમીટર ગેસ તેમાંથી વહન થાય છે. આ પાઇપલાઇનનો ખર્ચ રૂ. ૧૭૦૦ કરોડ થાય છે. ■

# વૈચારિક ક્રાન્તિના સર્જક - કિશોરલાલ ઘ. મશરૂવાળા

□ પ્રા. કાન્તિભાઇ બી. શાહ

ગુજરાતના એક મહાન ચિંતક, ગાંધીજીના અંતેવાસી, ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજ, કેળવણી, અર્થકારણ, રાજકારણ, સ્ત્રી- પુરુષસંબંધ જેવા અનેક વિષયો પરત્વે નિર્ભીકપણે પોતાનો આગવો દષ્ટિકોણ રજૂ કરનાર, ગાંધીજીના અવસાન પછી સાડા ચાર વર્ષ સુધી 'હરિજન' પત્રોની જવાબદારી, નાદુરસ્ત તબિયતે પણ, નિભાવી ગાંધીજીની ખોટ એ પત્રોના વાચકોને વરતાવા ન દેનાર શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળાનો જન્મ તા. ૫-૧૦-૧૮૯૦ના રોજ મુંબઇ ખાતે થયો હતો. ૧૯૯૦નું આ વર્ષ શ્રી મશરૂવાળાની જન્મશતાબ્દીનું વર્ષ છે. ખરેખર તો ગુજરાતે આવા મોટા ચિંતનકારને પેટભર યાદ કરવા જોઇતા હતા, પણ લાગે છે કે આપણી સાહિત્ય-શિક્ષણની સંસ્થાઓ, વિશ્વવિદ્યાલયો, સામયિકો, અખબારો એમાં ઊણાં ઊતર્યાં અને શ્રી મશરૂવાળા એમના જન્મશતાબ્દી વર્ષમાં પણ સાવ જ વીસરાયેલા રહ્યા.

બાળપણમાં કિશોરલાલ ઘોડિયામાં સૂતા હતા ત્યારે ઘોડિયા પર ધસી આવેલા અળસીની ઢગલામાંથી એમનો અદ્‌ભુત બચાવ થયેલો. થોડીક ક્ષણો અગાઉ જ ગોવિંદ નામનો ઘાટી એમને ઘોડિયામાંથી ઊંચકીને પોતાની જગાએ લઇ ગયેલો. આ ચમત્કારિક બચાવ થઇ જતાં પિતા ઇચ્છારામે પુત્રનું જીવન ઇશ્વરને-ઘનશ્યામને સમર્પિત કર્યું. ત્યારથી કિશોરલાલના નામ પાછળ પિતાનું નામ ઘનશ્યામલાલ લખાતું થયેલું.

કિશોરલાલની વિચારધારા ઉપર મુખ્યત્વે ત્રણ પરિબળોએ મોટો પ્રભાવ પાડયો છે : સ્વામિનારાયણના સંસ્કારો, ગાંધીજી અને કેદારનાથજી. કેદારનાથજીને તો એમણે જાહેર રીતે પોતાના ગુરુ તરીકે ઓળખાવ્યા હતા. અને એમની પાસેથી સાંભળેલી જીવનદષ્ટિ અંગે એમણે જાહેર ઋણસ્વીકાર પણ કર્યો હતો છતાં સ્વામી આનંદ કહે છે તે પ્રમાણે કેવળ ગુરુજન પાસેથી પામેલ મૂડી ઉપર એમણે વેપાર ચલાવ્યો નથી. સ્વવિચારબળ એ જ એમની મુખ્ય કમાઇ રહી છે.

ગાંધીજીની વિચારધારાને એમણે વેગ અને સમર્થન આપ્યાં છે, પણ પૂરતી તટસ્થતા જાળવીને. ગાંધીજીની છાયામાં રહેવા છતાં

એમણે ગાંધીજીથી સ્વતંત્ર એવો વિકાસ સાધ્યો છે. ગાંધીજીના અનેક વિચારો સાથે એમણે અસંમતિ અને મતભેદ પ્રગટ કર્યાં છે.

'જીવનશોધન', 'અહિંસાવિવેચન', 'ગીતામંથન', 'સંસાર અને ધર્મ', 'સમૂળી ક્રાન્તિ', 'સ્ત્રીપુરુષમર્યાદા', 'કેળવણીના પાયા', 'કેળવણી વિવેક', 'કેળવણી વિકાસ' વગેરે પુસ્તકોમાં એમનાં ચિંતનાત્મક લખાણો ગ્રંથસ્થ થયાં છે. આ ચિંતન-મનનમાં જીવનલક્ષી અનેકવિધિ પ્રશ્નોની સમર્થ વિચારણા એમણે કરી છે, તો કયાંક ધરમૂળથી નવેસર સુધારા પણ સૂચવ્યા છે. ગાંધી વિચારધારાનું ઉત્તમ દોહન એમણે 'ગાંધી વિચારદોહન' ગ્રંથમાં કરી આપ્યું છે. ગુજરાતને એમના ચિંતનસાહિત્યથી સમૃદ્ધ કરનાર શ્રી મશરૂવાળા યોગ્ય રીતે જ 'શ્રેયાર્થી'નું બિરુદ પામ્યા છે. શ્રી મશરૂવાળાએ અનેક વિષયો પરત્વે જે નવેસરથી વિચારણા કરી છે એ રીતે તો એમને વૈચારિક ક્રાન્તિના સર્જક જ ગણવા પડે. પણ સાથે એ પણ ન ભૂલવું જોઇએ કે તત્ત્વજ્ઞાનને તેઓ કેવળ બૌદ્ધિક વિલાસ ગણવાના મતના નથી. ખરેખર તો એને આધારે જીવન રચવાનું છે. જીવન સાથે સંબંધ ન ધરાવતી હોય એવી માન્યતાઓમાં એમને રસ નથી. શ્રી મશરૂવાળા 'જીવનશોધન'માં સ્પષ્ટ લખે છે કે : "....કાંઇ પણ ખંડનમંડન કરવાનો મેં પ્રયત્ન કર્યો છે તો તે જીવનને બદલવાની દૃષ્ટિથી, કેવળ માન્યતાને બદલવાની દૃષ્ટિથી નહીં." આમ જોઇ શકાશે કે મશરૂવાળાનો મુખ્ય રસ જીવનરસ છે અને એને અનુષંગે જ તેઓ કોઇપણ વિષયની તપાસ કરે છે.

જે પ્રાચીન શાસ્ત્રો રચાઇ ગયાં એને હવે હંમેશને સ્વીકારી જ લેવાં જોઇએ એ મતના તેઓ નથી. નવા અનુભવો અને નવી વિજ્ઞાનદૃષ્ટિને લઇને એ શાસ્ત્રોથી જુદા પડવાનો અર્વાચીનોનો અધિકાર અને સુધારાવધારાની શકયતાનો તેઓ સ્વીકાર કરે છે.

સંસ્કૃતિ વિશેનું એમનું ચિંતન મૌલિક અને વિચારપ્રેરક છે. શ્રી મશરૂવાળાને પૂર્વની સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિ અથવા તો હિન્દુ સંસ્કૃતિ અને મુસ્લિમ સંસ્કૃતિ એવા સંસ્કૃતિભેદ અભિપ્રેત નથી. તેઓ બે પ્રકારની સંસ્કૃતિ ગણાવે છે : એક, ભદ્ર સંસ્કૃતિ અને બીજી, સંત સંસ્કૃતિ. ભદ્ર સંસ્કૃતિ એ ભદ્ર લોકો - ઉજળિયાત લોકોની છે. આ સંસ્કૃતિ આપણા દેશમાં કાંઇ અંગ્રેજોએ આવીને પેદા કરી નથી. શાસ્ત્રી, પંડિત, કલાકારો, વકીલો, ડૉકટરો, અધ્યાપકો, ઉસ્તાદો - સૌને તેઓ આ સંસ્કૃતિના પ્રતિનિધિ ગણે છે. આ સંસ્કૃતિ મનુષ્યોના સમાનતાના સિધ્ધાંત પર રચાઇ નથી. તાત્ત્વિક રીતે આ સંસ્કૃતિ ભલે પ્રાણીમાત્રની સમાનતાની વાત કરતી હોય પણ વ્યવહારમાં તો તે માણસ-માણસ વચ્ચેના ભેદને સ્વીકારે છે, એટલું જ નહીં એ ભેદ રહેવા જોઇએ એમ પણ કહે છે. આ ભેદ-યુકત સમાજ વ્યવસ્થા જાળવવા પશુબળ-હિંસા અનિવાર્ય બની જાય છે. ભદ્ર સંસ્કૃતિથી ઊંચા દરજ્જાની બીજી સંસ્કૃતિ છે સંત અથવા ઓલિયા સંસ્કૃતિ, જે પ્રાચીન કાળથી જગતમાં ચાલી આવે છે. સંતોની પરંપરા પર તે ટકી છે. આ સંતો કાં તો ભદ્રેતરોમાંથી પેદા થયા છે અથવા તો ભદ્ર વર્ગમાં જન્મ્યા છતાં ભદ્રેતરોની સાથે એમણે જીવન જોડયું છે. કિશોરલાલને મતે ગાંધીજી આવી સંત સંસ્કૃતિની પરંપરાના પુરુષ ગણાય. આ સંસ્કૃતિ માનવમાત્રની સમાનતા, અહિંસા અને પરિશ્રમના સિદ્ધાંત ઉપર ઊભેલી છે. ભદ્ર સંસ્કૃતિનો ફુરસદવાદ એમને એ રીતે સ્વીકાર્ય નથી કે ફુરસદ ખરાબી સર્જી શકે છે. કિશોરલાલને મતે પરિશ્રમ અને અહિંસા સગાં ભાઇબહેન છે.

શ્રી મશરૂવાળા જીવનનું ધ્યેય સ્વલક્ષી નહીં, વ્યકિતગત નહીં, પણ વિશ્વલક્ષી - સાર્વજનિક હોવું જોઇએ એમ કહે છે. નદીનું દૃષ્ટાંત આપીને તેઓ આ વાત સમજાવે છે. નદીનું ટીપું વ્યકિતગત રીતે સમુદ્ર સુધી પહોંચી શકતું નથી, પણ અસંખ્ય ટીપાં એકબીજાં સાથે ભળી, ચાલતાં રહે છે. પાછળનાં ટીપાં આગળનાંને ધકેલતાં રહે છે ને તો જ સમુદ્ર સુધી પહોંચવાની સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

આપણી જડ અવતારભકિતની ટીકા કરતાં તેઓ કહે છે કે સંપ્રદાયો કે અનુયાયીઓ પોતાની કલ્પનાના રામ-કૃષ્ણ આદિ અવતારોને માત્ર પૂજે જ છે. પણ એમના ચરિત્ર પ્રમાણે પોતાનું ચારિત્ર્ય બનાવવાનો પુરુષાર્થ નથી કરતા. આવી ભકિતએ આપણને અંધશ્રદ્ધ અને પંગુ બનાવી દીધા છે. આપણા અવતારી પુરુષોનાં ચરિત્રો, શાસ્ત્રો, પુરાણગ્રંથોમાં અનેક વાતો ક્ષેપક તરીકે પ્રવેશી ગઇ છે. કેટલાક ગ્રંથો તો કોઇ સંપ્રદાયપ્રવર્તકે લખી અન્ય પ્રસિદ્ધ મુનિને નામે ચડાવી દીધો હોય એવું પણ બન્યું છે. આવા ધર્મપ્રચારકોની બળવાન માયાજાળ સામે ચાબખા લગાવતાં શ્રી મશરૂવાળા લખે છે : "અસત્યો માંહેથી પ્રભુ, પરમ સત્યે તું લઇ જા' એ પ્રાર્થના પ્રકૃતિગત અસત્ય કરતાં શાસ્ત્રોનાં અસત્યોમાંથી સત્ય પ્રતિ લઇ જવા માટે ઉચ્ચારવાનું મન થાય છે."

આ જ રીતે મશરૂવાળાએ ઇશ્વર, મોક્ષ, મૂર્તિપૂજા, પુનર્જન્મ, ચાર પુરુષાર્થો, ધર્મસંસ્થા, શિક્ષણ, ભાષા, લિપિ, સ્ત્રી-પુરુષ સંબંધ-મર્યાદા એમ અસંખ્ય વિષયો પર મૌલિક વિચારણા કરી છે. પ્રજાને એ સૌ વિશે નવતર દિશાસૂચન એમાંથી સાંપડે છે. પંડિત સુખલાલજી પોતાનો પ્રતિભાવ આપતાં લખે છે : "... લેખો એટલા ગંભીર તેમ જ સૂક્ષ્મ ચિંતનથી ભરપૂર છે કે તેને જેટલી વાર વાંચીએ તેટલીવાર તેમાંથી નવનવતા અનુભવાય છે. અને આવરણના સ્થૂલ સ્તરો દૂર થતાં જ એક જાતની ચૈતસિક જાગૃતિ અનુભવાય છે...આટલો અને આવો ક્રાન્તિકારી, સચોટ અને મૌલિક વિચાર કરનાર કદાચ ભારતમાં વિરલ જ છે."

શ્રી મશરૂવાળાની શૈલી સ્વસ્થ, વિશદ, તર્કશુદ્ધ અને દૃષ્ટાંતપ્રચુર છે. કેવળ સત્યને જ વફાદાર રહેવાનું નિષ્ઠાબળ એમાં પ્રતીત થાય છે.

એમની જન્મશતાબ્દી ટાણે ગુજરાતના આ મહાન ચિંતનકારનાં લખાણો આપણી યુવાપેઢીનાં મન અને હૃદય સુધી પહોંચે એવું વાતાવરણ સર્જવાની જવાબદારી આપણા સમગ્ર શિક્ષણ-સાહિત્ય-સંસ્કાર જગતને શિરે છે. આ ઉત્તરદાયિત્વ નિભાવીને જ આપણે શ્રી મશરૂવાળાની જન્મશતાબ્દી નિમિત્તે એમને ઉચિત અંજલિ આપી ગણાશે ■

## સાભાર - સ્વીકાર

☐ **આ શહેરમાં** (સુરેશ દલાલનાં નગરકાવ્યો): સંપાદકો : જયા મહેતા / ઉત્પલ ભાયાણી * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૧૦૯ * મૂલ્ય રૂા. ૩૫/- પ્રકાશક : મિહિકા પબ્લિકેશન, ૧૩૩ હંસા મહાલ, દલામલ પાર્ક, પ્રેસિડેન્ટ હૉટેલની પાસે, કફ પરેડ, મુંબઇ - ૪૦૦ ૦૦૫.

☐ **ધ્યાન અને જીવનદર્શન** : લે. પાનાચંદ ભાઇદાસ મહેતા * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૧૮૦ * મૂલ્ય જણાવ્યું નથી * પ્રકાશક : કિરિટ મહેતા, ૩૩, સૌરભ સોસાયટી, ડ્રાઇવ ઇન રોડ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

☐ **સાધના અને સાક્ષાત્કાર** : લે. અનવર આગેવાન *ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ ૧૨૭ * મૂલ્ય રૂા. ૨૫/-* પ્રકાશક : વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ. ૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઇ-૪૦૦ ૦૦૨.

# પરમાર્થ શા માટે ?

□ 'સત્સંગી'

માણસને તમે જ્યારે જોશો ત્યારે તે કંઈક ચિંતામાં કે ઉતાવળમાં કે સતત પણછ બાંધી રાખી હોય તેવાં વળેલાં ધનુષ્યની જેમ તંગ સ્થિતિમાં કે ચહેરા પર થોડી વધારે ગ્લાનિ વરતાય એવી સ્થિતિમાં હશે. જેમ કોઈ ક્રોનિક દર્દવાળા દર્દીને દવાઓ કોઠે પડી જાય તેમ આવી માનસિક સ્થિતિઓ માણસને કોઠે પડી ગઈ હશે ? જો તમે કોઈ વ્યક્તિનો વિશ્વાસ ધરાવતા હો અને તમે તેને પૂછો, કેમ ભાઈ, બહુ ઉતાવળમાં છો?' તો જવાબ મળશે, 'હા ભાઈ, મારી બહેનના બાબાનાં ઍડ્મિશન માટે જલદી પહોંચવું જ પડે તેમ છે. બાકી આ યુગ જ ઉતાવળનો છે ને !' જવાબ આપનાર વ્યક્તિ વાચનપ્રેમી અને નિખાલસ રીતે વાત કરનાર હોય તો અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટની લીટીઓ And miles to go before I slee, And miles to go before I sleep, અર્થાત્ હું ચિરનિદ્રા લઉં તે પહેલાં માઈલોના માઈલો ચાલવાનું છે. બોલીને ભારેખમ વાત પણ કહી નાખે.

માણસ ચિંતા, દોડધામ, તનાવો વગેરે શા માટે ભોગવે છે ? આ પ્રશ્નનો સીધોસાદો જવાબ છે- 'સ્વાર્થ માટે' માણસ પોતાનું સમગ્ર વાતાવરણ અનુકૂળ રહે તે માટે દોડધામથી માંડીને પોતાના જાનનું જોખમ હોય તેવું સાહસ પણ ખેડતો રહે છે. ઊંઘના કલાકો સિવાય માણસ સ્વાર્થના વિચારો અને પ્રવૃત્તિઓમાં તલ્લીન રહે છે. તેને નોકરીમાં બઢતી ક્યારે મળશે ? નિશાળ ઊઘડતાં જ ટયુશનો આવશે કે નહિ ? તેની પુત્રીનું સગપણ જ્યાં વાત ચાલે છે ત્યાં થઈ જશે ને ? દેણું થઈ ગયું છે તો તેના પુત્રો થોડા સમયમાં પૈસા મોકલશે કે નહિ ? ફલાણી સમિતિના ચૅરમૅનનું સ્થાન નહિ મળે તો અપમાન જ ગણાય ને ? આ સોદો તો કર્યો, પણ નફો કેટલો થશે ? અને ખોટ જશે તો ? થોડા અસંતુષ્ટ લોકો કાદવ ઉછાળીને મારી પ્રતિભા ઝાંખી પાડે છે તેનો શું ઉપાય કરવો ? વગેરે વગેરે અનેક પ્રશ્નોમાં માણસ પોતાની જાતનો જ વિચાર કરતો રહે છે. આ પ્રકારની આત્મકેન્દ્રી વિચારણામાં તેને એટલો બધો રસ પડતો હોય છે કે તે પોતાનાં સ્વાસ્થ્ય, વ્યવસાય અને પરિવારને પણ ભૂલી જાય. માણસ સ્વાર્થ સાધવા માટે લોહીનું પાણી કરી નાખે છે તોપણ સ્વાર્થની પૂર્ણાહુતિ થતી નથી.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, માણસમાં કેટલીક મૂળભૂત સહજવૃત્તિઓ (instincts) રહેલી છે અને તેના સંતોષ માટે તે પ્રવૃત્ત રહે એ પણ સ્વાભાવિક છે. તેથી તે જે નાનીમોટી પ્રવૃત્તિ કરશે તેમાં પોતાની જાત કેન્દ્રમાં હોય એ પણ સ્વાભાવિક છે. પ્રવૃત્તિ અને તે અંગેની વિચારણાને તમે સ્વાર્થવૃત્તિ કહો છો, તો માણસના જીવનમાંથી તે સ્વાર્થવૃત્તિ શી રીતે નાબૂદ થઈ શકે ? અલબત્ત, માણસના જીવનમાંથી સ્વાર્થ નાબૂદ ન થઈ શકે, પણ સ્વાર્થને યોગ્ય સ્વરૂપ આપી શકાય. દાખલા તરીકે, માણસ લાંચ લઈને કોઈનું કામ કરી આપે તે સ્વાર્થ ગણાય, ભવિષ્યમાં સામી વ્યક્તિ કોઈ વાર કામ આવશે એવા ભાવથી માણસ કામ કરી આપે તે પણ સ્વાર્થ જ ગણાય, પોતે સમજદાર અને નિષ્ઠાવાન કર્મચારી છે એવી છાપ પાડવા માટે માણસ કોઈનું કામ કરી આપે તે પણ સ્વાર્થ ગણાય, પોતાને કામ માટે પગાર મળે છે જેથી જે વ્યક્તિનું કામ કરવાનું હોય તે આત્મા ધરાવતો માણસ છે માટે કેવળ ફરજના ભાવથી સામી વ્યક્તિનું કામ ઉપકારના લેશમાત્ર ભાવ વિના માણસ કરી આપે એ ઉત્તમ બાબત ગણાય. પરંતુ આવી રીતે કામ કરી આપનાર વિશે પણ એમ માનવામાં આવે કે કર્તવ્યનિષ્ઠાથી કોઈક વખત તેની કદર તેની ઑફિસમાં સારી રીતે થશે અથવા નીતિમય જીવન જીવવાથી તેના જીવનવ્યવહારમાં શુભ વાતાવરણ રહ્યા કરશે એવો પણ ઊંડે ઊંડે સ્વાર્થ તેને હોય. એમ હોય પણ ખરું, તોપણ આ સ્વાર્થ પ્રામાણિક પ્રકારનો છે અથવા તેમાં સ્વાર્થ સાથે પરમાર્થ છે, જ્યારે લાંચ લઈને કામ કરી આપવું એ તો અધમ પ્રકારનો સ્વાર્થ છે. પોતાના જીવનમાં યોગ્ય અર્થમાં સુખશાંતિ મેળવવા તેવો જે સ્વાર્થ ગણાય તે તો શાસ્ત્રમાન્ય છે અને ધર્મશાસ્ત્રો તેવા સ્વાર્થ માટે માણસને ધર્મને રસ્તે ચાલવાનું કહે છે. પરંતુ માણસ તેના રોજબરોજના જીવનમાં જે સ્વાર્થની પળોજણ કરીને સદાય ચિંતા અને તનાવોથી ઘેરાયેલો રહે છે તેમાં ઈંદ્રિયસુખોની પ્રબળ લાલસા હોય છે. પરિણામે, ધર્મશાસ્ત્રો જે સુખશાંતિના સ્વાર્થની વાત કહે છે તે તો બાજુ પર રહી; પણ માણસ પોતાનો વ્યવહાર સ્વસ્થતાથી ચલાવવાને બદલે તનની અને કોઈ વાર મનની બીમારીનો ભોગ બને ત્યાં સુધીની જાતજાતની પરેશાનીઓ ભોગવે છે. આ દુ:સહ પરિતાપમાંથી બચવા માટે એક સરસ ઉપાય છે - તે છે પરમાર્થ.

સામાન્ય રીતે પરમાર્થની વાત આવે છે ત્યાં માણસ ભડકે છે. પરમાર્થની સ્પષ્ટ સમજથી આ ભડક દૂર થઈ શકે તેમ છે. પરમાર્થમાં અન્યનું ભલું કરવાની વાત છે. ભલું કરવું એટલે માણસને આર્થિક મદદ કરવી એવો સંકુચિત અર્થ નથી. માણસને તમે પૈસા આપો અને તે તેનો દુરુપયોગ કરે તો ? તેથી માણસ પોતાની જરૂરિયાતો માટે કામ કરે એ પાયાની બાબત છે માટે માણસને કંઈ કામની તક પૂરી પાડવી એ પૈસાની મદદ કરતાં વધારે કાયમી, સંગીન અને યોગ્ય અર્થમાં ભલું થાય એવી મદદ છે. આનો અર્થ એમ નથી કે નબળા માણસોને પૈસાની મદદ ન જ કરવી. સામી વ્યક્તિની પરિસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ મેળવીને વખતોવખત તે વ્યક્તિનું ધ્યાન રખાય તો તે વ્યક્તિનાં ચિંતા અને તનાવ ઓછાં થાય અને પરિણામે, તે વ્યક્તિ સ્વાવલંબી બનવામાં સફળ થઈ જાય. જૂના સમયનો જે મધ્યમવર્ગ છે તે ન માગી શકે અને ન સહી શકે એવા તેના સંજોગો હોય છે, તેથી તેના પ્રત્યે કંઈક મદદના અર્થમાં ઉચિત પરમાર્થ આવકારપાત્ર છે. અહીં પણ આપ્યા જ કરવું કે બધું આપી દેવું એવો લેશમાત્ર અર્થ પરમાર્થનો નથી. સામાન્ય માણસ પણ પોતાના સુપાત્ર પણ નબળી સ્થિતિવાળા પડોશીને તેનું સ્વમાન ન ઘવાય એ રીતે નિ:સ્વાર્થભાવે યથાશક્તિ કંઈક રાહત વખતે વખતે આપી શકે એવું પરમાર્થમાં સૂચન રહેલું છે. જેમની શક્તિ હોય તેઓ નિ:સ્વાર્થભાવે ભૂખ્યાંને ભોજન આપે, વસ્ત્રની યાતના ભોગવતાં હોય તેમને વસ્ત્રો આપે, દર્દીઓને દવા, ફળો વગેરે આપે અને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદ આપે એમ પરમાર્થ અવશ્ય સૂચવે છે. આપવાથી ઘટતું હોય તેમ જરૂર દેખાય છે, પણ ઘટતું હોતું નથી. જેટલી મદદ અપાય તેનાથી વિશેષ બદલો મદદ આપનારાને એક યા બીજી રીતે મળે છે જેનું મૂલ્ય રૂપિયા અને નયા પૈસામાં થઈ શકે જ નહિ.

શ્રીમંતો અથવા ખાધેપીધે સુખી લોકોને આર્થિક મદદની જરૂર

લેશમાત્ર હોય જ નહિ. પરંતુ તેઓ પણ દુ:ખી તો રહેતા હોય છે, તેનું કારણ તેમના વિચારો છે. તેમને સારા વિચારો આપવા એ પરમાર્થ છે. જીવનના પ્રશ્નોની સમજથી માંડીને અધ્યાત્મના માર્ગ સુધી સારા વિચારોનું વ્યાપક ક્ષેત્ર છે. માણસનાં નિરાશા, ખિન્નતા, ચિંતા તનાવો વગેરેમાં પાયામાં વૈચારિક ખામી રહેલી છે જેને લીધે પોતાના જીવન અંગે સમાધાન થતું હોતું નથી. વૈચારિક રીતે અન્યનું ભલું કરવું એ ઉત્તમ બાબત છે. સમગ્ર સમાજજીવન વિચારોના પાયા પર ચાલે છે, આ વિચારો નબળા હોય તો સમાજ દુ:ખમય બને છે. માટે સમાજને દુ:ખની ગર્તામાંથી બચાવવા માટે સારા વિચારો, અધ્યાત્મના વિચારોની યોગ્ય સમજ આપવાં એ પરમ પરમાર્થ બને છે.

અલબત્ત, જે લોકો આર્થિક રીતે લાચાર છે તેમને પણ વૈચારિક મદદ અનિવાર્ય જ છે અને તે આપવાની જ છે; પરંતુ તેમને વૈચારિક મદદની સાથે તેમના સંજોગો પ્રમાણે ઉચિત આર્થિક સહાય આપવી એ પણ અનિવાર્ય જ છે.

જૈન ધર્મનાં પૂ. સાધ્વી મહાસતીજી ઉજ્જવળકુંવરજીએ ઈ.સ. ૧૯૪૮માં મુંબઈમાં ચાતુર્માસ દરમ્યાન તેમના એક પ્રવચનમાં અહિંસાનો મર્મ ખૂબ સુંદર રીતે સમજાવ્યો છે. તેઓશ્રીએ અહિંસાના પાંચે અતિચારોને શારીરિક રીતે થતી હિંસાનો અર્થ સ્પષ્ટ કરીને વાસ્તવિક જીવનની દૃષ્ટિએ સમજાવ્યા છે. આ સ્પષ્ટિકરણ અહિંસક જીવન જીવવા માટેનાં વૈયક્તિક અને સમષ્ટિ માટેનાં કલ્યાણ માટેનું સુંદર માર્ગદર્શન આપે છે. સઘળી સ્પષ્ટતાના સારરૂપે તેઓ સમજાવે છે : "આ બધી કોઈને દુ:ખ દેવું નહીં- નિષેધાત્મક અહિંસાની વાત થઈ; અહિંસાની બીજી બાજુ વિધેયાત્મક અહિંસા અથવા પ્રવૃત્યાત્મક અહિંસા છે જેના વિના અહિંસા અપૂર્ણ રહે છે. બીજાને કષ્ટ આપવું- જેમ હિંસા છે, તેવી જ રીતે શક્તિ, સાધન હોવાં છતાં પણ બીજાનાં દુ:ખ દૂર ન કરવાં એ પણ હિંસા છે. બાઈબલમાં લખેલ છે કે મનુષ્યની સેવા કરવી એ ઈશ્વરની સેવા કરવા બરાબર છે. આનું નામ જ પૂજા અને અર્ચના છે. સાક્ષાત ચૈતન્યની પૂજા છોડીને જડ વસ્તુની પૂજા કરવાથી શું લાભ થઈ શકે ? બીજાંની સેવા કરવી એ અહિંસાની બીજી બાજુ છે." અહીં પૂજ્ય મહાસતીજીએ અહિંસા પરમ ધર્મ છે એ દૃષ્ટિએ પણ પરમાર્થનો અર્થ એવી સચોટ રીતે સમજાવ્યો છે કે કોઈનું ભલું કરવાથી તે વ્યક્તિ અને ભલું કરનાર બંનેનું કલ્યાણ જ થાય છે.

નિ:સ્વાર્થભાવે અન્યનું ભલું કરવાથી પોતાનું ભલું થાય છે એ સત્યમાં શ્રધ્ધા ન બેસે, તેમ જ નિ:સ્વાર્થભાવે અન્યનું દુ:ખ દૂર કરવાથી અહિંસા તથા અપરિગ્રહનું ધર્માચરણ થતાં, ધર્મ ભલું કરનારાની રક્ષા કરશે એમાં પણ ઘડીભર કેટલાકને શ્રધ્ધા ન હોય, તો રોજબરોજના વાસ્તવિક જીવનની દૃષ્ટિએ 'How To Stop Worrying ચિંતા કરતાં કેમ અટકવું' એ પુસ્તકમાં લેખક ડેલ કાર્નેગીએ ન્યૂયૉર્કમાં રહેતાં શ્રીમતી મૂનનો દાખલો આપ્યો છે જે અનુકરણીય છે અને આ પુસ્તક તો મિત્ર બનાવવા જેવું છે.

શ્રીમતી મૂનનું પરિણીત જીવન થોડાં વરસ સુધી સુખી હોય છે. તેમના પતિનું અવસાન થાય છે. શ્રીમતી મૂનને ગમગીની અને વિષાદ ઘેરી લે છે. નાતાલ નજીક આવી રહી છે તેમ તેમનો વિષાદ ઘેરો બને છે. નાતાલ માટેના મિત્રો તરફથી મળતાં આમંત્રણોથી તેમને લેશમાત્ર આનંદ થતો નથી તેથી તેઓ આમંત્રણો સ્વીકારતાં નથી. નાતાલના આગલા દિવસે બપોર પછી ત્રણ વાગ્યે, તેઓ ઑફિસથી નીકળીને તેમના વિષાદને દૂર કરવા ફિફ્થ એવન્યુમાં ફરવા લાગે છે, પરંતુ સુખી અને આનંદી ટોળાં જોવાથી ; ભૂતકાળનાં સુખી વર્ષોની સ્મૃતિ તાજી થાય છે. તેઓ એકલવાયા વાતાવરણવાળા ઘેર પાછાં ફરવા માગતાં નથી. તેઓ આંસુ રોકી શકતાં નથી. એકાદ કલાક અમસ્તાં ચાલ્યા બાદ તેઓ બસ સ્ટેશન પાસે આવે છે. પતિ સાથે અજાણી બસમાં તેઓ સાહસ માટે જતાં, તેથી તેઓ બસમાં ચડે છે. 'છેલ્લું સ્ટેશન' એવી યાદ કન્ડકટર અપાવે છે ત્યારે તેઓ ત્યાં ઊતરી જાય છે. તેઓ દેવળમાં જાય છે પણ થાકને લીધે ત્યાં ઊંઘી જાય છે.

જ્યારે તેઓ જાગે છે ત્યારે તેમની આગળ બે બાળકો ઊભાં હોય છે. તેઓ તેમને તેમનાં માબાપ વિશે પૂછે છે. બાળકો જવાબ આપે છે કે તેમને માબાપ નથી. આ જવાબ સાંભળીને તેઓ પોતાનાં વિષાદ અને ગમગીની બદલ શરમિંદા બને છે. પછી તેઓ અનાથ બાળકોને સ્ટોરમાં લઈ જાય છે; ત્યાં તેમને ખવડાવે છે અને થોડી ભેટો આપે છે. શ્રીમતી મૂન ડેલ કાર્નેગીને વાતચીતમાં આ પ્રમાણે કહે છે, "મારી એકલતા જાણે જાદુથી અદશ્ય થઈ ગઈ. આ બે અનાથ બાળકોએ મેં મહિનાઓ સુધી અનુભવ્યાં નહોતાં તેવાં સુખ અને આત્મ-વિસ્મૃતિ મને આપ્યાં. મેં તેમના માટે જે કર્યું તેના કરતાં આ બે અનાથ બાળકોએ મારા માટે વધારે કર્યું. આપણે પોતે સુખી બનીએ તે માટે બીજાંને સુખી બનાવવાની આવશ્યકતા રહેલી છે એમ આ અનુભવે મને બતાવ્યું. આપીને આપણે મેળવીએ છીએ. અન્યને મદદ કરીને મને પ્રેમ આપીને મેં ચિંતા અને વિષાદ પર વિજય મેળાવ્યો અને હું નવતર વ્યક્તિ બની. માત્ર ત્યારે જ હું નવતર વ્યક્તિ હતી એમ નહોતું, પરંતુ પછીનાં વરસોમાં હું નવતર વ્યક્તિ રહી."

જ્યારે સાધુ ટી. એલ. વાસવાણી કૉલેજમાં અધ્યાપક હતા તે વખતનો આ એક પ્રસંગ છે. એક દિવસ તેઓ વિદ્યાર્થીઓને પર્યટન માટે લઈ ગયા. ત્યાં મકાનનું બાંધકામ કરતા કેટલાક મજૂરો હતા. તેમનાં પગરખાં ત્યાં પડયાં હતાં. વિદ્યાર્થીઓએ ગમ્મત ખાતર મજૂરોનાં પગરખાં છોડવાઓ પાછળ સંતાડી દીધાં. દાદાને આ વાતની ખબર પડી એટલે તેમણે વિદ્યાર્થીઓને કહ્યું, "ચાલો હું તમને વધારે સારી રમૂજ બતાવું. મજૂરોનાં પગરખાં યોગ્ય સ્થળે મૂકી દો. દરેક પગરખામાં એક રૂપિયાનો સિક્કો રાખી દો. દરેક પગરખામાં એક રૂપિયાનો સિક્કો રાખી દો. જ્યારે મજૂરો તેમનાં પગરખા પહેરે ત્યારે તેમનો ચહેરો નિહાળજો અને તમને જીવનની મોટામાં મોટી રમૂજ મળશે."

વિદ્યાર્થીઓએ તેમ કર્યું. જ્યારે તેમણે પગરખાં પહેરતા કામદારોના સુખી ચહેરાઓ જોયા ત્યારે તે વિદ્યાર્થીઓએ પરસ્પર કહ્યું, "ખરેખર ચીડવવા કરતાં ચાહવામાં, આપવામાં વધારે આનંદ છે."

છેલ્લે, ગુજરાતના એક મહાન કવિ સુન્દરમ્‌ની પરમાર્થનો ધ્વનિ સ્પષ્ટ કરતી લીટીઓ જેના પર તેજસ્વી યુવાનો સુંદર નિબંધ લખી શકે તે રજૂ કરવાની રજા લઉં છું :-

હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની,
ને જે અસુન્દર રહી તે સર્વને,
મૂકું કરી સુન્દર ચાહી ચાહી. □

### ભાવનગર શહેર અને જિલ્લા ઉપર અનન્ય ઉપકાર કરનાર ગત શતકના મહાન મુનિરાજ

# સ્વ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ

❒ રમણલાલ ચી. શાહ

હવે થોડા દિવસસમાં પોષ સુદ ૧૧નો દિવસ આવશે. ભાવનગર શહેર અને જિલ્લા ઉપર અનન્ય ઉપકાર કરનાર, જૈન શાસનને સજીવન કરનાર ગત શતકના એક અગ્રેસર સાધુ ભગવંત તે સ્વ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનો એ ૧૫૭મો જન્મદિન. એમના સ્વર્ગવાસને ૯૮ વર્ષ થશે. ભાવનગરમાં દાદાવાડીમાં એમના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. એમના અંગત ગાઢ પરિચયમાં આવેલ એવી અનેક વ્યકિતઓમાંથી હવે કોઈ હયાત નથી. એમણે પોતાના ગુરુવર્ય શ્રી બુટેરાયજી મહારાજ તથા ગુરુબંધુ શ્રી મૂળચંદજી મહારાજ સાથે પંજાબથી ગુજરાતમાં આવીને જે ભગીરથ કાર્ય કર્યું તેનો ઇતિહાસ ભવ્ય છે.

શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનો જન્મ પંજાબમાં ગુજરાનવાલા જિલ્લામાં રામનગર નામના શહેરમાં વિ. સં. ૧૮૯૦ના પોષ સુદ ૧૧ના રોજ થયો હતો. માતાપિતાએ એમનું નામ કૃપારામ રાખ્યું હતું. એમના પિતાનું નામ હતું લાલા ધર્મયશજી અને માતાનું નામ હતું કૃષ્ણાદેવી. તેઓ વીસા ઓસવાલ જ્ઞાતિના, ભાવડા વંશના અને ગદહિયા ગોત્રના જૈન હતા.

કૃપારામને ચાર ભાઈઓ અને એક બહેન હતાં. ભાઈઓનાં નામ હતાં : (૧) લાલચંદ (૨) મુસદીલાલ (૩) હજારીમલ અને (૪) હેમરાજ. બહેનનું નામ હતું રાધાદેવી.

લાલા ધર્મયશજી સુખી શ્રીમંત હતા. તેમનો વેપાર સોના-ચાંદીનો, કાપડનો અને સરાફીનો હતો. શહેરમાં તેમની મોટી દુકાન હતી. કૃપારામે ગામની શાળામાં અભ્યાસ કર્યો અને ચૌદ વર્ષની ઉંમર થતાં પિતાની દુકાને સોના-ચાંદીના વેપારમાં જોડાઈ ગયા હતા. એ દિવસોમાં નાની ઉંમરમાં લગ્ન થતાં. કૃપારામના મોટા ભાઈઓનાં લગ્ન થઈ ગયાં હતાં. ત્યાર પછી કૃપારામની સગાઈ કરવામાં આવી હતી. પરંતુ કોઈક કારણસર એ સગાઈ તૂટી ગઈ હતી એટલે એમની બીજી સગાઈ કરવા માટે માતાપિતા વાતચીત ચલાવી રહ્યાં હતાં.

પરંતુ કૃપારામનો જીવનનો રાહ કંઈ જુદો જ હતો. એ દિવસોમાં રામનગરમાં પૂજ્ય બુટેરાયજી મહારાજનું ચોમાસુ હતું. એમની સાથે એમના શિષ્ય મૂલચંદજી મહારાજ પણ હતા. મૂલચંદજી પંજાબના એ પ્રદેશમાં એ કાળે લુકાપંથી સ્થાનકવાસી સાધુ, ઢુંઢક રીખો ( ઋષિ) હતા. ધર્મયશજીનું કુટુંબ એમની મધુર વાણી સાંભળવા ઉપાશ્રયે જતું. કિશોર કૃપારામ ઉપર એની ઘણી પ્રબળ અસર પડી. એમણે સગાઈ કરવાનો માતાપિતાને ઇન્કાર કરી દીધો અને પોતાને દીક્ષા લેવાનો ભાવ થયો છે એમ જણાવ્યું. આથી માતાપિતા, ભાઈભાંડુઓ ચિંતામાં પડી ગયાં. તેઓ કૃપારામને ઉપાશ્રયે જતા અટકાવવા લાગ્યાં, એટલે લાગ જોઈ ઉપાશ્રયે જઈ ત્યાં જ દિવસ-રાત રહેવાનું કૃપારામે ચાલુ કર્યું. માતા પિતાએ કૃપારામને શ્રીમંત સુખી ઘરની સગવડો, કૌટુમ્બિક જીવનનો આનંદ, સાધુપણાનાં કષ્ટો વગેરે સમજાવવા માંડયાં. પણ કૃપારામ તો હઠ લઈને બેઠા હતા કે પોતાને દીક્ષા જ લેવી છે.

ચાતુર્માસ પછી બુટેરાયજી મહારાજ તો વિહાર કરીને ચાલ્યા ગયા. તાર-ટપાલ કે રેલવે વગરના એ દિવસોમાં એમનો સંપર્ક રાખવાનું સહેલું નહોતું. પરંતુ કૃપારામે તો દીક્ષા લેવાની જ વાત કર્યા કરી. એથી પિતાજી તથા મોટા ભાઈઓ એમને વારંવાર ધમકાવવા લાગ્યા, કયારેક મારવા લાગ્યા, તેમ છતાં તેથી કાંઈ અસર ન થઈ. કૃપારામ માન્યા નહિ. આથી ક્રોધે ભરાયેલા ભાઈઓએ શહેરના તહસિલદાર હાકિમ પાસે જઈને ફરિયાદ કરી. શહેરના શ્રીમંત વેપારી એટલે તરત ફરિયાદની અસર થઈ. તહસિલદાર શેખ જાતિનો મુસલમાન હતો. એણે સિપાઈઓને મોકલી કૃપારામને પકડીને કચેરીમાં લઈ આવવા કહયું. કૃપારામને પકડી લાવીને કચેરીમાં પૂરવામાં આવ્યા. તહસિલદારે પણ કૃપારામને ધમકાવ્યા, સતાવ્યા, પણ કૃપારામે એમની સાથે સંસારની અસારતાની જ વાત કરી અને પોતે દીક્ષા લેવા માટે પ્રતિજ્ઞાબધ્ધ છે એમ કહ્યું. છેવટે તહસિલદાર પણ થાકયા. એમણે ધર્મયશજીને બોલાવીને કહ્યું કે 'તમારો દીકરો કોઈ પણ રીતે માનશે નહિ. સંસારની અસારતા એને સમજાઈ છે. વૈરાગ્ય એના દિલમાં સાચી રીતે વસ્યો છે. દીક્ષા લેવાનો એનો નિર્ધાર છે. એ લગ્ન નહિ જ કરે. માટે તમે એને દીક્ષા લેવાની રજા આપો એ જ બરાબર છે.'

આ રીતે સમજાવવામાં, ધાકધમકી આપવામાં, હેરાન કરવામાં ત્રણ વર્ષ પસાર થઈ ગયાં, છેવટે માતાપિતાને લાગ્યું કે દીકરાને દીક્ષા આપવી જ પડશે એટલે તેઓએ નાછૂટકે સંમતિ આપી.

તે વખતે બુટેરાયજી વિહાર કરીને દિલ્હી પહોંચ્યા હતા. તેમનું ચાતુર્માસ દિલ્હીમાં હતું.

કૃપારામને દીક્ષા લેવાની સંમતિ મળી એટલે એમના એક અજૈન મિત્ર અરોડા જાતિના યુવાન જીવનમલે પણ દીક્ષા લેવાનો વિચાર કર્યો. એણે પણ દીક્ષા માટે માતાપિતા પાસે ઘણી મહેનત પછી સંમતિ મેળવી. તેઓ બંને દિલ્હી જવા નીકળ્યા. એ દિવસોમાં ત્યાં રેલવે નહોતી. પ્રવાસનાં ખાસ સાધનો નહોતાં. બળદગાડી અને ઘોડા ઉપર પ્રવાસ થતો. કૃપારામને માતાપિતા અને કુટુંબીજનોએ ભારે હૈયે વિદાય આપી. તેમની સાથે માસીના દીકરા તથા એક નોકરને મોકલ્યા. વળી બુટેરાયજી મહારાજને ભલામણચિઠ્ઠી લખી કે હાલ કૃપારામને ગૃહસ્થવેશે અભ્યાસ કરાવજો અને ચાતુર્માસ પછી દીક્ષા આપજો.

કૃપારામ અને જીવનમલ દિલ્હી આવી પહોંચ્યા. અભ્યાસ ચાલુ કર્યો. એમ કરતાં દોઢ મહિનો થઈ ગયો. હવે ચાતુર્માસ શરૂ થવાને થોડા દિવસ હતા. કૃપારામનો વૈરાગ્ય એટલો તીવ્ર હતો કે ચાતુર્માસ પહેલાં દીક્ષા લેવાનો તેમણે આગ્રહ રાખ્યો. કારણકે ચાતુર્માસમાં દીક્ષા અપાય નહિ, વળી ચાર મહિનામાં સંજોગો કેવા બદલાય એની શી ખબર પડે. એટલે અવસર બરાબર જાણી લઈ તથા બંને યુવાનોના વૈરાગ્યના ભાવની બરાબર કસોટી કરીને ગુરુમહારાજે ચાતુર્માસ બેસતાં પહેલાં અષાઢ સુદ ૧૩, (સં. ૧૯૦૮)ના રોજ તેઓ બંનેને દીક્ષા આપી. કૃપારામનું નામ મુનિ વૃદ્ધિચંદ્રજી રાખવામાં આવ્યું અને જીવનમલ્લનું નામ મુનિ આનંદચંદજી રાખવામાં આવ્યું.

ચાતુર્માસ પહેલાં દીક્ષા આપવામાં આવી એ સારું જ થયું કારણકે દીક્ષા પછી થોડા દિવસે રામનગરથી કૃપારામને તેડી જવા માટે પિતાશ્રીનો માણસ આવ્યો હતો, કારણ કે કૃપારામના એક ભાઈનું

અવસાન થયું હતું. દીક્ષા સમયસર લેવાઈ ગઈ એથી વૃદ્ધિચંદ્રજીને બહુ આનંદ થયો.

દિલ્હીથી વિહાર કરી બુટેરાયજી મહારાજ પોતાના શિષ્યો સાથે જયપુર પધાર્યા. એમની ભાવના ગુજરાત બાજુ વિહાર કરવાની હતી. વૃદ્ધિચંદ્રજી મહારાજે સં. ૧૯૦૯નું ચાતુર્માસ ગુરુ મહારાજ સાથે જયપુરમાં કર્યું હતું. સાથે મૂલચંદજી, પ્રેમચંદજી તથા આનંદચંદજી મહારાજ પણ હતા. આ ચાતુર્માસમાં અભ્યાસનો વિશેષ લાભ થયો કારણ કે જયપુરમાં હીરાચંદજી નામના એક વિદ્વાન યતિ હતા. વૃદ્ધિચંદ્રજીને જોતાં જ તેમને તેમના ઉપર પ્રીતિ થઈ હતી. તેમણે વૃદ્ધિચંદ્રજીને સંસ્કૃત-પ્રાકૃતમાં વ્યાકરણ ભણાવવાનું તથા બીજા કેટલાક ગ્રંથોનો અભ્યાસ કરાવવાનું ઉત્સાહથી સ્વીકાર્યું. વૃદ્ધિચંદ્રજીની સાથે અન્ય મુનિઓને પણ આ લાભ મળ્યો.

જયપુરમાં હતા ત્યારે ગુરુ મહારાજ ત્રણે શિષ્યો અને કેટલાક શ્રાવકો સાથે પાસે સાંગનેરમાં દર્શન કરવા ગયા હતા. રસ્તામાં નદી આવતી હતી તે પાર કરવાની હતી. જતાં તો તેઓ પહોંચી ગયા પરંતુ બુટેરાયજી મહારાજને પગને તળિયે ફોલ્લા ઊપડી આવ્યા. હવે ચલાતું બંધ થઈ ગયું. એટલે તેઓને રાત્રિવાસ ત્યાં જ રહેવું પડ્યું. પરંતુ દર્દ જેટલું શમવું જોઈએ તેટલું શમ્યું નહિ. બીજે દિવસે પાછા ફરતાં ગુરુ મહારાજથી ચલાતું નહોતું. ટેકો લઈને થોડું ચાલતા, થોડો આરામ કરતા. પરંતુ નદીના કાંઠાનો પ્રદેશ આવ્યો ત્યાં તો ચાલવું અશક્ય થઈ ગયું હતું. એ વખતે વૃદ્ધિચંદ્રજીએ ગુરુ મહારાજને પોતાના ખભે ઊંચકી લીધા. બીજા શ્રાવકોએ પણ તેમાં મદદ કરી. પણ સૌથી વધુ જહેમત તો વૃદ્ધિચંદ્રજીએ ઉઠાવી હતી.

જયપુરના ચાતુર્માસ પછી ગુરુ મહારાજ સાથે વિહાર કરી તેઓ કિશનગઢ પધાર્યા. ત્યાંથી અજમેર પધાર્યા. તે વખતે તેઓની હવે જિનપ્રતિમામાં શ્રદ્ધા દૃઢ થઈ હતી એટલે શત્રુંજય તીર્થની યાત્રા કરવાની અભિલાષા જાગી. દરમિયાન બિકાનેરના શ્રાવકો ચાતુર્માસ માટે વિનંતી કરવા આવ્યા હતા. ચાતુર્માસ પછી શત્રુંજયની યાત્રા માટે તરત વિહાર કરવો હતો પણ આ વર્ષે વૃદ્ધિચંદ્રજીને પગે વાનું સખત દર્દ ચાલુ થયું હતું. એટલે તેઓ બહુ લાંબો વિહાર કરી શકતા નહિ. એટલે તેઓ ગુરુ મહારાજ સાથે બિકાનેર પધાર્યા. મૂલચંદજી મહારાજનું જંઘાબળ સારું હતું એટલે તેઓ લાંબા વિહાર કરી શકતા. તેમણે ગુરુ મહારાજની આજ્ઞા લઈ સીધો પાલિતાણા તરફ વિહાર ચાલુ કર્યો અને ત્યાં પહોંચી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી ચાતુર્માસ ત્યાં જ કર્યું. પ્રેમચંદજી અને આનંદચંદજીએ પોતપોતાનો સ્વતંત્ર વિહાર કરી અન્યત્ર ચોમાસુ કર્યું.

બિકાનેરના ચાતુર્માસ દરમિયાન વૃદ્ધિચંદ્રજીએ ગુરુ મહારાજ પાસે શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો, પરંતુ અહીં ખતરગચ્છના યતિઓનું વર્ચસ્વ વધારે હતું. શ્રાવકોની ક્રિયાવિધિ પણ જુદી હતી. એટલે તેઓ પોતાની ઢુંઢક સામાચારીમાં પણ થોડો થોડો ફેરફાર કરતા રહ્યા હતા.

બિકાનેરમાં હતા ત્યારે અજમેરના સંઘનો બુટેરાયજી ઉપર પત્ર આવ્યો કે ત્યાં ઢુંઢીઆના પૂજ્ય રતનચંદ રીખ આપની સાથે મૂર્તિપૂજા વિશે શાસ્ત્રાર્થ કરવા માગે છે. બુટેરાયજી તો એ માટે સજ્જ જ હતા. તરત તેઓ વૃદ્ધિચંદ્રજી સાથે ત્યાંથી વિહાર કરી અજમેર પહોંચ્યા રતનચંદજીએ તેરાપંથનું ખંડન કરતી એક પ્રત લખી હતી. રસ્તામાં બુટેરાયજીને એ પ્રત મળી. તે વાચતાં જ લાગ્યું કે રતનચંદજીનાં વાક્યોથી જ મૂર્તિપૂજા સિદ્ધ થઈ શકે એમ છે. પરંતુ તેઓ અજમેર પહોંચ્યા ત્યારે આશ્ચર્ય સાથે જાણ્યું કે રતનચંદજી ત્યાંથી ચૂપચાપ નીકળીને બીજે ચાલ્યા ગયા હતા. આમ અજમેર આવવાનું પ્રયોજન ન સર્યું. પરંતુ એથી બીજો એક લાભ થયો. તેઓની ઇચ્છા સિદ્ધાચલજીની યાત્રાએ જવાની હતી. વિહાર લાંબો અને કઠિન હતો. માર્ગમાં શ્રાવકોનાં ઘર ઓછાં આવતાં. એવામાં અજમેરથી કેસરિયાજીનો એક સંઘ નીકળતો હતો. તેઓએ બુટેરાયજી અને વૃદ્ધિચંદ્રજીને જોડાવા વિનંતી કરી એટલે તેઓ તેમાં જોડાઈ ગયાં. સંઘ સાથે પ્રયાણ હતું. એટલે વિહાર-ગોચરી વગેરેની અનુકૂળતા પણ રહેવા લાગી. ઉદયપુર થઈ કેસરિયાજી તીર્થની તેઓએ જાત્રા કરી. ત્યાં વળી બીજી અનુકૂળતા પ્રાપ્ત થઈ. તે વખતે ગુજરાતમાં પ્રાંતિજથી કેસરિયાજી આવેલો એક સંઘ પાછો ફરી રહ્યો હતો. તેઓ બંને એની સાથે જોડાઈ ગયા. એટલે ગુજરાત સુધીનો વિહાર કરી તેઓ બંને અમદાવાદ પહોંચ્યા અને શહેર બહાર શેઠ હઠીસિંહની વાડીએ ઊતર્યા.

તે વખતે દેરાસરનાં દર્શને આવેલા નગર શેઠ હેમાભાઈએ રસ્તામાં તેમને જોયા. કોઈ સાધુઓ આવ્યા હશે એમ કરી વંદન કરી શહેરમાં ઉપાશ્રય તરફ જતા હતા ત્યાં એમને લાગ્યું કે સાધુઓ ગુજરાતી જેવા લાગતા નહોતા. વળી અજમેરના એક વેપારીની પેઢી અમદાવાદમાં હતી ત્યાં સંદેશો આવ્યો હતો કે બે પંજાબી સાધુઓ ગુજરાત તરફ આવી રહ્યા છે અને તેઓ બહુ વિદ્વાન, ગુણવાન, ચારિત્રશીલ અને પરિચય કરવા જેવા છે. એ વાત શેઠ હેમાભાઈએ સાંભળી હતી એટલે રસ્તામાં જ એમને થયું કે આ એ બે સાધુઓ તો નહિ હોય ને ! તરત ડેલાના ઉપાશ્રયે ગણિ સૌભાગ્યવિજયના વ્યાખ્યાનમાં બેઠા. તે દરમિયાન સૌભાગ્યવિજયજીને એ બે સાધુઓની વાત કરી. તરત તેમને તેડવા માણસ મોકલાયો. બુટેરાયજી મહારાજ તથા વૃદ્ધિચંદ્રજી મહારાજ ડેલાના ઉપાશ્રયે આવી પહોંચ્યા. તેમનો પરિચય થતાં સૌભાગ્યવિજયજી બહુ પ્રભાવિત થયા, બીજી બાજુ ગુજરાતમાં આવી સંવેગી સાધુઓનાં દર્શન થતાં બુટેરાયજી અને વૃદ્ધિચંદ્રજીને પણ બહુ હર્ષ થયો.

તેઓ થોડા દિવસ અમદાવાદમાં રહ્યા ત્યાં વાત સાંભળી કે કેશરીસંઘ ગટા નામના એક શ્રેષ્ઠી અમદાવાદથી સિદ્ધાચલનો સંઘ લઈ જાય છે. આ બે પંજાબી સાધુઓએ એ યાત્રાની વાત કરેલી. એટલે શેઠ હેમાભાઈએ કેશરીસંઘને ભલામણ કરી કે આ બે સાધુઓને પણ સાથે લઈ લેવામાં આવે. કેશરીસંઘે કહ્યું કે પોતના સંઘમાં બધા યુવાનો છે અને વૃદ્ધો માટે ગાડાંની વ્યવસ્થા છે. એટલે આઠ દિવસમાં ઝડપથી ત્યાં પહોંચવાના છીએ. બુટેરાયજી ઉંમરલાયક છે. વળી લાંબો વિહાર કરીને આવ્યા છે માટે તેમને માટે ડોળીની વ્યવસ્થા કરીશું. પરંતુ બુટેરાયજીએ ડોળીનો ઉપયોગ કરવાની ના પાડી અને પોતે લાંબા વિહાર કરશે એમ જણાવ્યું. તેઓ બંને સંઘ સાથે જોડાઈ ગયા અને ચૈત્ર સુદ તેરસે પાલિતાણા પહોંચ્યા. વૃદ્ધિચંદ્રજીને પગે વાની તકલીફ હતી છતાં તે સહન કરીને પણ પહોંચી ગયા એટલું જ નહિ, સિદ્ધાચલજીની યાત્રાનું વર્ષોનું સ્વપ્ન સાકાર થતું હતું એટલે પાલિતાણા પહોંચીને બીજે દિવસે ચૈત્ર સુદ ચૌદસે સવારે જ ડુંગર ચઢીને જાત્રા કરી. આદિશ્વર દાદાનાં દર્શન કરી બંનેનાં હૃદય હર્ષથી ગદ્‌ગદ્ થઈ ગયાં. બીજે દિવસે ચૈત્રી પૂનમની પણ જાત્રા કરી. પાલિતાણામાં મૂળચંદજી મહારાજ તથા મુનિ પ્રેમચંદજી મહારાજ આવીને જુદી જુદી ધર્મશાળામાં ઊતર્યા હતા. હવે બુટેરાયજી મહારાજ અને વૃદ્ધિચંદ્રજી મહારાજ આવી પહોંચતાં ગુરુશિષ્યો એક વર્ષ પછી પાછા એકત્ર થયા.

પાલિતાણામાં હતા ત્યાં સુધી જ્યારે જ્યારે અનુકૂળતા મળી ત્યારે ત્યારે તેઓ ડુંગર ચઢીને જાત્રા કરી આવતા.

તેઓ ચૈત્ર-વૈશાખ પાલિતાણામાં રોકાયા, પણ ત્યાં યતિઓનું જોર હતું. એટલે ચાતુર્માસ બીજે કરવું હતું. એ માટે બુટેરાયજી મહારાજે વૃદ્ધિચંદ્રજી મહારાજને આસપાસનાં ક્ષેત્રોમાં તપાસ કરવા મોકલ્યા. વૃદ્ધિચંદ્રજી મહારાજ તળાજા, મહુવા, ત્રાપજ, ઘોઘા વગેરે સ્થળે વિહાર કરીને પછી ભાવનગર આવ્યા. અન્ય ક્ષેત્રો કરતાં એ એમને વધુ અનુકૂળ લાગ્યું. મોટું શહેર હતું. જૈનોની વસતી સારી હતી. લોકો ધર્માનુરાગી હતા. અલબત્ત યતિ-ગોરજીને વધારે માનનારા હતા. પરંતુ વૃદ્ધિચંદ્રજી મહારાજના પરિચયમાં આવ્યા પછી શ્રાવકોએ તેમને અને બુટેરાયજી મહારાજને ચાતુર્માસ માટે પધારવા આગ્રહપૂર્વક વિનંતી કરી. એટલે સં. ૧૯૧૧નું ચાતુર્માસ બુટેરાયજી મહારાજે પોતાના બે શિષ્યો વૃદ્ધિચંદ્રજી અને પ્રેમચંદજી સાથે ભાવનગરમાં કર્યું. મૂળચંદજી મહારાજ પાલિતાણમાં યતિ અખેચંદજી પાસે અભ્યાસ કરવા માટે રોકાયા.

ભાવનગરના ચાતુર્માસમાં શ્રાવકો ઉપર તેઓની ઘણી મોટી અસર પડી. તેઓના ચુસ્ત સંયમપાલન અને શાસ્ત્રજ્ઞાન માટે લોકોને બહુ આદર થયો. બુટેરાયજી મહારાજનું વ્યાખ્યાન તો સરસ રહેતું, પણ પછીથી લોકો વૃદ્ધિચંદ્રજી મહારાજને વધુ મળવા આવતા. કુદરતી રીતે એમણે લોકોનાં દિલ જીતી લીધાં હતાં. મળવા આવનારા લોકોનું એમની વાતચીતની અને પ્રકૃતિની સરળતાથી, સાચા વૈરાગ્યથી, કરુણાદષ્ટિથી, તર્કયુક્ત રીતે સમજાવવાની શૈલીથી, મધુર ભાષાથી એમના પ્રત્યેનું આકર્ષણ ઘણું વધી ગયું. એમને પાંચદસ મિનિટ મળવા આવેલા લોકો કલાક સુધી ખસતા નહિ. જ્યારે જુઓ ત્યારે એમની સન્મુખ શ્રાવક-શ્રાવિકાઓ બેઠેલાં જ હોય અને એના મુખેથી નીકળતી વાણી સાંભળવામાં મગ્ન જ હોય. તેઓ પોતાની શંકાઓનું સમાધાન અને નવું માર્ગદર્શન મેળવતાં જ હોય. વૃદ્ધિચંદ્રજી મહારાજે પ્રથમ ચાતુર્માસમાં જ ભાવનગરના શ્રાવકોને ઘેલું લગાડી દીધું. યતિઓ તરફનો રાગ ઓછો થયો.

ભાવનગરના ચાતુર્માસ પછી પાછા તેઓ સિદ્ધાચલની યાત્રાએ ગયા. બુટેરાયજી મહારાજે તથા મૂળચંદજી મહારાજે ત્યાંથી અમદાવાદ તરફ વિહાર કર્યો અને વૃદ્ધિચંદ્રજી તથા પ્રેમચંદજી મહારાજે ગિરનારની યાત્રા માટે જૂનાગઢ તરફ વિહાર કર્યો. પછી તેઓ બંને પણ છૂટા પડી ગયા.

જૂનાગઢમાં ગિરનારની યાત્રા માટે અમદાવાદથી સંઘ આવ્યો હતો, તેમાં મુનિ કેવળવિજયજી અને મુનિ તિલકવિજયજી નામના બે સાધુઓ હતા. વૃદ્ધિચંદ્રજીને મળતાં જ તેઓને પોતાની સાથે જોડાઇ જવા વિનંતી કરી, જેથી એમના શાસ્ત્રજ્ઞાનનો પણ પોતાને લાભ મળે. વૃદ્ધિચંદ્રજી મહારાજની પ્રકૃતિ એટલી સરળ અને ગમી જાય એવી હતી. તેઓ સંઘ સાથે જોડાયા, પણ પોતાની પગની તકલીફને લીધે થોડા વિહાર પછી, સંઘને પોતાની ઝડપે આગળ પ્રયાણ કરવા કહ્યું અને પોતે ધોરાજીમાં થોડા દિવસ મુકામ કરવાનો વિચાર કર્યો. પરંતુ બંને મુનિઓ, સંઘપતિ અને સંઘના માણસોને વૃદ્ધિચંદ્રજીનો સંગ છોડવાનું ગમતું નહોતું. એટલે તેઓએ પોતાની ઝડપ ઓછી કરી, નજીક નજીકના મુકામ નક્કી કર્યા અને યાત્રાનો આખો કાર્યક્રમ બદલી કાઢયો, પણ વૃદ્ધિચંદ્રજી મહારાજને પોતાની સાથે જ રાખ્યા. વૃદ્ધિચંદ્રજી મહારાજ ત્યારે બાવીસ વર્ષના યુવાન હતા. બંને મુનિઓ તેમના કરતાં ઉંમરે મોટા હતા અને તપસ્વી હતા. એટલે મુકામ પર પહોંચ્યા પછી તેઓ બંને મહાત્માની સારી વૈયાવચ્ચ કરતા. વૃદ્ધિચંદ્રજી મહારાજ શાસ્ત્રાર્થ કરવામાં કુશળ હતા. અભ્યાસ અને મનન પણ ઘણું કર્યું હતું. પોતે સ્થાનકવાસી હતા, પણ મૂર્તિપૂજામાં માનતા હતા. યાત્રા દરમિયાન કાલાવડ, જામનગર વગેરે સ્થળે ઢુંઢક મતના જે કોઇ તેમની પાસે ચર્ચા કરવા આવતા તેમને તેઓ પોતાના જ્ઞાનથી નિરુત્તર કરી દેતા.

તેઓ અમદાવાદ તરફ પાછા ફરી રહ્યા હતા ત્યારે સમાચાર મળ્યા કે બુટેરાયજી મહારાજ અને મૂળચંદજી મહારાજ લીંબડીમાં રોકાઇ ગયા છે, કારણકે મૂળચંદજી મહારાજને તાવ આવે છે, આથી વૃદ્ધિચંદ્રજી મહારાજ તરત ત્યાં પહોંચી ગયા. બુટેરાયજી મહારાજ, ગુરુવર્ય પોતાના માંદા શિષ્યની સેવાસુશ્રૂષા પ્રેમથી કરતા હતા. હવે એ જવાબદારી વૃદ્ધિચંદ્રજી મહારાજે લઇ લીધી તેથી મૂળચંદજી મહારાજ પ્રસન્ન થયા, કારણકે ગુરુ મહારાજ પાસે સેવાચાકરી કરાવતાં તેમને ખેદ થતો હતો. થોડું સારું થયું એટલે તેઓ ત્રણેએ લીંબડીથી વિહાર કર્યો, પણ વિહારના શ્રમને લીધે પાછો તાવ આવ્યો. એટલે લીંબડી પાછા ફરવું પડયું. તાવ સાવ મટી ગયો ત્યાર પછી વિહાર કરી તેઓ ત્રણે અમદાવદામાં આવી ઉજમફોઇની ધર્મશાળમાં ઊતર્યા.

અમદાવાદમાં હવે તેઓ પંન્યાસ દાદા મણિવિજયજી તથા ગણિ સૌભાગ્યવિજયજીના વધુ ગાઢ સંપર્કમાં આવ્યા. એથી તેઓ ત્રણેને દાદા મણિવિજયજી પાસે મૂર્તિપૂજક સમુદાયમાં સંવેગી દીક્ષા લેવાની ઇચ્છા થઇ. શેઠ હેમાભાઇને વાત કરી. તેમણે મણિવિજયજીને વાત કરી. એ માટે સૌભાગ્યવિજયજી પાસે યોગવહન કરવાની વ્યવસ્થા થઇ. યોગ પૂરા થયા એટલે સં. ૧૯૧૨માં ચતુર્વિધ સંઘ સમક્ષ દાદા મણિવિજયજીએ તેઓ ત્રણને સંવેગી દીક્ષા આપી અને મુનિ બુટેરાયજીનું નામ મુનિ બુદ્ધિવિજયજી, મુનિ મૂળચંદજીનું નામ મુનિ મુક્તિવિજયજી અને મુનિ વૃદ્ધિચંદ્રજીનું નામ મુનિ વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું. જૈન ધર્મના ઇતિહાસમાં આ એક મોટી ક્રાન્તિકારક ઘટના બની. સાચા ત્યાગી, વૈરાગી, ખમીરવંતા આ ત્રણે પંજાબી મુમુક્ષુ મહાત્માઓનો પ્રભાવ ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ વગેરે સ્થળે ઘણો મોટો પડયો. એથી પંજાબથી આત્મારામજી મહારાજ પોતાના પંદરેક બીજા સાધુઓ સાથે ગુજરાત આવી પહોંચ્યા અને તેઓએ પણ સંવેગી દીક્ષા લીધી.

બુટેરાયજી મહારાજ અને એમના શિષ્યોનાં નવાં નામ રાખવામાં આવ્યાં. પણ તેઓનાં પોતાના મૂળ નામ એટલાં બધાં પ્રચલિત બની ગયાં હતાં કે નવાં નામો બહુ રૂઢ થયાં નહિ, એટલે મુનિ વૃદ્ધિવિજયજી પણ વૃદ્ધિચંદ્રજી મહારાજ તરીકે જ વધુ જાણીતા રહ્યા.

સં. ૧૯૧૨નું ચાતુર્માસ તેઓ ત્રણેએ દાદા મણિવિજયજી સાથે અમદાવાદમાં જ કર્યું. પોતાની સામાચારીને પણ બરાબર શુદ્ધ કરી લીધી. હવે ગુજરાતી ભાષા પણ તેઓ બરાબર બોલતા થઇ ગયા હતા એટલું જ નહિ, પોતાની પંજાબી ભાષામાં બોલે-લખે તો તેમાં ગુજરાતી શબ્દો અને ભાષાપ્રયોગ અજાણતાં આવી જતા. અમદાવાદના સમય દરમિયાન તેઓ ત્રણેને અભ્યાસ કરવા માટે શેઠ હેમાભાઇએ તથા સંઘે પંડિતોની વ્યવસ્થા કરી આપી. એમાં તે વખતના જાણીતા પંડિત હરનારાયણ પાસે સંસ્કૃત કાવ્યગ્રંથો ઉપરાંત ઉપાધ્યાય યશોવિજયજીના ગ્રંથોનો અભ્યાસ કરવાની સારી તક મળી.

સં. ૧૯૧૪માં વૃદ્ધિચંદ્રજી મહારાજે અમદાવાદથી વિહાર કરી, શત્રુંજય અને ગિરનારની યાત્રા કરીને ભાવનગરમાં ચાતુર્માસ કર્યું. ગુરુ મહારાજે એમને હવે વ્યાખ્યાન વાંચવાની આજ્ઞા આપી હતી. ત્યારે એમની ઉંમર ચોવીસ વર્ષની હતી. આ ચાતુર્માસ દરમિયાન પણ તેમણે

ભાવનગરના શ્રાવકોને ફરી પાછા ઘેલા કરી દીધા હતા.

વૃદ્ધિચંદ્રજી મહારાજની પ્રતિભા ઘણી તેજસ્વી હતી. તેઓ શરીરે ઊંચા, ગોરા અને ભરાવદાર હતા. તેમનો ચહેરો પણ ભરાવદાર અને પ્રશાંત હતો. તેઓ બાળબ્રહ્મચારી હતા. એમનું ચારિત્ર એટલું બધું નિર્મળ હતું અને ભક્તિ, વિનય, વૈયાવચ્ચ તથા શાસ્ત્રજ્ઞાન વગેરે ગુણોથી તેમનું જીવન એટલું બધું પવિત્ર હતું કે એમની પાસે રહીને ઘણાને વૈરાગ્યનો બોધ થતો હતો, કેટલાક દીક્ષા લેવા તૈયાર થતા અને કેટલાક ગૃહસ્થો એમની પાસે આજીવન ચતુર્થ વ્રતની-બ્રહ્મચર્યની બાધા લેતા.

આ વર્ષ દરમિયાન વૃદ્ધિચંદ્રજી મહારાજની ગુરુભક્તિનો એક વિશિષ્ટ પ્રસંગ નોંધાયેલો છે. ભાવનગરથી પોતાના ગુરુ મહારાજ શ્રી બુટેરાયજી મહારાજ તથા ગુરુબંધુ શ્રી મૂલચંદજી મહારાજ સાથે તેઓ સિદ્ધાચલજીની યાત્રાએ આવ્યા હતા. પાલિતાણામાં મુકામ કર્યો હતો. એક દિવસ મૂલચંદજી મહારાજ ગુરુદેવને માટે દૂધ વહોરવા ગયા. કોઈક શ્રાવિકાને ઘરે જઈ દૂધ વહોર્યું. પરંતુ એ શ્રાવિકાએ ભૂલથી દૂધમાં દળેલી ખાંડને બદલે દળેલું મીઠું નાખી દીધેલું. આ ભૂલની ખબર નહોતી શ્રાવિકાને કે નહોતી મૂલચંદજી મહારાજને. ઉપાશ્રયમાં આવ્યા પછી જ્યારે તેઓ ગોચરી વાપરવા બેઠા ત્યારે બુટેરાયજી મહારાજે દૂધનો ઘૂંટડો પીતાં જ કહ્યું, 'મૂલા ! મારી જીભ ખરાબ થઈ ગઈ લાગે છે. દૂધનો સ્વાદ કડવો લાગે છે.'

તરત ગુરુદેવના હાથમાંથી પાત્ર લઈને મૂલચંદજી મહારાજે દૂધ ચાખ્યું તો ખબર પડી કે દૂધમાં સાકરને બદલે ભૂલથી મીઠું નખાઈ ગયું છે. એટલે એમણે કહ્યું, 'ગુરુદેવ, આપ એ દૂધ પીવું રહેવા દો. હું એ દૂધ પી જઈશ.'

ત્યાં વૃદ્ધિચંદ્રજી મહારાજે દૂધનું પાત્ર લઈ લીધું અને કહ્યું, 'આ દૂધ તમારા બંનેને પીવાને યોગ્ય નથી. વળી પરઠવાથી જીવહાનિ થવાનો સંભવ છે. માટે હું જ આ દૂધ પી જાઉં છું' એમ કહી તેઓ બધુ દૂધ પી ગયા. બુટેરાયજી મહારાજ તથા મૂળચંદજી મહારાજ તો એ જોતા જ રહી ગયા.

વૃદ્ધિચંદ્રજી મહારાજે અપથ્ય દૂધ પી તો લીધું, પરંતુ એથી એમને ઝાડા થઈ ગયા. એમાંથી આગળ જતાં એમને સંગ્રહણીનો રોગ થયો જે ઘણા ઔષધોપચાર કરવા છતાં જીવન પર્યંત મટયો નહિ. એથી એમનું શરીર ક્ષીણ અને અશક્ત થઈ ગયું હતું.

સં. ૧૯૧૪ના વર્ષ દરમિયાન વૃદ્ધિચંદ્રજી મહારાજના સંસારી પિતા લાલા ધર્મયશજીના અવસાનના સમાચાર આવ્યા. મહારાજશ્રીએ એમના ઉપકારોનું સ્મરણ કર્યું. પરંતુ બધી સાંસારિક માયા હવે એમણે ઉતારી નાખી હતી.

સં. ૧૯૧૫નું ચોમાસુ એમણે કેટલાક શ્રાવકોની વિનંતીથી ઘોઘામાં કર્યું. ત્યાં યતિઓનું જોર હતું. એટલે ઉપાશ્રયમાં ઊતરવા ન મળ્યું. તેઓ એક ગૃહસ્થને ઘરે ઊતર્યા. ત્યાંના યતિ દલીચંદજીએ એમને વ્યાખ્યાન વાંચવાની મનાઈ ફરમાવી. પણ દિવસે દિવસે શ્રાવકો વૃદ્ધિચંદ્રજીના રાગી થતા ગયા. વ્યાખ્યાન પણ ચાલુ થયું. અને પર્યુષણમાં એમણે ઉપાશ્રયમાં કલ્પસૂત્ર વાંચ્યું. ત્યારથી ઘોઘામાંથી યતિનો મહિમા ઓછો થઈ ગયો.

સં. ૧૯૧૬નું ચાતુર્માસ ભાવનગરમાં કરી તેઓ સં. ૧૯૧૭માં અમદાવાદ આવ્યા, કારણ કે ગુરુદેવ બુટેરાયજી મહારાજે હવે પંજાબ બાજુ વિહાર કર્યો હતો. અમદાવાદમાં વૃદ્ધિચંદ્રજી મહારાજે ચાર ચાતુર્માસ કર્યા અને તે દરમિયાન અમદાવાદના શ્રેષ્ઠીઓ શેઠ હેમાભાઈ, શેઠ પ્રેમાભાઈ, શેઠ દલપતભાઈ, શેઠ મગનભાઈ વગેરે શ્રેષ્ઠીઓ ઉપર ઘણો પ્રભાવ પડયો. શેઠ દલપતભાઈ ભગુભાઈએ સિદ્ધાચલજીનો સંઘ કાઢવાની ભાવના વ્યક્ત કરી, પણ તે એ શરતે કે સાથે વૃદ્ધિચંદ્રજી મહારાજ પધારે. મહારાજશ્રીએ સંમતિ આપી એટલે બહુ ધામધૂમપૂર્વક સંઘ કાઢવામાં આવ્યો. શેઠશ્રીએ આ માટે એ દિવસોમાં રૂપિયા એંસી હજારનું ખર્ચ કર્યું હતું.

ત્યાર પછી ભાવનગર, અમદાવાદ, રાધનપુર વગેરે સ્થળે મહારાજશ્રીએ ચાતુર્માસ કર્યા. ૧૯૨૭માં જ્યારે જાણ્યું કે ગુરુવર્ય બુટેરાયજી મહારાજ પાછા ગુજરાત તરફ આવી રહ્યા છે ત્યારે તેમનું સ્વાગત કરવા મૂળચંદજી મહારાજ સાથે તેઓ પાટણ, પાલનપુર થઈ ઠેઠ રાજસ્થાનમાં પાલી સુધી પહોંચ્યા હતા. ઘણા વર્ષે પાછા તેઓ ત્રણે એકત્ર થયા. આબુની જાત્રા કરી તેઓ ગુજરાતમાં પધાર્યા અને ઠેર ઠેર વિચરી યતિઓ-શ્રી પૂજ્યોના જોરને ઓછું કરી નાખ્યું.

એ દિવસોમાં ઋદ્ધિસાગર નામના એક સાધુ લોકોને મંત્ર-તંત્ર શીખવાડી વહેમમાં નાખતા અને તત્ત્વ સિદ્ધાંન્તથી વિમુખ બનાવતા. બીકના માર્યા ઘણા લોકો ઋદ્ધિસાગરને અનુસરતા. જ્યારે મહારાજશ્રીના જાણવામાં આ વાત આવી ત્યારે તેમણે એ દંભી સાધુના મોહમાં ન ફસાવા માટે ઘણો પ્રચાર કર્યો અને લોકોને એમની માયાજાળમાંથી છોડાવ્યા હતા.

મહારાજશ્રીએ લોકોને સન્માર્ગે વાળવા જાગૃતિપૂર્વક કેવા કેવા પ્રયાસો કર્યા હતા એનો બીજો એક પ્રસંગ પણ નોંધાયેલો છે. વિ.સં. ૧૯૩૯માં જેઠમલજી નામના એક સાધુએ 'સમકિતસાર' નામનો ગ્રંથ છપાવીને પ્રગટ કર્યો હતો, એમાં કેટલીક અવળી પ્રરૂપણા કરવામાં આવી હતી. એ વાંચવાથી કેટલાયે લોકોના મનમાં શંકા કુશંકા થવા લાગી હતી. મહારાજશ્રીએ જ્યારે એ ગ્રંથ વાંચ્યો ત્યારે એમને થયું કે એનું ખંડન થવું જરૂરી છે. પોતે તે લખે તેના કરતાં પોતાના લઘુ ગુરુબંધુ આત્મારામજી મહારાજ તે કામ કરવાને વધુ સમર્થ છે એમ સમજીને તેમની પાસે તે લખાવવાનું વિચાર્યું. આત્મારામજી મહારાજ ત્યારે અમદાવાદમાં હતા. વૃદ્ધિચંદ્રજી મહારાજની આજ્ઞા થતાં તરત તેમણે 'સમકિત શલ્યોદ્ધાર'નામનો ગ્રંથ ખંડનમંડનરૂપે હિંદીમાં લખી આપ્યો. એનું ગુજરાતી ભાષાન્તર થયું. વૃદ્ધિચંદ્રજી મહારાજ પણ એ જોઈ ગયા અને આત્મારામજી મહારાજ પણ એ ફરી તપાસી ગયા. ત્યાર પછી જૈન પ્રસારક સભા તરફથી એ ગ્રંથ પ્રગટ થયો. એની સમાજ ઉપર ઘણી સારી અસર થઈ અને અનેક લોકોના મનમાં જાગેલી શંકાઓનું સમાધાન થયું.

વૃદ્ધિચંદ્રજી મહારાજને એમના ગુરુએ ભલામણ કરી હતી કે શાસનને સુદઢ કરવું હોય તો સાધુઓ વધારવા જોઈશે. બુટેરાયજી મહારાજ પોતે તો અધ્યાત્મરસમાં વધારે લીન હતા એટલે આ જવાબદારી વૃદ્ધિચંદ્રજી મહારાજે અને મૂળચંદજી મહારાજે ઉપાડી લીધી, પરંતુ એક દિવસ રાતે એકાંતમાં બેસી બંનેએ નિર્ણય કર્યો કે કોઈએ પોતાના ચેલા ન કરવા પરંતુ જે કોઈ દીક્ષાર્થી હોય તેને દીક્ષા આપીને તેને ગુરુદેવ બુટેરાયજીના શિષ્ય કરવા, એટલે કે પોતાના તેને ગુરુભાઈ કરવા. શિષ્યનો મોહ કેટલો બધો હોય છે એ તો સાધુપણામાં જે હોય તેને વધારે સમજાય. વૃદ્ધિચંદ્રજી મહારાજ અને મૂળચંદજી મહારાજે શિષ્ય મોહ ઉપર વિજય મેળવ્યો હતો.

પરંતુ એક દિવસ ધર્મસંકટ ઊભું થયું. મૂળચંદજી મહારાજ પાસે

બે યતિઓ દીક્ષા લેવા આવ્યા. તે ભક્તને બુટેરાયજી મહારાજે આજ્ઞા કરી, 'મૂલા ! આ બંનેને હવે વૃદ્ધિના ચેલા બનાવજે.' ગુરુદેવે વૃદ્ધિચંદ્રજી મહારાજને પણ કહ્યું કે 'વૃદ્ધિ ! હવે આ બેને તારા ચેલા બનાવજે.'

એ દિવસે રાત્રે ફરી વૃદ્ધિચંદ્રજી મહારાજ અને મૂળચંદજી મહારાજ એકાંતમાં મળ્યા. વૃદ્ધિચંદ્રજી મહારાજે મૂળચંદજી મહારાજને કહ્યું, 'તમે જાણો છો કે મેં પ્રતિજ્ઞા લીધી છે કે મારે કોઈ શિષ્ય ન કરવા એટલે તેઓને હું ચેલા તરીકે કેવી રીતે સ્વીકારી શકું ?'

મૂળચંદજી મહારાજે કહ્યું 'તમારી પ્રતિજ્ઞાની વાત સાચી છે. મેં પણ એવી પ્રતિજ્ઞા લીધી છે. પરંતુ બીજી બાજુ ગુરુદેવની આજ્ઞાના પાલનનો પ્રશ્ન છે. હવે જ્યાં ગુરુદેવની આજ્ઞાનું પાલન એ અંગત પ્રતિજ્ઞા કરતાં ચડિયાતી વસ્તુ છે માટે તમારે ચેલા સ્વીકારવા જ પડશે.'

વૃદ્ધિચંદ્ર મહારાજે કહ્યું કે, 'જો ગુરુદેવની આજ્ઞા હોય તો એક ચેલો તમે કરો અને એક ચેલો મને આપો.' મૂળચંદજી મહારાજે કહ્યુ, 'એમ બની નહિ શકે. કારણ કે ગુરુમહારાજે મને આજ્ઞા કરી છે કે દીક્ષા આપીને મારે એ બંનેને આપના જ શિષ્ય કરવાના છે.'

છેવટે વૃદ્ધિચંદ્ર મહારાજે એ પ્રસ્તાવ સ્વીકાર્યો. બંને યતિને મૂળચંદજી મહારાજે દીક્ષા આપીને તેમને વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય બનાવ્યા. એકનું નામ રાખવામાં આવ્યું મુનિ ગંભીરવિજયજી અને બીજાનું મુનિ ચારીત્રવિજયજી.

જ્યારે પોતાને બે શિષ્યો થયા એટલે સમય જોઈને વૃદ્ધિચંદ્રજી મહારાજે ગુરુદેવને કહ્યું, 'ગુરુદેવ ! મારે બે ચેલા છે અને મૂળચંદજી મહારાજને એક પણ ચેલો નથી.' એ સાંભળી બુટેરાયજી મહારાજે મૂળચંદજી મહારાજને કહ્યું, 'મૂલા ! હવે જેને દીક્ષા આપે તેને તારો ચેલો બનાવ જે.'

ગુરુમહારાજની આજ્ઞા થતાં કિશનગઢથી આવેલા એક યતિને દીક્ષા આપીને એમને પોતાના ચેલા બનાવ્યા. એમનું નામ રાખવામાં આવ્યું મુનિ ગુલાબવિજયજી. વૃદ્ધિચંદ્રજી મહારાજની નિસ્પૃહતા અને ઉદારતા કેટલી બધી હતી તે આવા પ્રસંગો ઉપરથી જોઈ શકાય છે.

વૃદ્ધિચંદ્રજીના વડીલ ગુરુબંધુ મૂલચંદજી મહારાજ એમના કરતાં ઉંમરમાં ચાર વર્ષ મોટા હતા. તેમણે દીક્ષા પણ વહેલી લીધી હતી. વળી તેઓ શરીરે સુદૃઢ અને સશક્ત હતા એટલે એમણે યોગવહન કરીને ગણિની પદવી મેળવી હતી. પરંતુ વૃદ્ધિચંદ્રજી પોતાની નાદુરસ્ત તબિયતને કારણે ઈચ્છા અને ભાવના હોવા છતાં યોગવહન કરી શક્યા નહોતા. એટલે એમણે પોતાના મુનિપદથી પૂરો સંતોષ માન્યો હતો. પોતાના ગુરુબંધુ પ્રત્યે તેઓ પૂરો વિનય સાચવતા. તેમની આજ્ઞા સ્વીકારતા. વિ. સં. ૧૯૩૮માં ગુરુમહારાજ અમદાવાદમાં કાળધર્મ પામ્યા. એથી જાણે એક આધારસ્તંભ ગયો હોય એવો એમને ખેદ થયો. હવે સમુદાયની જવાબદારી ગણિવર્ય મૂળચંદજી મહારાજ ઉપર આવી. વર્ષે વર્ષે સાધુસાધ્વીઓની સંખ્યા વધતી જતી હતી. પણ એની બધી વ્યવસ્થામાં મૂળચંદજી મહારાજ અત્યંત કુશળ હતા.

જૈન ધર્મ પ્રસારક સભા તરફથી વિ. સં. ૧૯૫૪માં શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનું જીવનચરિત્ર ગદ્યમાં પ્રગટ થયેલું, એનો આધાર લઈને વળાવાળા શ્રી દુર્લભજી મહેતાએ પદ્યમાં સાત પરિચ્છેદમાં ઢાળ અને દુહાની મળીને ૧૧૨૫ કડીમાં રાસના પ્રકારની સુદીર્ઘ રચના સં. ૧૯૭૨માં કરી છે. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પ્રત્યે એમના ભક્તોની વાણી કેવી કેવી રીતે મહોરી છે તે આના ઉપરથી જોઈ શકાય છે. અને તે ઉપરથી એ મહાત્માનો પ્રભાવ કેટલો બધો પ્રેરક અને પ્રોત્સાહક હશે તેની પ્રતીતિ થાય છે. કૃતિના આરંભમાં કવિ કહે છે :

શ્રી શુભ વીર પ્રભુ નમી, શારદા માય પવિત્ર,
મહા મુનિ વૃદ્ધિચંદનું કહીશું જન્મચરિત્ર.
બ્રહ્મચારી સંયમ ગ્રહી, ભારત ભૂમિ મોજાર,
વિચર્યા નિસ્પૃહ ભાવથી કીધો અતિ ઉપગાર.
શાસન સોહ વધારીને, સ્વર્ગ ગયા ગુરુરાય
'દુર્લભ' પદપંકજ નમી, ગુણ ગિરુઆ તસ ગાય.

કવિ પોતે વળાના હતા અને મહારાજશ્રીના સંપર્કમાં આવ્યા હતા એટલે એમણે બીજે ન મળતી એવી વળાની કેટલીક વિગતો આ રાસકૃતિમાં અને પાદનોંધમાં વણી લીધી છે. તેઓ લખે છે :

પ્રતિબોધ સુણતાં નિત્ય ભાવે, મિથ્યાત્વ તિમિરને દૂર હઠાવે,
શુદ્ધ જિનમત બીજ વાવે,
મુનિ શ્રાવક આચાર બતાવે, લોંકા તપા સહુ સુણવા આવે,
શુદ્ધ પંથ જાગૃતિ થાવે.
ગોચરી રે પણ પોતે આવે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક બતાવે,
શ્રાવકાચાર સમજાવે,
મિથ્યાત્વના પરવો નહી કરવા, રસોડે પાણિયરે ચંદરવા,
સૂચવે જયણા ધરવા,
કાઠી ગરાશિયાનો શિણગાર, જોતા ઘણા શ્રાવકને દ્વાર,
કહે 'આ શું ? વિરુદ્ધાચાર ?'

* * *

લોંકા તપાનો ભેદ નિવારે રે, જિનમત શુદ્ધ સરવે દિલ ધારે રે,
ઉપગાર કર્યો એ ભારે રે.

આમ વૃદ્ધિચંદ્રજી મહારાજે વળામાં પોતાની પ્રેરક વાણીથી ઘણો ઉત્સાહ પ્રગટાવ્યો હતો. એમનું વ્યાખ્યાન સાંભળવા લોંકા અને તપા (સ્થાનકવાસીઓ અને મૂર્તિપૂજકો) બધા જ આવતા અને તેઓ વચ્ચેના ભેદભાવ તેમણે નિવાર્યા હતા. વળી લોકો ગરાસિયા જેવો જે આચાર પાળતા હતા તેમાં પણ ફેરફાર કરાવ્યો હતો. કવિ પાદનોંધમાં લખે છે કે જૈનોના ઘરે ગરાસિયાની જેમ જે હુક્કા પીવાતા હતા તે તેમણે બંધ કરાવ્યા હતા. એક જ દિવસમાં ચાલીસ જેટલાં કુટુંબોમાં મહારાજશ્રીના પ્રેરક ઉપદેશથી શ્રાવકોએ હુક્કા ફોડી નાખ્યા હતા.

વળા-વલ્લભિપુરમાં એમણે દેવર્દ્ધિગણિની સ્મૃતિમાં દેરાસર, ઉપાશ્રય, સ્મારક વગેરે કરવા માટે પણ ઉપદેશ આપ્યો હતો.

વૃદ્ધિચંદ્રજી મહારાજને સિદ્ધાચલજીની યાત્રાનું આકર્ષણ અને અનુકૂળતા વિશેષ રહ્યાં હતાં. તેમણે પહેલી યાત્રા પંજાબથી અમદાવાદ આવીને કરી હતી. ત્યાર પછી તેમણે જુદા જુદા સંઘો સાથે વિહાર કરીને વીસથી વધુ વાર શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી હતી. એમણે એક વખત શત્રુંજય મહાતીર્થની નવ્વાણું યાત્રા પણ કરી હતી.

વૃદ્ધિચંદ્રજી મહારાજનું શત્રુંજય તીર્થની બાબતમાં એમના જમાનાની દૃષ્ટિએ એક મહત્ત્વનું કાર્ય એ હતું કે પાલિતાણાના ઠાકોરે જ્યારે યાત્રિકવેરો નાખ્યો ત્યારે તેની સામે વિરોધ નોંધાવવા રાજકોટમાં પોલિટિકલ એજન્ટ પાસે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તે વખતે અમદાવાદમાં રહી વૃદ્ધિચંદ્રજી મહારાજે બધાં શાસ્ત્રો ઝીણવટપૂર્વક વાંચીને શ્રેષ્ઠીઓને શાસ્ત્રીય પુરાવાઓ આપીને અમદાવાદથી રાજકોટ

મોકલ્યા હતા. ઘણાં વર્ષ કેસ ચાલ્યો હતો. પરંતુ એમની દરમિયાનગીરીથી વ્યક્તિગત ધાત્રિકવેરો રદ કરવાનો અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ દર વરસે રૂપિયા પંદર હજાર પાલિતાણાના ઠાકોરને આપવાનો ચુકાદો આવ્યો હતો.

સં. ૧૯૪૪માં મૂલચંદજી મહારાજની નિશ્રામાં અમદાવાદથી શત્રુંજયનો સંઘ નીકળ્યો હતો. વૃદ્ધિચંદ્રજી તબિયતને કારણે પાલિતાણા આવી શકે તેમ નહોતા. એટલે સંઘ ભાવનગર આવીને પછી પાલિતાણા જવાનો હતો. વૃદ્ધિચંદ્રજી મહારાજને આ સંઘ નીકળવાના સમાચાર મળતાં તેઓ પોતાના ગુરુબંધુને મળવા આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા હતા. જ્યારે સંઘ ભાવનગર આવ્યો ત્યારે વૃદ્ધિચંદ્રજી પોતાના સાધુ-સાધ્વીના સમુદાય સહિત શહેર બહાર સામૈયું કરવા ગયા અને ઘણાં વરસ પછી મૂલચંદજી મહારાજને મળતાં અત્યંત હર્ષ અનુભવ્યો. વડીલ ગુરુબંધુનું આગમન થતાં અને એક ઉદ્યાનમાં પાટ ઉપર બિરાજમાન થતાં વૃદ્ધિચંદ્રજીએ પોતાનાં સાધુ-સાધ્વી સહિત વિધિપૂર્વક વંદન કર્યાં. અને મૂલચંદજી મહારાજના ચરણકમલમાં પોતાના મસ્તક વડે સ્પર્શ કર્યો. આ દૃશ્ય જોનાર ભાવવિભોર બની ગયા અને જૈનધર્મમાં વિનયને કેટલું બધું મહત્ત્વ અપાયું છે તે સમજીને તે માટે રુચિવાળા થયા.

ત્યાર પછી મૂલચંદજી મહારાજના પરિવારનાં સાધુ-સાધ્વીઓએ વૃદ્ધિચંદ્રજી મહારાજને વંદન કર્યાં. આમ પરસ્પર વંદનવિધિ પતી ગયા પછી ભાવનગર શહેરમાં સંઘનો ભવ્ય પ્રવેશ થયો. સંઘ બે દિવસ રોકાયો તે દરમિયાન બંને ગુરુબંધુઓએ પરસ્પર અનુભવોની, અધ્યયનની અને શાસનનાં કાર્યોની વિચારણા કરી.

વૃદ્ધિચંદ્રજી મહારાજે જોયું કે પાઠશાળાઓ અને વિદ્યાશાળાઓ વગર શ્રાવકોમાં તેજ નહિ આવે. એ માટે એમણે ઘણે સ્થળે બાળકો માટે પાઠશાળાઓ ચાલુ કરાવી હતી. પાલિતાણામાં સંસ્કૃત વગેરેના અભ્યાસ માટે મુર્શીદાબાદના બાબુ બુદ્ધિસિંહજીને પ્રેરણા કરીને 'બુદ્ધિસિંહજી પાઠશાળા'ની સ્થાપના કરાવી હતી. ભાવનગરમાં 'જૈન ધર્મ પ્રસારક' સંસ્થાની સ્થાપના કરાવી હતી તથા 'જૈન ધર્મ પ્રકાશ' પત્રનું પ્રકાશન કરાવ્યું હતું. લીંબડીમાં જ્ઞાનભંડાર વ્યવસ્થિત કરાવ્યો હતો. જ્ઞાનવૃદ્ધિનાં આવાં અનેક કાર્યો એમના હાથે થયાં હતાં.

સં. ૧૯૪૪ના ચાતુર્માસ પછી પાલિતાણામાં ગણિવર્ય શ્રી મૂલચંદજી મહારાજની તબિયત બગડી. તેમના શરીરમાં રક્તવાતનો વ્યાધિ થઈ આવ્યો અને તે વધતો ગયો. એથી ઘણી અશક્તિ આવી અને ચાલવાની શક્તિ પણ રહી નહિ. વૃદ્ધિચંદ્રજી મહારાજ એમના સતત સમાચાર મેળવતા રહ્યા હતા, પરંતુ જ્યારે જાણ્યું કે પાલિતાણામાં ઔષધોપચારથી કંઈ ફરક પડ્યો નથી ત્યારે તેમને ભાવનગર બોલાવી સારા વૈદ્યો ડૉક્ટરો પાસે ઉપચાર કરાવવાનું વિચાર્યું. તેમણે ભાવનગરથી શ્રેષ્ઠીઓને મોકલ્યા. ગણિવર્ય મહારાજ ચાલી શકે એમ નહોતા. એટલે તેમના માટે મ્યાના (પાલખી જેવું)ની વ્યવસ્થા કરાવી. તેમાં બેસી મૂલચંદજી મહારાજ ભાવનગર પધાર્યા. ભાવનગરમાં ઘણા ઉપચારો કરાવ્યા પણ વ્યાધિ વધતો રહ્યો. આયુષ્ય પૂરું થતાં સં. ૧૯૪૫ના માગસર વદ છઠ્ઠના દિવસે એમણે દેહ મૂક્યો. ગણિવર્યના અંતિમ અવસ્થાના સમાચાર સાંભળી એમના સંઘાડાના બાવીસ જેટલા સાધુઓ ભાવનગરમાં એકત્ર થયા હતા. મુનિ ઝવેરસાગરજી તો ઉદયપુરથી વિહાર કરીને આવી ગયા હતા. સૌએ અને ખાસ કરીને તો વૃદ્ધિચંદ્રજી મહારાજે મૂલચંદજી ગણિવર્યની ઘણી સારી સેવાભક્તિ કરી હતી. કાળધર્મ પામ્યા પછી ગણિવર્ય મૂલચંદજી મહારાજના દેહને મહારાજશ્રીની સૂચનાથી દાદાવાડીમાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો અને ત્યાં આરસની દેરી કરી ત્યાં એમના પગલાં સ્થાપન કરવામાં આવ્યાં હતાં. એ માટે ખર્ચ કરવામાં ભાવનગરના સંઘે પાછું વાળીને જોયું નથી, કારણ કે તપગચ્છના સંવેગી સાધુઓના પુનરુત્થાનનું મહત્ત્વનું કેન્દ્ર ભાવનગર બની ગયું હતું.

વૃદ્ધિચંદ્રજી મહારાજના છેલ્લે દસ શિષ્યો હતા : (૧) કેવળવિજયજી (૨) ગંભીરવિજયજી (૩) ઉત્તમવિજયજી (૪) ચતુરવિજયજી (૫) રાજવિજયજી (૬) હેમવિજયજી (૭) ધર્મવિજયજી (કાશીવાળા વિજયધર્મસૂરિ) (૮) નેમવિજયજી (શાસનસમ્રાટ વિજય નેમિસૂરિ), (૯) પ્રેમવિજયજી અને (૧૦) કર્પૂરવિજયજી ( સન્મિત્ર). આ શિષ્યોમાં વિજય ધર્મસૂરિ અને વિજયનેમિસૂરિએ શાસનનાં ભગીરથ કાર્યો કરીને ઘણું ઉજ્જવળ નામ કર્યું હતું.

મહારાજશ્રીને વિદ્યાભ્યાસ અને જ્ઞાનસંપાદન પ્રત્યે ઘણી રુચિ-પ્રીતિ હતી. તેમણે સ્વયં શાસ્ત્રસિદ્ધાંત ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર વગેરેનો સારો અભ્યાસ કર્યો હતો એટલે ભાવનગરનાં ચાતુર્માસ અને સ્થિરવાસ દરમિયાન એ દિશામાં એમણે ઘણું સંગીન કાર્ય કર્યું હતું અને સંઘ પાસે કરાવ્યું હતું. કેટલાય જૈન યુવાનો એમની પાસે શંકા સમાધાન માટે, જ્ઞાનચર્ચા માટે કે વ્યાકરણાદિના અભ્યાસ માટે નિયમિત આવતા. ભાવનગરના કુંવરજી આણંદજી અને અમરચંદ જસરાજ તો રોજ જ એમની પાસે નિયમિત આવતા. તેઓ રાતના બાર-એક વાગ્યા સુધી મહારાજશ્રી સાથે જ્ઞાનગોષ્ઠિ કરતા રહેતા. અંતિમ વર્ષોમાં જ્યારે મહારાજશ્રીની તબિયત લથડતી જતી હતી અને ઉજાગરા થતા નહોતા ત્યારે પણ એ શ્રાવકોને પોતે વહેલા ચાલ્યા જવાનું ન કહેતાં નેમવિજયને કહ્યું હતું, 'જો ને નેમા ! મારું શરીર આવું નરમ છે ને આ લોકો ઉજાગરા કરાવે છે.' એ સંભાળી, ગુરુ મહારાજની અનુમતિ મેળવી નેમવિજય મહારાજે શ્રાવકોને વહેલા આવવા અને વહેલા જવા કહ્યું.

વૃદ્ધિચંદ્રજી મહારાજના અંતિમ દિવસોમાં જે શ્રાવકોએ એમની દિવસ-રાત સેવા-ભક્તિ કરી તેમાં શ્રી કુંવરજી આણંદજી અને શ્રી અમરચંદ જસરાજનાં નામ મુખ્ય હતાં.

મહારાજશ્રીને વા અને સંગ્રહણીનાં અસાધ્ય દર્દો તો હતાં જ તેમાં છાતીમાં વારંવાર થઈ આવતા દુઃખાવાનું દર્દ વધતું ચાલ્યું હતું. વૈદરાજોના ઉપચારો છતાં એમાં ફરક પડતો નહોતો. એટલે આવા શરીરે મહારાજશ્રી કેટલું ખેંચી શકશે એ પ્રશ્ન હતો. મહારાજશ્રીના આ અંતિમ કાળે એમની યાદગીરી રૂપે એમનો ફોટો પાડવાની ઈચ્છા સંઘના કેટલાક શ્રેષ્ઠીઓને થઈ. એ દિવસોમાં ફોટોગ્રાફીની શોધ થઈ ચૂકી હતી અને મોટા બોક્સ કેમેરા વડે ફોટો પાડવામાં આવતો. મહારાજશ્રીએ અગાઉ કેટલીય વાર પોતાનો ફોટો પડાવવા માટે અનિચ્છા દર્શાવેલી, પરંતુ હવે તો શ્રેષ્ઠીઓ કેમેરાવાળાને પહેલાં તૈયાર રાખીને વિનંતી કરતા કે જેથી મહારાજશ્રી જો હા પાડે તો તરત જ ફોટો પાડી લેવાય. સં. ૧૯૪૮ના પર્યુષણ પછી એક દિવસ શ્રેષ્ઠીઓએ બહુ જ આગ્રહપૂર્વક વિનંતી કરી અને સંઘના પ્રેમને વશ થઈ માત્ર દાક્ષિણ્યતા ખાતર મહારાજશ્રીએ હા કહી કે તરત જ એમનો ફોટો કેમેરાવાળાએ પાડી લીધો હતો. ફોટાની અનેક નકલો કઢાવી જૈન ધર્મ પ્રસારક સભાએ ગુરુભક્તોને આપી હતી. મહારાજશ્રીનો આ એક જ ફોટો મળે છે જે આજ સુધી પ્રચલિત રહ્યો છે.

એવી જ રીતે મહારાજશ્રીનું જીવનચરિત્ર લખવા માટે કેટલાકે કોશિષ કરી હતી. એ માટે જોઈતી માહિતી તો મહારાજશ્રી પાસે થી જ મળી શકે. એકબે વખત કોઈક કોઈકે મહારાજશ્રીને એમના જીવન વિશે પ્રશ્નો કર્યા ત્યારે મહારાજશ્રીએ સહજ રીતે એના જવાબ આપ્યા હતા, પરંતુ પછીથી જયારે પોતાને વહેમ પડયો કે જીવનચરિત્ર લખવા માટે આ પ્રશ્નો પુછાય છે ત્યારે તેમણે જવાબ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

મહારાજશ્રીને વિહાર કરીને સિદ્ધાચલજી, તળાજા જવાની ભાવના વારંવાર થતી, પણ ડોળીનો ઉપયોગ કરવાની એમણે સ્પષ્ટ ના પાડી દીધી હતી. કારણકે પોતે સમુદાયમાં વડા છે અને એમનો દાખલો લઈ શિથિલાચાર વધે.

મહારાજશ્રીની શારીરિક પીડા જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેમનો આત્મોપયોગ પણ વધતો ગયો. દેહભાવમાંથી છૂટી અધ્યાત્મસ્વરૂપમાં અને અનુભવજ્ઞાનમાં તેઓ વધુ લીન રહેવા લાગ્યા હતા. શરીરની વેદના તીવ્રતમ થતી ત્યારે પણ તેમના મુખમાંથી ઊંહકારો નીકળતો નહિ. તેઓ 'અરિહંત, સિદ્ધ, સાહુ' એ ત્રણ શબ્દોનું નિરંતર રટણ કરતા રહેતા અને પોતાને મળવા આવેલાઓને પણ એ ત્રણ શબ્દોનું રટણ કરવા કહેતા. એવા અશાતાના વખતમાં પણ તેઓ ચઉસરણ પયન્નાનું રટણ કરતા અને કોઈ કોઈ ગાથાનો અર્થ ઉલ્લાસપૂર્વક સમજાવતા, જાણે કે શરીરમાં કંઈ વ્યાધિ જ નથી.

સં. ૧૯૪૯ના વૈશાખમાં મહારાજશ્રીની તબિયત વધુ બગડી અને વૈશાખ સુદ ૭ના રાત્રે ૯-૩૦ વાગે એમણે સમાધિપૂર્વક દેહ છોડયો. આ શોકજનક સમાચાર સમગ્ર શહેરમાં ફરી વળ્યા. ભક્તોનાં ટોળેટોળાં ઊમટયાં. ગામેગામ તારથી ખબર અપાયા. બીજે દિવસે સવારે ભાવનગરમાં બધાં બજારો-શાળાઓ વગેરે બંધ રહ્યાં. સુશોભિત પાલખીમાં મહારાજશ્રીના દેહને મૂકીને ભક્તો 'જય જય નંદા, જય જય ભદ્દા'ના ઉચ્ચારો કરતા દાદાવાડીમાં લઈ આવ્યા. હજારોની મેદની ત્યારે એકત્ર થઈ હતી. મહારાજશ્રીના દેહને ત્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. એક મહાન જયોતિ વિલીન થઈ ગઈ. એ પ્રસંગે અનેક લોકોએ અને જુદા જુદા સંઘોએ એમની સ્મૃતિમાં સંસ્થાઓની સ્થાપનાના, તપશ્ચર્યાના અનુકંપાદાન, સુપાત્રદાન વગેરેના સંકલ્પો જાહેર કર્યા હતા.

વૃદ્ધિચંદ્રજી મહારાજ પણ પોતાના વડીલ ગુરુબંધુ મૂલચંદજી મહારાજની જેમ ૫૯ વર્ષની વયે કાળધર્મ પામ્યા. બંને ભાવનગરમાં કાળધર્મ પામ્યા. બંનેની ઉંમર વચ્ચે ચાર વર્ષનું અંતર હતું અને કાળધર્મ વચ્ચે પણ ચાર વર્ષનું અંતર રહ્યું હતું. બંનેનો અગ્નિસંસ્કાર ભાવનગરમાં દાદાવાડીમાં થયો હતો. બંનેનાં પગલાંની દેરી પણ પાસે પાસે કરવામાં આવી છે. પંજાબથી ભરયુવાન વયે નીકળેલા આ બે સાચા સંયમી, સાચા ત્યાગી, સમર્થ ધર્મોપદેશક મહાત્માઓ ગુજરાત ઉપર અનન્ય ઉપકાર કરી ગુજરાતમાં જ દેહ છોડયો.

પૂ. બુટેરાયજી મહારાજ, પૂ. મૂલચંદજી મહારાજ અને પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ પંજાબથી વિહાર કરી ગુજરાતમાં આવ્યા અને સંવેગી દીક્ષા ધારણ કરી. ત્યાર પછી બુટેરાયજી મહારાજ અને મૂલચંદજી મહારાજ પંજાબ જઈ આવ્યા પરંતુ વૃદ્ધિચંદ્રજી મહારાજ તો પાછા પંજાબ કયારેય ગયા જ નહિ. ગુરુમહારાજ બુટેરાયજી મહારાજે એમને કાઠિયાવાડ અને તેમાં પણ ભાવનગર ક્ષેત્ર સંભાળવાની આજ્ઞા કરી ત્યારથી તેઓ તે ક્ષેત્રને સવિશેષપણે સાચવવા લાગ્યા હતા. અગાઉ ગુજરાત કરતાં પણ કાઠિયાવાડ ધર્મે અને સંસ્કારમાં પછાત હતું. વળી ત્યાં સ્થાનકવાસી માર્ગ વધુ પ્રચલિત બન્યો હતો. એ દષ્ટિએ મંદિર-માર્ગને ત્યાં વધુ ચેતનવંતો બનાવવામાં વૃદ્ધિચંદ્રજી મહારાજનું મોટું યોગદાન રહેલું છે. સમગ્ર ભાવનગર જિલ્લા ઉપર અને તેમાં પણ ભાવનગર શહેર ઉપર એમનો ઉપકાર ઘણો મોટો રહ્યો છે. એમણે પંજાબ છોડયા પછી કુલ - ૩૮ ચાતુર્માસ ગુજરાતમાં કર્યા. એમાં ચોવીસ ચાતુર્માસ કાઠિયાવાડમાં કર્યા અને અડધા ચાતુર્માસ - ૧૯ જેટલા ચાતુર્માસ ભાવનગરમાં કર્યા. એ ઉપરથી પણ આ વાતની પ્રતીતિ થશે. ભાવનગરના સંઘ પાસે એમણે વખતોવખત વિવિધ સુંદર ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક કાર્યો કરાવ્યાં એને પરિણામે એ જમાનામાં ભાવનગર માત્ર ગુજરાતનું જ નહિ, સમગ્ર ભારતનું એક મહત્ત્વનું સંસ્કારકેન્દ્ર બની ગયું હતું.

વૃદ્ધિચંદ્રજી મહારાજના સ્વર્ગવાસ પછી અંજલિ આપતી વિવિધ કાવ્યકૃતિઓની રચના થઈ છે. ગુજરાતીમાં રચાયેલા આઠ શ્લોકના એક અષ્ટકમાં એના અજ્ઞાત કવિએ લખ્યું છે :

મોટા નાના સરવજનને માન આપે સુહર્ષે,
હેતે બોલી મધુર વચનો ભક્તના ચિત્ત કર્ષે,
જેના ચિત્તે અવિચળ સદા તુલ્ય દષ્ટિ વિભાસે
તે શ્રી વૃદ્ધિવિજય ગુરુને કેમ ભૂલી જવાશે ?
વિદ્વાનોનાં વદન નિરખી નિત્ય આનંદ પામે,
ગ્રંથો દેખી અભિનવ ઘણો હર્ષ જે ચિત્ત જામે,
તત્ત્વો જાણી જિનમત તણા જ્ઞાનદષ્ટિ પ્રકાશે
તે શ્રી વૃદ્ધિવિજય ગુરુને કેમ ભૂલી જવાશે ?

વૃદ્ધિચંદ્રજીના પ્રશિષ્ય કાશીવાળા શ્રી વિજયધર્મસૂરિએ સ્તુતિરૂપ અષ્ટકની રચના સંસ્કૃત શ્લોકમાં કરી છે. એની વિશિષ્ટતા એ છે કે એમણે પ્રથમ સાત શ્લોકમાં પ્રત્યેકમાં પ્રથમ ચરણમાં પહેલો શબ્દ બેવડાવ્યો છે. જેમકે वाचं वाचं, पावं पावं, द्रायं दायं ઈત્યાદિ તથા તે પ્રત્યેક શ્લોકનું અંતિમ ચરણ નીચે પ્રમાણે એક સરખું જ રાખ્યું છે -

स्वर्गस्थौऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्र :

પૂ. શ્રી વિજય નેમિસૂરિજી મહારાજના પ્રશિષ્ય પૂ. શ્રી વિજયનંદસૂરિએ સંસ્કૃત પદ્યમાં શ્રી વૃદ્ધિસ્તોત્રમ્ નામના કાવ્યની દસ શ્લોકમાં રચના કરી છે. જેમાંના પ્રથમ આઠ શ્લોકનું અંતિમ ચરણ स्तुवे सोऽहं ધ્યાનો એ પ્રમાણે રાખ્યું છે. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના ઉત્તમ ગુણોનો મહિમા ગાતા આ સ્તોત્રના આરંભના શ્લોકમાં તેઓ કહે છે :

सदा स्मर्या सड्ख्या स्खलित गुणं संस्मारित युग –
प्रधानं पीयूषोपममधुर वाचं व्रतिधुरम्
विवेकाद्विज्ञातस्व परसमयाशेष विषयं
स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम्

સદા સ્મરણ કરવાલાયક, અસંખ્ય અને અસ્ખલિત ગુણો વડે યુગપ્રધાનનું સ્મરણ કરાવનાર, અમૃતસમાન મીઠી વાણીવાળા, મુનિઓમાં અગ્રેસર, સ્વરૂપ સિદ્ધાંતના સર્વ વિષયોને વિવેકથી જાણનારા અને ધ્યાનમાં (અથાવ સોઽહં- તે જ હું છું એવા ધ્યાનમાં) ઉલ્લસિત હૃદયવાળા શ્રી વૃદ્ધિવિજયની હું સ્તુતિ કરું છું.

શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની યશોજ્જવલ ગાથાનું જેમ જેમ પાન કરીએ તેમ તેમ તેમના પ્રત્યે મસ્તક વધુ ને વધુ નમે છે. ❐

# છૂપો આશીર્વાદ

❒ ચી. ના. પટેલ

આપણામાં કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા.' શરીર સારું હોય તો બીજી ઉપાધિઓ સહન કરી શકાય છે, પણ શરીર કથળે ત્યારે બીજી સુખ-સગવડોય સ્વાદ વિનાની બની જાય છે. પણ શેક્સ્પિયરના કૉમેડી નાટક 'એઝ યૂ લાઇક ઇટ'માં એક પાત્રની ઉક્તિ છે, Sweet are the uses of adversity- 'દુ:ખના લાભ મીઠા નીવડે છે. મહાભારતનાં કુંતીની પણ પ્રાર્થના છે. 'નૈવ વિપદ:, સંપદો નૈવ સંપદ:-' એટલે કે દુ:ખ તરફ જોવાની આપણી દષ્ટિ બદલાય તો દુ:ખ પણ આવકાર્ય બની શકે છે. છેલ્લા સવા વર્ષમાં મને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ થયો.

સને ૧૯૮૫ના જુલાઇ માસમાં 'વીતેલાં વર્ષો' શીર્ષકથી મેં મારાં જીવનસ્મરણોની લેખમાળા શરૂ કરી હતી તેના એક હપ્તામાં મેં મારા શરીરને ગર્દભભાઇ કહીને તેમનાં પરાક્રમોની કહાણી વર્ણવી હતી. ૧૯૮૬-૮૭નાં બે વર્ષ ગર્દભભાઇ જરા સીધા ચાલ્યા, પણ ૧૯૮૮ના સપ્ટેમ્બર માસથી તેઓ ફરી રિસાયા, તોય એક વર્ષ તેમણે ખેંચ્યું પણ ૧૯૮૯ના સપ્ટેમ્બર માસથી તો તેઓ એવા રિસાયા કે હું દિવાળી સુધી પણ ટકી શકીશ કે કેમ એ શંકાસ્પદ બની ગયું. સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીના ત્રણ માસ મારા બહુ વિકટ ગયા. એ ત્રણ માસ દરમિયાન મારે ત્રણ હૉસ્પિટલોમાં કુલ મળીને ૩૬ દિવસ રહેવું પડયું અને લગભગ રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ થયો. મુખ્ય તકલીફ હરસની હતી અને તે એટલી ગંભીર હતી કે માણસના લોહીમાં હેમોગ્લોબિન નામનું લોહતત્ત્વ હોય છે તે તન્દુરસ્ત વ્યક્તિમાં ૧૪ થી ૧૬ ગ્રામ જોઇએ તે ઘટીને ૬ ગ્રામ થઇ ગયું હતું. સદ્દભાગ્યે હું એ યાતનામાંથી ક્ષેમકુશળ બહાર આવ્યો, જરા હરતોફરતો થયો, રિક્ષામાં કે કોઇની સાથે સ્કૂટર ઉપર બેસી બહાર જતો થયો અને લોહની ટીકડીઓ લઇ હેમોગ્લોબિનનું પ્રમાણ ૧૪.૯ ગ્રામ સુધી લઇ ગયો. બે-ત્રણ રોટલી ખાતો પણ થયો. વર્ષોથી ચાલુ રહેલી કબજિયાતની તકલીફ પણ દૂર થઇ ગઇ.

પણ આ સદ્દભાગ્ય લાંબું ન ચાલ્યું. સાતેક માસ પછી ગર્દભભાઇની અવળચંડાઇ ફરી શરૂ થઇ. આ વર્ષના જુલાઇ માસના પહેલા અઠવાડિયામાં ફરી હરસ ઊપડયા અને ઑગષ્ટ માસમાં તે માટે ઑપરેશન કરાવવું પડયું. હવે ઠીક છે, પણ જૂન માસના અંત સુધી હતું તેવું શરીર રહ્યું નથી અને ફરી કયારેય એવું થશે એવી આશા નથી. મે માસમાં તો હું છેક મુંબઇ ગયો હતો, પણ હવે સ્કૂટર ઉપર કે રિક્ષામાં પણ કયાંય જવાનું ગમતું નથી. મિત્ર શ્રી મહેન્દ્ર મેઘાણીએ એક પત્રમાં લખ્યું હતું તેમ હવે હું બાણશય્યામાં પડયો છું અને એમાંથી કયારેય ઊઠી શકીશ એમ મને લાગતું નથી.

પણ મારા ગર્દભભાઇની આવી અવળચંડાઇ માટે હું તેમને દોષ નથી આપતો. તેઓ એમના સ્વભાવ પ્રમાણે વર્ત્યા, પણ જાણ્યે-અજાણ્યે તેમણે મને એક મોટો લાભ કરાવ્યો છે. કહેવત છે કે સુખમાં સાંભરે સોની અને દુ:ખમાં સાંભરે રામ. મને સુખમાં સોની નહોતા સાંભરતા અને દુ:ખમાં મને રામ પણ ન સાંભર્યા. તેને બદલે આ સવા વર્ષ દરમિયાન મેં પહેલાં કયારેય નહોતું અનુભવ્યું એવું માણસોના આપણી પ્રત્યેના સદ્દભાવમાંથી મળતું સાત્ત્વિક સુખ હૃદયને ભરી દે એટલા પ્રમાણમાં અનુભવ્યું. છેક બાળપણથી મને સ્વજનોનો, મિત્રોનો, સહાધ્યાયીઓનો, સહઅધ્યાપકોનો, વડીલોનો, બધાંનો સદ્દભાવ મળતો રહ્યો છે; પણ માણસોના સદ્દભાવની પૂરી કિંમત મને આ વેળા જ સમજાઇ.

ચાર હૉસ્પિટલોમાં હું કુલ મળીને ૫૫ દિવસ રહ્યો તેનાં કેટલાં બધાં સુખદ સ્મરણો મની રહી ગયાં છે ! પહેલી વાર હું મારા વતન અસારવામાં આવેલા એક નર્સિંગ હૉમમાં દાખલ થયો, તેના ડૉકટરો શ્રી કિરણ શાહ તાજા જ એમ.ડી. થયા હતા, પણ તેમનામાં ઊંડી સૂઝ છે અને દર્દીઓ પ્રત્યે સમભાવનથી વર્તવાની માનવતા છે. તેમના દર્દીઓ મોટે ભાગે આજુબાજુની ગરીબ વસ્તીમાંથી આવતા હોય છે. ડૉકટર બધા દર્દીઓની ઓછામાં ઓછા ખર્ચે સારવાર કરે છે. દર્દીઓને પણ એમના પ્રત્યે ઊંડો આદર હોય છે. મને પણ તેમણે પોતાના સ્વજન તરીકે ગણી મારી સારવાર કરી. મને કરોડરજ્જૂનો મણકો ખસી ગયો હોય એવું દર્દ થયું હતું અને તેથી હું ગભરાઇ ગયો હતો. ડૉકટરે તપાસીને મણકો ખસી નથી ગયો કહીને મને નિશ્ચિંત કર્યો એટલું જ નહિ પણ એમના સદ્દભાવથી હું બીજી રીતે પણ સારો થઇ જઇશ એવી મારામાં શ્રદ્ધા પ્રેરી- અને એમણે મને બીજો પણ લાભ કર્યો મને દૂધ અને શાકના સૂપના પ્રવાહી ખોરાક ઉપર ચઢાવી દીધો, જે આજ સુધી ચાલુ છે.

ડૉકટર કિરણના નર્સિંગ હૉમમાં હું દશ દિવસ રહ્યો ત્યાં સુધી મને ગામમાંથી કેટલા બધા લોકો જોવા આવ્યા ! હું નર્સિંગ હૉમમાં દાખલ થયો તે પછીનો દિવસ શ્રાવણી અમાસના મેળાનો હતો અને અમારાં સગાંઓ કે પરિચિતોમાંથી જે કોઇ ત્યાંના નીલકંઠ મહાદેવના દર્શને આવ્યાં હતાં તે બધાં મારી ખબર કાઢવા આવ્યાં હતાં. સામાન્ય રીતે હું માંદો હોઉં ત્યારે, ઘરે કે હૉસ્પિટલમાં, કોઇ મને ઔપચારિક રીતે જોવા આવે એ ગમતું નહોતું. માતાપિતાને હું કહેતો કે તેઓ પોતે જોવા ન આવે અને કોઇ મારી ખબર પૂછે તો કહેવું કે "સારું છે, જોવા જવાની જરૂર નથી." મિત્રો આવે તો મને ગમે અને તેમની સાથે વાતો કરું, પણ કોઇ ઔપચારિક રીતે જોવા આવે તે નહોતું ગમતું. આ વેળા મને જુદો જ અનુભવ થયો. એ દશ દિવસ દરમિયાન કંઇ નહિ તો પચાસ સ્ત્રીપુરુષો મને જોવા આવ્યાં હશે, અને તેમાંનાં કોઇ માત્ર ઔપચારિક ભાવથી આવ્યાં હશે; પણ મને તો એમ જ લાગતું કે બધાં મારા ઉપર પ્રેમથી પ્રેરાઇને આવે છે. એમની અવરજવર એટલી ચાલુ રહેતી કે મારી અને મારી સારવારમાં રહેતાં પત્નીને આરામ માટે થોડો સમય પણ નહોતો મળતો પણ મને આનો કંટાળો ન હોતો આવતો અને પત્ની પણ બધું હસતા મોંએ સહન કરી લેતાં.

તે પછીની હૉસ્પિટલમાં સર્જન શ્રી નવીન પટેલના પિતા ગુજરાત કૉલેજમાં મારા સહાધ્યાયી હતા અને મારા ઉપર સદ્દભાવ

રાખતા. હૉસ્પિટલમાં દાખલ થતાં જ મેં એ ઓળખાણ આપી. તેથી હો કે તેમના સ્વભાવનું એ લક્ષણ હો, તેઓ જ્યારે મને જોવા આવતા ત્યારે તેમના મોં ઉપર હાસ્ય ફરકતું રહેતું. મારી જાતજાતની, કયારેક બાળકના જેવી ફરિયાદો તેઓ શાંતિથી સાંભળતા અને મારા મનનું સમાધાન કરતા. હું તેમની સૂચનાઓનો અમલ ન કરું તો તેનીય તેઓ અધીરાઇ ન બતાવતા. વળી તેઓ એટલા નમ્ર હતા કે એક રાત્રે મારું શરીર અચાનક કથળ્યું અને લોહીના દબાણનું ઉપરનું સ્તર, જે મારી ઉંમરે અને મારા શરીરની સ્થિતિમાં સામાન્ય રીતે ૧૨૦-૧૩૦ રહેવું જોઇએ, તે ઘટીને ૬૪ થઇ ગયું, ત્યારે તેમણે કહી દીધું કે હું તેમનો કેસ રહ્યો નહોતો અને મને તાત્કાલિક પેટ ને આંતરડાંના કોઇ નિષ્ણાતની નીચે બીજી હૉસ્પિટલમાં લઇ જવો. તેમની સાથે જે બે નર્સો મારી સેવામાં રહેતી તે પણ પ્રેમાળ સ્વભાવની હતી. મને 'કાકા' કહીને બોલાવતી અને મારી બધી માગણીઓ સંતોષતી. બંને બ્રાહ્મણ હતી એટલે તેઓ નર્સ કેમ બની એનું મને કુતૂહલ થયું. મેં એ વિશે તેમને પૂછયું તેના ઉત્તરમાં પણ તેમણે મિત્રભાવે મારી સાથે વાતો કરી. એ બે નર્સોનાં હસતાં મોં આજે પણ મારા મનમાં રમી રહ્યાં છે

ડૉકટર નવીન પટેલની સલાહ પ્રમાણે મને પેટ અને આંતરડાંના જે નિષ્ણાતની દેખરેખ નીચે બીજી હૉસ્પિટલમાં લઇ ગયા તે શ્રી લવ દલાલ ગુજરાત કૉલેજમાં મારી એક વિદ્યાર્થિનીના પુત્ર હતા અને તેમનો સ્વાભાવ પણ શ્રી નવીન પટેલના જેવો જ હસમુખો હતો. હૉસ્પિટલમાં તેમના દિવસો નિશ્ચિત હતા; પણ હું રહ્યો ત્યાં સુધી તેઓ મને રોજ જોવા આવતા અને તેમની સાથે પાંચેક મિનિટ વાત કરતાં જ હું પૂરેપૂરો સારો થઇ જઇશ જ એવી મને શ્રધ્ધા આવી જતી. મારાં આંતરડાંની સ્થિતિ તપાસવા તેમણે Colonoscopy નામની એક ક્રિયા કરી તે એટલી દુઃખદાયક હતી કે તે તે અર્ધો કલાક ચાલી ત્યાં સુધી હું મારી જિંદગીમાં કયારેય, બાળપણમાં પણ, નહિ રડયો; હોઉં એટલું રડયો, પણ તે ક્રિયા થઇ રહ્યા પછી મને મારા ખંડમાં પાછા લાવ્યા ત્યાં ડૉકટર દલાલનું હસતું મોં જોઇને હું મારું બધું દુઃખ ભૂલી ગયો. હૉસ્પિટલમાંથી ઘેર આવ્યા પછી મારે તેમને ચારપાંચ વાર મળવું પડયું છે, પણ જયારે જયારે હું એમને મળ્યો છું, ત્યારે મને કશું થવાનું નથી એવી શ્રધ્ધા સાથે હું પાછો આવ્યો છું.

એ હૉસ્પિટલમાં દિવસના અને રાતના રેસિડન્ટ ડૉકટરો હતા તેઓ પણ નિયમિત સમયે આવી પ્રેમપૂર્વક મારી તપાસ કરતા. એમાંના એક, શ્રી લાલવાણી, મને ખાસ યાદ રહ્યા છે. ડૉ. નવીન પટેલની હૉસ્પિટલમાં મને હરસનું ઑપરેશન કર્યું તે પછી ઑપરેશનના આઘાતથી પેશાબ બંધ થઇ ગયો હતો અને નળી મૂકવામાં આવી હતી તે છૂટતી નહોતી. ડૉકટર લાલવાણીએ મને કહ્યું, "મિ. પટેલ, તમારી જગ્યાએ મારા પિતા હોય તો હું તેમને ખૂબ પાણી પીને Lasyx નામની ટીકડી લેવાની સલાહ આપું." મેં એમની સલાહ માની અને અર્ધા કલાકમાં જ મારી તકલીફ દૂર થઇ. ડૉકટરે મને સલાહ આપી તેમાં કંઇ નવાઇ જેવું નથી, પણ તેમણે મને કહ્યું કે "તમારી જગ્યાએ મારી પિતા હોય તો ?" એ શબ્દો મારા હૃદયને સ્પર્શી ગયા. એ શબ્દોમાં મેં એમના મારા પ્રત્યેના સાચા સદ્‌ભાવનો અનુભવ કર્યો. બીજા ડૉકટરો અને નર્સો પણ મને 'કાકા' કહીને બોલાવતાં તેય મને ગમતું. બધાં દર્દીઓ પ્રત્યે તેઓ આવા જ સદ્‌ભાવથી વર્તતા હશે, પણ મારી અંતરદષ્ટિ ખૂલી ગઇ હતી તેથી મને બીજા દર્દીઓને નહિ થતો હોય એવો આનંદ થતો. હૉસ્પિટલનાં ડૉકટરો અને નર્સો ઉપરાંત અમારા ઘરની નજીક રહેતા ડૉકટર ઇન્દુવદન પટેલ અને ડૉકટર કશ્યપ પટેલ પણ મારા કેઇસમાં રસ લઇ મને જરૂરી સલાહસૂચનો આપતા અને મારી ખબર પૂછતા.

પણ મને સૌથી વધુ આનંદ તો માંદગીના એ ૫૫ દિવસો દરમિયાન મારાં પત્ની, પુત્ર, પુત્રી અને પુત્રવધૂએ જે કાળજીપૂર્વક મારી સેવા કરી તેનો થયો. ૧૯૫૫ની મારી લેખમાળાના એક હપ્તામાં મેં મારી પત્નીની વિરુદ્ધ ફરિયાદના સૂરમાં કંઇક લખ્યું હતું. પણ આ વેળાના મારા અનુભવે મેં જોયું કે મારી ભૂલ હતી. પત્ની રાતદિવસ જોયા વિના, નહાવા-ખાવા ઘરે જાય તે કલાક-બે કલાક બાદ કરતાં, બધો સમય મારી સેવામાં રહેતાં. ડૉકટર નવીન પટેલની હૉસ્પિટલમાંથી મને ડૉકટર દલાલની દેખરેખ નીચે શાહીબાગની ચતુર્ભુજ હૉસ્પિટલમાં લઇ ગયા તે વેળા તો તેમને ચોવીસ કલાકનો સતત ઉજાગરો થયો હતો. પણ કયારેય મેં એમના મોં ઉપર કંટાળાનો ભાવ કે થાકનાં ચિહ્‌ન ન જોયાં. આ વિશે હું તેમને કહું છું, ત્યારે તેઓ મને કહે છે, "મેં મારા સ્વાર્થમાં તમારી સેવા કરી છે." પણ તે હું નથી માનતો. માંદાની સેવા કરવી એ કદાચ તેમના સ્વભાવમાં જ છે. પચાસ વર્ષ ઉપર મારી મોટી બહેન ક્ષયથી મરવા પડી હતી તેની પણ તેમણે એવી જ સેવા કરી હતી, પણ તે વેળા તેમની ઉંમર ૧૯-૨૦ની હતી અને હાલ તેઓ ૭૦ વર્ષની ઉંમરે પહોંચ્યાં છે. એ ઉંમરે દિવસોના દિવસ સુધી હૉસ્પિટલમાં રહી થાકયા કે કંટાળ્યા વિના કોઇની સેવા કરવી એ સહેલું નથી. પણ પત્નીએ તે કરી બતાવ્યું છે અને તે માટે મને તેમની પ્રત્યે ઊંડું માન થયું છે.

પત્ની સાથે પુત્રી પણ ઘણા બધા દિવસ હૉસ્પિટલમાં રહી હતી. તેનું કામ મુખ્યત્વે ડૉકટરોની સૂચનાઓનો પૂરો અમલ થાય છે કે કેમ તે જોવાનું હતું. તેની તબિયત મારા જેવી નાજુક છે, રાત્રે પૂરી ઊંઘી શકતી નથી, પૌષ્ટિક ખોરાક લઇ શકતી નથી અને હંમેશાં થાકેલી રહે છે. પણ તે બધું ભૂલીને તે પત્ની સાથે મારી સેવામાં ઉજાગરા કરતી. મને આશ્ચર્ય થાય છે, તેનામાં આ શકિત કયાંથી આવી ? પણ પ્રેમ માણસને નવું જ બળ આપે છે. પુત્ર હૉસ્પિટલમાં નહોતો રહેતો, પરંતુ દરરોજ ઘેરથી હૉસ્પિટલમાં અને હૉસ્પિટલથી ઘેર સ્કૂટર ઉપર દોડાદોડી કરતો, મારા માટે દવાઓ અને બીજી જરૂરી ચીજો લાવતો, મને લોહી આપવા માટે મિત્રોને તૈયાર કરતો, અને એના મિત્રો પણ રાજીખુશીથી મને લોહી આપવા આવતા. પુત્રવધૂ કયારેક હૉસ્પિટલમાં આવતાં, પણ તેઓ અને પૌત્રી ચૈત્રી ઘેર રહીને મારી ખબર પૂછતાં, પૌત્રી અને પૌત્ર જિગર કયારેક મારા માટે ઘેરથી દૂધ અને શાકનો સૂપ આપી જતાં. આ બધા અનુભવે મને એટલો આનંદ આપ્યો છે કે હવે મને આ દુનિયાની માયા છોડવાનું મુશ્કેલ બની ગયું છે. વૃદ્ધાવસ્થાની માંદગીમાં માણસ એકલો પડી જાય અને નરસિંહ મહેતાએ તેમના 'ઘડપણ કોણે મોકલ્યું ?' કાવ્યમાં વર્ણવી છે એવી લાચારીનો અનુભવ કરે ત્યારે તે મૃત્યુ કયારે આવશે એની રાહ જુએ. પણ જેને સ્વજનોનો પ્રેમ મળે તે એવા પ્રેમની માયા કેમ છોડી શકે ?

આમ મારા ગર્દભભાઇનાં પરાક્રમો મને આશીર્વાદરૂપ નીવડયાં છે અને તે માટે હું તેમનો ખૂબ ઋણી છું. □

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# નવી કાર્યવાહક સમિતિ અને અન્ય સમિતિઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તા. ૧-૧૦-૧૯૯૦ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું, અને નવા વર્ષનાં અંદાજપત્રો રજૂ થયા બાદ અને તે મંજૂર થયા બાદ . નીચે પ્રમાણે પદાધિકારીઓની અને કાર્યવાહક સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી :

❒ **પદાધિકારીઓ :** (૧) ડૉ. રમણલાલ ચી. શાહ - પ્રમુખ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ - ઉપ પ્રમુખ (૩) શ્રીમતી નિરુબહેન એસ. શાહ- મંત્રી (૪) શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ- મંત્રી (૫) શ્રી પન્નાલાલ ર. શાહ-કોષાધ્યક્ષ

❒ **કાર્યવાહક સમિતિ :** (૧) શ્રી કે. પી. શાહ (૨) શ્રી તારાબહેન ર. શાહ (૩) શ્રી વસુમતીબહેન ભણસાલી (૪) શ્રી સ્મિતાબહેન શિરીષભાઈ કામદાર (૫) શ્રી સુબોધભાઈ એમ. શાહ (૬) શ્રી અમર જરીવાલા (૭) શ્રી ઉષાબહેન મહેતા (૮) શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ (૯) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ (૧૦) શ્રી શૈલેશભાઈ એચ. કોઠારી (૧૧) શ્રી પુષ્પાબહેન સી. પરીખ (૧૨) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ (૧૩) શ્રી સુલીબહેન અનિલભાઈ હિરાણી (૧૪) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૧૫) શ્રી ગણપતલાલ મ. ઝવેરી.

સોમવાર, તા. ૧૯-૧૧-૧૯૯૦ના રોજ મળેલી કાર્યવાહક સમિતિમાં નીચેની વિગતે કૉ-ઑપ્ટ સભ્યોની, સહયોગ સમિતિના સભ્યોની, નિમંત્રિત સભ્યોની અને એમ. એમ. શાહ વાચનાલય અને પુસ્તકાલય સમિતિના સભ્યોની નિયુક્તિ કરવામાં આવી હતી.

❒ **કૉ-ઑપ્ટ સભ્યો :** (૧) શ્રી કમલબહેન પીસપાટી (૨) શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાલા (૩) શ્રી જયંતીલાલ પી. શાહ (૪) શ્રી જયાબહેન ટોકરશી વીરા (૫) શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ.

❒ **સહયોગ સમિતિ :** (૧) શ્રી ડુંગરશી રામજી ગાલા (૨) શાંતિલાલ દેવજી નંદૂ (૩) શ્રી રમણભાઈ લાલભાઈ લાકડાવાલા (૪) શ્રી જયંતીલાલ ફતેચંદ શાહ (૫) શ્રી માણેકલાલ વી. સવાણી (૬) શ્રી વસનજી લખમશી શાહ (૭) શ્રી ચંપકલાલ એમ. અજમેરા (૮) શ્રી જોરમલ મંગળજી મહેતા (૯) શ્રી સી. એન. સંઘવી (૧૦) શ્રી બસંતલાલ ડી. નરસિંહપુરા (૧૧) શ્રી પ્રવીણચંદ્ર ટી. શાહ (૧૨) ડૉ. ધનવંત ટી. શાહ (૧૩) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ (૧૪) શ્રી જ્યોતિબહેન પ્રમોદભાઈ શાહ (૧૫) શ્રી અરવિંદભાઈ ચોકસી

❒ **નિમંત્રિત સભ્યો :** (૧) શ્રી બિપિનભાઈ જૈન (૨) શ્રી કપૂરચંદભાઈ ચંદેરિયા (૩) શ્રીમતી શર્મીબહેન ભણસાલી (૪) શ્રીમતી મીરાંબહેન રમેશભાઈ મહેતા (૫) શ્રી ચંદ્રકુમાર જે. શાહ (૬) શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ (૭) શ્રી તરુણાબહેન બિપિનભાઈ શાહ (૮) શ્રી જ્યોત્સનાબહેન શેઠ (૯) શ્રી શિરીષભાઈ કામદાર (૧૦) શ્રી રજનીભાઈ એલ. વોરા (૧૧) શ્રી પર્ણલેખાબહેન દોશી (૧૨) શ્રી જગમોહનભાઈ દાસાણી (૧૩) ડૉ. અમૂલ શાહ (૧૪) શ્રી ચંદ્રાબહેન હરસુખભાઈ શાહ (૧૫) શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા (૧૬) શ્રી રૂપચંદ ભણસાલી (૧૭) શ્રી સરોજબહેન મહેતા (૧૮) શ્રી મૃદુલબહેન જે. શાહ (૧૯) શ્રી રવીન્દ્રભાઈ એચ. મહેતા (૨૦) શ્રી મુકુન્દભાઈ ગાંધી (૨૧) શ્રી શાંતિલાલ બી. ગાંધી (૨૨) શ્રી શ્રીપાળ ભંડારી (૨૩) શ્રી પ્રદીપભાઈ એ. જે. શાહ (૨૪) શ્રી મહેન્દ્રભાઈ વોરા (૨૫) શ્રી મીનાબહેન શાહ (૨૬) શ્રી ધીરજબહેન વોરા (૨૭) શ્રી અરુણભાઈ પરીખ (૨૮) શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (૨૯) શ્રી કુસુમબહેન એન. ભાઉ (૩૦) શ્રી દમયંતીબહેન એન. શાહ (૩૧) શ્રી નાનાલાલ સંઘરાજકા (૩૨) શ્રી મીરાંબહેન ભંડારી (૩૩) શ્રી યશોમતીબહેન શાહ (૩૪) શ્રી રમાબહેન જે. વોરા (૩૫) શ્રી બચુભાઈ પી. દોશી (૩૬) શ્રી રસિલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી (૩૭) શ્રી સરલાબહેન સેવંતીલાલ પારેખ (૩૮) શ્રી આશાબહેન મહેન્દ્રભાઈ મહેતા (૩૯) શ્રી રેખાબહેન એસ. દોશી (૪૦) શ્રી શારદાબહેન ગાંધી (૪૧) શ્રી નટુભાઈ પટેલ (૪૨) શ્રી મહાસુખભાઈ કામદાર (૪૩) શ્રી ગુલાબ દેઢિયા (૪૪) શ્રી સ્મિતાબહેન બી. શાહ (૪૫) શ્રી આશિતાબહેન કાંતિલાલ શેઠ (૪૬) શ્રી પૂનમબહેન અતુલભાઈ શાહ (૪૭) શ્રી સંયુક્તાબહેન પી. મહેતા (૪૮) શ્રી વિનોદભાઈ જે. મહેતા (૪૯) શ્રી કીર્તીભાઈ ફૂલચંદ દોશી (૫૦) શ્રી હેમંતભાઈ આર. શાહ (૫૧) શ્રી ધીરુભાઈ દોશી (૫૨) શ્રી જ્યોતિબહેન એચ. શાહ (૫૩) શ્રી નેમચંદ એમ. ગાલા (૫૪) શ્રી જ્યોતિબહેન વી. શાહ (૫૫) શ્રી કૃષ્ણાબહેન એન. પારેખ (૫૬) શ્રી ચંદ્રકાન્તભાઈ ગાંધી (૫૭) શ્રી હિંમતલાલ એસ. ગાંધી (૫૮) શ્રી મહીપતભાઈ જે. શાહ (૫૯) શ્રી શાંતિલાલ ટોકરશી શાહ (૬૦) શ્રી પૂર્ણિમાબહેન એસ. શેઠ (૬૧) શ્રી ભારતીબહેન શાહ (૬૨) શ્રી સુશીલાબહેન સેવંતીલાલ કપાસી ( ૬૩) શ્રી નીતિનાબહેન ઈન્દુભાઈ કપાસી (૬૪) શ્રી અશોક મહેતા ( ૬૫) શ્રી પ્રમોદભાઈ પી. શાહ (૬૬) શ્રી પુષ્પાબહેન એમ. મોરજરિયા (૬૭) શ્રી મધુસૂદન મોરજિયા (૬૮) શ્રી નરેન્દ્રભાઈ ભાઉ (૬૯) શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા (૭૦) શ્રી નવીનભાઈ ડી. મહેતા (૭૧) શ્રી કુંદનલાલ રવિચંદ શાહ (૭૨) શ્રી ઈન્દિરાબહેન સોનાવાલા (૭૩) શ્રી જશવંતીબહેન કોટાવાલા ( ૭૪) સરલાબહેન મહેતા (૭૫) શ્રી ભગવતીબહેન શાહ (૭૬) શ્રી કલ્પાબહેન શાહ (૭૭) શ્રી સ્નેહલત્તાબહેન શેઠ (૭૮) શ્રી સુધાબહેન દલાલ (૭૯) શ્રી મોહિનીબહેન દલાલ (૮૦) શ્રી દામજીભાઈ એન્કરવાલા (૮૧) શ્રી શામજીભાઈ ટોકરશી વોરા (૮૨) શ્રી સેજલબહેન કામદાર (૮૩) શ્રી અરુણાબહેન સરવૈયા (૮૪) શ્રી મૃદુલાબહેન શાહ (૮૫) શ્રી નવીનભાઈ શાહ

❒ **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ :** (૧) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ - મંત્રી (૨) શ્રી તારાબહેન ર. શાહ (૩) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૪) શ્રી ઉષાબહેન મહેતા (૫) શ્રી વસુમતીબહેન ભણસાલી (૬) શ્રી પુષ્પાબહેન પરીખ

વાચનાલય - પુસ્તકાલયના પાંચ ટ્રસ્ટીઓની નિયુક્તિ ૭ વર્ષ માટે થાય છે. સન- ૧૯૯૨ સુધી ચાલુ રહેનારા પાંચ ટ્રસ્ટીઓનાં નામ આ પ્રમાણે છે. (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ (૩) શ્રી કે. પી. શાહ (૪) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ (૫) શ્રી સુબોધભાઈ એમ. શાહ.

## પર્યુષણ પર્વ દરમિયાન સંઘમાં લખાવાયેલી ભેટ રકમની યાદી

૫૦૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૨૫૦૦૦ „ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૨૫૦૦૦ „ પુષ્પાબહેન ભણશાળી
૨૧૦૦૦ „ શ્રી હિરાચંદ તલકચંદ સ્મારક ફંડ
૧૦૦૦૧ „ ગિજુભાઈ આર શુકલ
૧૦૦૦૦ „ સાકરબહેન પ્રેમજી ચેરીટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ „ નવનીત પ્રકાશન
૫૦૦૦ „ પુષ્પાબહેન મધુભાઈ મોરજરિયા
૫૦૦૦ „ પિયૂષભાઈ કોઠારી
૫૦૦૦ „ આશિતાબહેન કાંતિલાલ શેઠ
૫૦૦૦ „ કિનારીવાલા આર. જે. કે. ઈન્ડસ્ટ્રીઝ
૪૦૦૦ „ સી. એન. સંઘવી
૨૫૦૧ „ મહાસુખભાઈ કે. શાહ
૨૫૦૧ „ મણિલાલ તલકચંદ શેઠ
૨૫૦૦ „ વિદ્યાબહેન મહાસુખભાઈ
ખંભાતવાલા
૨૫૦૦ „ સુલીબહેન હિરાણી
૨૫૦૦ „ ચંદ્રકાંત દીપચંદ શાહ
૨૫૦૦ „ હેમચંદ અમરચંદ ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ „ નટવરલાલ બેચરદાસ જસાણી
૨૫૦૦ „ મહાવીર વેલફેર ટ્રસ્ટ
૨૫૦૦ „ કિશોરચંદ્ર એમ. વર્ધન
૨૫૦૦ „ સમર્પણ ટ્રસ્ટ
૨૫૦૦ „ જમનાદાસ હેમાણી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ „ મુદુલબહેન જે. શાહ
૨૫૦૦ „ ગુરુકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ „ ચિનુભાઈ હિંમતલાલ શાહ
૨૫૦૦ „ શેઠ બ્રધર્સ
૨૫૦૦ „ પુષ્પાબહેન શેઠ
૨૦૦૦ „ રમેશભાઈ પી. દફતરી
૨૦૦૦ „ યોગેન્દ્રભાઈ સેવંતીલાલ શાહ
૨૦૦૦ „ પ્રભુદાસ લીલાધર પ્રા. લિ.
૨૦૦૧ શેઠ માણેકલાલ ઉજમશી મેમોરિયલ
૨૦૦૦ શ્રી જયંતકુમાર કલ્યાણજી શાહ
૨૦૦૦ „ રમેશભાઈ વી. શેઠ
૧૭૫૦ „ રસિકલાલ લહેરચંદ શાહ
૧૫૦૦ „ મીરાંબહેન મહેતા
૧૫૦૦ „ શર્મીબહેન ભણસાળી
૧૫૦૦ „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૦૦ „ કુમુદબહેન પટવા
૧૫૦૦ „ અરવિંદભાઈ ચોકસી
૧૨૫૧ „ વસનજી દેવજી નિસર
૧૨૫૧ „ મણિબહેન વસનજી નિસર
૧૨૫૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા
શ્રી તારાબહેન શાહ
૧૨૫૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૧૨૫૦ „ કે. પી. શાહ
૧૨૫૦ „ નીરુબહેન તથા શ્રી સુબોધભાઈ શાહ
૧૨૫૦ „ પ્રવીણચંદ્ર કે. શાહ
૧૨૫૦ „ ગણપતભાઈ એમ. ઝવેરી
૧૨૫૦ „ કલ્પાબહેન શાહ
૧૨૫૦ „ મીનાબહેન શાહ
૧૨૫૦ „ પુષ્પાબહેન પરીખ
૧૨૫૦ „ કલાવતીબહેન મહેતા
૧૨૫૦ „ યશોમતીબહેન શાહ
૧૨૫૦ „ સ્મિતાબહેન કામદાર
૧૨૫૦ „ રમાબહેન મહેતા તથા શ્રી ઉષાબહેન
મહેતા
૧૨૫૦ „ જયંતીલાલ ફત્તેહચંદ શાહ
૧૨૫૦ „ રોયલ કેમિસ્ટ હ. મુકુન્દભાઈ ગાંધી
૧૨૫૦ „ રમાબહેન વોરા
૧૨૫૦ „ સુવર્ણાબહેન દલાલ
૧૨૫૦ „ નિર્મળાબહેન રસિકલાલ ચેરિટેબલ
ટ્રસ્ટ
૧૨૫૦ શ્રી ધીરેન્દ્ર ચીમનલાલ
૧૨૫૦ „ એમ. સી. મહેતા
૧૨૫૦ શ્રી એક બેન તરફથી
૧૨૫૦ „ બી. શાંતિલાલ એન્ડ કું.
૧૨૫૦ „ હીરાલાલ પ્રાણલાલ શાહ
૧૨૫૦ „ કિશોરભાઈ રજનીભાઈ વોરા
૧૦૦૧ „ પ્રભુદાસ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૧ „ ટોકરશી બી. વીરા
૧૦૦૧ „ ઉર્મિલાબહેન જે. શાહ
૧૦૦૦ „ ધીરજલાલ ફૂલચંદ શાહ
૧૦૦૦ „ છોટાલાલ કેશવજી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦ „ રેણુકાબહેન મહેતા
૧૦૦૦ „ રમેશભાઈ પી. મહેતા
૧૦૦૦ „ કાંતિલાલ છોટાલાલ
૧૦૦૦ „ ઉષાબહેન ડી. શાહ
૧૦૦૦ „ ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ
૧૦૦૦ ડૉ ધીરેન્દ્રકુમાર વરજીવનદાસ
૬૨૫ શ્રી અમર જરીવાલા
૫૦૧ „ કમલબહેન પિસપાટી
૫૦૧ „ પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૫૦૧ „ લાભુબહેન સંઘવી
૫૦૧ „ પ્રવીણચંદ્ર ખેમચંદ મહેતા
૫૦૧ „ રજનીભાઈ ઘડિયાલી
૫૦૦ „ જોરમલ મંગળજી મહેતા
૫૦૦ „ એન. ડી. શેઠ
૫૦૦ „ જસવંતલાલ કપૂરચંદ શાહ
૫૦૦ „ જયાબહેન ચેરિટીઝ
૩૫૧ „ રમેશભાઈ અમૃતલાલ મહેતા
૨૫૧ „ શ્રી હસમુખભાઈ દોઢીવાલા
૨૫૦ „ કેતન પી. શાહ

કુલ રૂા. ૨૯૦૭૪૦

## સર્વોદય પરિવાર ટ્રસ્ટ: આદિવાસીઓના ઘરનાં નળિયા માટે નોંધાયેલી રકમ

૫૦૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૭૫૦૦ " અમીચંદ આર. શાહ
૬૨૫૦ " જે. બી. બોડા એન્ડ કું. પ્રા. લિ.
૫૦૦૦ " સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫૦૦૦ " બિપિનભાઈ જૈન
૫૦૦૦ " વસનજી લખમશી શાહ
૫૦૦૦ " નવનીત પ્રકાશન
૫૦૦૦ " પ્રભુદાસ લીલાધર પ્રા. લિ.
૫૦૦૦ " સાકરબહેન પ્રેમજી ટ્રસ્ટ
૫૦૦૦ ડૉ. સી. જી. સરૈયા
૫૦૦૦ શ્રી. ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૫૦૦૦ " દેવકાબહેન રાંભિયા
૫૦૦૦ " ડી. એમ. શેઠ એન્ડ કું.
૫૦૦૦ " પિયુષભાઇ કોઠારી
૫૦૦૦ " આશિતાબહેન કાંતિલાલ શેઠ
૨૫૦૦ " વિદ્યાબહેન મહાસુખભાઇ કામદાર
૨૫૦૦ " સુલીબહેન હિરાણી
૨૫૦૦ " શૈલેશ હિં. કોઠારી
૨૫૦૦ " ચંદ્રકાંત દીપચંદ શાહ
૨૫૦૦ " રવિચંદ સુખલાલ શાહના પરિવાર
૨૫૦૦ શ્રી જસવંતભાઇ અજમેરા
૨૫૦૦ " મહાવીર વેલ્ફેર ટ્રસ્ટ
૨૫૦૦ " કિશોરચંદ્ર એમ. વર્ધન
૨૫૦૦ " જમનાદાસ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ " મુદુલબહેન જે. શાહ
૨૫૦૦ " ચિનુભાઇ હિંમતલાલ શાહ
૨૫૦૦ " મણિલાલ તલકચંદ શેઠ
૨૫૦૦ " સુરેશભાઇ સંઘારકા
૨૫૦૦ " ઉષાબહેન એચ. શાહ
૨૫૦૦ " પુષ્પાબહેન મોરજરિયા

૨૫૦૦ શ્રી નેમચંદ ચીમનલાલ કુવાડિયા
૨૫૦૦ " શેઠ બ્રધર્સ એન્ડ કું.
૨૫૦૦ " પુષ્પાબહેન શેઠ
૧૨૫૦ " મીરાબહેન મહેતા
૧૨૫૦ " શર્મીબહેન ભણસાળી
૧૨૫૦ ડૉ. રમણલાલ ચી. શાહ
તથા શ્રીમતી તારાબહેન ર. શાહ
૧૨૫૦ શ્રી. ચીમનલાલ જે. શાહ
૧૨૫૦ " કે. પી. શાહ
૧૨૫૦ " નીરુબહેન તથા શ્રી. સુબોધભાઈ શાહ
૧૨૫૦ " પ્રવીણચંદ્ર કે. શાહ
૧૨૫૦ " ગણપતભાઈ મ. ઝવેરી
૧૨૫૦ " કલ્પાબહેન શાહ
૧૨૫૦ " મીનાબહેન શાહ
૧૨૫૦ " પુષ્પાબહેન પરીખ
૧૨૫૦ " કલાવતીબહેન મહેતા
૧૨૫૦ " યશોમતીબહેન શાહ
૧૨૫૦ " શાંતાબહેન કામદાર
૧૨૫૦ " રમાબહેન મહેતા
તથા શ્રી ઉષાબહેન મહેતા
૧૨૫૦ " રસિકલાલ લહેરચંદ શાહ
૧૨૫૦ " જયંતીલાલ ફત્તેહચંદ શાહ
૧૨૫૦ " રોયલ કેમિસ્ટ હ. મુકુન્દભાઈ ગાંધી
૧૨૫૦ " જોરમલ મંગળજી મહેતા
૧૨૫૦ " સી. એન. સંઘવી
૧૨૫૦ " પ્રવીણચંદ્ર ટી. શાહ
૧૨૫૦ " રમાબહેન વોરા
૧૨૫૦ " રમણિકલાલ પૂંજાલાલ પરીખ
૧૨૫૦ " બાલાજી કૉર્પોરેશન
૧૨૫૦ " વી. પી. તુરખીઆ
૧૨૫૦ " છોટાલાલ કેશવજી ચેરીટેબલ ટ્રસ્ટ
૧૨૫૦ " રતનચંદ કચરાભાઈ મહેતા
૧૨૫૦ " અરુણાબહેન અજિતભાઈ ચોકસી
૧૨૫૦ " ચંદ્રકાંત જાદવજી સોમચંદ મહેતા
૧૨૫૦ " અનંતભાઈ સંઘવી
૧૨૫૦ " હિમાંશુ અજિતભાઈ ચોકસી
૧૨૫૦ " અજિતભાઈ ચોકસી
૧૨૫૦ " લીનાબહેન ચોકસી
૧૨૫૦ સ્વ. રમણિકલાલ ભોગીલાલ ચોકસી
૧૨૫૦ શ્રી. અજિતભાઈ એન. શેઠ
૧૨૫૦ " અલકાબહેન રમેશભાઈ શાહ
૧૨૫૦ " એક બહે તરફથી
૧૨૫૦ " રમેશભાઈ રજનીભાઈ એન્ડ કું.
૧૨૫૦ " નિર્મળાબહેન રસિકલાલ

૧૨૫૦ શ્રી મહેતા બ્રધર્સ એન્ડ કું.
૧૨૫૦ " ધીરેન્દ્ર ચીમનલાલ
૧૨૫૦ " એમ. સી. મહેતા
૧૨૫૦ " કમળાબહેન મણિયાર
૧૨૫૦ " પ્રતાપ વૃજલાલ શાહ
૧૨૫૦ " રેખાબહેન નિખિલભાઈ
૧૨૫૦ " કાંતિલાલ મોહનલાલ મહેતા
૧૨૫૦ " બી. શાંતિલાલ એન્ડ કું.
૧૨૫૦ " ત્રિભોવનદાસ જમનાદાસ
૧૨૫૦ " રમેશભાઈ નગીનદાસ શાહ
૧૨૫૦ " રેખાબહેન કાપડિયા
૧૨૫૦ " જયનીલ આર. અજમેરા
૧૨૫૦ " રાજેન્દ્ર ડી. અજમેરા
૧૨૫૦ " કિશનલાલ મોદી
૧૨૫૦ " કેશવલાલ ભણસાળી
૧૨૫૦ " શારદાબહેન બાબુભાઈ શાહ
૧૨૫૦ " નગીનદાસ હરખચંદ વોરા
૧૨૫૦ " ભરતભાઈ પૂનમચંદ શાહ
૧૨૫૦ " સ્મિતાબહેન ભરતભાઈ શાહ
૧૨૫૦ " શેઠ પરિવાર
૧૨૫૦ " સુશીલાબહેન ચંદ્રકાંત મહેતા
૧૨૫૦ " અંજનાબહેન પ્રવીણભાઈ ઝવેરી
૧૨૫૦ " પૂર્ણિમાબહેન દલાલ
૧૨૫૦ " નિલાબહેન શાહ
૧૨૫૦ " અન્સુબહેન પટેલ
૧૨૫૦ શ્રી ચંદ્રકાંત કે. શાહ
૧૨૫૦ " ભાનુબહેન નરેન્દ્ર શાહ
૧૨૫૦ " ગુણવંતીબહેન મહાસુખભાઈ
૧૨૫૦ " પરિતાબહેન મહેન્દ્ર શાહ
૧૨૫૦ " રોહન
૧૨૫૦ " કુલિન
૧૨૫૦ " કિશોર
૧૨૫૦ " જે. એમ. ત્રિવેદી
૧૨૫૦ " આર. એ. શાહ
૧૨૫૦ " મોહિનીબહેન દલાલ
૧૨૫૦ " લાભુભાઈ વી. સંઘવી
૧૨૫૦ " રસિકલાલ જ. પરીખ
૧૨૫૦ " સરોજબહેન ઘાટલિયા
૧૨૫૦ " એક બહે તરફથી
૧૨૫૦ " ઇન્દુમતીબહેન વૃજલાલ
૧૨૫૦ " મહેન્દ્ર આર. શાહ
૧૨૫૦ " પુષ્પાબહેન કે. ભણસાળી
૧૨૫૦ " શરદચંદ્ર કાંતિલાલ
૧૨૫૦ " ઉષાબહેન ડી. શાહ

૧૨૫૦ શ્રી ફીલ્ટન એન્ડ ફીલ્ટનશન
૧૨૫૦ " એન. ડી. શેઠ
૧૨૫૦ " વર્ષાબહેન શાહ
૧૨૫૦ " મણિબહેન ખુશાલચંદ
૧૨૫૦ " શીલાબહેન રતિલાલ શેઠ
૧૫૦૦ " શાંતિલાલ ઉજમશીભાઈ
૧૨૫૦ " અજન્ટા એન્ટરપ્રાઈઝીસ
૧૨૫૦ " જયાબહેન દેઢિયા
૧૨૫૦ " કિશોરભાઈ ખાંડવાલા
૧૨૫૦ " સાવિત્રીબહેન દફતરી
૧૨૫૦ " એમ. બી. પટેલ
૧૨૫૦ " ચંપકલાલ મહેતા
૧૨૫૦ " દુધીબહેન મહેતા
૧૨૫૦ સ્વ. જસવંતલાલ કપૂરચંદ શાહ
૧૨૫૦ શ્રી. નિર્મળાબહેન શાંતિલાલ આટકિયા
૧૨૫૦ " પ્રદીપભાઈ તલસાણિયા
૧૨૫૦ " લાભુભાઈ જી. મહેતા
૧૨૫૦ " એક શુભેચ્છક
૧૨૫૦ " વોરા કન્શટ્રકશન
૧૨૫૦ " શિવાબહેન બુટાલા
૧૨૫૦ " રમિલાબહેન અનંતભાઈ સંઘવી
૧૨૫૦ " બિપિનભાઈ ઝવેરી
૧૨૫૦ " હિમાંશુ કાજી
૧૨૫૦ " જી. ટી. હાઈસ્કૂલની બહેનો
૧૨૫૦ " જરબહેન દેસાઈ
૧૨૫૦ શ્રી હસમુખભાઈ દોઢીવાલા
૧૨૫૦ " કિશોરભાઈ રજનીભાઈ વોરા
૧૨૫૦ " કેતન પી. શાહ
૧૨૫૦ " કે. અડવીન એન્જિનિયરિંગ કું.
૧૨૫૦ " કુનલ એક્ષપોર્ટ
૧૨૫૦ " વિધિ શૈલેશ શાહ
૧૨૫૦ " ઓનેસ્ટ ટ્રેડીંગ કું.
૧૨૫૦ " અનિલાબહેન કોઠારી
૧૨૫૦ " નગીનદાસ પી. શાહ
૧૨૫૦ " રાજીવ શેઠ
૧૨૫૦ " કિશોરભાઈ દેવચંદ કામાણી
૧૦૦૦ ડૉ. ધીરેન્દ્રકુમાર વરજીવનદાસ
૬૨૫ શ્રી અમર જરીવાલા
૫૦૧ " પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૫૦૦ " શકુંતલાબહેન મહેન્દ્રભાઈ શાહ
૩૫૧ " રમેશભાઈ અમૃતલાલ મહેતા
૨૫૧ " બચુભાઈ દોશી
૨૫૦ " અશોકભાઈ મહેતા

કુલ રૂા. ૩૨૧૭૨૮

## નેત્રયજ્ઞ માટે આવેલ રકમની યાદી

૧૫૦૦૦ શ્રી ધીરજબહેન દીપચંદ શાહના પરિવાર તરફથી

૧૫૦૦૦ શ્રી લીલાબહેન ગફુરભાઈ મહેતાના પરિવાર તરફથી

## સિંગાપુરની પ્રગતિ

(પૃષ્ઠ - ૨ થી ચાલુ)

નાનાં રાજ્યને વિકસવા માટે જેટલો અવકાશ હોય છે તેટલો મોટાં રાષ્ટ્રોને હોતો નથી. રાષ્ટ્ર મોટું હોય એટલે જુદા જુદા પ્રદેશોની ભાષા, ધર્મ, જાતિ, આનુવંશિક લોકો, કુદરતી સંપત્તિની છત-અછત વગેરેને કારણે સમસ્યાઓ ઊભી થાય છે અને સર્વને સંતોષકારક એવા નિર્ણયો જલદી લેવાના નથી. એવો નિર્ણય લેવાયા પછી તેનો અમલ પણ વિલંબમાં પડી જાય છે. નાનાં રાષ્ટ્રોની આવી સમસ્યાઓ ઓછી હોય છે. વિકાસશીલ કાયદાઓ અને નિયમોનો ત્યાં ઝડપી અમલ થાય છે અને પ્રગતિનું પરિણામ તરત નજરમાં આવે છે. બીજી બાજુ નાનાં રાજ્યોને મોટા પાડોશી રાજ્યોનો સતત ડર રહે છે. મોટા રાજ્યો પાસે વસતી મોટી હોય છે એટલે સૈન્ય પણ મોટું હોય છે. મોટા સૈન્ય સાથે નાના રાજ્યો ઉપર આક્રમણ કરવું અને વિજય મેળવવો એ બહુ અઘરી વાત નથી. કોઈકવાર નાના રાષ્ટ્રની કુલ જે વસતી હોય છે તેના કરતા પાડોશી રાષ્ટ્રનું માત્ર સૈન્ય પણ ઘણું મોટું હોય છે. એટલે મોટાં રાષ્ટ્રો નાના પાડોશી રાષ્ટ્રોને ગળી જતા હોય એવા બનાવો દુનિયાના ઈતિહાસમાં વખતોવખત નોંધાયા છે.

દુનિયામાં જુદાં જુદાં રાષ્ટ્રોના ભૌગોલિક વિસ્તારમાં ઘણી વિવિધતા જોવા મળે છે. કેટલાંક રાષ્ટ્રો કુદરતી ભૌગોલિક મર્યાદામાં વિકસે છે. સમુદ્ર, નદી, સરોવર, પહાડ, જંગલ, રણ જેવી કુદરતી રચના બે રાષ્ટ્રોને જુદા પાડે છે. કેટલાક રાષ્ટ્રો એક કરતાં વધારે ટાપુ કે પ્રદેશમાં વિસ્તરે છે. દુનિયામાં નાનામાં નાના રાષ્ટ્રો એક શહેર જેટલા સીમિત છે, તો મોટામાં મોટાં રાષ્ટ્રો એક ખંડ જેટલાં મોટાં છે. સિંગાપુર એ શહેર-રાષ્ટ્ર City-State છે તો ઓસ્ટ્રેલિયા કે અમેરિકા એ ખંડ-રાષ્ટ્ર Continent- State છે. સિંગાપુર મલેશિયાના એક ભાગ તરીકે રહ્યું હોત તો એનો આજે જેટલો થયો તેટલો વિકાસ ન થયો હોત. નાનું એકમ અને કુશળ વહીવટ હોય તો વિકાસ ઝડપી થઈ શકે છે. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નાનાં એકમોને સતાવતો મોટામાં મોટો પ્રશ્ન તે સ્વસંરક્ષણનો છે.

દુનિયામાં નાનાંમોટા દરેક રાષ્ટ્રને પોતપોતાની સમસ્યાઓ હોય છે. નગરોની, પ્રજાઓની અને સંસ્કૃતિઓની ચડતીપડતી ઈતિહાસે જોઈ છે. સમૃદ્ધિની ટોચે પહોંચવાનું અઘરું છે અને ટોચે પહોંચ્યા પછી તે સમૃદ્ધિને દીર્ઘ સમય સુધી ટકાવવાનું અઘરું છે. જે સત્તાધીશો પોતાનું ઘર ભરવાના લાલચુ થઈ જાય છે અને સ્વપ્રસિદ્ધિના ભૂખ્યા હોય છે તેઓ પોતાના રાષ્ટ્રને ખાડામાં ઉતારી દે છે.

સિંગાપુરે અઢી દાયકમાં જે પ્રગતિ સાધી છે તેમાંથી ચાર દાયકાની આઝાદીવાળા અને વિશાળ માનવશક્તિ ધરાવનાર ભારતે ઘણું શીખવા જેવું છે. ❒ રમણલાલ ચી. શાહ

## પરિસંવાદ

આર્થિક સહયોગ : શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ

વિષય : આજનું ગુજરાત અને ભારત : પત્રકારોની દષ્ટિએ

સંઘના ઉપક્રમે ઉપરોક્ત વિષય ઉપર નીચે પ્રમાણે બે દિવસના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

દિવસ : ગુરુવાર, તા. ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૧

વિષય : આજનું ગુજરાત : પત્રકારોની દષ્ટિએ

વકતાઓ : (૧) શ્રી વાસુદેવ મહેતા [સંદેશ-અમદાવાદ]

(૨) શ્રી ભગવતીકુમાર શર્મા [ગુજરાત મિત્ર-સુરત]

(૩) શ્રી હરસુખભાઈ સંઘાણી [ફૂલછાબ-રાજકોટ]

દિવસ : શુક્રવાર, તા. ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૧

વિષય : આજનું ભારત : પત્રકારોની દષ્ટિએ

વકતાઓ : (૧) શ્રી કુંદન વ્યાસ [જન્મભૂમિ-દિલ્હી]

(૨) શ્રી વિનોદ મહેતા [ભૂતપૂર્વ તંત્રી : સન્ડે ઓબઝર્વર અને ઈન્ડિપેન્ડેન્ટ]

(૩) શ્રી હરીન્દ્ર દવે [જન્મભૂમિ-મુંબઈ]

સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઈ -૪૦૦ ૦૨૦.

સમય : બંને દિવસે સાંજના ૬-૦૦ કલાકે

કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળશે. આપ સર્વેને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

| | |
|---|---|
| અમર જરીવાલા | નિરુબહેન એસ. શાહ |
| સુબોધભાઈ એમ્. શાહ | પ્રવીણચંદ્ર કે. શાહ |
| સંયોજકો | મંત્રીઓ |

### સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા
પ્રેરિત

## વિદ્યાસત્ર

(વર્ષ-૧૫)

સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ નીચે પ્રમાણે વિદ્યાસત્રના કાર્યક્રમમાં સ્વ. કિશોરલાલ મશરૂવાળાની જન્મ શતાબ્દી નિમિત્તે આચાર્ય શ્રી યશવંત શુકલનાં બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યા છે. કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે :

❒ પ્રથમ વ્યાખ્યાન

વિષય :સ્વ. કિશોરલાલ મશરૂવાળાનું સમાજચિંતન

સમય : સાંજના ૪-૦૦ થી ૪-૪૫

❒ પંદર મિનિટનો વિરામ

❒ દ્વિતીય વ્યાખ્યાન

વિષય : સ્વ. કિશોરલાલ મશરૂવાળાનું ધર્મચિંતન

સમય : સાંજના ૫-૦૦ થી ૫-૪૫

સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઈ -૪૦૦ ૦૨૦

કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળશે. સર્વેને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

| | |
|---|---|
| તારાબહેન ર. શાહ | નિરુબહેન એસ. |
| શાહસંયોજક | પ્રવીણચંદ્ર કે. શાહ |
| | મંત્રીઓ |

# ગજેન્દ્ર - મોક્ષ

## ☐ પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ

હે ગોવિંદ હે ગોપાલ,
હે ગોવિંદ રાખો શરણ;
અબ તો જીવન હારે ... ૧

નીર પીવન હેતુ ગયો,
સિંધુ કે કિનારે,
સિંધુ બીચ બસત ગ્રાહ,
ચરણ ધરી પછારે,
અબ તો જીવન હારે... ૨

ચાર પ્રહર યુધ્ધ ભયો,
લે ગયો મઝધારે,
નાક કાન ડૂબન લાગે,
કૃષ્ણ કો પુકારે,
અબ તો જીવન હારે... ૩

દ્વારિકામેં શબ્દ ગયો,
શોર ભયો ભારે,
શંખચક્ર ગદા પદ્મ,
ગરુડ લઇ પધારે,
અબ તો જીવન હારે... ૪

સૂર કહે શ્યામ સૂનો,
શરણ હૈ તિહારે;
અબ કી બાર પાર કરો,
નન્દ કે દુલારે,
અબ તો જીવન હારે... ૫

શ્રીમદ્ ભાગવતના ગજેન્દ્રમોક્ષના પ્રસંગને આધારે ભક્ત કવિ સુરદાસે લલિત પદાવલીવાળું મધુર ભજન લખ્યું છે. એના સૂક્ષ્મ આધ્યાત્મિક ભાવાર્થ સાથે તે સમજવા-માણવા જેવું છે. ગજ એટલે હાથી અને ગ્રાહ એટલે મગર. મગરના મુખમાંથી હાથીની મુક્તિ એટલે ગજેન્દ્ર મોક્ષ. એની કથા આ પ્રમાણે છે :

પૂર્વ જન્મમાં આ ગજેન્દ્ર ઇન્દ્રદ્યુમ્ન નામનો પાંડય દેશનો પ્રખ્યાત રાજા હતો. તે હંમેશા વિષ્ણુ ભગવાનની ઉપાસનામાં મગ્ન રહેતો હતો. એક વખત રાજા મલયપર્વત ઉપર ધ્યાનમાં બેઠો હતો ત્યાં અગત્સ્ય મુનિ આવ્યા. રાજાએ ઊઠીને ઊભા થઇને સત્કાર કર્યો નહિ. તેથી મુનિને થયું કે રાજાએ મારો અનાદર કર્યો છે. એથી મુનિએ શાપ આપ્યો કે 'રાજન ! તું દુરાત્મા છે, મૂર્ખ છે. તું બ્રાહ્મણ જાતિનો તિરસ્કાર કરે છે. તારી બુદ્ધિ હાથીના જેવી જડ છે. માટે તું હાથીની યોનિમાં જન્મ લે.' આથી મૃત્યુ પામીને રાજા ત્રિકુટ પર્વતના વનમાં હાથી થયો.

બીજી બાજુ હુહુ નામનો એક ગાંધર્વ હતો. દેવલ ઋષિનો શાપ મળવાથી તે મગર થયો હતો. દસ હજાર યોજન ઊંચા ત્રિકુટ પર્વતની તળેટીમાં નદી, તળાવ, મોટાં ઝાડો - જંગલો હતાં. તેમાં અનેક જીવો રહેતા હતા. તેમાં એક મોટું સોનેરી કમળવાળુ સરોવર હતું.

એક વખત આ વનમાં રહેતો યૂથપતિ ગજરાજ પોતાની હાથણીઓ તથા બચ્ચાઓ સહિત સ્નાન કરવા આવ્યો. ગજરાજ પોતાની સૂંઢના અગ્રભાગ વડે જલના ફુવારા છોડી પોતાની હાથણીઓને નવડાવવા લાગ્યો. તે વખતે મોહિત થયેલા ગજેન્દ્રના પગને મગરે મુખમાં પકડયો અને તે એને ઊંડા પાણીમાં ખેંચી ગયો. તે ગૂંગળાવા લાગ્યો.

આમાંથી છૂટવા ગજેન્દ્રે ખૂબ પ્રયત્નો કર્યા પણ તે છૂટી શકયો નહિ. ધીરે ધીરે તેનો ઉત્સાહ, બળ અને તેજ ક્ષીણ થવા લાગ્યાં. આવી રીતે કેટલોક કાળ વ્યતીત થયો. નિરાધાર થયેલા ગજેન્દ્રને પૂર્વજન્મના સંસ્કારથી ભગવાન શ્રી વિષ્ણુનું સ્મરણ થાય છે. પૂર્વજન્મમાં શીખેલા સ્તોત્રનાં જ્ઞાનથી આર્તહૃદયે વ્યાકુળતાથી સંપૂર્ણ શરણાગતિથી તે સ્તુતિ કરવા લાગ્યો :

यस्मिन्निदं यतश्र्चवेदं, येनेद च ईदं स्वयम् ।
योऽस्मात्परस्माच्च परस्तं प्रपद्ये स्वयंभूवम् ॥

(જેનામાં આ જગત સ્થિત છે, જેનાથી ઉત્પન્ન થયું છે. જેનાથી વ્યાપ્ત છે, જે સ્વયં જગત છે, અને જે આ કાર્યકારણ પૂર્વક જગતથી પર છે તે ભગવાન સ્વયંભૂનું હું શરણ સ્વીકારું છું.)

હે ભગવાન ! તું દેવ, અસુર, મનુષ્ય, સ્ત્રી, પુરુષ, નપુસંક કંઇ નથી. તેમજ તું ગુણ, કર્મ, સત્ કે અસત્ પણ નથી. એથી બધાંનો નિષેધ થતાં (નેતિ નેતિ) તે નિષેધના અવધિ રૂપે તું બાકી રહે છે. તે સર્વરૂપ પરમેશ્વરનો જય હો ! હે પ્રભુ ! મને આ ગ્રાહના મુખથી છૂટીને જીવવાની ઇચ્છા નથી, કારણ કે જેમાં બહારથી અંદરથી બધી તરફથી અજ્ઞાનથી આવૃત્ત છે એવી હાથીની યોનિથી મને હવે શું પ્રયોજન છે ? હું તો આત્મ પ્રકાશને ઇચ્છું છું, આવરણરૂપ અજ્ઞાનથી મુક્ત થવા ઇચ્છું છું. એ પ્રકાશનો કાળથી અંત આવતો નથી. હે યોગેશ્વર ! હું આપને પ્રણામ કરું છુ

પછી ગજેન્દ્રે પ્રભુને અર્પણ કરવા સરોવરમાંથી કમળનું એક ફૂલ પોતાની સૂંઢમાં લીધું.

એથી પ્રસન્ન થયેલા પ્રભુએ દોડતા આવી સુદર્શન ચક્રથી મગરને માર્યો અને ગજેન્દ્રને બચાવ્યો. આ પ્રસંગમાં ત્રિકુટ પર્વત એટલે સત્વ, રજસ, તમસ એ ત્રિગુણાત્મક સૃષ્ટિ. પર્વત દશ હજાર યોજન ઊંચો છે એટલે દસે ઇન્દ્રિયોના પ્રતીકરૂપ તે છે. જીવ સંસારરૂપી સરોવરમાં મોહગ્રસ્ત થઇ જીવન જીવે છે, પરંતુ એને ખબર નથી કાળ અચાનક એનો કોળિયો કરી જવાનો છે. અનંતકાળથી મોહદશામાં, અજ્ઞાનદશામાં, ભવાટવિમાં રખડતા રહેલા જીવને પોતાના શુધ્ધ સ્વરૂપનું- શુધ્ધાત્માનું વિસ્મરણ થઇ જાય છે. પરંતુ જીવ જયારે પ્રભુનું સ્મરણ કરે છે, એને શરણે જાય છે. અને અસંગપણાના પ્રતીકરૂપ કમળને એને ચરણે ધરે છે ત્યારે તેની જ્ઞાનદશા જાગૃત થાય છે.

જીવને ત્યારે એવું જ્ઞાન થાય કે એને સર્વમાં ભગવાન દેખાય છે. સર્વમાં ભગવાનનાં દર્શન એ જ સુદર્શન. સર્વમાં જેને ભગવત્ ભાવ જાગે તે જ કાળનાં પંજામાંથી છૂટી જાય છે.

સંપૂર્ણ સમર્પણભાવથી જીવ જયારે ભગવાનને શરણે જાય છે. ત્યારે પ્રભુ પોતાના ભકતને હૃદયકમળમાં બેસાડી અનંત એવા ધામમાં લઇ જાય છે.

ગોવિંદ, ગોવિંદ ગાતાં ગાતાં, ભાવની એકાગ્રતાથી તેની સાધના કરતાં કરતાં શુધ્ધ થવાય છે. સંસારના આ બધા વ્યવહાર તે સ્વપ્નરૂપી અજ્ઞાનમય અવસ્થાના વ્યવહાર છે. જયારે જ્ઞાનનો પ્રકાશ થાય છે. ત્યારે તે બધું મિથ્યા દેખાય છે. શ્રી અરવિંદ કહે છે તેમ Total surrender without reservation માં પ્રભુની શરણાગતિમાં જે આનંદ છે તે દિવ્ય છે. મોહદશાથી રહિત આનંદમય જ્ઞાનદશા જ જીવને મુક્તિ પ્રતિ લઇ જાય છે. ☐

### નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે :

શ્રીમતી લીલાબહેન ગફુરભાઈ મહેતાના ૭૮મા જન્મદિનની ખુશાલીમાં તેમના પરિવારના આર્થિક સહયોગથી તથા 'શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ'- ચિખોદરા દ્વારા આયોજિત નેત્રયજ્ઞ.

સ્થળ : મેતપુર (તા. ખંભાત)

તારીખ : ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૦

ઉદઘાટન કાર્યક્રમ - સવારે ૧૦.૩૦

- મંત્રીઓ

# શ્રદ્ધાંજલિ

❑ શાન્તિલાલ ટી. શેઠ

## ❑ સ્વ. શ્રી સી. ટી. શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપક સભ્યોમાંના એક શ્રી ચંદુલાલ ત્રિભોવનદાસ શાહનું ગુરુવાર, તા. ૬-૧૨-૯૦ના રોજ પંચાસી વર્ષની વયે અવસાન થયું છે. એમના અવસાનથી યુવક સંઘને આરંભકાળથી વર્તમાન સમય સુધી સેવા આપનાર કાર્યકર્તાની ખોટ પડી છે.

તેઓ વઢવાણ શહેરના વતની હતા. નાની વયે મુંબઈ આવી પિતા સાથે વીમાના વ્યવસાયમાં તેઓ જોડાયા હતા. ઘણાં વર્ષો સુધી જુદી જુદી વીમાની કંપનીઓમાં જવાબદારી ભર્યું સ્થાન લીધા પછી ૧૯૩૨ થી ક્રાઉન લાઈફ વીમા કંપનીમાં તેઓ જોડાયા હતા અને એ કંપનીમાં તેમણે અભૂતપૂર્વ સફળતા મેળવી હતી.

૧૯૫૬માં ભારત સરકારે જિંદગીના વીમાના વ્યવસાયનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારથી તેમણે ધંધાકીય ક્ષેત્રે નિવૃત્તિ લીધી હતી. એ જવાબદારી એમના સુપુત્ર શ્રી દુષ્યંતભાઈએ ઉઠાવી લીધી હતી. સ્વ. સી. ટી. શાહે યુરોપ, અમેરિકા, આફ્રિકા, રશિયા વગેરે દેશોનો ઘણીવાર પ્રવાસ કર્યો હતો.

સેવાભાવનાના સંસ્કારો તેમને વારસામાં મળેલા. વાંચન, મનન, ચિંતન, સંગીત, સત્સંગ વગેરેમાં તેઓ ઊંડો રસ ધરાવતા. નવા નવા સ્નેહસંબંધો વધારવાનો તેમને આગવો શોખ હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, અખિલ હિન્દ શ્વેતામ્બર જૈન કોન્ફરન્સ, શકુંતલા કાંતિલાલ ગર્લ્સ હાઈસ્કૂલ, વિલેપાર્લે સેવાસમાજ કેળવણી મંડળ, વિલેપાર્લા જૈન સંઘ, મહાવીર જૈન વિદ્યાલય, નાણાવટી હોસ્પિટલ, સિદ્ધક્ષેત્ર બાલાશ્રમ, સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ, યશોવિજયજી જૈન ગુરુકુળ, મુંબઈની જીવદયા મંડળી તેમજ અન્ય અનેક સંસ્થાઓમાં પ્રમુખ, મંત્રી અને કારોબારી સમિતિના સભ્ય તરીકે રહીને તેમણે સક્રિય સેવાઓ આપી હતી. તેમણે રોટરી ક્લબ ઑફ બોમ્બેને પચાસ વર્ષ સેવા આપી હતી. વેસ્ટર્ન ઈન્ડિયા થિએટરના તેઓ ડિરેક્ટર રહ્યા હતા.

અઢાર વર્ષ પહેલા ગળાની તકલિફ થવાના કારણે તેમને ઓપરેશન કરાવવું પડેલું. આમ છતાં બોલવાનું મશીન પાસે રાખી સ્વસ્થતાપૂર્વક બધે ફરતા. સંસ્થાઓની મિટિંગોમાં અને કાર્યક્રમોમાં તેઓ હાજર રહેતા.

સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ હંમેશાં પાર્લાથી આવી પહોંચતા. બધાં વ્યાખ્યાનો સાંભળતા. વ્યાખ્યાન પછી બધાને તેઓ મળતા. તેઓની યાદશક્તિ ઘણી સારી હતી. તેઓ હંમેશાં પ્રસન્ન અને પ્રફુલ્લિત રહેતા અને સૌને પ્રેરણા આપતા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૩૦મી એપ્રિલ, ૧૯૨૯ના રોજ સ્થાપના થઈ ત્યારે લવાજમ ભરીને જે યુવાનો સંઘના સભ્યો થયા તેમાં સી. ટી. શાહનું નામ સૌથી પહેલું હતું. સંઘની સભ્યોની યાદીમાં આ રીતે તેઓ આજીવન પ્રથમ નંબરે રહ્યા હતા.

સંઘના હીરક મહોત્સવ પ્રસંગે સ્થાપનાકાળના જે ત્રણ સભ્યો હયાત હતા તેમાં તેમનું પણ શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું હતું. સંઘ પ્રત્યે તેઓ ખૂબ જ પ્રેમ અને સંતોષની લાગણી ધરાવતા. ડૉ. રમણભાઈ શાહ પ્રમુખપદે આવ્યા પછી સંઘે જ્ઞાનના ક્ષેત્ર ઉપરાંત છેલ્લાં થોડાં વર્ષોમાં માનવસેવાના ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓ વિકાસાવીને જે પ્રગતિ કરી છે તેથી તેઓ ખૂબ જ આનંદિત થયા હતા.

શ્રી સી. ટી. શાહને હૃદયપૂર્વકની અંજલિ આપવા સાથે તેમના પુણ્યાત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેવી પરમાત્માને વિનમ્ર પ્રાર્થના.

* * * *

## ❑ સ્વ. ધીરજબહેન દીપચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની જે વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં નાનાં બાળકો માટેની દર રવિવારે ચાલતી એક પ્રવૃત્તિ તે રમકડાં ઘર (Toy Library) છે. પોતાના તરફથી સંઘને દાન આપીને આ પ્રવૃત્તિ ચાલુ કરાવનાર શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહનું ૮૦ વર્ષની વયે થોડાં સમય પહેલાં અવસાન થયું છે. એમના સ્વર્ગવાસથી સંઘને એક સ્વજનની ખોટ પડી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં કાર્યાલયમંત્રી તરીકે જોડાયાને મને પચાસ વર્ષ પૂરાં થાય છે. આ પચાસ વર્ષ દરમિયાન અનેક વ્યક્તિઓના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાનું બન્યું છે. એમાં હોદ્દેદારોના ઘરે કામપ્રસંગે જવાના પ્રસંગો અવારનવાર બનતા જ રહ્યા છે. સ્વ. ધીરજબહેનના પતિ સ્વ. દીપચંદભાઈ ત્રિભોવનદાસ શાહ ચારેક દાયકા પહેલાં સતત સાત વર્ષ સુધી સંઘના મંત્રી તરીકે ફરજ બજાવતા રહ્યા હતા. એ વખતે પ્રિન્સેસ સ્ટ્રીટના એમના ઘરે મારે વારંવાર જવાનું થતું. ત્યારથી ધીરજબહેનના મમતાળુ સ્વભાવનો પરિચય થયેલો. સ્વ. દીપચંદભાઈના પુત્રી પ્રો. તારાબહેન ર. શાહ અને જમાઈ ડૉ. રમણભાઈ ચી. શાહ પણ છેલ્લાં આડત્રીસ વર્ષથી સતત સંઘની સમિતિના સભ્ય તરીકે સેવા આપતાં રહ્યાં છે અને ડૉ. રમણભાઈ તો આઠ વર્ષથી સંઘના પ્રમુખ તરીકે કાર્ય કરે છે. આથી એમના ઘર સાથેનો મારો સંપર્ક તો સાડા ચાર દાયકાથી સતત ચાલુ જ છે. એટલે ધીરજબહેનનું આતિથ્ય માણવાના પ્રસંગો અનેકવાર બન્યા છે.

સંઘના પ્રણેતા સ્વ. પરમાનંદભાઈના પત્ની વિજયાબહેન, સંઘના એક સમયના મંત્રી સ્વ. ટી.જી. શાહના પત્ની ચંચળબહેન અને અન્ય મંત્રી સ્વ. દીપચંદભાઈનાં પત્ની ધીરજબહેને મારા પ્રત્યે માતા જેવો અપાર વાત્સલ્ય પ્રેમ દર્શાવ્યો છે. તેઓએ મને સ્ટાફના સભ્ય કરતાં એક સ્વજન જેવો અનુભવ કરાવ્યો છે. મારા કુટુંબની ખબરઅંતર પૂછી છે. એથી મને તેઓની સારી ઓથ રહી છે. સ્વ. ધીરજબહેનમાં નામ પ્રમાણે ગુણ હતા. એમની સાથે ફોન ઉપર વાત કરતાં પણ આનંદ થાય. તેઓ ભણ્યાં હતા ઓછું, પરંતુ સમગ્ર ભારતમાં અને યુરોપ, અમેરિકા, જાપાન, હૉંગકૉંગ સિંગાપુર વગેરેનો પ્રવાસ કર્યો હતો. એથી એમની પાસે દૃષ્ટિની ઉદારતા અને વિશાળતા હતી. તેઓ સંઘના ઘણાખરા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેતાં. પોતાનાં દીકરી-જમાઈ સાથે બહારગામ યોજાતા જૈન સાહિત્ય સમારોહમાં પણ હાજર રહી તે પ્રવૃત્તિઓમાં તેઓ રસ લેતાં.

એમના સ્વર્ગવાસથી મને એક માતાતુલ્ય વડીલની ખોટ પડી છે, એમને ભાવભરી શ્રદ્ધાજલિ આપું છું અને એમના આત્માને શાંતિ મળે એવી પરમાત્માને પ્રાર્થના કરું છું.

### નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી અને વિશ્વ વાત્સલ્ય ઔષધાલય-(ગુંદી સર્વોદય આશ્રમ દ્વારા આયોજિત નેત્રયજ્ઞ નાનોદરા (ધંધુકા) ખાતે તા. ૧૧-૧૧-૧૯૯૦ના રોજ યોજવામાં આવ્યો હતો.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦
ટે. નં. ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ-૪૦૦ ૦૦૪.